

# ગુરુકહાન દૃષ્ટિમહાન

## (ભાગ-૮)

આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો


-: પ્રકાશક :-

**શ્રીમતી ઉષાબેન રમેશચંદ્ર શાહ–પરિવાર**

**ઘાટકોપર–મુંબઈ**

ॐ

सर्वज्ञ वीतरागाय नमः ।

# ભેદજ્ઞાન : દૃષ્ટિ મંડળ

## (ભાગ–૮)

**આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજીસ્વામીના**
**દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો**

-: સંકલનકાર :-


**જિતુભાઈ નાગરદાસ મોદી**

(સંપાદક : આત્મધર્મ )

**પ્રશમ જિતુભાઈ મોદી**

(સંપાદક : આત્મ-જાગ્રતિ )



-: પ્રકાશક :-

**શ્રીમતી ઉષાબેન રમેશચંદ્ર શાહ–પરિવાર**

**ઘાટકોપર–મુંબઈ**

પ્રથમ આવૃત્તિ

વિ.સં. ૨૦૭૦ વીર સં. ૨૫૪૦ ઈ.સ. ૨૦૧૪

-: **પ્રકાશન તિથિ** :-

**પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૫મી મંગલ જન્મજયંતી**

**તા. ૧-૫-૨૦૧૪**

## : પ્રાપ્તિસ્થાન :

* **Ushaben R. Shah**
C/o M.P. Shah Bunglow
3rd floor, Cama Lane
Ghatkopar (West)
**Mumbai-400086**
**Ph : (022) 25116643**
**Cell : 09757178207**

* **Hiteshbhai Chowatiya**
D/16/205, Yogi Tulsi
Yogi Nagar, Borivali (West)
**Mumbai-400092**
**Ph : (022) 28631155**
**cell : 093228 90089**

* **અશ્વિનભાઈ એ. શાહ**
બી-૨૧, રૂસ્તમજી આદર્શ હેરીટેઝ,
ઓફ માર્વે રોડ, આદર્શ કોમ્પ્લેક્સ વિહાર
**મલાડ (વેસ્ટ)-મુંબઈ-૬૪**
મો. નં. : ૦૯૮૨૦૧ ૨૪૩૭૮

* **શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
૩૦૨, કૃષ્ણકુંજ, વી.એલ. મહેતા માર્ગ
વીલેપાર્લે (વેસ્ટ)
**મુંબઈ-૪૦૦૦૫૬**
ટે.નં. ૦૨૨-૨૬૧૩૦૮૨૦ / ૬૧૦૪૯૧૨

* **ચિંતન જિતુભાઈ મોદી**
'ક્રમબદ્ધ નિવાસ'
૪૫, કહાન નગર સોસાયટી
**સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**
મો. નં. : ૦૯૯૨૫૮૬૨૫૬૮
૦૯૮૨૨૮૩૩૧૪૩


## મૂલ્ય : સ્વાધ્યાય

મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**
**ફોન (૦૨૮૪૬) ૨૪૪૦૮૧**

ટાઈપ સેટીંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
**ભાવનગર**
**મો. ૯૭૨૫૨ ૫૧૧૩૧**



ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ


પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય
સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# * શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ *

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

# પ્રકાશકીય નિવેદન

તીર્થંકરદેવનો જન્મ જગતના કલ્યાણ માટે થતો હોય છે, તેમ અનંત અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો જન્મ, આ નિષ્કૃષ્ટકાળે અહીં જન્મેલા અને ભવિષ્યમાં પણ અહીં જન્મ લેનારા અલ્પસંસારી જીવોને ભાગ્યશાળી બનાવવા માટે તથા તેઓને સંસારસમુદ્રથી પાર ઉતારવા માટે થયો હતો. છેલ્લા સેંકડો વર્ષોનો જૈન ઈતિહાસ કહે છે કે ભવ્ય જીવોના તારણહાર આવા મહાન સંતો જે કોઈ થયા હોય તેમાં કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રધાન પુરુષ છે. તેઓશ્રીએ આ ભૌતિકયુગને અધ્યાત્મયુગમાં પરિવર્તીત કરીને પંચમ આરાના અંત સુધી ટકી રહે તેવો અધ્યાત્મયુગ સર્જ્યો છે.

આવા અધ્યાત્મયુગસ્રષ્ટા, અધ્યાત્મક્રાંતિવીર પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫-૪૫ વર્ષ વહેલી અધ્યાત્મગંગાનું અમૃતપાન કરનાર મહાભાગ્યશાળી ભવ્ય મુમુક્ષુઓને તો તેઓશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના અભ્યાસ વડે આજે પણ પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્‌રૂપે અનુભવાઈ રહ્યા છે, પરંતુ તેઓશ્રીના દર્શન-શ્રવણ કે સત્સંગનો જેઓને સાક્ષાત્ લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને, આ મહાપુરુષે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવેલો તેનો સાક્ષાત્‌વત્ લાભ મળે તે આ **''ગુરુ કહાન : દૃષ્ટિ મહાન''** પ્રકાશનહેતુ છે.

આ જીવ અનંતવાર નવમી ગ્રૈવેયક જઈ આવ્યો, અનંતવાર નગ્ન દિગંબર દ્રવ્યલિંગ ધારણ કર્યાં, અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો છતાં કોરો રહી ગયો તેનું મુખ્ય કારણ જો કોઈ હોય તો આ એક જ કે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાને આ જીવે કદી ગ્રહણ ન કરી—એમ પૂજ્ય ગુરુદેવશ્રી કરુણાથી વારંવાર કહેતાં અને તેથી જ તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાનો તેઓશ્રીએ જીવનપર્યંત ધોધ વહેવડાવ્યો છે. પૂજ્ય બહેનશ્રી પણ કહેતાં કે ''જાણે કોઈ મોટા આચાર્ય ઉપદેશ આપતાં હોય તેમ દૃષ્ટિના વિષયનો અપૂર્વ ખુલાસો થતો.''.....''દૃષ્ટિનો વિષય આવે ત્યારે ઊછળી જતાં.'' જોકે તેઓશ્રીની સર્વાંગી ઉપદેશગંગામાં ઓછી-વધતી યોગ્યતાવાળા સર્વ જીવોને આત્મલાભ થાય તેવો નિશ્ચય-વ્યવહારનો સઘળોય ઉપદેશધોધ વહ્યો છે. મુમુક્ષુની પાત્રતા કેવી હોય, અશુભથી બચવા શુભમાં જોડાણ કેવું હોય, ઈત્યાદિ ઉપદેશ આપવા છતાં ક્યાંય કોઈને મુખ્યતા ન થઈ જાય તેમ તેમાં જોર આપ્યા વિના તે વ્યવહારમાર્ગ-પ્રકાશન સાથે મુખ્યપણે તો દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક નિશ્ચયની જ ધોધમાર વર્ષા વરસાવી છે જેથી ભદ્ર જીવો અનાદિના સંસ્કારવશ મંદકષાય આદિ વ્યવહારમાર્ગમાં અટકી ન જતાં નિશ્ચયમોક્ષમાર્ગને યથાર્થ સમજીને, તેનું જ ગ્રહણ કરીને, આ ભવ સફળ કરવા સ્વાનુભૂતિનો સત્ પુરુષાર્થ અપનાવે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મયુગનું સર્જન કર્યું જ છે પણ વધુ સ્પષ્ટ કરીએ તો ખરેખર તો તેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન-અધ્યાત્મયુગના સર્જક છે કેમ કે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન નિશ્ચયના બોધથી

જીવો નિશ્ચયાભાસના ડરથી ડરતાં હતા તેના બદલે તેઓશ્રીના પ્રતાપે ભવ્ય જીવો દિવસ-રાત એ નિશ્ચયનું શ્રવણ, ચિંતન ને ઘોલન કરવામાં જ જીવનની ધન્યતા અનુભવે છે.

દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપદેશ-અમૃતવાણીને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે, તત્કાલિન પ્રમુખ શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિથી ટેપમાં સંગ્રહિત કરીને ચિરકાળપર્યંત સુરક્ષિત બનાવી તેમજ લગભગ ૯૨૦૦ કલાકની આ ગુરુવાણીને સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ–પરિવારે અદ્યતન ટેકનોલોજી વડે માત્ર ૧૬ **DVD**માં તેમજ **3 B.D. (Blu-ray Disc)**માં પ્રસિદ્ધ કરીને મુમુક્ષુઓના આત્મહિતનું સાધન પ્રદાન કર્યું છે કે જેના કારણે ભાવિના ભવ્યજીવો પણ આત્મહિતના માર્ગે સરળપણે પ્રયાણ કરતાં રહી શકશે. તેમ છતાં પંચમકાળના પ્રભાવવશ કેટલાક તત્ત્વના અભ્યાસીઓ વડે દૃષ્ટિપ્રધાન તત્ત્વજ્ઞાનના પુરુષાર્થમાં ભય પ્રકાશન કરાતો દેખીને પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૨૦૦ ટેપ-પ્રવચનોમાંથી દ્રવ્યદૃષ્ટિપ્રધાન વિશેષ પુરુષાર્થ પ્રેરણાદાયક પ્રવચનો ચૂંટીચૂંટીને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'** રૂપે સીડી પ્રવચનો તેમજ અક્ષરશઃ ગુરુવાણીનું પુસ્તક મુમુક્ષુસમાજને ઉપલબ્ધ કરાવવાની અમને ભાવના જાગ્રત થતાં શ્રી જયસુખભાઈ ભાયાણી, શ્રી ન્યાલચંદભાઈ હરજીવનદાસ સંઘરાજકા, સ્વ. જયંતીલાલ ચમનલાલ દોશી-પરિવાર તથા શ્રીમતી પ્રવીણાબેન શશીકાંતભાઈ ખારા–પરિવારે પ્રકાશન માટે પ્રમોદ બતાવતા અત્યાર સુધીમાં ભાગ-૧ થી ભાગ-૭ સુધી પ્રકાશિત કરવામાં આવ્યા છે જેનો વ્યકિતગત ઉપરાંત કેટલાક મુમુક્ષુમંડળોમાં સભામાં નિયમિત લાભ લેવામાં આવે છે.

શ્રીમતી ઉષાબેન રમેશચંદ્ર શાહ-પરિવાર દ્વારા અભ્યાસી મુમુક્ષુઓના દ્રવ્યદૃષ્ટિપ્રધાન પુરુષાર્થની અભિવૃદ્ધિની અનુમોદનાનો લાભ લેવાની ભાવના થતાં 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન, ભાગ-૮' સીડી સહિત પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે.

આ પુસ્તક-પ્રકાશનના મુખ્ય બે પ્રયોજનો છે : (૧) જેઓને કરુણાસાગર ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-શ્રવણનો લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને ગુરુદેવશ્રીનું દ્રવ્યદૃષ્ટિપ્રધાન અંતઃકરણ સમજવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તથા (૨) પંચમકાળના પ્રભાવમાં આવી જઈને પ્રમાણના લોભમાં અટકીને દ્રવ્યદૃષ્ટિના માર્ગે નિઃશંકપણે પ્રયાણ કરતા અચકાય નહીં અને એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવ્યજીવોને સંસારસમુદ્રમાંથી ઉગારી લેવાની કરુણા સફળતાને પામે.

અંતમાં, પૂજ્ય ગુરુદેવશ્રી ૯૧ વર્ષની ઉંમરે પણ જે દ્રવ્યદૃષ્ટિની પ્રરૂપણા કરતાં અંદરથી ઉછળી પડતા હતા તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'**ના માધ્યમથી આપણે સૌ ત્વરાએ ગ્રહણ કરીને ભાવિ અનંતકાળ ગુરુના સાન્નિધ્યને પામીએ એવી ભાવના સહ—

—સંકલનકાર

# અનુક્રમણિકા

## ગુરુ કહાન : દૃષ્ટિ મહાન (ભાગ–૮)


| ક્રમ | શાસ્ત્ર | ગાથા/શ્લોક | તારીખ | (DVD) પ્રવચન નં. | પેઈજ નં. |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી વચનામૃત | બોલ-૧૪૦, ૧૪૧ | ૨૯-૦૭-૭૮ | ૫૧ | ૧–૧૨ |
| ૨. | શ્રી પંચાસ્તિકાય | ગાથા-૨૦ | ૧૧-૧૨-૬૯ | ૨૭ | ૧૩-૨૬ |
| ૩. | શ્રી કળશટીકા | કળશ-૨૫૬ | ૧૮-૧૨-૬૫ | ૨૫૩ | ૨૭-૩૯ |
| ૪. | શ્રી સમયસાર | શ્લોક-૨૨૭,૨૨૮ | ૧૪-૦૭-૮૦ | ૪૩૩ | ૪૦-૫૦ |
| ૫. | શ્રી પરમાત્મપ્રકાશ | ગાથા-૬૮ | ૨૭-૦૭-૭૬ | ૪૫ | ૫૧-૬૦ |
| ૬. | શ્રી કળશટીકા | કળશ-૧૯૮ | ૦૩-૦૨-૭૮ | ૨૨૨ | ૬૧-૭૦ |
| ૭. | શ્રી સમયસાર | ગાથા-૨૭૮-૨૭૯ | ૨૮-૧૦-૭૯ | ૩૪૩ | ૭૧-૮૪ |
| ૮. | શ્રી સમયસાર | ગાથા-૨૭૦-૨૭૧ | ૨૪-૦૭-૬૮ | ૫૭૭ | ૮૫-૯૭ |
| ૯. | શ્રી કળશટીકા | કળશ-૨૫૩ | ૧૫-૧૨-૬૫ | ૨૫૦ | ૯૮-૧૧૦ |
| ૧૦. | શ્રી કળશટીકા | કળશ-૨૫૩, ૨૫૪ | ૧૬-૧૨-૬૫ | ૨૫૧ | ૧૧૧-૧૨૪ |
| ૧૧. | શ્રી સમયસાર | ગાથા-૧૫૫, ૧૫૬ | ૨૬-૧૧-૬૧ | ૧૬૫ | ૧૨૫-૧૩૯ |
| ૧૨. | શ્રી નિયમસાર | ગાથા-૧૬૬ | ૩૦-૦૭-૮૦ | ૧૯૭ | ૧૪૦-૧૫૦ |
| ૧૩. | શ્રી સમયસાર | ગાથા-૯૩ | ૦૩-૧૨-૭૯ | ૯૫ | ૧૫૧-૧૬૧ |
| ૧૪. | શ્રી કળશટીકા | કળશ-૧૯૫ | ૨૮-૦૧-૭૮ | ૨૧૭ | ૧૬૨-૧૭૦ |
| ૧૫. | શ્રી પરમાત્મપ્રકાશ | અધિ-૨, ગા.૧૮ | ૨૫-૧૨-૬૫ | ૮૫ | ૧૭૧-૧૮૩ |
| ૧૬. | શ્રી કળશટીકા | કળશ-૨૩૫, ૨૩૬ | ૨૭-૧૧-૬૫ | ૨૩૨ | ૧૮૪-૧૯૫ |
| ૧૭. | શ્રી સમયસાર | શ્લોક-૧ | ૨૯-૦૭-૬૬ | ૨ | ૧૯૬-૨૧૧ |
| ૧૮. | શ્રી સમયસાર | ગાથા-૩૬ | ૦૪-૦૯-૬૧ | ૫૮ | ૨૧૨-૨૨૪ |
| ૧૯. | શ્રી કળશટીકા | કળશ-૨૪૮ | ૦૬-૧૨-૬૫ | ૨૪૧ | ૨૨૫-૨૩૯ |
| ૨૦. | શ્રી વચનામૃત | બોલ-૭૮, ૭૯ | ૩૦-૦૬-૭૮ | ૨૫ | ૨૪૦-૨૫૧ |
| ૨૧. | શ્રી પરમાત્મપ્રકાશ | ગાથા-૩૬, ૩૭ | ૩૦-૦૬-૭૬ | ૨૨ | ૨૫૨-૨૬૧ |
| ૨૨. | શ્રી વચનામૃત | બોલ-૧૭૫,૧૭૬ | ૧૪-૦૮-૭૮ | ૬૪ | ૨૬૨-૨૭૩ |
| ૨૩. | શ્રી કળશટીકા | કળશ-૨૨૨ | ૧૨-૧૧-૬૫ | ૨૧૭ | ૨૭૪-૨૮૬ |
| ૨૪. | પુરુષાર્થસિદ્ધિ-ઉપાય | ગાથા-૨૨૩-૨૨૬ | ૧૫-૦૮-૬૭ | ૮૯ | ૨૮૭-૩૦૨ |
| ૨૫. | સમયસાર/કળશટીકા | કળશ-૨૬૪ | ૨૨-૦૯-૭૭ | ૫૧૯ | ૩૦૩-૩૧૪ |



# પૂજ્ય ગુરુદેવશ્રીનો ઉપકાર

પરમ દેવાધિદેવ જિનેશ્વરદેવ શ્રી મહાવીરસ્વામી, ગણધરદેવ શ્રી ગૌતમસ્વામી, આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદદેવાદિ તેમજ પ્રાતઃ સ્મરણીય પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીને અત્યંત ભક્તિપૂર્વક કોટિ કોટિ વંદન.

એ તો સૌને સુવિદિત છે કે મહાવિદેહક્ષેત્રના જીવંતસ્વામી શ્રી સીમંધરસ્વામીની દિવ્યધ્વનિનો સાર આચાર્યવર શ્રી કુંદકુંદદેવ પ્રણિત પરમાગમો શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી નિયમસાર, શ્રી પંચાસ્તિકાય, શ્રી અષ્ટપાહુડમાં ઠાંસી ઠાંસીને ભરેલો છે. ભવ્ય જીવોના સદ્‌ભાગ્યે આજે પણ આ પરમાગમો શ્રી અમૃતચંદ્રાચાર્ય, શ્રી પદ્મપ્રભમલધારિદેવાદિ મહાન દિગ્ગજ આચાર્યો-મુનિવરોની ટીકા સહિત ઉપલબ્ધ છે.

આપણા મહાભાગ્યે જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી યુગપુરુષ, આત્મજ્ઞસંત પરમપૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ઉદય થયો; તેમના પ્રતાપે આ પરમાગમોના ગૂઢ રહસ્યો સમજવાનો જીવોને યથાર્થ દૃષ્ટિકોણ સાંપડ્યો. પરમાગમોમાં પ્રતિપાદિત જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને, ભવ્યજીવો માટે અવિરુદ્ધતાપૂર્વક અતિસ્પષ્ટપણે પ્રવચનગંગા દ્વારા તેઓશ્રી રેલાવતા રહ્યા. ફલતઃ સુષુપ્ત જૈનશાસનમાં એક મહાન ક્રાંતિ ઉદય પામી.

વીતરાગી દેવ, વીતરાગી શાસ્ત્રો અને નિર્ગ્રંથ ગુરુનું સત્ય સ્વરૂપ સમજવા પરમાગમોના પ્રચાર—પ્રકાશન માટે પૂજ્ય ગુરુદેવશ્રી વારંવાર પ્રેરણા આપતા અને એ ધ્યેયની સિદ્ધિ અર્થે તેઓશ્રી પરમાગમો ઉપર પ્રવચન આપતા. આત્મભાવનાની લોકોમાં એવી ધૂન જગાડી કે ખાધા વગર ચાલે પણ આત્માને ચિંતવ્યા વગર ન ચાલે; ધર્મ એ જીવન છે. આ મહાપુરુષે લાખો જીવોને

વીતરાગી જૈનધર્મના શ્રદ્ધાની બનાવ્યા. પાત્ર જીવોને માટે એક અપૂર્વ મહાન તક આપી. અનેક જીવો વીતરાગી જૈનધર્મના ગંભીર રહસ્યોને સમજતાં થયા અને માર્ગાનુસારી બન્યા. આ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીનો જૈન સમાજ ઉપર અનુપમ અલૌકિક અનંત ઉપકાર છે.

અહો ઉપકાર જિનવરનો, કુંદનો ધ્વનિ દિવ્યનો,
જિન-કુંદ-ધ્વનિ આપ્યા, અહો! તે ગુરુ કહાનનો.

પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકારનો પ્રતિ ઉપકાર વાળવા તેમના પરમાગમો ઉપર થયેલા ૯૦૦૦ પ્રવચનોમાંથી સંપાદક દ્વારા સંકલિત ૨૫ પ્રવચનોનું આ 'ગુરુ કહાન દૃષ્ટિ મહાન' ભાગ-૮ પ્રકાશિત કરવાનું મને આજે સૌભાગ્ય પ્રાપ્ત થયું તેથી હું ઘણી જ ધન્ય બની છું.

મને તો મુખ્ય પ્રમોદ એ છે કે પૂજ્ય ગુરુદેવશ્રી, ભાવી તીર્થંકર મારે ઘરે ત્રણ વખત રહી ગયા છે. મને તેઓશ્રીએ સ્વ હસ્તે એક કાગળમાં "શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીયે કેટલું, કર વિચાર તો પામ." લખી આપ્યું છે. આ પંક્તિમાં પૂજ્ય ગુરુદેવે મને ઘણા ઊંડા રહસ્ય સાથે સૂક્ષ્મ બોધ આપી દીધો છે. 'તું ચૈતન્યઘન શુદ્ધાત્મા જ્ઞાનનો પિંડ સ્વયં પ્રકાશિત સુખનું ધામ છો'—એમ વિચારીશ તો પામી જઈશ. પૂજ્ય ગુરુદેવશ્રીને કેટલી કરુણા હતી તે સમજાય છે.

દેહનું અસ્તિત્વ વર્તે ત્યાં સુધીમાં આત્માનું અવિનશ્વરપણું અને દેહનું વિનશ્વરપણું વિચારી, તેનું ભેદજ્ઞાન કરી લેવું કે જેથી સદા માટે દેહરહિત દશાની પ્રાપ્તિ થઈ જાય—એવી ભાવના સહ



**ઉષાબેન રમેશચંદ્ર શાહ**

લિ. ઉષાબેન રમેશચંદ્ર શાહ

પતિ : સ્વ. શ્રી રમેશચંદ્ર સુમતિલાલ શાહ

પુત્રો : દીપકભાઈ, સંજીવભાઈ

પુત્રવધૂ : શિલ્પાબેન, પ્રીતિબેન

પુત્રી : શૈલાબેન પિયુષભાઈ વોરા

જમાઈ : પિયુષભાઈ હસમુખભાઈ વોરા

પૌત્ર : કુનાલભાઈ ડી. શાહ
જિનાંગભાઈ એસ. શાહ

પૌત્રવધૂ : પૂજા કુનાલભાઈ શાહ

પૌત્રી : કરિશ્માબેન પિયુષભાઈ વોરા
નૈનવીબેન પિયુષભાઈ વોરા

પ્રવચન શરૂ કરતાં પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા કરવામાં આવતું

# માંગલિક

॥ णमो लोए सव्व अरिहंताणम् ॥

॥ णमो लोए सव्व सिद्धाणम् ॥

॥ णमो लोए सव्व आयरियाणम् ॥

॥ णमो लोए सव्व उवज्झायाणम् ॥

॥ णमो लोए सव्व त्रिकाळवर्ती साहूणम् ॥

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः॥

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावायभावाय सर्वभावान्तरच्छिदे॥

मङ्गलं भगवान् वीरो मङ्गलं गौतमो गणी।
मङ्गलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मङ्गलम्॥

त्रिकाळ दिव्यध्वनि दातार....

❁

## ગુરુ કહાન : રહસ્યોદ્‌ઘાટક મહાન

### અર્થ ન સમજાય તો શું થાય!

**ટોડરમલજીએ શૈલી જ બીજી વાપરી છે :**
**કાળલબ્ધિ અને ભવિતવ્ય છે જ; નથી એમ નથી,**
**પણ એ જુદી ચીજ નથી.**
**કાળલબ્ધિનો નિષેધ નથી, પણ એ વસ્તુ જુદી નથી.**
**કાળલબ્ધિ ઉડાડી નથી....**
**એના પરિણામમાં આ વાત ન બેસે ત્યાં સુધી વાંધા! વાંધા!**

નિયતનો અર્થ એકલો નિયત નથી. નિયતનો નિર્ણય કરવા જાય ત્યાં પાંચેય સમવાય સાથે જ છે, ત્યારે એને નિયત થાય છે, નિયતનો અર્થ જ કે જે સમયે જે પર્યાય થવાનો કાળ....ટોડરમલજીએ શૈલી જ એવી વાપરી છે. કાળને રાખ્યો છે. કાળલબ્ધિનું આવે છે ને! એની ભાષા જ એવી છે. જે કાળમાં કાર્ય બને—કાળ તો બરાબર છે—જે કાળમાં કાર્ય બને તે જ કાળલબ્ધિ.

શ્રોતા : કાળલબ્ધિ એ કોઈ વસ્તુ નથી એમ કહ્યું છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી : કાળલબ્ધિ એ કોઈ વસ્તુ નથી એટલે એ કોઈ જુદી ચીજ નથી એમ કહે છે. અર્થ ન સમજે તો...! જે કાળમાં કાર્ય બને તે જ કાળલબ્ધિ. કાર્ય બને જે સમયે તે કાળલબ્ધિ. જે કાર્ય થયું તે ભવિતવ્ય. થયું તે ભવિતવ્ય.

આ આત્મા જે કારણથી કાર્યસિદ્ધિ અવશ્ય થાય તે કારણનો ઉદ્યમ કરે ત્યાં તો અન્ય કારણો અવશ્ય મળે જ. કાળલબ્ધિનું તો કારણ ભેગું છે જ. આમ પુરુષાર્થ કરે છે ત્યારે કાળલબ્ધિનું કારણ ભેગું છે જ; ભવિતવ્યનું પણ ભેગું છે જ; નથી એમ નથી—એમ કહ્યું છે. એ શૈલી એવી કરી છે.

જે મોક્ષનો પુરુષાર્થ કરે છે તેને તો કાળલબ્ધિ ને ભવિતવ્ય પણ થઈ ચૂક્યા. થઈ ચૂક્યા એટલે એમાં છે જ. નથી એમ નથી કહ્યું. આ આત્મા જ્ઞાનાનંદ છે, શુદ્ધ છે એમ જ્યાં સ્વભાવ તરફનો પુરુષાર્થ કર્યો ત્યારે એ પુરુષાર્થ કરવાનું કાર્ય એનું છે ઇ બતાવે છે; કાળે થવું છે એ બતાવે એને? કાળે થવું એ તો વસ્તુમાં એક સ્થિતિ છે જ. એને કાળે આ બાજુમાં

પુરુષાર્થ કરે તે વખતે કાળલબ્ધિ છે જ, ભવિતવ્ય છે જ, પુરુષાર્થ છે જ, સ્વભાવ છે જ, કર્મનો અભાવ પણ છે જ. કાળલબ્ધિનો નિષેધ નથી, કોઈ વસ્તુ જુદી નથી એમ કહે છે.

પુરુષાર્થપૂર્વક મોક્ષનો ઉપાય કરે ત્યારે સર્વ કારણ મળે જ છે; તેમાં કાળલબ્ધિ આદિ મળે છે—એમાં કાળલબ્ધિ આદિ છે જ એમ કહે છે. સ્વભાવ તરફનો પુરુષાર્થ નથી કરતો તો એને કાળલબ્ધિનો જે કાળ છે તેને તે થયો નથી એમ કહે છે. બધી વાત લીધી છે; વાત ઉડાડી નથી. કાળે....કાળે...જે કાળે કાર્ય થયું તેનું નામ કાળલબ્ધિ. જે સમયે કાળ થવાનો છે ત્યારે પુરુષાર્થથી આમ જોયું, પુરુષાર્થથી કર્યું ત્યારે કાળે થયું એવું કાળનું જ્ઞાન થયું. કાર્ય જે થયું તે ભવિતવ્ય. જે કાળે કાર્ય બન્યું તે કાળલબ્ધિ અને થયું તે ભવિતવ્ય.

ભગવાન આત્મા સચ્ચિદાનંદમૂર્તિ જ્ઞાનાનંદની ખાણ છે, એવી અંતરમુખની દશા એ જ્ઞાનચેતના એ જ આદરણીય છે. એ આદરણીય થતાં કાળ ભેગો આવી ગયો—એમ અહીં કહેવું છે. કાળલબ્ધિ થઈ ગઈ, ભવિતવ્ય થઈ ગયું, સ્વભાવ પ્રગટ્યો, પુરુષાર્થ આવ્યો અને કર્મનો અભાવ જ હોય જ.

એ શુદ્ધ ઉપાદાનથી કામ થયું, એ કાળે થયું, ભવિતવ્ય થયું, વિકલ્પ નિમિત્ત હતો તેનાથી થયું નહીં એટલે વ્યવહારથી નિશ્ચય થયો નથી–આ બધું એમાં આવી જાય છે. પાંચેય આમાં આવી જાય છે. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર ને કાળ-ક્રમબદ્ધ એમ પાંચ કીધા.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યવસ્તુ–એનું આમ ભાન થયું, જ્ઞાનચેતના પ્રગટી, એ જ્ઞાનચેતનામાં ઉપાદેય થયો ત્યાં આનંદ આદિ આવ્યો તે સ્વભાવ થયો, પુરુષાર્થથી થયું એટલે પુરુષાર્થ આવ્યો, એ જ કાળે થયું એટલે કાળ આવ્યો, એ ભાવ થયો એ ભવિતવ્ય થયું, તે વખતે કર્મનો અભાવ છે–એ પાંચ.

બીજા પાંચ એ આવ્યા કે શુદ્ધ ઉપાદાનથી કામ થયું ત્યાં આગળ સંઘેણ આદિ બીજી ચીજ ભલે નિમિત્ત હો કે વિકલ્પ આદિ પહેલાં ભલે નિમિત્ત હો. શુદ્ધ ઉપાદાન ને એ નિમિત્ત. અહીં નિશ્ચય થયો ત્યાં વિકલ્પ તે વ્યવહાર અને તે જ સમયે કાળમાં તે પુરુષાર્થ થયો તે કાળલબ્ધિ–તે સમયે તે જ હતું : ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, કાળ એ ક્રમબદ્ધ. બધું પાંચેય આ રીતે આવી ગયું. નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધ એટલે કાળે થવું છે તે.

જ્યારે સ્વભાવનો પુરુષાર્થ થયો ત્યારે શુદ્ધ ઉપાદાન આવ્યું અને તે કાળે થયું એટલે કાળલબ્ધિ આવી ગઈ અને પુરુષાર્થ થયો ત્યાં ઓલો રાગ પૂર્વનું નિમિત્ત હતું તે જ્ઞાનમાં

આવી ગયું ઇ વ્યવહાર ને આ નિશ્ચય. વ્યવહારનું લક્ષ છૂટ્યું ને અહીં નિશ્ચય થયું એટલે વ્યવહારથી નિશ્ચય થયું એ રહ્યું નહીં એટલે નિશ્ચય ને વ્યવહાર સાથે છે, ઉપાદાન ને નિમિત્ત સાથે છે, કાળ તો એ વખતે જ પાકી ગયો.

કર્મચેતના, કર્મફળચેતના હેય અને જ્ઞાનચેતના ઉપાદેય. લ્યો, એમાં બધું આવી ગયું. રાગનો વિકલ્પ છે એ નિમિત્ત છે કહો કે વ્યવહાર છે કહો તે હેય થઈ ગયો. આ સ્વરૂપમાં એકાગ્ર થયો એ જ્ઞાનચેતના ઉપાદેય થઈ ગઈ. નિશ્ચય ત્યાં વ્યવહાર, ઉપાદાન ત્યાં નિમિત્ત અને તે સમયે કાળે એનો કાળ પાક્યો—કારણ અહીં થયું ત્યારે એ કાર્ય કાળે જ થયું છે અને એ કાર્ય જે છે તે ભવિતવ્ય છે.

આહાહાહા! શું થાય? આ કાંઈ કોઈથી દીધી દેવાય એવી વાત છે? એના પરિણામમાં આ વાત ન બેસે ત્યાં સુધી વાંધા! વાંધા!!

**—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી**

* જબ કાળલબ્ધિકે બલસે હી સમ્યક્ત્વકી ઉત્પત્તિ હોતી હૈ તબ ક્ષયોપશમ આદિ પાંચ લબ્ધિયોંકા ઉપદેશ ક્યોં દિયા ગયા હૈ? ઈસ શંકાકા સમાધાન કરતે હુએ શ્રી ધવલામેં આચાર્યદેવ કહતે હૈં કિ પ્રતિસમય અનંતગુણહીન અનુભાગકી ઉદીરણા, અનંતગુણિત ક્રમસે વર્ધમાન વિશુદ્ધિ ઔર આચાર્યકા ઉપદેશ યહ સબ બાહ્ય સામગ્રીકી પ્રાપ્તિ એક કાળલબ્ધિકે હોનેપર હી હોતી હૈ. **—શ્રી ધવલા**

* તે જીવ સંસારમાં ભમતાં ભમતાં જ્યારે અર્ધપુદ્ગલપરાવર્તનમાત્ર રહે છે ત્યારે જ સમ્યક્ત્વ ઊપજવાને યોગ્ય છે. આનું નામ કાળલબ્ધિ કહેવાય છે. યદ્યપિ સમ્યક્ત્વરૂપ જીવદ્રવ્ય પરિણમે છે તથાપિ કાળલબ્ધિ વિના કરોડો ઉપાય જો કરવામાં આવે તોપણ જીવ સમ્યક્ત્વરૂપ પરિણમનને યોગ્ય નથી એવો નિયમ છે. આથી જાણવું કે સમ્યક્ત્વ-વસ્તુ યત્નસાધ્ય નથી, સહજરૂપ છે. **—પંડિત શ્રી રાજમલજી પાંડે**

* જો તમે સદ્ગુરુના ઉપદેશ દ્વારા જિનશાસનના રહસ્યને બરાબર સમજ્યા હો તો 'હું કરું છું' એવા અહંકારપૂર્ણ કર્તૃત્વની ભાવનાનો ત્યાગ કરો અને 'ભગવતી ભવિતવ્યતા'નો આશ્રય કરો. **—પંડિત શ્રી આશાધરજી**

* "બહુરિ ઈસ અવસર વિષૈં ભી તત્ત્વનિર્ણય કરનેકા પુરુષાર્થ ન કરે, પ્રમાદતેં કાલ ગમાવૈ, કૈ તો મંદરાગાદિ લિએ વિષયકષાયનિકે કાર્યનિહીવિષૈ પ્રવર્તૈં, કૈ વ્યવહારધર્મકાર્યોંમેં પ્રવર્તૈં, તબ અવસર તો જાતા રહૈ, સંસારહીવિષૈ ભ્રમણ હોય....સો મુખ્યપને તો તત્ત્વનિર્ણય વિષૈં ઉપયોગ લગાવનેકા પુરુષાર્થ કરના અબ સર્વ પ્રકાર અવસર આયા હૈ, ઐસા અવસર પાવના કઠિન હૈ." **—આચાર્યકલ્પ પંડિત ટોડરમલજી**

ૐ

**શ્રી પરમાત્મને નમઃ**

# ગુરુ કહાન : દૃષ્ટિ મહાન

**( અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો )**

**(ભાગ–૮)**

**બહેનશ્રીનાં વચનામૃત, વચનામૃત–૧૪૦-૧૪૧,**
**પ્રવચન નં. ૫૧, તા. ૨૯-૦૭-૧૯૭૮**
**[૧]**

૧૪૦ બોલ છે. ૧૩૯ (બોલ) થઈ ગયા. હવે આત્મા કાયમ છે એને સરળ ભાષામાં કહે છે.

‘‘**છે**’, ‘**છે**’, ‘**છે**’...’ છે ભૂતકાળમાં છે, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં છે. છે ને વસ્તુ ? **‘એમ ‘અસ્તિ’ ખ્યાલમાં આવે છે, એમ ‘અસ્તિ’ ખ્યાલમાં આવે છે ને ?’** આ ‘છે’, ‘છે’, ‘છે’ એમ એની હયાતી, મોજૂદગી, ‘અસ્તિ’ ખ્યાલમાં આવે છે ને ? આહા..હા..! ઇ શું છે કહે છે હવે ? એ તો ‘છે’, ‘છે’, ‘છે’ એ તો કાયમ છે એમ ખ્યાલમાં (આવે છે) પણ વસ્તુ શું ? એ તો ‘છે’, ‘છે’, ‘છે’ તો પરમાણુ પણ ‘**છે**’, ‘**છે**’. અને પરમાણુ પણ ‘**અસ્તિ**’, ‘**અસ્તિ**’, ‘**અસ્તિ**’ છે. જે વર્તમાન હોય એ ત્રિકાળ હોય જ. આહા..હા..!

કહે છે, ‘‘**જાણનાર**’, ‘**જાણનાર**’, ‘**જાણનાર**’ **છે ને ?**’ એ ‘છે’, ‘છે’, ‘છે’ એ ‘**જાણનાર**’, ‘**જાણનાર**’, ‘**જાણનાર**’ છે ને ? આહા..હા..! ભાષા તો ઘણી સાદી છે. ‘**છે**’, ‘**છે**’, ‘**છે**’. છે એ

નથી એમ નહિ. હવે છે ઇ શું ? કે **'જાણનાર'** છે... **'જાણનાર'** છે... **'જાણનાર'** છે... **'જાણનાર'** છે, **'જાણનાર'** છે, આ **'જાણનાર'** છે એ **'જાણનાર'** છે. એટલે **'જાણનાર'** હતો, **'જાણનાર'** છે અને **'જાણનાર'** રહેશે. ઇ **'જાણનાર'**, **'જાણનાર'** છે. આહા..હા..!

**'તે માત્ર વર્તમાન પૂરતું 'સત્' નથી.'** શું કહ્યું ઇ ? **'છે'**, **'છે'**, **'છે'** એમ જે પર્યાયમાં ખ્યાલ આવે છે કે **'છે'**... **'છે'**... **'છે'** અને તે **'જાણનાર'** છે... **'જાણનાર'** છે... **'જાણનાર'** છે... પણ એ **'જાણનાર'** છે, **'જાણનાર'** છે એ વર્તમાન પર્યાયમાં એમ લાગે પણ એ વર્તમાન પર્યાય પૂરતું તત્ત્વ નથી. આહા..હા..! હમણાં ભોગીભાઈએ ગાયું ને ? નહિ ? હમણાં ગાયું. ભાઈ ! હમણા ભોગીભાઈએ ગાયન ગાયું. સાંભળ્યું ? હતા ? ઠીક બેઠા હતા. બહુ સરસ ગોઠવ્યું. અહીંના વેપારી છે ને મેં કીધું કવિ ક્યાંથી થઈ ગયા ? સારું ગોઠવે છે. એમ કે બહેને કમાલ કરી નાખી છે ! બા ! તમે આવું ક્યાંથી લાવ્યા ? એમ કહે છે. આહા..હા..!

અહીંયા જે વસ્તુ છે એ આત્મા છે. એ **'છે'**, **'છે'**, **'છે'** એમ ખ્યાલમાં આવે છે. હવે એ **'છે'**, **'છે'** એ **'છે'** શું ? કે **જાણનાર છે... જાણનાર છે... જાણનાર** છે. એમ **'છે'**, **'છે'** ના ખ્યાલમાં જાણનાર છે એમ ખ્યાલમાં આવે છે. આહા..હા..! એ માત્ર વર્તમાન જાણનાર છે એટલો એ નથી. જે વર્તમાનમાં **'જાણનાર'** છે કે વર્તમાનમાં જે સ્થિતિ છે તે ત્રિકાળને સિદ્ધ કરે છે. એ તત્ત્વ ત્રિકાળ છે. આહા..હા..! **'જાણનાર'** છે, જાણે છે એ **'જાણનાર'** છે... **'જાણનાર'** છે... **'જાણનાર'** છે. એ **'જાણનાર'** છે એનું અસ્તિત્વ વર્તમાનમાં જણાય છે તો જે વર્તમાનમાં જણાય છે તે ત્રિકાળી છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ભાષા તો સાદી છે. મીઠી ભાષા છે. આહા..હા..!

ભગવાન ! તું કોણ છો ?–કે એ તો **'જાણનાર'**, **'જાણનાર'**, **'જાણનાર'** છે. આહા..હા..! ભાઈ ! **'જાણનાર'**, **'જાણનાર'**, **'જાણનાર'** ત્રિકાળી છે તેની તેં કોઈ દિ' શ્રદ્ધા કરી નથી. આહા..હા..! ઇ **'જાણનાર'**, **'જાણનાર'**, **'જાણનાર'** વર્તમાન પૂરતો માની અને ત્યાં સંતોષાઈ ગયો. આહા..હા..! પણ જે જાણનાર છે, વર્તમાન પૂરતું જે છે એ **'માત્ર વર્તમાન પૂરતું 'સત્' નથી.'** વર્તમાન જે છે જાણનાર એ વર્તમાન પૂરતું નથી, એ ત્રિકાળી જાણનાર છે. આહા..હા..!

**'તે માત્ર વર્તમાન પૂરતું સત્...'** એટલે છે, વર્તમાન પૂરતું છે, એમ નથી. સત્ એટલે વર્તમાન પૂરતું સત્ નથી. વર્તમાન પૂરતું છે, એમ નથી. આહા..હા..! એ **'જાણનાર'**, **'જાણનાર'** વર્તમાન પૂરતું છે નહિ, એ ત્રિકાળરૂપે 'સત્' છે. આહા..હા..! એની દૃષ્ટિ ત્રિકાળ છે, છે તેમાં જવી જોઈએ. આહા..હા..! આવો માર્ગ છે. ભગવાનઆત્મા અંદર **'છે'**, **'છે'**, **'છે'**. **'જાણનાર'** છે... **'જાણનાર'** છે... **'જાણનાર'** છે. જે વર્તમાન પૂરતું છે નહિ. ઇ **'છે'**, **'છે'**, **'છે'** એ વર્તમાન જે જણાય છે તે **'છે'**, **'છે'**, **'છે'** એ વર્તમાન પૂરતું નથી, ત્રિકાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'તે તત્ત્વ પોતાને ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે,...'** આહા..હા..! તે વર્તમાન **'જાણનાર'**, **'જાણનાર'** છે તે વર્તમાન પૂરતું નથી. તે **'જાણનાર'**, **'જાણનાર'**, **'જાણનાર'** એ તત્ત્વ પોતાને કાયમી ત્રિકાળ

સત્ જણાવી રહ્યું છે. આહા..હા...! **જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક...** એ વર્તમાન પર્યાય પૂરતું એ જ્ઞાયક, જ્ઞાયક નથી. એ **'જાણનાર'**, **'જાણનાર'**, **'જાણનાર'** વર્તમાન તે ત્રિકાળીના સત્‌ને જણાવે છે કે આ વસ્તુ ત્રિકાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવો ઉપદેશ. પે'લું તો દયા પાળવી ને વ્રત પાળવા સહેલું સટ (હતું). આ દયા (સાચી છે), બાપા ! તું જેવડો ત્રિકાળી છો તેવડો માનવો એનું નામ સ્વની દયા છે. આહા..હા..!

વર્તમાન **'જાણનાર'**, **'જાણનાર'** વર્તમાન પૂરતું એ સત્ નથી. એ ત્રિકાળી જાણનાર સત્ છે. એવા ત્રિકાળી સત્‌ને જ્ઞાનમાં લેવું ને શ્રદ્ધામાં લેવું એનું નામ પૂર્ણ **'છે'** એની દયા પાળી કહેવાય. **'છે'** તેના જીવતરનું જીવન એટલું છે એટલું એણે માન્યું તે જીવતરની દયા .પાળી અને જેવું છે એટલું ન માનતા વર્તમાન પૂરતું માનવું એ તો એણે જીવની હિંસા કરી. ત્રિકાળ સત્ છે એમ ન માન્યું આહા..હા..! સમજાણું કાંઈ ? આ તો બાળકને સમજાય એવું છે. ચાર ચોપડી ભણ્યો હોય એને (સમજાય એવું છે). અમારે માસ્તર કહે છે, 'ધર્મચંદ માસ્તર,' આ તો ન ભણ્યો હોય તોપણ એના ખ્યાલમાં તો આવે કે નહિ કે આ **'છે'**, **'છે'**, **'છે'**. આ શરીર, વાણી, મન એક કોર કાઢી નાખો. જે અંદર છે, અસ્તિ ખ્યાલમાં આવે છે, જેની અસ્તિ હોવાપણું ખ્યાલમાં આવે છે અને તે **'છે'**, **'છે'** અને **'છે'**. એટલે **'છે'** હતો **'છે'**, **'છે'** અને ભવિષ્યમાં છે. એ વર્તમાન પૂરતું **'છે'**, **'છે'** એ ત્રિકાળીને જણાવે છે. આહા..હા..! વર્તમાન પર્યાય છે, જાણનની પર્યાય (છે) એ જાણનપર્યાય ત્રિકાળીને બતાવે છે કે હું જાણનાર ત્રિકાળી છું. આહા..હા..! હવે આનાથી તો સાદુ કઈ રીતે થાય પછી ?

એ તો જ્ઞાયક (છે). જ્ઞાયક કહો, જાણનાર કહો **'છે'**, **'છે'**, **'છે'** એ જાણનાર **'છે'**, **'છે'**, **'છે'** કહો. આહા..હા..! એ સત્ છે એ વર્તમાન પૂરતું જાણનાર નથી. એ ત્રિકાળ જાણનારનું વર્તમાનપણું ત્રિકાળને બતાવે છે કે આ વસ્તુ ત્રિકાળ જાણનાર છે. આહા..હા..! તે તત્ત્વ વર્તમાન પૂરતું નથી. સત્ છે એ વર્તમાન પૂરતું સત્ નથી. તે તત્ત્વ પોતાને કાયમી સત્ જણાવી રહ્યું છે. **'છે'**, **'છે'**, **'છે'** એ જ્ઞાયકભાવ કાયમી છે એમ એ જણાવી રહ્યું છે. આહા..હા..!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો વળી બીજી વાત છે. એ તો એ જ્ઞાનના પર્યાયનો સ્વભાવ. અહીં તો **'છે'**, **'છે'** એટલો ખ્યાલમાં આવે છે કે નહિ ? એ **'છે'**, **'છે'** એ વર્તમાન પૂરતું સત્ નથી, ત્રિકાળ સત્ છે એટલું. પે'લું તો 'છે' એ તો જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે કે સ્વ-પર પ્રકાશે છે. સ્વ જાણે છે, પરને પણ જાણે છે એ તો જાણે છે એ તો કાંઈ નહિ. પણ સ્વને જાણે છે કેમ કે જ્ઞાનની પર્યાય સ્વને જાણે છે. પણ અહીં સ્વને જાણે છે એ ક્યારે એને થાય ?–કે જે આ **'જાણનાર'**, **'જાણનાર'** વર્તમાન છે તે કાયમી રહેનારું જાણનાર છે. વર્તમાન સત્ ત્રિકાળીને બતાવે છે. જેનો અંશ વર્તમાન છે એ વસ્તુ જે નથી એનું વર્તમાન પણ ન હોય. જે વસ્તુ નથી એની

વર્તમાન દશા ન હોય. આહા..હા..! પણ આ વસ્તુ છે એની વર્તમાન દશા છે તો વર્તમાન દશા **'જાણનાર'**, **'જાણનાર'** છે એટલામાં એ સત્ પૂરતું આવી નથી જતું. એ **'જાણનાર'**, **'જાણનાર'** સત્ જણાય છે એ ત્રિકાળીને જણાવે છે. આહા..હા..! આ તો પ્રગટ અનુભવ કરવાના ટાઈમની વાત છે. પેલી વાત તો પર્યાયમાં જાણે છે પણ એની દૃષ્ટિ ત્યાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

એ તો જ્ઞાનની પર્યાયનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી અજ્ઞાનીની પર્યાયમાં પણ ભગવાન વસ્તુ જે ત્રિકાળી છે તે જાણે છે, પર્યાય જાણે છે, ભલે એને અવ્યક્તપણે હો. કારણ કે વ્યક્તપણે તો ક્યારે (જણાય) ?–કે એ જ્યારે અંતર દૃષ્ટિ પડે ત્યારે એને ખ્યાલ આવે. છે તો જાણે તો છે. આહા..હા..!

અહીંયા છે એ બીજી વાત છે. અહીંયા તો કોઈ પણ ચીજ વર્તમાન છે એમ જણાય તો આત્મા વર્તમાન જાણનાર છે, જાણનાર છે એમ જણાય, એ વર્તમાન જાણનાર છે તેટલા પૂરતું સત્ નથી, એટલા પૂરતું એ અસ્તિત્વ નથી. એ વર્તમાન **'જાણનાર'**, **'જાણનાર'** ત્રિકાળને બતાવે છે કે હું ત્રિકાળ જાણનાર છું. આહા..હા..! એ ધ્રુવને બતાવે છે. વર્તમાન જ્ઞાનની પર્યાય એ વર્તમાન પૂરતું સત્ નથી, એ ત્રિકાળી ધ્રુવ સત્ છે. આહા..હા..! આવો માર્ગ છે. લોકો એનો પ્રયત્ન કરતાં નથી અને પોતે જે માન્યું હોય એ પ્રમાણે હાંકે રાખે છે એમ ને એમ. બાપુ ! એમા કાંઈ માર્ગ હાથ ન આવે. આહા..હા..!

પ્રભુ ! અંદર આખો પૂરો બિરાજે છે પણ વર્તમાનમાં જે જાણનાર જાણવાની અવસ્થાનું અસ્તિત્વ–છે પણું જણાય છે એ જાણનારનું એટલું અસ્તિત્વ તેટલો જ એ નથી. એ તો એનું વર્તમાન રૂપ છે. એ વર્તમાન સત્ ત્રિકાળ સત્‌ને બતાવે છે. સમજાણું કાંઈ ? આહા..હા..! સમ્યગ્દર્શન પામવાની આ રીત (છે), બાકી બધું થોથા છે. આહા..હા..!

ભગવાનઆત્મા જાણનાર તરીકે વર્તમાનમાં પ્રસિદ્ધ છે કે નહિ ? **'જાણનાર'**, **'જાણનાર'** છે. કોઈ પણ ચીજને જાણવાના પ્રસંગમાં જેનો જાણનાર મુખ્ય ન હોય તો આ જણાય છે એ શેમાં (જણાય છે) ? જે કંઈ **'જાણનાર'** છે એ **'જાણનાર'** છે, એ **'જાણનાર'** આને જાણે, આને જાણે, આને જાણે એમ કહેવું (બરાબર છે) પણ એ જાણનારની મુખ્યતા ન હોય તો આને જાણે એમ આવ્યું ક્યાંથી ? આહા..હા..! જેની ઊર્ધ્વતા દરેક પ્રસંગમાં (છે), જેની જાણનારની ઊર્ધ્વતા નામ મુખ્યતા ન હોય તો તે આ પ્રસંગ છે, એમ જાણ્યું કોણે ? આહા..હા..! જેનું જાણવું જ મુખ્ય છે એ પરને જાણતા પણ એ જાણે છે એની સત્તામાં પોતામાં. એની સત્તાની પ્રસિદ્ધિ છે એ પરની પ્રસિદ્ધિ નથી અને વર્તમાનની જાણવાની પ્રસિદ્ધિ પરની પ્રસિદ્ધિ (તો) નથી પણ એ જાણનારની પ્રસિદ્ધિ વર્તમાન પૂરતી (પણ) નથી. આહા..હા..! હવે આનાથી તો સહેલું બીજી કઈ રીતે કહે ? આહા..હા..! અરે..! દુનિયા ક્રિયાકાંડમાં મથીને મરી ગઈ બિચારી પણ વસ્તુ સ્થિતિ શું છે... આહા..હા..! એના માહાત્મ્યમાં ગયો નહિ.

એ વર્તમાન જાણનાર છે, જેનું વર્તમાન પર્યાયપણું છે એ કોઈ ત્રિકાળી ચીજની અવસ્થા છે. તો એ વર્તમાન અવસ્થા એ ત્રિકાળીને જણાવે છે. આહા..હા..! વર્તમાન જાણનાર જે અસ્તિ છે એટલા પૂરતું એ સત્ નથી. જાણનારની પર્યાય કોને આધારે થઈ ? કોને અવલંબે થઈ ? કોને આશ્રયે થઈ ? એ પર્યાય વર્તમાન જાણે છે એ ત્રિકાળને જણાવે છે કે આ વસ્તુ ત્રિકાળ છે. આહા..હા..! અમારા છોટાભાઈ કહે કે આ ફેરે 'સમયસાર' બહુ સારું ચાલે છે. 'છોટાભાઈ'ને સાંભળવાનું બરાબર રહી ગયું ને ! એ ભાગ્યશાળી છે. દેખાય ભલે નહિ તો કાંઈ નહિ. આહા..હા..!

પ્રભુ ! તારી વર્તમાન જ્ઞાનની હયાતી તને જણાય છે કે નહિ ? વર્તમાન જાણનારની અસ્તિ–હયાતી જણાય છે કે નહિ ? કોઈ પણ પ્રસંગમાં જાણનાર પોતે ન હોય તો જાણે કોને ? તો એ જાણનારની અસ્તિ વર્તમાનમાં તો તને જણાય છે. આહા..હા..! એ જાણનારની અસ્તિ (છે) એટલું તત્ત્વ આખું નથી. એ **'જાણનાર'**, **'જાણનાર'**, **'જાણનાર'** ત્રિકાળ છે. આહા..હા..! એ પર્યાય ધ્રુવને બતાવે છે, વર્તમાન કાયમને બતાવનાર છે, અનિત્ય છે તે નિત્યને બતાવનાર છે. આહા..હા..! સમજાણું કાંઈ ? માર્ગ બાપા ! એકલો જ્ઞાનનો માર્ગ છે. કોઈ ક્રિયા આ કરો ને આ કરો એ એના વસ્તુના સ્વરૂપમાં નથી ને, પ્રભુ ! વર્તમાનમાં એના સ્વરૂપમાં નથી અને ત્રિકાળમાં તો છે જ નહિ. વર્તમાનમાં પણ તે રાગને જાણે, આ શરીરને જાણે, આને જાણે, જાણનાર આ છે, આ છે એમ જાણનારે જાણ્યું ને ? એ જાણનારની વર્તમાન અવસ્થાની હયાતી સિદ્ધિ કરે છે ને ? અને વર્તમાન અવસ્થા (એમ) સિદ્ધ કરે છે (કે) એ જેની છે એ ત્રિકાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'તે તત્ત્વ પોતાને ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે,...'** આહા..હા..! વર્તમાન પૂરતું જ્ઞાનનું હોવાપણું જે જાણવામાં આવે છે એટલું તો અસ્તિત્વ છે પણ એ અસ્તિત્વનો અંશ અદ્ધરથી થયો છે એમ નથી, એ કોઈ ત્રિકાળી ચીજને જણાવે છે. આહા..હા..! જેનો એ અંશ છે એ અંશ ત્રિકાળને જણાવે છે. આહા..હા..! **'તે તત્ત્વ પોતાને...'** પોતાને સમજે તમારી ભાષામાં ? સ્વયંને. સ્વયંને (એટલે) પોતાને **'ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે.'** આહા..હા..!

**'પણ તું તેની માત્ર 'વર્તમાન અસ્તિ' માને છે !'** વાત આ. વર્તમાન જાણે છે ને કે આ શરીર છે, આ ફલાણું છે, ફલાણું છે એ કાંઈ જાણતા નથી. શરીર જાણે છે કાંઈ ? રાગ જાણે છે કાંઈ ? જાણે છે જ્ઞાન કે આ રાગ છે, આ શરીર છે. એ જ્ઞાનની વર્તમાન પર્યાયની પ્રસિદ્ધિ છે. પરના જાણવામાં પરના જાણવાની પ્રસિદ્ધિ નથી. પરને જાણનાર એની પર્યાયની પ્રસિદ્ધિ છે. 'હસમુખભાઈ' ! આમા ક્યાંય તમારા 'મુંબઈ'માં ન મળે ને તમારા રૂપિયામાં–ધૂળમાં ક્યાંય ન મળે. આહા..હા..! એ લોકોએ તો પ્રેમ રાખ્યો છે ને ! આણે ઉડાડી દીધો. ભારે વિચાર થાય, હોં ! 'નવનીતભાઈ' બિચારાએ લાખો રૂપિયા નાખીને કર્યું, નામ કાઢી નાખ્યું, વેચી નાખ્યું બધું. આહા..હા..! આહા..હા..!

જેની વર્તમાન જ્ઞાનની હયાતી પરના જાણવાના કાળમાં પણ પોતાના જાણવાની પર્યાયની પ્રસિદ્ધિ

છે તે અસ્તિ છે, ત્યાં પર અસ્તિ છે એમ નહિ. પરનું હોવાપણાનું જ્ઞાન થયું તે જ્ઞાનનું હોવાપણું છે. આહા..હા..! એ જ્ઞાનનું વર્તમાન હોવાપણું કાયમી ચીજને જણાવે છે કે હું વર્તમાન પૂરતું નથી. આ જ્ઞાનની પર્યાય પલટતી પલટતી પણ વર્તમાન પૂરતી અનિત્ય નથી. એ નિત્યને બતાવે છે કે આ નિત્ય વસ્તુ છે એનો આ અંશ છે. આહા..હા..! ધ્રુવ ચીજ છે તેનો આ અંશ છે. એ અંશ ધ્રુવને બતાવે છે. આહા..હા..! આવી વસ્તુ છે. બહુ ગંભીર વસ્તુ છે એને બહુ સાદી ભાષામાં (કહે છે). લોકો સાધારણ માણસ પણ સમજે એવી સહેલી ભાષા છે. 'ભોગીભાઈ' તો હમણાં ગાયું ને કમાલ કરી નાખ્યું છે ! વાત તો સાચી છે. આહા..હા..!

પહેલી ચોપડીનો ભણેલો હોય તોપણ એને એટલું તો થાય કે નહિ ? એટલું ખ્યાલમાં આવે કે આ જાણે છે એ જાણે છે, ઇ જાણે છે, ઇ છે કે નથી ? તો જાણે છે એ વર્તમાન છે ઇ બીજાને જાણે છે તે પણ વર્તમાન જાણવાની અવસ્થા છે. એ પરને જાણે છે એટલે પરનું અસ્તિત્વ છે એમ અહીં સિદ્ધ નથી કરવું. પરને જાણવા કાળે જાણવાની પર્યાયનું અસ્તિત્વ છે ને ? પરના અસ્તિત્વનું અહીં કામ નથી. એવો જે જ્ઞાનનો વર્તમાન અંશ ઇ જેનો છે એને એ બતાવે છે કે આ જ્ઞાન ત્રિકાળ છે. આહા..હા..!

**'પણ...'** આમ હોવા છતાં **'તું તેની માત્ર 'વર્તમાન અસ્તિ' માને છે !'** આહા..હા..! એ જ્ઞાનની વર્તમાન પર્યાય પૂરતું તારું બધું વલણ (છે). આહા..હા..! દિગંબર મુનિ સાધુ થયો તોપણ એનું વર્તમાન પર્યાય પૂરતું વલણ (રહ્યું). દિગંબર ! હજારો રાણી છોડીને પંચમહાવ્રત (પાળ્યા). પણ એ શું એથી ? એ ચીજ હતી જ ક્યાં એમાં તે છોડે. આહા..હા..! એમાં જે રાગની એકતા હતી અને રાગને જાણનારું તત્ત્વ રાગથી ભિન્ન છે, વર્તમાનમાં ભિન્ન છે એટલી પણ એની ખબર (નથી). આહા..હા..! કેમકે જાણનાર છે એ ચૈતન્યનું કિરણ છે. એ કિરણ છે એ રાગ છે, શરીર છે, આ છે એમ એનું હોવાપણું જ્ઞાનના હોવાપણામાં જણાય છે તો એ હોવાપણું અંશ છે એ ત્રિકાળીને જણાવે છે. એ જ્ઞાનનું હોવાપણું પરનું હોવાપણું બતાવતું નથી. આહા..હા..! આવી વાતું છે, ભગવાન ! ભાઈ ! આહા..હા..!

તારી પ્રભુતાની પ્રભુતા તેં કોઈ દિ' પકડી નથી, પ્રભુ ! આહા..હા..! પર્યાયની પામરતાને પકડીને સાધુ થયો તોપણ એની રમતુ ત્યાં. આહા..હા..! આ ત્યાગ્યું ને આ છોડ્યું ને આ મૂક્યું ને... આહા..હા..! આ ખપે ને આ ન ખપે. અરે..રે..! આહા..હા...! પણ આખો આત્મા ખપતો નથી એની ખબર ન મળે. 'ભાઈ' ! આવી વાતું છે, ભગવાન ! પ્રભુ ! તું ભગવાન છો, હોં ! આહા..હા..!

પ્રભુ ! તારી પ્રભુતાનો પાર નથી, ભાઈ ! આહા..હા..! તારી પર્યાયમાં આટલી પ્રભુતા (છે) કે જેને જાણવા માટે પરના આલંબનની જરૂર નહિ, વર્તમાન જાણવા માટે પણ પરના આલંબનની જેને જરૂર નથી. ભલે મન ને ઇન્દ્રિય હોય પણ એ જાણવાની પર્યાય કાંઈ મન ને ઇન્દ્રિયને કારણે જાણે છે એમ નથી. આહા..હા..! એ જ્ઞાનની પર્યાય વર્તમાનમાં આ ઇન્દ્રિય ને મન છે એવું શાસ્ત્રથી

જોયું, સાંભળ્યું તો ઇ તો જ્ઞાનની પર્યાય એમ જાણે છે કે આ ઇન્દ્રિય ને મન છે અને ઇન્દ્રિય ને મન છે માટે જાણવાની પર્યાય થઈ છે એમ નથી. તો જાણવાની વર્તમાન પર્યાયને પણ જ્યાં પરના અવલંબન ને અપેક્ષાની જરૂર નથી. એ ચીજને ત્રિકાળ ચીજમાં કોઈની અપેક્ષા છે નહિ. એનું ત્રિકાળી ટકવું હોવાપણું ધ્રુવ (છે)... આહા..હા..! એના ઉપર એણે નજર આપી નથી. આહા..હા..!

**''વર્તમાન અસ્તિ' માને છે ! જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ.'** આહા..હા..! આ અવસ્થા છે, જુઓ ! આ પરમાણુની આ અવસ્થા છે ને ? એ અવસ્થા વર્તમાન છે તો એનું ત્રિકાળી તત્ત્વ છે કે નહિ ? પરમાણુ છે કે નહિ ? આ અવસ્થા તો બદલી જાય છે, પણ બદલે છે એનું ત્રિકાળી તત્ત્વ છે કે નહિ ? પરમાણુ ત્રિકાળ છે. એમ આ જાણનારની પર્યાય બદલે છે એ જાણનાર જાણે છે એમ એ ત્રિકાળી તત્ત્વ છે કે નહિ ? એ ત્રિકાળીનું અસ્તિત્વ છે એમ બતાવે છે કે વર્તમાનનું અસ્તિત્વ એટલું જ બતાવે છે ? આહા..હા..! સમજાણું કાંઈ ? આવો માર્ગ છે.

આ તો સમ્યગ્દર્શન પામવાની પહેલી રીત આ છે, એ વાત છે. પછી એને ચારિત્ર ને સંયમ (આવે). અંદર સ્વરૂપ જાણ્યું છે એમાં પછી રમે. જે જાણ્યું જ નથી કે આ ચીજ શું છે પછી એમાં રમવું ક્યાં એને ? જે જાણ્યું છે રાગ ને પર્યાય એમાં રમે. આહા..હા..! એટલે એને ચારિત્ર કે સંયમ હોય જ નહિ. આહા..હા..!

જે સ્વરૂપની પર્યાય (છે) એ ત્રિકાળીનો અંશ છે. એ અનિત્ય છે તે નિત્યને જણાવે છે. નિત્યને નિત્ય જાણતું નથી. અનિત્ય જે વર્તમાન જ્ઞાનનો અંશ છે એ ત્રિકાળને જણાવે છે, નિત્યને જણાવે છે; પણ અનાદિથી તેની દૃષ્ટિ એ તરફ નથી. આહા..હા..! એણે મહેનત બહુ કરી. પરિષહ સહન કર્યા, ઉપસર્ગ સહન કર્યા, આહા..હા..! ચામડા ઉતડીને ખાર છાટે તોપણ ક્રોધ ન કરે ! એવું પર્યાયબુદ્ધિની સ્થિતિમાં આવું એણે સહન કર્યું. આહા..હા..!

**'જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ.'** આહા..હા..! આની જે આ ધોળી અવસ્થા અત્યારે દેખાય છે, જુઓ! ઇ તો વર્તમાન અવસ્થા છે, તો વર્તમાન અવસ્થા છે તો એનું કાયમી તત્ત્વ છે કે નહિ ? કાયમી તત્ત્વ પરમાણુ ધ્રુવ છે. એમ જ્ઞાનની પર્યાય વર્તમાન છે તેનું ધ્રુવપણું, જ્ઞાયકપણું ત્રિકાળ છે. આહા..હા..! જે તત્ત્વ વર્તમાન છે તે ત્રિકાળી હોય જ.

**'વિચાર કરતાં આગળ વધાય.'** જ્ઞાનની પર્યાય છે, અવસ્થા છે તો કાયમી ચીજ છે એમ વિચાર કરતાં અંદરમાં જવાય... આહા..હા..! વધાય. શબ્દો બહુ થોડા છે પણ ભાવ તો... આહા..હા..! સર્વજ્ઞ પરમાત્માએ કહ્યા છે તે ભાવ છે. આહા..હા..! ભાઈ ! તારા અંશને તું માને છે પણ અંશ કોને આધારે થાય છે ? એ અંશ કોનો છે ? એ અંશ કોઈ પરમાણુનો છે ? રાગનો અંશ છે ઇ ? જ્ઞાનનો અંશ છે ઇ જ્ઞાયક ત્રિકાળ છે તેનો અંશ છે. આહા..હા..! એ અંશ ત્રિકાળને જણાવે છે.

**શ્રોતા :–** અનિત્ય કેમ કહેવાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાય અનિત્ય છે ને ! સમકિતદર્શન, જ્ઞાન, ચારિત્ર બધા અનિત્ય છે.

મોક્ષમાર્ગ પોતે અનિત્ય છે. આહા..હા..! સમ્યગ્દર્શન એ પર્યાય છે. અરે..! કેવળજ્ઞાન પણ અનિત્ય પર્યાય છે. એક ફેરી રાડ નાખી ગયા હતા. 'મથુરા'માં ગયા ને ? સભા ઘણી ભરી હતી. ઘણા પંડિતો બેઠા હતા. એટલું કહેવાણું, મેં કીધું, ભાઈ ! કેવળજ્ઞાન પણ એક નાશવાન પર્યાય છે. એની એક સમયની જ મુદ્દત હોય. (આ સાંભળીને પંડિતોને એમ થયું), અરે..! આ શું ! ? ભાઈ ! કેવળજ્ઞાન છે એ ગુણ નથી, પર્યાય છે અને પર્યાયની મુદ્દત જ એક સમયની હોય. બીજે સમયે એ નાશ જ પામે. ભલે એવી બીજી થાય, બીજી એવી થાય પણ એ બીજે સમયે ન રહે. ખળભળાટ થઈ ગયો હતો પંડિતોમાં, 'મથુરા'માં પણ પછી 'કૈલાસચંદજી' હતા (એમણે કહ્યું) કે ભાઈ ! સાંભળો તો ખરા શું કહે છે. સાંભળો તો ખરા. અરે..! બાપુ ! આ કાંઈ વગર વિચાર્યું એમ ને એમ બોલાઈ જાય છે એમ નથી, ભાઈ ! આહા..હા..! એ કેવળજ્ઞાન પણ નાશવાન છે કેમકે એની એક સમયની મુદ્દત છે અને વસ્તુ ત્રિકાળ ધ્રુવ છે. આહા..હા..!

એમ અહીંયા મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો અંશ છે એ પણ અનિત્ય ને નાશવાન છે. એની એક સમયની સ્થિતિ છે, એ અનિત્ય છે. આહા..હા..! પણ એ અનિત્ય છે તે નિત્યને બતાવે છે. આ અનિત્યપણું કોનું ?–કે આ નિત્યનું. આહા..હા..! અરે..રે..! આવી વાત ! વીતરાગ પરમાત્મા ઘણી સાદી ભાષાથી દિવ્યધ્વનિમાં તો આવ્યું હતું. ઇન્દ્રો ને ગણધરો બિરાજે છે. દિવ્યધ્વનિમાં તિર્યંચના બાળક હોય એ સમજી જાય. આહા..હા..! તિર્યંચના બચ્ચા સાંભળવા આવે છે ને ! સભામાં સિંહ અને વાઘના બચ્ચા સાંભળવા આવે છે. એ ત્રણ લોકના નાથની વાણી સાંભળે છે. ભાઈ ! પ્રભુ ! એની ભાષામાં એ સમજે. ત્યાં તો દિવ્યધ્વનિ આવે. એક સાથે બધું (આવે) પણ એની યોગ્યતા પ્રમાણે એ સમજે. એમ કહે છે, પ્રભુ ! કહે છે, ભાઈ ! તું છો ને ! વર્તમાન છે ને ! જેનું વર્તમાન છે એ તો ત્રિકાળી છે. આહા..હા..! એ વર્તમાન પરમાણુનું છે ? જ્ઞાનનું વર્તમાન–પર્યાય પરમાણુનું છે ? જડનું છે ? આહા..હા..!

**'જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ. વિચાર કરતાં આગળ વધાય. અનંત કાળમાં બધું કર્યું,...'** પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ અનંત વાર કર્યાં. એ કોઈ ચીજ નથી. આહા..હા..! એ તો અભવી પણ અનંત વાર કરે છે. આહા..હા..! **'અનંત કાળમાં બધું કર્યું,...'** બધું કર્યું એટલે શું ? પુણ્ય ને પાપના ભાવ. બધું એટલે પરનું કર્યું એમ નહિ. પરનું કરી શકે છે જ ક્યાં ? પણ અસંખ્ય પ્રકારના શુભભાવ અને અસંખ્ય પ્રકારના અશુભભાવ અનંત વાર કર્યાં, ઇ બધું કર્યું એમ. ધંધો કર્યો ને બાયડી પરણ્યો ને છોકરા પરણાવ્યા... ઇ તો ક્રિયા આત્માની છે જ ક્યાં ? આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

જેનું તરંગ ઊઠે એનું કોઈ દળ તો હોય ને ? તે વિના તરંગ ક્યાંથી ઊઠ્યું ? એમ પર્યાયનું તરંગ જે દેખાય છે એનું કોઈ દળ છે ને આખું ધ્રુવ. આહા..હા..! ભાઈ ! તારી ત્યાં નજર ગઈ નથી. આહા..હા..! તારી નજર વર્તમાન પૂરતા જ્ઞાનમાં રોકાઈ ગઈ અને એમાં ઘણું કર્યું એમ (માની)

ત્યાગ કર્યો, વૈરાગ્ય કર્યો, બાયડી-છોકરા છોડ્યા, ધંધો છોડ્યો, લાખોની-કરોડોની પેદાશુ છોડી (એમ માન્યું). શું છોડ્યું ? બાપુ ! આહા..હા..! કાંઈ છોડ્યું નથી. એને અંદર રાગની એકતાબુદ્ધિમાં, પર્યાયબુદ્ધિમાં બધો આત્મા પૂર્ણાનંદનો ત્યાગ છે. બહારનો ત્યાગ છે એ એનામાં નથી. પણ દૃષ્ટિ અહીંયા પર્યાય ઉપર છે તેથી ત્રિકાળીનો ત્યાગ છે. આહા..હા..! મેં ત્યાગ કર્યો ને મેં આ કર્યું, અમે છોડીને બેઠા, બાપુ ! ઝીણી વાતું છે, ભાઈ ! આહા..હા..! અનંત કાળમાં (આ) કર્યું નથી, (બાકી) બધું કર્યું.

**'એક ત્રિકાળી સત્‌ને શ્રદ્ધ્યું નથી.'** આહા..હા..! અસંખ્ય પ્રકારના શુભભાવ, અસંખ્ય પ્રકારના અશુભભાવ અનંતવાર કર્યા પણ એક ત્રિકાળી જેનો અંશ છે, એ આ ધ્રુવ છે, એની નજરું ન કરી. કહો, 'કાંતિભાઈ' ! તે દિ' (એમ જાણતા કે) આ ૧૫૦૦ નો પગાર મળતો હતો એ છોડ્યું, એ ઘણું છોડ્યું એમ છે ? પ્લેનમાં હતા, પ્લેનમાં હતા. ૧૫૦૦ નો માસિક પગાર (હતો). બે વર્ષ થયા છોડી દીધું. ધંધો છોડી દીધો. ધૂળનો ધંધો ! આ 'હસુભાઈ'એ તો વળી ઘણું કર્યું. 'હસુભાઈ'એ તો એક દાખલો બેસાડ્યો છે. આહા..હા..! શું કરવું ? બાપુ ! આહા..હા..! એવા ધંધા ને પાણીના ભાવ, ભાવ હોં ! ધંધા-પાણી કર્યા નથી. આહા..હા..! તેં પર્યાયનો ધંધો, રાગનો ધંધો કર્યો પણ ત્રિકાળી જ્ઞાયક ભાવ એના ઉપર તેં નજર ન કરી. આહા..હા..! જેનો એ અંશ છે એવો જે અંશી અંદર (છે) એમાં તારું ધ્યાન ન ગયું, ભાઈ ! જે કરવાનું હતું તે કર્યું નહિ તેં. આહા..! છે ? **'ત્રિકાળી સત્‌ને શ્રદ્ધ્યું નથી.'** ૧૪૦ (બોલ પૂરો થયો). ઓહો..હો..! ચાલીશ મિનિટ થઈ ગઈ. ૧૪૦ ની ચાલીશ મિનિટ થઈ ગઈ, લ્યો ! 'છોટાભાઈ' ! કહે છે.

૧૪૧, **'અજ્ઞાની જીવને અનાદિનો વિભાવનો અભ્યાસ છે;...'** એ શુભ-અશુભભાવનો અભ્યાસ (છે), પરનો નહિ. પરના મકાન કર્યા કે બાયડી પરણ્યો ને શરીરને વિષે ભોગ લીધા, એ ક્રિયા કોઈ આત્માની નથી, એ આત્મા કરી શકતો નથી. આહા..હા..! વિભાવનો અભ્યાસ છે. આત્માના સ્વભાવથી વિરુદ્ધ જે પુણ્ય ને પાપ એવો જે વિભાવ, એનો એને અનાદિથી અભ્યાસ, અભ્યાસ છે. આહા..હા..!

**'મુનિને સ્વભાવનો અભ્યાસ વર્તે છે.'** આહા..હા..! મુનિએ આ છોડ્યું ને આ મુક્યું એમ નહિ, એમ કહે છે. મુનિને સ્વભાવનો અભ્યાસ વર્તે છે. આહા..હા..! અજ્ઞાનીને વિભાવનો અભ્યાસ વર્તે છે, ભણે છે, એ અભ્યાસ કરે છે. આહા..હા..! **'મુનિને સ્વભાવનો અભ્યાસ વર્તે છે.'** આનંદનો નાથ પ્રભુ ! શુદ્ધ ચૈતન્યઘન નિત્ય જેની ધાતુ ધારી રાખી છે એવું સ્વરૂપ છે. આહા..હા..! ચૈતન્ય જેણે ધાર્યું છે એવું ચૈતન્ય એવા સ્વભાવનો સંતોને અભ્યાસ છે. આહા..હા..! અજ્ઞાનીને વિભાવનો અભ્યાસ છે, સંતોને સ્વભાવનો અભ્યાસ છે. અભ્યાસ તો બેયને છે. સમજાણું કાંઈ ? આવું મોંઘુ પડે છે. સાંભળ્યું ન હોય. અત્યારે તો બધી વાત ફેરફાર થઈ ગઈ, ભાઈ ! અરે..રે..! જેનાથી હિત થાય, જેનાથી સંસારમાં છૂટો થાય એ વાત ન મળે, એમ વાત ન થાય ત્યાં સુધી બાપુ ! શું કર્યું ?

ભાઈ ! એ જન્મ ને મરણના, નરક ને નિગોદના ભવના ભાવ (કર્યા), મિથ્યાત્વ છે તે નરક ને નિગોદના ભાવ છે. પર્યાયબુદ્ધિ છે એ ભવનો રખડવાનો ભાવ છે. આહા..હા..!

અહીંયા કહે છે, **'મુનિને...'** સમકિતીને કેમ ન લીધું ? કારણ કે એ તો જઘન્ય અવસ્થા છે, મુનિને વિશેષ સ્વભાવનો અભ્યાસ છે. **'મુનિને સ્વભાવનો અભ્યાસ વર્તે છે.'** આનંદ સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ, વીતરાગ સ્વરૂપ શાંત... શાંત... અકષાય સ્વભાવ, શાંત સ્વરૂપ ત્રિકાળ, તેનો અભ્યાસ વર્તે છે. આહા..હા..! અભ્યાસ તો બન્નેને છે, એકને વિભાવનો ને એકને સ્વભાવનો ! આહા..હા..!

સમકિતીને સ્વભાવનો અભ્યાસ છે પણ થોડો છે. એથી મુનિને મહા (વિશેષ છે). આહા..હા..! જેણે દરિયો ઉછાળ્યો છે અંદર ! હલકલોલથી ભરેલો આનંદ ને શાંતિ, એ ખજાના જેણે ખોલી નાખ્યા છે. આહા..હા..! નિધાનને તાળા માર્યા હતા. પર્યાયબુદ્ધિથી નિધાનને તાળા માર્યા હતા એ સ્વભાવબુદ્ધિથી ખજાના ખોલી નાખ્યા. આહા..હા..! બાપુ ! પ્રભુ ! તારા સંસારના ઉદ્ધારના પંથની વાતું છે, નાથ ! આ કોઈ વ્યક્તિને માટેની વાત નથી. વસ્તુની સ્થિતિ આ છે. આહા..હા..!

મુનિને તો સ્વભાવનો અભ્યાસ વર્તે છે, એને પંચમહાવ્રતના વિકલ્પનો અભ્યાસ વર્તે છે, એમ ન કહ્યું. અઠ્યાવીસ મૂળગુણનો અભ્યાસ એ તો રાગ છે, એ મુનિપણું છે જ નહિ. આહા..હા..! રાગથી પૃથક્ થયેલો સ્વભાવ તે જ્ઞાન ને આનંદના સ્વભાવનો જેને અભ્યાસ છે. આહા..હા..! **'પોતે પોતાની સહજ દશા પ્રાપ્ત કરી છે.'** આહા..હા..! સંતોએ પોતે પોતાની સ્વયં, સ્વયંની સહજ દશા પ્રાપ્ત કરી છે. આહા..હા..! જેણે આનંદ ને જ્ઞાન ને શાંતિ ને વીતરાગતા એ સ્વભાવની સહજ દશા જેણે પ્રાપ્ત કરી છે. શક્તિ ને સ્વભાવરૂપે તો હતું જ પણ પર્યાયમાં જેણે અભ્યાસમાં વીતરાગતા ને આનંદનો જેણે અભ્યાસ કર્યો છે. આહા..હા..! તે સહજ દશા પ્રાપ્ત કરી છે. સહજ દશા છે, ત્યાં હઠ નથી. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ ભગવાન એને અવલંબીને જે દશા થાય છે એ સહજ દશા થાય છે. નિર્મળ, વીતરાગી, શાંત, મોક્ષના માર્ગની દશા, એ સહજ દશા પ્રાપ્ત કરી છે.

**'જરા પણ ઉપયોગ બહાર જાય...'** આહા..હા..! મુનિને જરી વિકલ્પ બહાર જાય... આહા..હા..! **'કે તરત સહજપણે પોતા તરફ વળી જાય છે.'** આહા..હા..! સાતમા ગુણસ્થાનમાં અપ્રમતમાં ઉપયોગ છે એમાંથી છઠ્ઠે વિકલ્પ આવે, વળી (પાછો) અંદર વળી જાય છે, તરત સાતમામાં ઢળી જાય છે. આહા..હા..! એ વિકલ્પ છે એ દુઃખદાયક છે. આહા..હા..! બહારમાં આવતા એને ગોઠતું નથી પણ કમજોરીને લઈને, પુરુષાર્થની નબળાઈને લઈને એ ભાવ આવે પણ એ ઉપયોગ બહાર જાય કે તરત સહજપણે, સ્વભાવપણે તરત જ, હોં ! આ શુભને છોડવું ને ઠરવું એમ નહિ. ઇ તો સ્વભાવ તરફ જ એમનું વલણ છે. આહા..હા..!

**'તરત સહજપણે પોતા તરફ વળી જાય છે.'** આહા..હા..! અતીન્દ્રિય અમૃતનો સાગર, ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર જ્યાં નજરમાં, અનુભવમાં આવ્યો છે, એના સ્વાદની આગળ બહાર નીકળતા વિકલ્પ આવ્યો (કે) તરત અંદર પાછો ઢળી જાય છે. આહા..હા..! આ છઠ્ઠા, સાતમાની

વાત છે. **'બહાર આવવું પડે તે બોજો-ઉપાધિ લાગે છે.'** ઉપદેશ દેવાનો વિકલ્પ આવે, આહાર લેવાનો વિકલ્પ આવે,... આહા..હા..! બોજો લાગે છે. આહા..હા..! હળવી ચીજમાં એ બોજો લાગે છે. ભગવાન અનાકુળ આનંદનો રસીલો એને રાગ તો આકુળતા દુઃખ છે. આહા..હા..! બહારમાં આવવું ગોઠતું નથી. આનંદમાં રહ્યો છે એને બહાર આવવાનું ગોઠતું નથી પણ કમજોરીને લઈને આવી જાય છે. તરત પાછો અંદરમાં ચાલ્યો જાય છે. આહા..હા..! જુઓ ! આ મુનિદશા !! આહા..હા..! ભાઈ !

મુનિપણું તો પરમેશ્વરપદ છે. આહા..હા..! મુનિ પરમેશ્વર છે. પંચ પરમેષ્ઠી છે ને ? પંચ પરમેષ્ઠીમાં એ સાધુ આવ્યા કે નહિ ? કેટલાક એવા અર્થ કરે છે, નમો લોએ સવ્વસાહૂણં. એટલે 'સર્વ' માં જૈનના અને અન્યના બધા સાધુને નાખવા. અરે..! ભગવાન શું કરે છે તું ? પ્રભુ ! એ 'સુશીલ' (કરીને) સ્થાનકવાસી સાધુ છે. એ 'અમેરીકા'માં મુહપત્તી સહિત ગયો હતો. પાછો આવી ગયો. અરે..રે...! પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! પુણ્યને લઈને ભભકા (દેખાય). ભાષા કરે, ભાષણ કરે, 'અમેરીકા'માં પાંચ, સાત, દસ હજાર લોકો ભેગા થાય. એને અંગ્રેજી નથી આવડતું, હિન્દી બોલે ને બીજા અંગ્રેજી કરી નાખે. અરે..! બાપુ ! સર્વ સાધુ એ નહિ. જૈનના, આનંદના અનુભવીઓ છે તે સર્વ સાધુમાં આવે છે, અન્યના સાધુ નહિ. આહા..હા..! ત્યારે વળી આ તેરાપંથી, તુળશી તમારા ગામના–'લાડ'નું ના છે ને ? તુળશી લાડનુ ના છે. એણે કહ્યું, 'લોએ' કાઢી નાખવું. નમો લોએ સવ્વસાહૂણં નહિ, નમો સવ્વસાહૂણં. પણ લોકનો અર્થ બાપા ! તને ખબર નથી.

અરિહંત છે એ લોકમાં છે. એટલે કે અરિહંતો ભિન્ન ભિન્ન સ્થાનમાં હોય એટલે લોકમાં ગણવામાં આવ્યું અને સિદ્ધને પણ લોકમાં ગણવા. કેમકે અહીં સિદ્ધ થાય. અહીં થાય છે તો હજી અહીં છે અને પછી ત્યાં જાય છે. એટલે એ બધા ક્ષેત્રમાં છે તે સિદ્ધને નમસ્કાર કરે છે. 'લોએ' નો અર્થ કાઢી નાખવો છે તો શું તારે કાઢવું છે ? હવે આ મોટા તેરાપંથીના અણુવ્રતના મોટા આંદોલન કાઢે છે. અન્યમતીઓને પણ મિથ્યાદષ્ટિને અણુવ્રત (આપે). અરે..! પણ હજી તારે વ્રત નથી, બાપા ! તને ખબર નથી, ભાઈ ! આહા..હા..! શું થાય ? અરે...! ધણી વિનાના ઢોર થઈ ગયા અત્યારે. આહા..હા..! પોતાને સ્વછંદે ચાલે. આહા..હા..!

અહીં કહે છે, **'બહાર આવવું પડે તે બોજો...'** વિકલ્પ ઊઠે. આહા..હા..! (બ) પાંડવોને (બીજા) ત્રણનો વિકલ્પ ઊઠ્યો, કેમ હશે ? ત્યાં બંધ પડી ગયો. આહા..હા..! બે ભવ વધી ગયા, બાપુ ! મુનિની દશા તો અલૌકિક છે, ભાઈ ! આહા..હા..! જેણે આત્માને અવલંબીને આનંદની ધારા, આત્મપ્રસિદ્ધિ કરી છે. ટીકાનું નામ આત્મખ્યાતિ છે ને ? આ પ્રસિદ્ધ કર્યો છે. શેને ? આનંદ, જ્ઞાનના સ્વભાવથી પ્રસિદ્ધ કર્યો છે. રાગથી પ્રસિદ્ધ કર્યો છે એમ આત્મા નથી. આહા..હા..!

ચક્રવર્તીના પુત્ર રાજકુમાર હોય, સ્ફટિક મણિના તો જેને બંગલા હોય અને હજારો રાણી, અબજોપતિ રાજાની દીકરીઓ હોય પણ જ્યારે એને સમ્યગ્દર્શન થઈને અનુભવ કરવા માટે વધવા જાય છે. આહા..હા..! માતા ! મને ક્યાંય ગોઠતું નથી. મને જ્યાં ગોઠે છે ત્યાં હું જાવા માંગુ

છું. આહા..હા..! મારો નાથ અતીન્દ્રિય આનંદથી ભરેલો છે. આહા..હા..! એ અધુરો નથી, ઊણો નથી, અશુદ્ધ નથી, પૂર્ણાનંદનો નાથ મારો પ્રભુ છે. આહા..હા..! એના આનંદ લુંટવા માટે, અનુભવવા માટે હું તો જાઉં છું. આહા..હા..! આવું મુનિપણું !! બાપુ ! મુનિપણું (કોને) કહે ! આહા..હા..! અરે..રે..! સાચી વાત કહેતા એને એમ થઈ જાય કે ના હોં ! અમે આ બધા મુનિ છીએ એને ઉથાપે છે. બાપુ ! ભાઈ ! તારી સ્થિતિ કેમ છે એમ તારે જાણવી જોશે, ભાઈ ! આહા..હા..! અને અજાણમાં એમ ને એમ રહેશે (તો) સંસાર નહિ છૂટે અને નિગોદના ભવ આવશે, ભાઈ ! આહા..હા..!

અહીં કહે છે, '**બહાર આવવું પડે તે બોજો-ઉપાધિ લાગે છે.**' આહા..હા..! '**મુનિઓને અંદર સહજ દશા-સમાધિ છે.**' શાંતિ... શાંતિ... શાંતિ... અકષાયભાવ મોક્ષમાર્ગ પ્રગટ્યો છે ને ! દર્શન, જ્ઞાન ને ચારિત્ર એ અકષાય ભાવ છે, વીતરાગ ભાવ છે. છે ભલે અનિત્ય પર્યાય પણ એ વીતરાગ ભાવ છે, સમાધિ ભાવ છે. સમાધિ એટલે ? સમ-આધિ એટલે વિષમતા—પુણ્ય-પાપના વિકલ્પથી છૂટી અને સમાધિ. સમાધિ એટલે પેલા બાવાઓ સમાધિએ ચડે એ નહિ. જે વિકલ્પમાંથી નીકળી અને નિર્વિકલ્પ શાંતિમાં પડ્યા છે એને સમાધિ કહે છે. સ્થાનકવાસી, દેરાવાસીના લોગસ્સમાં પણ આવે છે. 'હસુભાઈ'એ કર્યો છે ? લોગસ્સ કર્યો છે ?–નથી કર્યો. પહેલેથી આમાં આવ્યા. 'સમાહિવરમુત્તમં' આવે છે. 'સમાહિવરમુત્તમં' પણ એ સમાધિ શું ? રાગ વિનાની શાંતિ, આનંદની ધારા, અતીન્દ્રિય આનંદની ધારા એને અહીં સમાધિ કહે છે. '**મુનિઓને અંદર સહજ દશા-સમાધિ છે.**' આહા..હા..! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

❋

*** ઉપશમરસનો દરિયો આત્મા છે, અકષાય સ્વભાવની મૂર્તિ છે, વીતરાગ સ્વભાવની મૂર્તિ છે. એ કોઈ કાળે દયા-દાન આદિ રાગરૂપે થઈ શકે નહીં. તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા કે મહા આનંદનો નાથ હું પોતે જ છું. અનાદિની એવી ને એવી જ્ઞાનપ્રકાશની મૂર્તિ તું છો. તું રાગરૂપે કદી થયો જ નથી. તું સદાય જ્ઞાન ઉપયોગરૂપે જ રહ્યો છે. ચૈતન્યપ્રકાશરૂપે જ તું સદાય રહ્યો છે. ચૈતન્યપ્રકાશની ઝળહળ જ્યોતિરૂપે રહ્યો થકો તું કદિ પણ રાગ અંધકારરૂપ થયો જ નથી. માટે સર્વ પ્રકારે એકવાર પ્રસન્ન થા, પ્રસન્ન થા. રાગના અનુભવમાં પડ્યો છે તે છોડીને ચૈતન્ય આનંદના અનુભવમાં આવી જા. તારા આત્મસ્વભાવને અવસલોકવા માટે એકવાર સર્વ પ્રકારે પ્રસન્નતા પૂર્વક તારા વીર્યને ઉછાળ, તને આનંદનો લાભ થશે. ૬૬૫. — દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી પંચાસ્તિકાય, ગાથા–૨૦, પ્રવચન નં. ૨૭
## તા. ૧૧-૧૨-૧૯૬૯
## [૨]

૨૦મી ગાથાનો ભાવાર્થ. આ 'પંચાસ્તિકાય'નું સ્વરૂપ છે. ઉપરનું અસ્તિત્વ શુદ્ધ છે એવું અસ્તિકાયમાં લીધું, એવો જીવ લીધો. **'સંસારી જીવની પ્રગટ સંસારી દશા જોઈને...'** શું કહે છે ? આ 'પંચાસ્તિકાય'નું સ્વરૂપ છે. છે વસ્તુ અસ્તિ અને જીવને અસંખ્ય પ્રદેશી આદિ કાય છે. ધર્માસ્તિને અસંખ્ય, અધર્માસ્તિને (અસંખ્ય) અને આકાશ અનંત છે. એ એની કાય છે. કાય એટલે પ્રદેશનો સમૂહ. **'સંસારી જીવની પ્રગટ સંસારી દશા જોઈને અજ્ઞાની જીવને ભ્રમ ઊપજે છે...'** શું કહે છે ? **'કે–'જીવ સદા સંસારી જ રહે,...''** આવો ને આવો મલિન પરિણામવાળો જીવ અનાદિ-અનંત રહે. કેમકે પર્યાયબુદ્ધિમાં તો વર્તમાન સંસાર છે. રાગ, દ્વેષ, અજ્ઞાન છે ને ? એ વિકાર છે અને એ વિકારથી ત્રણે કાળનો વિકાર આમને આમ રહેશે એમ અજ્ઞાની માને છે.

**શ્રોતા :–** દરેક અજ્ઞાની એમ માનતા હશે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દરેક અજ્ઞાની. એનું દ્રવ્યસ્વરૂપ શુદ્ધ છે એને એ જાણતો નથી. શુદ્ધ દ્રવ્ય છે એ શુદ્ધ જાણતો નથી. જો શુદ્ધ દ્રવ્ય છે એને શુદ્ધ જાણે તો તો એની પર્યાય ભવિષ્યમાં શુદ્ધ જ થાય. એવું એને જ્ઞાન થાય. સમજાણું કાંઈ ?

**'સંસારી જીવની પ્રગટ સંસારી દશા જોઈને અજ્ઞાની જીવને ભ્રમ ઊપજે છે કે–'જીવ સદા સંસારી જ રહે, સિદ્ધ થઈ શકે જ નહિ;'...'** સમજાણું કાંઈ ? અત્યારે એ ઘણાનો મત છે, મત પણ છે. અનાદિ સંસારી છે તો અનાદિ સંસારી જ રહે. એ કોઈ દિ' મુક્ત થાય જ નહિ. એવો મત છે લોકોનો. આર્યસમાજનો. છે. સમજાણું ? સિદ્ધ થાય જ નહિ. ત્યાં પણ એમનેમ રહે, પાછો આવે ને વળી અવતાર ધારણ રહે. કારણ કે અનાદિનો વિકાર છે એ કેમ જાય ? એમ અજ્ઞાની માને છે. પર્યાયદૃષ્ટિ દેખવાવાળા વસ્તુ ભગવાન શુદ્ધ ચિદાનંદમૂર્તિ દ્રવ્યસ્વભાવ છે (એને દેખતા નથી). સિદ્ધપદ એમાં પડ્યું છે. સમજાણું કાંઈ ? વસ્તુ સચ્ચિદાનંદ શુદ્ધ ધ્રુવ એ સિદ્ધપદ સ્વરૂપ એમાં અનંતા સિદ્ધની પર્યાયો પડી છે. એવી જેને દ્રવ્યદૃષ્ટિ અને દ્રવ્યની શક્તિના સામર્થ્યની પ્રતીત નથી એ વર્તમાન રાગ-દ્વેષ અને અજ્ઞાનને દેખીને આવો કાળ અનંત ગયો. વર્તમાન દેખીને આવો અનંતકાળ ગયો અને એવો ને એવો અનંતકાળ જશે (એમ માને છે). સમજાણું કાંઈ ?

**'જો સિદ્ધ થાય તો સર્વથા અસત્-ઉત્પાદનો પ્રસંગ આવે છે.'** એને એમ થઈ જાય છે. આ

વિકાર છે એ વળી સિદ્ધ થઈ જાય તો અસત્ નહોતું તે થયું. નહોતું તે થયું નથી. સિદ્ધપદ અંદર હતું, પર્યાયમાં નહોતું. સમજાય છે કાંઈ ? સિદ્ધ જ્ઞાનાનંદ શદ્ધ ચૈતન્ય ધ્રુવ પરમાત્મસ્વરૂપ અંદર પડ્યું જ છે. આહા..હા..! પર્યાયમાં ભલે રાગાદિ હો, સ્વભાવમાં તો શુદ્ધતા પરિપૂર્ણ શુદ્ધ પરમાત્મા જ છે. સમજાણું કાંઈ ? એ જાણે કે જો સિદ્ધ થઈ જાય તો નવું ઉત્પન્ન થાય. જૂનું જાય અને નવું ઉત્પન્ન થાય. એથી સિદ્ધ કોઈ દિ' થાય નહિ. એમને એમ સંસાર અનાદિ રહે, એવી પર્યાયબુદ્ધિવાળાને પર્યાયના અંશને દેખનારો ત્રિકાળી ધ્રુવ સ્વભાવનું સત્ત્વ અને સામર્થ્યને નહિ દેખનારને આવું જ ભાસે છે. સમજાણું કાંઈ ? જુઓ! અસ્તિકાય સિદ્ધ કરે છે. પર્યાયનું અસ્તિત્વ દેખનારો દ્રવ્ય અસ્તિત્વ દેખતો નથી તેથી એ દ્રવ્યના અસ્તિત્વની-સામર્થ્યની ખબર નથી. સમજાણું કાંઈ ?

અહીં તો મોક્ષ થાય એવા જીવદ્રવ્યની વાત લીધી છે. ભગવાનઆત્મા... શરીર, વાણી તો જડ છે. પુણ્ય-પાપના વિકલ્પ આદિ હોય એ વિકાર છે. પણ એ વિકાર ક્ષણિક છે. એ ક્ષણિક અવસ્થાના છે. અને રહે તો ક્ષણિકપણે રહેશે. ત્યારે ક્ષણિકપણે રહેશે કોને ? કે જેને દ્રવ્યદૃષ્ટિ વસ્તુનું અસ્તિત્વ પરિપૂર્ણ છે એવી દૃષ્ટિ નથી એને. પણ એ વાત અહીં લીધી નથી. અહીં તો પર્યાયનું વિકારી અસ્તિત્વ છે તે છે. ભલે અસંખ્ય પ્રદેશી હોય પણ વસ્તુ જે સ્વરૂપ ત્રિકાળ ધ્રુવ, એકલો જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, શુદ્ધ પરિપૂર્ણ અખંડ એકરૂપ સ્વભાવ, એની દૃષ્ટિની સત્તાનો સ્વીકાર જેને નથી એવા અજ્ઞાની ત્રિકાળ વિકારરૂપે રહીશ અને સિદ્ધ થાય તો નવું થાય છે, અસત્ ઉત્પન્ન થાય માટે સિદ્ધ થઈ શકતો નથી, એમ અજ્ઞાની માને છે. કહો, સમજાય છે કે નહિ આમાં ? **'પરંતુ અજ્ઞાનીની એ વાત યોગ્ય નથી.'**

**'જેવી રીતે જીવને દેવાદિરૂપ એક પર્યાયના કારણનો નાશ થતાં...'** જુઓ! એ હવે સિદ્ધાંત સિદ્ધ કરે છે. જેમ દેવ, મનુષ્યની પર્યાય જે છે એ વિકારી પર્યાયના કારણનો નાશ થતાં, એ આયુષ્ય.. આદિ **'તે પર્યાયનો નાશ થઈ અન્ય પર્યાય ઉત્પન્ન થાય છે,...'** આમાં થાય છે કે નહિ ? કહે છે. મનુષ્યની પર્યાયનો નાશ થઈને દેવની પર્યાય ઉત્પન્ન થાય છે. **'જીવદ્રવ્ય તો તેનું તે જ રહે છે,...'** મનુષ્યની અવસ્થાનો નાશ થતાં દેવની અવસ્થા ઉત્પન્ન થાય, પણ કાંઈ જીવદ્રવ્યનો નાશ થાય અને જીવદ્રવ્ય નવું ઉત્પન્ન થાય એમ તો નથી. સમજાણું કાંઈ ?

**'તેવી રીતે જીવને સંસારપર્યાયના કારણભૂત મોહરાગદ્વેષાદિનો નાશ થતાં...'** લ્યો! આ સિદ્ધાંત (કહ્યો). સંસારપર્યાયનો નાશ થઈને બીજી સંસારપર્યાય થાય છે, છતાં જીવદ્રવ્ય તો તેનું તે જ રહે છે. એમ સંસારપર્યાયનો નાશ થઈ, **'મોહરાગદ્વેષાદિનો નાશ થતાં સંસારપર્યાયનો નાશ થઈ સિદ્ધપર્યાય ઉત્પન્ન થાય છે, જીવદ્રવ્ય તો તેનું તે જ રહે છે.'** ભગવાનઆત્મા અસ્તિત્વ, શુદ્ધ સત્તા અને સિદ્ધપર્યાયની પ્રાપ્તિ કરવાવાળું એવું દ્રવ્ય તો તેવું ને તેવું રહે છે. **'સંસારપર્યાય અને સિદ્ધપર્યાય બન્ને એક જ જીવદ્રવ્યના પર્યાયો છે.'** જેમ મનુષ્ય અને દેવની પર્યાય-અવસ્થા એક જ જીવની હતી એમ સંસાર અને સિદ્ધ પર્યાય એક જ જીવની બે અવસ્થાઓ છે : અશુદ્ધ અને શુદ્ધ.

**'વળી અન્ય પ્રકારે સમજાવવામાં આવે :– ધારો કે એક લાંબો વાંસ ઊભો રાખવામાં આવ્યો છે;...'** લ્યો! **'તેનો નીચેનો કેટલોક ભાગ રંગબેરંગી કરવામાં આવ્યો છે...'** વાંસનો. આ લ્યો ને ચિતરામણ છે ને ? લાકડીમાં ચિતરામણ છે. **'અને બાકીનો ઉપરનો ભાગ અરંગી (-સ્વભાવિક શુદ્ધ) છે. આ વાંસના રંગબેરંગી ભાગમાંનો કેટલોક ભાગ...'** હવે ખુલ્લો કરે છે. આ છે ને ? આમ બંધ છે અને આમ બંધ છે. આટલો થોડો ખુલ્લો છે. આમ બંધ છે, આમ બંધ છે. આ ખુલ્લો છે. એટલે ખુલ્લાનું અનુમાન કરીને આવો જ ભાગ હેઠે પણ છે અને આવો ભાગ ઉપર પણ છે એમ અનુમાન કરે. બાકી જુઓ! આ છે નાનો અને આ મોટો ભાગ છે. ખુલ્લો મોટો ભાગ છે. કારણ કે ચિતરામણવાળો થોડો ભાગ છે. એમ જીવમાં સંસારપર્યાયનો ભાગ ઘણો થોડો છે અને મોક્ષપર્યાયનો ભાગ ઘણો અનંતો... અનંતો.. અનંતો.. ઊર્ધ્વમાં છે. સમજાણું કાંઈ ?

**'નીચેનો કેટલોક ભાગ રંગબેરંગી કરવામાં આવ્યો છે અને બાકીનો ઉપરનો ભાગ અરંગી (સ્વભાવિક શુદ્ધ) છે.'** એટલે એમાં રંગ નથી, એમ. ચિતરામણ નથી. એકલો શુદ્ધ. **'આ વાંસના રંગબેરંગી ભાગમાંનો કેટલોક ભાગ ખુલ્લો રાખવામાં આવ્યો છે...'** જુઓ! આમ ખુલ્લો. આ રંગબેરંગી ખુલ્લો, હોં! **'અને બાકીનો બધો રંગબેરંગી ભાગ અને આખોય અરંગી ભાગ ઢાંકી દીધેલો છે.'** કહો, સમજાણું કાંઈ ? આ પણ ઢાંકી દીધેલો અને આ પણ ઢાંકી દીધેલો. ફક્ત આ રંગવાળો થોડો ખુલ્લો છે. **'આ વાંસના રંગબેરંગી ભાગમાંનો કેટલોક ભાગ ખુલ્લો રાખવામાં આવ્યો છે અને બાકીનો બધો રંગબેરંગી ભાગ અને આખોય અરંગી ભાગ ઢાંકી દીધેલો છે. આ વાંસનો ખુલ્લો ભાગ રંગબેરંગી જોઈને..'** આ થોડો. ચિતરામણ જોઈને. જુઓ! આમાં ચિતરામણ ઘણા છે, હોં! ભિન્ન-ભિન્ન કાંઈક કાંઈક કર્યાં છે.

**'ખુલ્લો ભાગ રંગબેરંગી જોઈને અવિચારી જીવ 'જ્યાં જ્યાં વાંસ હોય ત્યાં ત્યાં રંગબેરંગી પણું હોય' એવી વ્યાપ્તિ...'** આવો મેળ અજ્ઞાનભાવથી કરે છે. આહા..હા..! જુઓને કેવી વાત કરી છે! આત્મા વસ્તુ તરીકે મહાપ્રભુ છે. અસ્તિત્વ તરીકે એમાં મહા અનંતા... અનંતા.. અનંતા.. અનંતા... કેવળજ્ઞાન અને સિદ્ધપદ પડ્યા છે. એવો ભાગ વસ્તુમાં છે પણ પર્યાયમાં નહિ દેખીને, પર્યાયમાં વિકાર દેખી, ખુલ્લો વિકાર થોડોક દેખે, આ વિકાર છે ને. આમનેમ રહેશે ને.. રહેશે ને... રહેશે ને.. એ રહે છે- રહે છે એ રહેલો અને રહે છે અને રહેશે. એમ અજ્ઞાની પર્યાયબુદ્ધિથી ત્રણે કાળમાં સંસારી પર્યાય હશે એમ માને છે. સમજાણું કાંઈ આમાં ? આ વાંસને દાખલે સમજાય છે કે નહિ ? દાખલો સમજાય છે કે નહિ ? સિદ્ધાંત ? દાખલો સમજાય છે તો હા પાડી.

આ ઢાંકેલું છે. જુઓ! છે ને ? આ ઢાંકેલું છે. આવું દેખી આ ચિતારમણ અહીં નીચે પણ એમનેમ છે તો આ પાછું ઉપર પણ એમનેમ છે. એમ કલ્પી લે છે. એમ સંસારી જીવ અનાદિ કાળના જ્ઞાનાવરણી આદિનો વિકાર છે, અત્યારે પણ થોડો કાળ છે. દેખાય એમાં. પણ ભવિષ્યમાં આખી સિદ્ધપદની પર્યાય પ્રગટ થવાની છે. કારણ કે એનું અસ્તિત્વ એવું છે. જીવદ્રવ્યનું અસ્તિત્વ

હોવાપણે એવડું જ છે કે ભવિષ્યમાં એની સિદ્ધપર્યાય પ્રગટ થાય. એવા જીવના અસ્તિત્વની વાત અહીં લીધી છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** જીવ જ કહેવો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ખરેખર તો એને જીવ જ કહેવો, એમ ભાઈ કહે છે, લ્યો! આહા..હા..! અસ્તિકાયને સિદ્ધ કરીને...

સંસારપર્યાય રહે એ જીવ નહિ. ખરેખર તો જીવ જેનું સ્વરૂપ જ આનંદ અને જ્ઞાયકભાવ છે. અનંતા પરમાત્મસ્વરૂપ જેમાં, ભગવાન ધ્રુવ સ્વરૂપમાં પડ્યા છે એવો મહાપ્રભુ તેને ખરેખર જીવ કહેવો. એ જીવને રંગની રાગ-દ્વેષની પર્યાય નાશ થઈ અને અનંત... અનંત... અનંત... અનંત... અનંત ગુણા કાળ સુધી તેની સિદ્ધ પર્યાય રહેવાની. 'ચીમનભાઈ!' સમજાણું કાંઈ ? નિર્ધનપણું ઘણો કાળ રહ્યું હોય અને વર્તમાન નિર્ધનપણું દેખતો હોય પણ એને પુણ્યને લઈને ભવિષ્યમાં લક્ષ્મીવાળો થઈશ અને ઘણો કાળ રહેશે એવી એને પ્રતીત આવતી નથી.

**શ્રોતા :–** ગરીબ માણસો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને એમ થઈ જાય કે આપણે ગરીબ છીએ... આપણે ગરીબ છીએ. આપણે તો ગરીબ માણસ છીએ, ભાઈ! એમ કહે. પણ ગરીબ નથી. રાજા થવાની લાયકાત તારામાં છે. કહો, સમજાણું કાંઈ ? હું રાજા થઈશ. રાજા કેમ ન થઈ શકાય ? વળી એક જણો એમ કહેતો હતો. પૈસાની કોઈ વાત ચાલે તો કહે એ તો પુણ્યને લઈને મળે તો રાજા પણ થઈ શકાય. પણ શું છે તારે ?

**શ્રોતા :–** રાજા થાવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રાજા થાવું છે તારે ? વાણિયા છો ને રાજા થાવું છે ? આવા ને આવા. વિકારમાં એવા મશગુલ... મશગુલ... જુવાની ફાટેલી, રૂપાળા શરીર, પૈસા પેદા થતા હોય, પુંજી ઘરમાં હોય, શરીર નિરોગી હોય, રખડવાની બુદ્ધિ કાંઈક ઉઘડેલી હોય. રખડવાની બુદ્ધિ આમ.. આમ.. આમ.. ઓહો..હો..! પણ શું છે આ ? રાજા પણ થઈ શકીએ. પણ શેની વાત ચાલે છે ? આ તું શું બોલે છે ? અહીં તો કહે છે કે પૈસા પુણ્યને લઈને મળે એમાં આત્મા કાંઈ કરી શકે નહિ. એમ સિદ્ધ કરતા કહે, રાજા આત્મા થઈ શકે. પણ પુણ્યનો નાશ કરી અને પવિત્રતા પ્રગટ કરે એવી કેમ તને શ્રદ્ધા બેસતી નથી ? આત્મા રાજા થઈ શકે છે, સિદ્ધરાજા. સમજાણું કાંઈ ? આહા..હા..! ભારે વાત પણ, હોં! 'પંચાસ્તિકાય'ના શ્લોકમાં આવું અસ્તિકાય સિદ્ધ કર્યું છે. જીવનું હોવાપણું, જીવનું હોવાપણું એટલું છે, એવડું છે એને માને એણે જીવ માન્યો. પર્યાયવાળો એકલો વિકારી... વિકારી.. વિકારી.. માન્યો એણે જીવ માન્યો જ નથી. આહા..હા..! એનું અસ્તિત્વ માન્યું. આખો અસ્તિત્વ ત્રિકાળી. આખા અનંત ગુણ અને અનંત શાંતિનો સાગર એવો આત્માને માન્યો નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! આચાર્યોની, દિગંબર સંતોની કથની.. એ તો કેવળજ્ઞાનના કેડાયતો

છે. સમજાય છે કાંઈ ? એ કેડાયત છે. એય...! 'માણેકલાલ'! કોઈક કહેતું'તું ને કે આ 'માણેકલાલ' આવશે ભવિષ્યમાં. ઓલો છે ને પારસી ? પુણ્ય દેખી. આ તો એક વાત છે. આ બેય લડે છે માટે ઓલો આવશે. ઓલો પુણ્ય લઈને અનુમાન કરી નાખે છે. પણ પવિત્રતાને લઈને એમ અનુમાન નથી કરતો. અહીં આવડે છે ને. આગમજ્ઞાન, અનુમાન, ક્ષયોપશમ ... કે ભવિષ્યમાં સિદ્ધ થવાનો, થવાનો ને થવાનો. કારણ કે મારી સત્તાનો-દ્રવ્યનો સ્વીકાર થયો છે એમાં સિદ્ધપદ પડ્યું જ છે. એમાં સંસારપદ અને સંસારપર્યાય છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! જુઓ! એ દૃષ્ટિનો વિષય! સમજાણું કાંઈ ?

કહે છે કે જીવદ્રવ્ય એને માન્યું કહેવાય કે જેને સંસારપર્યાય જે વિકારી છે તે અલ્પકાળ રહેશે અને અત્યાર સુધી રહી ભલે અને એકાદ-બે ભવ હોય પણ એ એટલું જ છે. પછીનો મારો કાળ વસ્તુ સિદ્ધસ્વરૂપી ભગવાનઆત્મા પૂર્ણાનંદ છે એટલે એવી સત્તાનો સ્વીકાર કરનારો, એને ભવિષ્યમાં સિદ્ધપદની પ્રાપ્તિ થયા વિના રહેશે નહિ. એવાને અહીં જીવદ્રવ્ય કીધો છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આમાં એમ નથી આવ્યું કે ભાઈ! આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરે તો આને સિદ્ધપદ થાય. એય..!

**શ્રોતા** :– એમ જ થાય ને...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ક્યાં આવ્યું ?

આગમ તો એણે કીધેલું જ્ઞાન જાણે એમ કહે છે. આગમનું જ્ઞાન કીધું, જુઓ! શું છે ? છે ? **'भावादाप्तागमसम्यगनुमानातीन्द्रियज्ञानपरिच्छिन्नात्सिद्धत्वमिति ।'** એમાંથી તને નક્કી થઈ જશે.

**શ્રોતા** :– પહેલાંને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પહેલાંને. આપ્ત કહ્યું. આપ્તનું જ્ઞાન કીધું ને ? એનું જ્ઞાન કર્યું કોણે ? એય..! સર્વજ્ઞનું જ્ઞાન કર્યું કોણે ? પોતે કર્યું છે. આ જીવ સર્વજ્ઞ થઈ શકશે... આ જીવ સર્વજ્ઞ થઈ શકશે. કેમ ?–કે આત્મામાં સર્વજ્ઞપણું પડ્યું છે. સમજાણું કાંઈ ? આ જીવ સર્વજ્ઞ થશે એવી એને પ્રતીત અંતરના જ્ઞાનથી આવે છે. ત્યારે એણે જીવદ્રવ્યનો સ્વીકાર કર્યો કહેવાય. આમ બધાનો સ્વીકાર કરે પણ જીવદ્રવ્યનો સ્વીકાર ન કરે ત્યાં સુધી એને સમ્યગ્જ્ઞાન અને ભવિષ્યમાં સિદ્ધપદની પર્યાયની પ્રાપ્તિની નિઃશંકતા થાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'આ વાંસનો ખુલ્લો ભાગ રંગબેરંગી જોઈને અવિચારી જીવ 'જ્યાં જ્યાં વાસ હોય ત્યાં ત્યાં રંગબેરંગીપણું હોય' એવી વ્યાપ્તિ (-નિયમ, અવિનાભાવસંબંધ) કલ્પી લે છે...'** આહા..હા..! ભારે વાત કરી. **'આવા ખોટા વ્યાપ્તિજ્ઞાન દ્વારા એવું અનુમાન તારવે છે કે 'નીચેથી છેક ઉપર સુધી આખો વાંસ રંગબેરંગી છે.'...'** આવો જ રહેશે. પર્યાયદૃષ્ટિવાળો પર્યાયને જ ભાળે છે. રાગ-દ્વેષવાળી અવસ્થાના અંશને ભાળનારો એ અવસ્થા આવી ને આવી સદાય રહેશે એને દ્રવ્યદૃષ્ટિમાં–સત્તામાં મહા ભગવાન બિરાજે છે (તેનો સ્વીકાર કરતો નથી). આત્મામાં અનંતા સિદ્ધ બિરાજે છે. અત્યારે,

હોં! આહા..હા..! સમજાણું કાંઈ ? અનંતા કેવળીઓ, અનંતા સિદ્ધો, અનંતા આચાર્યો, સંત, મુનિ, આત્મજ્ઞાનની દશાવાળા એ બધા આત્મામાં અંદરમાં બિરાજે છે, કહે છે. એય..! સમજાણું કાંઈ ? ભરોસો કોણ કરે ? કહે છે. પર્યાયદૃષ્ટિ છોડીને દ્રવ્યની (દૃષ્ટિ) કરે તે. સમજાણું કાંઈ ? એની દૃષ્ટિ નિમિત્ત, વિકલ્પ અને એક સમયની અવસ્થાની દૃષ્ટિ છૂટી જાય એમ કહે છે. આહા..હા..! અહીં એવો જીવ લીધો છે, બીજી વાત જ અહીં લીધી નથી. આહા..હા..! એય 'જેઠાલાલભાઈ'! જુઓને! એવો જીવ કેમ ન લીધો કે સદાય રહેશે જ એવો. એનું અસ્તિત્વ જ એવડું નથી એમ અહીં તો સિદ્ધ કરે છે. એય..! ભગવાનઆત્માનું–દ્રવ્યનું અસ્તિત્વ જ એવડું નથી કે જે ત્રિકાળ મલિનરૂપે રહે. એમ સિદ્ધ કરે છે. આહા..હા..! અસ્તિકાય છે ને ?

ભગવાનઆત્મામાં અસંખ્યપ્રદેશ, એમાં અનંતા શુદ્ધ આનંદકંદ સિદ્ધ પરમાત્મા બિરાજે છે. એવું એનું અસ્તિત્વ, દ્રવ્યનું અસ્તિત્વ વસ્તુનું હોવાપણું એવડું મોટું છે. એવડા મોટાના અસ્તિત્વનો સ્વીકાર કરે એને અલ્પકાળમાં સિદ્ધપદની પર્યાય અનંતકાળ રહે એવી પ્રગટ થાય, એમ કહે છે. પણ જેને સંસારની પર્યાય ઉપર રાગ ને નિમિત્ત ને વિકલ્પ ઉપર દૃષ્ટિ છે અને આવો ને આવો હું રહીશ ને એને લઈને મને લાભ થશે ત્યારે દ્રવ્યથી લાભ થશે એવી દ્રવ્યની દૃષ્ટિ એની છે નહિ. એમ કહે છે. ભારે વાત, ભાઈ! એય..! 'વજુભાઈ'! આખો... આહા..હા..! ભારે વાત, ભાઈ! ગજબ કરે છે. આચાર્યો, સંતો, દિગંબર મુનિઓ કેવળજ્ઞાનીના કેડાયત પાકા, એમ. સમજાય છે કાંઈ ? એવી વાત બીજે ક્યાંય હોઈ શકે નહિ.

આ અસ્તિકાયનું સત્તાનું સિદ્ધ કરતાં પણ આવો અસ્તિકાયવાળો જીવ એને સિદ્ધ કર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ઓલો સંસારી પર્યાયવાળો તો વ્યવહારજીવ છે. એ નિશ્ચયજીવ છે જ નહિ. આહા..હા..! અરે..! કેવળજ્ઞાનનો પર્યાય જે છે કે સિદ્ધનો પર્યાય (છે) એ પણ વ્યવહારજીવ છે. સમજાણું કાંઈ ? એ નિશ્ચયજીવ નહિ. એય..! 'કનુભાઈ'! આહા..હા..! ગજબ વાત છે તારી ! સંસારની આ વિકારી પર્યાય જે છે એ તો તદ્દન અશુદ્ધ સંસારી જીવનો ભાવ (છે) પણ સિદ્ધની પર્યાય છે એ પર્યાય પણ વ્યવહારજીવ છે એ. અંશ છે ને ? સિદ્ધ એ અંશ છે. ભલે કેવળજ્ઞાન પૂર્ણ પ્રગટ્યું પણ એ અંશ છે, એ વ્યવહારજીવ છે. અહીં તો નિશ્ચયજીવ-અસ્તિત્વ આવો છે. આહા..હા..! સમજાણું કાંઈ ? જેને પર્યાય ઉપર દૃષ્ટિ છે એને તો વિકારી રહીશ અને વિકારી (જ છું) અથવા જેને એ પુણ્ય-પાપના વિકલ્પો અને અજ્ઞાનભાવ છે એ રીતે રહીશ. એનો અર્થ એ થયો કે એનાથી મને લાભ થશે એટલે એને છૂટશે નહિ. એ વિકલ્પ છે કે નિમિત્ત છે એનાથી લાભ થશે એટલે એને છૂટશે નહિ. એટલે જીવદ્રવ્યનું અસ્તિત્વ જે મહાપ્રભુ છે એના અસ્તિત્વનો એને સ્વીકાર થશે નહિ. આહા..હા..! 'કનુભાઈ'! આવી વાત છે. કહો, 'કપુરભાઈ'! સમજાણું આ ? જીવનું હોવાપણું પરમાત્મા, સંતો સિદ્ધ કરે છે. આહા..હા..! જીવાસ્તિકાય. દાખલો, હોં! ઉદાહરણ. દાખલો આપીને બધા છએ દ્રવ્યનું ધ્રુવપણું કાયમ રહેશે અને પર્યાય ક્ષણે ક્ષણે બદલે છે. એ બધી પર્યાયો ધ્રુવમાંથી

આવે છે. સમજાણું કાંઈ ?

કહે છે, **'જ્યાં જ્યાં વાંસ હોય ત્યાં રંગબેરંગીપણું હોય'** એવું અજ્ઞાની કલ્પી લે છે કે આવો રંગવાળો જ આ વાંસ હોય. **'આવા ખોટા વ્યાપ્તિજ્ઞાન દ્વારા...'** વ્યાપ્તિ એટલે એવો નિયમ કરીને **'એવું અનુમાન તારવે છે કે...'** જુઓ! અનુમાન આવ્યું પાછું. **'કે 'નીચેથી છેક ઉપર સુધી આખો વાંસ રંગબેરંગી છે.'...'** ઓહોહો..! **'આ અનુમાન મિથ્યા છે;...'** એ અનુમાન એનું સાચું નથી. **'કારણ કે ખરેખર તો આ વાંસનો ઉપરનો ભાગ રંગબેરંગીપણાના અભાવવાળો છે,...'** ઉપરનો ભાગ ખુલ્લો છે. આ તો બહુ થોડો છે. સંસારનો કાળ છે એ તો બહુ અનંતમા ભાગે છે અને સિદ્ધપદની પર્યાયનો કાળ તો અનંતા... અનંતા... અનંતા... અનંતાગુણો છે. એ અનંતા... અનંતા... અનંતા... ગુણોનો પર્યાયનો પિંડ જે આત્મા છે એકલો પરમાત્મા પૂર્ણ છે. સમજાણું કાંઈ ? આ તો ભાઈ શાંતિથી અંદર મનન કરીને બેસાડવા જેવી વાત છે. ઈ કાંઈ કોઈ ધારી લે વાત (એવી વાત નથી).

આવું સત્ત્વ, વસ્તુનું તત્ત્વ ભગવાન પરમેશ્વર તીર્થંકર કેવળજ્ઞાનીએ આવો જીવ કહ્યો છે. આવો જીવ કહ્યો છે કે જેને વિકારની અવસ્થા લાંબે કાળે ગઈ અને થોડી દેખાય છે. છતાં એ પર્યાયદષ્ટિવાળાને એવું દેખાય છે કે આવું ને આવું રહેશે. તો એને આખો આત્મા અસ્તિત્વ છે એનો સ્વીકાર છે નહિ. સમજાણું કાંઈ ? સમ્યગ્જ્ઞાન દ્વારા, આગમજ્ઞાન દ્વારા કે અનુમાન સમ્યગ્જ્ઞાન દ્વારા. જુઓ! અનુમાનને પણ સમ્યક્ લાગુ પાડ્યું છે. છે ને ? સમ્યક્ છે ને ? અનુમાન પણ સમ્યક્ છે બરાબર. આ સ્વભાવ, અંશે જે સમ્યક્ નિર્મળ અંશ પ્રગટ્યો એ બધો નિર્મળાનંદ પૂર્ણાનંદ છે એમ અનુમાન કરીને... વેદનનો અંશ પ્રત્યક્ષ છે અને આવો ને આવો બધા ભગવાનઆત્મા આખો ધ્રુવ એવો જ નિર્મળનો પિંડ છે એમ અનુમાન કરી નિર્વિકલ્પ વેદન દ્વારા આત્મા ભવિષ્યમાં સિદ્ધપદની ઢંકાયેલી પર્યાય છે તે ખુલ્લી થઈ જશે એવું એણે સમ્યગ્જ્ઞાનમાં જોયું એને આત્મા માન્યો કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? 'કાંતિભાઈ'! જુઓ! આ પર્યાય દષ્ટિ ઊડી ગઈ. ઊડી ગઈ ? એ તો ન સમજાય ત્યાં સુધી એ પ્રકાર.. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો એવો કોઈ માર્ગ છે. એ કોઈ ભણતર કરી જાય, વાંચી જાય. અગિયાર અંગ અને નવ પૂર્વ ભણી ગયો અને વાતું કરતાં આવડી માટે સમજ્યો છે, એમ છે નહિ. આહા..હા..! ભારે વાત કહે છે.

છએ દ્રવ્યની... ભગવાને છ દ્રવ્ય દેખ્યા, એનું ઉત્પાદ-વ્યય સહિત ધ્રુવપણું, સમય-સમયમાં ત્રણ અવસ્થાઓ-ત્રણ પ્રકાર છે. એ ઉત્પાદ થવા છતાં તે દ્રવ્યનો ઉત્પાત્ થતો નથી, વ્યય થવા છતાં દ્રવ્યનો નાશ થતો નથી, છતાં દ્રવ્ય અન્વયરૂપે ઉત્પાદ-વ્યયમાં કાયમ રહે છે. એ સિદ્ધ કરવા આ જીવનો દાખલો આપ્યો છે. આહા..હા..!

**'કારણ કે ખરેખર તો આ વાંસનો ઉપરનો ભાગ રંગબેરંગીપણાના અભાવવાળો છે,...'** ખુલ્લો છે. ખુલ્લો એટલે ચિત્ર વિનાનો છે. **'અરંગી છે. વાંસના દષ્ટાંતની માફક–કોઈ એક ભવ્ય જીવ છે;...'** જુઓ! **'કોઈ એક ભવ્ય જીવ...'** **'ભવ્ય જીવ છે; તેનો નીચેનો કેટલોક ભાગ (અર્થાત્ અનાદિ**

**કાળથી વર્તમાન કાળ સુધીનો અને અમુખ ભવિષ્ય કાળ સુધીનો ભાગ)...'** જુઓ! કારણ કે પંચમકાળનો જીવ છે ને ? ભાઈ! એ વાત લીધી છે અહીં. આહા..હા..! એય..! અરે..! પણ આચાર્યની ગજબ વાત છે. સમજાય છે ? આ પંચમકાળના આચાર્ય 'કુંદકુંદાચાર્ય' જેવા હોય તોપણ તેને આ ભવે કેવળ થઈ શકે એવું છે નહિ. આહા..હા..! સમજાણું ? એને હજી ભવિષ્યમાં એકાદ-બે ભવ છે. એક દેવનો અને એક મનુષ્યનો. મુનિ છે, સમકિતી છે, જ્ઞાની છે એટલે મરીને સ્વર્ગમાં જાય અને ત્યાંથી મનુષ્ય થઈને કેવળજ્ઞાન પામીને મોક્ષ જશે. ક્યારે ? ભૂતકાળનો ભાગ વિકારવાળો જોઈ, અત્યારનો ભાગ વિકારવાળો જોઈ, આ વિકાર સદાય રહેશે, એમ જે માને છે એને તત્ત્વની દૃષ્ટિની ખબર નથી. એ સંસારી છે અમુક કાળ સુધી. એક-બે ભવ સંસારી રહેશે. 'કુંદકુંદાચાર્ય' જેવા મહામુનિ, જેને છઠ્ઠું-સાતમું ગુણસ્થાન હજારો વાર એક ક્ષણમાં આવે, હજારો વાર. જેની દશા નગ્ન હોય, જે જંગલમાં રહે એને ભાવલિંગપણું હોય. સમજાણું કાંઈ ? કોઈ ગૃહસ્થાશ્રમમાં રહીને એમ કહે કે મને ભાવલિંગીપણું છે તો એમ ત્રણ કાળમાં હોઈ શકે નહિ.

એટલે અહીં કહે છે કે આચાર્ય જેવા, 'કુંદકુંદાચાર્ય' જેવા કહે છે કે વિકારનો અમુક કાળ તો ગયો, અમુક ભવિષ્યકાળ સુધીનો સંસાર છે અને બાકીનો ઉપરનો અનંત ભાગ સિદ્ધરૂપ છે. આહા..હા..! એ તો અર્થમાં કર્યું છે એવું લખ્યું છે, ભાઈ! ટીકામાં છે એ જ ભાવાર્થ લીધો છે. બહુ સાદી ભાષામાં સમજાવ્યું છે. શબ્દ આગમ વડે જ્ઞાનની પ્રતીતિ કરીને અર્થને સમજાવે છે. પદાર્થને સમજાવે છે. એમ આવ્યું હતું ને પહેલું ? આતમપદાર્થ. એક તારો ભગવાનઆત્મા એવો છે કે જેણે એવા મહાપ્રભુના અસ્તિત્વની સ્વસન્મુખ થઈને વિકલ્પ અને નિમિત્તની ઉપસ્થિતિ હોવા છતાં તેની ઉપેક્ષા કરીને અપેક્ષા કરીને રહે ત્યાં સુધી તો વિકારી પર્યાય રહેશે. ઉપેક્ષા કરીને જીવદ્રવ્ય આવું છે એવો જે અંતરમાં નિર્વિકલ્પ નિર્ણય થયો, કહે છે કે એની ભવિષ્યની સિદ્ધપર્યાયનો બધો ભાગ ખુલ્લો ખુલ્લો પ્રગટ છે. **'સંસારી ભાગમાંનો...'** સમજાય છે ? **'આ જીવના સંસારી ભાગમાંનો કેટલોક ભાગ ખુલ્લો (પ્રગટ) છે...'** આહા..હા..! સમજાણું કાંઈ ? ભગવાનઆત્મા પરિપૂર્ણ દ્રવ્ય છે એવી જેને પ્રતીત અને અંતર સ્વીકાર થયો એને થોડો કાળ હજી ભલે એક-બે ભવ હો, પણ એને અંતરમાં તો એ જ નક્કી થઈ ગયું કે આ જીવને હવે ભવિષ્યમાં અનંતી સિદ્ધપર્યાય અનંતકાળ રહેશે તે પ્રગટ કરશે. એવો જ હું આત્મા છું. સંસારપર્યાય રહે એવો હું આત્મા નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ ? આ તો 'પંચાસ્તિકાય'નો અર્થ ચાલે છે.

**શ્રોતા :–** 'પંચાસ્તિકાય'માં આવું હોય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આવું છે ? 'શ્રીમદ્દે' 'પંચાસ્તિકાય'ના અર્થ કર્યા છે. અને એમણે 'કુંદકુંદાચાર્ય'ને સદ્ગુરુ સ્વીકાર્યા છે. 'શ્રી સત્ ૐ સદ્ગુરાય નમઃ' એમ કરીને પછી અર્થ કર્યો છે. સમજાણું કાંઈ ? પોતે 'કુંદકુંદાચાર્ય' આમ કહે છે. આહા..હા..!

**'આ જીવના સંસારી ભાગમાંનો કેટલોક ભાગ ખુલ્લો (પ્રગટ) છે અને બાકીનો બધો સંસારી**

**ભાગ અને આખોય સિદ્ધરૂપ ભાગ ઢંકાયેલો (અપ્રગટ) છે.**' સમજાણું કે નહિ આમાં ? શું કીધું એમાં ?

**શ્રોતા :–** બાકીનો છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એટલે શું ? હળવે હળવે બોલો નહિતર એ ગોટવાશે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હજી બરાબર ન આવ્યું. ઢંકાયેલો અનાદિનો છે અને અત્યારે ખુલ્લો થોડોક અત્યારે પણ ઢંકાયેલો છે. પણ ઓલું ગયા કાળનું ન આવ્યું. વર્તમાન અને ભવિષ્ય બે જ કીધું. અહીં તો વિકાર વર્તમાન છે એવો અનાદિનો હતો. પણ એ ઢંકાયેલો છે, દેખાતો નથી. ગયો ખરો ને ? અને વર્તમાન પ્રગટ છે તે દેખાય છે, ખુલ્લો ભાગ છે કે વિકાર છે અને ભવિષ્યની સિદ્ધ પર્યાય થશે અને ત્યાં સુધી બે ભવ છે એ પણ હજી ખુલ્લો છે. ખ્યાલમાં આવ્યો છે ને કે હજી એક-બે ભવ કરવાના છે. એમાં આ અવિકારી પર્યાયના ભવિષ્યકાળમાં થોડોક છે એમાં મને ભવિષ્યકાળની પર્યાયનો સિદ્ધ પર્યાય તદ્દન ખુલ્લો છે એ દ્રવ્યદૃષ્ટિ કરી એટલે આટલો ભવ રહેશે, પછી સિદ્ધ થઈશ એમ અંદર નક્કી થઈ ગયું. સમજાણું કાંઈ ? આ તો બહુ ધ્યાન રાખીને પકડાય એવું છે. અહીં કાંઈ ડહાપણ કામ આવે એવું નથી.

**શ્રોતા :–** .. ડહાપણ કામ આવે એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ નહિ, ઓલું ડહાપણ આ સંસારનું શું કહેવાય એને ?

**શ્રોતા :–** તળાટી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** તળાટી. એ .. ભાઈ કામ કરે જટ દઈને. કહો, સમજાણું આમાં ? આહા..હા..!

આત્મા છે. જુઓને! આત્મા તે એને આત્મા કહ્યો અહીં તો. આહા..હા..! ગજબ વાત કરી છે. જે સંસારની પર્યાયવાળો અને વિકારવાળો, રાગવાળો... રાગવાળો... રાગવાળો... એવો જોયો અને જાણ્યો ને એમનેમ રહેશે એને જીવ જ કહેતા નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

બીજી રીતે કહીએ તો જેની બહિર્મુખની દૃષ્ટિ વિકાર ને વિકલ્પ ને નિમિત્ત ઉપર છે અને એવી ને એવી દૃષ્ટિએ મને લાભ થશે એમ માનનાર દ્રવ્ય ઉપર જવાનો છે નહિ. એના જીવદ્રવ્યનું અસ્તિત્વ આવડું મોટું, એના (-વિકાર અને વિકલ્પ) વિનાનું છે એવું એણે માન્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? 'છોટાભાઈ'! ભારે વાત, ભાઈ! ઓહોહો..! આ ૨૦મી ગાથા.

**'બાકીનો બધો સંસારી ભાગ અને આખોય સિદ્ધરૂપ ભાગ ઢંકાયેલો (અપ્રગટ) છે.'** જુઓ! ઢંકાયેલો કીધો ને ? વર્તમાન થોડો વિકાર છે એટલો ખુલ્લો છે. આમ ગયો એ ઢંકાયેલો છે અને ભવિષ્યનો ઢંકાયેલો છે. આવરણવાળો ઢંકાયેલો છે અને નિરાવરણ પણ ઢંકાયેલો છે. આવરણવાળો થોડો છે. એ ખુલ્લા ઉપર જેની એકલી દૃષ્ટિ છે એ તો આમેય આવો છે અને આમેય આવો છે એમ માને છે. પણ એવી પર્યાયબુદ્ધિ નથી પણ દ્રવ્યના અસ્તિત્વ ઉપર બુદ્ધિ છે એને આ ખુલ્લો રાગનો દેખાય

ભાગ એ અલ્પકાળ રહેશે અને પછી રહેશે નહિ (એમ જોવે છે). આહા..હા..! ગજબ વાત છે. જુઓ! એમાં છે, હોં! પાછો એમાં ભાવ છે. પંડિતજીને તો પુછાય નહિ કાંઈ. પંડિત તો હોશિયાર કહેવાય. એ તો છે. હા પાડે. પણ એના ભાઈને પૂછીએ, એ કાંઈ એના જેવા પંડિત નથી. આહા..હા..!

ભગવાન ! ભગવાન એમ કહે છે, ઓહોહો..! તારો ધ્રુવસ્વભાવ, ધ્રુવ જે કાયમ હોય એ. અંશ છે એ તો વ્યવહાર છે, કહે છે. અંશ જીવ જે વિકારી કે અવિકારી હોય એ તો અંશ છે, એ તો વ્યવહાર છે. નિશ્ચયજીવ જેને કહીએ ધ્રુવસ્વરૂપ એમાં ઉત્પાદ-વ્યય જ નથી, સંસારનો ઉત્પાદ-વ્યય નથી અને સિદ્ધનો પણ ઉત્પાદ-વ્યય જેમાં નથી. એવો જે ભગવાન ધ્રુવ તેના હોવાપણાનો જેને સ્વીકાર છે એને અલ્પકાળમાં મારી ખુલ્લી દશા પ્રગટ થઈ જશે. આ જે ઢંકાયેલી છે એ ખુલ્લી થઈ જશે. ખુલ્લીવાળો જ હું છું. ન પ્રગટ થાય એવો હું છું નહિ. આહા..હા..! 'કનુભાઈ'! લોજિકથી વાત ચાલે છે કે નહિ ? કે કચડબચડની છે આ ?

ભગવાન! એક સમયની પર્યાયવાળો ભાળતા પર્યાયબુદ્ધિને છોડાવીને દ્રવ્યબુદ્ધિ કરીને આવું માન, એમ કહે છે મૂળ તો. વાત તો આમ કહે છે. સમજાણું કાંઈ ? જેની પર્યાયબુદ્ધિ છે, અંશબુદ્ધિ છે એ અંશબુદ્ધિવાળો દ્રવ્યને સ્વીકારશે જ નહિ. આવો ભગવાન મહાપ્રભુ છે, અનંતા... અનંતા... અનંતા... આનંદકંદનો નાથ અનંતા પરમાત્મા જેના ગર્ભમાં પડ્યા છે. આ એક જીવની અંદરમાં અનંતા પરમાત્મા પેટમાં પડ્યા છે. કારણ કે પરમાત્મા એક સમયની અવસ્થા છે અને એવી પરમાત્માની અનંતી અવસ્થા એમનેમ થવાની. એ બધી અવસ્થાઓનો સાગર ભગવાન આ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એવો આત્માનો જેને હોવાપણાનો સ્વીકાર થયો, એને ભવિષ્યની અલ્પકાળમાં પર્યાય નિર્મળ થઈને સદ્ધપદની પ્રાપ્તિ થવાની.

**'આ જીવનો ખુલ્લો (પ્રગટ) ભાગ સંસારી જોઈને અજ્ઞાની જીવ 'જ્યાં જ્યાં જીવ હોય ત્યાં ત્યાં સંસારીપણું હોય'...'** જુઓ ! દેખો ! આહા..હા..! જ્યાં જ્યાં જીવ હોય ત્યાં વિકાર હોય. જ્યાં જ્યાં જીવ હોય ત્યાં વિકાર હોય. જ્યાં જ્યાં જીવ હોય ત્યાં વિકાર હોય એ વાત જ ખોટી છે. સમજાણું કાંઈ ? કહો, સમજાય છે કે નહિ ? એય..! આ તો તમારી લોજિકથી વાત ચાલે છે. કાયદાનું તમારે ભણે છે ને. એ શૈલીથી વાત ચાલે છે. જ્યાં જ્યાં જીવ ત્યાં ત્યાં સંસાર. ખોટી વાત છે કહે છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાય છે ? જ્યાં જ્યાં જીવ ત્યાં ત્યાં સંસાર, જ્યાં જ્યાં જીવ ત્યાં રાગ, જ્યાં જ્યાં જીવ ત્યાં શુભરાગ–ખોટી વાત છે. તને ખબર નથી, જીવની ખબર નથી. સમજાણું કાંઈ ? લ્યો! આવું સ્પષ્ટ આમાં અત્યારે પહેલુંવહેલું આવે છે, હોં! આવે ત્યારે આવે ને. એય..! આ ગાથાનું આવું સ્પષ્ટ પહેલાં કોઈ દિ' નથી કર્યું.

**''જ્યાં જ્યાં જીવ હોય ત્યાં ત્યાં સંસારીપણું હોય''** આહા..હા..! જ્યાં જ્યાં જીવ હોય ત્યાં ત્યાં વિકારપણું હોય. અરે..! આ શું કરે છે ? સમજાણું કાંઈ ? જ્યાં જ્યાં જીવ હોય ત્યાં ત્યાં રાગ હોય, જ્યાં જ્યાં જીવ હોય ત્યાં રાગ હોય. અરે..! આ જીવ નહિ. સાંભળને. શું કરે છે

તું આ ? જીવ તો વીતરાગસ્વભાવથી ભરેલો ભગવાન છે. જ્યાં જ્યાં જીવ હોય ત્યાં ત્યાં વીતરાગતા હોય. ભગવાનઆત્મા જ્યાં જ્યાં જીવદ્રવ્ય છે ત્યાં તે એકલો વીતરાગ ને આનંદ ને પૂર્ણસ્વભાવથી વીતરાગભાવ ભર્યો છે. જ્યાં જ્યાં જીવ હોય ત્યાં ત્યાં વીતરાગભાવ હોય. જ્યાં જ્યાં જીવ હોય ત્યાં રાગભાવ હોય, એમ નહિ. એય..! 'ચેતનજી'! આ ભારે લીધું છે, હોં! આહા..હા..! ભારે વાત, ભાઈ! 'કુંદકુંદાચાર્ય'ના શાસ્ત્રો ઘણા ગંભીર.. ઘણા ગંભીર. ઘણા ગંભીર... ઘણા ઊંડા. પર્યાયદૃષ્ટિને ફેરવી દ્રવ્યદૃષ્ટિ કરવાની રીત પણ કોઈ જુદી જાતની છે. આહા..હા..! અરે..! એમ તું કહે કે જ્યાં જ્યાં આત્મા ત્યાં ત્યાં કર્મનો સંયોગ, એ તો વાત ક્યાંય રહી ગઈ, એની વાત તો બીજી. આ તો એની ને એની વાત છે એમાં. દ્રવ્ય ને પર્યાય.. દ્રવ્ય ને પર્યાય... બસ, એ વાત લીધી.

**શ્રોતા :–** કર્મની...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કર્મની વાત આમાં લીધી જ નથી. કર્મ સંયોગ-ફંયોગની અહીં વાત જ નથી. રાગ થાય છે તો એના પોતાથી થાય છે. એની પર્યાયનો ધર્મ છે. અને રાગ છે ત્યાં જીવ છે, તો જીવ છે ત્યાં રાગ છે એવું ન હોઈ શકે. સમજાણું કાંઈ ? જીવ છે ત્યાં કર્મનો સંયોગ છે એ તો વાત જ નથી. પણ રાગનો વિકલ્પ જે છે એટલે જ્યાં જ્યાં રાગ ત્યાં ત્યાં જીવ અથવા જીવ જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં રાગ (એમ નથી). આહા..હા..! ભારે વાત, ભાઈ! આમાં જ આવે છે ને ઓલું, નહિ ? છેલ્લે ૧૭૦ ગાથામાં. ૧૭૦ ગાથામાં. નવ તત્ત્વની. ૧૭૦. ૧૭૦ ગાથા.

કહે છે કે '**સંયમતપસંયુક્ત હોવા છતાં, નવ પદાર્થો...**' ૧૭૦ ગાથા. જુઓ ! એ કથન શૈલી. જુઓ! વીતરાગમાર્ગની પદ્ધતિ. ૧૭૦. આમાં પાનું ૨૪૯. આ '**નવ પદાર્થો તથા તીર્થંકર પ્રત્યે જેની બુદ્ધિનું જોડાણ વર્તે છે અને સૂત્રો પ્રત્યે જેને રુચિ (પ્રીતિ) વર્તે,...**' આગમ પ્રત્યે પણ રુચિ વર્તે '**તે જીવને નિર્વાણ દૂરતર (વિશેષ દૂર) છે.**' આહા..હા..! છે ? સમજાણું કાંઈ ? કારણ કે વિકલ્પ રાગ છે. નવ તત્ત્વની શ્રદ્ધા એ પણ રાગ, આ તીર્થંકર પ્રત્યેની શ્રદ્ધા, તીર્થંકર આવા છે એવી શ્રદ્ધા પણ રાગ છે. પરદ્રવ્ય છે ને ? સમજાણું કાંઈ ? બે (વાત) અને એ બુદ્ધિનું '**अभिगतबुद्धेः**' ત્યાં રાગમાં જોડાણ છે. '**सूत्ररोचिनः**' આગમની રુચિ વર્તે છે. પરમાગમ ભગવાનના શાસ્ત્રો પરદ્રવ્ય છે, એની શ્રદ્ધા ને રુચિ વર્તે તે રાગ છે, ત્યાં સુધી જીવને નિર્વાણ દૂરતર છે. કહો, સમજાણું કાંઈ ?

વીતરાગનો માર્ગ વીતરાગભાવથી શરૂ થાય છે. જીવ જ વીતરાગભાવસ્વરૂપ છે. ભગવાન ત્રિકાળ વીતરાગ પિંડ છે. એમાં રાગનો અંશ વિકલ્પમાત્ર વસ્તુમાં નથી. દેવ-ગુરુ-શાસ્ત્રને માનવું, દેવ-ગુરુની ભક્તિનો વિનય-વિકલ્પ બધો રાગ છે, એ આત્મામાં છે જ નહિ. સમજાણું કાંઈ ? ભારે કામ. ઉંધી માન્યતા કેમ કરે છે એ ખુલ્લું કરે છે અને સાચી માન્યતા કેવી હોય એને પણ ખુલ્લું કરે છે. પહેલેથી જ છે. ગજબ વાત. એવી શૈલી સંતોની છે. વસ્તુસ્થિતિ એવી છે. સમજાણું કાંઈ ?

કહે છે કે એવું જે અનુમાન કરે '**આવા ખોટા વ્યાપ્તિજ્ઞાન દ્વારા એવું અનુમાન તારવે છે કે 'અનાદિ-અનંત આખો જીવ સંસારી છે.'**' એ ભલે એમ માને કદાચ શાસ્ત્ર સાંભળીને. સમજાય

છે ને ?–કે ભાઈ! આપણે રાગ ટાળીને સિદ્ધ થઈશું, સમજ્યાને ? પણ છતાં અહીંયાં રાગવાળો જીવ છે અને રાગ ઉપર દૃષ્ટિ છે ત્યાં સુધી રાગ ટાળીને મોક્ષ જઈશું એવી દૃષ્ટિ એને હોઈ શકે જ નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ ? જેને ભગવાનની ત્રિલોકનાથ તીર્થંકરની ભક્તિ અને શ્રદ્ધા એવો રાગ છે, એ પણ રાગ છે, વિકલ્પ છે, વિકાર છે, દુઃખ છે, ઝેર છે. એની ઉપર દૃષ્ટિ છે કે આ મને લાભ કરશે, ત્યાં સુધી એને આત્માની શ્રદ્ધા છે નહિ. આત્મા રાગ વિનાનો વીતરાગ છે તેની શ્રદ્ધાની એને ખબર નથી. વીતરાગશ્રદ્ધાનો, વીતરાગભાવનો અનાદર કરે છે. રાગભાવનો આદર કરે છે. આદર કરનારો રાગવાળો જ રહેશે. સમજાય છે ? એ પર્યાયબુદ્ધિ છે, એમ કહે છે.

**''અનાદિ-અનંત આખો જીવ સંસારી છે.' આ અનુમાન મિથ્યા છે; કારણ કે આ જીવનો ઉપરનો ભાગ (–અમુક ભવિષ્ય કાળ પછીનો બાકીનો અનંત ભાગ) સંસારીપણાના અભાવવાળો છે,...'** આહા..હા..! કહો, કોને ? ભવ્ય જીવને. ભવ્ય જીવે જીવદ્રવ્યનો સ્વીકાર કર્યો છે એને આમ છે. એને જીવ કહીએ. અને એવા જીવની પૂર્ણ વસ્તુ ભગવાન છે એની સન્મુખ થઈને જીવને શ્રદ્ધ્યો છે એને ભવિષ્યનો કાળ બધો ખુલ્લો સિદ્ધપદની પર્યાયવાળો છે, દેખાય છે. મારો ભવિષ્યકાળ બધો સિદ્ધનો જ છે. એય..! સમજાણું કાંઈ ? આવું ...

'શ્રીમદ્દે' ન કહ્યું ? 'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે. તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ'.

**શ્રોતા :–** ખુલ્લો છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ખુલ્લો અંદર બેસી ગયો છે. ભવિષ્યકાળમાં સિદ્ધ થવાના, થવાના ને થવાના. ત્રણ કાળમાં ફરે નહિ. એકાદ દેહ બાકી લાગે છે. રાગ છે આવો. 'અશેષ કર્મનો ભોગ છે.' કર્મ શબ્દે જડ નહિ, રાગભાવ છે. 'ભોગવવો અવશેષ રે...' હજી બાકી થોડો આમ દેખાય છે. આમ ગયો કાળ તો હતો પણ આમ દેખાય છે. સમજાય છે ? 'તેથી દેહ એક ધારીને...' એકાદ દેહ છે. પછી તો અમારી દશા સિદ્ધપદની છે. સમજાણું કાંઈ ? એય..! 'ચીમનભાઈ'! કોલકરાર વાત છે. આહા..હા..!

પ્રશ્ન ઘણા વખતથી થયો હતો. (સંવત) ૧૯૭૭ની સાલમાં. ૭૭ની સાલનો પ્રશ્ન છે. 'દેવીદાસભાઈ' હતા ને 'પોરબંદરવાળા' ? અને એક હતા 'મુળીવાળા' હતા. 'ભવાનજી'. નહિ ? કચ્છી. બહુ શાસ્ત્રના જાણકાર. ૭૭ની સાલમાં. અમારી પાસે આવ્યા. પછી આ પ્રશ્ન મૂક્યો હતો. 'શ્રીમદ્' આવું કહે ? છદ્મસ્થ થઈને એક ભવ ધારીને મોક્ષે જશું એવો નિર્ણય કરે ? બહુ ચર્ચા ચાલી હતી. ૧૯૭૭મા. શું છે કીધું ? કીધું, ભગવતીમાં મતિ-શ્રુતનો વિષય સાંભળ્યો છે ? મતિશ્રુત બધું જાણે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, ત્રણ કાળ, ત્રણ લોકને મતિ-શ્રુત જાણે એવું સામર્થ્ય છે, ભલે પરોક્ષ છે. સમજાણું ? મતિ-શ્રુતમાં બધો નિર્ણય થાય. એ જ કહે છે, જુઓને! આગમથી ...

એક ભવ છે ને પછી સિદ્ધ છે ચોક્કસ ત્રણ કાળમાં ફરે નહિ. એ જ્ઞાન જે અંદર કબુલીને

આવ્યું છે એ... સમજાણું કાંઈ ? 'દેવીદાસ' અહીંની ટીકા બહુ કરતા. વસ્તુસ્થિતિની ખબર ન મળે અને બહારથી આમ થાય, છદ્મસ્થ છે, અલ્પજ્ઞાની છે. અલ્પજ્ઞાની નથી, અહીં તો સર્વજ્ઞ આત્મા છે. અહીં જોને. એવા જીવને જ જીવ લીધો છે. સર્વજ્ઞસ્વભાવી જ આત્મા છું, એવો જીવ એને જીવ કહીએ. એવી જેને પ્રતીત બેઠી છે એ અલ્પકાળમાં સર્વજ્ઞ થયા વિના રહેવાનો નથી. એ અલ્પજ્ઞ નહિ રહે, એમ ચોક્કસ છે. 'ચીમનભાઈ'! આહા..હા..! શું થાય ? ત્યારે કેટલાક વળી આ ભવમાં મોક્ષ ઠરાવી દે છે. એક ભવ હતો ને ? એ તો દૂધ પીને ભવ પૂરો કર્યો. એ મહાસિદ્ધાંતનો વિરોધ છે. આખા જૈનદર્શનના તત્ત્વનો વિરોધ છે. સમજાણું કાંઈ ? એય..! હમણા આવ્યું છે, નહિ તમારું ? 'રામજીભાઈ'નું આવ્યું છે. 'રામજીભાઈ'ના ગામનું. ત્યાં 'રામજી' આવું વાંચે તોપણ હજી ગામમાં આવું ચાલે છે કે 'શ્રીમદ્' ભાવલિંગી સાધુ હતા. અરે..! રહેવા દે. મારી નાખીશ. આખું જૈનદર્શન ઊંધુ પડશે. ભાવલિંગી સાધુ ગૃહસ્થાશ્રમમાં હોય નહિ, કુટુંબમાં હોય નહિ, બાયડી પાસે હોય નહિ. ભાવલિંગી સાધુ કોને કહેવા એની તને ખબર નથી.

**શ્રોતા** :– ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એનું નહિ. અહીં તો આ ભવમાં છે એમ કીધું. હમણા અમારા ઉપર કાગળ આવ્યો હતો ને. ભાઈ છે ને કેવા તમારા ? 'લખુભાઈ'. 'લક્ષ્મીચંદ ડાહ્યાભાઈ'. એક દેવ આવ્યો હતો અને કહી ગયો છે કે એ તો અનુત્તર વિમાનમાં છે. ઓલો હમ્પીવાળો કહે કે વળી અહીં કેવળજ્ઞાન છે. બધે ગપેગપ છે.

**શ્રોતા** :– મહાવિદેહમાં છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– મહાવિદેહમાં છે. આહા..હા..! અરે..! કાંઈ ખબર ન મળે. કેટલું ઊંધુ કરીએ છીએ, કેટલું ઊંધુ માનીએ (છીએ એની ખબર નથી). આખા જૈન શાસનની ખબર ન મળે.

અહીં તો આચાર્ય પોતે કહે છે કે અમારે પણ હજી રાગાદિ ભાગ છે પણ અમને નક્કી છે કે અમે તો આત્મા છીએ એવો અનુભવ થયો છે. માટે અમારી ભવિષ્યની બધી સિદ્ધપર્યાય ખુલ્લી થઈ જવાની છે. જે શક્તિરૂપે છે તે (વ્યક્તિરૂપે થઈ જશે). એમાં ભગવાનને પૂછવા જાવું પડે એવું નથી. આહા..હા..! ભગવાનને પૂછે તો ખબર પડે. અરે..! તારો ભગવાન અહીં બેઠો છે, અહીં પૂછને. સમજાણું કાંઈ ? આહા..હા...!

'**(–અમુક ભવિષ્ય કાળ પછીનો બાકીનો અનંતભાગ) સંસારીપણાના અભાવવાળો છે, સિદ્ધરૂપ છે–એમ સર્વજ્ઞપ્રણીત...**' જુઓ ! પાઠમાં છે. આપ્ત કીધું છે ને ? આપ્તને અહીં સર્વજ્ઞ કીધું. આપ્તના '**આગમના જ્ઞાનથી,...**' ભગવાને કહેલા જ્ઞાનથી અને '**સમ્યક્ અનુમાનજ્ઞાનથી અને અતીન્દ્રિય જ્ઞાનથી સ્પષ્ટ જણાય છે.**' આહા..હા..! સમજાણું ? સર્વજ્ઞ પ્રણીત આગમજ્ઞાનમાં પણ એ કહ્યું છે કે જીવ આવો હોય એમ જેને બેઠું એને સર્વજ્ઞજ્ઞાનમાં, આગમમાં એમ આવી જાય છે કે ભવિષ્યકાળની મારી સિદ્ધ પર્યાય ચોક્કસ થવાની છે. એકાદ-બે ભવ હો, હો. સંસાર-રાગાદિ. પછી

રહેવાનું નથી. કહો, સમજાણું આમાં ? **'આગમના જ્ઞાનથી, સમ્યક્ અનુમાનજ્ઞાનથી...'** પાછું સમ્યક્ અનુમાનજ્ઞાન સાચું. અટકળમાં .... એમ નહિ. **'અતીન્દ્રિય જ્ઞાનથી...'** સ્વસંવેદનથી. જુઓ ! પ્રત્યક્ષ લીધો ઓલો. પૂર્ણ દ્રવ્ય છે પણ એવું અનુમાન કરવામાં પ્રત્યક્ષ અનુમાન સ્વસંવેદનનું થયું. દ્રવ્યદૃષ્ટિ થતાં રાગથી ભિન્ન પડી જ્ઞાનાનંદ શુદ્ધ છું, એમ પોતાને થયું એ દ્વારા આખું અનુમાન કરીને ભવિષ્યમાં સિદ્ધપદ થવાનું છે. સમજાણું કાંઈ ? આહા..હા..! કેવો માર્ગ છે, જુઓને! આવો વીતરાગમાર્ગ છે. લ્યો!

**'આમ અનેક પ્રકારે નક્કી થાય છે કે જીવ સંસારપર્યાય નષ્ટ કરી સિદ્ધ પર્યાયે પરિણમે ત્યાં સર્વથા અસત્‌નો ઉત્પાદ થતો નથી.'** સિદ્ધપદ નવું થયું એમ નથી. સત્‌પણે અંદર ભગવાનઆત્મામાં પડ્યું હતું. સત્ હતો તે સત્‌પણે સદ્‌ભાવ સત્‌ની ઉત્પત્તિ છે. સમજાણું કાંઈ ? આવે છે ને ? ... છે એની ઉત્પત્તિ સદ્‌ભાવ ઉત્પત્તિ, ન હોય અને પર્યાયમાં થાય એ અસદ્‌ભાવ ઉત્પત્તિ. બે આવે છે. કહો, એ ૨૦ ગાથા થઈ. ૨૧મી.

**एवं भावमभावं भावाभावं अभावभावं च।**
**गुणपज्जयेहिं सहिदो संसरमाणो कुणदि जीवो।।२१।।**

**ગુણપર્યયે સંયુક્ત જીવ સંસરણ કરતો એ રીતે**
**ઉદ્‌ભવ, વિલય, વળી ભાવ-વિલય, અભાવ-ઉદ્‌ભવને કરે. ૨૧**

**'ટીકા :– આ જીવને ઉત્પાદ, વ્યય, સત્-વિનાશ અને અસત્-ઉત્પાદનું કર્તાપણું હોવાની સિદ્ધિરૂપ ઉપસંહાર છે.'** ખુબી શું કહે છે ? જુઓ ! ઉત્પાદનો કર્તા, નવી પર્યાયનો કે જૂની પર્યાય જે વિકારી કે અવિકારી એની ઉત્પાદનો કર્તા આત્મા છે. ભાઈ! આહા..હા..! સમ્યગ્દર્શનની પર્યાયનો ઉત્પત્તિનો કર્તા આત્મા છે, રાગની ઉત્પત્તિનો કરનાર આત્મા છે, સિદ્ધની પર્યાય ઉત્પન્ન કરનાર આત્મા છે. આહા..હા..! અને વ્યય. સંસારપર્યાયના વ્યયનો કર્તા આત્મા છે, મિથ્યાત્વના નાશનો કર્તા આત્મા છે. સમજાણું કાંઈ ? ઓહોહો..! એક એક સમયનો ઉત્પાદ-વ્યયનો કર્તા જીવ છે એમ સિદ્ધ કર્યું. જુઓ ! પરની સાથે, કર્મની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..!

**'સત્-વિનાશ અને અસત્-ઉત્પાદનું કર્તાપણું હોવાની સિદ્ધિરૂપ ઉપસંહાર છે.'** સત્‌નો વિનાશ એટલે પર્યાયનો. અસત્‌નો ઉત્પાદ, એનું કર્તાપણું. એનો કર્તા જીવ છે એમ કહે છે. રાગાદિ ભાવનો કર્તા અને એના અભાવનો કર્તા. એમ સમ્યગ્દર્શનપર્યાયનો કર્તા અને એ સમ્યગ્દર્શનપર્યાયનો અભાવ થઈને બીજે સમયે સમ્યગ્દર્શન પર્યાય થાય એનો કર્તા જીવ છે. કર્મને લઈને અંદર મિથ્યાત્વ થાય છે અને મિથ્યાત્વ કર્મનો અભાવ થયો માટે દર્શનમોહનો નાશ થાય છે, એમ નથી. આહા..હા..! એમ એની ધર્મની પર્યાય અને અધર્મની પર્યાય, કુગુરુ મળ્યા માટે અધર્મની પર્યાય ઉત્પન્ન થઈ, સુગુરુ મળ્યા માટે ધર્મની પર્યાય ઉત્પન્ન થઈ એમ છે નહિ. એના વ્યય અને ઉત્પાદનો કર્તા આત્મા છે એમ સિદ્ધ કરશે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## શ્રી કળશટીકા, કળશ-૨૫૬, પ્રવચન નં. ૨૫૩, તા. ૧૮-૧૨-૧૯૬૫ [૩]

'સ્યાદ્વાદ અધિકાર' 'સમયસાર-કળશ' ચાલે છે. જુઓ! દસમો, દસમો છે ને ? ફરીને જુઓ! શું કહે છે ? ભાવાર્થ. આમાં આ કહેવું છે એ થોડું પહેલાં કહે છે. ઉપોદ્‌ઘાત કરે છે. **'કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ...'** જેની દૃષ્ટિ વિપરીત છે એવો જીવ. વિપરીત છે એવો જીવ. **'એવો છે કે જે વસ્તુને પર્યાયમાત્ર માને છે,...'** આત્મા ભગવાન ત્રિકાળ દ્રવ્યસ્વરૂપ છે અને વર્તમાન પર્યાય દ્રવ્યના લક્ષે, દ્રવ્યથી થાય છે એમ નહિ માનતા એ દ્રવ્ય એટલે આત્મા, તેની પર્યાય (તેને) નિમિત્ત જે અવલંબન છે તેનાથી મારી પર્યાય ઉત્પન્ન થાય છે (એમ માને છે). સમજાણું કાંઈ ? કહો, એમાં શું મિથ્યાત્વ આવ્યું ?

**'વસ્તુને પર્યાયમાત્ર માને છે, દ્રવ્યરૂપ નથી માનતો;...'** તેનો અર્થ કરશે. પર્યાયના બે અર્થ કરશે. બાહ્ય વસ્તુ છે ને છેલ્લે ? ભાઈ! બાહ્ય વસ્તુ. **'સમસ્ત જ્ઞેય અથવા જ્ઞેયાકાર પરિણમેલા જ્ઞાનપર્યાયના...'** એને બાહ્ય વસ્તુ કીધી છે. બાહ્ય વસ્તુની વ્યાખ્યા બે કરી છે. શું કહે છે ? સમજાય છે ? આ તો જરીક ઝીણી વાત છે. એમાં વળી હિન્દી. ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્ય(માં) ભાગમાં પૂર્ણ અનંત ગુણ સંપન્ન પદાર્થ છે. તેમાં જ્ઞાનગુણ પણ ત્રિકાળ ગુણ છે. એ જ્ઞાનગુણની વર્તમાન પર્યાય જે અવસ્થા થાય છે એ અજ્ઞાની માને છે કે એ અવસ્થા જેટલો આત્મા છે. એક વાત. સમજાણું કાંઈ ? અથવા એ અવસ્થા વર્તમાન જે જ્ઞાનની અવસ્થા થાય છે તેનું નિમિત્ત અવલંબન પર છે. શું (કહ્યું) ? વર્તમાન જે જ્ઞાનની પર્યાય થાય છે તેમાં પરપદાર્થ અવલંબન, નિમિત્ત છે. તો નિમિત્તની પર્યાય પલટે છે તો મારી પર્યાય પણ તેને કારણે પલટી ગઈ, મારી અવસ્થા મારામાં રહી નહિ. આ ઝીણી વાત છે. 'પ્રભુદાસભાઈ'! સમજાણું ?

વસ્તુ એટલે ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણાનંદ પૂર્ણ વસ્તુ છે અને એક સમયમાં તેની જ્ઞાનની અવસ્થા છે પણ એ અવસ્થાને માને છે... અર્થાત્ એ અવસ્થા જે સામે જ્ઞેયની અવસ્થા છે, જાણવાલાયક પદાર્થની જે વર્તમાન અવસ્થા છે એ અવસ્થા વર્તમાન જ્ઞાન અવસ્થામાં અવલંબન છે. અવલંબન અર્થાત્ નિમિત્ત (છે). ભાઈ! 'અવલંબન' શબ્દ છે ને ? એ..ઇ..! અવલંબનનો અર્થ નિમિત્ત કર્યો છે ને તમે ? ક્યાં ? નથી કર્યો ? અવલંબીને એટલે નિમિત્ત થાય છે. એ તો એમ જ છે ને. એ અવલંબન અહીં વળી હમણાં છેલ્લે યાદ આવ્યું. મેં કીધું, પેલું અવલંબન કીધું છે.

એમ કરીને યાદ આવ્યું, હમણાં ન્યાં પાટ ઉપર યાદ આવ્યું. શું કહે છે ? સૂક્ષ્મ વાત છે.

આ વસ્તુ આત્મા એક સમયમાં પૂર્ણ દ્રવ્ય છે અને તેની એક સમયની પર્યાય છે. એ અનંત ગુણની જે એક સમયની પર્યાય છે તેમાં અહીં જ્ઞાન–પ્રધાનતાથી વાત લીધી છે. જ્ઞાનની જે વર્તમાન પર્યાય છે તે સ્વયંના દ્રવ્યના લક્ષે અને દ્રવ્યને આશ્રયે ઉત્પન્ન થઈ છે એમ અજ્ઞાની માનતો નથી. તેનું લક્ષ દ્રવ્ય ઉપર નથી. વર્તમાન જ્ઞાનની અવસ્થા નિમિત્તની જેવી અવસ્થા છે તેવું અવલંબન જ્ઞાનમાં થયું તો એ નિમિત્ત-અવસ્થાથી મારી પર્યાય ઉત્પન્ન થઈ એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ ?

જુઓ! સામે આ અક્ષર છે કે નહિ ? જ્ઞાનની પર્યાયમાં તે અવલંબન નિમિત્ત છે. અક્ષર જેમ પલટે છે, અક્ષર ઉપર નજર જાય છે, ફેરફાર (દેખાય છે), એ જ્ઞેય લક્ષમાં પલટે છે એમ પર્યાય પણ પલટે છે. અજ્ઞાનીનું લક્ષ જ્ઞાનની પર્યાયમાં અવલંબનરૂપ પરપદાર્થ નિમિત્ત–પરની વર્તમાન અવસ્થા ઉપર તેનું લક્ષ છે. એ પરપદાર્થ જે અવલંબન(ભૂત) છે તેનાથી મારી પર્યાય ઉત્પન્ન થઈ એમ અજ્ઞાની (કે જેને) સ્વદ્રવ્યનું લક્ષ નથી, ત્રિકાળ દ્રવ્ય જ વર્તમાન પર્યાયરૂપે પરિણમે છે તેમ નહિ માનતા નિમિત્તના અવલંબને પરિણમે છે તો નિમિત્ત જ્યારે પલટે છે તો તે સમયે હું પણ તેના કારણે પલટી ગયો. હું દ્રવ્યને કારણે પલટ્યો એમ અજ્ઞાની માનતો નથી. સમજાણું કાંઈ ? જુઓ! એ આવશે, હોં! અહીં તો એનો ઉપોદ્‌ઘાત કરે છે.

**'વસ્તુને પર્યાયમાત્ર માને છે, દ્રવ્યરૂપ નથી માનતો;...'** હું વસ્તુ જ્ઞાયક ત્રિકાળ છું એમ નથી માનતો. જો એમ માને તો તેની વર્તમાન પર્યાય દ્રવ્યથી વર્તમાન થાય છે અને બીજે સમયે પલટે છે તોપણ દ્રવ્યથી પલટીને બીજે સમયે પલટીને બીજી થાય છે. એમ અજ્ઞાની નહિ માનતા એ વર્તમાન પર્યાયમાં વર્તમાન સામું નિમિત્ત દેખીને તેનાથી મારી પર્યાય ઉત્પન્ન થઈ છે (એમ માને છે). અહીંયાંથી ઉત્પન્ન નથી થઈ, ત્યાંથી ઉત્પન્ન થઈ છે. નિમિત્તથી ઉત્પન્ન થઈ છે એની અત્યારે મોટી તકરાર છે. અને નિમિત્તની અવસ્થા પલટતા હું પણ તેને કારણે (પલટી ગયો), લક્ષ ત્યાં હતું ને ? તો એ પલટતા મારી પર્યાય તેને કારણે પલટી ગઈ, મારો અભાવ થઈ ગયો, મારો અભાવ થઈ ગયો. હું દ્રવ્યરૂપ ત્રિકાળ છું તો મારી અવસ્થા મારે કારણે પલટી છે. બીજે સમયે પણ નિમિત્તને કારણે નહિ પરંતુ મારો પરિણમન સ્વભાવ છે તો દ્રવ્યને લક્ષે મારી પર્યાય વર્તમાન પરિણમે છે એમ અજ્ઞાની માનતો નથી. 'જુગરાજજી'! આહા..હા..! આમાં ધર્મ-અધર્મ કાંઈ બહારથી થતો નથી.

પોતાની ચીજ જે અનંત ગુણની ચીજ–પિંડ છે તેની વર્તમાન પર્યાય–અવસ્થા, વસ્તુ સામે જે નિમિત્ત, જેવું જેવડું છે તેવું અવલંબન–નિમિત્ત જ્ઞાનની પર્યાયમાં આવ્યું. એ નિમિત્ત છે તો જ્ઞાનની પર્યાય થઈ એમ નથી. પણ જેનું નિમિત્ત ઉપર જ લક્ષ છે, સ્વદ્રવ્ય ઉપર લક્ષ નથી, તો નિમિત્ત ઉપર લક્ષ છે તો નિમિત્ત જ્યાં પલટે છે તો પોતાની અવસ્થા પણ પલટે છે, તો નિમિત્ત જ્યાં પલટ્યું તો તેને કારણે મારી અવસ્થા પણ પલટી ગઈ, તેને કારણે પલટી ગઈ. જ્ઞાનસ્વભાવથી હું પલટવાવાળો છું એવી દૃષ્ટિ અજ્ઞાનીની નથી. સમજાય છે કાંઈ ? ભાઈ! વાત તો જે છે ઇ આવે.

જાડું કેટલું કરવું એમાં ?

ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ ધ્રુવ, એની વર્તમાન જ્ઞાનની અવસ્થા–હાલતમાં સામે જે ચીજ છે, એની અવસ્થા–વર્તમાન અવસ્થા તેનું નિમિત્ત, સામી ચીજની વર્તમાન અવસ્થા નિમિત્ત (છે). હવે એ અવસ્થા જ્યાં પલટી, આમ (પદાર્થ ઉપર) લક્ષ છે, આ આમ પલટ્યું ત્યાં જ્ઞાન પણ પલટ્યું, જ્ઞાન પલટ્યું ને ? તો અજ્ઞાનીનું લક્ષ ત્યાં જ છે કે આ અવસ્થા પલટી માટે તેને કારણે મારી દશા પલટી ગઈ. મારી જ્ઞાન અવસ્થા મારી છે એમ રહ્યું નહિ. તેને કારણે થઈ હતી અને તે પલટતા મારી અવસ્થા ચાલી ગઈ. સમજાણું કાંઈ ? તેનું નામ અધર્મદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? સ્વકાળે અસ્તિથી પરકાળે અસ્તિ માનનારની વાત પહેલી કરે છે. ભંગ તો સ્વકાળે અસ્તિ(નો છે). આત્મા પોતાની નિજ કાળે પોતાની અવસ્થાથી છે એમ સિદ્ધ કરવું છે. તે પહેલાં અજ્ઞાની પરની અવસ્થાથી પોતાની અવસ્થા માને છે તેનું દૂષણ દેખાડે છે. કહો, સમજાણું કાંઈ ?

કહે છે કે ભગવાનઆત્મા પોતાની વસ્તુને પર્યાયમાત્ર માને છે. એક સમયમાત્ર માને છે અથવા એ પર્યાયમાં જે જ્ઞેયનું નિમિત્ત છે તે જ્ઞેયાકારરૂપ મારું પરિણમન તેને કારણે થયું એમ માને છે. સમજાણું કાંઈ ? ભાઈ! આ તો વીતરાગનો અનેકાંત માર્ગ છે. ઘણો સૂક્ષ્મ માર્ગ છે. પર્યાયનું પરિણમન દ્રવ્યના લક્ષે અથવા દ્રવ્યથી થાય છે. દ્રવ્યથી વર્તમાન પર્યાય થાય છે. નિમિત્તરૂપ અવલંબનથી થતી નથી. નિમિત્તથી પર્યાય થાય છે એમ માનનારો પોતાની પર્યાયનું અસ્તિત્વ દ્રવ્યને કારણે છે એમ માનતો નથી. નિમિત્તના અવલંબને તે પર્યાય થઈ. અવલંબન પલટાતા મારી પર્યાય ગઈ, તેને કારણે ગઈ (એમ માને છે). મારું અંશી તત્ત્વ છે તેના પરિણમનથી પલટો થયો, નવી અવસ્થા થઈ એમ અજ્ઞાની માનતો નથી. સમજાણું કાંઈ ? ભારે ઝીણી વાતું, ભાઈ!

શા કારણથી ? **'જ્ઞેયવસ્તુના...'** –જણાવાયોગ્ય વસ્તુના. જણાવાયોગ્ય વસ્તુ જે છે ને ? જાણવાલાયક. **'અતીત-અનાગત-વર્તમાનકાળ સંબંધી...'** જે પદાર્થ જાણવાલાયક છે, જ્ઞાનમાં જાણવાલાયક છે તેની ગયા કાળની પર્યાય, વર્તમાન અવસ્થા (અને) ભવિષ્ય(ની અવસ્થા થાય) એ **'અવસ્થાભેદ છે,...'** વસ્તુના જ્ઞેયના અવસ્થાભેદ છે. ભૂત-વર્તમાન અને ભવિષ્ય. આ જ્ઞાનમાં જાણવાલાયક પદાર્થના ત્રણ કાળના અવસ્થાભેદ છે. ભૂતકાળ–ગયા કાળની અવસ્થા, વર્તમાન અવસ્થા અને ભવિષ્ય. એમ **'જ્ઞેયવસ્તુના અતીત-અનાગત-વર્તમાનકાળ સંબંધી અનેક અવસ્થાભેદ છે. તેમને જાણતાં...'** દેખો! જાણવાલાયક જે પદાર્થ (તેની) ભૂતકાળની અવસ્થા એટલે ગયા કાળની અવસ્થા, વર્તમાન અને ભવિષ્ય. **'તેમને જાણતાં જ્ઞાનના પર્યાયરૂપ અનેક અવસ્થાભેદ થાય છે,...'** પોતાની જ્ઞાનદશામાં જેટલી વર્તમાન સામે નિમિત્ત–અવલંબન ભૂત-વર્તમાન-ભવિષ્યની પર્યાય છે તેને જાણતી વખતે પોતાના તેટલા જાણવાની પર્યાયના ભેદ પોતાથી થાય છે.

**'તેમાં જ્ઞેયસંબંધી પહેલો અવસ્થાભેદ વિનશે છે,...'** પોતાની જ્ઞાન અવસ્થામાં જ્ઞેય સંબંધી જાણવામાં આવ્યું કે આ ભગવાન 'સીમંધર' પ્રભુ છે. એમ લક્ષમાં આવ્યું. આપણે ઠેઠ લઈએ ને!

સમજાણું કાંઈ ? ભગવાનના મસ્તક ઉપર નજર–જ્ઞાનની પર્યાય છે. સાંભળો! જ્ઞાનની પર્યાયમાં એમના મસ્તક ઉપર લક્ષ છે, તો એ મસ્તક જ્ઞાનની પર્યાયમાં અવલંબન થયું. સમજાણું કાંઈ ? એ લક્ષ જ્યાં છૂટ્યું અને જ્યાં નીચે નજર ગઈ તો નીચેનું બીજું જ્ઞાન થયું. સમજાણું કાંઈ ? ત્યાં પણ બીજું નિમિત્ત થયું. (પહેલાં) મસ્તક હતું. એ નિમિત્ત બીજું થયું તો અવલંબનમાં બીજું નિમિત્ત થયું તો જ્ઞાનની પર્યાય પણ બીજી થઈ. અજ્ઞાનીને એમ ભાસે છે કે તેને કારણે થઈ હતી તે પલટી ગયું તો મારી પર્યાય ચાલી ગઈ. સમજાણું કાંઈ ? ઓહો..! ભારે! ભગવાનને જોવાથી જ્ઞાનની પર્યાય થતી નથી એમ કહેવું છે. આ કોની વાત ચાલે છે ?

જૈનશાસન સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર સર્વજ્ઞદેવ સો ઇન્દ્રની મધ્યમાં સભાને વિષે ભગવાન દિવ્યધ્વનિ દ્વારા આમ કહેતા હતા. એમ 'કુંદકુંદાચાર્ય' મહારાજ બે હજાર વર્ષ પહેલાં અહીંયાં ભરતક્ષેત્રમાં થયા. દિગંબર સંત મહામુનિ ભગવાન પાસે ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. દિગંબર સંત. ત્યાં જઈને આવ્યા અને આવીને આ 'સમયસાર' બનાવ્યું છે. ભગવાન આમ કહે છે એમ અમે જાણીએ છીએ, એમ અમે માનીએ છીએ અને એમ અમે કહીએ છીએ. સમજાણું કાંઈ ?

**'જ્ઞેયસંબંધી પહેલો અવસ્થાભેદ વિનશે છે,...'** પહેલાં 'સીમંધર' ભગવાનનું લક્ષ આવ્યું, બીજું લક્ષ 'પદ્મપ્રભુ'નું આવ્યું. એમ લ્યો. ત્રીજું લક્ષ 'શાંતિનાથ' ભગવાનનું આવ્યું. ત્રણ ભગવાન છે ને ? **'જ્ઞેયસંબંધી પહેલો અવસ્થાભેદ વિનશે છે, તે અવસ્થાભેદ વિનશતાં તેની આકૃતિરૂપે પરિણમેલા જ્ઞાનપર્યાય...'** જ્ઞાનપર્યાયમાં જે આકૃતિ (થઈ). જે પ્રકારનું નિમિત્ત તે પ્રકારનું જ્ઞાન પોતાનું પોતાથી થયું છે. નિમિત્તની અવસ્થા પલટી, લક્ષ ત્યાં ગયું તો આ જ્ઞાનની પર્યાયનો અવસ્થાભેદ પણ વિનશે છે. **'તેના–અવસ્થાભેદનો–વિનાશ થતાં એકાન્તવાદી મૂળથી જ્ઞાનવસ્તુનો વિનાશ માને છે,...'** અરે..! મારી પર્યાય આને આશ્રયે હતી તે આશ્રય ગયો તો મારી પર્યાય પણ ચાલી ગઈ. મારો આશ્રય જ્ઞાન હતું–ત્રિકાળ જ્ઞાન હતું તેના આશ્રયે પર્યાય હતી તો તેને આશ્રયે પલટી અને તેને આશ્રયે (નવી પર્યાય) આવી, એમ અજ્ઞાની માનતો નથી. સમજાણું કાંઈ ? ઓ..હો..! જુઓ! આ મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિના આટલા લક્ષણભેદ છે.

**'મૂળથી જ્ઞાનવસ્તુનો વિનાશ માને છે,...'** ભગવાનઆત્મા પોતાની જ્ઞાન અવસ્થામાં જ્ઞેય જે પ્રકારનું અવલંબન ભૂતકાળની અવસ્થા લક્ષમાં આવી, તે ચાલી ગઈ. વર્તમાન અવસ્થા લક્ષમાં આવી તે ચાલી ગઈ. વળી ત્રીજી આવે. તો જેવી અવસ્થા લક્ષમાં આવે છે તેમ જ્ઞાન પણ પલટે છે. અવસ્થા પલટતાં–પરની અવસ્થા પલટતાં મારી જ્ઞાનની અવસ્થા પણ તે પલટતાં પલટી ગઈ. કેમકે તે નિમિત્તથી થઈ છે એમ માન્યું હતું તો નિમિત્ત પલટતાં મારી પર્યાય પણ પલટી ગઈ. પણ મારો શુદ્ધ સ્વભાવ જ્ઞાયકમૂર્તિ છે તેને કારણે મારી પર્યાય મારે કારણે ઉત્પન્ન થઈ હતી, ભલે તેનું જ્ઞેયાકારરૂપે પરિણમન થયું અને બીજે સમયે પણ મારો જ્ઞાયક સ્વભાવ છે તેને કારણે મારી બીજી નવી પર્યાય ઉત્પન્ન

થઈ, જૂનીનો વ્યય થયો. એમ જેનું સ્વદ્રવ્ય ઉપર લક્ષ, રુચિ નથી, નિમિત્ત ઉપર લક્ષ, રુચિ, ધ્યેય છે તે નિમિત્ત પલટતાં પોતાની જ્ઞાનની પર્યાયનું સર્વસ્વ એટલું જ માનનારો જ્ઞાનની અવસ્થાનો નાશ થયો એમ માને છે. 'જમુભાઈ'! એક તો હિન્દી એ પણ વળી આવું. આમાં શું સમજવું ? આહા..!

લોકોને તત્ત્વનો અભ્યાસ (નથી), વસ્તુ શું છે અને કેમ છે તેની ખબર નથી. ધર્મ ક્યાંથી થાય છે ? ધર્મ બહારથી થાય છે ? પોતાનું શુદ્ધ સ્વરૂપ અંતર જ્ઞાયકમૂર્તિ છે તેના લક્ષે જે પર્યાય થાય છે તે પર્યાયનું નામ ધર્મપર્યાય કહેવામાં આવે છે. તેનું લક્ષ છોડી પર–નિમિત્તની પર્યાયના લક્ષે મારી પર્યાય ઉત્પન્ન થઈ, એવી માન્યતા તે અધર્મ પર્યાય–મિથ્યાત્વ પર્યાય છે. સમજાણું કાંઈ ?

**'તેના પ્રતિ સમાધાન આમ છે કે જ્ઞાનવસ્તુ અવસ્થાભેદથી વિનશે છે,...'** જ્ઞાન વસ્તુ તો ત્રિકાળ છે. એ અવસ્થાભેદ દ્વારા વિનશે છે પરંતુ **'દ્રવ્યરૂપે વિચારતાં પોતાની જાણપણારૂપ અવસ્થાથી શાશ્વત છે,...'** ભલે અવસ્થા દ્વારા પલટે છે પણ પોતાની ત્રિકાળ નિત્ય વસ્તુ રાખીને પલટે છે. પરવસ્તુ અનિત્ય પલટી માટે (પર્યાય) પલટી ગઈ એમ નથી. ઓ..હો..! દ્રવ્યરૂપે વિચારતાં **'ન ઊપજે છે, ન વિનશે છે–આવું સમાધાન સ્યાદ્વાદી કરે છે.'** અહીં તો હજી એટલો ઉપોદ્ઘાત કર્યો. ઉપોદ્ઘાત એટલે સમજ્યા ? આ શ્લોકમાં શું કહેવું છે તેનો ટૂંકામાં થોડો સાર કહ્યો. હવે તેનો શબ્દાર્થ કરીને તેનો ભાવાર્થ કહે છે. સમજાણું કાંઈ ?

**'पशुः सीदति एव'** પહેલો શબ્દ છે. ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર મુનિ સંત મુનિ ૯૦૦ વર્ષ પહેલાં થયા. બે હજાર વર્ષ પહેલાં 'કુંદકુંદાચાર્ય' મુનિ મહા સંત વર્તમાન પંચમકાળમાં તીર્થંકર જેવા થયા. ત્યારબાદ ૧૧૦૦ વર્ષ પછી અને આજથી લગભગ ૯૦૦ વર્ષ પહેલાં 'અમૃતચંદ્રાચાર્ય' મહા (સંત), 'કુંદકુંદાચાર્ય'ના ગણધર તુલ્ય, જેમ તીર્થંકરનું કાર્ય કરે એમ 'અમૃતચંદ્રાચાર્યે' 'કુંદકુંદાચાર્ય'ની ટીકા ગણધર જેવી કરી છે. તેમના શ્લોક છે. 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ દિગંબર સંતના કળશ છે. તેના અર્થ 'રાજમલજી' કરે છે. 'બનારસીદાસ' કહે છે, 'પાંડે રાજમલ જૈનધર્મી સમયસાર નાટક કે મર્મી.' 'બનારસીદાસ' થયા છે ને ? 'બનારસીદાસ' 'સમયસાર નાટક'ના કર્તા મહા અધ્યાત્મી હતા. પહેલાં મહાશૃંગારી હતા. આત્મશૃંગારમાં ઉતરી ગયા. એ કહે છે, 'પાંડે રાજમલ જૈનધર્મી, સમયસાર નાટક કે મર્મી'. ભગવાન શાસ્ત્રકાર જે 'સમયસાર' કહેવા માગે છે એના એ મર્મી હતા. એમણે આ શબ્દના અર્થ ભર્યા છે. સમજાણું કાંઈ ?

**'पशुः सीदति एव'** આ..હા..! અરે..! આચાર્ય કરુણાથી કહે છે, હોં! દિગંબર સંત છે, પંચ મહાવ્રતધારી છે, આનંદકંદમાં ઝુલનારા છે, અતીન્દ્રિય આનંદમાં રમનારા છે. મુનિ તો તેને કહે છે. અંતરમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ હોય. અંતરમગ્ન વિજ્ઞાનઘન. એમ કહ્યું ને ? આવ્યું ને ? ઓ..હો..! સર્વજ્ઞ પરમાત્માથી માંડી 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે. પર અને અપર. ભલે પાઠમાં એટલો જ શબ્દ છે ને ? પર-અપર. પરગુરુ અને અપરગુરુ. પ્રધાન–ગુરુ. પર એટલે પ્રધાન. વર્તમાન સિવાયના બધા. સર્વોત્કૃષ્ટ સર્વજ્ઞ પરમાત્માથી માંડી, ગણધર ગુરુથી માંડી અમારા ગુરુએ અમારી

ઉપર અનુગ્રહ–કૃપા કરી અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. એ ગુરુ, સર્વજ્ઞ જેમ વિજ્ઞાનઘનમાં અંતર્મગ્ન હતા, એમ અમારા ગુરુ પર્યંત બધા સંતો અંતર વિજ્ઞાનઘન આત્મામાં અંતર્મગ્ન હતા. વિકલ્પ અને વાણી તેમની નહિ એમ કહ્યું. સમજાણું કાંઈ ? એ સંતોએ અમારા ઉપર કૃપા કરીને અમને એ શુદ્ધાત્મામાં કે જ્યાં તેઓ રમે છે તે જ ઉપદેશ અમને આપ્યો. શુદ્ધ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ (છે) એમ દૃષ્ટિ કરી લીનતામાં રમતા હતા, એ જ વિકલ્પમાં, વાણીમાં એમ આવ્યું કે શુદ્ધાત્મા આવો છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? એ શુદ્ધાત્માનો ઉપદેશ આ શ્લોકમાં આવ્યો છે. જુઓ! શું (કહે છે) ?

જે અજ્ઞાની પોતાની પર્યાય નિર્મળ શુદ્ધ દ્રવ્યથી ઉત્પન્ન થઈ એમ માનતો નથી એ શુદ્ધાત્માને માનતો નથી. ભાઈ! ભગવાનઆત્મા જ્ઞાન શુદ્ધ ચૈતન્યનો પિંડ છે તેના લક્ષે જ્ઞાનની, શ્રદ્ધાની, શાંતિની પર્યાય પોતાના દ્રવ્યથી પોતાથી પરિણતિ થાય છે એવો શુદ્ધાત્માનો ઉપદેશ જેમાં શુદ્ધાત્માની પર્યાયનો ધર્મ પ્રગટ થયો છે એમ અજ્ઞાની માનતો નથી. જ્ઞાનીએ એમ કહ્યું પણ અજ્ઞાની માનતો નથી. અમારી પર્યાય તો શુદ્ધાત્મા કહે છે તેના આશ્રયે (પર્યાય) થઈ એમ નહિ. અમારી પર્યાય તો સામે લક્ષ જે નિમિત્ત છે તેવું જ જ્ઞાન બરાબર થાય છે. જેવું નિમિત્ત છે તેવું જ જ્ઞાન પર્યાયમાં થાય છે તો અમારી પર્યાય તો તેનાથી થઈ છે. 'નવનીતભાઈ'! બહુ ઝીણું. આહા..હા..!

ભગવાનની દિવ્યધ્વનિ એ પણ આત્માની જ્ઞાનપર્યાયમાં નિમિત્તરૂપ અવલંબન છે. અવલંબન કહો કે નિમિત્ત કહો, પણ એ ભાષા જેવી નીકળી એવી જ્ઞાનની પર્યાયમાં પોતાને કારણે પરિણમન થયું તો અજ્ઞાની એમ જાણે છે કે એ ભાષા જેવી પલટે છે એવી અમારી જ્ઞાનની અવસ્થા તે પલટતાં પલટી જાય છે, તેને કારણે પલટી જાય છે. અમારો જ્ઞાયક સ્વભાવ ભગવાનઆત્મા છે તેના પલટવાના સ્વભાવને કારણે પલટે છે એમ નહિ માનતા જેવું નિમિત્ત લક્ષમાં આવ્યું તે પલટતા મારી પર્યાય પલટી ગઈ. એમ અધર્મી મિથ્યાદૃષ્ટિ પોતાની પર્યાયમાં માને છે. તેને મિથ્યાત્વનો, અજ્ઞાનનો, અધર્મનો લાભ થાય છે. ભારે વાત, ભાઈ! આવું ઝીણું હશે ? 'જુગરાજજી'! આહા..હા..!

એક ફેરી કહ્યું હતું ને ? 'જ્ઞેય શક્તિ દુવિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી.' જ્ઞેયશક્તિ બે પ્રકારની છે. એક નિજરૂપ જ્ઞેય, પરરૂપ જ્ઞેય. 'સ્વ-પરપ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચનભેદ ભ્રમ ભારી, જ્ઞેયશક્તિ દુવિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી' એ જ્ઞેય નામ જ્ઞાનમાં જાણવાલાયક જ્ઞેય. પોતાનું દ્રવ્ય પણ જાણવાલાયક, ગુણ પણ જાણવાલાયક, પર્યાય જાણવાલાયક અને પર જાણવાલાયક. એમાં પર જાણવાલાયકની જેવી અવસ્થા થઈ, થાય છે અને થઈ ગઈ, એમ વર્તમાન જ્ઞાનપર્યાયમાં (જ્ઞેય પદાર્થની) પર્યાય પલટીને ભૂતકાળની થઈ ગઈ તો મારું જ્ઞાન પણ ચાલ્યું ગયું (એમ માને છે). વર્તમાનમાં જ્યાં બીજી પર્યાય લક્ષમાં આવી તો એવું જ્ઞાન થયું તો તેને કારણે મારી જ્ઞાનની અવસ્થા થઈ, શ્રદ્ધાની પર્યાય પણ એવી થઈ–એમ માનનારો પોતાના દ્રવ્યને માનતો નથી અને પોતાના દ્રવ્યનું પરિણમન પોતાથી થાય છે, સ્વકાળે પોતાથી થાય છે એમ માનતો નથી.

પરની નાસ્તિ છે છતાં પરની અવસ્થાના કાળથી મારી અવસ્થાનો કાળ છે એમ માનનારને અહીંયાં મિથ્યાદૃષ્ટિ કહે છે. ઓહોહો..! સમજાણું કાંઈ ?

નિમિત્ત–પરદ્રવ્ય કર્તા અને જ્ઞાનની પર્યાય તેનું કાર્ય. અરે..! ભગવાન! બહુ ફેરવી નાખ્યું, બહુ ફેરવ્યું. ભગવાનઆત્મા પોતાની જ્ઞાનની પર્યાયનો, પર્યાયના અંશનો પોતે કર્તા અને પોતાની એ પર્યાયનું કાર્ય પોતાની પર્યાયને કારણે–આધારે પ્રગટ થયું છે. દ્રવ્યનો આધાર એક કોર રાખો. સમજાણું કાંઈ ? એવી પોતાની સ્વકાળની પર્યાયમાં પોતે કર્તા, પોતાનું કાર્ય, પોતાથી, પોતાના આધારે ઉત્પન્ન થઈને પોતામાં રહ્યું છે. એમ અજ્ઞાની નહિ માનીને પરના કર્તાથી, પરના સાધનથી, પર કારણે મારી પર્યાય મારામાં ઉત્પન્ન થઈ એમ માનનારો પોતાની જ્ઞાનપર્યાયનું અસ્તિત્વ દ્રવ્યના લક્ષ વિના, પરના લક્ષે નાશ થયો એમ નાશ માને છે. સમજાણું કાંઈ ? આવું પણ શું ? જૈનધર્મનું આવું રૂપ હશે ? આ જાત્રા ને આ બધું શું હશે ? સાંભળને ભાઈ! એ તો એ વખતે શુભભાવ થાય છે, પર ઉપર લક્ષ જાય છે પરંતુ એ વખતે પણ જે શુભભાવ અને પરના જ્ઞાનનું જે લક્ષ થયું, એ શુભ અને પરનું જેવું નિમિત્ત છે એમ જ્ઞાન પરિણમ્યું. એ શુભભાવ અને નિમિત્તને કારણે જ્ઞાનની આકૃતિ નથી પરિણમી. સમજાણું કાંઈ ? સૌની નાત જુદી. ચૈતન્યની નાત જુદી, જડની નાત જુદી.

**'પશુઃ સીદતિ' 'એકાન્તવાદી વસ્તુના સ્વરૂપને સાધવાને ભ્રષ્ટ છે,...'** પશુની વ્યાખ્યા–એક પક્ષી દૃષ્ટિવાળો. એક પક્ષી દૃષ્ટિવાળો અર્થાત્ નિમિત્તની જેવી અવસ્થા છે એવી મારી અવસ્થા થાય છે એમ એકપક્ષી દૃષ્ટિવાળો. કહો, સમજાણું કાંઈ ? આ પશુ એકાંતવાદીની વ્યાખ્યા. પશુ નામ અવિવેકી. એકપક્ષી દૃષ્ટિવાળો. અનેકાંત વસ્તુ સ્વરૂપના ભાન વિના, મારી ચીજ જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેમાં મારી પર્યાય મારા લક્ષે દ્રવે છે, એવા અનેકાંતના લક્ષ વિના, નિમિત્તના લક્ષવાળો મારી પર્યાય નિમિત્તના અવલંબને થઈ તેને પશુ કહેવાય છે, તેને એકાંતવાદી કહે છે. એ.. 'છોટાભાઈ'! છે એમાં છે કે નહિ ? આહા..હા..! એટલી એકાંતવાદીની વ્યાખ્યા (થઈ).

એકાંતવાદી અર્થાત્ જેવું નિમિત્ત છે તેવી વર્તમાન અવસ્થા થઈ એમ એકપક્ષી માનનારો મિથ્યાદૃષ્ટિ એકાંતવાદી. **'સીદતિ'** હવે એની બીજી વ્યાખ્યા. **'વસ્તુના સ્વરૂપને સાધવાને ભ્રષ્ટ છે,...'** અર્થાત્ જે વર્તમાન જ્ઞાન અવસ્થા છે તેવું અવલંબન જોઈને તેનાથી થઈ છે એમ માનનારો પોતાની જ્ઞાનની અવસ્થા દ્રવ્યથી થઈ છે એમ સાધવાને ભ્રષ્ટ છે. શું કહ્યું ? એ જ્ઞાનની અવસ્થા મારા દ્રવ્યથી થાય છે એમ સાધવાને ભ્રષ્ટ છે. જેવું નિમિત્તનું અવલંબન છે તેનાથી થઈ છે એમ માનીને, પોતાના દ્રવ્યથી થઈ છે એમ સાધન કરવાને ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ ? કહો, સમજાય છે કે નહિ આમાં ? એ.. 'ચીમનભાઈ'! સમજાય છે આમાં ? બધું ઝીણું-ઝીણું લાગે છે બધું ? કે 'રસિકભાઈ'ને સોંપ્યું હશે ? આ બધાને સમજવું (પડશે), પોતાને સમજવું પડશે. કોઈને લઈને કોઈને આંહીં મળે એવું નથી, એમ અહીં તો કહે છે. કેમ, 'ભીખાભાઈ' ? આહા..!

એ જ કહે છે, પ્રભુ! તું કોણ છો ? ભાઈ! બાપુ! મોટો ડુંગરો–અનંત ગુણનો ડુંગર તારો

સ્વભાવ છે. એ ડુંગરમાંથી જેમ પાણી ઝરે છે તેમ તેમાંથી પર્યાય ઝરે છે, નીકળે છે. આવી પર્યાયને દ્રવ્યના લક્ષ વિના પરના લક્ષે સાધન કરનારો પોતાની પર્યાયને દ્રવ્યથી થઈ છે એમ સાબિત–સિદ્ધ કરી શકતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? લક્ષ ફેર છે. અજ્ઞાનીની વર્તમાન અવસ્થાનું લક્ષ પર છે; તો પર પલટવાથી પર્યાય પલટી ગઈ તો પોતાની પર્યાય પોતાના દ્રવ્યથી થઈ છે તે તેનો સ્વતંત્ર કાળ છે, એ સ્વકાળ જ એવો છે કે પોતાના દ્રવ્યથી એવી જ પર્યાય ઉત્પન્ન થવાની હતી. એવી પર્યાય જેવું અવલંબન છે તેવું જ જાણનારી પોતાની પર્યાય પોતાથી થવાની હતી. એમ અજ્ઞાની પરલક્ષી (જીવ) સ્વરૂપનું સાધન કરી શકતો નથી. કહો, 'નેમિદાસભાઈ'! આ ઝીણી વાત છે જરી, હોં! રોકાઈ ગયા છે. આજે ૮૧મુ વર્ષ બેસે છે. રોકાણા હશે કાંઈક. સમજાણું કાંઈ ? આ સમજાણું ? આ અવસ્થા મોટી થઈ ગઈ.

**'सीदति' 'વસ્તુના સ્વરૂપને સાધવાને ભ્રષ્ટ છે,...'** શું અર્થ કર્યો ? પશુ નામ એકપક્ષી દૃષ્ટિવાળો મિથ્યાદૃષ્ટિ. એકપક્ષી એટલે જે પોતાની વર્તમાન પર્યાય છે તેનું અવલંબન જોઈને અને અવલંબન જોઈને તેનાથી થઈ છે, અવલંબન પલટ્યું તો મારી પર્યાય પણ ચાલી ગઈ (એમ માને છે). એમ એકપક્ષી જોવાવાળો પોતાની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે એમ સાધવાને ભ્રષ્ટ છે. બરાબર છે ? આહા..હા..! અરે..! ભગવાન! કહો, સમજાય છે કે નહિ ?

કહે છે, **'અવશ્ય એમ છે.'** પાછું એમ કીધું. શું કીધું ? **'एव' 'અવશ્ય એમ છે.'** ભગવાનઆત્મા અનંત જ્ઞાનાદિનો પિંડ પ્રભુ, પોતાની પર્યાય, પોતાનું સ્વ ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ છે, તેનાથી પોતાની પર્યાય–પોતાનો અંશ સિદ્ધ થાય છે. એમ સાધન નહિ કરીને પરલક્ષે મારી પર્યાય ઉત્પન્ન થઈ છે એમ ભ્રષ્ટ થઈને અવશ્ય ભ્રષ્ટ છે, એમ કહે છે. નિશ્ચય ભ્રષ્ટ છે. આહા..હા..! **'एव'** અવશ્ય–જરૂર. **'एव'** એટલે જરૂર. ભગવાનઆત્માની નિર્મળ જ્ઞાનપર્યાય પોતાના દ્રવ્યના આશ્રયે પ્રવાહ તેમાંથી આવે છે એમ જેનું લક્ષ નથી, તે પોતાની પર્યાયને સિદ્ધ કરવામાં જરૂર ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ ? થોડું થોડું તો થાય છે, 'નવનીતભાઈ'! થોડું થોડું (સ્પષ્ટીકરણ) થાય છે, ભાઈ! શક્તિ પ્રમાણે થાય છે. બધું કાંઈ એવું આપણને આવડે છે ? સમજાણું કાંઈ ? આહા..હા..! જુઓ તો પ્રભુ કહે છે.

ભાઈ! તું બે અંશવાળો (છો). એક ત્રિકાળી વસ્તુ અને એનો એક સમયનો અવસ્થા અંશ–અવસ્થા. હવે એ અવસ્થાનો સ્વકાળ તો એ સ્વદ્રવ્યને અવલંબને (થાય છે). દ્રવ્ય છે એ ત્રિકાળ વસ્તુ છે. દ્રવ્ય જે વસ્તુ છે એ ત્રિકાળ કાળનો પિંડ છે. વસ્તુ જે છે એ તો ત્રિકાળ વસ્તુનો પિંડ છે. એક જ ત્રિકાળ. એની વર્તમાન અવસ્થા એનો ભેદ છે, એનો પર્યાય છે, એનો ભેદ છે. સમજાય છે ? એ ભેદ પણ જે પરને લક્ષે થયો માને છે એ સ્વને લક્ષે ભેદ થયેલો માનતો નથી, એ પર્યાયને પણ માનતો નથી. આહા..હા..! ભેદને માનતો નથી, જાણતો નથી. લ્યો, ઠીક! સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્યમાં ભાગે એક વસ્તુ આમ ત્રિકાળ પિંડ, પિંડ જ્ઞાનાનંદ આદિ અનંત ગુણનો પિંડ એક કાળ (છે), એ એનો એક કાળ છે. એનો વર્તમાન એક સમયનો

તે ભેદ કાળ. ભેદ કાળ, વ્યવહાર કાળ, એક સમયનો ભેદ કાળ. એ કાળ પણ પોતાથી થયો છે એમ ન માનતા પરથી ભેદ થયો છે અને પરની અવસ્થા પલટતા મારું ભેદપણું પરને કારણે પલટી જાય છે, મારો અભેદ ભગવાનઆત્મા છે એનાથી અંશનો ભેદ થાય છે એવું અજ્ઞાનીને શ્રદ્ધામાં બેસતું નથી. કહો! આ તમારી વકીલાત જેવું છે કે નહિ ? બીજું આમાં કાંઈ ન્યાયથી છે કે નહિ ? આહા..હા..!

ભગવાન સર્વજ્ઞદેવ, સંતોએ તો ઘણી સહેલાઈથી વાત કરી છે. ઘણું સહેલું, આમ એના ખ્યાલમાં આવે (એવું). પણ એ અંદર ખ્યાલમાં લે નહિ અને પછી વાંક કાઢે કે અમને એ સમજાતું નથી, અમને ધર્મ થતો નથી. આહા..હા..! ભાઈ! તારી સત્તાની સમાપ્તતા કેટલામાં છે ? તારી સત્તાની સમાપ્તિ–પૂર્ણતા કેટલામાં છે ? પૂર્ણ વસ્તુ છે અને એક સમયની અવસ્થા છે. બસ! એટલું. હવે એક સમયની અવસ્થા જે સ્વકાળ પોતાથી, ત્રિકાળમાંથી, એકમાંથી, ત્રિકાળમાંથી તે જ પર્યાયનો તે જ સ્વકાળ, એવો ભેદ સ્વકાળે તે જ આવવાનો હતો અને એ જ થયો એમ નહિ માનીને જેવો નિમિત્તનો કાળ, અવલંબન દેખાય છે એવો જ્ઞાનનો પર્યાય જોઈને પરના અવલંબનથી આ કાળ આવ્યો એમ માનનારો વસ્તુના સ્વરૂપને સાધી શકતો નથી. આહા..હા..!

**શ્રોતા :–** સહેલું આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સહેલું આવ્યું, લ્યો, ભાઈ! થોડું આવ્યું. 'મોહનભાઈ'! આ તો માખણ છે. આહા..હા..! અરે..! ન સમજાય એમ ન લેવું. એ પ્રભુ પોતે છે. જેને એક સમયમાં ઓળખી શકે એટલું નથી, એક સમયમાં કેવળજ્ઞાન પ્રગટ કરે એવી તાકાત છે ને! એનો એક સમયનો સ્વકાળ કેવળજ્ઞાન લાવી શકે એવી એની તાકાત છે. આહા..હા..! એનું ત્રિકાળી જ્ઞાનનું આખું મૂર્ત સ્વરૂપ ત્રિકાળરૂપ એક છે અને એક સમયમાં કેવળજ્ઞાનમાં લાવી શકે એવી એની તાકાત છે. ત્રિકાળમાંથી વર્તમાન એક સમયમાં લાવી શકે એવી તાકાત છે. આહા..હા..! કોઈના વર્તમાન સમયને કોઈના ત્રિકાળ દ્રવ્યમાંથી લાવી શકે એવું એનામાં છે નહિ. સમજાય છે કાંઈ ?

કહે છે, ઓ..હો..! અજ્ઞાનીને પોતાના નિજ સ્વરૂપનું લક્ષ જ નથી તો પોતાની પર્યાયનો દાતા દ્રવ્ય નહિ માનીને, પોતાના સ્વકાળનો દાતા નિમિત્તનું અવલંબન માનીને, એ દાતા છે તો ઉત્પન્ન થઈ છે, દાતા પલટતાં હું પણ પલટી જાઉં છું (એમ માને છે). આહા..હા..! સમજાણું કાંઈ ? એ..! 'ભીખાભાઈ'! ભાઈ! આ ગુરુની પર્યાય થાય છે એને લઈને (પોતાની) પર્યાય થાય છે, દાતા ઇ છે. કહે છે કે દાતા એમ માને છે એ પોતાના પર્યાયને સિદ્ધ કરી શકતો નથી. ભાઈ! અહીં તો સત્ય છે તે સત્ય છે. એમાં કાંઈ કોઈનું (ચાલે નહિ).

ત્રણલોકના નાથ પરમાત્મા હો કે એમની વાણી હો. સાંભળનારની જ્ઞાનની વર્તમાન પર્યાય ત્રિકાળ ગુણનો પિંડ પ્રભુ ત્રિકાળ.. ત્રિકાળ.. ત્રિકાળ.. ગુણ એટલે ત્રિકાળ એનો એક વર્તમાન કાળનો અંશ એના પોતાથી, અંતરથી આવે છે. એમ નહિ માનીને જેવી વાણી લક્ષમાં આવી, એવો મારો જ્ઞાનાકાર પરિણમ્યો તો મારું જ્ઞાન પણ તેનાથી થયું, તે પલટી ગયું તો બીજું (જ્ઞાન) થયું તો પોતાની

પર્યાયનો પરલક્ષે અભાવ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ભારે ઝીણી વાત, ભાઈ!

વીતરાગનું અનેકાંત તત્ત્વ જેવું છે એવું સિદ્ધ કરનારી ચીજ (છે તેનો) અજ્ઞાનીને પત્તો નથી (કે) શું ચીજ છે. આમ તો માને, ભગવાન આમ નિર્મળ છે, શુદ્ધ છે, આમ છે, તેમ છે. એમ ન ચાલે. નિર્વિકલ્પ છે ને વિકલ્પ વિનાનો છે તેનો અનુભવ કરો, પણ કેવી રીતે કરે ? અનુભવ તો પર્યાય છે, વસ્તુ ત્રિકાળ છે. તો એ અનુભવ શેમાંથી આવે છે ? સમજાણું કાંઈ ? અનુભવ કહો કે ધર્મ–સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય કહો. એ સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય શેમાંથી આવે છે ? શું પર પર્યાય નિમિત્તની શ્રદ્ધા કરવાથી આવે છે ? એમ કહે છે, લ્યો! આહા..હા..! સમજાણું કાંઈ ?

જેવું સામે નિમિત્ત છે, સર્વજ્ઞ ત્રિકાળ ત્રિલોકનાથ તીર્થંકર ગુરુ આદિ પરમગુરુ, સર્વજ્ઞદેવ પરમગુરુ... સમજાણું કાંઈ ? જેવી એમની પર્યાય છે તેવી અહીં માની તો તેનાથી સમ્યગ્દર્શન થાય છે ? સમજાણું કાંઈ ? એવી પર્યાયની શ્રદ્ધાથી પર્યાય સમ્યક્ થઈ છે ? એ શ્રદ્ધાની, જ્ઞાનની પર્યાય તો પોતાના ત્રિકાળ જ્ઞાયકના લક્ષે ઉત્પન્ન થઈ છે. એમ નહિ માની, જ્ઞેયની શ્રદ્ધાથી મારી જ્ઞાનપર્યાય ઉત્પન્ન થઈ છે (એમ માનનારો) વસ્તુનો એક અંશ પણ સ્વતંત્ર સાબિત કરી શકતો નથી. 'વિમલચંદજી'! આ છોકરાઓ પણ તૈયાર થઈ ગયા છે. જુઓને! નાની ઉંમરના. નાની ઉંમરના કહેવાય ને ? આ ૨૫-૨૫, ૨૮ વર્ષના આટલા આટલા છોકરા કહેવાય. આહા..હા..! કહો, સમજાણું આમાં ? અરે..! આઠ વર્ષે કેવળ થાય એમાં બાદ શું છે ?

ભગવાન તું કેવો છે ? એવું એને પોતાથી શ્રદ્ધામાં બેસી જાય, કોઈને કારણે નહિ. અહીંયાં તો કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની પર્યાય જ્ઞાનમાં આવી. જેવું છે તેવું જ્ઞાન તે આકારે પરિણમ્યું. જ્ઞાન એ આકારે પરિણમ્યું તો એ ચાલ્યું જતાં બીજું હોય તો તેવું થયું, એમ પોતાની પર્યાય પરના અવલંબનથી માનનારાની વ્યવહાર શ્રદ્ધાના પણ ઠેકાણા નથી. આહા..હા..! વ્યવહાર શ્રદ્ધા પણ ક્યારે છે ?–કે જે વિકલ્પમાં આવ્યો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ. એ વિકલ્પ (આવતા) પોતામાં પોતાના જ્ઞાનના લક્ષે જ્ઞાનાકારે પરિણમ્યો, એવા જ્ઞાનના લક્ષે જે પોતાની જ્ઞાન પર્યાય થઈ એમાં જે વિકલ્પ આવ્યો તે પ્રકારનું જ્ઞાન થયું તો તે વિકલ્પને વ્યવહાર કહે છે અને યથાર્થ જ્ઞાનના પરિણમનને નિશ્ચય કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા..! શું થાય પણ ? પછી આમાં ઝઘડા જ ઊઠે ને ! શું થાય ? અજ્ઞાનને કારણે, બાપા! આ તો સર્વજ્ઞપંથ છે, કોઈ સાધારણ માણસ માની લે માટે વસ્તુ એવી થઈ જાય ? વસ્તુ તો જેવી છે તેવી રહેશે. બીજો માને એટલે બીજી ચીજ થઈ જશે નહિ.

ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવ' તો પોકાર કરે છે, પશુ એકાંત થઈ ગયો એમ નિશ્ચય છે. તારી વર્તમાન અનંત ગુણની એક સમયની સ્વકાળની પર્યાય સામે અનંત જ્ઞેયોની જે પર્યાયનું લક્ષ (હોય) અથવા એ દ્રવ્ય-ગુણ ભલે હોય, એના લક્ષે તારી પર્યાય થઈ અને તે પલટી ગયું તો અવસ્થા પલટતા દ્રવ્ય પલટી ગયું, તો તારી પર્યાય તેને કારણે પલટી ગઈ (એમ જો માને છે તો) જરૂર

તું એકાંત મિથ્યાદષ્ટિ છો. જરૂર સ્વરૂપની શ્રદ્ધાથી ભ્રષ્ટ છે એમ કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'કેવો છે એકાન્તવાદી ?'** જુઓ! 'રાજમલે' પણ ટીકા કેવી કરી છે! **'કેવો છે એકાન્તવાદી ?' 'अत्यन्ततुच्छः' 'વસ્તુના અસ્તિત્વના જ્ઞાનથી અત્યંત શૂન્ય છે.'** વસ્તુના અસ્તિત્વના જ્ઞાનથી અત્યંત શૂન્ય છે. કારણ કે પોતાના જ્ઞાન, શ્રદ્ધાની પર્યાય પર નિમિત્ત જેવું છે તેવી થઈ (એમ માન્યું) તો પોતાનું અસ્તિત્વ જ્ઞાનથી અત્યંત શૂન્ય થઈ ગયું. મારામાં જ્ઞાન છે અને મારાથી હું છું એમ માન્યું નહિ, શૂન્ય થઈ ગયો. જે પોતાની પર્યાયથી અશૂન્ય છે, અશૂન્ય છે, એમ નહિ માનીને પરને કારણે થઈ (એમ માને છે તો) પોતાના જ્ઞાનની તુચ્છતામાં શૂન્ય થઈ ગયો. અશૂન્ય છે એમાં શૂન્ય થઈ ગયો. મારી પર્યાય પરથી થઈ છે. સમજાણું કાંઈ ? ઓહોહો...! **'વસ્તુના અસ્તિત્વના જ્ઞાનથી અત્યંત શૂન્ય છે.'** અત્યંત શૂન્ય થઈ ગયો, ખાલી થઈ ગયો, ખાલી. સમજાણું કાંઈ ? મારો જ્ઞાનસ્વભાવ ભગવાન, એની પર્યાયમાં પોતાથી જાણવામાં પરના જાણવાનો ભાવ પોતાના અસ્તિત્વમાં પોતાને કારણે આવે છે એમ સાધી શકતો નથી (એને) જેવું નિમિત્ત છે તેવી મારી પર્યાય થઈ (એમ માને છે તો) પોતાની પર્યાયમાં શૂન્ય થઈ ગયો. ખાલી થઈ ગયો, ખાલી કોથળો માલ વિનાનો. કોથળો સમજાય છે ? બારદાન, થેલો. ખાલી થેલો થઈ ગયો. તારી પાસે કંઈ માલ રહ્યો નહિ. તારા જ્ઞાનના વર્તમાન અસ્તિત્વની શુદ્ધ અવસ્થા ત્રિકાળથી ઉત્પન્ન થઈ છે એવો માલ તારી પાસે રહ્યો નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ ?

**'વળી કેવો છે ?' 'न किञ्चन अपि कलयन्' 'જ્ઞેય-અવસ્થાના જાણપણામાત્ર જ્ઞાન...'** જુઓ! જે જ્ઞેય છે તેટલી જ મારી જ્ઞાનની અવસ્થા (છે). જ્ઞાયકમાત્ર મારો સ્વભાવ છે તેની અવસ્થાથી અહીંયાં અવસ્થા થઈ છે એમ નહિ માનીને... **'જ્ઞેય-અવસ્થાના જાણપણામાત્ર જ્ઞાન છે, તેનાથી ભિન્ન કોઈ વસ્તુરૂપ જ્ઞાનવસ્તુ નથી,...'** ઓ..હો..! કેવી વાત કરી છે. એટલા જ્ઞેયના અવલંબનથી ઉત્પન્ન થઈ એ તો ઠીક, એ તો મહામિથ્યાત્વ છે. પણ કહે છે કે જ્ઞેય અવસ્થાના જાણપણામાત્ર જ્ઞાન અવસ્થા (છે) તેટલું માનવું પણ મૂઢ મિથ્યાત્વ છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? કેમકે પોતાની પર્યાયમાં પોતાના દ્રવ્યનું પણ જ્ઞાન થાય છે, પરનું જ્ઞાન પણ થાય છે એવી એક સમયની પર્યાયની તાકાત છે. શું કહ્યું સમજાણું ?

પોતાની પર્યાયમાં–અવસ્થામાં પોતાના દ્રવ્યનું જ્ઞાન અને પરજ્ઞેયનું જ્ઞાન (થાય છે). એમ એક સમયની પર્યાયમાં બન્નેનું જ્ઞાન કરવાનું સામર્થ્ય પોતામાં છે. અજ્ઞાનીએ જ્ઞેય-અવસ્થાના જાણપણામાત્ર જ્ઞાન, પરજ્ઞેયને જાણવામાત્ર જ્ઞાન (છે એટલું જ માન્યું). **'તેનાથી ભિન્ન કોઈ વસ્તુરૂપ જ્ઞાનવસ્તુ નથી,...'** મારી ચીજ જ્ઞાનવસ્તુ ત્રિકાળ છે તેને જાણવાથી જે પર્યાય થાય છે તેમાં મારાથી પર જાણવામાં આવી જાય છે, એવી વસ્તુ સિદ્ધ કરી શકતો નથી. **'अपि' 'અંશમાત્ર પણ નથી...'** ભારે ભાઈ ટીકા! સમજાણું કાંઈ ?

**'જ્ઞેય-અવસ્થાના જાણપણામાત્ર જ્ઞાન...'** મારું જ્ઞાન, મારું જ્ઞાનસ્વરૂપ ભગવાન, એની જ્ઞાન પર્યાય

અને પર સંબંધીનું જ્ઞાન અને પોતાનું (જ્ઞાન) એમ બે પ્રકારને (જાણવાનું) સામર્થ્ય પર્યાયમાં છે એમ નહિ માનતા, એકલી જ્ઞેય-અવસ્થામાત્ર મારું જાણપણું છે એમ માનીને પોતાની જ્ઞાન અવસ્થા અને જ્ઞાનગુણથી શૂન્ય થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ ? સમજાય છે કે નહિ ? કહો, સમજાણું કાંઈ ?

**'એવી અનુભવરૂપ પ્રતીતિ કરે છે.'** ભગવાનઆત્મા..! ધ્યાન રાખો, ન સમજાય એવું છે જ નહિ. વસ્તુ જે જ્ઞાનનો પિંડ પ્રભુ છે તેની વર્તમાન પર્યાય–અવસ્થા જે છે, એ અવસ્થામાં સ્વજ્ઞેયનું જ્ઞાન અને પરજ્ઞેયનું જ્ઞાન થાય એવી તેની તાકાત છે. એવી તાકાત નહિ માનતા, માત્ર પરજ્ઞેયના અવલંબનમાં જેવો જ્ઞેયાકાર પરિણમ્યો તેટલી જ મારી જ્ઞાનની પર્યાયની તાકાત છે (એમ માન્યું) તો પોતાની પર્યાય અને દ્રવ્યને સિદ્ધ કરી શકતો નથી. પોતાના જ્ઞાનની પર્યાયનું જેટલું સામર્થ્ય છે તેટલું પણ સિદ્ધ કરી શકતો નથી, ખાલી થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ ? માટે જ આમાં બધા વાંધા ઊઠ્યા ને ? પરની દયા ને... બધું છે, સાંભળ તો ખરો, ભગવાન! આહા..હા..! ભારે વાત, ભાઈ! આકરું લાગે. ભાઈ!

બાપુ! પ્રભુ! એ તારા મુક્તિના માર્ગ કોઈ અલૌકિક છે, પ્રભુ! અને એનાથી વિરુદ્ધ પણ ક્યાં મિથ્યાત્વ થાય છે તેની તને ખબર પડતી નથી. સૂક્ષ્મ મિથ્યાત્વનું શલ્ય થઈ જાય છે. વસ્તુની સ્થિતિથી વિરુદ્ધ માને છે તો મહામિથ્યાત્વનું શલ્ય મિથ્યાત્વ ઉત્પન્ન કરે છે તેની ખબર નથી. એ મિથ્યાત્વ રાખીને કષાયની મંદતાની ક્રિયા થાય તો મિથ્યાત્વનું મોટું પાપ તો પડ્યું છે. સમજાણું કાંઈ ? રાગની મંદતા આદિનું પુણ્ય બંધાણું તો તેમાં શું ? શરીર બદલાશે, કોઈ સારા મનુષ્ય થઈ દેવાદિ થશે. એમાં આત્મામાં કોઈ પલટો આવ્યો નહિ. ભેખ પલટ્યો પણ અંદર આત્માનો વેશ પલટ્યો નહિ. દેહનો ભેખ પલટ્યો, આત્માનો ભેખ પલટ્યો નહિ, એક ભવ ઓછો થયો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? કેટલાકને (એમ લાગે), આવું ઝીણું ? તારે ધર્મ કરવો છે કે નહિ ? તો ના પાડ કે મારે ધર્મ કરવો નથી. જો ધર્મ કરવો હોય તો આ પ્રકારે આત્માનું અસ્તિત્વ બે પ્રકારે છે તેને બરાબર સમજવું પડશે.

ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ ભગવાન અને તેનું એક સમયનું જ્ઞાન. સ્વને જાણવાલાયક અને પરને જાણવાલાયક. એવું એક સમયની જ્ઞાનની પર્યાયનું પૂર્ણ સામર્થ્ય છે. એવું સામર્થ્ય નહિ માનતા એ જ્ઞાનની પર્યાયમાં જેવું અવલંબન છે તેવું જ્ઞાન, જેવું અવલંબન છે તેવું જ્ઞાન (થાય). એ તો મૂઢ છે પણ જેવું અવલંબન છે એવું મારા કારણે જ્ઞાનની પર્યાય થઈ તેટલું માનવું એ પણ જ્ઞાનની પર્યાયથી શૂન્ય છે. સમજાણું કાંઈ ? 'જમુભાઈ'! રાત્રે પૂછે તો આમાંથી થોડું યાદ આવે કે નહિ ? ન આવે ? એટલી તો હિંમત કરી કે નહિ ? પણ આ ઘૂંટાય તો બહુ છે. આહા..હા..!

આમાં તો આચાર્ય કેટલું સિદ્ધ કરે છે! ભગવાન! તારો સ્વભાવ તો ત્રિકાળ એકરૂપ છે. તેમાં તે કાળનો અંશ જે તારી શ્રદ્ધા-જ્ઞાનનો આવે છે એ તો તારા જ્ઞાનના પ્રવાહમાંથી આવે છે અને

એ જ્ઞાનની પર્યાયમાં તો તારો જ્ઞાયક સ્વભાવ અને જ્ઞેય સ્વભાવ બન્નેને જાણવાની એક સમયની તાકાતવાળી પર્યાય આવે છે. આ તો એક સમયની પર્યાય (માને) પણ કેવડી (માને) ? જેટલું જ્ઞેય છે તેમ અવલંબનમાં જ્ઞાન થયું તે તેનાથી થયું એમ જે માને છે તે તો પોતાની પર્યાયને પણ, માત્ર પરપ્રકાશની પર્યાય પરથી થઈ એમ માનનાર પરપ્રકાશની પર્યાય મારાથી થઈ છે એટલું માનવાની તાકાત પણ એની નથી. છતાં એ પર્યાયની તાકાત તો એટલી છે કે સ્વ-પરપ્રકાશની તાકાત છે, ભાઈ! આહા..હા..! છતાં જે જ્ઞાનની વર્તમાન દશામાં જેટલું અવલંબન છે તેનાથી મારું જ્ઞાન થયું, તેનાથી મારું જ્ઞાન થયું તો પરપ્રકાશનું જ્ઞાન પોતાની તાકાતથી છે એમ ન માન્યું અને પરથી થયેલું માન્યું. એ તો પરપ્રકાશની જ્ઞાનની પર્યાયને પણ અજ્ઞાનમાં જે સિદ્ધ કરવું છે તે સિદ્ધ કરી શકતો નથી. અને પરના અવલંબનથી (મારી જ્ઞાન પર્યાય થઈ નથી) પણ એ અવલંબનને (જાણવારૂપ) જેવો ભાવ છે એવી મારી પર્યાય મારે કારણે જ્ઞેયાકારરૂપે પરિણમી છે એમ માનનારો પણ જ્ઞાનની પર્યાયમાં સ્વજ્ઞેય અને પરજ્ઞેયને જાણવાની તાકાતવાળી પર્યાયને માનતો નથી. સમજાણું કાંઈ ?

એ બે લેશે. ભાઈ! જુઓ! પાછળ છે ને ? **'बाह्यवस्तुषु'**. **'સમસ્ત જ્ઞેય અથવા જ્ઞેયાકાર પરિણમેલા જ્ઞાનપર્યાયના અનેક ભેદ,...'** આહા..હા..! સમજાય છે ભાઈ! આહા..હા..! પ્રભુ! તારું સામર્થ્ય. 'જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ કેવળી બોલે એમ.' 'જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ, ભગવાન કહે છે એમ, પ્રગટ અનુભવ આપનો, નિર્મળ કરો સો પ્રેમ.' ચૈતન્યપ્રભુ, તારી ચૈતન્યસંપદા સંપદામાં છે, પરને કારણે નહિ.

પોતાની જ્ઞાનની વર્તમાન દશામાં જેવું નિમિત્ત છે તેવું જ્ઞાન થાય છે એમ માનનારો નિમિત્તની રુચિ અને પ્રેમ છોડી શકતો નથી. સમજાણું કાંઈ ? અને એ નિમિત્તથી મારી જ્ઞાનપર્યાય થઈ, એમ નહિ. પણ (જેવું જ્ઞેય છે) એવી જ મારી જ્ઞાનની પર્યાય થઈ (એમ માનનારો પણ) એમ પર્યાયનો પ્રેમ નહિ છોડીને દ્રવ્યનો પ્રેમ કરી શકતો નથી. સમજાણું કાંઈ ? પર્યાયને એવડી માનનારો, મારી પર્યાય જેવું અવલંબન છે એમ મારી પર્યાય મારાથી પરિણમી છે પર્યાય, એમ માનનારો તેમાં પ્રેમ રાખે છે તે જ્ઞાયક પ્રત્યે પ્રેમ કરી શકતો નથી. સમજાણું કાંઈ ? આ બે વાત કરી.

એક તો નિમિત્તના અવલંબને થાય છે એમ માનનારો નિમિત્તનો પ્રેમ છોડી શકતો નથી અને નિમિત્તના અવલંબનને કાળે મારી પર્યાય જ્ઞેયાકાર પોતાથી થઈ છે પણ એવડો જ હું છું એમ માનનારો પણ જ્ઞેયની પર્યાયનો પ્રેમ છોડી શકતો નથી, દ્રવ્યને પ્રેમ કરી શકતો નથી. 'છોટાભાઈ'! આહા..હા..! સમજાણું કાંઈ ? **'ભિન્ન કોઈ વસ્તુરૂપ જ્ઞાનવસ્તુ નથી,... એવી અનુભવરૂપ પ્રતીતિ કરે છે.'** અજ્ઞાની. પણ પોતાનો અનુભવ કરી શકતો નથી. બસ! એ જ્ઞાનની પર્યાય એટલે જ્ઞેયાકાર છે કાં પરથી થઈ છે એવો અનુભવ અજ્ઞાની કરે છે. પોતાના જ્ઞાયકભાવથી પોતાની પર્યાય છે, પોતાનું જ્ઞાન અને પરનું જ્ઞાન પણ પોતાને કારણે ઉત્પન્ન થાય છે એવો અનુભવ અજ્ઞાની એકપક્ષી દૃષ્ટિવાળો કરી શકતો નથી. તેને આત્માનો લાભ થતો નથી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## શ્રી સમયસાર, ગાથા–૩૮૩-૩૮૪, શ્લોક–૨૨૭–૨૨૮, પ્રવચન નં. ૪૩૩, તા. ૧૪-૦૭-૧૯૮૦ [૪]

'સમયસાર' એમાં પ્રતિક્રમણનો અધિકાર ચાલી ગયો. પહેલાં અધિકારમાં પ્રતિક્રમણનો પહેલો અધિકાર લીધો અને પ્રત્યાખ્યાનનો બીજો લીધો. પહેલાં ગાથાઓ આવી ગઈ છે અને પછી આલોચના લીધી. કારણ કે કરવું છે ને એટલે વર્તમાન એમ કે પડિકમણું, ભવિષ્યનું પણ મારે કરવું નથી અને વર્તમાનમાં કરવું નથી એમ. એવી રીતે લીધું. સમજાણું ? પહેલાં પાઠમાં પાઠ એવા લીધા, પાઠ ને ટીકા છે ને આમાં ? ઇ છે. ગાથાઓ છે, ગાથાઓ. ૩૮૩-૮૪.

**कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं।**
**तत्तो णियत्तदे अप्पयं तु जो सो पडिक्कमणं।।३८३।।**
**कम्मं जं सुहमसुहं जम्हि य भावम्हि बज्झदि भविस्सं।**
**तत्तो णियत्तदे जो सो पच्चक्खाणं हवदि चेदा।।३८४।।**

ભવિષ્ય લીધો. પહેલાં ભૂતકાળ લીધો પછી ભવિષ્ય લીધું ને પછી પહેલો વર્તમાન લીધો. કારણ કે પેલું તો ફક્ત મારે કરવું નથી, ભવિષ્યનું કરવું નથી. અત્યારે અહીં છે તે વર્તમાનમાં જ મારે કરવું નથી, એમ. ભાઈ! પેલામાં એમ કે વર્તમાનમાં મારે કરવું નથી અને ભવિષ્યમાં મારે કરવું નથી. એટલે પહેલાં ત્રણ ગાથાઓ એમ આવી અને અહીંયાં તો મારે ભૂતકાળનું કરેલું હોય એ નિષ્ફળ જાઓ, વર્તમાનમાં મારે કરવું નથી, ભવિષ્યમાં મારે કાંઈ કરવું નથી. એમ એવી શૈલી લીધી. એટલે પ્રતિક્રમણ પછી આલોચના લીધી. છે ?

'**(હવે ટીકામાં આલોચનાકલ્પ કહે છે :–)**' (પાનું) ૫૫૯ છે આમાં. શું કહ્યું સમજાણું ? ગયા કાળની ત્રણ ગાથાઓ એવી લીધી કે ગયા કાળનું કાંઈ કર્યું હોય તો મારે નિષ્ફળ જાવ, હું તો આત્મા છું, આ આત્મા ચૈતન્યસ્વરૂપ આત્મા, એમ આવ્યું હતું ને ? ચૈતન્યસ્વરૂપ આત્મા, આત્માની અંદર મારે એકાગ્ર થવું. ભૂતકાળના કર્મ પણ નહિ, ભવિષ્યમાં પણ નહિ, ભવિષ્યનું પરિણામ તો એ જ છે, એક જ (છે), એના એ પરિણામમાં ભવિષ્યનું કરવું નથી અને એ પરિણામમાં વર્તમાનમાં કરવું નથી એમ લીધું. અને આમાં ભૂતકાળની આલોચના કરી, હવે વર્તમાનની કરે છે, ભવિષ્યની પછી કરશે. પહેલી ગાથાઓ બીજી ગઈ આ ગાથા આમ ફેરવે છે, ફેરવે છે. આલોચના.

**'હું (વર્તમાનમાં કર્મ) કરતો નથી,...'** આહા..હા..! હું તો ચૈતન્યસ્વરૂપ આત્મા પરમ જ્ઞાયકભાવ સ્વરૂપ એ હું છું–ધર્મી એમ જાણે છે. લાખ વાતની વાત અને બાર અંગનો સાર ફરી ફરીને બધું ગમે તેટલું કરવું, કર્યું અને કહ્યું ઇ આત્મા અંદર આનંદ સ્વરૂપ ધ્રુવ જે ચૈતન્ય પરમાનંદની મૂર્તિ (છે) તેમાં જાવું, ઠરવું એ કરવાનું છે. બાકી બધી વાતું ઘણા પ્રકારની કથન શૈલી આવે. આહા..હા..! પાપ હોય, પાપ પણ લાગે પણ એને ફરીને જાવું છે ક્યાં ?–અંદરમાં. ચૈતન્યસ્વરૂપ, જ્ઞાયકભાવ, શુદ્ધ ચૈતન્યઘન, આનંદકંદ એમાં વર્તમાનમાં મેં કર્યું હોય એનું અહીં આ ચાલે છે અત્યારે. ભૂતકાળમાં કંઈ થયું હોય તોપણ મિચ્છામી. એટલે એ મારું સ્વરૂપ જ નથી, મારા સ્વરૂપમાં એ રાગ કરવો કે રાગ છોડવો એ મારા સ્વરૂપમાં નથી. આહા..હા..!

ચૈતન્યસ્વરૂપ જ્ઞાન ને આનંદનો સાગર, ધ્રુવ સ્વરૂપ, એમાં ગયા કાળનું કરેલું મેં કર્યું નથી, એ મેં કર્યું નથી, એ થઈ ગયું પર્યાયમાં પણ એ મારું કર્તવ્ય નથી. તેમ આલોચના– વર્તમાનમાં કર્મ કરતો નથી. આહા..હા..! કર્મ શબ્દે શુભ-અશુભભાવ. આહા..હા..! શુભ-અશુભભાવ હું કરતો નથી કેમકે એ મારું સ્વરૂપ નથી. હું તો ચૈતન્યગોળો આનંદનો કંદ પંચમ પારિણામિક સ્વભાવભાવ, એમાં એ વર્તમાનમાં રાગ કરવો એ વસ્તુ નથી. આહા..હા..!

છતાં અહીં કહ્યું કે **'હું (વર્તમાનમાં કર્મ) કરતો નથી,...'** શબ્દો છે બોલ્યા પણ ભાવ ઝીણા છે જરીક. આહા..હા..! એટલે કે મારામાં એ કરવું એ મારા સ્વરૂપમાં જ છે નહિ. કરતો નથી એટલે ? આહા..હા..! હું વર્તમાન રાગને કરતો નથી. એટલે કે મારા સ્વરૂપમાં એ છે જ નહિ. એટલે કરતો નથી અને છોડુ છું એ પર્યાયના વ્યવહારના કથન છે. આહા..હા..! આવી વાત ઝીણી, લ્યો!

**'હું કરતો નથી, કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી, વચનથી તથા કાયાથી.'** નવ કોટિથી. ત્રણ ત્રણ આવ્યા હતા ને પહેલાં ? મન, વચન ને કાયાના ત્રણ (તથા) ભૂત, ભવિષ્ય ને વર્તમાનના ત્રણ (એમ) નવ. પછી ત્રણ ને બે ને ત્રણ ને એક ને બે ને એક ને ત્રણ ને બે ને બે ને બે ને બે ને એક ને એક ને ત્રણ ને એક ને બે ને એક ને એક– એ બધા ભંગ ઝાળ. આહા..હા..! સરવાળો તો મુખ્ય આ.

હું ચૈતન્યસ્વરૂપ છું, ધ્રુવ છું. અવિચળ ચૈતન્યસ્વરૂપ આત્મા છું. એમાં બીજી કોઈ ચીજ અડતી નથી. આહા..હા..! મારો સ્વભાવ રાગને કરું એ છે જ નહિ. આહા..હા..! છતાં રાગ થયો હોય તો હવે કરતો નથી એમ કહે છે. એમ કીધું ને ? કરતો નથી એમ કીધું ને ? આહા..હા..! બીજા પાસે કરાવતો નથી. મારું સ્વરૂપ જ એવું નથી. હું બીજા પાસે કરાવું કાંઈ એવું સ્વરૂપ જ નથી. હું તો જ્ઞાનસ્વરૂપ, પંચમ આનંદસ્વરૂપ, પંચમ ભાવ, સર્વાંગ આનંદથી ભરેલો ભગવાન એ હું શું કરું ? રાગના વિકલ્પને શું કરું ? આહા..હા..! અને શું કરાવું ? અને કર્તા ને અનુમોદું એ વસ્તુ મારામાં છે નહિ પણ વ્યવહારથી આ સમજાવે છે. આહા..હા..! સમજાય છે ? પછી બીજા બધા

ભંગ.

**'હું (વર્તમાનમાં કર્મ) કરતો નથી, કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી,...'** ત્રણ પણ **'મનથી તથા વચનથી.'** હવે કાયા કાઢી નાખી એટલે ૩ ને ૨ એવી રીતે બધા ભંગ લેવા, બધા ભંગ એ પ્રમાણે લેવા. ઠેઠ.

**'હવે આ કથનના કળશરૂપે કાવ્ય કહે છે :–'** બધાય ભંગ, એકેય ભંગ સ્વરૂપમાં છે જ નહિ. આહા..! પરને કરવું ને છોડવું એ તો મારા સ્વરૂપમાં નથી. એની વાત છે ને અહીં તો ? જેણે સ્વરૂપને જાણ્યું છે એ જાણનાર એમ કહે છે કે મારા સ્વરૂપમાં આ નથી. આહા..હા..! હું રાગને છોડું એ પણ મારા સ્વરૂપમાં નથી. મેં રાગ કે દિ' ગ્રહ્યો છે કે હું છોડું ! આહા..હા..! તેમ એ વસ્તુ એવી ચીજ છે કે હું તો પરને જાણું છું એ વ્યવહાર છે. મારી મર્યાદા છોડીને, મારું ક્ષેત્ર ને મારા ક્ષેત્રનો મારો ભાવ એ છોડીને ક્યાંય હું જાતો નથી. **આહા..હા..! એથી હું મને જ જાણું છું, મને જ દેખું છું. પરને હું કરું, કરાવું, અનુમોદું એ વ્યવહાર થયો હોય તો અત્યારે નિષ્ફળ કરું છું.** આવો વીતરાગનો માર્ગ સંપ્રદાયની રુઢિવાળાને આકરું લાગે. મર્મ છે, આ દરેકમાં મર્મ છે. આહા..!

અસ્તિ–સત્તા–અનંત ગુણની સત્તાવાળું તત્ત્વ કે જેની હયાતી ને મોજૂદગી માટે પરની કોઈ અપેક્ષા નથી, પરને કરે અને કરાવે એવું વસ્તુના સ્વરૂપમાં નથી. પર્યાયમાં થયું હોય તો એની વાત છોડું છું. એ મારી દૃષ્ટિ સ્વભાવની કરી અને હું એને છોડું છું. મારો સ્વભાવ જે છે એ ચૈતન્યમૂર્તિ આનંદકંદ છે. આહા..! એના અસ્તિત્વના સ્વીકારમાં એનાથી વિરુદ્ધ ભાવને છોડું છું એમ વ્યવહારથી કહેવાય છે. ખરેખર તો એ ભાવ ઉત્પન્ન થતો નથી. આહા..હા..! વીતરાગ માર્ગ ઝીણો ઘણો. આહા..હા..! એ લઈ લેવું, બધા શબ્દ લઈ લેવા. હવે કળશ કહે છે, કળશ. ૨૨૭ કળશ.

**मोहविलासविजृम्भितमिदमुदयत्कर्म सकलमालोच्य।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।२२७।।**

આહા..હા..! નીચે અર્થ.

**'(નિશ્ચયચારિત્રને અંગીકાર કરનાર કહે છે કે-)...'** આહા..હા..! નિશ્ચયચારિત્ર અંગીકાર કર્યું હવે એને શું કરવું બાકી રહ્યું ? પણ વ્યવહારથી કથન કરે છે. નિશ્ચય સ્વરૂપ છે એમાં જ્યાં અંદર ઠર્યો, ચર્યો, વિચર્યો, ચર્યો, વિચર્યો અને થંભી ગયો. આહા..હા..! વાત ઇ છે કે આત્મા કેવો ને કેટલો છે એની મહિમા અનંત કાળમાં એક સેકન્ડ પણ આવી નથી. બાકી બધું કર્યું પણ એ ચીજ શું છે ? આહા..હા..! એ ચીજ રાગને છોડે એવી નથી. કરે એવી તો નથી પણ છોડે એવું એમાં નથી. આહા..! પહેલું આવી ગયું છે, ૩૪ ગાથા. રાગનો આત્મા નાશ કરે એ નામમાત્ર કથન છે.

પરમાર્થે રાગનો નાશ કરે એ આત્માને લાગુ નથી પડતું. પહેલાં આવી ગયું છે, ૩૪-૩૫ ગાથામાં. આહા..હા..! અગમ્ય-ગમ્યની વાતું છે આ. આહા..હા..!

**'(નિશ્ચયચારિત્રને અંગીકાર કરનાર...'** હવે નિશ્ચયચારિત્ર એટલે સ્વરૂપ જેણે અંગીકાર કર્યું છે એ તો પોતાના આનંદમાં લીન છે. ઇ કહે છે, **'મોહના વિલાસથી ફેલાયેલું જે આ ઉદયમાન...'** હવે અત્યારે તો છે નહિ. નિશ્ચયચારિત્રમાં લીન છે પણ પૂર્વનું હતું એ જરી વ્યવહાર કરે છે. આહા..હા..! **'मोहविलासविजृम्भितम् इदम् उदयत् कर्म' 'મોહના વિલાસથી...'** મારા સ્વરૂપના વિલાસથી નહિ. મારો પ્રભુ તો પૂર્ણાનંદથી ભરેલો ત્રિકાળી અનાદિ જેમાં એક સમયના પર્યાયનો પણ પ્રવેશ નથી તો વળી પર્યાયમાં રાગ થાય એની તો વાત ક્યાં હતી ? આહા..હા..! એવો જે ભગવાનઆત્મા, એને **'મોહના વિલાસથી ફેલાયેલું...'** મારા વિલાસથી ફેલાયેલું નહિ. આહા..હા..!

**'મોહના વિલાસથી ફેલાયેલું...'** આહા..હા..! **'જે આ ઉદયમાન (ઉદયમાં આવતું) કર્મ...'** આલોચના છે ને ? વર્તમાન છે ને ? વર્તમાન છે. પ્રતિક્રમણ તો ભૂતકાળ, એ અધિકાર ગયો. આહા..! **'મોહના વિલાસથી ફેલાયેલું...'** મારા આત્માના પર્યાયમાં ફેલાયેલું એમ ન કીધું. આહા..હા..! એ મોહના વિલાસથી ફેલાયેલું. પ્રભુ! હું તો ચૈતન્ય... આહા..હા..! અનાકુળ આનંદકંદ છું એમાં વળી આ મોહનો વિલાસ ફેલાય ને એ કોઈ વસ્તુ મારામાં તો છે નહિ પણ પર્યાયમાં મોહનો વિલાસ જે ફેલાતો હતો... આહા..! જે આ ઉદયમાં, પર્યાયમાં ઉદય આવતું હતું, કર્મ એટલે રાગ-દ્વેષ આદિ એ **'सकलम् आलोच्य' 'તે સમસ્તને આલોચીને...'** આહા..હા..! એટલે બધાને જોઈને. આલોચીને એટલે બીજાને બધાને જાણીને. આહા..હા..!

આલોચનાનો અર્થ જોવું છે. જે મોહના વિલાસથી ઉદયમાન જે રાગાદિ હતો તેને હું જાણું છું. આલોચું છું એટલે જાણું છું. આહા..! જાણવાનો સ્વભાવ એ ત્રિકાળ છે, એ જ પર્યાયમાં ફેલાય છે. આહા..હા..! અલૌકિક વાત છે, પ્રભુ! આહા..હા..! આત્મા અલૌકિક અંદર ચૈતન્યમૂર્તિ (છે), ભલે એનું ક્ષેત્રપ્રમાણ શરીર પ્રમાણે છે છતાં એના સ્વભાવના મર્યાદાની હદ નથી, બેહદ મર્યાદા સ્વભાવ છે. ઓહોહો..! એવો જે ભગવાનઆત્મા... એ કહે છે કે સમસ્ત આ રાગાદિ જે ફેલાયેલો હતો એને જોઈને. **'(સર્વ કર્મની આલોચના કરીને-...)'** જોઈને, જાણીને. આહા..હા..!

**'निष्कर्मणि चैतन्य-आत्मनि आत्मनि आत्मना नित्यम् वर्ते'** આહા..હા..! **'હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત)...'** આહા..હા..! શુભાશુભભાવથી પણ હું તો રહિત છું, કર્મ તો અડતા પણ નથી. ભગવાનઆત્માને કર્મ તો અડતા પણ નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું જ નથી. આહા..! 'સમયસાર'ની ૩ ગાથા. દરેક દ્રવ્ય પોતાના ગુણ અને પર્યાયરૂપી ધર્મ, ધર્મ એટલે ધારી રાખેલા ભાવ તેને તે સ્પર્શે છે. પોતે ધારી રાખેલો અનાદિ ગુણ–પર્યાયભાવ તેને તે સ્પર્શે છે. જોડે રહેલું કર્મ ને બીજો આત્મા એને એ અડતો પણ નથી. આહા..હા..! કહો, આવું ક્યાં દુકાનમાં છે આવું ? આહા..હા..! આ દુકાન જુદી જાતની છે. આહા..હા..!

શું પ્રભુના કથન! શું એની શૈલી! વસ્તુ છે આખી ને બધી વાતું પર્યાયની કરવી છે. આહા..હા..! વસ્તુ તો વસ્તુ છે એમાં ધ્રુવમાં તો કાંઈ પલટતું પણ નથી, બદલતું નથી, પલટતું નથી, સુધરતું નથી, બગડતું નથી. ધ્રુવ (છે). આહા..હા..! જે કાંઈ એની પર્યાયમાં થાય છે તો કહે છે, ધ્રુવ મારો તો સ્વભાવ આ છે, આને હું જોઉં છું, જાણનારો જોઉં છું, જાણનારને જાણું છું. ફરી ગયું પાછું. એને જોઉં છું એમ નહિ ખરેખર જાણનારને જાણું છું. આહા..હા..! છે ? કેમ ? કે **'હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં...'** જુઓ! આવ્યું, સ્વ આવ્યું પાછું. પરને આલોચીને કીધું પણ હું છું આમાં. આહા..હા..!

આત્મામાં–ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મામાં... આહા..હા..! આત્માથી, મારા સ્વભાવથી, મારામાં જે નથી વિકલ્પ ને એનાથી તો હું કરતો જ નથી કહે છે. જે મારી ચીજમાં નથી એનાથી હું પાછો ફરું કે હું ઠરું એ વાત જ નથી. મારા **'આત્મામાં, આત્માથી જ (-પોતાથી જ-) નિરંતર વર્તું છું.'** આહા..હા..! ગજબ વાત છે. પ્રભુ ચૈતન્યસ્વરૂપ આત્મા, એ ભાષા લીધી. પહેલાં પણ એ આવી ગયું, પહેલાં શ્લોકમાં એ આવ્યું. પડિકમણુ આવ્યું હતું ને ? એમાં આવ્યું હતું. ચૈતન્યસ્વરૂપ ન્યાં પણ આવ્યું હતું. જુઓ! **'यद् अहम् मोहात् अकार्षम्' 'જે મેં મોહથી અર્થાત્ અજ્ઞાનથી (ભૂતકાળમાં) કર્મ કર્યાં, તે સમસ્ત કર્મને પ્રતિક્રમીને,...'** પ્રતિક્રમીને છે ? બે, ત્રણ પાના પહેલાં. **'निष्कर्मणि चैतन्य-आत्मनि आत्मनि आत्मना नित्यम् वर्ते' 'હું તો નિષ્કર્મ આત્મા છું.'** આહા..હા..! **'निष्कर्मणि चैतन्य-आत्मनि'** નિષ્કર્મણિ તો કર્મનો નકાર. હવે અસ્તિ (શું) ? અસ્તિ એ કે **'चैतन्य-आत्मनि'**. હું તો જાણનાર આત્મા જ્ઞાતા-દૃષ્ટા છું, બસ! હું તો મને જાણું છું એવો ચૈતન્યઆત્મા છું. આહા..હા..!

**'ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (-પોતાથી જ) નિરંતર વર્તું છું.'** એમ જ્ઞાની અનુભવ કરે. એવો શબ્દ અહીં છે, જુઓ! છે ને ? **'निष्कर्मणि'** નિષ્કર્મ. સર્વ કાર્યથી રહિત ચૈતન્યસ્વરૂપ આત્મામાં. ન્યાં એ હતું. આહા..હા..! ભગવાનઆત્મા ચૈતન્યસ્વરૂપ છે એવો જે આત્મા એમાં વળી રાગનું થવું ને જવું ને એ બધી પર્યાયની વાતું એને કહે છે કે હું મને જાણું એમાં એ બધું ટળી જાય છે. આહા..હા..! હું મને જાણું,... આહા..હા..! આત્મા ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી, આત્મામાં આત્માથી, વિકલ્પથી ને રાગથી, દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ નહિ. આહા..હા..!

**'ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ...'** 'જ' છે. પાછું એકાંત છે, આત્માથી જ. કથંચિત્ ગુરુની કૃપાથી કે પરમેશ્વરની કૃપાથી, પરમેશ્વરની સહાયથી એ હું નથી. આહા..હા..! **'આત્મામાં આત્માથી જ (-પોતાથી-) જ નિરંતર વર્તું છું.'** નિરંતર વર્તવામાં બિલકુલ બીજાની સહાય, મદદ, આશરો છે નહિ. આહા..હા..! આવો ભગવાનઆત્મા, એને મુકીને બધી વાતું (કરે). આહા..હા..!

**ભાવાર્થ :– 'વર્તમાન કાળમાં કર્મનો ઉદય આવે...'** આલોચના છે ને વર્તમાન ? **'તેના વિષે જ્ઞાની એમ વિચારે છે (એટલે કે જાણે છે) કે પૂર્વે જે કર્મ બાંધ્યું હતું તેનું આ કાર્ય છે,...'** આહા..હા..! બાંધ્યું હતું એ બધો વિચાર વ્યવહાર છે. આત્મા કર્મ બાંધે ને આત્મા કર્મ છોડે એ આત્મામાં

છે જ નહિ. પણ શુભ-અશુભ ભાવકર્મની વાત છે અહીં તો. શુભ ને અશુભભાવ મારામાં થયા હતાં... આહા..હા..! એ પૂર્વે જે શુભ-અશુભ બાંધ્યું હતું, આ કાર્ય ઉદય આવ્યું એ તેનું છે. આહા..હા..! મારું તો આ કાર્ય નથી. આહા! ભલે એનાથી કર્મ બંધાણું અને એનો ઉદય આવ્યો, એ મારું કાર્ય નથી. આહા..હા..!

**'હું આનો કર્તા નથી,...'** એ રાગ વર્તમાનમાં આવ્યો એનો હું કરનારો, રચનારો (નથી). એનો રચનારો, બનાવનારો હું નથી. આહા..હા..! હું સ્વતંત્ર કર્તાપણા તરીકે કહું છું કે હું એનો કર્તા નથી. આહા..હા..! કર્તાની વ્યાખ્યા–સ્વતંત્રપણે કરે તે કર્તા. મારા જ્ઞાનની પર્યાયને હું જાણતો સ્વતંત્રપણે કર્તા, પરનો કર્તા હું બિલકુલ નથી. આહા..હા..! હવે આવી વાત આકરી પડે પછી માણસ (એમ કહે), એ... 'સોનગઢ'નું એકાંત છે, નિશ્ચય છે. બાપુ! જેમ છે એમ છે. આહા..હા..!

**'પૂર્વે જે કર્મ બાંધેલું હતું તેનું આ કાર્ય છે, મારું તો આ કાર્ય નથી. હું આનો કર્તા નથી, હું તો શુદ્ધચૈતન્યમાત્ર આત્મા છું.'** આ રીતે સમજાવે છે. એવા વિકલ્પો વસ્તુમાં નથી. હું એક જ્ઞાયક છું એવો એક વિકલ્પ પણ જેમાં નથી. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ ભરેલો અખંડાનંદ (છું) એવા એક વિકલ્પની વૃત્તિનું ઉત્થાન એ પણ એમાં છે નહિ. એવો એ હું આત્મા... આહા..હા..! શુદ્ધચૈતન્યમાત્ર આત્મામાં છું. **'હું તો શુદ્ધચૈતન્યમાત્ર આત્મા છું.'** આહા..હા..! છે ને ભાવાર્થમાં ?

**'તેની દર્શન–જ્ઞાનરૂપ પ્રવૃત્તિ છે.'** મારી તો દર્શન–જ્ઞાન પ્રવૃત્તિ છે. દેખવું ને જાણવું એ મારી પ્રવૃત્તિ છે. આહા..હા..! **'તે દર્શન–જ્ઞાનરૂપ પ્રવૃત્તિ વડે હું આ ઉદયમાં આવેલા કર્મનો દેખનાર-જાણનાર છું.'** આહા..હા..! એ પણ વ્યવહાર છે. ખરેખર તો પોતાને જ પોતે જાણે છે, દેખે છે. રાગની અંદર કાંઈ તન્મય થઈને જાણતો નથી. એકમેક થઈને જાણે તો એ નિશ્ચય કહેવાય પણ સમજાવવામાં શું આવે ? **'હું તો શુદ્ધચૈતન્યમાત્ર આત્મા છું.'** આહા..હા..! **'દર્શન-જ્ઞાનરૂપ પ્રવૃત્તિ છે. તે દર્શન–જ્ઞાનરૂપ પ્રવૃત્તિ વડે હું આ ઉદયમાં આવેલા કર્મનો દેખનાર-જાણનાર છું.'** ઇ વ્યવહારથી છે. શું થાય ? બધું વ્યવહાર વિના કથન શું થાય ? આહા..હા..! વીતરાગ માર્ગ છે, ભાઈ! સર્વજ્ઞ ત્રિલોકનાથ એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જેને જાણવામાં આવ્યા એમ કહ્યું એ વ્યવહાર છે. એની પર્યાય જાણી ત્યાં એમાં જણાય ગયું છે. પર્યાય પૂર્ણ થઈ એને જાણ્યું એમાં ત્રણ લોકાલોક જણાય ગયા છે. આહા..હા..! એવા ભગવાનના મુખારવિંદથી નીકળેલી વાણી,... આહા..! એ આ વાણી છે.

**'ઉદયમાં આવેલા કર્મનો દેખનાર-જાણનાર છું. મારા સ્વરૂપમાં જ હું વર્તું છું.'** હું તો મારા સ્વરૂપમાં જ વર્તું છું. મેં એ રાગ કર્યો પણ નથી અને છોડ્યો પણ નથી. આહા..હા..! રાગનો હું કર્તા પણ નથી ને છોડનાર પણ નથી. આહા..હા..! એનો હું જાણનાર છું એમ કહેવું છે એ વ્યવહાર છે. એ મારા **'દર્શન-જ્ઞાનરૂપ પ્રવૃત્તિ વડે...'** દેખો! **'હું આ ઉદયમાં આવેલા કર્મનો દેખનાર-જાણનાર છું.'** આહા..હા..! ભાષા સાદી છે, લખાણ સાદુ છે, ભાવ ગંભીર છે. આમ ભાષા તો

તદ્દન સાદી છે. આલોચના કરીએ પણ બાપુ! આલોચના એટલે શું ? આલોચવાનો અર્થ જોવું-જાણવું, બસ! એ જોવે-જાણે એ જ એનું સ્વરૂપ છે. એ પોતે પોતાને જોવે ને જાણે. પરને જોવે-જાણે એમાં તન્મય થયા વિના જાણે એ જાણ્યું નહિ, (જાણે છે એમ કહેવું) એ તો અસદ્‌ભૂત વ્યવહારનયનું કથન છે. આહા..હા..!

**'મારા સ્વરૂપમાં જ હું વર્તું છું.'** એ પર્યાયની વાત છે, ધ્રુવમાં તો (ક્રિયા નથી). મારા સ્વરૂપમાં જ–ધ્રુવ સ્વરૂપમાં વર્તું છું એટલે પર્યાયમાં વર્તું છું. મારા નિર્મળ પર્યાયમાં જ હું વર્તું છું. આહા..હા..! ધ્રુવમાં તો કાંઈ વર્તવાનું છે (નહિ). **'મારા સ્વરૂપમાં જ હું વર્તું છું. આવું અનુભવન કરવું તે જ નિશ્ચય ચારિત્ર છે.'** આહા..હા..! આ ચારિત્રની વ્યાખ્યા અને અહીં જોવો તો સાદી વ્યાખ્યા. આ બાયડી-છોકરા છોડ્યા ને બે, પાંચ લાખની પેદાશવાળી દુકાન છોડી (તો) બહુ ત્યાગી થઈ ગયો. પરને કે દિ' ગ્રહ્યું હતું તે ત્યાગે ! પરના ત્યાગ-ઉપાદાન શૂન્યત્વ છે. ત્યાગ અને ગ્રહણથી તો આત્મા પ્રભુ શૂન્ય છે. આહા..હા..! બહુ તો એનામાં પર્યાયમાં રાગાદિ થાય, પર્યાયમાં, વસ્તુમાં તો કાંઈ છે નહિ, એ કહે છે હું મારા સ્વરૂપમાં રહીને એ વસ્તુ છૂટી જાય છે. આહા..! એનું નામ આલોચના ને પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. આહા..હા..!

**'આ રીતે આલોચનાકલ્પ સમાપ્ત થયો.'** લ્યો!

**'હવે ટીકામાં પ્રત્યાખ્યાનકલ્પ...'** ત્રીજો બોલ. પહેલું પ્રતિક્રમણ થઈ ગયું, આલોચના થઈ ગયું, આ ત્રીજું એમ લીધું આમાં. પહેલાંમાં એમ હતું–પહેલું પડિકમણુ ગયા કાળનું, ભવિષ્યનું પ્રત્યાખ્યાન (અને) પછી આલોચના. હવે આમાં આમ આવ્યું. આહા..હા..!

**'હવે ટીકામાં પ્રત્યાખ્યાનકલ્પ અર્થાત્ પ્રત્યાખ્યાનનો વિધિ કહે છે :–'**

**'(પ્રત્યાખ્યાન કરનાર કહે છે કે :–)'**

**'હું (ભવિષ્યમાં કર્મ) કરીશ નહિ,...'** આહા..હા..! કેમકે હું તો જ્ઞાન ને આનંદ સ્વરૂપ છું. એ રાગ ભવિષ્યમાં થાય એ વસ્તુ જ ક્યાંથી આવે ? આહા..હા..! એ હું કરીશ નહિ એનો અર્થ ઇ. મારા સ્વરૂપમાં એ વસ્તુ જ નથી તો હું કરીશ નહિ એ વ્યવહાર. વ્યવહારના કથનો એટલા બધા ભર્યા છે. એને જો લોકો નિશ્ચય માની લે તો લોકો મોટી ભૂલમાં જાય. આહા..હા..! **'હું (ભવિષ્યમાં કર્મ) કરીશ નહિ...'** કર્મ એટલે રાગાદિ. જડ કર્મની વાત નહિ. ભવિષ્યમાં પુણ્ય-પાપના ભાવ કરીશ નહિ.

આ પ્રત્યાખ્યાનની વ્યાખ્યા. **'કરાવીશ નહિ,...'** શુભભાવને હું કરાવીશ નહિ. આહા..હા..! શુભને હું કરીશ નહિ, શુભભાવને કરાવીશ નહિ. આહા..હા..! મારા સ્વરૂપમાં જ એ નથી અને અન્યને કરતો હોય તો તે અનુમોદીશ નહિ. આહા..હા..! હું તો એક જાણનાર-દેખનાર સૂર્ય–ચૈતન્યસૂર્ય છું. આહા..હા..! બીજાનું કોઈ પણ કામ કરું, કરાવવું, અનુમોદવું એ મારામાં કાંઈ નથી. આહા..હા..! એવી ચૈતન્યની મહિમા જ એને આવી નથી.

મહાપ્રભુ બીજા બધાએ કહ્યું પણ સર્વજ્ઞ પરમાત્માએ જે આત્મા કહ્યો એમાં પણ દિગંબર મુનિએ જે કહ્યો, એ બીજે ક્યાંય નથી. આહા..હા..! બીજાને દુઃખ લાગે. અમને ખોટા (ઠરાવે છે). બાપુ! તમને દુઃખ થાય, ખોટાથી તમને દુઃખ થશે, પ્રભુ! એ દુઃખ ન થવા માટેની વાત છે, ભાઈ! ખોટું, ખોટું અસત્યથી વર્તમાન દુઃખ અને ભવિષ્યમાં દુઃખ (છે). એ દુઃખના વેદન પ્રભુ! તને ન થાય. તું એવો નથી, તું આનંદ સ્વરૂપ છો, પ્રભુ! આહા..હા..! તને આનંદમાં રહેવા માટેની આ વાત છે. આહા..હા..! પછી વિશેષ બધા ભંગ કીધાં છે, બધા ભંગ પછી લેવા. એનો કળશ ૨૨૮ કળશ. છે ?

**प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसम्मोहः।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।२२८।।**

નીચે શ્લોકાર્થ.

**'(પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે કે-)...'** આહા..હા..! પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની જાણે છે, કે એ કહે છે કે એમ કહેવામાં આવે છે. કહે છે તો કાલ આવ્યું હતું. પ્રશસ્ત અને અપ્રશસ્ત વચન રચના ઘોર સંસાર છે. આહા..હા..! કાલે બપોરે આવ્યું હતું. આકરું કામ છે. વચન જડ છે. વચન, કાયા અને મન ત્રણે જડ છે. પ્રભુ તો ચૈતન્ય છે. એ જડને કરે કેમ ? ક્યાં એ નથી તે કરે ? અને કરે એટલે શું ? એ પર્યાય ને કામ વિનાની નકામી એ ચીજ છે ? એ નકામી એટલે પર્યાય વિનાની ચીજ છે કે આ આત્મા એની પર્યાય કરે ? આહા..હા..!

દરેક વસ્તુ પોતાના પર્યાયના કામથી, કાર્યથી ઉભી છે. અનંતી ચીજો એક સમયમાં પોતાના કાર્યરૂપી કામ એટલે પર્યાય, પર્યાયરૂપી, કામરૂપી કર્તવ્યમાં ઉભી છે એમાં બીજો કરે શું ? આહા..હા..! એ તો કહ્યું હતું ને ત્રીજી ગાથાનું. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. ત્રીજી ગાથા. એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબતું નથી, એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. આત્મા કર્મને અડતો નથી, કર્મ આત્માને અડતા નથી. આહા..હા..! અને તે પર્યાય ક્રમબદ્ધ થાય છે. આહા..હા..! કેમકે એ વસ્તુ છે તે ક્રમસર પર્યાય ધારાવાહી જે થવાની તે થઈ. તારાથી ફેરવી ફરાય નહિ, બીજાથી થાય નહિ, તારાથી ફેરવી ફરાય નહિ. આહા..હા..! આવો દરેક દ્રવ્યની પર્યાયનો સ્વભાવ છે. આહા..હા..!

એ બીજાને અડે નહિ, એ બીજાનું કરે શી રીતે ? એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ અને તે બીજું દ્રવ્ય તેની પર્યાય વિનાનું હોય નહિ તો એના કામ વિનાનું નકામું એ હોય નહિ. કામ એટલે પર્યાય. તે નકામું નથી કે તું એનું કામ–એની પર્યાય કર. આહા..હા..! આખો દિ' આ કામ કરે ને ? 'હસમુખભાઈ'! દુકાન ને ધંધાનું. આ પૈસા દીધા ને આ લીધા ને આ ચોપડાના નામ ને... આહા..! આ ડૉક્ટર ઇન્જેકશન-બિન્જેકશન લગાવે નહિ ? 'પ્રવિણભાઈ' હોંશિયાર કહેવાય છે. ઇન્જેક્શન લ્યો, ફલાણું લ્યો. આરે... આરે...! આહા..હા..!

અહીં તો કહે છે, હું કરીશ નહિ, મનથી તથા કાયાથી. **'પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે**

**કે ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને (-ત્યાગીને),...'** આહા..હા..! સાદી અનંત કાળની દશાના રાગને છોડીને. આહા..હા..! સમસ્ત કર્મને ભવિષ્યનું કીધું ને ? ભવિષ્ય તો સાદી અનંત છે. એનું કર્મ એટલે શુભાશુભભાવ એ સમસ્ત. કોઈ પણ જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવને પણ હું કરીશ નહિ. આહા..હા..! કેમકે એ પણ પર્યાયમાં જે જડમાં કર્મ બંધાય, તીર્થંકર પ્રકૃતિ ઇ જે ભાવે બંધાણી એ ભાવનો નાશ થયા પછી તો એ પ્રકૃતિનો ઉદય આવે. એમાં એણે કર્યું શું ? આહા..હા..! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાણું હતું તે ભાવનો નાશ થયે એ પ્રકૃતિનો ઉદય તેરમે ગુણસ્થાને આવે. આહા..હા..! શી ગતિ ? આવું બાંધ્યું માટે આમ થશે ને આમ થાય. તીર્થંકર પ્રકૃત્રી બાંધી માટે આમ થશે. હું થાશે ? સાંભળને! એનો ઉદય જ આવશે તેરમે (ગુણસ્થાને). એના પહેલાં આવશે નહિ ને થશે શું તારામાં ? આહા..હા..! આવી વાતું છે, બાપા! આહા..હા..!

પ્રભુ! તું ચૈતન્યસ્વરૂપ છે ને! જુઓને! આમાં લખ્યું ને. સમસ્ત કર્મને પચખીને. કેમ ? '**निरस्त-सम्मोहः निष्कर्मणि चैतन्य-आत्मनि आत्मनि आत्मना नित्यम् वर्ते।**' દેખો! હું તો ભવિષ્યના બધા વિકલ્પોને છોડીને. આહા..હા..! એ બધા વ્યવહારના કથન છે. છોડીને છોડે શું ? ક્યાં એમાં હતા તે છોડે ! આહા..હા..! વ્યવહારનયના એટલા કથનો છે કે એને ન સમજાય તો ગોટા વળે એવું છે. આહા..હા..! '**ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને એટલે (-ત્યાગીને),...'** આહા..હા..! આજ પછીના ભવિષ્યમાં ધર્મી, ત્યાગી, ચારિત્રવંત અંતરમાં પર્યાયમાં એમ જાણે છે (કે) ભવિષ્યનો કોઈ પણ રાગનો અંશ હું કરીશ નહિ. આહા..હા..! પ્રભુ! ભવિષ્યનો સાદી અનંત કાળ છે ને ? સાદી અનંત કાળ (છે) પણ હું તો એક સમયમાત્ર પણ રાગ કરીશ નહિ. આહા..હા..! જુઓ! આ ચારિત્રની વ્યાખ્યા. હવે આવું ચારિત્ર. આવું ન હોય તો કહે, આ તો આકરું છે, આ તો આકરું છે. બાપુ! આકરું નથી. જે તારી ચીજ છે એ આકરી કેમ હોય ? તારી ચીજ જ છે, સત્તા છે, મોજૂદગી છે, હયાતી છે, સત્ છે, સત્તા છે. બીજાના અવલંબે રહેનારી નથી એવી સત્તાને માટે તું શું કરીશ ? પ્રભુ! રહેવા દે. આહા..હા..! એ ચૈતન્ય સત્તા કોઈની આશા રાખતું નથી. એ પરને ગ્રહવું ને છોડવું એ બધું વ્યવહાર કહેવામાં આવે છે. રાગને, હોં! પરને છોડવું એ તો આત્મામાં ગુણ જ નથી. પરમાણુને બાયડી, છોકરા, પૈસાને છોડવા, એ ગ્રહ્યા નથી ને છોડવા નથી. બહુ તો વ્યવહારે રાગને છોડવો એમ કહેવામાં આવે. આહા..હા..!

પ્રભુ ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદનો સાગર મહા દરિયો, એને રાગને છોડીશ... કહે છે કે પચખી '**ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને એટલે ત્યાગીને...' 'निरस्त-सम्मोहः' 'જેનો મોહ નષ્ટ થયો છે...'** ભવિષ્યનો થાય એ મોહ જ નાશ થયો છે, કહે છે. વર્તમાનમાં એ મોહ જ નાશ થયો છે. ભવિષ્યમાં કંઈ પણ રાગ થાય (તોપણ) એ એનો મોહ જ નાશ થયો છે. આહા..હા..! '**એવો હું...' 'જેનો મોહ નષ્ટ થયો છે એવો હું...'** મોહ નષ્ટ થયો છે એવી ખબર પડી ગઈ છદ્મસ્થને ? ભગવાનને પૂછ્યા વિના ? આહા..હા..!

એક પેલી બાઈ છે ને ? 'જ્ઞાનમતિ'. બહુ વખાણ કર્યા છે. એ બોલે છે એવું કે આપણે ભવિ છીએ કે અભવિ એ તો ભગવાન જાણે. અર..૨૨..! પ્રભુ... પ્રભુ! એના વ્યાખ્યાનોમાં સાંભળવા. ભવિ છે કે અભવિ હજી એ નક્કી (નથી થતું). થાય છાપામાં આવ્યું હતું. બીજું લબ્ધિ, કાળલબ્ધિ. ભવિ કે અભવિને કાળલબ્ધિ પાકી છે કે નહિ એ તો ભગવાન જાણે. આહા..હા..! અરે..રે..! કોઈ પૂછનાર (ન મળે). વાણિયા થઈને પણ કોઈને કાંઈ ખબર નથી કે આ આમાં કેટલી વિપરીતતા ભરી છે. આહા..! એના વચનો સાંભળવાને લાયક નથી. આહા..! પોતાની હજી ખાત્રી થઈ નથી કે હું ભવ્ય અને સમકિતી છું. આહા..હા..! એના વચનોને આવા સાંભળવા... આહા..હા..! અભવિ છું કે નહિ એ ખબર નથી. અર..૨૨..! છાપામાં આવ્યું છે.

**શ્રોતા :–** અભવ્યને તો સમ્યગ્દર્શન જ ન થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ તો ભવિ છું કે અભવિ એની ખાત્રી નથી તેનો અર્થ અભવિ જેવો જ (છે). એનો વિશ્વાસ શું ? આહા..હા..! એના પોતા માટે તો ખાત્રી કાંઈ નથી કે હું આવો છું.

અહીં તો કહે (છે), ત્રણ લોકનો નાથ, આનંદનો સાગર, અનંત ગુણનો ભંડાર.... આહા..હા..! તે મોહને છોડે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. એ દ્રવ્ય સ્વભાવ તો મોહને અડ્યો પણ નથી. આહા..! પર્યાયમાં છે એને છોડ્યો એમ વ્યવહારે કહેવાય છે. આહા..હા..! કારણ કે પર્યાયમાત્ર વ્યવહાર છે, દ્રવ્યમાત્ર નિશ્ચય છે. દ્રવ્ય નિશ્ચય છે, પર્યાય વ્યવહાર છે. 'પંચાધ્યાયી' માં લખાણ છે, 'પંચાધ્યાયી' માં. પર્યાય તે વ્યવહાર. દરેક પર્યાય, કોઈ પણ, સિદ્ધ પર્યાય પણ વ્યવહાર છે. એક જીવમાં સંસાર ને સિદ્ધ બે ભાગ પાડવા એ પર્યાય વ્યવહાર છે. આહા..હા..!

અહીં કહે છે **'એવો હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત)...'** આહા..હા..! હવે અહીં રાડે રાડ પાડે. અંતરાય કર્મ અમારે ઉદય આવે (તો) અમારે ભાઈ! આમ થાય. દર્શનમોહનો ઉદય આવે, ચારિત્રમોહનો ઉદય આવે. અરે..! ભાઈ! પોકાર પહેલો કર (કે) મારામાં છે જ નહિ, એ કરને. આહા..હા..! અહીં તો (કહે છે), એ કર્મોથી રહિત. આહા..હા..! **'ચૈતન્યસ્વરૂપ આત્મા...'** હું તો ચૈતન્યસ્વરૂપ આત્મા, જાણનાર-દેખનાર તે આત્મા (છું). આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! વીતરાગની દિગંબર સંતોની વાણી, કેવળીની વાણી છે. દિગંબર સંતોની વાણી ક્યાંય છે નહિ. કોઈ સ્થાનમાં, કોઈ ઠેકાણે ક્યાંય નથી. આહા..! ખોટું લાગે, બિચારાને દુઃખ લાગે. પણ આ શૈલી અને આ રીત શ્વેતાંબરમાં, સ્થાનકવાસીમાં નથી તો અન્યમતિમાં તો હોય શેની ! આહા..હા..! અલૌકિક વાત છે.

**'જેનો મોહ નષ્ટ થયો છે એવો હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત)...'** આહા..હા..! **'ચૈતન્યસ્વરૂપ આત્મામાં...'** પછી આત્માની વ્યાખ્યા કરી. પહેલાં શ્લોકમાં એ આવ્યું, ચૈતન્ય સ્વરૂપ આત્મા–એ તો જાણનાર-દેખનાર પ્રભુ છે. આહા..હા..! ઇ તો ચૈતન્યસ્વરૂપ આત્મા છે. આહા..હા..! ચૈતન્યસ્વરૂપ સૂર્ય, ચૈતન્યસૂર્ય, દીવડો આત્મા છે. આહા..! એવા **'ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી**

**જ...'** એવા આત્મામાં, આત્માથી એટલે રાગથી નહિ, પુણ્યથી નહિ, વ્યવહારથી નહિ. મારા સ્વભાવથી જ **'(-પોતાથી જ-) નિરંતર વર્તું છું.'** આહા..હા..! આ ચારિત્ર. અહીં તો હજી સાંભળવાની ગંધ પણ ન મળે, ત્યાં ચારિત્ર ક્યાંથી આવી ગયું ? આહા..હા..! માણસને દુઃખ લાગે. ચારિત્ર કહેવડાવતા હોય. પ્રભુ! દુઃખ લાગે પણ આ ઊંધી માન્યતામાં દુઃખ બાપા! તને આકરું પડશે, ભાઈ! તું પ્રભુ છો. તું પણ પ્રભુ છો, પ્રભુ થા. તને દુઃખ થાય એ કોઈની ભાવના હોય નહિ. તને તારી શ્રદ્ધા ખોટી છે એમ કરીને તને દુઃખ થાય એવી ભાવના હોય નહિ. આહા..હા..! દુઃખ ટાળી શક અને આનંદ સ્વરૂપ તું છો. આહા..હા..!

એ તો 'દ્રવ્ય સંગ્રહ'માં આવ્યું છે, 'દ્રવ્ય સંગ્રહ'માં. જ્યાં અવાયવિચય(નો બોલ) આવ્યો છે ત્યાં (લખ્યું છે), હું અલ્પકાળમાં આઠે કર્મથી રહિત થવાનો છું, થવાનો છું. બધા આત્માઓ ભગવાન આઠ કર્મથી રહિત થાવ. આહા..હા..! ધર્મી આમ વિચાર કરે છે. આહા..હા..! કોઈ દુઃખી થાવ ને કોઈ વિરોધ કરનારાઓ તમને વિરુદ્ધના ફળ મળે એ નહિ, નહિ, નહિ. પ્રભુ! તમે સુખી થાવ. તમે અંદરમાં સુખનો આનંદનો કંદ ભર્યો છે. આહા..! 'દ્રવ્ય સંગ્રહ' માં લખાણ છે, 'દ્રવ્ય સંગ્રહ' છે ને ? 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી'. આહા..હા..! અવાયવિચય, વિપાકવિચય, અવાયવિચય, સંસ્થાનવિચય છે ને ? એ છે ને ? અવાયવિચયમાં આવું લખાણ ટીકા છે. બધા જીવો ભગવાન કર્મરહિત થઈ જાવ. આહા..હા..!

**'(સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (-પોતાથી જ-) નિરંતર વર્તું છું.'** આહા..હા..! ભગવાનને પૂછવા જાવું પડે કે હું ચારિત્રવંત છું ? આહા..હા..! ચારિત્રવંત પણ પોતે પોતાના આત્માને આ રીતે અનુભવે છે કે હું ચારિત્રવંત છું. આહા..! એ કળશ પૂરો થયો ને ? પછી એક કળશ છે એ આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*** રાગાદિ પરપરિણતિ પરઘર છે, દુઃખનું સ્થાન છે. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ એમ એક-એક ગુણ પૂર્ણ, એવા અનંત ગુણોનું પૂર્ણરૂપ–નિજ ચૈતન્યઘર એ જ વિશ્રાંતિનું સ્થાન છે. વિશ્રાંતિગૃહ ભગવાન આનંદકંદમાં પડ્યું છે. એ તો અતીન્દરર્ય આનંદનું દળ છે. પ્રભુ ! ઇન્દ્રિયોના વિષયોમાં જે કાંઈ આનંદ લાગે છે, ઠીક લાગે છે–એ કલ્પના તો ભ્રમ ને દુઃખ છે. આહાહા! પોતે આનંદનું ઘર છે ને ! દુઃખના થાક ઉતારવા વિશ્રાંતિગૃહ તો નિજ આત્મા જ છે ને ! અહા ! આવો ઉપદેશ ! ૬૬૨.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા-૬૮, પ્રવચન નં. ૪૫
## તા. ૨૭-૦૭-૧૯૭૬
## [૫]

પર્યાય કો ઉત્પન્ન કરતો નથી. આહા..હા..! અને પર્યાયનો વ્યય કરતો નથી. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્ છે. તો ધ્રુવ જે ચીજ છે એ પોતાની પર્યાયમાં પણ આવતી નથી અને પર્યાયને કરતી નથી. આહા..હા..! અજ્ઞાની આત્મા પરદ્રવ્યનો કર્તા નથી, કરી શકતો નથી. અજ્ઞાનીનો આત્મા અને આત્મા શું છે એ દૃષ્ટિમાં નથી તો એ રાગનો કર્તા અજ્ઞાની થાય છે. વ્યવહાર રાગનો કર્તા થાય છે. પરનો કર્તા તો અજ્ઞાની પણ નથી થઈ શકતો. કેમકે પરપદાર્થ પોતાની પર્યાયનો કર્તા (છે) અને પર્યાયથી રહિત તો કદી પરપદાર્થ નથી તો એ પદાર્થની પર્યાયને અજ્ઞાની પણ નથી કરતો. અજ્ઞાની કરે તો પોતાના દ્રવ્યને ભૂલીને રાગને કરે. એને ખબર નથી કે હું કોણ છું ? અહીંયાં તો જેને ખબર છે કે હું શુદ્ધ ચૈતન્યઘન છું... આહા..હા..! એવો આત્મા પરદ્રવ્યની પર્યાયનો પર્યાય કર્તા નથી. પોતાની પર્યાયથી પરદ્રવ્યનો કર્તા આત્મા નથી અને નિર્મળ પર્યાયથી આત્માનું ભાન થયું તો નિર્મળ પર્યાયથી રાગનો પણ કર્તા નથી. આહા..હા..! આવી ઝીણી વાત. લોકો ક્યાંક લઈ જાય છે. પરદ્રવ્યનો કર્તા ન માને એ દિગંબર જૈન નહિ. પ્રભુ ! શું કરે છે, ભાઈ ? અરે..! પરમાત્માના વિરહમાં આમ ન હોય. પરમાત્મા તો આમ ફરમાવે છે. ત્રિલોકનાથ કહે છે.

શુદ્ધનિશ્ચયથી ત્રિકાળી વસ્તુ જે ભગવાનઆત્મા એ ઉત્પાદને કરતો નથી, વ્યયને કરતો નથી. આહા..હા..! બંધને કરતો નથી અને મોક્ષને કરતો નથી. આહા..હા..! ત્રિકાળી વસ્તુ જે સમ્યગ્દર્શનનો વિષય... આહા..હા..! એ ચીજ તો પર્યાયની કર્તા નથી, મોક્ષની પર્યાયનો કર્તા નથી. આહા..હા..! હવે એને પરનો કર્તા માનવો છે. 'દેવીલાલજી'! ભગવાન ! તારી ચીજ શું છે તને ખબર નથી, પ્રભુ ! ચીજ એ છે એ તો ભગવાન પોતાની પર્યાયની, મોક્ષમાર્ગની કે મોક્ષની પર્યાયનો કર્તા નથી. આહા..હા..! શેઠ ! આહા..હા..! એ તો નિર્મળ મોક્ષની પર્યાયનો અકર્તા દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'હે યોગીશ્વર,...'** શિષ્યને કહે છે. 'યોગીન્દ્રદેવ' દિગંબર મુનિ છે. સંત દિગંબર આત્મજ્ઞાની, અનુભવી, ભાવલિંગી વીતરાગના આનંદમાં અનુભવ કરનારા છે. આહા..હા..! એ પોતાના શિષ્યને કહે છે, હે યોગી ! **'નિશ્ચયનયકર વિચારા જાવે,...'** વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિએ વિચારવામાં આવે... આહા..હા..! વસ્તુ જે ધ્રુવ ચિદાનંદ પ્રભુ, જેની આદિ નથી, જેનો અંત નથી અને પૂર્ણ સ્વભાવથી

ખાલી નથી. આહા..હા..! એવી ચીજ વસ્તુ જે ભૂતાર્થ છે. લ્યો ! આવી ચીજ છે. આહા..હા..! 'અમરચંદભાઈ'!

ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ પોતાનો પૂર્ણ સ્વભાવ.. પૂર્ણ સ્વભાવ.. પૂર્ણ સ્વભાવ... અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ એવા પૂર્ણ સ્વભાવથી ભરેલું જે તત્ત્વ, એ તત્ત્વ મોક્ષના પરિણામને અને મોક્ષના માર્ગના પરિણામને કરે નહિ. આહા..હા..! આવી વાત છે, ભગવાન ! સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ ત્રિકાળ છે. તો સમ્યગ્દૃષ્ટિ એમ માને છે કે આ મારી પર્યાય છે એનો દ્રવ્ય કર્તા નથી એમ એ માને છે. આહા..હા..! અરે..! પ્રભુ ! ભાઈ ! તારો માર્ગ આ છે. વીતરાગ સ્વભાવથી ભરેલો પ્રભુ ! સમ્યગ્દૃષ્ટિ એમ માને છે, સમ્યગ્દર્શન છે પર્યાય પણ એ એમ માને છે કે મારી ચીજ છે એ તો સમ્યગ્દર્શનનો પણ કર્તા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? આવો માર્ગ છે. વીતરાગ... ઇ કહે છે.

**'નિશ્ચયનયકર વિચારા જાવે, તો યહ જીવ...'** વાસ્તવિક ભૂતાર્થ તત્ત્વ જે ત્રિકાળી છે એ દૃષ્ટિથી અને એ નયથી વિચારવામાં આવે તો... આહા..હા..! **'ન તો ઉત્પન્ન હોતા હૈ, ન મરતા હૈ...'** વ્યયનો પણ કર્તા નથી અને ઉત્પાદનો પણ કર્તા નથી અને ભગવાન ઉત્પાદમાં પણ આવતો નથી, વ્યયમાં પણ આવતા નથી. આહા..હા..! દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શનની જે પર્યાય ઉત્પન્ન થઈ એ પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. આહા..હા..! એ પર્યાયનો દ્રવ્ય કર્તા નથી એમ સમ્યગ્દૃષ્ટિ જાણે છે. આહા..હા..!

શ્રોતા :– સમ્યગ્દૃષ્ટિનું એવું જાણવું ધર્મ છે કે અધર્મ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– સમ્યગ્દર્શન ધર્મ છે. સમ્યગ્દર્શન અને ચારિત્રાદિ એ તો ધર્મની પર્યાય છે. સમ્યગ્દૃષ્ટિ એમ માને છે કે પર્યાયનો પણ દ્રવ્ય કર્તા નથી. આહા..હા..! અને પર્યાય રાગનો કર્તા નથી, રાગ પરનો કર્તા નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! સમ્યગ્દર્શનની પર્યાયમાં ત્રિકાળી ચીજ જે દૃષ્ટિમાં આવી છે તો એ સમ્યગ્દૃષ્ટિ એમ જાણે છે અને માને છે કે આ સમ્યગ્દર્શનની પર્યાયમાં આત્મા આવતો નથી. આત્મા સમ્યગ્દર્શનની પર્યાયમાં ઉત્પન્ન થતો નથી. આહા..હા..! એ સમ્યગ્દર્શનની પર્યાયમાં આખા પૂર્ણ આત્માની પ્રતીતિ આવે છે, પ્રતીતિ. પણ પ્રતીતિમાં એ દ્રવ્ય નથી આવતું. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો. અરે..! ક્યાં અટકે છે ? પ્રભુ ! આહા..હા..!

કહે છે, **'ઔર ન બંધ–મોક્ષકો કરતા હૈ અર્થાત્ શુદ્ધનિશ્ચયનયસે બંધ-મોક્ષસે રહિત હૈ, ઐસા જિનેન્દ્રદેવ કહતે હૈં.'** છે ? આહા..હા..! ત્રિલોકનાથ જિનવરપ્રભુ, જેને એક સમયમાં લોકાલોક જણાયા છે અને આખું દ્રવ્ય જણાયું છે. એક સમયની પર્યાયમાં પૂર્ણ દ્રવ્ય શું છે એ જણાયું છે અને લોકાલોક પર્યાયમાં એમને જણાયા છે. એવા જિનવરદેવ દિવ્યધ્વનિ દ્વારા ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે આમ કહેતા હતા... આહા..હા..! કે ભગવાનઆત્મા એ પરનો તો કર્તા નથી, રાગનો તો કર્તા નથી, પણ નિર્મળ પર્યાયનો પણ કર્તા નથી. આહા..હા..! 'અમરચંદભાઈ'! આ ગાથા તો છેલ્લા માલની છે. ૩૨૦ ગાથાના વ્યાખ્યાન ઘણા થઈ ગયા છે. 'સમયસાર'ની ૩૨૦ ગાથા છે. એની 'જયસેનાચાર્ય'ની

ટીકામાં આ આવ્યું છે. એ સંસ્કૃત ટીકા છે 'જયસેનાચાર્ય'ની. એમાં આ ગાથા છે. હમણા 'મુંબઈ'માં વ્યાખ્યાન થઈ ગયા છે. ૩૨૦ ગાથા ઉપર ૧૧ વ્યાખ્યાન થયા. દસ-દસ હજાર માણસ, બાર-બાર હજાર, પંદર હજાર બધા સાંભળતા. બાપા ! સાંભળો, ભાઈ ! 'પોપટભાઈ'! 'પોપટભાઈ' હતા. બધા સાંભળતા હતા. સાંભળો, બાપા ! આહા..હા..!

સુણજો તમે. આવે છે ને ક્યાંક ? 'પંચાસ્તિકાય'માં પહેલાં આવ્યું ને ? સુણજો તમે, નહિ ? કાલે સજ્ઝાય આવી હતી. આહા..હા..! કાલે 'પંચાસ્તિકાય'માં આવ્યું હતું. 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે... આહા..હા..! વીતરાગી સંત છે અને જેને સમ્યગ્દર્શનાદિ અપ્રતિહત પ્રગટ્યા છે. આહા..હા..! એ કહે છે, એ કહે છે કે સુણજો તમે, પ્રભુ ! તમે સાંભળો. આહા..હા..! ભગવંત ! એકવાર અમે કહીએ એ સાંભળ, ભાઈ ! પ્રભુ તરીકે બોલાવે છે.

૭૨ ગાથામાં આવ્યું છે. 'સમયસાર' ૭૨ ગાથા છે. ભગવાનઆત્મા શુચિ છે એમ કહ્યું. સંસ્કૃતમાં એમ છે. પુણ્ય અને પાપનો ભાવ છે એ અશુચિ છે, અપવિત્ર છે અને મેલપણે અનુભવાય છે અને ભગવાનઆત્મા.. એવો પાઠ છે. ભગવાન તરીકે બોલાવ્યો છે. આહા..હા..! એની માં ઘોડિયામાં... શું કહેવાય એ ? ઝુલામાં સુવડાવે તો વખાણ કરે છે. 'બેટા ! પાટલે બેસી નાહ્યો' એમ આવે છે ને ગાણા ? એ સુવાડવા માટે કહે છે. ભગવાન જાગૃત કરાવવા કહે છે. ત્રણ લોકના નાથ ભગવાન એકવાર સાંભળ. અરે..રે...! આહા..હા...! તું અધૂરો નથી, અપૂર્ણ નથી, અલ્પજ્ઞ નથી, વિકારી નથી. આહા..હા..! તું તો પવિત્ર જ્ઞાનાનંદ સ્વભાવનો પિંડ પ્રભુ છો. એવો એ આત્મા જેને દૃષ્ટિમાં આવ્યો છે એને એમ કહે છે કે તારી પર્યાયનો કર્તા એ દ્રવ્ય નથી. આહા..હા..! પર્યાય પર્યાયે કરી છે. એ સમજો તમે. આહા..હા..! આવી વાત છે, ભાઈ !

સંસારના જન્મ-મરણના દુઃખો જુઓને, ઓ..હો..! કાલે રબારીનો છોકરો મરી ગયો બિચારો. રબારી. ભરવાડ હોય છે ને ? ભરવાડ નથી હોતા ? ભરવાડ નથી સમજતા ? બકરા ચરાવે એ. પંદર વર્ષનો છોકરો હતો. માહ મહિનામાં લગ્ન થયા હતા. હજી હમણા લગ્ન કર્યા હતા. આપણા 'પૂનાભાઈ' અહીંયાં કામ કરે છે ને ? એની છોકરી સાથે. હમણા 'પૂનાભાઈ' આવ્યા હતા. અહીં આવી ગયા. છેલ્લે એમ બોલ્યો, મને બાંધો, મારાથી બટકું ભરાઈ જશે. હડકાયું કૂતરું હોય ને ? મને બાંધો અને મારો ખાટલો ઊંધો વાળી દ્યો. સાંભળ્યું હતું ? એ કહેતા હતા. એમ કેમ એ ખાટલો ઊંધો વાળવાનું કહ્યું ? આહા..હા..! રામ.. એમ બિચારો બોલતો હતો. ઇ પિડા... ઇ પિડા દેહની એકતાબુદ્ધિની છે. એ દેહની એકતાબુદ્ધિની પિડા છે. દેહમાં રોગ છે એનું દુઃખ નથી. પોતાના આનંદસ્વરૂપને ભૂલીને દેહ અને રાગની એકતાબુદ્ધિમાં જે દુઃખ ઉત્પન્ન થાય છે એને વેદે છે, શરીરની પિડા નથી. શરીર તો જડ છે એની પીડા તો જડમાં છે. આહા..હા..!

**શ્રોતા :-** શરીર બગડે તો ખરું ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શરીર બગડવું કોને કહેવું ? એની પર્યાયને કાળે થાય એને બગડવું શું

કહેવું ? એ તો લોકની ભાષાએ રોગ હોય ત્યારે કહેવાય. એ રોગની અવસ્થા પણ તે પરમાણુની તે સમયની પર્યાય છે. આહા..હા..! તે સમયની એ પર્યાય છે. આહા..હા..! એને ખરાબ પણ શું કહેવું અને એને સારું શું કહેવું ? એ તો પર્યાય છે. રોગ એ પરમાણુની પર્યાય છે. આત્મા એનો જાણનાર છે. આહા..હા..!

કહે છે કે **'શુદ્ધનિશ્ચયસે બંધ-મોક્ષસે રહિત હૈ, ઐસા જિનેન્દ્રદેવ કહતે હૈં.'** એમ મુનિરાજ કહે છે કે જિનેન્દ્ર આમ કહે છે તે તું સાંભળ. આહા..હા..! ભાઈ ! તારો મારગડો બહુ જુદો છે અને એ માર્ગનું ધ્યેય જે છે એ દ્રવ્ય છે. સમ્યગ્દર્શનનો માર્ગ જે છે, મોક્ષમાર્ગ કહો એનું ધ્યેય તો દ્રવ્ય છે કે જે પર્યાયને કરતું નથી એ દ્રવ્ય એનું ધ્યેય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એમ જિનેન્દ્રદેવ કહે છે. આટલું તો પરમદિ' આવી ગયું હતું. આ ફરીને લીધું હિન્દીમાં જરી. આહા..હા..!

**ભાવાર્થ :– 'યદ્યપિ યહ આત્મા શુદ્ધાત્માનુભૂતિકે અભાવકે...'** આહા..હા..! એવો જે દ્રવ્ય સ્વભાવ– શુદ્ધ સ્વરૂપ, જે પર્યાયને કરતો નથી, પર્યાયમાં આવતો નથી. પર્યાયને કરતો નથી, પર્યાયમાં આવતો નથી... આહા..હા..! એવો શુદ્ધાત્મા, એની જે અનુભૂતિ. એની સન્મુખ થઈને એનો અનુભવ, એનો અભાવ. શુદ્ધાત્માનુભૂતિનો અભાવ. આહા..હા..! અનાદિકાળથી ભગવાન જે શુદ્ધ સ્વરૂપ, જે પર્યાયને પણ કરતો નથી એવો જે શુદ્ધાત્મા, એની જે અનુભૂતિ એ પર્યાય છે. એવો જે શુદ્ધાત્મા એની અનુભૂતિ એ પર્યાય છે. શુદ્ધાત્મા એ દ્રવ્ય છે. આહા..હા..! એ શુદ્ધાત્માની અનુભૂતિના અભાવને કારણે **'શુભ-અશુભ ઉપયોગોંસે પરિણમન કરકે...'** આત્મા લીધો છે પાછો, હોં ! ત્યાં. પર્યાયમાં પોતાની અનુભૂતિને અભાવને કારણે પોતાનો ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, એની અનુભૂતિના અભાવને કારણે શુભાશુભભાવ કરીને. છે ?

**'શુભ-અશુભ ઉપયોગોંસે પરિણમન કરકે...'** આહા..હા..! જુઓ ! શુભોપયોગમાં પરિણમીને. પોતાની શુદ્ધ સ્વરૂપની અનુભૂતિના અભાવના કારણે શુભ ઉપયોગરૂપ પરિણમીને. આહા..હા..! આ વ્યવહાર. **'જીવન, મરણ, શુભ, અશુભ, કર્મબંધકો કરતા હૈ,...'** ગતિનું ઉત્પન્ન થવું અને ગતિનું વ્યય થવું અને શુભ-અશુભ કર્મબંધને કરે છે. આહા..હા..! શું કીધું ? કે જે શુદ્ધનયથી કહેવામાં આવ્યું કે જે ત્રિકાળી ચીજ પરમાત્મા, એ તો પર્યાયને કરતો નથી તો રાગને કરે અને પરને કરે એમ તો એમાં છે જ નહિ. એવો સમ્યગ્દર્શનનો વિષય શુદ્ધ ચૈતન્યઘન આમ હોવાથી એની અનુભૂતિના અભાવને કારણે. આહા..હા..!

ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનું દળ ભગવાન છે. આહા..હા..! ... એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ, આનંદનું દળ છે. આહા..હા..! જેમાં જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ પડી છે એ ત્રિકાળને જાણીને જાણવાની શકિતવાળો એ આત્મા છે. ત્રિકાળ વસ્તુ છે એના ત્રિકાળી જ્ઞાન, દર્શન ત્રિકાળને જાણવા-દેખવાની શક્તિ ધરાવે છે. આહા..હા..! એવો જે ભગવાનઆત્મા, એની સન્મુખની અનુભૂતિ એ પર્યાય છે. અનુભૂતિના અભાવને કારણે.. આહા..હા..! શુભ-અશુભ ઉપયોગથી

શુભાશુભ કર્મ બાંધ્યા. આહા..હા..! શુભ-અશુભ ઉપયોગથી શુભાશુભ કર્મ બાંધ્યા, એનાથી જન્મ-મરણ કરે છે. આહા..હા..! અહીં તો શુભોપયોગથી કર્મ બાંધે છે અને એનાથી જન્મ-મરણ કરે એમ કહ્યું. એ શુભોપયોગથી આત્માને સમ્યગ્દર્શન થાય ? આહા..હા..! .. એવો માર્ગ છે. પંડિતજી !

**શ્રોતા :–** આપે શું ફરમાવ્યું સમજાણું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ન સમજાણું ? ભગવાન આત્મા ધ્રુવ જે કહ્યો એ તો નિર્મળ પર્યાયનો પણ કરતો નથી, મલિનપર્યાયને એ કરતો નથી તો નિર્મળ પર્યાયને તો કરતો જ નથી. આહા..હા..! એવો આત્મા, એની અનુભૂતિના અભાવે, એ ચીજને સન્મુખ થઈને જે આત્માના આનંદનો અનુભવ થાય એવા આનંદની અનુભૂતિના અભાવે શુભ-અશુભ ઉપયોગથી શુભાશુભ કર્મ બાંધ્યા. શુભોપયોગથી અનુભૂતિ થાય છે એ તો ક્યાંય રહી ગયું. સમજાણું કાંઈ ? અરે..! આ ક્યાં (છે) ? બાપા ! અત્યારે માંડ ટાણા મળ્યા. અરે...! આહા..હા..! દુનિયાના દુઃખ જોવે તો ખરો. દુનિયાના દુઃખ દેખીને આંસુ આવે એવી પીડા જગતની છે. આહા..હા..! એ પીડા ટાળવાના ટાણા છે પ્રભુ ! એમાં તને આ પરની પકડ, આનાથી આ થાય ને આનાથી આ થાય. આહા..હા..! ભગવાન ! શુભોપયોગથી.. શું કહ્યું ? **'શુભ-અશુભ ઉપયોગોંસે પરિણમન કરકે જીવન, મરણ, શુભ, અશુભ (કર્મબંધકો કરતાં હૈ.)'** શુભઉપયોગથી શુભકર્મ, અશુભઉપયોગથી અશુભકર્મ (બાંધે છે).

**મુમુક્ષુ :-** નિશ્ચયથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચય નહિ, વ્યવહારથી. પર્યાય એ વ્યવહાર છે. સમજાણું કાંઈ ? આહા..હા..! અરે..! તને ક્યાં સંતોષ છે ? બાપુ ! શુભભાવમાં પણ જ્યાં રોકાય ગયો છે, અટકી ગયો છે. બહારમાં તો શું ચીજ પડી છે ? જગતની માયાજાળ. આહા..હા..! સ્મશાનમાં હાડકા હોય છે ને હાડકા ? સ્મશાનમાં. એમાં ચમક ચમક થાય છે. બાળક એમ માને કે ભૂત છે. ભૂત નહિ પણ એ હાડકામાં શું કહેવાય ? ફોસ્ફરસ. મસાણમાં હાડકામાં હોય ને ? એમ આ આખી દુનિયા હાડકાની ફાસફૂસ છે. આહા..હા..! પ્રભુ ! તું ક્યાં છો ? અને ક્યાં તું રોકાઈ ગયો ? આહા..હા..!

અહીં તો પ્રભુ એમ કહે છે, સિદ્ધ એ કરવું છે કે વસ્તુ પર્યાયને કરતી નથી અને પર્યાયમાં આવતી નથી, એ વાત સિદ્ધ કરવી છે. પણ કહે છે કે અત્યાર સુધી આ થયું શું ? કે એ શુદ્ધ ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ વિના અને એની અનુભૂતિ વિના.. આહા..હા..! એણે શુભ-અશુભ ઉપયોગ કર્યો, શુભ-અશુભ ઉપયોગ કર્યો. શુભોપયોગ તો એકેન્દ્રિયમાં પણ થાય છે. ભગવાન તો એમ કહે છે કે નિગોદમાં એક શરીરમાં અનંત જીવ (છે). આહા..હા..! પ્રભુ ! તારું જ્ઞેય કેટલું છે ? તારા જ્ઞાનમાં આવવા લાયક જ્ઞેય કેટલું છે ! એક રાયના દાણા જેટલો કાયનો, લસણનો, ડુંગળીનો... ડુંગળી કહે છે તમારે ? પ્યાજનો એક રાયના દાણા જેટલો ટૂકડો લ્યો તો એમાં અસંખ્ય તો શરીર છે. એક શરીરમાં સિદ્ધ કરતાં અનંતગુણા જીવ છે. વસ્તુસ્થિતિ એને ક્યાં (ખબર છે). આહા..હા..! એ જીવમાં શુભ-અશુભભાવ થાય છે એમ કહેવું છે. ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ, ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ.

નિરંતર ધારા ચાલે છે. એવું ભગવાનના કર્મશાસ્ત્રમાં–કરણાનુયોગમાં છે. સમજાણું કાંઈ ? એ કોઈ નવી ચીજ નથી. શુભભાવ એ કોઈ નવી ચીજ નથી.

અહીં તો એ કહ્યું કે ભગવાનઆત્મા પર્યાયનો કર્તા નથી એમ અમારે સિદ્ધ કરવું છે. એ આત્માની પર્યાય અનુભૂતિ નહિ કરતાં... આહા..હા..! અનુભૂતિના અભાવે, શુભાશુભ ઉપયોગથી શુભ-અશુભ કર્મ બાંધે છે અને શુભ-અશુભ કર્મથી શુભ-અશુભ ગતિમાં ઉત્પન્ન થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? કર્મબંધને કરે છે.

**'ઔર શુદ્ધાત્માનુભૂતિકે પ્રગટ હોને પર...'** ભગવાનઆત્મા ચૈતન્ય આનંદકંદ પ્રભુ એવો ધ્રુવ પ્રભુ, એની અનુભૂતિ, એના સન્મુખની પરિણતિ, વીતરાગી અનુભૂતિ. શુભ-અશુભભાવ હતો તે રાગ હતો. શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીત. આહા..હા..! ભગવાનઆત્મા જ્ઞાયકભાવ, પૂર્ણાનંદભાવ, પરમસ્વભાવભાવ, પરમપારિણામિક સહજભાવ, એની અનુભૂતિ. આહા..હા..! એ વસ્તુને અનુસરીને સન્મુખ થઈને જે અનુભૂતિ કરવી એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ ? શુદ્ધાત્માનુભૂતિ. શુદ્ધ આત્મા કોણ ? કે જે પહેલાં કહ્યો એ. ત્રિકાળી જે પર્યાયનો પણ કર્તા નથી. આહા..હા..! તારી વાત તને સાંભળવા મળે નહિ, પ્રભુ ! એ બિચારા ક્યાં જાય ? અને સત્યનો વિરોધ કરે. પ્રભુ ! તને ખબર નથી, ભાઈ ! આહા..હા..! એક સમયની ભૂલ છે. પ્રભુ તો ભૂલ વિનાનો છે.

**શ્રોતા :–** પુસ્તક નહિ હોય એની પાસે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પુસ્તક હોય તો શું કરે ? પુસ્તક તો વાંચે છે. (એની) દૃષ્ટિથી વાંચે છે ને. આહા..હા..! જ્યાં લગી પરનો કર્તા ન માને એ શ્વેતાંબર છે–એમ કહીને અહીં શ્વેતાંબર ઠરાવવું છે. અરે..રે..! પ્રભુ ! શું કરે છે તું આ ? અમે તો અહીં શ્વેતાંબરને ગૃહિત મિથ્યાદૃષ્ટિ માનીએ છીએ. શ્વેતાંબરને તો અમે ગૃહીત મિથ્યાદૃષ્ટિ માનીએ છીએ. અમે શ્વેતાંબર નથી. પર્યાયમાં દિગંબર છીએ, દ્રવ્ય તો દિગંબર પણ નથી.

કહે છે,... થોડું ગુજરાતી આવી જાય છે. ભાષા ઇ છે ને. **'શુદ્ધાત્માનુભૂતિ કે પ્રગટ હોનેપર...'** ભાષા જુઓ ! સમજાણું કાંઈ ? આહા..હા..! શુદ્ધાત્માનુભૂતિ સદ્‌ભાવે. એમ છે ને ? સદ્‌ભાવ છે. આહા..! એટલે ? ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની સન્મુખ થઈને અનુભૂતિનો સદ્‌ભાવ થવો, અનુભૂતિનું પ્રગટ થવું. સદ્‌ભાવ-હયાતી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે અનુભૂતિ, એ વસ્તુના સ્વભાવની સન્મુખ થઈને થાય છે તો એની અનુભૂતિના સદ્‌ભાવમાં. **'શુદ્ધોપયોગસે પરિણત હોકર...'** જુઓ ! પેલા શુભાશુભથી વિપરીત **'શુદ્ધોપયોગસે પરિણત હોકર...'** શુભોપયોગથી શુદ્ધોપયોગરૂપે પરિણમીને એમ નથી કહ્યું. સ્વ અનુભૂતિના કારણથી શુદ્ધોપયોગ કરીને. આહા..હા...! આવો માર્ગ, બાપુ ! આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ જિનવરદેવ મહાવિદેહમાં સાક્ષાત્ પ્રભુ બિરાજે છે. 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા. ત્યાં ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. સંવત્ ૪૯. બે હજાર વર્ષ થયા. સમજાણું કાંઈ ? એ

'કુંદકુંદાચાર્યો'ના કથનનું અનુકરણ બધા સંતોએ બહુ કર્યું છે. દિગંબર મુનિઓએ પણ 'કુંદકુંદાચાર્ય'ના કથનનું અનુકરણ ઘણું કર્યું છે.

**'શુદ્ધોપયોગસે પરિણત હોકર મોક્ષકો કરતાં હૈ,...'** લ્યો ! આત્મા ભલે મોક્ષની પર્યાયનો કર્તા નથી પણ આત્મા શુદ્ધાત્માનુભૂતિમાં પરિણમન કરીને મોક્ષને કરે છે. આહા..હા..! શુભભાવ બંધને કરે છે, શુદ્ધોપયોગ મોક્ષને કરે છે. બે વિપરીત વાત છે. આહા..હા..! અરે..! ભાઈ ! .. છોડીને કહે છે, ભાઈ ! ... કે આને આ થયું તો એની છોડી અહીં ગામમાં હતી તો બીજે મોકલી દીધી. એવું સાંભળ્યું. ઓલી એક છોકરી, માસ્તરની દીકરી. આને સાંભળ્યું તો આને થઈ ગયું. એને કરડેલું હતું. બીજી એક છોડીને બહાર મોકલી દીધી. આને જ્યાં થયું તો એને બહાર મોકલી દીધી. શું કહ્યું સમજાણું ? પાગલ કૂતરો છે. એક છોકરીને કરડી ગયું. ... તો એને બહાર પરગામે મોકલી દીધી. આહા..હા..! અને એ પાગલપણાનું વેદન ઘણું આકરું. એને સહન ન થાય. ક્યાંય ચેન પડે નહિ. અહીં તો કોઈક કહેતું હતું કે પાણી માગ્યું. પાણી આપ. આહા..હા..! એ સ્થિતિ છે.

જોયું છે, અમને ખબર છે. આહા..હા..! એ તો હડકાયો બહારથી પાગલ છે. આ તો રાગને પોતાનો માનવો અને રાગથી ધર્મ માનવો એ અંદરનો પાગલ છે. આહા..હા..! જેમાં ગતિ મળે એને ધર્મ માને એ પાગલ છે. આહા..હા..! અરે..! દુનિયાને ક્યાં જોવું, બાપુ ! તું કોણ છો ત્યાં જોને. તું કોણ છો ? તું કોણ છો ? કેવો છો ? આહા..હા..! અને તું એવો જ છો. તારી પાસે ચીજ છે એમ પણ નહિ, તું પોતે જ એવો છો. આહા..હા..! છે એની નજર કરવાની છે. આ...હા...!

વસ્તુ પૂર્ણાનંદ પ્રભુ, એની સન્મુખ થઈને સ્વીકાર કરવાનો છે. છે એનો સ્વીકાર કરવાનો છે એમાં શું તારે...? આહા..હા..! એ અનુભૂતિ છે. શુદ્ધ ભગવાનઆત્મા નિત્યાનંદ પ્રભુ, એની અનુભૂતિ એ પર્યાય છે. અંતર સ્વરૂપની દૃષ્ટિ કરી અનુભવ કરવો, આનંદનો અનુભવ કરવો એ અનુભૂતિ, એ શુદ્ધઉપયોગ. શુદ્ધઉપયોગમાં આનંદનો સ્વાદ આવે છે. શુભરાગમાં દુઃખનો સ્વાદ આવે છે. 'ગોદીકાજી'! સમજાય છે ને ? થોડી થોડી (ગુજરાતી) ભાષા આવી જાય છે. આ તો હિન્દી છે એટલે હિન્દી કરીએ છીએ. બપોરે તો 'સમયસાર' ચાલશે. શુક્રવાર સુધી હિન્દી ચાલશે. બે દિવસ પછી. શનિવારે તો આપણે શિક્ષણ શિબિર છે. ત્યારે હિન્દી લોકો આવશે. ચારે કોરથી ઘણા પત્રો આવ્યા છે. કાલે કોઈ કહેતું હતું. ભાઈ ! 'છિંદવાડા'. કેટલા ? ૨૫, ક્યાંકથી ૫૦. આવો તો ખરા. આ..હા...! આટલા પ્રેમથી, જિજ્ઞાસાથી કેટલા દૂરથી આવે છે. આહા..હા..!

અહીં પરમાત્મા જિનવર કહે છે, એમ આવ્યું છે ને ? જિનવરે કહ્યું છે. એમ અમે કહીએ છીએ, મુનિ કહે છે. અમારી કોઈ કલ્પનાની વાત નથી. જિનવરદેવ ત્રણ લોકના નાથ પરમેશ્વર વીતરાગ ભગવાનના શ્રીમુખે દિવ્યધ્વનિમાં આવ્યું છે એમ અમે તને કહીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'તો ભી શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયકર ન બંધકા કર્તા હૈ ઔર ન**

**મોક્ષકા કર્તા હૈ.**' જુઓ ! શુદ્ધ અનૂભૂતિ પોતાની નિર્મળ વીતરાગી દશાથી વિપરીત શુભાશુભભાવ, એ શુભાશુભભાવ પર્યાયમાં થાય છે અને એનાથી બંધ થાય છે. અને અનુભૂતિથી, શુદ્ધોપયોગથી મોક્ષ થાય છે. પણ એ પરમપારિણામિકભાવની દૃષ્ટિએ કહીએ તો એ મોક્ષની પર્યાયનો કર્તા નથી અને બંધની પર્યાયને પણ કરતા નથી. આહા..હા..! એ તો જ્ઞાતા-દૃષ્ટાનો પિંડ છે.

એ સત્‌ છે. તો સત્‌નું સત્ત્વ અનંત જ્ઞાન, દર્શન, આનંદ એ સત્‌નું સત્ત્વ છે. સત્ત્વ–એનો માલ. આહા..હા..! એ શુદ્ધાત્માનુભૂતિનો અભાવ કરીને, શુભાશુભભાવ કરીને જન્મ-મરણ કરે છે અને શુદ્ધાત્માનુભૂતિ કરીને મોક્ષને કરે છે, પણ વસ્તુની દૃષ્ટિએ જોઈએ તો બંધ અને મોક્ષને એ વસ્તુ કરતી નથી. આહા..હા..! હવે એના બહારના કામમાં હોંશિયારી. 'ગિરધરભાઈ' નથી હમણાં. એ તો હવે છૂટી ગયા છે. આહા..હા..! આ કાર્યકર્તા થાય છે ને ? 'ઢેબરભાઈ' ને... 'ઢેબરભાઈ' નથી આપણે ? 'ગાંધીજી'ના. અમે આમ કરીએ છીએ. હમણા તો એને કાંઈક બીજું થઈ ગયું હતું એવું સાંભળ્યું હતું. પક્ષઘાત થઈ ગયો છે. હા, એમ કોઈક કહેતું હતું. પક્ષઘાત. આહા..હા..!

આમ પર્યાયમાં શુભાશુભભાવ પર્યાયદૃષ્ટિથી કરે છે અને એ શુભાશુભભાવથી કર્મ બંધાય છે અને શુદ્ધાત્માનુભૂતિથી પર્યાયમાં શુદ્ધાનુભૂતિ થાય છે, એનાથી મોક્ષ થાય છે. '**તો ભી શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક...**' આહા..હા..! સહજ ત્રિકાળી સ્વભાવ જે પર્યાય વિનાની ચીજ. ધ્રુવ-ધ્રુવ, અનાદિ-અનંત, આદિ નહિ, અંત નહિ, સ્વભાવથી ખાલી નહિ. આહા..હા..! એવી ચીજ '**પારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયકર ન બંધકા કર્તા હૈ ઔર ન મોક્ષકા કર્તા હૈ.**' શુભાશુભભાવનો કર્તા પણ નથી, અનુભૂતિની પર્યાયનો પણ એ કર્તા નથી. આહા..હા..!

અરે..! ભગવાન ! તારી સામર્થ્ય શક્તિ તો જો ! આહા..હા..! અનંતવીર્યનો પિંડ તું છો, પ્રભુ ! અનંતવીર્યનો પિંડ ધ્રુવ વસ્તુ છે. અનંતજ્ઞાનનો પિંડ છે, અનંત સિદ્ધરૂપ છે, અનંત શાંતિ, સ્વચ્છતા, અકષાયસ્વભાવનો અનંત અનંત પિંડ છે. એવો પ્રભુ પરમભાવની દૃષ્ટિએ જોઈએ તો એ અનુભૂતિ અને શુભાશુભભાવ બેયને કરતો નથી. આહા..હા..! કહો, 'ખજુરીયાજી'! આવું સાંભળ્યું છે ? આવી વીતરાગની વાત છે. આ દિગંબર સંતો... આહા..હા..! દુનિયા દુનિયાની જાણે, બાપુ ! જેના જે પરિણામ છે તેના પરિણામનું વેદન તો એને છે ને. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

મિથ્યાશ્રદ્ધા કરે એનું વેદન તો પ્રભુ ! એને દુઃખનું કારણ છે. 'શ્રીમદ્' તો એમ કહે છે. 'બંધ મોક્ષ છે કલ્પના ભાખે વાણી મ્હાય, વર્તે મોહાવેશમાં શુષ્ક જ્ઞાન તેં આંહી'. ક્રિયાકાંડમાં જ્ઞાનમાર્ગ નિષેધતા... એની કરુણા ઊપજે. કરુણા ઊપજે, ભાઈ ! બાપુ ! દ્વેષ તારા ઉપર નથી. પણ ભાઈ ! તારી વિપરીત માન્યતાના ફળ, બાપુ ! તને દુઃખ બહુ કરશે. અત્યારે રાજી અને હોંશથી શુભભાવથી ધર્મ થાય ને શુભભાવ આમ ને ..એની હોંશ કરે, બાપુ ! આહા..હા...!

'**શુદ્ધ પારિણામિક પરમભાવ...**' ત્રિકાળ પરમભાવ, ભૂતાર્થ ભાવ, સત્યાર્થ ભાવ, પર્યાય વિનાનો ભાવ. આહા..હા..! ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે ને ? તો ઉત્પાદ-વ્યય વિનાનું ધ્રુવ. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં

સત્ છે ને ? 'તત્ત્વાર્થસૂત્ર' 'ઊમાસ્વામી'નું. એમાં ઉત્પાદ-વ્યય વિનાનું જે ધ્રુવ છે એ પરમભાવ દૃષ્ટિથી જોઈએ તો એ ધ્રુવ છે. એ બંધનો અને મોક્ષનો કર્તા નથી. આહા..હા..! મોક્ષના માર્ગનો કર્તા નથી.

**શ્રોતા :–** તત્ત્વાર્થ સૂત્રનો પાઠ તો મોઢે યાદ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મોઢે છે તો શું થયું ? અર્થ સમજાવો જોઈએ ને. એ તો હંમેશા સાંભળતા. દશલક્ષણી પર્વમાં. દશલક્ષણી. તત્ત્વાર્થસૂત્ર. એનો અર્થ સમજવો જોઈએ ને. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. એ પૂર્ણ સત્યની વાત કરી. પણ જે ધ્રુવ સત્ છે એમાં ઉત્પાદ-વ્યય નથી. નહિતર તો ઉત્પાદ-વ્યય પણ સત્ છે. પણ એ સત્ ઉત્પાદ-વ્યય, નિશ્ચયથી ઉત્પાદ-વ્યયના હેતુ વિના ધ્રુવ છે. આહા..હા..! જરા ઝીણી વાત છે. નિશ્ચયથી તો ઉત્પાદ છે એ પણ વ્યયના હેતુથી નથી, ઉત્પાદ છે એ ધ્રુવના હેતુથી નથી, વ્યય ઉત્પાદના હેતુથી નથી, વ્યય ધ્રુવના હેતુથી નથી, ધ્રુવ ઉત્પાદ–વ્યયના હેતુથી નથી. આહા..હા..! આવો વીતરાગમાર્ગ છે ક્યાં ? બાપા ! એ દિગંબર સિવાય (ક્યાંય નથી). એમાં દિગંબરમાં અર્થ કરવાવાળાને ઊંધા ગોટા ઊઠ્યા. આહા..હા..!

**શ્રોતા :–** આપે બધા અર્થ બદલી નાખ્યા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જેમ થાય એમ કર્યા. આહા..હા..!

પર્યાયમાં એવો શુભાશુભ ભાવ થાય છે, શુભાશુભ બંધ થતાં જન્મ-મરણ કરે છે અને અનુભૂતિ થતાં મોક્ષને કરે છે. એમાં જન્મ-મરણ નથી અને બેય ભાવનો કર્તા ધ્રુવ નથી. ઓહો..હો..! કેવળજ્ઞાનની પર્યાયનો કર્તા દ્રવ્ય નથી. ગજબ વાત છે. કેવળજ્ઞાનની પર્યાયમાં આખો લોકાલોક જણાય છે અને આખું દ્રવ્ય પણ જણાય છે. જેમ પૂર્ણ દ્રવ્ય છે એમ પર્યાયમાં જણાયું છે પણ પર્યાયમાં દ્રવ્ય આવ્યું નથી, એનું જ્ઞાન થયું. આહા..હા..! સમજાણું કાંઈ ? એક વાત.

નિમિત્તનો વિચાર આવ્યો. ભગવાનનું કેવળજ્ઞાન છે. સર્વવિશુદ્ધમાં–સિદ્ધાંતમાં લેખ છે કે લોકાલોકને એ નિમિત્ત છે. શું કીધું ? કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકને નિમિત્ત છે અને લોકાલોક છે એ કેવળજ્ઞાનની પર્યાયમાં નિમિત્ત છે. એનો અર્થ શું ? લોકાલોકે કેવળજ્ઞાન ઉત્પન્ન કર્યું, નિમિત્તે ? અને કેવળજ્ઞાનની પર્યાયે લોકાલોકને બનાવ્યું છે ? 'અમરચંદભઈ'! સર્વવિશુદ્ધમાં પાછળ છે. કેવળજ્ઞાનની પર્યાયમાં લોકાલોકને નિમિત્ત કહેવામાં આવે છે. 'દેવીલાલજી' ! સર્વવિશુદ્ધમાં પાછળ. આહા..હા..! ગજબ 'સમયસાર' તો એવી ઘડીએ લખાયું છે... ગજબ કામ કર્યું છે ! કેવળજ્ઞાનને ભુલવાડી દીધું છે. આહા..હા..!

કહે છે કે કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકને નિમિત્ત કહેવામાં આવે છે. એનો અર્થ શું ? કેવળજ્ઞાનની પર્યાયે લોકાલોક બનાવ્યું છે ? અને લોકાલોક કેવળજ્ઞાનની પર્યાયમાં નિમિત્ત છે. ત્યારે લોકાલોકે કેવળજ્ઞાનની પર્યાયને બનાવી છે ? એ છે એવી વસ્તુ, બસ. આહા..હા...! નિમિત્ત છે એટલે શું પણ ? કેવળજ્ઞાન લોકાલોકને નિમિત્ત છે એમ છે, તો શું કેવળજ્ઞાને લોકાલોક બનાવ્યું છે ? અને

લોકાલોક કેવળજ્ઞાનમાં નિમિત્ત છે, તો લોકાલોકે કેવળજ્ઞાનની પર્યાયને બનાવી છે ? આહા..હા..! સમજાણું કાંઈ ? કાલે આવ્યું હતું ને ? નિમિત્ત નહોતું આવ્યું ? જીવપરિણામને પ્રાપ્ત કરીને નિમિત્ત .. પુદ્‌ગલ પરિણામની પરિણતિ થાય છે અને પુદ્‌ગલપરિણતિનું નિમિત્ત બનાવીને અહીંયાં વિકાર થાય છે. એનો અર્થ શું ? શું કર્મના ઉદયે વિકાર કર્યો ? વિકાર કર્યો તો એણે કર્મબંધની પર્યાય કરી ? આહા..હા..! એ ગાથાની તકરાર પહેલેથી આવી છે. ઘણા વર્ષ પહેલાં. નિમિત્ત પ્રાપ્ત કરીને આમ થાય છે. પણ નિમિત્ત પ્રાપ્ત કરીને એનો અર્થ શું ? વિકારી પરિણામ છે અને સામે કર્મબંધની પર્યાય પોતાથી થાય છે. કોઈ આગળપાછળ નથી કે નિમિત્ત આવ્યું અને અહીં કર્મની પર્યાય થઈ. એમ છે ? કે કર્મનો ઉદય આવ્યો અને અહીં વિકાર થયો એમ છે ? એ ત્યાં નિમિત્ત છે. વિકાર પોતાથી થયો.

પછી એનો કર્તા ક્યાં છે ? આહા..હા..! આવી વસ્તુ છે, ભાઈ ! માને, ન માને સ્વતંત્ર જીવો છે. અનાદિકાળથી સત્યને શરણે ગયો નથી. સત્‌નું શરણ લીધું જ નથી, અસત્‌નું શરણ લીધું. શુભ અને અશુભભાવ ને આમ ને તેમ. આહા..હા..!

અહીં તો કહે છે કે પર્યાયનું જ શરણ નથી. પર્યાયનું શરણ તો ... જે દ્રવ્ય પર્યાયને કરતી નથી એ પર્યાયને દ્રવ્યનું શરણ છે. 'અમરચંદભાઈ'! આહા..હા..! સમ્યગ્દર્શનની પર્યાયને દ્રવ્ય કરતી નથી પણ સમ્યગ્દર્શનની પર્યાયને દ્રવ્યનું શરણ છે. શરણનો અર્થ ? એની સન્મુખતા કરી એ શરણ. આહા..હા..! સન્મુખ (એટલે) બીજું શું ? કાંઈ પર્યાય દ્રવ્યમાં એક થઈ જાય છે ? પર્યાય તો પર્યાયમાં રહે છે. પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યની શ્રદ્ધા કરે છે, પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યનું જ્ઞાન કરે છે. દ્રવ્યમાં ભળીને જ્ઞાન કરે છે ? આહા..હા..! વીતરાગમાર્ગ બાપા અલૌકિક છે. નાગા બાદશાહથી આઘા. નગ્ન મુનિઓ જેને બાદશાહની દરકાર નથી. સમાજમાં આ વાત બેસશે કે નહિ ? સમતોલ રહેશે કે નહિ ? વાત આ છે. માનો ન માનો તમારી મરજી. સમજાણું કાંઈ ? અને માનનાર ઘણા હોય તો એ સત્ય છે એમ કાંઈ નથી. સત્ય તો સત્ય જ છે.

**'ઐસા કથન સુનકર શિષ્યને પ્રશ્ન કિયા,...'** એમ કહ્યું ને કે બંધ-મોક્ષની પર્યાયનો દ્રવ્ય કર્તા નથી. તો પ્રશ્ન કર્યો. **'કિ હે પ્રભો, શુદ્ધ દ્રવ્યાર્થિકસ્વરૂપ શુદ્ધનિશ્ચયનયકર મોક્ષકા ભી કર્તા નહીં હૈ,...'** તમે તો કહો છો કે શુદ્ધ નિશ્ચયથી દ્રવ્ય સ્વભાવ જે છે એ મોક્ષનો કર્તા નથી. **'તો ઐસા સમજના ચાહિયે કિ શુદ્ધનયકર મોક્ષ હી નહીં હૈ ? જબ મોક્ષ નહીં, તબ મોક્ષકે લિયે યત્ન કરના વૃથા હૈ.'** શિષ્યનો પ્રશ્ન છે. શુદ્ધ નિશ્ચયથી તો મોક્ષ જ નથી. જો મોક્ષ નથી તો મોક્ષ માટે પ્રયત્ન કરવો એ વ્યર્થ છે. સમજાણું કાંઈ ? આપ શું કહેવા માગો છો ? તમે કહો છો કે મોક્ષનો અને બંધનો કર્તા ભગવાન નથી તો મોક્ષ માટે પ્રયત્ન કરવાનો રહેતો નથી. કેમકે મોક્ષ છે નહિ. મોક્ષ આત્મા કરતો નથી. દ્રવ્યમાં મોક્ષ છે ? નહીંતર વ્યર્થ પ્રયત્ન કરવો રહ્યો. એનો જવાબ કહેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## શ્રી કળશટીકા, કળશ–૧૯૮-૧૯૯, પ્રવચન નં.૨૨૨
## તા. ૩-૦૨-૧૯૭૮
## [૬]

'કળશટીકા' ૧૯૮ (કળશના) છેલ્લા થોડા શબ્દ છે ને ? ૧૯૮ ભાવાર્થ. **'ભાવાર્થ આમ છે કે મિથ્યાત્વ સંસાર છે;...'** પાઠમાં **'मुक्त एव'** કહ્યું છે ને ? છેલ્લો શબ્દ. સંસાર કોઈ આત્માની પર્યાયથી ભિન્ન નથી રહેતો. સંસાર એ આત્માની ભૂલ છે તો ભૂલ પોતાથી ભિન્ન નથી રહેતી. એ ભૂલ શું ? રાગની એકતાબુદ્ધિ. **'करणवेदन'** (પાઠ) છે ને ? રાગનું કરવું અને ભોગવવું તેનાથી રહિત ભાવ એ સમ્યગ્દૃષ્ટિ અને રાગનું કરવું અને ભોગવવું એ મિથ્યાદૃષ્ટિ. એ મિથ્યાત્વ એ જ સંસાર છે. કહે છે ને કે સ્ત્રી, કુટુંબ છોડી ને દુકાન છોડી એણે સંસાર છોડી દીધો. હેં ? પણ સંસાર એમાં ક્યાં હતો ? પરના ત્યાગ-ઉપાદાનશૂન્યત્વ શક્તિ. આત્મામાં એવી એક શક્તિ છે કે પરના ત્યાગ કે ગ્રહણ એમાં છે જ નહિ. પરના ત્યાગ-ગ્રહણ કેવી રીતે હોય ? એ તો અનાદિથી છે જ. પરનો ત્યાગ છે, ગ્રહણ તો છે નહિ. પરના ત્યાગ-ગ્રહણરહિત એવી શૂન્યત્વ શક્તિ આત્મામાં છે. ૪૭ શક્તિમાં ત્યાગ-ઉપાદાનશૂન્યત્વ શક્તિ એનું નામ છે. આહા..હા..! અહીંયાં તો રાગનો ત્યાગ અને સ્વભાવનો અનુભવ, તેનું નામ ત્યાગ અને ગ્રહણ છે. સમજાય છે કાંઈ ?

અહીંયાં કહે છે કે જેણે રાગનો ત્યાગ કર્યો નથી, શેમાંથી ? પોતાની જ્ઞાનની પર્યાયમાંથી. રાગ જે દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ છે તેનાથી જ્ઞાનની પર્યાય ભિન્ન કરી (નથી) અને એકત્વ કર્યું, રાગને તાબે થઈને પર્યાયનું રાગની સાથે એકત્વ કર્યું એ જ મિથ્યાત્વ છે અને એ જ સંસાર છે. આહા..હા..! અનંતકાળથી રખડે છે તો આ દૃષ્ટિથી રખડે છે. કહે છે કે મિથ્યાત્વ એ સંસાર છે. છે ને ? મિથ્યાત્વનો અર્થ આ. એની પર્યાયમાં નિશ્ચયથી તો ભગવાન એમ કહે છે કે જ્ઞાનની પર્યાયમાં આબાળગોપાળ બધાને સ્વ જ જણાય છે. શું કહ્યું ? આબાળગોપાળની જ્ઞાનની પર્યાયમાં... 'સમયસાર' ૧૭ મી ગાથા, ૧૭-૧૮.

વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જ્ઞાનની પર્યાયનું સ્વ-પરપ્રકાશક સામર્થ્ય હોવાથી જ્ઞાનની પર્યાયમાં સ્વ જ જાણવામાં આવે છે. સ્વ વસ્તુ જ જ્ઞાનની પર્યાયમાં જણાય છે. અજ્ઞાનીને અને બધા આબાળગોપાળને. ત્યારે એવું કેમ જાણતો નથી ? એ જ્ઞાનની પર્યાય જે છે, ભલે અજ્ઞાનીની પર્યાય હો, પણ પર્યાયનો સ્વભાવ, જ્ઞાનની પર્યાય છે ને ? તો જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક

છે ને ? તો જ્ઞાનની પર્યાયમાં સ્વદ્રવ્યનું જ્ઞાન તો અજ્ઞાનીને પણ થાય જ છે. આરે.. આરે...! આવી વાત.

૧૭-૧૮ ગાથા છે. આબાળગોપાળને જ્ઞાનની પર્યાયમાં... 'સમયસાર' ટીકામાં છે, મૂળ પાઠમાં થોડું છે. ટીકામાં છે–આબાળગોપાળ. ૧૭ મી ગાથા છે ને ?

**जह णाम को वि पुरिसो रायाणं जाणिऊण सद्दहदि।।**
**तो तं अणुचरदि पुणो अत्थत्थीओ पयत्तेण।।१७।।**
**एवं हि जीवराया णादव्वो तह य सद्दहेदव्वो।**
**अणुचरिदव्वो य पुणो सो चेव दु मोक्खकामेण।।१८।।**

એના અર્થમાં ખુલાસો કર્યો. અસ્તિથી છે. ટીકામાં નાસ્તિથી ખુલાસો કર્યો. **'જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા...'** એની ટીકા **'જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા...'** ત્રીજો પેરેગ્રાફ છે. **'આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...'** આહા..હા..! શું કહ્યું ? બધા જીવ, આબાળગોપાળ–બાળકથી માંડી વૃદ્ધ, બધાને તેમની જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય વસ્તુ છે તે જ જાણવામાં આવે છે. પોતાની ચીજ, હોં! દ્રવ્ય. કેમકે જ્ઞાનની પર્યાયનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી આબાળગોપાળ બધાને સર્વ કાળ પર્યાયમાં પૂર્ણ દ્રવ્ય જ્ઞેય છે તે જ જાણવામાં આવે છે છતાં તેની દૃષ્ટિ ત્યાં નથી. અજ્ઞાનીની દૃષ્ટિ રાગ ઉપર છે. દયા, દાન, વ્રતાદિનો જે શુભ રાગાદિ વિકલ્પ છે તેના ઉપર દૃષ્ટિ છે. તે કારણે પર્યાયમાં આખું જ્ઞેય આખું તત્ત્વ દ્રવ્ય, પૂર્ણાનંદનો નાથ પ્રભુ પર્યાયમાં જાણવામાં તો આવે છે પણ તેની દૃષ્ટિ ત્યાં નથી, તેની દૃષ્ટિ ત્યાં રાગરુચિ, પર્યાયબુદ્ધિમાં રાગમાં છે તે કારણે તેને ખ્યાલમાં આવતો નથી. સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** જણાતું હોવા છતાં ખ્યાલમાં નથી આવતું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ કહ્યું ને, અજ્ઞાનને કારણે ખ્યાલમાં નથી આવતું. કહ્યું ને એ તો ? કે રાગની રુચિના પ્રેમમાં જ્ઞાનની પર્યાયમાં આબાળગોપાળ બધાને આત્મા જ જાણવામાં આવે છે, આમ હોવા છતાં પણ. એમ અહીંયાં કહ્યું ને ? જુઓને! **'તેના અભાવને લીધે...'** **'અજ્ઞાની તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું'... તેના અભાવને લીધે, નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાંના શ્રદ્ધાન સમાન હોવાથી,...'** જુઓ! **'નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની...'** **'બંધના વશે પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી...'** આ ટીકા છે, બહુ સ્પષ્ટ છે. શું કહે છે ? કે આબાળગોપાળને, આબાળગોપાળ એટલે આ-બાળ (અર્થાત્) બાળકથી માંડીને ગોપાળ નામ વૃદ્ધ. બધાને જ્ઞાનની પર્યાયમાં જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક હોવાથી જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય સ્વપ્રકાશમાં આવે છે. એ જ્ઞેય જે પૂર્ણ દ્રવ્ય છે ને ? એ જ સ્વપ્રકાશમાં આવે છે. અજ્ઞાનીને પણ આવે છે, આબાળગોપાળ બધાને. છતાં તેની દૃષ્ટિ ત્યાં નથી. દૃષ્ટિ એ રાગ ઉપર છે. રાગ–દયા, દાન, વ્રત, ભક્તિ આદિ હું કરું, રચું, ભોગવું એ દૃષ્ટિ ત્યાં છે તો પર્યાયમાં પર્યાયવાન દ્રવ્ય જાણવામાં આવે છે છતાં તેની દૃષ્ટિમાં રાગ આવ્યો.

આહા..હા..! 'યશપાલજી'! સૂક્ષ્મ છે ભગવાન! વાત તો એવી છે. આહા..હા..! ટીકામાં ઘણું સ્પષ્ટ કર્યું છે.

**'આબાળગોપાળ સૌને સદાકાળ...'** અને સૌને એમ પાઠ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? હમણા પહેલાં શરૂઆતમાં કહ્યું હતું ને ? પંડિતજી સાથે વાત કરતાં હતા. કીધું, રાગ છે ને રાગ, રાગથી ભિન્ન પાડે તો જ્ઞાનની પર્યાયમાં જ્ઞાનની પર્યાય પૂર્ણને જાણે છે. રાગથી ભિન્ન કરે તો દૃષ્ટિ ત્યાં જાય છે. કેમકે જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય એટલું છે. પર્યાયનું, હોં! પણ રાગથી ભિન્ન થઈને પર્યાયનું લક્ષ (ત્યાં) જાય તો એ પર્યાયમાં દ્રવ્ય જાણવામાં આવે છે તો લક્ષ ત્યાં દ્રવ્ય ઉપર જાય છે. શું કહ્યું ? આવી વાતું છે, બાપુ! મૂળ વાત છે આ તો, ભઈ!

આવું કેમ થતું નથી ? આબાળગોપાળને પર્યાયમાં આત્મા જાણવામાં આવે છે છતાં કેમ જાણવામાં નથી આવતો ? કહે છે, રાગને વશ થઈને. બંધને વશાત. દૃષ્ટિ ત્યાં પડી છે. સમજાય છે કાંઈ ? એ છે, જુઓ! **'અનાદિ બંધના વશે...'** એમ ટીકા છે. અનાદિ બંધને વશ પડ્યો છે તો એની પર્યાયમાં જ્ઞેય આવવા છતાં જાણતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? આ તો આપણે ઘણીવાર વાત થઈ ગઈ છે પણ આ તો સહેજ એ વાત કરવી હતી કે રાગને વશ થાય છે તે કારણે પર્યાયમાં જ્ઞેય જણાતું હોવા છતાં જાણી શકતો નથી અને ધર્મીજીવ રાગથી જ્ઞાનની પર્યાયને ભિન્ન કરી તો એ પર્યાયમાં જ્ઞેય–આત્મદ્રવ્ય જ જાણવામાં આવ્યું છે. ત્યાં ભિન્ન કર્યું તો દ્રવ્ય ઉપર તેનું લક્ષ ગયું. એ પર્યાયમાં દ્રવ્ય જાણવામાં આવ્યું છે. એ પર્યાયમાં દ્રવ્ય આવ્યું નહિ, પર્યાયમાં દ્રવ્ય આવ્યું નહિ. આ બાજુ પર્યાયમાં રાગ પણ આવ્યો નથી. રાગ આવ્યો નહિ તેમ દ્રવ્ય આવ્યું નહિ. પણ રાગથી ભિન્ન કરીને જ્ઞાનની પર્યાય પકડે છે ત્યાં એ પર્યાયમાં પર્યાયવાન જાણવામાં આવે છે ત્યાં દૃષ્ટિ જાય છે, તેનું જ્ઞાન થાય છે. અરે..! એવી વાતું છે, પ્રભુ! આહા..હા..! સમજાય છે કાંઈ ?

આબાળગોપાળ પાઠ લીધો છે. છે ? **'અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...'** જોયું ? આહા..હા..! પોતે એટલે સ્વયં. આહા..હા..! કેમકે જ્ઞાનની પર્યાયનો.. બાપુ! આ તો ધીરજની વાતું છે. આ કોઈ (કથા, વાર્તા નથી). જ્ઞાનની પર્યાયમાં, જ્ઞાનગુણ ત્રિકાળી છે તેનો પણ સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે પણ એ તો ધ્રુવરૂપ છે અને પર્યાયમાં પરિણમનમાં, જ્ઞાનની પર્યાયમાં સ્વ-પરપ્રકાશક જાણવાની તાકાત છે, તાકાત છે તો પર્યાય સ્વને જાણે જ છે. આબાળગોપાળ બધાને, અજ્ઞાનીને પણ. પણ એની દૃષ્ટિ ત્યાં કેમ જાતી નથી ? કે એ રાગને તાબે થઈ ગયો છે. પર્યાયમાં રાગ, વિકલ્પ (છે) તેનો કર્તા-ભોક્તા થઈને તેને તાબે થઈ ગયો છે. એને તાબે થઈને પર્યાયમાં દ્રવ્ય જણાય છે તો દ્રવ્ય પણ જાણ્યું નહિ અને જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય કેટલું છે તેને પણ ન જાણ્યું. આહા..હા..! આવું છે, બાપુ! આ અંદરની વાતું છે. ઝીણી પડે પણ હવે (શું થાય) ? સમજાય છે કાંઈ ? એ કહ્યું.

અહીંયાં કહે છે, **'करणवेदनयोः'** આહા..હા..! એ બુદ્ધિ જ્યાં છૂટી ગઈ તો રાગથી જ્ઞાનની

પર્યાય ભિન્ન થઈ, રાગથી ભેદજ્ઞાન થયું તો એ પર્યાયમાં જાણવામાં આવતી (સ્વ) ચીજ તો જણાતી હતી પણ એનું લક્ષ ત્યાં નહોતું એટલે જાણતો નહોતો, તો પર્યાય રાગથી ભિન્ન કરી તો એ પર્યાયમાં જ્ઞેય આખું દ્રવ્ય જણાતું હતું, તો આ પર્યાય જ્ઞેયનું જ્ઞાન કરે છે (એમાં) પોતાનું પણ જ્ઞાન છે અને તેનું પણ જ્ઞાન છે, એવા સામર્થ્યની પ્રતીત આવતા દ્રવ્યની દૃષ્ટિ થઈ ગઈ. સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** રાગ ઉપરથી લક્ષ છૂટે નહિ તો દૃષ્ટિ શી રીતે કરવી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ તો અનાદિથી રાગ ઉપર જાય છે. રાગથી ભિન્ન પાડે, પર્યાય ઉપર લક્ષ જાય, રાગને ભિન્ન પાડે તો જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય જણાય છે તો એ પણ જણાઈ ગયું કે પર્યાયનું આટલું સામર્થ્ય (છે). પર્યાયનું એટલું સામર્થ્ય છે કે અજ્ઞાનીને પણ પર્યાયમાં જ્ઞેય આખું દ્રવ્ય જ જણાય છે. આહા..હા..! અનાદિથી આબાળગોપાળને સૌને અને સદાકાળ એવો પાઠ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? આમ હોવા છતાં, એમ પાઠ છે ને ? જુઓ! એમાં એવો પાઠ છે.

રાગ ને બંધને વશ... દૃષ્ટિ ત્યાં અનાદિથી (છે). અંદર ચીજ શું છે અને એ જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય શું છે તેની પ્રતીતિ કરી જ નથી. આહા..હા..! મુનિવ્રત લીધા, બાહ્ય ત્યાગ કર્યા, બધી ક્રિયા (કરી). હમણા આવશે. પછીની ગાથામાં આવશે, કળશમાં આવશે. ૧૯૯ કળશમાં (આવશે). પણ જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય એટલું છે કે રાગને પોતાનો માને છે એ તો મિથ્યાબુદ્ધિ છે. આહા..હા..! પણ એ જ્ઞાનની પર્યાય સ્વદ્રવ્યને પણ જાણે છે અને રાગને પણ, રાગમાં એકત્વ થયા વિના રાગને પણ જાણે છે. એવું પર્યાયમાં સ્વ-પરપ્રકાશક સામર્થ્ય છે એવી પ્રતીતિ થતાં આખા જ્ઞેયની પ્રતીતિ થઈ ગઈ. આહા..હા..! સમજાય છે કાંઈ ? અને એ મિથ્યાત્વ ટળતાં સંસાર ગયો. એ અહીંયાં (કહે છે), મિથ્યાત્વ ગયું તો સંસાર ગયો. કારણ કે મિથ્યાત્વ એ જ સંસાર છે. આવ્યું છે ને છેલ્લે ? આહા..હા..! એ મૂળ ચીજની વાત છે. સ્થિરતા કેવી રીતે થાય એ તો પછી, પણ આ મૂળ ચીજ છે. આહા..હા..! મૂળ ચીજની જ્યાં ખબર નથી ત્યાં (સ્થિરતા કેવી) ? અને જે ચીજ જાણવામાં નથી આવી તેની શ્રદ્ધા કેવી ? ગધેડાના શીંગડાં જેવી છે. જે ચીજ જાણવામાં નથી આવી તેની શ્રદ્ધા કેવી રીતે કરવી ? આહા..હા..!

પર્યાયમાં રાગથી જ્યારે એકત્વ કર્યું છે તો પર્યાયમાં જ્ઞેય જણાતું હોવા છતાં તેની બુદ્ધિ રાગને વશ થઈ ગઈ છે. આહા..હા..! તો એ નથી જાણતો સ્વને અને નથી જાણતો યથાર્થ પરને. સમજાય છે કાંઈ ? અને રાગથી યથાર્થપણે ભિન્ન થઈને, '**करणवेदनयोः**' ભિન્ન થઈને... એ આવી ગયું ને ? '**करणवेदनयोः अभावात्**' છે ને ? '**સમ્યગ્દૃષ્ટિ જીવને મટ્યા છે...**' એ '**करणवेदनयोः**' મટી ગયું. આહા..હા..! સૂક્ષ્મ છે. અંદર શલ્ય છે, એ મિથ્યા શલ્ય છે. બીજું બધું તો પછી, પણ એ રાગથી લાભ થશે, શુભરાગની ક્રિયા કરે છે તો મને લાભ થશે એવી એકત્વબુદ્ધિ છે એ મહામિથ્યાત્વ

શલ્ય છે. એ કારણે તેની દૃષ્ટિ જ્ઞાનની પર્યાયમાં આત્મા જણાતો હોવા છતાં જાણી શકતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? શેઠજી! ભાષા સમજાય છે ? કોઈ વખતે થોડી થોડી ગુજરાતી આવી જાય. આહા..હા..! સમજાય છે કે નહિ ? શેઠના દીકરા છે ને! આહા..હા..! કેમ સમજાય એમ પૂછે છે. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે પર્યાયમાં–જ્ઞાનની પર્યાયમાં રાગનું '**करणवेदनयो:**' જે છે એ જ મિથ્યાત્વ છે અને એ જ સંસાર છે અને જેનું મિથ્યાત્વ છૂટી ગયું. એ આવ્યું ને ? જુઓ! '**મિથ્યાત્વ મટતાં જીવ સિદ્ધસદૃશ છે.**' આહા..હા..! પછી પર્યાયમાં રાગની એકતાબુદ્ધિ છૂટી ગઈ અને રાગથી જ્ઞાનની પર્યાયને ભિન્ન કરી તો પર્યાયમાં જ્ઞેય જાણવાની તાકાત છે એ પણ ખ્યાલમાં આવી ગયું કે, આ પર્યાયની તાકાત દ્રવ્યને જાણવાની છે અને આ પર્યાયની તાકાત રાગને રાગમાં એકમેક થયા વિના, રાગની હયાતી છે તો જ્ઞાન થાય છે એમ પણ નહિ; એ રાગ, વ્યવહાર હો પણ પોતાની પર્યાય પોતાથી સ્વનું જ્ઞાન કરતાં પરનું જ્ઞાન પોતાના સામર્થ્યથી થાય છે. આહા..હા..! એ સિદ્ધસદૃશ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ ? આહા..હા..! આવું ઝાઝી સભામાં મૂકે તો માણસને એમ થાય કે આ શું બોલે છે ? પાગલ જેવું લાગે. અહીં તો નિરાંતની વસ્તુ છે. બહારમાં બે-ચાર હજાર માણસ આવે અને દેખે કે આ શું કહે છે આ તે ? પાગલ જેવું વાતું કરે છે. લાગે એવું, હોં! 'પરમાત્મપ્રકાશ'માં કહ્યું છે, હેં ?

**શ્રોતા :–** આપની વાતું આટલે દૂરથી સાંભળવા આવ્યા છે. પાગલ જેવું શું લાગે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, આ તો મોટા શહેરની વાત છે. મોટા શહેરમાં પાંચ-પાંચ હજાર, દસ હજાર માણસ આવે છે. 'મુંબઈ'માં દસ-દસ હજાર માણસ વ્યાખ્યાનમાં (આવે). આવું માંડે તો કહે, શું કહે છે આ ? 'ભોપાળ'માં ચાલીસ હજાર માણસ આઠ દિ'ના વ્યાખ્યાનમાં. બાપુ! ત્યાં તો અમુક વાતને બહુ સ્પષ્ટ કરતાં કરતાં કરતાં કરતાં કેટલુંક સ્થૂળ કરવું પડે. વાત તો ઇ આવે. અહીંયાં તો થોડામાં પણ ઘણું આવી જાય. આહા..હા..!

અહીંયાં એ કહે છે, '**મિથ્યાત્વ સંસાર છે;...**' ભાષા જુઓ! પછી અવ્રત ને પ્રમાદ, કષાય, યોગ રહ્યા ને ? એ તો અલ્પ સંસારની સ્થિતિ છે, એની ગણતરી નથી. એનાથી અલ્પ રસ, સ્થિતિ પડે છે તેને અહીંયાં ગણવામાં આવ્યા નથી. અને ખરેખર તો સમ્યગ્દર્શન થયા પછી રાગ આવે છે તેને પણ પરજ્ઞેય તરીકે જાણે છે. એટલે એ તો પોતે રાગથી ભિન્ન જ છે અને સ્વભાવથી એકત્વ છે તો સિદ્ધસદૃશ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? પાઠમાં છે ને ? '**स हि मुक्त एव**' કળશમાં છે ને ? ચોથું છેલ્લું પદ. '**स हि मुक्त एव**' કળશમાં છે એનો આ અર્થ છે. છેલ્લું, છેલ્લું. મૂળ શ્લોકનો છેલ્લો શબ્દ. આહા..હા..! હવે ૧૯૯ કળશ.

આ તો ભગવાનની વાણી, બાપુ! મુનિઓની સંતોની. આ કાંઈ કોઈ કથા, વાર્તા નથી. આ તો એક એક શબ્દમાં મહાન ગંભીરતા પડી છે. આહા..હા..! એક એક શબ્દમાં અનંત અનંત આગમ

રહ્યા છે એવી આ વાણી છે. આ કોઈ કલ્પનાથી બનાવેલી ચીજ નથી. આહાહા...! સમજાય છે કાંઈ ? હવે ૧૯૯.

**ये तु कर्तारमात्मानं पश्यन्ति तमसा तताः।**
**सामान्यजनवत्तेषां न मोक्षोऽपि मुमुक्षुताम्।।७-१९९।।**

**'तेषां मोक्षः न' 'એવા મિથ્યાદૃષ્ટિ જીવોને કર્મનો વિનાશ, શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ નથી.'** આહા..હા...! જ્યાં મિથ્યાત્વનો નાશ નથી તો તેને સર્વ કર્મનો નાશ થતો જ નથી. એ તો સંસારમાં રખડશે. કેવો છે ? જુઓ! **'એવા મિથ્યાદૃષ્ટિ જીવોને કર્મનો વિનાશ,...'** અર્થાત્ **'શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ નથી.'** **'न मोक्षः'** છે ને એટલે (એમ કહ્યું).

**'કેવા છે તે જીવો ?' 'मुमुक्षुताम् अपि' 'જૈનમતાશ્રિત છે,...'** જૈનને માનવાવાળા છે. જૈન દેવ-ગુરુ-શાસ્ત્રને માનનારા જૈન છે છતાં મિથ્યાદૃષ્ટિ છે. કેમ ? **'ઘણું ભણ્યા છે,...'** ઘણું ભણ્યો છે, ઘણા શાસ્ત્રો વાંચ્યા છે. એમાં શું થયું ? છે ? એવા જીવને સ્વરૂપની પ્રાપ્તિ નથી. કેવા (જીવને) ? **'मुमुक्षुताम् अपि'** તે મુમુક્ષુ છે. મુમુક્ષુ એટલે **'જૈનમતાશ્રિત છે,...'** જૈન મતને આશ્રિત (છે). **'ઘણું ભણ્યા છે,...'** જાણપણું પણ ઘણું છે, એમાં શું થયું ? અને **'દ્રવ્યક્રિયારૂપ ચારિત્ર પાળે છે,...'** દયા, દાન, વ્રતાદિના પરિણામ બરાબર પાળે છે, દ્રવ્યચારિત્ર. સમજાય છે કાંઈ ? બ્રહ્મચર્ય પાળે છે, શરીરથી જાવજીવ–બાળબ્રહ્મચારી પણ હોય છે. જૈનમતાશ્રિત મુમુક્ષુ, જૈનમતાશ્રિત છે પણ દૃષ્ટિની ખબર નથી અને ઘણું ભણ્યો છે, એક વાત.

**'દ્રવ્યક્રિયારૂપ ચારિત્ર પાળે છે,...'** એક વાત. આ **'મોક્ષના અભિલાષી છે...'** એને એમ છે કે મારે મોક્ષ લેવો છે, મોક્ષ લેવો છે. પણ એમ લેવું છે, લેવું છે, વસ્તુદૃષ્ટિ વિના ? (મોક્ષના) **'અભિલાષી છે તોપણ તેમને મોક્ષ નથી.'** આહા..હા..! સમજાય છે કાંઈ ? છે ? જેને રાગના વિકલ્પની એકતા તૂટતી નથી અને **'करणवेदनयोः'** હું રાગનો કરણ–કર્તા અને ભોક્તાપણામાં પડ્યો છે તે જૈનમતાશ્રિત હોય, સંપ્રદાયમાં હોય, ઘણું ભણ્યો હોય અને દ્રવ્યક્રિયા પણ કરતો હોય, જાવજીવ–બાળબ્રહ્મચારી હોય, એમાં શું થયું ? એ તો અનંત વાર કર્યું છે. બાળબ્રહ્મચારી તો શુભભાવ–રાગ છે. બ્રહ્મ નામ આનંદ સ્વરૂપ, તેનું ચરી નામ ચરવું, આનંદમાં રમવું તો છે નહિ. સમજાય છે કાંઈ ? એ કહે છે.

**'દ્રવ્યક્રિયારૂપ ચારિત્ર પાળે છે, મોક્ષના અભિલાષી છે તોપણ તેમને મોક્ષ નથી.'** આહા..હા..! વસ્તુની દૃષ્ટિની જ્યાં ખબર નથી, સમ્યગ્દર્શન કોને કહેવું ? અને સમ્યગ્દર્શન કેવી રીતે ઉત્પન્ન થાય ? એ વિના બધી વાત થોથા છે. ભણ્યો, ગણ્યો, ચારિત્ર ક્રિયા બધું (થોથા છે). આકરું પડે માણસને, શું થાય ? આહા..હા..! ઉપમા આપે છે.

**'કોની જેમ ?' 'सामान्यजनवत्'.** ઈશ્વરને કર્તા માનનારા હોય છે ને સામાન્યજન. જગતનો

કર્તા ઈશ્વર છે એમ માનનારા. પાઠમાં એ છે, મૂળ પાઠમાં. **'सामान्यजनवत्' 'જેમ તાપસ, યોગી, ભરડા ઇત્યાદિ જીવોને મોક્ષ નથી...'** મિથ્યાદષ્ટિને. વેદાંત માનનારા, ઈશ્વરને કર્તા માનનારાને જેમ મોક્ષ નથી તેમ આ જીવને પણ મોક્ષ નથી. જૈનમતાશ્રિત ભણ્યો, ગણ્યો છે, દ્રવ્યચારિત્ર પાળે છે તોપણ એ મિથ્યાદષ્ટિ છે, તેને મોક્ષ નથી, ધર્મ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ?

**'ભાવાર્થ આમ છે–કોઈ જાણશે કે જૈનમતાશ્રિત છે, કાંઈક વિશેષ હશે; પરંતુ વિશેષ તો કાંઈ નથી.'** જૈનધર્મમાં તો છે, જૈનધર્મ પાળે તો છે ને વ્યવહાર ક્રિયા આદિ ? જૈનના શાસ્ત્રોનું જાણપણું છે તો બીજા કરતાં એનામાં કાંઈક ફેર તો છે કે નહિ ? કોઈ એમ કહે. છે ? **'કાંઈક વિશેષ હશે;...'** (એમ) કોઈ કહે **'પરંતુ વિશેષ તો કાંઈ નથી.'** આહા..હા..! **'ભાવાર્થ આમ છે–કોઈ જાણશે કે જૈનમતાશ્રિત છે,...'** જૈનની ક્રિયા કરે છે, બ્રહ્મચર્ય પાળે છે, વ્રત પાળે છે, આહા..હા..! જિનેશ્વરે કહ્યા એવા વ્યવહારના વ્રત પાળે છે... આહા..હા..! તો **'કાંઈક વિશેષ હશે; પરંતુ વિશેષ તો કાંઈ નથી.'** આહા..હા..!

**'કેવા છે તે જીવો ?' 'तु ये आत्मानं कर्तारम् पश्यन्ति'** બસ! અહીં (વાત છે). પાઠમાં તો એમ લીધું છે, છ કાયના જીવની દયા હું પાળી શકું છું. મૂળ પાઠમાં એ છે. ચારિત્રની વ્યાખ્યા. છ કાય જીવ છે, એકેન્દ્રિય, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિની દયા હું પાળી શકું છું, તેની રક્ષા હું કરી શકું છું. તો જેમ ઈશ્વરકર્તા માનનારા છે તેમ આ છ કાયના જીવોની હું દયા પાળી શકું છે, બેય એક જાતિની શ્રદ્ધાવાળા છે. એ સામાન્યજનની વ્યાખ્યા છે. મૂળ પાઠમાં એ છે. સમજાય છે કાંઈ ? આહા..હા..!

**શ્રોતા :–** ગૃહીત મિથ્યાદષ્ટિથી તો એનામાં ફરક પડે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નથી, એને માને છે એ ગૃહીત મિથ્યાદષ્ટિ છે. સાધુપણું છે નહિ, એવી ક્રિયાકાંડમાં શ્રાવકપણું પણ નથી અને માને છે કે અમે શ્રાવક છીએ એ ગૃહીત મિથ્યાદષ્ટિ છે.

**શ્રોતા :–** કોઈ એવો હોય કે મુનિ થયો હોય અને ગૃહીત મિથ્યાત્વ છોડ્યું હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ગૃહીત મિથ્યાત્વ છોડ્યું હોય પણ અહીં તો એ પણ નથી. અહીં તો ગૃહીત મિથ્યાદષ્ટિની સમતોલમાં નાખવા છે. સમાન કહ્યું ને ? સમાન કહ્યું ને ? જુઓને! **'કોની જેમ ?'** એમ લીધું છે ને. આહા..હા..! અહીં તો ભઈ એક એક શબ્દની કિંમત છે. **'કોની જેમ ?'** ત્યાં મૂળ પાઠમાં તો સામાન્યજનનો અર્થ એ લીધો છે કે ઈશ્વરના કર્તા માને છે ને ? એ ઈશ્વરને કર્તા માનનારા જીવ અને આ રાગનો કર્તા માનવાવાળો જીવ, બેય એક સરખી દૃષ્ટિવાળા છે. આહા..હા..! અને ત્યાં 'બંધ અધિકાર'માં તો એમ લીધું છે કે જે શાસ્ત્રનું જ્ઞાન છે એ શબ્દનું જ્ઞાન છે, એમ ત્યાં લીધું છે, ઇ આત્માનું જ્ઞાન નહિ. અજ્ઞાનીને શાસ્ત્રનું અગિયાર અંગનું જ્ઞાન થાય તો ત્યાં પાઠ એવો લીધું છે કે એ શબ્દજ્ઞાન છે, શબ્દનું જ્ઞાન છે, શબ્દનું જ્ઞાન છે. એમ લીધું છે. અને ત્યાં નવ તત્ત્વની શ્રદ્ધા લીધી છે, ત્યાં નવ તત્ત્વ લીધા છે. કોની શ્રદ્ધા ? કે નવ

તત્ત્વ. શ્રદ્ધા કોની ? કે નવ તત્ત્વ. એમ લીધું છે. એ નવ તત્ત્વની શ્રદ્ધા, ભેદવાળી, હોં! એ મિથ્યાદૃષ્ટિ છે. અને છ કાયના જીવની દયા એ ચારિત્ર, એમ ત્યાં લીધું છે. છ કાયની દયા. પંચ મહાવ્રતની વાત નથી લીધી, એક લીધું કેમકે એકમાં ચારે સમાય જતા હોય. છ કાયની દયા, છ કાયની રક્ષા કરું છું. ઈશ્વર જેમ જગતનો કર્તા (છે એમ માને છે), આ કહે કે છ કાયના જીવની દયાનો હું કર્તા (છું). આહા..હા..! એમ વાત છે, ભગવાન! વાત તો એવી છે, પ્રભુ! સત્ય તો આ રીતે છે. તેથી સમાન કીધું છે. મૂળ પાઠમાં પણ એમ છે. આહા..હા..!

**શ્રોતા :–** બેયની શ્રદ્ધા એકસરખી છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સરખી છે માટે એકસરખા છે. છે ને ? જુઓને! '**आत्मानं कर्तारम् पश्यन्ति**' શા કારણથી ? '**મિથ્યાદૃષ્ટિ જીવો જીવદ્રવ્યને કર્તા માને છે અર્થાત્ તે જ્ઞાનાવરણાદિ કર્મને, રાગાદિ અશુદ્ધ પરિણામને...**' એટલું ટૂંકું લીધું છે. પાઠમાં તો એવો પાઠ છે, છ કાયના જીવની રક્ષા કરી શકું છું. એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિયની રક્ષા કરી શકું છું. તો જેમ જગતનો ઈશ્વરકર્તા છે એમ આ કરું છું એમ માને છે તો તેનો કર્તા થયો.–(બેય) મિથ્યાદૃષ્ટિ સરખા છે. આહા..હા..! આવી વાતું આકરી પડે પણ શું (થાય) ? ભાઈ! સત્ય તો આ છે. વાત તો આ છે. બેસે, ન બેસે સ્વતંત્ર છે, જીવ સ્વતંત્ર છે. આહા..હા..! ભગવાનના સમવસરણમાં પણ અનંતવાર ગયો. મહાવિદેહમાં અનંત વાર જન્મ્યો. મહાવિદેહમાં તો તીર્થંકરનો કદી વિરહ હોતો નથી. સમવસરણમાં પણ અનંતવાર ગયો. અનંત વાર ગયો, હીરાના થાળ.. આહા..હા..! કલ્પવૃક્ષના ફૂલ, મણિરત્નના દીવા (લઈને ગયો)... જય ભગવાન! એવી પૂજા, ભક્તિ ભગવાનની અનંત વાર કરી. એ તો પરદ્રવ્યાશ્રિત શુભભાવ છે. આહા..હા..! જૈનમતાશ્રિત એવો હોય તોપણ મિથ્યાદૃષ્ટિ છે કેમકે એ રાગનો કર્તા માને છે. ઈશ્વરને જગતનો કર્તા માને છે, આ છ કાયની રક્ષા કરવાનું માને છે– બેય સરખા છે.

**શ્રોતા :–** દયા પાળવાનું ચારિત્રવ્રતમાં આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દયા પાળવાનું નથી આવતું. એ જરી શુભરાગ આવે છે, બસ! એટલું. પરને ન મારું એવો શુભરાગ આવે છે એ વ્યવહાર. ત્રણ કાળમાં પરની કોઈ દયા પાળી શકતું નથી. પરદ્રવ્યની પર્યાયની રક્ષા કોણ કરે ? આહા..હા..!

અહીંયાં તો પરની દયાનો ભાવ આવ્યો એ રાગ છે, બસ એટલું. એ રાગને વ્યવહાર કહેવામાં આવે છે. કોને ?–જેને નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન સ્વના આશ્રયે અનુભવ થયો હોય તેના રાગને વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? પરની દયા પાળી શકું છું એમ ન માને અને રાગ થયો તો મને લાભ થયો એમ ન માને ઇ. આહા..હા..! આવું આકરું પડે, શું થાય ? એક એક શ્લોકમાં એટલી ગંભીર વાત પડી છે. 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર' દિગંબર કોઈ પણ શાસ્ત્ર લ્યો, સત્યના રહસ્યથી ભર્યા પડ્યા છે. બીજા અનુયોગ ભલે હોય, બીજા

અનુયોગમાં તાત્પર્ય તો વીતરાગતા બતાવવી છે ને! આહા..હા..!

**શ્રોતા** :– રાગને તો પાળવો જોઈએ ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– રાગને પાળે છે એ જ મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. અનાદિથી કરે છે. આહા..હા..! રક્ષા કરી, મેં રાગની રક્ષા કરી, રાગની રક્ષા એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

**'જ્ઞાનાવરણાદિ કર્મને, રાગાદિ અશુદ્ધ પરિણામને કરે છે, એવો જીવદ્રવ્યનો સ્વભાવ છે–એવું માને છે,...'** જીવદ્રવ્યનો સ્વભાવ તો જ્ઞાતા-દૃષ્ટા છે, એમ નહિ માનતા હું પરની દયા પાળી શકું છું એવા રાગનો કર્તા થવું એ મારો સ્વભાવ છે, એમ માને છે. આહા..હા..!

**શ્રોતા** :– બીજા જીવને બચાવવા નહિ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– કોણ બચાવી શકે ? ત્રણ કાળમાં બચાવી શકે નહિ. એના આયુષ્યની સ્થિતિ પૂરી થાય તો દેહ છૂટી જાય. આયુષ્ય હોય અને લાખ ઉપાય બીજા કરે તો મરે નહિ. જે ક્ષણમાં, જન્મક્ષણમાં તેની ઉત્પત્તિનો કાળ છે, દેહ છૂટવાનો (કાળ છે) તે ક્ષણે જ છૂટશે, તારાથી નહિ છૂટે અને એમાં રહેશે, શરીરમાં રહેવાની જ્યાં સુધી યોગ્યતા છે, આયુષ્યના કારણે (રહે છે), એમ કહેવું પણ નિમિત્ત છે પણ પોતાના આત્માની શરીરમાં રહેવાની જેટલી યોગ્યતા છે તેટલો જ રહેશે, એમાં કોઈ દૂર કરી શકે કે જીવાડી શકે એવું ત્રણ કાળમાં નથી. બહુ આકરું કામ, ભઈ! દુનિયાથી તો વાત જુદી છે. આ તો સર્વજ્ઞ જિનેન્દ્ર પ્રભુ વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો આ હુકમ છે. આહા..હા..! છે ?

એમ **'આસ્વાદે છે,...'** ત્રણ શબ્દ લીધા. **'એવો જીવદ્રવ્યનો સ્વભાવ છે...'** રાગ કરવો એ તો જીવનો સ્વભાવ છે, કરવાનો અમારો ભાવ છે, એમ. **'એવું માને છે, પ્રતીતિ કરે છે,** (અને રાગને) **આસ્વાદે છે.'** આહા..હા..! રાગનો જ અનુભવ છે. આત્માના આનંદનો ત્યાં અનુભવ નથી. આહા..હા..! શાસ્ત્રમાં લખ્યું છે કે નહિ ? 'યશપાલજી'! આ કાંઈ 'સોનગઢ'નું છે ? આ 'સોનગઢ'નું છે ?

**શ્રોતા** :– અહીંયાંથી છપાયું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ગમે ત્યાં છપાયા હોય. અરે..! ભગવાન! શું કરે છે ? બાપુ! છાપ ગમે તે હોય. આ અહીંયાં છપાણું છે ? આ હિન્દી ? 'ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી' અનુવાદક છે. 'દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ' છે. અમને તો ઇ પણ ખબર નથી. અહીં કોણ જોવે ? કોઈને કહ્યું નથી કે આટલું છપાવો. છપાવીને લાવે ત્યારે જોઈએ.

**શ્રોતા** :– કોઈએ ફેરફાર કર્યો હોય તો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ફેરફાર કરે, પોતાની દૃષ્ટિથી કરે તો કરે. અહીં તો ઘણા ખાનગીમાં કહેવા આવે છે. આ 'શાંતિભાઈ' ગુજરી ગયા ને ? એ 'શાંતિભાઈ' મારી પાસે ખાનગીમાં આવ્યા હતા, મારે લાખ રૂપિયા આપવા છે. મેં કીધું, હું કંઈ જાણતો નથી. આ ગુજરી ગયા ને ? વીસ-પચીસ દિ' પહેલાં અંદર આવ્યા હતા. મારે લાખ રૂપિયા આપવા છે. કીધું, ક્યાં આપવા છે ?

આપણે કોઈ દિ' કોઈને કહ્યું નથી. પછી પચાસ હજાર આપણે આ ઝીણા વ્યાખ્યાન ચાલ્યા હતા ને ? પચાસ હજાર એમાં અને પચાસ હજાર એમ કહેતા હતા. આવશે હમણા. અહીં તો ઘણા લાખો રૂપિયા ખાનગી આપે છે. એક માણસ આવ્યો હતો, પાંચ મિનિટ બેઠો. પૈસા મૂક્યા. મેં કીધું, કેટલા હશે ? બે-પાંચ હજાર હશે ? જોયું તો પચાસ હજાર! નોટ. અહીં મૂક્યા. હું અંદર બેસું છું ને ત્યાં. બે-ત્રણ વર્ષ થયા. આના વખતે. સાડા ત્રણ વર્ષ થયા ને ? મેં કીધું, હજાર, બે હજાર હશે. આમ નોટ જોઈ ત્યાં દસ-દસ હજારની પાંચ–પચાસ હજાર. કોણ આપે છે ? મેં તો લઈને આપી દીધા 'રામજીભાઈ'ને, અમારે શું ? અમારે નોટોને શું કરવી છે ? 'રામજીભાઈ'ને દઈ દીધા. પચાસ હજાર! લાખ રૂપિયાય આપે છે. એમાં શું થયું પણ હવે ધૂળમાં ? લાખ હોય કે કરોડ હોય. આહા..હા..! એમાં રાગ મંદ કર્યો હોય તો પુણ્ય છે અને પુણ્ય મારી ચીજ છે એવી માન્યતા મિથ્યાત્વ છે. આહા..હા..! અહીં તો એટલી સ્પષ્ટ વાત છે, ભઈ! આહા..હા..!

અહીં એ કહ્યું, **'વળી કેવા છે ?' 'तमसा तताः' 'મિથ્યાત્વભાવરૂપ અંધકારથી વ્યાપ્ત છે,...'** અજ્ઞાની અંધકારમાં પડ્યા છે. એ શુભરાગ મારો છે અને મને લાભ થશે એ અજ્ઞાન અંધકારમાં પડ્યા છે. આહા..હા..!

**શ્રોતા :–** વ્રતાદિ પાળવા કે ન પાળવા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું પાળે ? આવે છે, રાગ આવે છે એ આસ્રવ છે. વ્યવહારનયથી કથનમાં આવે પણ રાગ છે એ તો વિકાર છે. હું પાળી શકું છું, રાખી શકું છું એ તો મિથ્યાત્વ છે. આવે છે, નિરતિચાર વ્રત પાળવા એવું વ્યવહારનયથી કથન આવે. સમ્યગ્દૃષ્ટિની વાત છે, હોં! અજ્ઞાનીને તો છે ક્યાં ? આહા..હા..! 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં તો એમ કહ્યું, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ અપરાધ છે. મૂળ પાઠ છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય', 'અમૃતચંદ્રાચાર્ય'. આહારક શરીરનો જે ભાવે બંધ પડે એ ભાવ અપરાધ છે. પરની દયાનો ભાવ એ રાગ, હિંસા છે. એમ લખ્યું છે, પાઠ છે. આ તો સત્ય વાત છે, બાપુ! જગતથી વિપરીત છે. આહા..હા..! એ કહ્યું, નહિ ?

**'મહામિથ્યાદૃષ્ટિ છે...'** એમ કહ્યું ? આહા..હા..! **'જેઓ જીવનો સ્વભાવ કર્તારૂપ માને છે; કારણ કે કર્તાપણું જીવનો સ્વભાવ નથી, વિભાવરૂપ અશુદ્ધ પરિણતિ છે; તે પણ પરના સંયોગથી છે,...'** વિભાવ, રાગ એ પરના સંયોગે છે, એ નિશ્ચયથી પોતાની યથાર્થ પરિણતિ છે જ નહિ. તેને પોતાની માને એ મહામિથ્યાદૃષ્ટિ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

**શ્રી સમયસાર, ગાથા–૨૭૮-૨૭૯, શ્લોક-૧૭૫,**
**પ્રવચન નં. ૩૪૩, તા. ૨૮-૧૦-૧૯૭૯**
**[૭]**

'સમયસાર' ૨૭૮-૨૭૯નો ભાવાર્થ.

**શ્રોતા :–** 'ભભૂતમલ' ગયા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક દિવસ માટે 'ગિરનાર' ગયા છે.

**ભાવાર્થ :– 'સ્ફટિકમણિ પોતે તો કેવળ એકાકાર શુદ્ધ જ છે;...'** પોતે પોતાનું સ્ફટિકમણિનું સ્વરૂપ જે છે, એ તો નિર્મળ અને શુદ્ધ જ છે. **'તે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં...'** એ સ્ફટિકમણિ(નો) પલટવાનો, બદલવાનો, પરિણમવાનો સ્વભાવ હોવા છતાં **'એકલો પોતાની મેળે લાલાશ-આદિરૂપે પરિણમતો નથી...'** એકલો પોતે નિમિત્તના સંગ વિના એકલો લાલ આદિ રંગરૂપે પરિણમતો નથી. લાલ, કાળો આદિ રંગ. **'પરંતુ લાલ આદિ પરદ્રવ્યના નિમિત્તે (અર્થાત્ સ્વયં લાલાશ-આદિરૂપે પરિણમતાં)...'** સામી ચીજ. **'(સ્વયં લાલાશ-આદિરૂપે પરિણમતા...)'** સામી ચીજ તેના નિમિત્તે **'લાલાશ-આદિરૂપે પરિણમે છે.'** સ્ફટિકમણિની પોતાની પર્યાયમાં યોગ્યતા છે એ યોગ્યતાને કારણે પોતાના સ્વભાવરૂપે પરિણમતો નથી ત્યારે નિમિત્તના સંગમાં લાલ અને પીળારૂપે પરિણમે છે. એ પોતાની જાતથી–દ્રવ્ય સ્વભાવથી પરિણમતો નથી પણ પર્યાયમાં યોગ્યતાને લઈને પરના સંગથી લાલ અને પીળારૂપે પરિણમે છે. એવી પોતાની અંદર યોગ્યતા છે, પર્યાયમાં, દ્રવ્યમાં નહિ. એ તો દૃષ્ટાંત થયો.

**'તેવી રીતે આત્મા પોતે તો શુદ્ધ જ છે;...'** ભગવાનઆત્મા તો શુદ્ધ પવિત્ર છે. આત્મા તો પરમ પવિત્ર ગુણનો પિંડ છે. **'તે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં...'** શુદ્ધ આત્મા(નો) પરિણમન બદલવાનો, પલટવાનો પર્યાયમાં સ્વભાવ **'હોવા છતાં એકલો પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી...'** એકલો પરના સંગ વિના, એકલો પોતે રાગ અને દ્વેષરૂપે થતો નથી. **'પરંતુ રાગાદિરૂપ પરદ્રવ્યના નિમિત્તે (અર્થાત્ સ્વયં રાગાદિરૂપે પરિણમતા (જડ કર્મ) એવા પરદ્રવ્યના નિમિત્તે) રાગાદિરૂપે...'** પોતાની ઉપાદાન વિભાવિક શક્તિને કારણે, વિભાવિક શક્તિને કારણે અને નિમિત્ત પર, તેના–નિમિત્તને સંગે વિભાવિક શક્તિને કારણે વિકારરૂપે **'પરિણમે છે.'** પરને લઈને નહિ, પર્યાયમાં પોતાની યોગ્યતા જ એવી છે. સ્ફટિક જેમ શુદ્ધ પરિણમનવાળી હોવા છતાં લાલ-પીળાના સંગના યોગે પર્યાયમાં લાલ-પીળાશપણું દેખાય છે. એમ ભગવાનઆત્મા વસ્તુએ તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ (છે).

એનું પરિણમન હોવા છતાં એ પરિણમનમાં વિભાવિક શક્તિનો એક ગુણ છે કે જે પોતાથી નિમિત્તના સંગે રાગ અને દ્વેષપણે પોતાથી પરિણમે છે.

પર દ્વારા ભલે કહો પણ પરદ્વારા, પરદ્વારા (એટલે) પરથી નહિ, પોતાની શક્તિને કારણે પરના નિમિત્ત દ્વારા પોતે પોતાપણે, શુદ્ધપણે ન પરિણમતા વિકારપણે પરિણમે છે. આમાં મોટો ગોટો છે.

**'(સ્વયં રાગાદિરૂપે પરિણમતા એવા...)'** કર્મ રાગાદિરૂપે પરિણમે છે, કર્મ. એના સંગે રાગાદિરૂપે પરિણમે છે. **'આવો વસ્તુનો જ સ્વભાવ છે,...'** પર્યાયમાં પરના સંગે વિકારરૂપે થવું એવો પર્યાયનો સ્વભાવ છે. વસ્તુનો સ્વભાવ પોતાથી વિકારપણે થાય એવો એનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ?

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–'** આ કાવ્યમાં બધું છે.

**न जातु रागादिनिमित्तभाव-**
**मात्मात्मनो याति यथार्ककान्तः।**
**तस्मिन्निमित्तं परसङ्ग एव**
**वस्तुस्वभावोऽयमुदेति तावत्।।१७५।।**

નિમિત્ત એટલે કારણ.

**શ્લોકાર્થ :– [ यथा अर्ककान्तः ] 'સૂર્યકાંતમણિની માફક (અર્થાત્ જેમ સૂર્યકાંતમણિ પોતાથી જ અગ્નિરૂપે પરિણમતો નથી,...'** સૂર્યકાંતમણિ થાય છે એ પોતે અગ્નિરૂપે પરિણમે નહિ. **'તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે,...'** સૂર્યના બિંબના નિમિત્તે પોતાની યોગ્યતાથી એ સૂર્યકાંતમણિ અગ્નિપણે ઉષ્ણપણે પરિણમે છે. એ પોતાની યોગ્યતાને કારણે, પરને કારણે નહિ ને પરથી નહિ પણ પરના સંગના સંબંધમાં પોતાની યોગ્યતાથી સૂર્યકાંતમણિ ઉષ્ણપણે જેમ પરિણમે છે **'(તેમ)...'**

**[ आत्मा आत्मनः रागादिनिमित्तभावम् जातु न याति ]** આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ પરિણમન સ્વરૂપ (છે) એ પોતે પોતાની જાતથી, દ્રવ્ય સ્વભાવથી વિકારપણે પરિણમે એવું એનું સ્વરૂપ નથી. દ્રવ્ય સ્વભાવ એનો એવો છે કે વિકારપણે થવું તે તેનો સ્વભાવ નથી. આહાહા..! છે? **'પોતાને રાગાદિકનું નિમિત્ત કદી પણ...'** નિમિત્ત એટલે કારણ. ઉપાદાન કારણ પોતે છે, અશુદ્ધ ઉપાદાન. ઇ વિભાવિક શક્તિ છે તેથી તે અશુદ્ધ ઉપાદાનને કારણે કર્મના, નિમિત્તના સંગે વિકારરૂપે થાય છે. એનો વસ્તુનો સ્વભાવ પરના સંગ વિના સ્વયં વિકારરૂપે થાય એવું એનું સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ?

કળશ ટીકાકારે તો ઘણો ખુલાસો કર્યો છે કે ભઈ! ઉપાદાન તો એનું જ છે. વિકારપણે થવાનું ઉપાદાન વિભાવિક શક્તિ તો એની પોતાની છે. પર દ્રવ્ય તો નિમિત્તમાત્ર છે. ત્યાં જ આખા વાંધા ઉઠાવે છે કે પરને લઈને વિકાર થાય છે, કર્મને લઈને વિકાર થાય છે. (પણ) એમ નથી.

મોટો સિદ્ધાંત અહીં છે. કળશટીકાકારે આનો અર્થ ઘણો વિસ્તારથી કર્યો છે કે ઉપાદાન તો પોતાનું જ છે. વિભાવપણે પરિણમવું એવી પર્યાયમાં પોતાને કારણે વિભાવપણે પરિણમે છે. એનો વસ્તુ સ્વભાવ નથી પણ પર્યાયમાં વિકારપણે થવું એવી પોતાની યોગ્યતા છે. તેથી નિમિત્તના સંગે, નિમિત્ત દ્વારા એમ ભલે કહો, પણ એ પરિણમે છે પોતે પોતાથી. આહાહા..! આ મોટો વાંધો છે.

'બંસીધરજી' આવ્યા હતા ને? ત્યારે ન્યાં ચર્ચા થઈ હતી. (એ કહે), કર્મને લઈને થાય, કર્મને લઈને (થાય). જો કર્મ દ્વારા વિકાર થાય, કર્મને લઈને થાય. એવી મોટી ચર્ચા ત્યાં થઈ હતી. કીધું, કર્મને લઈને બિલકુલ નહિ. જીવ પરદ્રવ્યને અડતોય નથી. ફક્ત સ્વભાવ(ની) દૃષ્ટિ નથી, ત્રિકાળી જ્ઞાયક ભાવની દૃષ્ટિ નહિ હોવાથી વર્તમાન પર્યાયની દૃષ્ટિ હોવાથી તેની યોગ્યતાને કારણે રાગાદિરૂપના નિમિત્તરૂપે કર્મ છે, એના સંગે પોતે પોતાથી રાગરૂપે પરિણમે છે આહાહા..! આમ છે. કર્મને લઈને વિકાર થાય છે એ વાત ત્રણ કાળમાં સાચી નથી તેમ, તેના ઉપાદાનને લઈને થાય છે એ વાત પણ સાચી છે. પર્યાયના ઉપાદાનને કારણે વિકાર થાય છે. શુદ્ધ ઉપાદાન અને દ્રવ્યદૃષ્ટિ નથી, ત્રિકાળી શુદ્ધ છે તેની દૃષ્ટિ નથી તેથી તેની પર્યાયમાં અશુદ્ધ ઉપાદાનને કારણે નિમિત્તના લક્ષે પોતામાં રાગ અને દ્વેષ, મિથ્યાત્વ આદિનું પરિણમન થાય છે. સમજાય છે કાંઈ? આમાં કાંઈ ફેરફાર થાય તો મોટો ફેરફાર થાય છે. કર્મ દ્વારા વિકાર થાય, વિકારનો થવાનો સ્વભાવ નથી માટે એ વિકાર તો કર્મને લઈને થાય.–એમ નથી.

મોટો વાંધો આખો ઊઠ્યો હતો ને તે દિ'? (સંવત) ૨૦૧૩ની સાલ, 'વર્ણીજી' સાથે મોટી ચર્ચા (થઈ હતી). કર્મને લઈને વિકાર થાય, કર્મને લઈને વિકાર થાય. નહિંતર વિકાર પર્યાયમાં પોતાથી થાય તો એનો સ્વભાવ થઈ જાય છે. પર્યાયમાં વિભાવિક શક્તિને કારણે... વિભાવિક શક્તિથી વિભાવપણે પરિણમવું એમ નથી. વિભાવિક શક્તિ તો સિદ્ધમાં પણ છે પણ વિભાવિક શક્તિ નિમિત્તના સંગના લક્ષે.. લક્ષે, નિમિત્ત કાંઈ અડતું પણ નથી એને, પણ એ વિભાવિક શક્તિ નિમિત્તના લક્ષે પોતાથી પોતામાં વિકારરૂપે પરિણમે છે. 'પાટનીજી'! આવી વાત છે. આ શ્લોકનો મોટો વાંધો (છે). **'परसङ्गः एव'** છે ને? ત્યાં આગળ વાંધો છે. પરને લઈને થાય છે એમ નથી કીધું **'पर एव'** નથી એમાં. **'पर एव'** નથી, **'परसङ्गः एव'** એટલે પર્યાય પરનો સંગ કરે છે, પોતાના અસંગ સ્વભાવને ભૂલીને. આહાહા..! ચૈતન્ય સ્વભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદનો પિંડ પ્રભુ! એના લક્ષને છોડી દઈને પર્યાયમાં પરના લક્ષે પોતાની યોગ્યતાથી મિથ્યાત્વ અને રાગ-દ્વેષરૂપે પરિણમે છે. આહાહા..! 'ચંદુભાઈ'! આમાં મોટા વાંધા. આ શ્લોકમાં મોટા મોટા પંડિતો સાથે વાંધા છે. કળશટીકાકારે તો એવો અર્થ ચોખ્ખો કર્યો છે, કળશ ટીકાકાર છે ને? કેટલામું છે આ? ૧૭૫. જુઓ!

**'પ્રશ્ન કર્યો હતો તેનો ઉત્તર...' 'આ વસ્તુનું સ્વરૂપ સર્વકાળે પ્રગટ છે. કેવો છે વસ્તુનો સ્વભાવ?' 'जातु' 'કોઈ પણ કાળે જીવદ્રવ્ય પોતાસંબંધી છે જે રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામ તેમના કારણપણારૂપ પરિણમતું નથી.'** પોતાના સ્વભાવથી પરિણમતું નથી. **'ભાવાર્થ આમ છે કે દ્રવ્યના**

**પરિણામનું કારણ બે પ્રકારનું છે :'** દ્રવ્યના પરિણામનું કારણ બે પ્રકારનું છે. **'એક ઉપાદાનકારણ, એક નિમિત્તકારણ.'** ટીકા કરી છે. **'ઉપાદાનકારણ એટલે દ્રવ્યમાં અન્તર્ગર્ભિત છે પોતાના પરિણામ-પર્યાયરૂપ...'** **પરિણમન શક્તિ તે તો જે દ્રવ્યની છે તેમાં જ છે. 'તે જ દ્રવ્યમાં હોય છે તેવો નિશ્ચય છે. નિમિત્તકારણ–જે દ્રવ્યનો સંયોગ પ્રાપ્ત થવાથી અન્ય દ્રવ્ય પોતાના પર્યાયરૂપ પરિણમે છે;...'** અન્ય દ્રવ્ય તો પોતાની પર્યાયે પરિણમે છે. **'તે તો જે દ્રવ્યનો તે દ્રવ્યમાં હોય છે, અન્યદ્રવ્ય ગોચર હોતો નથી એવો નિશ્ચય છે.'**

**'જેવી રીતે મૃત્તિકા ઘટપર્યાયરૂપે પરિણમે છે, તેનું ઉપાદાનકારણ છે મૃત્તિકામાં ઘટરૂપ પરિણમનશક્તિ; નિમિત્તકારણ છે બાહ્યરૂપ કુંભાર, ચક્ર, દંડ ઇત્યાદિ; તેવી જ રીતે જીવદ્રવ્ય અશુદ્ધ પરિણામે–મોહ-રાગ-દ્વેષરૂપે પરિણમે છે, તેનું ઉપાદાનકારણ છે જીવદ્રવ્યમાં અન્તર્ગર્ભિત વિભાવરૂપ અશુદ્ધ પરિણમનશક્તિ;...'** આ શ્લોકમાં એવો ખુલાસો કર્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? વિકાર થવાનો એનો સ્વભાવ નથી, સ્વભાવ તો શુદ્ધ છે પણ પર્યાયમાં લક્ષ પર ઉપર હોવાથી પરને સંગે પોતાની યોગ્યતાથી પર્યાયમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું પરિણમન થાય છે. સમજાય છે કાંઈ? ઉપાદાન પોતાનું છે. નિમિત્ત કીધું કે આત્મા નિમિત્ત નથી એટલે શુદ્ધ આત્મા નિમિત્ત નથી, પણ ઉપાદાન પોતે પોતાનું નિમિત્ત છે. આહાહા..!

વિકાર જે સંસાર જે ઉત્પન્ન થાય છે, એ પોતાનો સ્વભાવ શુદ્ધ છે, પૂર્ણાનંદ છે એ તો શુદ્ધપણે પરિણમે તે જ તેનો સ્વભાવ છે, પણ તેના ઉપર લક્ષ નહિ હોવાથી પર્યાયમાં પર ઉપર લક્ષ હોવાથી પર્યાયમાં રાગ અને દ્વેષનું પરિણમન થાય એ પોતાની યોગ્યતાથી પોતામાં પોતાને કારણે થાય છે, બીજી ચીજ તો નિમિત્તમાત્ર છે. નિમિત્તથી એમાં વિકાર થતો નથી. આહાહા..! એણે ઘણું લીધું છે. પરિણમન શક્તિ પોતાની છે તે પોતે કારણ છે.

**'परसङ्गः एव' 'દર્શનમોહ–ચારિત્રમોહકર્મરૂપ બંધાયેલો જે જીવના પ્રદેશોમાં એકક્ષેત્રાવગાહરૂપ પુદ્ગલદ્રવ્યનો પિંડ, તેનો ઉદય, જોકે મોહકર્મરૂપ પુદ્ગલપિંડનો ઉદય પોતાના દ્રવ્ય સાથે...'** છે. કર્મના ઉદયનું વ્યાપ્ય-વ્યાપક(પણું) કર્મ સાથે છે. શું કીધું? કર્મ જે જડ છે તેનો ઉદય એ વ્યાપ્ય અને એ કર્મ વ્યાપક. એ વ્યાપ્ય-વ્યાપક સંબંધ કર્મમાં કર્મની સાથે છે. આ કર્મ વ્યાપક અને આત્મા–વિકાર વ્યાપ્ય એવો સંબંધ છે નહિ. સમજાય છે કાંઈ? આહા..! નિર્ણય કરવાનો (વખત ન મળે). સ્વતંત્ર પોતે પોતાની ભૂલથી જ રખડે છે, કર્મને લઈને નહિ, પરદ્રવ્યને લઈને નહિ. આહાહા..! ઇ તો કહ્યું નહિ ઓલામાં...?

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।**

કર્મને કારણે નહિ. રાગથી ભિન્ન કરવાના સ્વભાવના અભાવને લઈને બંધાયેલ છે. કર્મથી બંધાયેલો

છે (એમ નથી). એ તો પર વસ્તુ છે એની સાથે શું સંબંધ? આમાં ઘણું નાખ્યું છે. **'પોતાના દ્રવ્ય સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ છે,...'** ઓલા કર્મનું (વ્યાપ્ય-વ્યાપકપણું). એટલે કર્મ વ્યાપક છે અને વિકાર વ્યાપ્ય છે, એમ નહિ. છતાં 'સમયસાર'માં ૭૫-૭૬ ગાથામાં એમ આવે (કે) કર્મ વ્યાપક છે અને વિકાર વ્યાપ્ય છે. એ કઈ અપેક્ષાએ? કે સ્વભાવની દૃષ્ટિ થઈ છે. પર્યાયની યોગ્યતા તો પોતાથી જ હતી પણ સ્વભાવની દૃષ્ટિ થઈ છે એટલે સ્વભાવનું વ્યાપકપણું તેની વ્યાપ્ય અવસ્થા સ્વભાવ છે. નિર્મળ પર્યાય તેની વ્યાપ્ય અને વ્યાપક સ્વભાવ છે. એથી એ એની દૃષ્ટિ વડે વિકાર જે છે તેને કર્મની સાથે વ્યાપ્ય-વ્યાપક નાખીને કાઢી નાખ્યું છે. ૭૫-૭૬. આરે...! આવું છે. કર્મ વ્યાપક છે, વિકાર વ્યાપ્ય છે. અહીં કહે છે કે કર્મ પોતપોતાની સાથે વ્યાપ્ય-વ્યાપક છે.

**શ્રોતા :–** બેમાં સાચું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બેય સાચું (છે). કઈ અપેક્ષાએ (છે એ સમજવું.) કર્મ જે છે એ તો પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યના પરમાણુઓ વ્યાપક થઈને પર્યાયપણે પરિણમે એ તો એનું પર્યાયનું વ્યાપ્ય-વ્યાપક કર્મની સાથે છે, આત્મા સાથે એનું વ્યાપ્ય-વ્યાપકપણું છે નહિ કે કર્મ વ્યાપક થઈને આત્મામાં વિકાર વ્યાપ્ય થાય એવું છે નહિ. છતાં ૭૫-૭૬મા જ કીધું કે કર્મ વ્યાપક ને વિકાર વ્યાપ્ય છે. એ તો સ્વભાવની દૃષ્ટિ કરી એથી તેની દૃષ્ટિમાં વિકાર નથી, તેની દૃષ્ટિમાં પર્યાય નથી, તેની દૃષ્ટિમાં પરના સંગનો સંબંધ નથી માટે કેવળ દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિમાં સ્વભાવ પોતે વ્યાપક છે અને નિર્મળ પર્યાય તેની વ્યાપ્ય છે. મલિન પર્યાય છે એ કર્મનું વ્યાપ્ય (છે એમ) કરીને કાઢી નાખી છે. આહાહા..! કહો, સમજાય છે આમાં કાંઈ? 'ચીમનભાઈ'! આ બધું ક્યાં સમજવું આમાં? એ..ઇ..! 'શાંતિભાઈ'! આ બધા પલાખાં. આહાહા..! પલાખા નથી, વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..!

વસ્તુ પોતે સ્ફટિકમણિ શુદ્ધપણે એને પરિણમન હોવા છતાં એ પોતે જાતે એકલી શુદ્ધપણે પરિણમે છે ઇ બરાબર છે, પણ એકલી અશુદ્ધપણે પરિણમે, એમ નહિ. એને પરનો સંગ થયેલી પોતાની યોગ્યતાથી અશુદ્ધપણે પરિણમે. આહાહા..! કાલે દૃષ્ટાંત આપ્યો નહોતો દિવાસળીનો? દિવાસળી સળગે. આ બીડી પીવે છે આમ. ત્રણ ત્રણ આંગળની હોય. અહીં પીવે તો ઠંડી છે, અહીં ઉષ્ણ છે. અહીં ઉષ્ણ થતી નથી એ પોતાની યોગ્યતા છે. અને લોઢું પાંચ હાથ લાંબુ હોય, સળિયાને ચાર તસુ અગ્નિમાં જો મુક્યો હોય તો પાંચ હાથમાં અગ્નિ બધે વ્યાપી જાય. એ એની પોતાની યોગ્યતા છે. લાકડામાં યોગ્યતા નથી ને લોઢામાં યોગ્યતા છે. તેમ વિકારપણે પરિણમવું એ જીવની પર્યાયની અપની–પોતાની યોગ્યતા છે, કર્મને લઈને નહિ.

'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ' આવે છે કે નહિ? આહા..! 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ' પછી શું આવ્યું? 'અગ્નિ સહે ઘન ઘાત, અગ્નિ સહે ઘન ઘાત લોહ કી સંગતિ પાઈ.' અગ્નિ લોહનો સંગ કરે છે એટલે માથે પડે છે. એકલી અગ્નિ પર (ઘણ પડતા નથી). એમ ભગવાનઆત્મા નિમિત્તના સંગે જો દોરવાઈને વિકાર કરે તો દુઃખી થાય છે. આહાહા..! પોતાના

સ્વભાવને સંગે જાય તો સુખી ને આનંદ થાય છે.

ભગવાનઆત્મા પરમાનંદ મૂર્તિ પ્રભુ! જ્ઞાન અને આનંદના સ્વભાવની મૂર્તિ પોતાના સ્વભાવને આશ્રયે જાય ત્યાં તો પરમ જ્ઞાન ને આનંદ પ્રગટે છે. આહાહા..! પણ એ પરને આશ્રયે લક્ષમાં જાય છે, પોતે સ્વતંત્રપણે કર્તા થઈને, હોં! ૬૨મી ગાથા કીધી નહિ? 'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા. વિકારના ષટ્કારક પોતે પોતાથી પરિણમે છે. પરકારકની કંઈ અપેક્ષા છે નહિ. ૬૨મી ગાથા. 'વર્ણીજી' સાથે મોટી ત્યાં ચર્ચા થઈ હતી. ન બેઠું એને. ઇ ચાલતું નહોતું. ત્રણે ફીરકામાં વિકાર કર્મથી થાય, કર્મથી થાય એ જ સૌએ માંડી હતી.

અહીં કહે છે કે બાપુ! કર્મ તો જડ છે. એ આત્માની પર્યાયને અડતો ય નથી, સ્પર્શતો ય નથી. કર્મનો ઉદય અને રાગ બે વચ્ચે તો અત્યંત અભાવ છે, અત્યંત અભાવ છે. આહાહા..! એથી કર્મનો આમાં અત્યંત અભાવ છે તે કર્મને લઈને રાગ થાય તો તો ભાવ થઈ ગયો એનો. આહાહા..! એ વિકાર પરસંગે થાય છે, પરસંગે. **'पर एव'** નહિ– પરથી નહિ. પરનો સંગ પોતાની યોગ્યતાથી કરે છે માટે વિકાર થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવો નિર્ણય કરવાનો વખત ક્યાં છે?

**શ્રોતા :–** શું અપેક્ષાથી વાત થાય છે ઇ સમજાય જાય તો સમજાય જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ જ વાત છે, વસ્તુની સ્થિતિ આવી છે. આહા..! આણે (–કળશટીકાકારે) તો બહુ ખુલાસો કર્યો છે. **'જીવદ્રવ્ય સાથે વ્યાપ્ય-વ્યાપક નથી.'** વિકારનું પરિણમન વ્યાપ્ય અને કર્મ વ્યાપક એમ નથી. કર્મ જડ વ્યાપક અને એની ઉદય અવસ્થા તેની વ્યાપ્ય એની સાથે સંબંધ છે, આત્મા સાથે વ્યાપ્ય-વ્યાપક છે નહિ. 'રાજમલ્લજી'એ કેટલો ખુલાસો કર્યો છે, લ્યો! આહા..!

આ તો તે દિ' જોયું નહોતું, તે દિ' હાથ આવ્યું નહોતું. (સંવત) ૧૯૭૧મા કહ્યું હતું ત્યારે આ પુસ્તક હાથ આવ્યું નહોતું. '૭૧મા પહેલું કહ્યું હતું, 'લાઠી'માં. વિકાર પોતાથી થાય છે, કર્મથી નહિ. 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ.' કર્મ જડ છે. જડ અને આની બેની વચ્ચે તો અત્યંત અભાવ છે. અત્યંત અભાવમાં એ ભાવ કરી દ્યે, એમ આવે ક્યાંથી? આહા..! એ વખતે તો આ પુસ્તક વાંચ્યા પણ નહોતા, 'સમયસાર' પણ વાંચ્યું નહોતું. ખળભળાટ થઈ ગયો હતો. ગુરુ તો સાંભળતા હતા એને કાંઈ (નહોતું), પણ 'દામોદર શેઠ' હતાં એણે ખળભળાટ કર્યો કે આ ક્યાંથી કાઢ્યું આવું? અત્યાર સુધી કોઈ કહેતું નથી. અમારા ગુરુએ અમને કીધું નથી અને તમે ક્યાંથી કાઢ્યું આવું? મારે મોઢે ન કહે, બીજાના મોઢે (કહ્યું). આવું ક્યાંથી કાઢ્યું આ? વિકાર કર્મ વિના થાય એવું તો અમારા ગુરુએ કોઈ દિ' કીધું નથી. અમને કોઈ દિ' વંચાવ્યું નથી. કીધું, માર્ગ આ છે. પોતાની ભૂલ પોતે પોતા વડે કરે છે અને ભૂલને પોતાના સ્વભાવના આશ્રયે પુરુષાર્થથી ટાળે છે. એક જ વાત છે, બાકી બધી વાતું (છે). આહાહા..!

આમણે કબુલ કર્યું હતું. અહીં 'બંસીધરજી' આવ્યા હતા. ન્યાં જરી સામા 'વર્ણીજી'ના પક્ષમાં

હતા. અહીં આવ્યા હતા, મહિનો રહ્યા હતા. ત્યારે આ પરસંગની ગાથા ચાલી હતી. કીધું **'परसङ्गः एव'** છે, **'पर एव'** એમ નથી–પરથી એમ નથી. પરસંગ એટલે પોતાના સ્વભાવનું લક્ષ છોડીને, પોતે પર ઉપર લક્ષ કરે છે. ભલે લક્ષ કરે છે એ લક્ષ ત્યાં પરને અડતું નથી, લક્ષ કરે છે એ પરને અડતું નથી પણ પરને લક્ષ કરે છે ત્યાં અશુદ્ધતા ઉત્પન્ન થાય છે. આહાહા..! આવી વાતું છે. જૈનને નામે તો બસ! જૈનમાં કર્મને લઈને થાય, કર્મને લઈને થાય. આહા..!

સ્થાનકવાસીમાં સ્તુતિમાં બોલે ને? પહેલી દસ મિનીટ સ્તુતિ કરે. એમાં આમ બોલે, એમ કાંઈક છે, બોલતા, બધા બોલતા ને! 'કર્મે વાળ્યો આડો અંક' એવું કાંઈક આવે છે. 'કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક.'

**શ્રોતા :–** એ તો સંયોગની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ સંયોગમાં એ તો નિમિત્ત છે. બીજી ચીજમાં સંયોગમાં પણ સંયોગી ચીજ તો એની મેળાએ આવવાને કારણે ઉપાદાનથી આવી છે. એ કર્મ તો એમાં પણ નિમિત્ત છે. આહાહા..! શાતાનો ઉદય છે ને અહીં પૈસા આવ્યા. એ ઉદય તો નિમિત્ત છે. એ પૈસા (એના) આવવાના ઉપાદાનને કારણે એની પર્યાય ત્યાંથી આવવાની (હતી) એટલે આવે છે. ઇ શાતાનો ઉદય પૈસાને લાવ્યો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઇ અહીં કહે છે.

**'સૂર્યકાંતમણિની માફક (અર્થાત્ જેમ સૂર્યકાંતમણિ પોતાથી અગ્નિરૂપે પરિણમતો નથી, તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે, તેમ)...'** [ **आत्मा आत्मनः रागादिनिमित्तभावम् जातु न याति** ] (નિમિત્ત એટલે કારણ). શુદ્ધ ઉપાદાન પોતે નથી. **'આત્મા પોતાને રાગાદિકનું...'** મૂળ ઉપાદાન કારણ જે શુદ્ધ છે એ (રાગાદિકનું નિમિત્ત) **'કદી પણ થતો નથી,...'** [ **तस्मिन् निमित्तं परसङ्गः एव** ] **'તેમાં નિમિત્ત પરસંગ જ (-પરદ્રવ્યનો સંગ જ) છે.'** પરદ્રવ્યનો સંગ કરે છે, લક્ષ કરે છે. પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યનું લક્ષ છોડીને જે પરદ્રવ્ય છે તેનું લક્ષ કરે છે. લક્ષ કરે છે એટલે કાંઈ પરદ્રવ્યમાં એનું લક્ષ અડી જાય છે એમ નથી. કર્મનો ઉદય છે એમાં એને લક્ષ અડે છે એમ નથી, તેમ કર્મનો ઉદય છે તે આ લક્ષને અડે છે એમ પણ નથી. દ્રવ્યની ભિન્નતા સ્વતંત્ર (છે) તેમાં કોની કઈ પર્યાય કોને અડે? આહા..!

એ તો ૩જી ગાથામાં કહ્યું નહિ? ૩જી ગાથા. દરેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે છે. બીજા દ્રવ્યની સાથે એને ચુંબતું નથી, એવો પાઠ છે ત્યાં. દરેક દ્રવ્ય પોતાના ધર્મને ચુંબે છે. એ સિવાય એક બીજી વાત પણ એક એમાં ૩જી ગાથામાં આવી છે. 'સમયસાર' છે ને આ? વિરુદ્ધ કાર્ય અને અવિરુદ્ધ કાર્ય. વિરુદ્ધ કાર્ય ને અવિરુદ્ધ કાર્ય સ્વતંત્ર એ રીતે થઈને આખું જગત નભી રહ્યું છે. વિરુદ્ધ વિપરીતપણે પરિણમો કે અવિપરીતપણે પરિણમો, એ રીતે પણ આખું જગત પોતાથી એ રીતે થઈ છે. છે એમાં? આહા..! ૩જી ગાથામાં છે.

એક દ્રવ્ય, દરેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયના ધર્મને ચુંબે નામ અડે છે. પરદ્રવ્યના કોઈ પણ

ગુણ-પર્યાયને કોઈ દ્રવ્ય તેને ચુંબતું, અડતું નથી. આહાહા..! ગજબ વાત છે. આ પગ જે આ જમીન ઉપર ચાલે છે એ પગ જમીનને અડતો નથી. જમીનને આધારે પગ ચાલતો નથી. પગના પરમાણુઓમાં નીચલા પરમાણુનો અભાવ છે અને પગના પરમાણુઓનો એનામાં અભાવ છે. અભાવ છે તો અડે ક્યાંથી? આરે..! આરે..!

**શ્રોતાઃ–** સિદ્ધાંત તો બધે સરખો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધે સરખો છે, બધે એક પ્રકારનો છે. આહાહા..! એ પગ જમીનને અડતો જ નથી. પગના પરમાણુ પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે છે, પરદ્રવ્યને ચુંબતો–અડતોય નથી. આહાહા..! ગજબ વાત છે.

પાણી અગ્નિને કારણે ઊનું થયું નથી. પાણી એ અગ્નિને કારણે ઊનું થયું એ દેખનારા સંયોગને જોવે છે પણ અગ્નિ પોતે જ ઊનાપણે પરિણમી છે એ કાળે એ એમ જોતો નથી. અગ્નિને કારણે ઊનું પાણી થયું નથી. આરે..! આરે..! એકલું (પાણી) ટાઢું હતું અગ્નિ આવી એટલે ઊનું થયું. પણ ઊનું થયું એ પોતાની પર્યાયથી થયું છે કે અગ્નિથી થયું છે? અગ્નિ અંદર પાણીના પરમાણુને અડતાય નથી, તેમ અગ્નિના પરમાણુ પાણીને અડતા નથી. આહાહા..! ગજબ વાત છે.

આ ચોખા પકાય, પાકા થાય છે તો પાણી અંદર ફદીયા શું કહેવાય? ફદીયા પડે ને? એવું અંદર પાણી ઊનું થાય એમાં ચોખા પાકે, પણ કહે છે કે ચોખા પાકે છે એ ફદીયા જેવું પાણી આમ આમ થાય એને ચોખા અડતાય નથી. ફદીયા જેવું પાણી નથી કહેતા? પાણી આમ ખદબદ... ખદબદ... ખદબદ... થાય ને? એવું ઊનું થાય એમાં ચોખા નાખે તો ચોખા પાકી જાય. પણ કહે છે એ ચોખાના પરમાણુઓ પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે છે પણ એ પાણીના ઊની પર્યાયને તે ચોખાની પર્યાય સ્પર્શતું નથી અને ચોખા પાકે છે. 'શશીભાઈ'!

વીતરાગની વ્યાખ્યા છે કે અનંત દ્રવ્ય છે તેનું અસ્તિત્વ ક્યારે રહે? તે અનંત દ્રવ્ય પોત પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહે ને પરને લઈને નહિ, ત્યારે અનંતપણાની અસ્તિત્વતા રહે. એક બીજાને લઈને બીજામાં થાય તો એ અસ્તિત્વ સ્વતંત્ર અનંતપણું રહેતું નથી. આહા..!

**શ્રોતા :–** 'શશીભાઈ' કહે છે, ડૉક્ટરની દવાથી તાવ ઉતરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દવા બિલકુલ નહિ, ડૉકટર-બાકટર નહિ.

**શ્રોતા :–** ડૉકટરના પપ્પાને તાવ આવ્યો હોય તોય નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ડૉકટર મરી જતો નથી ન્યાં? આ 'હેમંતકુમાર' ડૉકટર મોટો હતો, સર્જન. અહીંયાં આવતા, બે-ત્રણ વાર આવ્યા હતા બિચારા. કો'કનું ઓપરેશન કરતાં (હતા ત્યારે કહે), મને આમ કાંઈક થાય છે. એમ કહીને આમ ખુરશીએ બેઠો ત્યાં ખલાસ થઈ ગયો. આ 'નરસીંહભાઈ'ના જમાઈ. 'જેતપુર' નહિ? એ કો'કનું ઓપરેશન કરતો હતો. છે ને સાંભળ્યું છે ને? 'નરસીંહ' ડૉકટર. આહાહા..! હમણાં 'કેશુભાઈ'નો છોકરો આવ્યો હતો. આહાહા..! આ વાત, બાપુ! આહા..!

સ્વતંત્ર.. સ્વતંત્ર.. દરેક દ્રવ્યની તે ક્ષણની તે પર્યાય ક્રમસર થવાની તે થાય. દરેક દ્રવ્યમાં ક્રમબદ્ધ જે સમયે જે પર્યાય થવાની તે થાય. તે ક્રમસર અનાદિ-અનંત છે. પરને લઈને કાંઈ છે નહિ. એક તો (લોકોને) ક્રમસર બેસતું નથી. ભાઈ પણ ના પાડતા, 'વર્ણીજી'. એક પછી એક થાય પણ એક પછી આ પછી આ જ થાય, એમ નહિ. પણ આ પછી આ થાય નહિ તો પછી ક્રમ રહ્યો ક્યાં? આહાહા..! માળા છે એનો જે મણકો છે, જે ઠેકાણે એ મણકો છે તે ત્યાં જ છે, એ બીજે આડેઅવળે ક્યાંય કરવા જાય તો એ મણકો, એ માળા તૂટી જાય છે. એમ આત્મા ને પરમાણુની જે સમયે જે પર્યાય થવાની છે તે પર્યાય પોતાથી જ ત્યાં છે, આઘી-પાછી નથી, આઘી-પાછી કરવા જાય તો દ્રવ્ય તૂટી જશે, દ્રવ્ય નહિ રહે. થોડી ઝીણી વાત છે. હેં? આહાહા..!

અહીં કહે છે, **[ तस्मिन् निमित्तं परसङ्गः एव ]** નિમિત્તનો અર્થ કારણ ભલે લ્યો. વિકારનું નિમિત્તકારણ પર છે પણ ઉપાદાનકારણ પોતે છે. ત્યારે બીજાને નિમિત્તકારણ તરીકે કહેવામાં આવે છે. આહાહા..! આવી વાતું હવે. '**(-પરદ્રવ્યનો સંગ જ) છે...**' જોયું? પરદ્રવ્યને લઈને નહિ. પરદ્રવ્યનો સંગ (કરી) પોતે લક્ષ ન્યાં કર્યું છે. સંગનો અર્થ કાંઈ પરદ્રવ્યને કે અડતું નથી કાંઈ. રાગ છે એ કર્મના ઉદયને અડતો નથી. તેમ કર્મનો ઉદય છે એ રાગને અડતો નથી. ફક્ત લક્ષ જાય છે આમ, એટલે **[ परसङ्गः एव ]** પરના સંગે ઉત્પન્ન થયેલો વિકાર પોતાની યોગ્યતાથી થાય છે. આહાહા..! આવી વાતું.

**[ अयम् वस्तुस्वभावः उदेति तावत् ]** છે? એ વસ્તુનો સ્વભાવ જ એવો છે કે પોતાના સ્વભાવથી વિકારરૂપે ન પરિણમે પણ નિમિત્તના સંગે વિકારપણે પરિણમે એ પોતાની યોગ્યતાથી વસ્તુનો સ્વભાવ જ એવો છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાંથી ઇ કાઢે છે, વસ્તુનો સ્વભાવ. જુઓ! આ વિકાર પરને લઈને જ થાય એવો વસ્તુનો સ્વભાવ છે, એમ કહે છે. એમ અર્થ કર્યા. બધા કરતાં હતા, તે દિ' કરતાં હતા ને! અહીં ઓલો આવ્યો હતો ને? 'જીવણધરજી'! 'જીવણધર... જીવણધર' ઇ એમ અર્થ કરે, જુઓ! આ દિવો મુકે, (એની ઉપર) આમ ટોપી ઢાંકી દે. જુઓ! ટોપીનું નિમિત્ત છે માટે દીવાનો પ્રકાશ બહાર ન આવ્યો ને? એમ દૃષ્ટાંત કહેતા. આહાહા..!

શેઠ વળી એમ કહેતા, એ હજી નવા છે. પહેલાંવહેલા સ્થાનકવાસીમાંથી આવ્યા એટલે એને બહુ છંછેડવું નહિ. કીધું, છંછેડો. ૨૦૦૫ની સાલની વાત છે, નહિ.? બે હજારની સાલની વાત છે. છંછેડો એ વાતને. એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યને લઈને ન થાય, ત્રણ કાળમાં ન થાય, છંછેડો! અહીં ખાનગી રાખવાની વાત નથી, કીધું. આહા..! અને તે પણ તે દ્રવ્યની તે પર્યાયનો ક્રમસર છે, ક્રમ છે તે ક્રમે તે થાય છે. આહા..! આડીઅવળી થતી નથી. આડીઅવળી એટલે શું? આડીઅવળી એટલે શું પણ? આ અહીં થાય ને આ અહીં થાય એટલે શું એનો અર્થ? આહા..! એ તો એક ફેરી ખૂબ કહ્યું હતું, ભક્તિમાંથી આવીને એક ફેરી ઘણાં વર્ષ પહેલાં (કહ્યું), આડીઅવળી એટલે શું? આડીઅવળી વસ્તુમાં જ નથી. ક્રમસર એક પછી એક જે પર્યાય થાય તે તે ક્રમસર થાય

છે, આડીઅવળી બિલકુલ થાય નહિ, આઘીપાછી થાય નહિ. આ પર્યાય અહીં થવાની હતી તે અહીં થઈ અને અહીં થવાની અહીં થઈ અને આ થવાની હતી તે અહીં થઈ, એમ છે નહિ, કીધું. આહાહા..!

**શ્રોતા** :– આડાઅવળાનું વાચ્ય તો કાંઈક હશે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– આડાઅવળાનું વાચ્ય આ. આડુઅવળુ એટલે ઓલું નિમિત્ત છે એને લઈને બોલાય. બાકી આડુઅવળુ બિલકુલ છે નહિ. એમ કે આડુઅવળુ ભાષા છે તો એનું વાચ્ય હોય કે નહિ? એમ પૂછે છે. ભાષાને લઈને આડુઅવળું બોલાય, (પરંતુ) વસ્તુ એમ નથી. આહાહા..! આ મારો દીકરો છે, આ મારું ગામ છે, એમ બોલાય પણ એનું ગામ ને દીકરો એનો છે? એનું વાચ્ય આ છે, લ્યો! અમારું 'રાજકોટ'. કહો! છે 'રાજકોટ' એનું? અમારું 'રાજકોટ'નું વાચ્ય શું? ઇ તો કહેવામાત્ર કથન છે. 'રાજકોટ'નો રહીશ છે એટલું જાણવા. 'રાજકોટ' એનું કે દિ' હતું? ઘરનું મકાન પણ ન હોય, કોઈને મકાન પણ ન હોય છતાં કો'કને (ત્યાં) ભાડે રહેતો હોય, છતાં કહે, 'રાજકોટ' અમારું ગામ છે, એમ કહે, લ્યો! મકાન પણ ઘરનું ન હોય. તેથી શું? એ તો બોલવાનું કથન છે. આહા..!

**'(-પરદ્રવ્યનો સંગ જ) છે.'** **[ अयम् वस्तुस्वभावः उदेति तावत् ]** એ વિકાર પરને લઈને થાય એ વસ્તુનો સ્વભાવ છે એમ એ કહે છે. અહીં કહે છે કે પર સંગને લઈને પોતે કરે એવો જ વસ્તુનો સ્વભાવ છે. વિકાર પોતાના સંગથી ન થાય, પરના લક્ષે થાય છે એવો જ કોઈ વસ્તુનો, પર્યાયનો સ્વભાવ છે. આહાહા..!

**શ્રોતા** :– વાચક શબ્દ તો એક જ છે, વાચ્ય બે જુદા જુદા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– આ એક જ વાચ્ય છે. **[ परसङ्गः एव ]** એક જ વાચ્ય છે. **[ परसङ्गः एव ], [ पर एव ]** એમ નથી. આવો વસ્તુનો સ્વભાવ એટલે કે પર્યાયનો એવો સ્વભાવ છે કે પર સંગને લઈને વિકાર પોતામાં થાય છે, પોતાના સ્વભાવના સંગને લઈને વિકાર થતો નથી. એ જ વસ્તુનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. અજાણ્યા માણસ આવે તો (એમ કહે), અમારે ધર્મ કરવો છે. પહેલાં સમજ તો ખરો પણ. ધર્મ શું? વિકાર કેમ થાય છે એની ખબર વિના ધર્મ કેમ કરશે? વિકાર છે એ તારી પર્યાયમાં તારાથી થાય છે અને તારે જો ધર્મ કરવો હોય તો તે વિકારની દૃષ્ટિ છોડીને ત્રિકાળી જ્ઞાયકભાવ છે એની દૃષ્ટિ કર તો ધર્મ થશે. વિકાર મારી પર્યાયમાં છે, મારે લઈને છે એવું લક્ષ રાખીને એને પછી રહિત થઈને મારો સ્વભાવ જે ચિદાનંદ પૂર્ણ છે એવી દૃષ્ટિ કરે તો તેને સમ્યગ્દર્શન ધર્મ થાય, બાકી ધર્મ-બરમ થાય એવું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વસ્તુ છે. વાણિયાને વેપાર આડે નિર્ણય કરવાનો વખત મળે નહિ. પછી માથે જે કીધું હોય ઇ જય નારાયણ કરીને ચાલે. આ તો વીતરાગ માર્ગ છે, બાપુ! ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર, એનો આ માર્ગ છે, આ કોઈ આલીદુઆલીનો માર્ગ નથી. ત્રણ કાળના

તીર્થંકરો ને ત્રણ કાળના કેવળીઓ ને મુનિઓનો એ પોકાર છે કે તારો સ્વભાવ શુદ્ધ છે એની જો દૃષ્ટિ કર તો અપવિત્રતા નહિ થાય. પણ તારો પવિત્ર સ્વભાવ છે તેની દૃષ્ટિ છોડી અને જો પરના સંગનું લક્ષ કરીશ તો તને અપવિત્રતા થશે અને એને લઈને સંસારમાં રખડવું પડશે. આહાહા..!

**શ્રોતા :–** સમ્યગ્દર્શન પ્રાપ્ત કરનાર, રાગ મારો છે એમ વિચારે કે...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ, નહિ. રાગ છે મારામાં, પર્યાયમાં એટલું જ્ઞાન રાખીને...

**શ્રોતા :–** એ પુદ્‌ગલના પરિણામ છે એવું વિચારે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ, એ લક્ષમાં રાખે ઇ. ૧૪મી ગાથાના ભાવાર્થમાં આવ્યું છે. ૧૪મી ગાથામાં. પર્યાય નથી, અભૂતાર્થ છે એમ કીધું છે પણ પર્યાય મારામાં છે, પર્યાય છે એવું લક્ષ કરીને તેને છોડીને ભૂતાર્થનો આશ્રય કરજે. ૧૪મી ગાથાની ટીકાના ભાવાર્થમાં છે. છે ને? આ 'સમયસાર'માં આવે છે. પર્યાય અભૂતાર્થ છે, અભૂતાર્થ કીધી છે. અભૂતાર્થ કીધી એટલે કે નથી જ એમ નહિ. એ તો વસ્તુ જે ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ છે એને મુખ્ય કરી, તેને નિશ્ચય કરી, તેનો આશ્રય લેવા માટે તે મુખ્ય વસ્તુ કીધી છે અને પર્યાયને છે છતાં ગૌણ કરી, વ્યવહાર કહી, નથી એમ કીધું છે, ગૌણ કરી, વ્યવહાર કહી, નથી એમ કીધું છે. ત્રિકાળી વસ્તુને મુખ્ય કરી, નિશ્ચય કહી, છે એમ કીધું છે. આહાહા..! આમ છે બધું, ભાઈ! આકરું કામ. સત્યની સત્ય વસ્તુને સમજવા માટે ઘણો પ્રયત્ન જોઈએ ભાઈ! આહાહા..!

અનંત કાળથી રખડે છે, બાપુ! આહાહા..! અહીં અબજોપતિ માણસ હોય અને આહા..! ઓલા ભાઈ ગયા? 'મીઠાલાલ' ગયા લાગે છે? ઇ બિચારા પૂછતા હતા. મારા બાપ ક્યાં ગયા હશે? મહારાજ! મેં કીધું, એના પરિણામ તો બહુ પ્રેમના હતા. એને બિચારાને એમ. આમ કરોડપતિ માણસ છે. એમ કે મારા પિતાજી ક્યાં ગયા હશે? મેં કીધું, ભાઈ! એને પ્રેમ તો બહુ હતો એટલે નરક-તિર્યંચમાં તો ન જાય. એને ઘણો પ્રેમ હતો. સાંભળવા આવતા ત્યાં 'મુંબઈ'માં પણ રાત્રે ભલે બોલી શકે નહિ પણ સાંભળવામાં પ્રેમ ઘણો, ઉત્સાહ ઘણો અને ત્યાં સુધી કહેતા, ઓલામાં આવ્યું છે, કાળી ચોપડીમાં, કાળી નાની, નહિ? 'જ્ઞાનકળા'. એમાં એમ આવ્યું, એણે પોતે લખ્યું છે કે 'સોનગઢ' ભવના અભાવનું કારખાનું છે. ભવનો અભાવ કરવાનું કારખાનું 'સોનગઢ' (છે), એમ બોલતા. એ બોલતા બિચારા પહેલેથી, હોં! ઘણાં વર્ષ પહેલાં. નહિ તો એ સ્થાનકવાસી હતા. આ 'ભભૂતમલ' દેરાવાસી (છે). એણે ચાર લાખ નાખ્યા હતાં ને ત્યાં? 'બેંગલોર'. આઠ લાખ આના ને ચાર લાખ આના. છતાં નરમ માણસ હતાં બિચારા અને પ્રેમ. આમ શરીર ઠીક ન હોય તો સાંભળવા રાત્રે આવે. સવાર, બપોર આવે ને રાત્રે આવતા, ત્યાં 'મુંબઈ' કાયમ સાંભળવા (આવતા). આ વાત સાંભળે ને જેના ભાવ એવા રહે એ નરક ને તિર્યંચમાં ન જાય. સંસ્કાર પડીને જાય એ તો કાં મનુષ્ય જાય ને કાં સ્વર્ગમાં જ જાય. આ ચીજ આવી પરમ સત્ય છે. આહાહા..!

અહીં એ કહે છે **'(સદાય વસ્તુનો આવો જ સ્વભાવ છે, કોઈએ કરેલો નથી.)'** આહાહા..!

**'આવા વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની...'** જુઓ! છે? શું કહે છે કે મારું સ્વરૂપ રાગ વિનાનું છે. એમ જાણતો રાગ થાય તેનો કર્તા થતો નથી. **'આવા વસ્તુ સ્વભાવને જાણતો જ્ઞાની રાગાદિકને પોતાના કરતો નથી...'** જોયું! પોતાની પર્યાયમાં યોગ્યતાથી ભલે થાય છતાં એ રાગ મારા છે એમ એ માનતો નથી. આહાહા..! છે? **'વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની રાગાદિકને...'** એટલે એનો અર્થ એવો નથી કે રાગ કર્મ કરાવે છે એમ અહીંયાં નહિ, પણ રાગાદિક પરસંગને લઈને મારી પર્યાયમાં થાય (છે, એ) મારો સ્વભાવ નથી. એમ વસ્તુના સ્વભાવને જાણતો રાગ-દ્વેષ આદિનો કર્તા થતો નથી, એનો સ્વામી થતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાયબુદ્ધિ છોડાવી.

**શ્રોતા :–** કર્યા કરે અને સ્વામી નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ સ્વામી નથી. પર્યાયબુદ્ધિ છૂટી ગઈ છે એટલે એનો સ્વામી નથી, એનો જ્ઞાતા છે.

**શ્રોતા :–** જ્ઞાતા છે તો કરે કોણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ કરે? કરતો નથી. થાય છે એને જાણે છે.

**શ્રોતા :–** કર્મ તો રાગ કરતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કર્મ પણ કરતું નથી અને એણે પણ કર્યું નથી. થયું છે તેને જાણે છે. પર્યાયમાં સ્વતંત્ર થયું છે તેને દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિથી જાણે છે.

**શ્રોતા :–** કાર્ય છે તો કારણ કોણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોઈ કારણ-ફારણ નહિ. પોતે કારણ ને પોતે કાર્ય. એવું છે અહીં તો. વિકારના પરિણામ પોતે જ કારણ ને પોતે જ કાર્ય. ષટ્કારકમાં આવ્યું નહિ? કર્તા, કર્મ... કર્મ એટલે કાર્ય, કાર્ય પોતે ને કર્તા ય પોતે, કરણ પોતે ને સંપ્રદાન પોતે ને અપાદાન પોતે ને આધાર પણ પોતે. આહાહા..! આમાં કાંઈ ફેર પડે એવું નથી. આહાહા..!

**શ્રોતા :–** દ્રવ્ય અને પર્યાય વચ્ચે કારણ-કાર્ય લઈએ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કારણ-કાર્ય નથી. પર્યાય કારણ ને પર્યાય કાર્ય.

**શ્રોતા :––** તો એકલી પર્યાયની વાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :––** હા, પર્યાયની. દ્રવ્યદૃષ્ટિ થઈ એટલે એ જે કાર્ય થયું છે તેનો કર્તા નથી.

**શ્રોતા :–** તેનો કર્તા કોણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કર્તા કોઈ નથી. ઇ એની કર્તા ઇ. એનો આ જાણનાર (છે). પર્યાયનો કર્તા પર્યાય એનો આ દ્રવ્યદૃષ્ટિવાળો જાણનાર (છે). પર્યાયબુદ્ધિ ગઈ છે ને! આવી વાત છે, ભાઈ! આહાહા..! વીતરાગમાર્ગ... અનંત અનંત કાળ થયો. આહાહા..! ચોરાશીના અવતાર કરી કરીને ક્યાં નરક ને ક્યાં નિગોદ ને ઓહો..હો..! ક્યાં જંગલમાં વાઘ ને વરું ને વીંછી ને નાગ ને... આહાહા..! એવા અવતાર કરીને પાછા મરીને નરકે જાય. આહાહા..! એવા અનંત અનંત અવતાર કર્યા. એ

દૃષ્ટિ–પર્યાયબુદ્ધિ, રાગ ને પુણ્ય ને પાપ મારા (માનવાને કારણે કર્યા). પર્યાયમાં છે એ બરાબર જાણે પણ મારા એ મારો સ્વભાવ નથી. થાય છે મારી પર્યાયમાં મારાથી, પણ પર્યાયબુદ્ધિ જ્યાં ઊડી ગઈ છે (ત્યાં એનો સ્વામી થતો નથી). આહાહા..!

ત્યાં તો એમ કહ્યું છે, પર્યાયબુદ્ધિ ગઈ છે એ તો બીજા આત્માઓને પણ પરમાત્મ સ્વરૂપે જોવે છે. ભગવાન ચૈતન્ય સ્વરૂપ બધા છે, બિરાજે છે. કેમકે પોતાની પર્યાયબુદ્ધિ ગઈ એટલે બીજાની પર્યાયને ન જોતા એનું સ્વરૂપ જે છે, સચ્ચિદાનંદ પરમાત્મા શુદ્ધ આનંદનો નાથ બધા ભગવાન સ્વરૂપે બિરાજે છે, દ્રવ્યદૃષ્ટિએ ભગવાન છે (એમ જોવે છે). આહાહા..! ઇ આવ્યું નહિ? કહ્યું નહિ અપાયમાં? અપાયવિચયમાં. આહાહા..! સમકિતી ધર્મધ્યાનના અપાયવિચારમાં એવો વિચાર કરે કે હું પણ અલ્પ કાળમાં મુક્તિને પામવાનો છું પણ આ બધા જીવો મુક્તિને પામો, આનંદને પામો એવી મારી ભાવના છે, કહે છે. મારી પવિત્ર ભાવના તો આ છે. આહાહા..! છે ને? 'દ્રવ્ય સંગ્રહ'માં બતાવ્યું હતું. 'દ્રવ્ય સંગ્રહ'માં છે. આહાહા..!

ત્યાં એક બાજુ એમ પણ કહ્યું, મુનિ ભાવલિંગી સંત છે, અરાગી વીતરાગદૃષ્ટિ છે. આહાહા..! જેને વીતરાગ તુલ્ય પણ કહ્યા, અરે..! 'નિયમસાર'ના કળશમાં વીતરાગ જેવા કહ્યા. એને પણ પ્રમત્તદશામાં કોઈ સ્વપ્નું આવી જાય તો અરે..! દુઃસ્વપ્ન પણ આવી જાય... આહાહા..! તોપણ તેનો તે જ્ઞાતા ને દૃષ્ટા છે, તેનો કર્તા નથી. આહાહા..! મુનિ ભાવલિંગી અનંત આનંદ ઉછળી ગયા જ્યાં, પર્યાયમાં આનંદની ભરતી આવી છે. દરિયાને કાંઠે જેમ ભરતી આવે એમ આનંદસ્વરૂપી ભગવાન, અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ, એનો જ્યાં આશ્રય લીધો છે તેથી પર્યાયમાં અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે. એને પણ કોઈ નિંદ્રા આવી જાય તો કહે છે કે સ્વપ્નામાં દુઃસ્વપ્ન આવી જાય. આહાહા..! ઇ 'દ્રવ્ય સંગ્રહ'માં કહ્યું છે. પ્રમાદ છે ને? પણ એ આવીને ખરી જાય છે. 'નિર્જરા અધિકાર'માં આવ્યું છે ને? ભાઈ! સુખ-દુઃખ થઈને ખરી જાય છે. બીજી ગાથામાં. પહેલી ગાથામાં દ્રવ્ય નિર્જરા, બીજી ગાથામાં ભાવ નિર્જરા. જ્ઞાનીને કર્મનો શાતા-અશાતાનો વિપાક આવે એટલે સુખ-દુઃખ તો થાય, પર્યાયમાં થાય એમ લીધું છે જ્ઞાનીને, પણ એ ખરી જાય છે. આહાહા..! નિર્જરાની બીજી ગાથા. આહાહા..!

આત્મા અનંત આનંદ સ્વરૂપ પ્રભુ, એની પર્યાયમાં રાગાદિ ભલે હો... આહાહા..! પણ દૃષ્ટિ જ્યાં દ્રવ્ય ને સ્વભાવ ઉપર હોવાથી તે રાગનો એ સ્વામી થતો નથી. આહાહા..! પોતાની પર્યાયથી થાય છે, પોતાથી થાય છે એમ માનવા છતાં વસ્તુની દૃષ્ટિની અપેક્ષાએ તે મારું સ્વરૂપ નથી. આહા..! એમ જાણતો તેનો સ્વામી એને કર્તા થતો નથી. આહાહા..!

એ અહીં કહે (છે), **'આવા વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની રાગાદિકને પોતાના કરતો નથી...'** જોયું? રાગાદિ થાય છે પોતાની પર્યાયની નબળાઈને લઈને... આહાહા..! છતાં એ પોતાના કરતો નથી. વસ્તુ સ્વભાવની દૃષ્ટિએ જોતા એ વિકાર રાગાદિ દયા, દાનના પરિણામ આવે પણ ધર્મી

તેને પોતાના માનતો નથી, એનો સ્વામી થતો નથી. આહાહા..! શુદ્ધ ચિદાનંદઘન જ્યાં સ્વામીપણે આવ્યો, પૂર્ણાનંદનો જ્યાં સ્વામી થયો ઇ રાંકાને સ્વામી કોણ કરે? આહાહા..! **'પોતાના કરતો નથી એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે'**

**इति वस्तुस्वभावं स्वं ज्ञानी जानाति तेन सः।**
**रागादीन्नात्मनः कुर्यान्नातो भवति कारकः।।१७६।।**

આહાહા..! [ **इति वस्तुस्वभावं स्वं ज्ञानी जानाति** ] એટલે? ભગવાનઆત્મા તો શુદ્ધ ચૈતન્યઘન પરમ અતીન્દ્રિય આનંદનો સાગર છે એમ ધર્મી જાણે છે. એમ જાણતા સ્વને જ્ઞાની જાણે છે. [ **तेन सः रागादीन् आत्मनः न कुर्यात्** ] **'તેથી તે રાગાદિકને પોતાના કરતો નથી,...'** તે રાગ મારો સ્વભાવ છે એમ એ માનતો નથી. એ મારું સ્વરૂપ નથી, એ વિકૃત છે, એ મારી ચીજ નહિ. આહાહા..! પોતાની પર્યાયમાં પોતાથી થાય છતાં દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ તેનો એ સ્વામી થતો નથી. આવી વાત છે, ભાઈ! છે? તેથી તે રાગ-દ્વેષને કરતો નથી, પોતાના કરતો નથી.

**'તેથી તે (રાગાદિકનો) કર્તા નથી.'** આ કારણે રાગદ્વેષનો કર્તા જ્ઞાની–ધર્મી નથી. જેને સચ્ચિદાનંદ પ્રભુ! અતીન્દ્રિય આનંદ ને જ્ઞાનનો સાગર જ્યાં નજરમાં આવ્યો એવો જે આત્મા, એને કર્મ બિચારા કોણ? રાગાદિ પણ કોણ? એ મારું કર્તવ્ય નહિ, એવી દૃષ્ટિમાં તેનો કારક થતો નથી. (વિશેષ કહેશે..)

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

*** દ્રવ્યદૃષ્ટિ–દ્રવ્ય નામ ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય વસ્તુ, ભગવાન જ્ઞાયકપદાર્થ; દૃષ્ટિ નામ ધ્રુવ જ્ઞાયકપ્રભુનો આશ્રય કરનાર પોતાના શ્રદ્ધાગુણની વર્તમાન નિર્મળ પર્યાય;–સર્વ પ્રકારની પર્યાયને, વિભાવપર્યાય તેમ જ સ્વભાવપર્યાયને, દુર રાખી એક નિરપેક્ષ સામાન્ય ધ્રુવ જ્ઞાયકસ્વભાવને ગ્રહણ કરે છે. અહા ! આ તો મંત્રો છે પ્રભુ ! આ કોઈ કથાવાર્તા નથી. જીવ અનાદિ કાળથી દુઃખી દુઃખી થઈ રહ્યો છે. કોઈને ફાંસીએ ચડાવે અને જ્યાં સુધી જીવ ન જાય ત્યાં સુધી કેવી પીડા હશે ? ભાઈ ! અનાદિ કાળથી જીવ રાગ સાથેની એક્તાબુદ્ધિરૂપ ફાંસીથી દુઃખી થઈ રહ્યો છે, તેની તેને ખબર નથી. દયા-દાન આદિનો રાગ પણ મલિનતા છે. રાગરૂપ મલિનતાને અજ્ઞાની જીવ પોતાનો સ્વભાવ માને છે. પણ ભાઈ! મલિનતા ટકતી નથી અને ગમતી નથી, માટે તે ભગવાન ત્માનો સ્વભઆવ નથી. મલિનતાનો જેને પ્રેમ છે તેણે નિજ અખંડાનંદ પ્રભુને ફાંસી આપી–મિથ્યા શ્રદ્ધારૂપ ભયંકર ભાવમરણ કર્યું. તેનાથી છૂટવું હોય, વિભાવથી છૂટી શાશ્વત પરમાનંદસ્વરૂપ મુક્તદશા પ્રાપ્ત કરવી હોય તો ચૈતન્યના અભેદ ધ્રુવ સ્વભાવનો આશ્રય કર. — દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

# શ્રી સમયસાર, શ્લોક–૨૭૦-૨૭૧, પ્રવચન નં. ૫૭૭, તા. ૨૪-૦૭-૧૯૬૮ [૮]

૨૭૦ કળશ છે. શું કહે છે ? **'અનેક પ્રકારની નિજ શક્તિઓના સમુદાયમય આ આત્મા...'** કેવો આત્મા દૃષ્ટિમાં લેતાં એને સમ્યગ્દર્શન અને અનુભવ થાય ? આત્મા કઈ રીતે દૃષ્ટિમાં લેતાં એને ધર્મ થાય ? એ વ્યાખ્યા છે. સમજાણું કાંઈ ? તો કહે છે કે આત્મામાં અનેક પ્રકારની નિજ શક્તિઓ, પોતાની શક્તિઓના સમુદાયમય. શરીર, વાણી, મન તો પર છે. એને કાંઈ જાણવા ? એણે આત્માને જાણ્યો નથી. તેથી કહે છે કે જાણવામાં આવે એવો આત્મા કેમ જણાય ? તો એ આત્મામાં જે અનંત શક્તિઓ છે, નિજ-નિજ, એમ શબ્દ વાપર્યો છે ને ? પોતાની શક્તિ જ્ઞાન, દર્શન, આનંદ આદિ સત્ત્વ, તત્ત્વ શક્તિઓ છે એનો સમુદાયમય, એનો આખો સમુદાય એ આ આત્મા.

**'આ આત્મા નયોની દૃષ્ટિથી...'** એક એક શક્તિને એક એક જ્ઞાનના નયથી જોઈએ તો કહે છે કે **'ખંડખંડરૂપ કરવામાં આવતાં તત્કાળ નાશ પામે છે;...'** જુઓ ! આ આત્માને રાગવાળો, કર્મવાળો, રાગ-ઉપાધિવાળો જોવો એ તો વસ્તુમાં છે નહિ. છે એમાં ? ૨૭૦ કળશ. ૨૭૦ કળશ. એ ઉપર, સમજાણું આમાં ? એ શ્લોક નહિ એનો અર્થ ચાલે છે. અર્થ ચાલે છે ને આપણે ? કહો, સમજાણું આમાં ? **'અનેક પ્રકારની નિજ શક્તિઓના સમુદાય...'** હવે અહીં તો કહે છે કે આત્માને જેને અનુભવવો હોય, જેને ધર્મ કરવો હોય એને શરીરવાળો છું કે રાગવાળો છું કે કર્મવાળો છું એ વાત તો છોડી દેવી. કારણ કે એ વાળો છે જ નહિ. સમજાણું કાંઈ ? હું રાગવાળો છું, પુણ્યના પરિણામવાળો છું, પુણ્યના ભાવવાળો છું એ તો છે જ નહિ, એ આત્મા એવો છે જ નહિ. એટલે એ રીતે તો આત્મા જાણવામાં આવે નહિ. પણ આત્મા અનંત શક્તિવાળો છે. સમજાણું કાંઈ ? પુણ્ય, પાપ, પરિણામ, દયા, દાન, વ્રત, ભક્તિ પરિણામ એ વાળો તો આત્મા છે જ નહિ. એટલે એ વાળા જોવાથી તો આત્માની દૃષ્ટિ સાચી થાય નહિ. પણ આ તો અનંત શક્તિવાળો છે.

ભગવાનઆત્મા જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, જીવત્વ... કાલે કહ્યું હતું ને ? એવી શક્તિના સમુદાયમય છે. છતાં **'નયોની દૃષ્ટિથી ખંડખંડરૂપ કરવામાં આવતાં...'** એક એક શક્તિને એક એક

જ્ઞાનના અંશથી જોઈએ તો આત્માની પ્રતીતિ થતી નથી. ખંડખંડ થઈને રાગની ઉત્પત્તિ થાય છે. એક એક ગુણની હયાતી તો અનંત છે પણ એક એક ગુણને એક એક નયથી જોતાં આત્માની પ્રતીતિ ન થતાં મિથ્યાત્વભાવ અને ખંડખંડ ભાવ ઉત્પન્ન થાય છે. શું કહ્યું સમજાણું કાંઈ ? આહા..હા..!

**'ખંડખંડ કરવામાં આવતાં તત્કાળ નાશ પામે છે;...'** એટલે કે આત્માની શ્રદ્ધા થતી નથી. ઊલટાનું મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. એક એક નયથી જોતાં ખંડખંડ મિથ્યાદૃષ્ટિપણું છે કારણ કે વસ્તુ અખંડ અભેદ છે તેને જોતાં આવડતી નથી. સમજાણું કાંઈ ? **'માટે...'** એક એક શક્તિને એક એક જ્ઞાનના અંશથી જોઈએ તો વસ્તુ અભેદ દૃષ્ટિમાં ન આવતાં મિથ્યાત્વભાવ થઈને રાગની ઉત્પત્તિ થાય છે. કારણ કે એમાં વાસ્તવિક તત્ત્વની શ્રદ્ધા ન આવી. સમજાણું કાંઈ ? આહા..હા..! જુઓને ! છેલ્લા કળશો કેવા મૂક્યા છે !

**'માટે...'** આ કારણે. આ કારણે એટલે ? કે વસ્તુની અનંત શક્તિનો સમુદાય હોવા છતાં એક એક શક્તિને જોવાથી તે એમાં રાગની ઉત્પત્તિ થઈને આત્માની સાચી પ્રતીતિ થતી નથી. ખોટી પ્રતીતિ ભેદથી થાય છે. સમજાણું કાંઈ ? **'માટે હું...'** માટે સમ્યગ્દૃષ્ટિ ધર્મી એમ વિચારે છે કે... કહો, સમજાણું કાંઈ ? એક મંડુક-દેડકો હોય ને સમ્યગ્દર્શન પામે તો એની આ રીત છે. સ્ત્રીનો આત્મા શરીરનો કહેવાય, શરીર તો છે નહિ, એનો આત્મા જે સમ્યગ્દર્શન પામે તો આ વિધિ છે. **'હું એમ અનુભવું છું કે જેમાંથી ખંડોને નિરાકૃત કરવામાં આવ્યા નથી...'** એમાં સંખ્યાએ અનંત શક્તિ છે. જ્ઞાન, દર્શન, આનંદ એવી સંખ્યાએ અનંત છે. હો. એને અમે બાતલ નથી કરતાં, નાકબુલ નથી કરતાં. છે ને ? રદબાતલ નથી કરતાં, બહિષ્કૃત નથી કરતાં કે અનંતી શક્તિઓ અનંત સંખ્યાએ નથી એમ અમે નથી કહેતા. સમજાણું ? **'છતાં જે અખંડ છે,...'** વસ્તુ તરીકે જે અખંડ છે એ ઉપર અમારી દૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? અરે..રે.! ધર્મ પામવાની આ રીત. આવી અનંત શક્તિઓવાળો હોવા છતાં, નિષેધ કરતાં નથી કે એમાં અનંતી શક્તિ સંખ્યાએ નથી, છતાં વસ્તુ તરીકે તે અખંડ છે એમ દૃષ્ટિ જાય ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ ? **'અખંડ છે,...'** ચાર વિશેષણ વાપરે છે. અખંડ છે, વસ્તુ તરીકે અભેદ એકરૂપ ધ્રુવ. ધ્રુવ ઉપર દૃષ્ટિ આપતા એ અખંડ છે, એક છે. શક્તિઓ અનંત છે છતાં તે વસ્તુ તરીકે એક છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** અનેક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનેક શક્તિઓ ... વસ્તુ એક છે ને ? આ તો ભાઈ, જુદી જાતની રીત છે. અનંતકાળથી એણે સાંભળી નથી. એની અંતર આ ચીજ શું છે એ સાંભળીને એણે કોઈ દિ' નિર્ણય કર્યો જ નથી.

કહે છે કે અનંત શક્તિઓ હોવા છતાં... ઓલું તો એનામાં છે જ નહિ–ઉદયભાવ, રાગ, સંસાર, શરીર એ તો છે જ નહિ. આ તો છે. છે. ભલે હો. અમે એને નાકબુલ નથી કરતાં. છતાં વસ્તુ તરીકે અખંડ છે એ ઉપર દૃષ્ટિ આપતાં આત્માની સાચી પ્રતીત અને સમ્યગ્દર્શન થાય

છે. કહો, 'પોપટભાઈ'! આહા..હા..! બાયડીવાળો, છોકરાવાળો, પૈસાવાળો એ તો ક્યાંય રહ્યું.

**શ્રોતા :–** ક્યાં ગયું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રખડવામાં. એ મિથ્યાત્વભાવમાં ગયું. સમજાણું ? કારણ કે એ વાળો છે નહિ. અહીં તો કહે છે કે અનંત શક્તિવાળો છે. સંખ્યાએ અનંત શક્તિવાળો ત્રિકાળ છે, છતાં અનંત શક્તિના અનંત ભેદ ઉપર દૃષ્ટિ આપતાં રાગની જ ઉત્પત્તિ થાય. એમાં આત્મા અખંડ પ્રતીતમાં આવતો નથી. આહા..હા..! જુઓ ! એ ધર્મની રીત. સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા વસ્તુ તરીકે અખંડ છે. શક્તિઓ ખંડ-ખંડ નામ અનંત હોવા છતાં વસ્તુ અખંડ અને એક છે. અનેક શક્તિઓના ખંડ ખંડ ન કરતાં અખંડ છે અને અનંત શક્તિઓ (હોવા) છતાં વસ્તુ તરીકે એક છે. **'એકાંત શાંત...'** આહા..હા..! જુઓ ! ખંડ ખંડ કરતાં વિકલ્પ અને અશાંતિ ઉત્પન્ન થતી હતી. પ્રભુ આત્મા એકાંત, એકાંત શાંત. દેખો ! આ એકાંત શાંત. આમાં અનેકાંત ન થાય. એકાંત શાંત-શાંત. સમરસી, વીતરાગભાવસ્વરૂપ એકાંત શાંત છે. ખંડ ખંડ અનેક ... ભિન્ન પાડતા વિકલ્પ ઊઠે છે તો અશાંતિ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ ? આત્મામાં અનંત શક્તિઓ છે એને એક એકને ભિન્ન પાડતાં, લક્ષમાં લેતા તો અશાંતિ રાગની ઉત્પત્તિ થાય છે, અશાંતિ ઉત્પન્ન થાય છે. વસ્તુ એકાંત શાંત છે. અંતરમાં અકષાયભાવ, એવો વીતરાગભાવ એકાંત... એક જ વીતરાગભાવથી ભરેલો આત્મા છે. કહો, સમજાણું આમાં ?

**'એકાંત શાંત છે (અર્થાત્ જેમાં કર્મના ઉદયનો લેશ પણ નથી...'** લ્યો ! રાગનો અંશ પણ જેમાં નથી. એવો વીતરાગભાવ, સમરસભાવ, એકાંત શાંત... શાંત... શાંત.. છે. ચોથું વિશેષણ **'અચળ છે (અર્થાત્ કર્મના ઉદયથી ચળાવ્યું ચળતું નથી)'** ગમે તેવો કર્મનો પ્રકાર આવે (એ) ચળે (નહિ). દ્રવ્ય વસ્તુ છે અખંડ-અચળ છે એને ચળવું શું ? આવા ચાર વિશેષણ કરીને આત્માની એકતાને સિદ્ધ કરી છે. આવો આત્મા, ભગવાનઆત્મા અનંત શક્તિઓથી ખંડ ખંડ થતાં... વસ્તુ અખંડ છે. અનંત શક્તિઓ અનંત હોવા છતાં વસ્તુ એક છે. અનંત શક્તિઓને લક્ષમાં ભિન્ન-ભિન્ન લેતા રાગ ઉત્પન્ન થાય, વસ્તુ એકાંત શાંત છે. અને રાગની ઉત્પત્તિ થતાં ચળપણું થાય છે, વસ્તુ અચળ છે. સમજાય છે કાંઈ ?

માણસ જ્યારે પકવાન કરે તેની વિધિ જાણે કે નહિ પહેલી ? કે શી રીતે કરવું ? પકવાન કરે ત્યારે જાણે ને વિધિ કે ભાઈ ! પહેલાં જુઓ ! આ ઘીમાં લોટ શેકવો, પછી સાકરના પાણી નાખવા. એવી વિધિ શીખે કે સમજે કે નહિ ? કે વિધિ સમજ્યા વિના કરતો હશે ? શીરો સમજો છો ? હલવા. શીરો-શીરો. હલવો નથી હોતો ? અમારે ગુજરાતીમાં શીરો કહે છે. પહેલાં લોટને ઘીમાં શેકે પછી ગોળ કે સાકરનું પાણી નાખે. એમ વિધિ શીખે ને ? વિધિ શીખ્યા વગર એમનેમ શીરો કરવા માંડે ? એમ આત્માને સમજવાની આ વિધિ છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવાની આ વિધિ છે. સમજાણું કાંઈ ?

ચાર વિશેષણ આપ્યા. આહા..હા..! અખંડ છે, એક છે, અનેક એકાંત શાંત છે અને અચળ છે. **'એવું ચૈતન્યમાત્ર...'** એવું ચૈતન્યમાત્ર **'તે જ હું છું.'** એવી અંતર દૃષ્ટિ કરવી, અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. કહો, 'જેઠાલાલભાઈ' ! આહા..હા..! લોકોને બિચારાને ક્યાંય ભરાવી દીધા. આ કરો, જાત્રા કરો, પૂજા કરો, ભક્તિ કરો, પાંચ લાખ-બે લાખ માણસનું ... કાઢો, જાવ ચડો સમ્મેદશિખર ને ચડો શેત્રુંજય. એ નહિ, કહે છે. એ બધી સમ્યગ્દર્શન પામવાની વિધિ જ નથી. 'પોપટભાઈ' !

અહીં તો કહે છે, ભગવાનઆત્મા વસ્તુ એક અને શક્તિ અનંત. અનંતકાળ રહે એમ નહિ, હોં! અનંતકાળ રહે એ તો એની સ્થિતિ કાળની મર્યાદા છે. આ તો સંખ્યાની મર્યાદા અનંત છે. વસ્તુ એક અને શક્તિ અનંત. છતાં અનંતને જોતાં, ભેદ પાડીને જોતાં રાગની ઉત્પત્તિ થઈ ખંડ ખંડ થાય છે, અખંડ આત્મા પ્રતીતમાં આવતો નથી. ખંડ ખંડ થતાં મિથ્યાત્વભાવ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? **'એવું ચૈતન્યમાત્ર તેજ હું છું.'** એવી અંતરમાં દૃષ્ટિ કરવી, અંતર્મુખમાં આ રીતે પ્રતીત કરવી એનું નામ સમ્યગ્દર્શન ધર્મની પહેલી શરૂઆત છે. સમજાણું કાંઈ ?

**'ભાવાર્થ :– આત્મામાં...'** ભગવાનઆત્મામાં **'અનેક શક્તિઓ છે...'** ઓહોહો..! સંપદા તે પણ કેટલી ! અહીં તો કરોડ, બે કરોડ, પાંચ કરોડ, પચાસ કરોડ, અબજ કે ચક્રવર્તીના રાજની ગણતરી, નવ નિધાન, સોળ હજાર દેવ, છન્નુ હજારી સ્ત્રી...

**શ્રોતા :–** બધું મર્યાદિત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધું મર્યાદિત. ધૂળની વાત બધી પાછી. અહીં તો એથી અનંત... અનંત.. અનંતગુણી એવી શક્તિઓનો ભંડાર ભગવાન છે છતાં એવા ભેદ ઉપર દૃષ્ટિ ન કરવી, કહે છે. આહા..હા..! છેલ્લા શ્લોકો એવા લીધા છે ને. .. સ્થિતિ છે ને.

**'અને એક એક શક્તિનો ગ્રાહક એક એક નય છે;...'** જ્ઞાનનો એક અંશ એક શક્તિને જાણે. એ તો ખંડ ખંડ થઈ ગયું. **'માટે જો નયોની એકાંત દૃષ્ટિથી જોવામાં આવે...'** નયના એક પક્ષથી એક એક શક્તિને જોવામાં **'આવે તો આત્માના ખંડ ખંડ થઈને તેનો નાશ થઈ જાય.'** એટલે આત્મા એકરૂપ દૃષ્ટિમાં આવે નહિ. આત્માનો નાશ થઈ જાય (એટલે) ઇ. વસ્તુ તો વસ્તુ છે. શ્રદ્ધામાં એનો આત્માનો નાશ થઈ જાય. તેમ એક ગુણવાળો માનતા, એક જ ગુણ ઉપર લક્ષ રાખતા અનંતગુણનું એકરૂપ તો દૃષ્ટિમાં આવ્યું નહિ. એટલે એની શ્રદ્ધામાં મિથ્યાત્વની ઉત્પત્તિ થાય છે. એટલે આત્મા એકરૂપ શ્રદ્ધામાં રહેતો નથી. ખંડ ખંડ શ્રદ્ધામાં આવે છે એટલે મિથ્યાત્વરૂપી શ્રદ્ધા થાય છે એમ કહે છે. ઓહોહો..! સમજાણું કાંઈ ?

**'આમ હોવાથી સ્યાદ્વાદી,...'** અપેક્ષાઓનો જાણનાર, વાસ્તવિક તત્ત્વને અપેક્ષિત કરીને જાણનારો **'નયોનો વિરોધ મટાડીને...'** કહે છે કે ભલે એક એક ગુણને જોતા એક એક નય જાણે, ભલે હો, પણ હવે મારે તો એકરૂપ જોવું છે. આ પણ વસ્તુ હો, એનું જ્ઞાન હો ભલે. પણ છતાં એ

જ્ઞાન આમ નહિ કરતાં-જોતા અખંડ અને અભેદ છે. એ રીતે સ્યાદ્વાદી નયોનો પરસ્પર વિરોધ દૂર કરે છે. સમજાણું કાંઈ ? **'નયોનો વિરોધ મટાડીને ચૈતન્યમાત્ર વસ્તુને...'** ભગવાનઆત્મા જાણનાર, દેખનાર આદિ .. વસ્તુ લીધી ને ? ચૈતન્ય.

**'અનેક શક્તિસમૂહરૂપ,...'** અનેક ગુણોના પિંડરૂપ, અનેક ગુણના સમૂહરૂપ **'સામાન્યવિશેષસ્વરૂપ,...'** ધ્રુવરૂપે સામાન્ય અને ગુણાદિના ભેદે વિશેષ. વસ્તુ તરીકે સામાન્ય અને ગુણભેદ તરીકે વિશેષ ભલે હો, એમ જાણે. અનંત શક્તિઓ છે એ વિશેષપણું થયું. એકરૂપ આત્મા એ સામાન્યપણું થયું. સમજાણું કાંઈ ? અરે..! આવી ધર્મની રીત ! ઓલી તો આમ ધમાલ... ધમાલ.. કરો આમ, મરો આમ,... આઠ અપવાસ કરો. એય..! 'પોપટભાઈ' ! આહા..હા..! શાંત થાને, ભગવાન ! તારી સમીપે તારે જાવું છે કે તારાથી દૂર તારે વર્તવું છે ? એ બધા વિકલ્પો દૂર વર્તવાના છે. સમીપમાં જવાનો તો આ રસ્તો છે.

**'સર્વશક્તિમય...'** **'સામાન્ય-વિશેષસ્વરૂપ,..'** એટલે ધ્રુવ અને ગુણભેદ. **'સર્વશક્તિમય એક જ્ઞાનમાત્ર અનુભવે છે.'** એક જ જ્ઞાન છું, અભેદ છું એવો અનુભવ કરવો એનું નામ ભગવાન આત્માને જાણનાર, આત્માને અનુભવનાર, ધર્મ કરનાર એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? હવે એમાં વ્યવહાર વ્યવહારની કાંઈ મદદ મળે કે નહિ ? લોકો ઇ રાડો પાડે છે. નહિ ? પણ આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરીએ એની કાંઈ ધર્મમાં મદદ ખરી કે નહિ ? કહે છે કે ના. એની વાત તો છે જ ક્યાં ? પણ એનામાં છે એવી અનંત શક્તિને ભેદથી દેખો તો પણ અભેદને માટે મદદગાર નથી. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'સર્વશક્તિમય એકજ્ઞાનમાત્ર અનુભવે છે. એવું જ વસ્તુનું સ્વરૂપ છે,...'** આવું વસ્તુનું સ્વરૂપ છે. કાંઈ ભગવાને કહ્યું માટે કર્યું છે એમ છે ? ભગવાન તો .. છે. એમ કહ્યું છે (અને) એમ છે. સમજાણું કાંઈ ? આહા..હા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ અખંડ એક એકાંત શાંત અચળ પ્રભુ, એને દૃષ્ટિમાં લેતાં એને સમ્યગ્દર્શન-જ્ઞાન ને શાંતિ થાય છે. **'એવું જ વસ્તુનું સ્વરૂપ છે, એમાં વિરોધ નથી.'** આમાં કોઈ વિરોધ નથી કે આ વ્યવહારથી ન થાય માટે એકાંત થઈ જાય છે, નિમિત્તથી ન થાય માટે એકાંત થઈ જાય છે. આવા અનંત ગુણ છે અને ભેદથી જોતાં ન થાય માટે એકાંત થઈ જાય છે, એમ નથી. **'એમાં વિરોધ નથી.'** સમજાણું કાંઈ ? એ શ્લોક ૨૭૦ (પૂરો) થયો.

**'હવે, જ્ઞાની અખંડ આત્માનો આવો અનુભવ કરે છે એમ આચાર્યદેવ ગદ્યમાં કહે છે :-'** **'न द्रव्येण खण्डयामि, न क्षेत्रेण खण्डयामि, न कालेन खण्डयामि, न भावेन खण्डयामि; सुविशुद्ध एको ज्ञानमात्रो भावोऽस्मि।'** ઓહોહો..! રચના તે કાંઈ રચના...! હવે **'(જ્ઞાની શુદ્ધનયનું આલંબન લઈને એમ અનુભવે છે કે–)'** શુદ્ધનય એટલે ? આત્માને અભેદ જોવાની જે દૃષ્ટિ છે એ શુદ્ધનયના આશ્રયની જે વસ્તુ છે એને અનુભવે છે એમ કહે છે. ધર્મી એમ અનુભવે છે કે **'હું મને અર્થાત્ મારા શુદ્ધાત્મસ્વરૂપને નથી દ્રવ્યથી ખંડતો (–ખંડિત કરતો),...'** એકલો દ્રવ્યમાત્ર છું, એથી ક્ષેત્રમાત્ર

આદિ નથી એમ નહિ, દ્રવ્યથી ખંડતો નથી. અખંડ દ્રવ્યમાત્ર છું. દ્રવ્યથી જુઓ તો અખંડ છે.

**'હું મને અર્થાત્ મારા શુદ્ધાત્મસ્વરૂપને નથી દ્રવ્યથી ખંડતો...'** એટલે એક દ્રવ્ય ભાગ છે, એક ક્ષેત્ર ભાગ જુદો છે, એક કાળ ભાગ જુદો છે, ભાવ ભાગ જુદો છે એમ નથી. સમજાણું કાંઈ ? આ ગોટલીનો દાખલો આપ્યોને હમણા ? કેરીનો. કેરી-કેરી. કેરીમાં ચાર ભાગ છે. એક છે તે છિલકા-ઉપરની છાલ, ગોટલી, એક રેસા-રેસા-જાળી, રેસા અને એક રસ. રસ, રેસા, ગોટલી અને છિલકા. એમ આત્મા છે ?–કે ના, એમ આત્મા નથી. કેરીમાં ચાર.. કેરી સમજો છો ? આમ. એમાં ચાર ભાગ પાડો તો એક ઉપરની છાલ, એક ગોટલી, એક રેસા અને રસ (છે). કેરીનું એવું સ્વરૂપ નથી. એમ આત્માના એવા ચાર ભાગ પાડે એવું સ્વરૂપ નથી. એક ભાગ દ્રવ્યનો, એક ભાગ ક્ષેત્રનો, એક ભાગ કાળનો અને એક ભાગ ભાવનો, એમ નથી. પણ કેરીમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી જુઓ... પીળા રંગથી જુઓ તો પીળામાત્ર કેરી છે, રસમાત્રથી જુઓ તો રસમાત્ર કેરી છે, ગંધમાત્રથી દેખો તો ગંધમાત્ર કેરી છે, સ્પર્શમાત્રથી દેખો તો સ્પર્શમાત્ર કેરી છે. અભેદ છે. સમજાય છે કાંઈ ?

કેરીના ચાર ભાગ... પહેલાં કેરી એ રીતે જુઓ તો કેરી અખંડ છે જ નહિ. ચાર જુદા જુદા ભાગ પડી જાય. પણ કેરીને એના વર્ણથી, રંગથી દેખો, રંગ-રંગ, રંગથી દેખો તો એ રંગમય જ કેરી છે. રંગનો ભાગ કોઈ જુદો છે, ગંધનો કોઈ જુદો છે, રસનો કોઈ જુદો છે અને સ્પર્શનો કોઈ જુદો એમ છે નહિ. સમજાણું કાંઈ ? એ તો વર્ણ કહો તો પીળી ભમ્મર જેવી... શું કહે છે તમારે ? હિન્દીમાં ભમ્મર નહી કહેતા હોય. અમારે અહીં કાઠિયાવાડમાં પીળી ભમ્મર જેવી કહે. એ એને ખબર ન હોય. એ હળદર જેવું ન હોય. હળદર જેવી ન હોય. પીળી ભમ્મર જેવી. આપણા શબ્દ સાથે મેળ ખાવો જોઈએ ને. પીળી અને પાછી છાલ જરી ઓલી થઈ ગઈ હોય. કરચલી પડી ગઈ હોય. પીળી કેસર છે. રસથી જુઓ તો આખી રસમય કેરી છે. સ્પર્શથી જુઓ તો સ્પર્શમય અને ગંધ દેખો તો સુંગધમય છે, સુંગધમય જ કેરી છે. એમ આત્મા દ્રવ્યે કાંઈક જુદું છે, ક્ષેત્ર કાંઈક જુદું છે, કાળ કાંઈક જુદો અને ભાવ જુદો એમ છે નહિ. દ્રવ્યથી જુઓ તો પણ કહે છે, શુદ્ધાત્માને ખંડતો નથી. દ્રવ્યથી વસ્તુ એક અખંડ છે. સમજાણું કાંઈ ? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આત્મામાં છે તો એના કાંઈ અંદરમાં ચાર ભાગ નથી.

**'હું મને અર્થાત્ મારા શુદ્ધાત્મસ્વરૂપને નથી દ્રવ્યથી ખંડતો...'** એટલે દ્રવ્યનો એક ભાગ જુદો પાડું છું. એમ નથી. એ તો દ્રવ્ય તો એક જ છે. **'નથી ક્ષેત્રથી ખંડતો,...'** એટલે ક્ષેત્ર અસંખ્યપ્રદેશી આત્મા એ ક્ષેત્ર કોઈ જુદું છે અને દ્રવ્ય કોઈ જુદું છે એમ નથી. ક્ષેત્રથી જુઓ તો અસંખ્યપ્રદેશી એક છે. દ્રવ્યથી જુઓ તો વસ્તુ એક છે. સમજાણું કાંઈ ? આહા..હા..! દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભેદ કરી નાખ્યા. ત્યાં શક્તિઓના ભેદ કાઢ્યા, અહીં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભેદ કાઢ્યા. સમજાય છે કાંઈ ? તત્ત્વના આ ઊંચામાં ઊંચા શ્લોક છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો ભેદ નથી. દ્રવ્ય તો ઇ, ક્ષેત્ર તો ઇ, કાળ તો ઇ અને ભાવ પણ ઇ.

'**હું મને અર્થાત્ મારા...**' મને એટલે '**મારા શુદ્ધાત્મસ્વરૂપને...**' '**હું મને અર્થાત્ મારા શુદ્ધાત્મસ્વરૂપને નથી દ્રવ્યથી ખંડતો...**' કે દ્રવ્યનો એક ભાગ કોઈ આત્મામાં જુદો છે એનો ભેદ પાડતો નથી. '**નથી ક્ષેત્રથી ખંડતો,...**' અસંખ્ય પ્રદેશ ક્ષેત્ર કોઈ જુદા છે અને દ્રવ્ય કોઈ જુદું છે એમ છે નહિ. અસંખ્યપ્રદેશી વસ્તુ તો એકની એક જ છે. સમજાણું કાંઈ ? '**નથી ક્ષેત્રથી ખંડતો,...**' એટલે ? એનું ક્ષેત્ર જુદો ભાગ છે અને દ્રવ્યનો જુદો ભાગ છે એમ છે નહિ. ક્ષેત્રથી જુઓ તો પણ અખંડ છે, દ્રવ્યથી જુઓ તો પણ એનું એ છે.

'**નથી કાળથી ખંડતો,...**' કાળની એક સમયની અવસ્થા ભિન્ન છે એમ છે નહિ. કાળનું સ્વરૂપ જુદું છે, ક્ષેત્રનું જુદું છે, દ્રવ્યનું જુદું છે. એમ આંબાની કેરીમાં ઓલા ચાર ભાગ પડ્યા એમ–એમ નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ ! દ્રવ્યથી જુઓ તો અનંત ગુણનો પિંડ એક શુદ્ધાત્મા જ છું. ક્ષેત્રથી જુઓ તો એનો એ અસંખ્યપ્રદેશી ક્ષેત્ર એક જ છું. કાળથી જુઓ તો ત્રિકાળ રહેનારું તત્ત્વ એકરૂપ સદૃશ્ય એક જ છું. કાળનો ભાગ જુદો છે અને ક્ષેત્રનો જુદો છે એમ છે નહિ. સમજાણું કાંઈ ? અને '**નથી ભાવથી ખંડતો;...**' લ્યો ! એના અનંતા ગુણો છે એ ભાવ. એ ભાવ તો એની એ વસ્તુ છે. અનંત ભાવરૂપ તો એની એ ચીજ છે, ક્ષેત્રથી પણ એની એ ચીજ છે, દ્રવ્યથી પણ એની એ ચીજ છે અને કાળથી પણ એની એ ચીજ છે. સમજાય છે કાંઈ આમાં ? ભાઈ ! કહો, પેલામાં દ્રવ્યથી તો આટલા પૈસા, ક્ષેત્રથી આટલા મકાન, કાળથી આટલા કાળથી છે અમારી પાસે અને ભાવથી આટલી કિંમતવાળા. કહો, આમાં એવા ભાગ હશે ?–ના.

**શ્રોતા :–** ભાવથી માલિક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** માલિક નહિ, ભાવથી આટલા ભાવવાળા. માલ આટલો પડ્યો હોય ને ? એટલા ભાવવાળો હોય છે ને ? આણે કલ્પ્યો છે ને ? ત્યાં ક્યાં ભાવ છે ? એનો ભાવ તો એની પાસે છે. સોનું હોય તો જે ભાવ છે એ છે. સો રૂપિયાનું તોલું, બસ્સો રૂપિયાનું તોલું એ તો કલ્પ્યો છે ને ! આહા..હા..!

અહીં તો કહે છે, ભગવાનઆત્મા ઓ..હો..! ક્યાં સુધી લઈ ગયા ! એમ કહે છે, મારા આત્માને અનુભવવામાં નથી હું રાગને ભેળવતો, નથી હું નિમિત્તને ભેગો લાવતો, નથી અનંત શક્તિના ભેદથી લક્ષમાં લેતો પણ અહીં તો કહે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ચાર ભાગ પાડીને લક્ષમાં લેતો, એમ પણ નથી. આહા..હા..! ચાર લાઈન... સમજાણું કાંઈ ? બાપુ ! આ તો અંતરના ઘરની મોટપ છે. આ કોઈ સાધારણ વાત નથી, આ કથા નથી. આ તો અમૃતના વેણલાની વાતું છે. આહા..હા..!

ભગવાનઆત્મામાં અમૃત ક્યારે ઝરે ? અમૃત અનેકાંતનો અનુભવ ક્યારે થાય ?–કે એ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળ અને ભાવથી ચાર ભેદ જેમાં નથી. સમજાણું કાંઈ ? દ્રવ્યથી જુઓ પણ એક, વસ્તુથી જુઓ તો એક, ક્ષેત્રથી જુઓ તો એનું એ ક્ષેત્ર છે. દ્રવ્યનો ભાગ જુદો અને ક્ષેત્રનો ભાગ જુદો એમ છે ? કેરીમાં ચાર જુદા છે, કીધાને ? જાળી એટલે રેસા, રસ, ગોટલી અને ઉપરની છાલ.

કેરીની છાલ ઉપરની. ઉપરની છાલ-છિલકા. છિલકા આપણે નથી કહેતા. છાલ કહે છે. છાલ-છાલ. ઉપરની છાલ હોય ને ? પીળી ને લાલ. ગોટલી, રસ, ફોતરા ઉપરના. છોતરું. એને છોતરું કહે છે. ઉપરના ભાગને છોતરું કહે છે, આટલા ભાગને ગોટલી કહે, રેસા. રેસા-રેસા આ નથી કહેતા ? ભાઈ! આ કેરીમાં રેસા ઘણા. ... કરેને કેરીનું ઓલામાં કપડામાં .. બાંધીને રેસા કાઢવા. રેસા, રસ, ગોટલી અને છોતરું. એમ ચાર ભાગ(સ્વરૂપ) એમ કેરી છે ? એ રંગેથી દેખો તો કેરી, રસથી દેખો તો એની એ અને વર્ણથી દેખો તો એની એ. એમ આત્માને દ્રવ્યથી દેખો તો તેનો તે, ક્ષેત્રથી દેખો તો અખંડ તેનો તે. ત્રિકાળ કાળથી દેખો તો તેનો તે અને ભાવનું એકરૂપ દેખો તો તેનો તે. સમજાણું કાંઈ ? આવી વાત, ધર્મકથા સાંભળનારા બહુ થોડા હોય. ઓલી સભા મોટી ભરાયને ને હા..હો...હો... કરે.

**શ્રોતા :–** ખંડ ખંડ માન્યતાવાળાનો કોઈ સિદ્ધાંત નથી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સિદ્ધાંત છે ને. માને છે ને આ. એ આપણે ચાર ખંડ,.. આનાથી દ્રવ્યનો ભાગ જુદો માનશું, ક્ષેત્રનો (જુદો માનશું)... એમ માન્યતામાં છે ને ? માન્યતા તો ક્યાં એની પણ શ્રદ્ધામાં. અહીં વસ્તુમાં ચાર ભાગ છે ને ? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. તો અજ્ઞાની એ ચાર ભેદ ઉપર લક્ષ કરે છે, એમ કહે છે. એટલી વાત. જ્ઞાની ભેદ ઉપર લક્ષ કરતો નથી. અભેદ ઉપર ચારેનું એકરૂપ છે એ દૃષ્ટિ કરે છે, એમ કહે છે. ભેદ દૃષ્ટિવાળો છે કે નહિ ? ભેદની અનાદિ દૃષ્ટિ છે ને ? ૧૧મી ગાથામાં ન આવ્યું ? ૧૧મી ગાથામાં આવ્યું ને ? ભેદદૃષ્ટિ અનાદિની છે. એ ૧૧મી ગાથામાં છે.

**શ્રોતા :–** ઉભયરૂપ કહે તો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઉભયરૂપ છે જ નહિ, નહિ-નહિ. એકરૂપ જ છે. એ પહેલું કહ્યું કે જ્ઞાનમાં સામાન્ય-વિશેષ બેય લે. સામાન્ય ધ્રુવ છે, શક્તિ ગુણરૂપ વિશેષ છે અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વિશેષ. એમ કહેવાય. વસ્તુમાં ભેદ ક્યાં છે પણ ! દ્રવ્યે આત્મા આવો અને ક્ષેત્રે જુદો એમ અંદર છે ? એનો એ અનંત ગુણનો પિંડરૂપ જે દ્રવ્ય છે, એના એ અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે, એનો એ ત્રિકાળી દ્રવ્ય કાળ છે, એનો એ ભાવનું એક સ્વરૂપ છે. ગુણનું-ભાવનું. સમજાણું કાંઈ ?

ત્યારે છું કેવો ? '**નથી ભાવથી ખંડતો, સુવિશુદ્ધ એક જ્ઞાનમાત્ર ભાવ છું.**' એકલો શુદ્ધ એક જ્ઞાનમાત્ર અથવા અનંતગુણનું એકરૂપ એવો જ્ઞાયકભાવમાત્ર છું. આવી દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ ?

'**ભાવાર્થ :– શુદ્ધનયથી જોવામાં આવે...**' ઉતારતા ઉતારતા ક્યાં લઈ ગયા, જુઓ ! ત્રણ કાઢી નાખશે હવે. જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન. ઉતારી ઉતારીને ન્યાં ઉતારતા જાય છે. '**શુદ્ધનયથી જોવામાં આવે તો...**' આત્માને અંતરના સમ્યગ્જ્ઞાનથી પૂર્ણને જોવામાં આવે '**તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં...**' શુદ્ધ ચૈતન્ય વસ્તુ જ્ઞાયકભાવ, એમાં '**દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી કાંઈ પણ ભેદ દેખાતો નથી.**' જુઓ !

ભેદ દેખાતો નથી. ભેદ દેખવો એ જ વસ્તુનું સ્વરૂપ નથી એમ કહે છે. વસ્તુમાં ભેદ છે જ નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ ? લ્યો ! આ સમ્યગ્દર્શનના વિષયમાં દ્રવ્ય ને પર્યાય આવે છે... 'ચંદુભાઈ' ! તમારે 'મુંબઈ' ચાલ્યું હતું કે નહિ ? ચાલ્યું હતું. અહીં તો ચાર ભેદની પણ ના પાડે છે.

વસ્તુ એકરૂપની દૃષ્ટિ કર્યા વિના એકાગ્રતા થાય નહિ અને એકાગ્રતા થયા વિના એક ઉપર જવાય નહિ એક ઉપર ગયા વિના સમ્યગ્દર્શન થાય નહિ. સમજાણું કાંઈ ? તમારે એક્કો સૌથી મોટો હોય છે ને ? હુકમનો એક્કો. શું કહેવાય આ તમારે ? ગંજીપો. એક્કો નથી એક્કો ? પછી બાદશાહ, પછી રાણી, પછી ગલ્લો હોય છે ને ? શેઠ ! આહા..હા..! એ બધું સંસારમાં કર્યું છે, હોં ! બધું જોયું છે. અમારે મામાને ત્યાં તો મોટી ઓલી હતી, સોગઠાબાજી-ચોપાટ. મારા મામાને ઘરે હતી. ત્યાં હતી. નાના હતા ત્યારે રમતા. આ સોગઠા હોય ને ? આ અહીં મૂકે, અહીં મૂકે. થોથે-થોથા. ત્યાં ચોપાટ કહે છે ને ? ચાર બાજુ ચાર લાંબા લાંબા .. ઓલા હોય ને. અને વચ્ચે હોય ઓલું. ચાર ગતિ બીજું શું છે પછી વચલો સિદ્ધભાવ. પાકી જાય ત્યાં જાય. એ કહેતા.

અહીં કહે છે કે **'શુદ્ધનયથી જોવામાં આવે તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી કાંઈ પણ ભેદ દેખાતો નથી.'** આ દ્રવ્ય જુદું, ક્ષેત્ર જુદું, કાળ-ભાવ જુદો એવું કાંઈ નથી. **'માટે જ્ઞાની અભેદ જ્ઞાનસ્વરૂપ અનુભવમાં ભેદ કરતો નથી.'** ઓહોહો..! માટે ધર્મી જીવ એકરૂપ જ્ઞાનાનંદ સ્વરૂપમાં ભેદ પાડતો નથી. અભેદ ધ્રુવ ચૈતન્ય એકરૂપ છે તેની દૃષ્ટિ કરે છે.

હવે એથી ઝીણું આવ્યું. અનંતમાંથી ચાર લીધા અને ચારમાંથી હવે ત્રણ લે છે. આહા..હા..! **'જ્ઞાનમાત્ર ભાવ પોતે જ જ્ઞાન છે,..'** ભગવાનઆત્મા પોતે જ જ્ઞાનસ્વરૂપ છે. **'પોતે જ પોતાનું જ્ઞેય છે...'** પરજ્ઞેય નહિ. પોતે જ પોતાને જાણનારો છે, પોતે જ પોતાને જણાય એવો છે. **'અને પોતે જ પોતાનો જ્ઞાતા છે–એવા અર્થનું કાવ્ય હવે કહે છે :–'**

**योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि**
**ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।**
**ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन्**
**ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ।।२७१।।**

ઓહોહો..! 'અમૃતચંદ્રાચાર્ય' ! હવે કહે છે કે ત્રણ ભેદ પાડવા કે જ્ઞેય કંઈ જુદું છે, જ્ઞાન કંઈ જુદું છે અને જ્ઞાતા કાંઈ જુદો છે એવો ભેદ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? **'જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર જ ન જાણવો;...'** ષટ્ દ્રવ્યનું જાણપણું જે પર્યાયમાં થાય એટલા જ્ઞેયમાત્ર આત્માને ન જાણવો. જ્ઞેયોના જ્ઞાનમાત્ર જ આત્માને ન જાણવો. એવો આત્મા એટલો છે નહિ. શું કહે છે ? એક સમયની જ્ઞાનની પર્યાયમાં ષટ્ દ્રવ્ય જણાય છે, એક સમયની પર્યાયમાં.

એ પર્યાયનું જ્ઞાન ષટ્ દ્રવ્યને જાણવાપણે પરિણમેલું છે. કહે છે કે એટલો જ્ઞેય તરીકે એટલી જ પર્યાય તરીકે આત્મા જ્ઞેય છે એમ નહિ. પર તરીકે તો નહિ પણ એટલી પર્યાયનું જ્ઞેય એવડોય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? પરજ્ઞેય ને છ દ્રવ્ય, ત્રણ કાળ, ત્રણ લોક એને જાણવા માત્રનો એ જ્ઞેય એમ પણ નહિ. પણ એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય બધું જણાય એવું પરિણમન, એટલો જ પર્યાયનો એક અંશ, જ્ઞેય એટલો પણ આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું...'** હું છું **'તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર ન જાણવો;...'** જણાવા યોગ્ય પદાર્થના જાણવામાત્ર તેને ન જાણવો. એટલો આત્મા છે નહિ. આહા..હા..! **'(પરંતુ) જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલોરૂપે પરિણમતો...'** પણ જે જ્ઞેયો છે એના આકારે થતા જ્ઞાનમાં કલ્લોલરૂપે પર્યાયની પરિણતિરૂપે **'તે, જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર જાણવો...'** જ્ઞેયોના આકારે થતાં જ્ઞાનની પર્યાયે પરિણમતો તે જ્ઞાન-જ્ઞેય, પોતે જ્ઞેય, પોતાનું દ્રવ્ય, પોતાનો ગુણ, પોતાની પર્યાય જ્ઞેય અને જ્ઞાન એક સમયની પર્યાય અને જ્ઞાતા અનંત શક્તિનો પિંડ. સમજાણું કાંઈ ? આ તો અંતરમાં ઉતરવાની વાત છે. સમજાણું કાંઈ ?

**'જ્ઞેયોના જ્ઞાનમાત્ર જ ન જાણવો; (પરંતુ) જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલોરૂપે પરિણમતો તે,...'** પર્યાય. **'જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર જાણવો અર્થાત્ પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞેય...'** પોતાના જ્ઞાનનું પોતે જ જ્ઞેય. દ્રવ્ય-ગુણ-પર્યાય. જ્ઞાનની એક સમયની પર્યાય, એનું જ્ઞેય દ્રવ્ય, ગુણ ને પર્યાય, પર નહિ. સમજાણું કાંઈ ? **'પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞેય...'** છ દ્રવ્યને જાણતી પર્યાય એ પોતે પોતાને જાણે, પરજ્ઞેયને નહિ. એ પોતે જ્ઞેય અને જ્ઞેયમાં પણ ત્રણ ભાગ. એકલો સમયનો પર્યાય જ્ઞેય એમ પણ નહિ. છ દ્રવ્યનું જ્ઞેય એ તો નહિ, પણ એક સમયની પર્યાય જે છ દ્રવ્યને જાણે એટલું પણ જ્ઞેય નહિ. આખું દ્રવ્ય, આખો ગુણ અને એક સમયની બધી પર્યાયો એ બધું જ્ઞેય. એ જ્ઞેયની એક શક્તિ; અને એક સમયનું જ્ઞાન એ બધાને જાણે એવું જ્ઞાન, પોતે પોતાને જાણે એવી જ્ઞાનની શક્તિ અને એ અનંત શક્તિનો પિંડ તે જ્ઞાતા એ પણ પોતે ને પોતે જ છે. જ્ઞાતા પોતે, જ્ઞેય પોતે અને જ્ઞાન પોતે, એમાં ત્રીજું કાંઈ છે નહિ. આહા..હા..! ક્યાં લઈ ગયા, જુઓ !

તારી પર્યાયમાં ષટ્ દ્રવ્ય જે જણાય એ જ્ઞેય જેવડો તું નહિ અને એને જાણનારું જ્ઞાન એ પણ નહિ. તારી પર્યાયમાં છ દ્રવ્ય જાણવારૂપે જ્ઞાનની પર્યાય પરિણમી એને તું જાણનારો એટલો પણ નહિ. જ્ઞેય તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે. એક સમયની અવસ્થાનું જ્ઞેય છ દ્રવ્યને જાણે. એટલો એક સમયનો પર્યાય એટલું જ્ઞેય નહિ. એવી અનંતી પર્યાયનો ગુણ અને એવો અનંતા ગુણનો પિંડ દ્રવ્ય તે જ્ઞેય. દ્રવ્ય-ગુણ-પર્યાય જ્ઞેય, એક સમયનું જ્ઞાન તે જ્ઞાન અને અનંત શક્તિનો પિંડ તે જ્ઞાતા. જ્ઞાતા તે, જ્ઞાન તે અને જ્ઞેય પણ તે. પરજ્ઞેયની સાથે કાંઈ સંબંધ છે નહિ. ઓ..હો..હો..! લ્યો !

વ્યવહારે જાણેલો પ્રયોજનવાન, ભાઈ ! આવ્યું ને, એય..! એ તો કાઢી નાખ્યું પાછું અહીંયાં.

એ વ્યવહારે જાણેલો પ્રયોજનવાન, વ્યવહારનું જ્ઞાન નથી એ તો પોતાનું જ્ઞાન છે એમ કહે છે. વ્યવહાર કહ્યો હતો ને ? પણ વ્યવહારે જાણેલો પ્રયોજવાન છે. બહારમાં રાગાદિ હોય અને અશુદ્ધતા હોય એ જાણે છે. એમ જાણવા માટે પ્રયોજનવાન છે. અહીં કહે છે કે એ એનું જ્ઞાન નથી. એ તો પોતાની જ પર્યાયનું જ્ઞાન છે અને તે સમયની પર્યાયનું જ્ઞાન એટલું જ્ઞેય નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? જ્ઞાનની એક સમયની પર્યાયમાં જાણનાર, .. એનામાં આખું દ્રવ્ય પોતાનું દ્રવ્ય, પોતાનો ગુણ અને પોતાની પર્યાય તે જ્ઞેય છે, પર જ્ઞેય નહિ. સમજાણું કાંઈ ? અલૌકિક માર્ગ છે. અમૃતની સડકે ચડવાનો માર્ગ છે આ. સમજાણું કાંઈ ?

કહે છે કે હું પરને જાણું છું એવું જ્ઞાન મારું ?–ના. અને હું પરને જાણું છું ?–ના. હું તો મને મારા દ્રવ્ય-ગુણ અને પર્યાયની શક્તિ છે તેને જાણનારો હું-જ્ઞાન, ત્રણે મારા જ્ઞેય અને એ અનંત શક્તિનો પિંડ તે જ્ઞાતા આખો. એ જ્ઞાતા તે પણ હું, જ્ઞાન તે પણ હું અને જ્ઞાન પણ હું. મારાથી ત્રણ કાંઈ જુદા છે નહિ. આહા..હા..! પહેલાં ચારનું કાઢી નાખ્યું, આ ત્રણનો ભેદ કાઢી નાખ્યો. ઝીણી વાત છે. સમજાણું ?

જુઓ ! ધ્યાન રાખજો. શરીરમાં રોગ થાય. સમજાણું ? એ તો જાણવાલાયક છે. શરીરમાં રોગ થાય, રાગ થાય એ જાણવા લાયક છે. અહીં તો કહે છે, ના. એ ક્યાં છે ? સમજાણું કાંઈ ? એ તો પોતાની જ્ઞાનની પર્યાયને જાણે છે. રાગ સંબંધીનું જ્ઞાન, શરીર સંબંધીનું જ્ઞાન એ જ્ઞાન તો મારું પોતાનું છે. એનું છે ? અને એને જોવું છે ? સમજાણું કાંઈ ?

'મુળજીભાઈ'એ જવાબ આપ્યો હતો. સાંભળ્યો હતો ને ? 'પોપટભાઈ' ! આ 'મુળજીભાઈ', નહિ ? લાખાણી. છેલ્લી સ્થિતિએ. ઉપડેલો... શું કહેવાય તમારે ? હાર્ટ ફેઈલ. પિડા. (સંવત) ૧૯૮૪મા. પૈસાવાળા માણસ, હોં ! આ ..માં પૈસા ... ૧૯૭૬ની સાલમાં. સોળ લાખ રૂપિયા ૧૯૭૬ની સાલમાં 'મુંબઈ'માં. અભ્યાસ ઘણો અને આમાં બહુ રુચિ. છેલ્લે બોલાવ્યા. સવારમાં ... .. સવારમાં. બપોરે અઢી વાગે સૂતા હશે. બોલાવો 'લાલુભાઈ' ને, પેલા કહે, બોલાવો ડોક્ટરને. આ કહે, બોલાવો 'લાલુભાઈ'ને. 'લાલુભાઈ'એ કહ્યું, ભાઈ ! આ રોગાદિ થાય છે એનો આત્મા જાણનાર છે, રોગાદિ આત્મામાં નથી. રોગ અને રાગનો આત્મા જાણનાર છે, શરીરના ધર્મોનો આત્મા જાણનાર છે. એમ કહ્યું. (ત્યારે આમણે કહ્યું), શરીરનો જાણનાર આત્મા છે ? શરીરનો જાણનાર આત્મા છે ? છેલ્લે એમ બોલ્યા, 'જેઠાલાલભાઈ' ! મરવાની-દેહ છુટવાની તૈયારી. એય..! 'પોપટભાઈ'! આમ વીર્યવાળા હતા. શરીરને જાણવાનું ? શરીરને જાણે ? આ રોગ થાય છે એને જાણે ? પોતાને ન જાણે ? એય..! 'પ્રાણભાઈ' ! અભ્યાસ હતો અને પુરુષાર્થ... ટાણું હતું ત્યારે એ વખતે એટલો તો વીર્યનો પોકાર આવવો જોઈએ ને. મરતા એમ કીધું. આની કોર હોય ને હાર્ટ ? તમારે શું કહે ? હૃદય.

શરીરમાં રોગ છે, આત્મા રોગનો જાણનાર છે, આત્મા રોગમય નથી. ધ્યાન રાખજો. ત્યારે એનો જવાબ આપ્યો એણે. એય..! 'પ્રાણભાઈ'! આ મરતા જવાબ આપ્યો. પહેલેથી જ ઘણા લાખોપતિ

હતા. ૭૬ની સાલમાં. શું શરીરના રોગને જાણનાર આત્મા ? રોગને જાણે કે પોતાને જાણે ? એય..! ‘શિવલાલભાઈ’ ! ત્યારે લોકો એમ કહે કે આ લોકોના આશ્રિતોના મરણ થાય એ પણ જુદી જાતના. પડકાર તો આવ્યો અંદરથી કે એને આમ જવું મારે કે આમ જવું મારે ? સમજાણું કાંઈ ? એ રોગને જાણવો નથી. રોગ સંબંધીનું જે જ્ઞાન પોતામાં થયું તેને એ જાણે છે અને એને એટલાને પણ નહિ અહીં તો કહે છે. આહા..હા..! એક પર્યાય સંબંધીનું જ્ઞાન એટલું એનું જ્ઞેય છે ? જ્ઞાનનું એટલું જ્ઞેય છે ? એ પર્યાયદૃષ્ટિ થઈ, અંશદૃષ્ટિ થઈ. આહા..હા..! સમજાણું કાંઈ ?

આમ દૃષ્ટિ, દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે જ્ઞેયો છે. એ ત્રણેય જ્ઞેયનું જ્ઞાન પોતે પોતાનું જ્ઞાન કરે છે અને પોતે પોતાનો જ્ઞેય થાય છે. પરને જ્ઞેય કરીને પરનું જ્ઞાન કરે છે એ વસ્તુમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? કહો, ‘ચીમનભાઈ’! સમજાય છે કે નહિ આ ? આહા..હા..! આવો માર્ગ છે. બાપા ! તારો માર્ગ આવો છે. તારો તારામાં હોય કે તારો પરમાં હોય ? પરને એમ જોવું છે કે આ રાગ છે ને રોગ છે ને આ છે... એ તો પરમાં ગયું. એ સંબંધીનું જ્ઞાન તો તારું, તને તું જો. તારી નજર તારામાં રાખ, તારી નજર તારામાં રાખ. તારી નજર અહીં જ્ઞેયમાં રાખવાની છે ? એમ કહે છે. સમજાણું કાંઈ ? નજર અહીં રાખવી છે કે નજર અહીં રાખવી છે ? મૂળ તો એમ કહે છે. અરે..! આવો તે કેવો ધર્મ ? આ કઈ જાતનો ? આવો વીતરાગનો માર્ગ હશે ? જિનેશ્વરદેવનો આવો માર્ગ હશે ? તો બીજે કયાં પણ ? એવું તો ક્યાંય સાંભળતા નહોતા. ચોવિહાર કરો, કંદમૂળ ન ખાવા, ફલાણું કરવું, અપવાસ કરવો એવું સાંભળતા હતા. વીતરાગનો માર્ગ તો એવો હોય. કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવા, અપવાસ કરવા, .. એક .. પચ્ચીસ અપવાસનો લાભ થાય, એક અપવાસને માથે એક .. કરે તો ત્રણ અઠ્ઠમનો લાભ એક અઠમનો થાય એવું બધું સાંભળ્યું હતું કે નહિ ? એય..! ‘...ભાઈ’! આહા..હા..!

અહીં તો કહે છે કે પોતાના જ્ઞેયને જાણે તો આત્માને લાભ થાય. એની નજર પોતાના જ્ઞેયમાં જવી (જોઈએ). પર્યાય દ્રવ્ય અને ગુણ. એટલે ખરેખર તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડી છે. એમાં જ્ઞાન, ગુણ અને પર્યાયનું જ્ઞાન એમાં આવી જાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? ભાઈ ! અમારે તો અહીં ગુજરાતી ભાષા ચાલે ને. શું ‘સોભાગમલજી’ ! આહા..હા..! અહીં કહે છે કે મારા સિવાય બીજી કોઈ ચીજ જ નથી. એમ કહે છે. ભાઈ ! આ હું જ છું. બીજો કોઈ છે જ નહિ. આહા..હા..!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, એ એનું જ્ઞાન એ મારું જ્ઞાન છે. છએ દ્રવ્યનું જ્ઞાન એ મારું જ્ઞાન છે એટલે હું જ છું, એ છે જ નહિ. ‘અમરચંદભાઈ’ !

જ્ઞાનની એક સમયની પર્યાય છે ને ? એ પર્યાયને જ માને એટલે છ દ્રવ્યને માન્યા. પણ દ્રવ્યને ન માન્યું, પર્યાયને માની. એ પર્યાયને માની ક્યારે કહેવાય ?–કે એક સમયની પર્યાય છ દ્રવ્યને ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની તાકાતવાળી પર્યાયને માને તો પર્યાયને માની કહેવાય.

એ પણ પર્યાયને માની, અંશને માની.

**શ્રોતા :–** પર્યાયને માની ક્યારે કહેવાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પર્યાયની પણ માન્યતા ખોટી છે એમ કહે છે. એકલી પર્યાયને માને તો એ દ્રવ્યને માનતો નથી. એકલી પર્યાયને માને તો દ્રવ્યની દૃષ્ટિ ખોટી છે એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ ? એ તો પર્યાયને માની એણે, દ્રવ્યને ક્યાં માન્યું ? સમજાણું કાંઈ ? ઓલામાં લીધું હતું ઘણું. 'કળશટીકા' માં. પર્યાયને માને છે. છ દ્રવ્યને જાણે એટલે એક સમયની પર્યાયને જ એ માને છે, દ્રવ્યને માનતો નથી. અહીં કહે છે, પરને જાણવા કાળે પોતાની જ્ઞાનની પર્યાયનો કલ્લોલ ઊઠે છે એને એ જાણે છે અને એને જાણતા દ્રવ્ય-ગુણને પણ જાણે છે. .. દૃષ્ટિ ત્યાં પડી છે ને. સમજાણું કાંઈ ? આહા..હા..! આવું વાચકનું વાંચન પણ બીજા-અન્યના શાસ્ત્રોમાં નથી.

**'જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલોરૂપે પરિણતો તે,...'** તેનું તે જ્ઞાન, તેનું તે જ્ઞેય અને તેનો જ્ઞાતા ... **'વસ્તુમાત્ર જાણવો (અર્થાત પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞેય...'** આખું દ્રવ્ય-ગુણ-પર્યાય **'અને પોતે જ જ્ઞાતા–'** જાણનારો પોતે આખો ત્રિકાળ. **'એમ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતારૂપ ત્રણે ભાવો સહિત વસ્તુમાત્ર જાણવો.'** જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતારૂપ ત્રણે ભાવો સહિત વસ્તુમાત્ર જાણવો. માથે આવી ગયું હતું ને ? એનો કૌંસમાં ખુલાસો કર્યો. **'જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર જાણવો...'** એનો ખુલાસો કૌંસમાં કર્યો. **'એમ જ્ઞાન-જ્ઞેય-'** જ્ઞાન પણ પોતે, જ્ઞેય પણ પોતે, જ્ઞાતા પણ પોતે **'ત્રણે ભાવો સહિત વસ્તુમાત્ર જાણવો.'** ત્રણ ભેદ પણ જેમાં નથી. એવો જ્ઞાયકમાત્ર ભગવાન, એને દૃષ્ટિમાં લેતાં સમ્યગ્દર્શન થાય છે. ત્રણનો ભેદ પાડતા પણ સમ્યગ્દર્શન થતું નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** જ્ઞેય તે હું છું એમ જ્ઞેય-જ્ઞાયકનો સંકર-ખીચડો બનાવ્યો છે. જ્ઞેય ને જ્ઞાયકની એક્તાપણાની બુદ્ધિ, સંયોગબુદ્ધિ, સંકરબુદ્ધિ એ મિથ્યાત્વ છે. ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ છે ને એ સિવાય દ્રવ્ય-ઇન્દ્રિય, ભાવ-ઇન્દ્રિય અને ભગવાન ને ભગવાનની વાણી આદિ ઇન્દ્રિયવિષયો પરજ્ઞેય છે. પોતાના જ્ઞાયક અણ-ઇન્દ્રિય સ્વભાવ સિવાયના પરને ઇન્દ્રિય કહેવામાં આવ્યા છે. બીજી રીતે ભગવાન આત્મા સિવાય પરસર્વે અજીવ છે. આ જ્ઞાયક જીવની અપેક્ષાએ તે અજીવ છે. આ જીવ નથી એ અપેક્ષાએ અજીવ છે. એ બેની એક્તાના દોષનું નિરાકરણ કરીને ભગવાન આત્માની સન્મુખ થઈને તેમાં એકાગ્રતા કરવી એ તીર્થંકર કેવળીને નિશ્ચયસ્તુતિ છે. તીર્થંકર કેવળીની અર્થાત્ આત્માની નિશ્ચયસ્તુતિ છે. ૬૭૫.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

**શ્રી કળશટીકા, કળશ–૨૫૩, પ્રવચન નં. ૨૫૦**
**તા. ૧૫-૧૨-૧૯૬૫**
**[૯]**

'સ્યાદ્વાદ અધિકાર' 'કળશ-ટીકા' સાતમો કળશ છે. ફરીને **'ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ...'** આ પરદ્રવ્યથી નાસ્તિરૂપનો શ્લોક છે. આત્મા પરદ્રવ્યથી નથી એનો આ શ્લોક છે. અજ્ઞાની પરદ્રવ્યથી છું એમ માને છે. એમ પહેલો બોલ લઈને પેલો સવળો લેશે. **'વસ્તુને દ્રવ્યરૂપ માને છે, પર્યાયરૂપ નથી માનતો,...'** એટલે કે વસ્તુ છે પણ પર્યાયમાં આ બધા ભેદ ને બધું જણાય છે એ બીજી ચીજ છે એમ એ માનતો નથી. એ બધું હું જ છું. પર્યાયમાં જે બધું જણાય તે બધું હું જ છું. મારાથી જુદી કોઈ ચીજ નથી. એમ અજ્ઞાની પરને એકપણે માની પોતાનું પરથી જુદાપણું ચુકી જાય છે. **'તેથી સમસ્ત જ્ઞેયવસ્તુ જ્ઞાનમાં ગર્ભિત માને છે.'** જેટલી ચીજ જાણવામાં આવે એ બધું આત્મામાં પેસી ગઈ છે બધી એમ. જાણવામાં જે ચીજ આવે એ આત્મામાં અંદર પેસી (ગઈ), જુદી રહેતી નથી, અદ્વૈત બધું એક જ છે. **'એવું કહે છે...'** એનો ખુલાસો. અહીં સુધી કાલ આવ્યું હતું.

**'ઉષ્ણને જાણતું જ્ઞાન ઉષ્ણ છે,...'** ખાટું મોઢું નથી થાતું ? ખાટું. એ વખતે જ્ઞાન પણ ખાટું થાય ને ? ખાટો જીવ થઈ ગયો નથી કહેતા ? કહે છે એવું ? ખાટો જીવ થતો હશે ? ખાટું તો જ્ઞાનની પર્યાયમાં ખાટું છે એમ જણાય છે, જ્ઞાન ખાટું થતું નથી. સમજાણું કાંઈ ? આત્માનો જ્ઞાન પર્યાય એમાં ખાટું જણાય, કાંઈ જ્ઞાન ખાટું થતું નથી. ખાટું તો જડ છે, જ્ઞાન તો ચેતન છે. ચેતનની પર્યાય ખાટી થાય તો જડ થઈ જાય. સમજાણું કાંઈ ?

અહીં પહેલાં ઉષ્ણની વ્યાખ્યા કરે છે કે **'ઉષ્ણને જાણતું...'** ઊનું ઊનું થયું, આમ. પાણી ઊનું પડે, અગ્નિ પડે ને તો જ્ઞાન ઊનું થઈ ગયું જાણે, જ્ઞાન ઊનું થઈ ગયું, આત્મા ઊનો થઈ ગયો. એમ હશે કે નહિ ? આ જ્ઞાનમાં રોગ દેખાય ત્યાં આ જ્ઞાન રોગમય થઈ ગયું, લ્યો! એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ પરથી પોતાની જુદાઈને માનતો નથી. સમજાણું કાંઈ ?

**'ઉષ્ણને જાણતું જ્ઞાન ઉષ્ણ છે,...'** ઊનું ઊનું થયું તો જ્ઞાનમાં ઊનું તો જણાણું છે, કાંઈ ઊનાપણું જ્ઞાનમાં આવ્યું નથી અને જ્ઞાન ઊનાપણામાં ગયું નથી. જાય છે ? ગયા વિના જાણ્યું શી રીતે ? એમ કહે છે. ઊનાને જાણ્યું તો જ્ઞાને એમાં પ્રવેશ કર્યો ને ? સમજાણું ? આ પ્રશ્ન (સંવત) ૧૯૮૪મા એક ખત્રીએ કરેલો 'રાણપુર'માં. 'નારણભાઈ'ની પાસે પેલો ખત્રી રહેતો, ખત્રી.

દુકાન સામે. દુકાન એટલે એનું ઘર એની આની કોર દુકાન (હતી). ઇ ડોસો એક વૃદ્ધ આવ્યો હતો. આ તમે કહો છો કે આ પરમાણુને આત્મા જાણે તો પરમાણુમાં પેઠ્યા વિના જ્ઞાન કેમ જાણે ? એવો પ્રશ્ન (કર્યો). પેસવું પડે એવી જરૂર હોય તો જ્ઞાનનું સામર્થ્ય શું ? ઇ પેસવું પડે, પેસીને જાણે તો જ્ઞાનનું સામર્થ્ય શું ? એ પેસીને જાણે એનો અર્થ કે જ્ઞાનમાં પરથી ભિન્ન રહીને જાણવાનું સામર્થ્ય નથી. મારામાં પરથી ભિન્ન રહીને જાણવાની (તાકાત) નથી. એટલે હું જાણું છું એ પરમાં એક થઈને જાણું છું. એણે પોતાને પરથી ભિન્ન જાણવાની શક્તિવાળો જાણ્યો નહિ. સમજાણું કાંઈ ?

ઉષ્ણ છે એ ઉષ્ણમાં પેઠા વિના, અંદર પેઠા વિના જ્ઞાન શી રીતે જાણે ? એનો અર્થ કે જ્ઞાનમાં પરવસ્તુને પૃથક્ રહીને–ભિન્ન રહીને જાણવાની તાકાત છે એવું પોતાનું અસ્તિત્વ પરથી જુદું છે એમ એ માનવાને તૈયાર છે નહિ. બધું આપણે એક છીએ. લાકડું જણાય, ઘડિયાળ જણાય, બધું જણાય. બરાબર જણાય છે, અઢી ને સાત (વાગ્યા). ક્યાંથી જણાણું ? એ જાત જ્ઞાનમાં પેઠું ત્યારે જણાણું કે નહિ ? પણ જ્ઞાન એમાં પેઠું તો જ્ઞાનનું સામર્થ્ય પરથી પૃથક્ રહીને જાણવાનું એવું સામર્થ્ય ક્યાં ગયું ? એ જ્ઞાનનું સામર્થ્ય જ છે કે પરથી પૃથક રહીને એને જાણે. પરમાં પેસીને જાણે તે જ્ઞાન સામર્થ્ય કહેવાય જ નહિ, એ તો જડ થઈ ગયું. સમજાણું કાંઈ ? આ રોગને જાણતા જ્ઞાન રોગમય થઈ ગયું એમ માનનાર રોગથી પૃથક્ જ્ઞાન રોગને પૃથક્ રાખીને રોગનું જ્ઞાન કરે એ જ્ઞાન સ્વનું ને પરનું કરે એવું જ્ઞાનનું સામર્થ્ય છે. સમજાણું કાંઈ ?

**'શીતળને જાણતું જ્ઞાન શીતળ છે.'** ઠંડું.. ઠંડું (આવે ત્યાં) હું ઠંડો થઈ ગયો. જ્ઞાનમાં પેલું ઠંડુ જણાયને ? તો જ્ઞાન જાણે ઠંડામાં ગયું (એમ માને છે). ઠંડામાં ગયા વિના ઠંડુ કેમ જાણે ? પણ જ્ઞાન જ્ઞાનમાં રહીને ઠંડાને જાણે. એમ ઠંડાથી જ્ઞાન ભિન્ન છે એમ અજ્ઞાની માનતો નથી. સમજાય છે કાંઈ ? અહીં વિશેષ શું છે કે જેવી ઉષ્ણતા છે એવું જ અહીંયાં જ્ઞાન થાય માટે એને એમ થઈ ગયું છે કે આ જ્ઞાન ઉષ્ણરૂપે થઈ ગયું. સમજાણું કાંઈ ? પણ જ્ઞાનનો સ્વભાવ એવો છે કે જેવું સામે હોય તેવું પોતાને પૃથક્ રાખીને તે જ કાળે પોતાના સામર્થ્યથી જાણે છે. સમજાણું કાંઈ ?

**'તેના પ્રતિ ઉત્તર આમ છે કે જ્ઞાન જ્ઞેયનું જ્ઞાયકમાત્ર તો છે,...'** આ તો બે દાખલા આપ્યા, હોં! એવું બધું લઈ લેવું. સમજાણું ? છોકરા ને બૈરા આમ રોતા હોય ને રોતા કકળાટ કરે, હોં! કકળાટ ઘરમાં (ચાલતો હોય). એ જ્ઞાન ભાળે એટલે જ્ઞાનમાં એ કકળાટનું પેસવું થાય ત્યારે જ્ઞાન એને જાણે ને ? એમ થાતું હશે ? કહે છે કે એ કકળાટની ભિન્નતા રાખીને જ્ઞાન જાણે એનું નામ જ્ઞાન કહેવાય. એ ફક્ત જાણે. સમજાણું કાંઈ ? એમ રાગને જ્ઞાન જાણે એથી જ્ઞાન રાગમાં પેસે તો રાગને જાણે એવું (માનતો હોય) તો એને જ્ઞાનના સમાર્થ્યની ખબર નથી. સમજાણું કાંઈ ? અહીં તો ઇ વાત છે, હોં! પેલો રાગ છે એ ખરેખર પરવસ્તુ છે. વિકલ્પ છે ને વિકલ્પ ? એ રાગને જ્ઞાન જાણે તો જ્ઞાન રાગમય થઈ ગયું એમ માનનાર રાગથી ભિન્ન જ્ઞાન રાગને જાણનારી

સત્તા છે તેને એ સ્વીકારતો નથી. સમજાણું કાંઈ ? મેળ એવો ખાય. પણ મેળ એવો ન ખાય ત્યારે જ્ઞાન શેનું કરે ? જ્ઞાન તો જેવી ચીજ હોય તેવું જ્ઞાન કરે તો એ જ્ઞાન બરાબર કહેવાય ને ? એને એમ છે કે જેવી ચીજ છે એવું જ્ઞાન કરે માટે જ્ઞાન એમાં પેસી ગયું. જ્ઞાન જુદું રહીને જેવું છે તેવું જ તે પ્રકારે જાણે એવા સામર્થ્યના અસ્તિત્વનો અજ્ઞાની સ્વીકાર કરતાં નથી. સમજાણું કાંઈ ? આહા..!

**'તેના પ્રતિ ઉત્તર આમ છે કે જ્ઞાન જ્ઞેયનું જ્ઞાયકમાત્ર તો છે,...'** ભગવાનઆત્માનું જ્ઞાન જ્ઞેયનું જાણવામાત્ર તો છે, જ્ઞેયને જાણવામાત્ર તો છે. **'પરંતુ જ્ઞેયનો ગુણ જ્ઞેયમાં છે,...'** એ રાગને, ઉષ્ણને, ઠંડાને, ખાટાને, ગળ્યાને જાણવા પૂરતું–તે જ્ઞેયને જાણવા પૂરતું જ્ઞાનમાત્ર છે પણ જ્ઞાનમાત્રમાં એ જ્ઞેયનો જે ગુણ–ખાટો, મીઠો, ગળ્યો એ અહીં આવી જતો નથી. આ જ્ઞાનનો ગુણ સ્વ-પરને જાણવું એ ગુણ પરમાં જાતો નથી. જ્ઞાનનો ગુણ જાણવું. એ જાણવું ગુણ ખાટા, મીઠા, ગળ્યા જ્ઞેયમાં કાંઈ પેસતો નથી. તેમ ખાટું, મીઠું, કડવું એ જે જ્ઞેય એ જ્ઞાનમાં એ જ્ઞેયનો ગુણ આવતો નથી. જ્ઞેય સંબંધીનું જ્ઞાન પોતાનું સામર્થ્ય છે માટે અહીં જણાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ ?

**'જ્ઞેયનો ગુણ જ્ઞેયમાં છે,...'** એટલે કે ખાટું, મીઠું, કડવું, રાગ, દ્વેષ, શરીર, વાણી, મન એ બધામાં જે ગુણો છે એ ગુણો તે જ્ઞેયમાં રહેલા છે, એમાં રહ્યા છે. જાણવાના ગુણમાં એનો ગુણ (નથી). એનો ગુણ અહીં હોય નહિ પણ. આનો ગુણ તો જાણવું છે. એ જાણવાનો ગુણ તે ગુણ પરના ગુણમાં ગયો નથી અને ખાટા આદિનો ગુણ જ્ઞાનમાં આવ્યો નથી. સમજાણું કાંઈ ?

પુણ્ય-પાપના વિકલ્પો એનો ગુણ કલુષિતતા, આકુળતા... સમજાય છે ? એ જ્ઞાન એને જાણતા જ્ઞાનમાં કલુષિતતા આવતી નથી અને કલુષિતતામાં જ્ઞાનનો ગુણ જાણવું એ કલુષિતતામાં જતો નથી. સમજાણું કાંઈ ? જે દુઃખરૂપ ભાવ થયો એ દુઃખરૂપ ભાવ એનો ગુણ આકુળતા છે. એ ગુણ જ્ઞાનની અવસ્થામાં એ ગુણ આવતો નથી પણ એ આકુળતા છે એ જ પ્રકારનું જ્ઞાન અહીં થાય, એ તો જ્ઞાનનો સ્વભાવ છે. પણ એ આકુળતાનો ગુણ એ આકુળતા છે એમ જ્ઞાન જાણે, પણ આકુળતાનો ગુણ, આકુળતાનું દુઃખ એ જ્ઞાનમાં આવે નહિ. આહા..! સમજાણું કાંઈ આમાં ?

એમ જ્ઞાનનો ગુણ જાણવું છે એ જાણવાનો ગુણ રાગ-દ્વેષ, ખાટા-મીઠામાં એ ગુણ જતો નથી. કહો, 'ધર્મચંદજી'! આ ઇન્જેકશન મારે તો લોહી ફરી નથી જાતું ફટ દઈને ? જ્ઞાનમાંય ફટ દઈને આવે કે હા હવે મને ઠીક છે, હવે મને ઠીક છે. એમ આવે છે કે નહિ ? પણ એ તો ત્યાં (અવસ્થા) બદલાણી એવું જ જ્ઞાનમાં જણાણું જ્ઞાનના સ્વભાવના અસ્તિત્વના સામર્થ્યને લઈને, એના અસ્તિત્વને લઈને નહિ. એના અસ્તિત્વને લઈને હોય તો એ ગુણ અહીં આવી જવો જોઈએ. તો એ ગુણ તો જડ છે તો અહીં આવે તો જ્ઞાન જડ થઈ જાય. આહા..! સમજાણું કાંઈ ?

**'પરંતુ જ્ઞેયનો ગુણ જ્ઞેયમાં છે,...'** જ્ઞેય એટલે જણાવાયોગ્ય વસ્તુનો ગુણ જણાવાયોગ્યમાં રહ્યો છે. સમજાણું કાંઈ ? અને **'જ્ઞાનમાં જ્ઞેયનો ગુણ નથી.'** છે ને ? **'તે જ કહે છે...'** **'किल पशुः**

**विश्राम्यति' 'किल'** નામ **'જરૂર અવશ્ય...'** કરીને. **'पशुः'** એટલે **'એકાન્તવાદી...' 'पशुः पश्यते बध्यते कर्म इति पशुः'** જેમાં પોતાની જ્ઞાન પર્યાયને એકાકાર રાગમાં કરી નાખે છે. સમજાણું કાંઈ ? એકાકાર માને છે, એ રાગમાં એકાકાર માને છે. એને જાણતા જાણનાર ભિન્ન છે અને જ્ઞેયનો ગુણ ભિન્ન એમ ન માનતા જ્ઞાનમાં રાગ, શરીરને એકત્વ માને છે એવો **'पशुः'**. **'पशुः'** એટલે **'મિથ્યાદૃષ્ટિ જીવ...'** સમજાણું કાંઈ ? આહા..હા..!

**'विश्राम्यति'** ઇ જે દેખાય છે ને ત્યાં એનું જ્ઞાન ઠરી જાય છે, ત્યાં એકાકાર થઈ જાય છે. **'विश्राम्यति'** વિશ્રામ લે છે એટલે કે ખેદખિન્ન થાય છે, એમ એનો અર્થ (છે). રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, ખાટુ-મીઠું જ્ઞાન જાણતા જ્ઞાન ખાટા-મીઠાને લઈને થયું માટે મારો ગુણ એમાં ગયો એમાં વિશ્રામ પામે છે. એમાં વિશ્રામ પામતા ખેદ થાય છે અને દુઃખ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

શરીરની ક્રિયા માંસની, હાડકાની, ચામડાની થાય એ જ્ઞેય છે, એ જ્ઞાનમાં એ રીતે જ જણાય. ત્યાં ત્યાં કાળે તે તે પ્રકારની વાસના ને વાસના વખતે થતી જડની ક્રિયા, એ જ્ઞાન પર્યાય એને જાણે છતાં એનો ગુણ, એનું સ્વરૂપ, એની શક્તિ એ જ્ઞાનમાં નથી આવી અને જ્ઞાનનો સ્વ-પરને જાણવાનો સ્વભાવ–ગુણ તે પરમાં નથી ગયો. છતાં એ જ્ઞાન એ રાગને ને શરીરની ક્રિયાને જાણતા ત્યાં જ્ઞાન ઠરી જાય છે, રોકાય જાય છે. રોકાય જાય છે એટલે અહીં જુદું છે એમ ન માનતા ત્યાં રોકાય જાય છે. એથી તે પરમાં વિશ્રામ પામ્યું એટલે જ્ઞાન દુઃખરૂપે પરિણમ્યું. સમજાણું કાંઈ ?

પાંચ-પચાસ લાખ રૂપિયા આવે, એમ કોઈ કહે. પચાસ લાખની પેદાશ છે. જ્ઞાને જાણ્યું કે આમ કાંઈક વાણી કહે છે. એ તો જ્ઞાન જાણે પણ જ્ઞાન જાણતા એ શબ્દોથી પૃથક્ રહીને જ્ઞાન જાણે છે. એ શબ્દોની પર્યાયમાં જ્ઞાન પેસીને જાણતું નથી, પેસીને જાણે તો જ્ઞાન જડ થઈ જાય. તેમ એ શબ્દોની પર્યાય આ જ્ઞાનમાં આવી નથી. શબ્દોની પર્યાયનો ધર્મ જડ છે, ચેતનની પર્યાયનો ધર્મ ચેતના છે. ઇ ચેતનાની પર્યાયમાં જડનો ગુણ આવ્યો નથી. પણ એ જ્ઞાન ત્યાં આમ આવ્યું જ્યાં સાંભળ્યું અને એને લઈને જ્ઞાન આમ એવું થયું (કે) જ્ઞાન ત્યાં રોકાય ગયું. સમજાણું કાંઈ ? એ શબ્દની વર્ગણામાં એ જ્ઞાન રોકાઈ ગયું, વિશ્રામ પામ્યું, જ્ઞાનને ખેદખિન્ન કર્યું, દુઃખી કર્યું, કહે છે. કહો, 'જુગરાજજી'!

**શ્રોતા :–** પોતાને જાણ્યું ને પરને ન જાણ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પોતાને જાણ્યું ને પરને ન જાણ્યું. પરને જાણવું તો સ્વભાવ છે. એને ઠેકાણે પરને જાણતા એમાં વિશ્રામ પામી ગયો કે અરે..! આ જાણવું મને પરને લઈને થયું છે, એ જાણવું મને પરને લઈને થયું છે. મારે લઈને મારું જ્ઞાન થયું છે એમ માનતો નથી. આહા..! જુઓ! આ ભેદજ્ઞાનની વ્યાખ્યા છે આ બધી. સમજાણું કાંઈ ?

**'અત્યંત ખેદખિન્ન થાય છે.' 'વસ્તુસ્વરૂપને સાધવાને અસમર્થ હોતો થકો...'** એનો અર્થ કરીએ

તો જુઓ! એમ શબ્દ છે ને પહેલો ? **'विश्राम्यति'** નો અર્થ **'વસ્તુસ્વરૂપને સાધવાને અસમર્થ હોતો થકો...'** એટલે જે ખાટું, ગળ્યું આદિ, રાગ આદિ જે જણાણું એનાથી મારી ચીજ ભિન્ન છે એમ વસ્તુના સ્વરૂપને સાધવાને અસમર્થ થયેલો, એમ (કહેવું છે). સમજાણું કાંઈ ?

પોતાના જ્ઞાનમાં જે ચીજનું જ્ઞાન થયું એ ચીજમાં હું ગયો ત્યારે મને જ્ઞાન થયું. એટલે જ્ઞાન ત્યાં વિશ્રામ પામ્યું. એટલે જ્ઞાન, વસ્તુનું સ્વરૂપ ભિન્ન છે એવા સ્વરૂપના સાધનમાં અસમર્થ થઈ ગયું. જ્ઞાન, રાગ, દ્વેષ, કલુષિતતા કે આ બધું શરીર, એની પર્યાયને જાણતું જ્ઞાન, જ્ઞાન સ્વરૂપનું મારું સ્વરૂપ છે, મારું સ્વરૂપ એમ સાધવાને અસમર્થ થયું, એમ સાધવાને અસમર્થ થયું એટલે એ સુખને સાધવાને અસમર્થ થયું. સમજાણું કાંઈ ? પર સંબંધીનું જ્ઞાન મારું જ્ઞાન છે એમ સાધે તો તો જ્ઞાનમાં જ્ઞાતાપણાનો પર્યાય સુખરૂપ પરિણમે એમ કહે છે. સમજાણું આમાં ? પર સંબંધીનું જ્ઞાન... આ તો સ્યાદ્વાદની શૈલી (છે). પેલા કહે, અનેકાન્ત અનેકાન્ત અનેકાન્ત કરી એટલું કરે જાણે 'સમંતભદ્ર' નું અનેકાન્ત છે એટલે જાણે બેય નયનું ને બધું જાણે બધું (એક છે), લોકોને એવું લાગે છે અને આ અધ્યાત્મની વાત જાણે એકાન્તની હોય એમાં બીજું (નથી એમ લાગે છે, પરંતુ) એમ નથી.

'સમંતભદ્રાચાર્ય' પણ અનેકાન્ત આ જ રીતે કહે છે. સમજાણું કાંઈ ? આવે છે ને ? આવ્યું છે ને ? બે પક્ષની, બે પક્ષની વાત છે એની. એક જણો વળી એમ કહેતો હતો. 'કુંદકુંદાચાર્ય'ની એક પક્ષની (વાત છે). (એમ) એક ફેરી આવ્યું હતું. એમેય નથી, બેયનું એક પ્રકારે છે. અહીં સ્વ તરફ ઢાળીને પરનું જ્ઞાન થાય છે એમ કહે છે. ત્યાં ભક્તિને માર્ગ એમ કહે છે કે હે પ્રભુ! આપની ભક્તિમાં મારા પરિણામ નિર્મળ થાય. એ મારા પરિણામ નિર્મળ થાય એમાં તમે નિમિત્ત કહેવાઓ છો, એમ. સમજાણું કાંઈ ? એને લઈને નિર્મળ થાય એમ નથી. અને નિર્મળ પરિણામ શુભ થયા છતાં જ્ઞાનનો પર્યાય એને જાણનાર છે. શુભ પરિણામમય જ્ઞાન થઈ ગયું નથી. આહા..હા..! અને શુભમય જ્ઞાન થાય તે જ્ઞાન સ્વરૂપ શુભથી ભિન્ન સાધી શકાયું નહિ એટલે એને શાંતિ વળી નહિ. એ શુભમાં જ્ઞાન રોકાઈ ગયું એટલે ખેદખિન્ન થઈ ગયું. કહો, 'વજુભાઈ'! આરે... આરે ભારે વાત, ભાઈ!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો પંડિતજીને પૂછીને પહેલું કર્યું હતું. કેટલાક શબ્દ પૂછી લઈએ, વળી કેવી રીતે હોય છે ત્યાં. કહો, સમજાણું આમાં ? આપણે તો પેલામાં જોઈ લીધું. પણ એ વિશ્રાંતનો અર્થ આ છે. બસ! એમાં રહ્યો એટલે એમાં કાંઈ રહ્યો નથી પણ માને છે કે આ જ્ઞાન આનું થયું ને એટલે આ હું છું, એમ. આ હું છું. એવું થયું માટે આ હું છું. પણ આમ આ હું છું એમ જ્ઞાનના સ્વરૂપને અજ્ઞાની અનેકાન્તપણે જીવને ન માનતા એકાન્ત રાગમય માનીને દુઃખમય થઈ જાય છે. સમજાણું કાંઈ ? આહા..હા..! સમજાણું આમાં ?

હરખ આવી જાય હરખ, હરખ આવ્યો. જોકે હરખ આવ્યો એ કાંઈ ચીજને લઈને નથી આવતો. હરખ આવ્યો એ કાંઈ જ્ઞાનમાં હરખ પેસી નથી જતો. સમજાણું કાંઈ ? જ્ઞાનનો પર્યાય હરખને જાણે છે. હરખનો ગુણ જ્ઞાનની પર્યાયમાં આવ્યો નથી. હરખનો ગુણ તો આકુળતા છે. હરખનો ગુણ શું છે ? હરખ એટલે શું ? આકુળતા. અને એનું જ્ઞાન થવું એટલે શું ? હરખથી ભિન્ન પડેલું જ્ઞાન અનાકુળતાને સાધે છે. ઇ કહ્યું ને ? જુઓને!

જ્ઞાન પોતે પરથી ભિન્ન છે એમ સ્વના લક્ષે વસ્તુ પરને જાણવું, એમ વસ્તુને સાધવી એમાં એનો પુરુષાર્થ અસમર્થ રહે છે. સમજાણું કાંઈ ? આહા..હા..! કહો, સમજાય છે કે નહિ આમાં ? 'જમુભાઈ'! હેં ? શું કીધું ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઠીક કરે છે. વચ્ચે થોડો થોડો વિસામો આવે છે, કાંઈ એકદમ નથી આવતું.

ભગવાનઆત્મા..! અહીં જ્ઞાન પ્રધાનથી વસ્તુની વાત લેવી છે ને! જ્ઞાન પરને જાણતા તે જ પ્રકારનું જ્ઞાન તે કાળે પોતાના સ્વભાવના સામર્થ્યથી થાય છે એમ સ્વરૂપને સાધીને સ્વના લક્ષે જ્ઞાનનો પર્યાય મારાથી થયો છે, એને લઈને નહિ. એમ સ્વરૂપને સાધવું જોઈએ તો ત્યાં આગળ શાંતિ ને અનાકુળતાનો પર્યાય વેદાય. સમજાય છે કાંઈ ? પણ રાગ-દ્વેષ અને પરને જાણતા જ્ઞાન ત્યાં લક્ષે ચડી ગયું. આની કોર લક્ષે આવ્યું નહિ કે જ્ઞાન આની કોરથી આવે છે ને એને જાણનારો હું પરથી ભિન્ન છું. એટલે જ્ઞાનમાં એ વર્તમાનમાં જણાતા તે જ પ્રકારે મારું જ્ઞાન તેવું થયું એમ પરમાં ઠરતું, વિશ્રામ લેતું, ટકતું પોતે દુઃખપણાને વેદે છે. **'विश्राम्यति'** એમ લખ્યું છે ને ? જુઓ! **'અત્યંત ખેદખિન્ન...'** એમ. અત્યંત એટલે **'वि'**, **'श्राम्यति'** એટલે ખેદખિન્ન. એ..ઇ..! **'विश्राम्यति'** નામ **'वि'** એટલે અત્યંત, **'वि'** એટલે અત્યંત અને ખેદખિન્ન **'श्राम्यति'** એટલે શ્રમ થાય છે, એને દુઃખ થાય છે, એમ. એમ લીધું. સમજાણું કાંઈ આમાં ? કહો, 'રાજમલજી' એમાં છે કે નહિ ? જુઓ! કેટલા શબ્દ કરે છે!

**'वि'** અત્યંત. વિશેષ છે ને ? વિશેષ. વિરુદ્ધ નહિ વિશેષ. **'वि'** એટલે વિશેષ, વિશેષ એટલે અત્યંત, અત્યંત એટલે ઘણું. **'श्राम्यति'** એટલે ખેદ પામે છે. ઘણો દુઃખી થાય છે એમ કહે છે. શબ્દોના પણ લગતા અર્થ કર્યા છે ને! અહીં જોતા અર્થ કર્યા. ભાવ અર્થ ખેંચીને એણે અર્થ કર્યો છે. પેલો કહે, ન્યાં ઠરે ઠરે. પણ ઠરે છે (તો) થાય છે શું એને ? રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ને શરીર આદિની પર્યાયમાં જ્ઞાન ઠરતું, થાય છે શું ?–કે અત્યંત દુઃખ. એકાન્તપણે તે પરને જ પોતાનું માનીને પરથી જુદું નથી માનતો માટે એકાન્તનો માનનાર દુઃખી થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? આહા..!

**'શા કારણથી ?'** શું કર્યે દુઃખી થાય છે ? **'परद्रव्येषु स्वद्रव्यभ्रमतः'** જુઓ! **'परद्रव्येषु स्वद्रव्यभ्रमतः'**

**'જ્ઞેયને જાણતાં જ્ઞેયની આકૃતિરૂપે પરિણમે છે જ્ઞાન...'** જાણવાના પદાર્થપણે જાણતું જ્ઞાન. **'જ્ઞેયને જાણતાં જ્ઞેયની આકૃતિરૂપે...'** જેવો જ્ઞેયનો સ્વભાવ છે એ રૂપે પરિણમ્યું છે જ્ઞાન. **'એવો જે જ્ઞાનનો પર્યાય, તેમાં...'** **'स्वद्रव्य'** એવી જે જ્ઞાનની (પર્યાય) **'તેમાં...'** **'स्वद्रव्य'** **'નિર્વિકલ્પ સત્તામાત્ર જ્ઞાનવસ્તુ હોવાની (ભ્રમણા) થાય છે,...'** ભ્રમણા થાય છે. લ્યો! જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય વસ્તુને જાણવારૂપે પરિણમતું જ્ઞાન, એને આ આત્મા છું, નિર્વિકલ્પ વસ્તુ આ આત્મા છું એવો તેને ભ્રમ થઈ જાય છે. સમજાણું કાંઈ ?

વાત તો શી રીતે લીધી છે ? કે કાંઈ દ્રવ્યનો અનુભવ નથી. ભાઈ! વેદન છે એ કાંઈ દ્રવ્યનું હોતું નથી, પર્યાયનું વેદન છે. વેદન–અનુભવ પર્યાયનો હોય છે, દ્રવ્યનો અનુભવ ન હોય. સમજાણું કાંઈ ? તો કહે છે કે એકાન્તી પર્યાયમાં દુ:ખને વેદે છે, અનુભવ કરે છે. સમજાણું ? અને અનેકાન્તી આનંદને અનુભવે છે. અનુભવવું તો પર્યાયનું છે પણ આમ લક્ષ છે, મારું અસ્તિત્વ અહીં છે એથી આનંદને અનુભવે છે. બધા જીવને પર્યાયનો અનુભવ છે, દ્રવ્યનો અનુભવ કોઈને હોતો નથી. સમજાણું કાંઈ ? દ્રવ્યનું જ્ઞાન હોય, વેદન ન હોય એનું. વેદન તો એક સમયની વર્તમાન વેદનની દશા, એ અપેક્ષાએ એમણે વાત લીધી છે. સમજાણું કાંઈ ?

**'स्वद्रव्य'** **'નિર્વિકલ્પ સત્તામાત્ર જ્ઞાનવસ્તુ હોવાની થાય છે ભ્રાન્તિ, તે કારણથી.'** પર્યાયમાં– અવસ્થામાં ભ્રમ પડે છે કે આ આ જ હું છું, આ જ હું છું. જ્ઞેયાકાર જ્ઞાનની આકૃતિનું પરિણમન પોતામાં થયું તે જ હું, આ આખી વસ્તુ જ આ છું એમ માનીને દુ:ખનો અનુભવ અજ્ઞાની એકાન્તપણે, એક પક્ષે માનનાર દુ:ખી થાય છે. સમજાણું કાંઈ ? બીજી રીતે કહીએ તો એને અધર્મ થાય છે, એમ. સમજાણું ?

**'ભાવાર્થ આમ છે કે જેમ ઉષ્ણને જાણતાં ઉષ્ણની આકૃતિરૂપે જ્ઞાન પરિણમે છે એમ દેખીને જ્ઞાનને ઉષ્ણસ્વભાવ માને છે...'** જ્ઞાનનો ઊનો સ્વભાવ માને છે. મિથ્યાદૃષ્ટિ એકાન્તી જીવ. જ્ઞાનનો ઉનો, જ્ઞાનનો ટાઢો, જ્ઞાનનો ગળ્યો, આ જડના સ્વાદનું જ્ઞાન થાય તો જડના સ્વાદરૂપે હું થઈ ગયો. સમજાણું કાંઈ ? માખણ જેવા (સુંવાળા હોય) એનું એવું જ જ્ઞાન થાય. તો એ જ્ઞાન જાણે માખણરૂપે થઈ ગયું. કહો, સમજાણું કાંઈ ? 'મણિભાઈ'! ઘીની ભાખરી હોય ને ઊંચી તળેલી. આમ ભરભર ભૂકો થાય. આમ ફટ... ફટ... ફટ... વળી ઘી અને ઇ શું કહેવાય એ ? ભાખરી. આટલી આટલી ઘીમાં તળીને કરે છે. સાટા જેવી, સાટો ગળ્યો હોય. એ આમ ભૂકો થાય ને એમાં જ્યાં સ્વાદ આવે એ સ્વાદ છે જડનો. જ્ઞાન જાણે કે આ સ્વાદ જણાણો ને એ સ્વાદમય હું થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ ?

સ્વાદની પર્યાયને જ્ઞાન પર્યાયથી જુદી માનવી જોઈએ. એના સંબંધીનું જ્ઞાન તે મારું છે એમ જો જ્ઞાનને સાધે તો એને ત્યાં શાંતિ વળે; પણ એ સ્વાદમય જ્ઞાન થયું એમ માનનારને જ્ઞાનમાં અશાંતિનું વેદન થાય છે, આ એમ કહે છે, લ્યો! આહા..હા..! અને માને છે કે આ બહુ મીઠાશ! વગર દાંતે આમ ભૂકો થઈ જાય, લ્યો! આ માવા હોય છે ને ? માવાના જાંબુ, ગુલાબ જાંબુ માવાના,

આમ પોચા... પોચા... પોચા... ફટ... ફટ... ઉતરી જાય. જ્ઞાન જાણે. બહુ મીઠા હતા, બહુ મીઠા! સાટા એવા મીઠા હતા. સાટા મીઠા હતા એ જ્ઞાનમાં આવી ગયા ને તને ? મીઠાશ પણ મીઠું લાગ્યું ને ? મીઠું લાગ્યું ને ? ગળ્યું લાગ્યું ને ? લાગ્યું એટલે જાણ્યું, લાગ્યું એટલે ગરી ગયું ? ગળ્યું એ જાણ્યું. લાગ્યું એટલે શું ? ગળ્યું લાગ્યું, લાગ્યું એટલે જાણ્યું. એને ઠેકાણે ગળ્યું લાગ્યું ? અંદર ગરી ગયું ? જેની જ્ઞાન પર્યાય જ્ઞાતાની છે, સ્વદ્રવ્યની છે એમ નથી અસ્તિમાં પ્રતીત એને જ્ઞાનની પર્યાય પરથી છે એમ પરમાં ઠરતો દુઃખી... દુઃખી... દુઃખી... થઈ રહ્યો છે. કેમ ?

જુઓ! કહે છે, **'दुर्वासनावासितः'** કારણ મુકે છે પાછા એકેએક. **'दुर्वासनावासितः'** **'અનાદિના મિથ્યાત્વ સંસ્કાર...'** **'दुर्वासनावासितः'** અનાદિના સંસ્કાર. ભગવાન સ્વ અસ્તિત્વે તદ્દન જુદો રાગથી, સ્વાદથી, કાળથી, શરીરની ઇન્દ્રિયના ભોગથી બધાથી ભિન્ન (છે) એમ ન માનતા અનાદિના મિથ્યાત્વ સંસ્કારને લઈને. **'दुर्वासनावासितः'** **'અનાદિના મિથ્યાત્વ સંસ્કાર તે વડે...'** ભાષા શું કીધી છે ? એ કર્મના કારણે નહિ એમ કહે છે, ભાઈ! શું કીધું ? **'दुर्वासनावासितः'** કર્મને કારણે, દર્શનમોહને કારણે નહિ. જુઓ! એમ લીધું, જુઓ! એની વાસના–એવી ગંધ પેઠી છે અનાદિની. આહા..હા..! છે ? **'दुर्वासना'** ભૂંડી વાસના. કર્મને લઈને નહિ. એની પર્યાયબુદ્ધિમાં પરવસ્તુમાં જ રોકાઈ ગયો છે ઇ. એવી વાસના–દુર્વાસના એણે અજ્ઞાને ઉભી કરી છે, કર્મને લઈને નહિ. આહા..હા..!

**'અનાદિનો મિથ્યાત્વ સંસ્કાર...'** જોયું ? વાસના એટલે સંસ્કાર, 'દુ' એટલે મિથ્યાત્વ. મિથ્યાત્વ સંસ્કાર, એમ. દુ એટલે મિથ્યા, વાસના સંસ્કાર–ભૂંડો સંસ્કાર. **'તે વડે...'** **'वासितः'** **'થયો છે...'** ગંધમાં ચડી ગયો, ભૂંડી ગંધે ચડી ગયો. **'સ્વભાવથી ભ્રષ્ટ એવો.'** ભગવાન જ્ઞાતા પોતાની જ્ઞાન પર્યાયમાં, પોતાના અસ્તિત્વમાં રહીને એને જાણે છે એવા જ્ઞાનથી એ અજ્ઞાની ભ્રષ્ટ થઈ ગયો છે. સમજાણું કાંઈ ? આ 'સ્યાદ્વાદ અધિકાર' જરીક છે એવો કે બહુ ઝીણો છે. સમજાણું કાંઈ ? હવે તો આમાં તો દાખલાય આપે છે. ઉષ્ણનું આવ્યું ને ? દાખલા આપે છે કે નહિ ? દાખલા આપે છે. દાખલા નથી આપતા ?

અનાદિની મિથ્યાત્વ સંસ્કારની વાસનાથી, આ વાસનાથી સ્વભાવથી ભ્રષ્ટ. અસ્તિ-નાસ્તિ કરી. આમ ચડી ગયો એટલે સ્વભાવથી ભ્રષ્ટ થયો છે. હું જ્ઞાનસ્વરૂપે ભગવાન છું, મારું હોવાપણું તો જાણવા-દેખવાપણે મારું હોવાપણું છે, પરને લઈને મારું હોવાપણું નથી. સમજાણું ?

**'એવો કેમ છે ?'** **'सर्वद्रव्यमयं पुरुषं प्रपद्य'** ઠીક! **'सर्वद्रव्य'** **'જેટલાં સમસ્ત દ્રવ્ય છે તેમનું જે દ્રવ્યપણું...'** **'मयं'** **'તે-મય જીવ છે...'** એ બધું હું જ છું. સમજાણું કાંઈ ? બાયડી અર્ધાંગના છે. નથી કહેતા ? અડધુ અંગ મારું ને અડધુ અંગ તારું એમ થઈને બે હશે ? આખા ઘરને જાળવે, ઘરને સંભાળે બધું અડધુ અંગ હશે કે નહિ એનું ? મૂઢ (છે). કહે છે કે કોઈ દ્રવ્યને પોતાપણે માન્યા વિના મૂક્યું નથી એમ કહે છે. પરદ્રવ્ય, પરગુણ ને પરનીપર્યાય પોતાપણે માન્યા વિના એકેય છોડી નથી. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'જેટલા સમસ્ત દ્રવ્ય છે તેમનું જે દ્રવ્યપણું તે-મય જીવ છે અર્થાત્ તેટલા સમસ્ત સ્વભાવ જીવમાં છે...'** એ બધા ભાવો મારા જીવમાં છે. કર્મના, રાગ-દ્વેષના, વિકારના, આ બધા સંયોગના એમ જીવના સ્વભાવમાં આ બધા છે એમ માનીને... **'એવી જીવવસ્તુને પ્રતીતિરૂપ માનીને.'** બધું હું છું એમ, બધા મારામાં છે એમ. એ આત્મા એમ માનીને પોતાના ભિન્ન આત્માને ખોઈ બેસે છે. કહો, સમજાણું આમાં ? સારા ઘરમાં રહ્યો હોયને, પચ્ચીસ વર્ષ તોય સારું ઘર યાદ આવે, લ્યો! મૂઢ થઈને એમ કહે છે અહીં તો. અરે..! જે ઘરમાં સુખી થયા–એમ ઘણા માણસ કહે છે, હોં! જે ઘરમાં સુખી થયા, એ ઘરમાં આમ થયું, આવા ગોવાળ થયા, વાંઢા હતા એમાં બાયડી થઈ, છોકરા થયા, આ ઘરમાં બધું થઈ ગયું. હવે એ ઘર છોડવા... પણ ક્યાં હતા ? ગરી ક્યાં ગયા હતા તે છોડવા ? જ્યાં જ્યાં ગયો ત્યાં એકાકાર થઈ ગયો. એ ક્ષેત્રમાં લેશે. અહીં તો દ્રવ્ય તરીકે એના જ્ઞાનમાં આ બધું છે તે હું છું એમ માની પોતાના અસ્તિત્વની હયાતી જ્ઞાનની ભિન્ન સાધવી જોઈએ તે શાંતિને ચુકી જાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ ?

આવો **'पुरुषं प्रपद्य'** તે પ્રતીતિરૂપ આદર કરે, માને છે. એને આદર કરે છે કે આપણે બધા છીએ. આખી દુનિયા જ્ઞાનમાં જણાય છે, આપણી દુનિયા આખી અમે છીએ. સમજાણું કાંઈ ? નોકરને સારા શેઠિયા મળે, શેઠને સારા નોકર મળે. આપણે બધા એક જ છીએ ને! એ... 'શશીભાઈ'! આહા..હા..! અરે..! પણ ક્યાં તું જુદો ત્રણે કાળે અને ત્રણે કાળની ચીજને મારામાં માન! એમ કહે છે. અહીં તો બધી વાત લીધી છે ને ? એકને માન્યું એ પ્રમાણે આખી દુનિયાને જ પોતે પોતાની પર્યાયમાં માની, આખી દુનિયા તે જ હું છું. આખી દુનિયા તે હું જ પોતે છું, મારો જ બધો કક્કો ચાલે છે બધે. સમજાણું ? **'તેમનું જે દ્રવ્યપણું તે-મય જીવ તેટલા સમસ્ત સ્વભાવ જીવમાં એવી પ્રતીતિરૂપ માનીને.– આમ મિથ્યાદૃષ્ટિ જીવ માને છે.'** એવો મિથ્યાદૃષ્ટિ જીવ પોતાના ચૈતન્યની ભિન્નતાને ખોઈ બેસીને મૃત્યુ કરે છે. હવે સવળું લે છે. જે કહેવો છે બોલ ઇ હવે લે છે.

**'तु स्याद्वादी स्वद्रव्यम् आश्रयेत् एव'** દેખો! ધર્મી જીવ અનેકાન્તવાદી. સ્યાદ્વાદીનો અર્થ જ અનેકાન્તવાદી, અનેકાન્તવાદીનો અર્થ જ સમ્યગ્દૃષ્ટિ. સમજાણું ? **'स्वद्रव्यम् आश्रयेत्' 'જ્ઞાનમાત્ર જીવવસ્તુ એમ સાધી શકે છે...'** જુઓ! શું કહે છે ? એ રાગાદિ, પર આદિનું જ્ઞાન થતાં હું તો જ્ઞાનમાત્ર વસ્તુ છું. હું રાગમાત્ર, પુણ્યમાત્ર, શરીર એમ પણ છું નહિ, એ પણે છું જ નહિ. જુઓ! આ અનેકાન્ત! એમ નહિ કે આ પણે છું ને આ પણે છું એનું નામ અનેકાન્ત. આહા..! આ તો અનેકાન્તની વ્યાખ્યા જુદી કરી નાખે. આપણે શરીરપણે પણ છીએ ને આત્માપણે પણ છીએ તો અનેકાન્ત (છે). એમ નહિ, આત્મા પોતાના સ્વરૂપપણે છે ને પરપણે નથી એનું નામ અનેકાન્ત છે. આહા..હા..! અનેકાન્તની વ્યાખ્યા (આવી કરે). સમજાણું કાંઈ ?

**'तु स्याद्वादी स्वद्रव्यम् आश्रयेत् एव' 'એકાન્તવાદી માને છે તે પ્રમાણે નથી,'** **'तु'**નો એટલો અર્થ કર્યો. **स्वद्रव्यम् आश्रयेत्'** સમજાણું ? **'જ્ઞાનમાત્ર જીવવસ્તુ એમ સાધી શકે છે– અનુભવ કરી**

**શકે છે. સમ્યગ્દષ્ટિ જીવ...'** '**एव**' નામ '**એવો જ છે.**' લ્યો! હું કોઈ પણ ચીજને જાણવા કાળે જાણવાનો પર્યાય મારા જ અસ્તિત્વમાં છે, મારું અસ્તિત્વ છે એમ જ્ઞાયકપણાને જ્ઞાનની પર્યાયે પોતાથી સાધતો ત્યાં શાંતિને સાધે ને વેદે છે. સમજાણું કાંઈ ? '**અનુભવ કરી શકે છે...**' એમ કીધું છે ને ? અનુભવ કરે છે એ તો પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ આમાં ? સ્યાદ્વાદી પોતાના જીવવસ્તુ, જ્ઞાનમાત્ર જીવવસ્તુ. જ્ઞાનમાત્ર એટલે રાગ- દ્વેષ આદિ ભલે જણાણા પણ હું તો જ્ઞાનમાત્ર છું, રાગમય નહિ, પુણ્યમય નહિ, શરીરમય નહિ, કર્મમય નહિ, પરમય નહિ. હું તો બધા પદાર્થોને એક ક્ષણમાં મારા જ્ઞાનમાં અસ્તિત્વમાં, મારામાં, સત્તામાં રહીને, ભિન્ન રહીને જાણનારું મારું જ્ઞાન મારાથી છે એમ સ્વરૂપના લક્ષે જ્ઞાનને સાધતો શાંતિને, સમ્યક્‌ને વેદે છે. ઓહો..! ભારે સાધક ને બાધક, ભાઈ! આમ કહે તો બાધક ને આમ કહે તો સાધક. બેયને પોતાનું માને તો શું વાંધો ? અનેકાન્ત કોને કહે ? કે એ પણ મારું ને આ પણ મારું. (અજ્ઞાની લોકો) નિયતનું ભારે કરે છે.

કહે છે, સમ્યગ્દષ્ટિ જીવ '**एव**' '**એવો જ છે.**' એટલે ? ભગવાનઆત્મા પરના જ્ઞેયને જાણવાના ભાવ કાળે એટલે મારું સ્વરૂપ તો તેનાથી તદ્દન ભિન્ન છે. તે ચીજમય થયું નથી, એ ચીજ મારા જ્ઞાન-ગુણમાં આવી નથી, મારો જ્ઞાનગુણ ત્યાં ગયો નથી. મારો ભગવાન જ્ઞાન સ્વભાવ એ વર્તમાન જ્ઞાનપણે પરને જાણવામાં પરથી પૃથક્ રહીને જાણવાનું કામ કરે છે. એ જાણવાનું કામ પોતાથી થાય એમ સાધતા ત્યાં અનેકાન્તપણાના અમૃતનો સ્વાદ ને શાંતિ અનુભવે એને અનેકાન્તનો અનુભવ કહેવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ ?

હવે આમાં બહારનું શું કરવું ? કે આ કરવાથી (આમ થાય એવી) તો આમાં કાંઈ વાતેય આવતી નથી. અહીં તો થાય તેનું જ્ઞાન તે પણ મારાથી જ્ઞાન થયું. પરનું થાય તેનું જ્ઞાન તે પણ થયું માટે જ્ઞાન, નહિ એમ નહિ. પેલા કહે કે નહિ, પરદ્રવ્યનો કર્તા ન માને એ જૈન નહિ. અરે..! ભગવાન! ગજબ કરે છે ને તું!

અહીં તો કહે જે જણાય જ્ઞેય એ કર્તા ને જ્ઞાનનો પર્યાય કાર્ય એમ નહિ. સમજાણું કાંઈ ? ફક્ત તે ચીજ નિમિત્તપણે છે તેનું જ્ઞાન પોતામાં પોતાથી થાય છે એમ સ્વજ્ઞાન ને પરથી પૃથક્ સાધતું જ્ઞાન અનેકાન્તપણે એટલે પરથી નાસ્તિપણે હું છું, સ્વથી અસ્તિ છું એમ જાણતા જ્ઞાનમાં શાંતિનું વેદન થાય એને ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? કહો, 'સોગનચંદજી' શું છે ? આવી વાતું! મુકો ને સમજ્યા વિના, કરોને કાંઈક. ધર્મ કરવો છે ને! પણ ધર્મ કઈ રીતે થાય ? અનેકાન્ત વસ્તુ છે તેને અનેકાન્તપણે રાખ્યે ધર્મ થાય. સમજાણું કાંઈ ? ઓહો..! તે રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, વિકલ્પોને તેને તેમ જ્ઞેયપણે રાખવા અને જ્ઞાનમાં તેના સ્વ-પરપ્રકાશકના જ્ઞાનમાં જ્ઞાનપણાને કારણે રાખવું. એને કારણે જ્ઞાન થયું નહિ અને એ મય જ્ઞાન થયું નહિ. એમ જ્ઞાનનો પર્યાય સ્વના લક્ષે સ્વરૂપના સાધને અસ્તિત્વ રાખતો, પરથી નાસ્તિત્વપણે પરિણમતું જ્ઞાન સ્વરૂપને અનેકાન્તપણે સાધે તેને સમ્યગ્દર્શન ને અનુભવ થાય, એમ કહે છે. સમજાણું કાંઈ ? આવું ઝીણું ભારે!

વળી ભગવાનની પ્રતિમા, વળી જાત્રા, વળી અહીં એમાં ક્યાં આવ્યું આમાં ? એ..ઇ..! એ તો જ્યારે શુભરાગ હોય છે ત્યારે એ રાગમાં તે સામે લક્ષ જાય છે. એ શુભરાગ અને તેનું જ્ઞાન તે લક્ષનું જ્ઞાન જ્ઞાનની પર્યાયમાં પોતાના અસ્તિત્વથી થાય છે; તે રાગને લઈને નહિ, સામે ચીજને લઈને નહિ. સમજાણું કાંઈ ? એ કાળે જ્ઞાનનો પર્યાય તે પ્રકારના રાગને ને તે પ્રકારની પ્રતિમા આદિ ભગવાનને જાણવા લાયક જે જ્ઞાનની પર્યાય તેને એ જ્ઞાન જાણે ખરું પણ એને પોતાનું માનીને અથવા એ જ્ઞાન ત્યાં ગયું ને અથવા એનાથી અહીં જ્ઞાન થયું એમ ધર્મી માનતો નથી. આહા..હા..! ભારે! 'જુગરાજજી'! ભારે કામ ભાઈ! આ તો. પેલા કહે, ઉડાવો, ઉડાવો. ભાઈ! એ શુભભાવ વખતે એવું જ જ્ઞાન એને આવે. સમજાણું કાંઈ ?

ભક્તિના કાળમાં ભગવાન સામે હોય અને રાગ હોય એવો. તો જ્ઞાનનો પર્યાય રાગને અડ્યા વિના, નિમિત્તને અડ્યા વિના, રાગ ને નિમિત્ત વિના, એના આશ્રય વિના જ્ઞાનનો પર્યાય પોતાથી થાય, પરથી ન થાય એમ જ્ઞાનને સાધે તેને અનેકાન્ત જ્ઞાન સમ્યગ્દૃષ્ટિનું કહેવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ ? ભારે વાત, ભાઈ! એકકોર પેલી વસ્તુ રાખવી અને વળી એનાથી ભિન્ન જ્ઞાન રાખવું. ત્યારે તો અહીં અસ્તિ-નાસ્તિ થાય. 'વજુભાઈ'! પાછા પેલા ઊડાડી દે શુભભાવ ને શુભ વખતનું નિમિત્ત તો તે સંબંધીનું જ્ઞાન તે કાળે ઉડી જાય છે. સમજાણું કાંઈ ? એ વખતે ભક્તિ ને એનો શુભરાગ એ સંબંધીનું જ્ઞાન સ્વને જાણતા એ સંબંધીનું જ્ઞાન તે કાળે હોય છે. જો એવો જ્ઞાનનો પર્યાય ન માને અને અજ્ઞાન શુભ જ ન હોય ને સામે ન હોય તો એ જ્ઞાનની પર્યાયનું જે એ વખતનું સામર્થ્ય છે એને એ માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? ભારે વાત, ભાઈ!

જ્ઞાનની પર્યાયમાં તે જ પ્રકારે તે પ્રકારે શુભ રાગનો કાળ છે, ત્યાં સામે નિમિત્ત છે ને એવા જ જ્ઞાનનો સ્વકાળ (છે). અહીં સ્વકાળ પછી આવશે પણ એવું જ જ્ઞાનનું અસ્તિત્વ છે, તો સામે એવું જ હોય. એવી સ્થિતિના કાળના જ્ઞાનને એવી સ્થિતિ ન માને અને આ ન હોય અને જ્ઞાન એ પ્રકારનું પરિણમતું એકલું માને તો એને જ્ઞાનની ખબર નથી. સમજાણું કાંઈ ? અને એ જ્ઞાનનો પર્યાય એ છે તો અહીં થયો છે તો જ્ઞાનમાં એની નાસ્તિ છે એમ એ માનતો નથી.

**શ્રોતા** :– જ્ઞેયની વિદ્યમાનતાને કારણે એવો ભ્રમ થાય છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ના, ના; એની ભ્રમણાને કારણે ભ્રમ થાય. જ્ઞેયની વિદ્યમાનતાને કારણે થતો હોય તો બધાને થવો જોઈએ. દુર્વાસના, નહોતું લખ્યું કારણ ? કારણ આપ્યું હતું. એને મિથ્યાત્વ સંસ્કારને કારણે. જુઓ! લખ્યું જુઓ! બીજી લીટી છે. શું ? જ્ઞેયને કારણે નહિ, એની ભ્રમણાને કારણે થાય છે. એનું જ્ઞાનનું હોવાપણું તે કાળે પોતાથી એવું જ હોય એમ ન માનતા એવું જ એ પ્રકારે ત્યાં જણાય તેને જ્ઞાન આને લઈને થયું એવી વાસના–દુર્વાસનાને કારણે ભ્રમ પડે છે. એમ કીધું હતું ને ? ભ્રમયન્તિ નહોતું કહ્યું ? સમજાણું ? ભ્રમન્તિ ક્યાં આવ્યું હતું ? ક્યાંક આવ્યું હતું ને ? **'भ्रमतः'** જુઓને! **'જ્ઞાનવસ્તુ હોવાની થાય છે ભ્રાંતિ...'** જુઓ! હેઠેથી બીજી લીટી, આ

બાજુ ૨૨૬, હેઠેથી બીજી લીટી. '**भ्रमतः**' ભ્રમણા થાય છે. સમજાણું કાંઈ ? ઇ જાણે આ હોય તો થાય છે ને આ હોય તો નથી. પણ એ હોય તો થાય છે તે કાળ તારા પોતાના અસ્તિત્વનો છે. પરના અસ્તિત્વને લઈને તારુ હોવાપણું નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એમ કે આ જ્ઞેય જણાય છે એવું જ બરાબર જણાય માટે જ્ઞેય ભ્રાન્તિનું કારણ હશે ? તો તો બધાને જ્ઞેય જ્યાં રહે ત્યાં સુધી ભ્રાન્તિ ચાલું જ રહે. કોઈ દિ' ભ્રાન્તિ ટળે નહિ.

**શ્રોતા :–** જ્ઞાન થાય ત્યારે સામે જરૂર હોય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જરૂર-ફરુરની વાત નથી. હોય છે ત્યાં હોય છે એમાં શું ? અહીં શું કામ છે એને ? હોય છે પછી વળી જરૂરની શું અહીં વાત છે ? ત્યાં હોય છે એને કારણે ત્યાં. અહીં જ્ઞાન પોતાને કારણે પોતાથી થાય છે. વળી એમાં હોય છે માટે આ હોવું જોઈએ એ પ્રશ્ન ક્યાં રહે છે ? નિમિત્ત હોવું જોઈએ, નિમિત્ત હોવું જોઈએ (એમ લોકો કહે છે). પણ હોવું જોઈએનો અર્થ શું ? જ્ઞાનનો પર્યાય તે જ પ્રકારે ને સંયોગને જે જાણતું જ્ઞાન પરિણમે તે કાળે એવો જ નિમિત્ત ને સંયોગ હોય છે. એ એના જ્ઞાનના પર્યાયનું અસ્તિત્વ થાવું છે માટે તે ત્યાં અસ્તિત્વ છે એમ નથી અને એના અસ્તિત્વને કારણે આ જ્ઞાનનું સ્વ-પર પરિણમન થાય એ અસ્તિત્વને કારણે એમ નથી. ભારે વાત, ભાઈ! આહા..હા..!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ અજ્ઞાનના વાસનાને કારણે થાય છે, પરને કારણે નહિ. સ્વભાવને કારણે નહિ, પરને કારણે નહિ, વચલી વાસના ગરી ગઈ છે એને કારણે, એમ કહે છે, લ્યો! આ તો અજર પ્યાલા માર્ગ છે, ભાઈ! સમજાય છે કાંઈ ? પરમ સત્યનું સાધન આ છે. આહા..હા..! અનાદિની છે ને ? અનાદિની કરતો આવે છે માટે. પાછી કરે છે... પૂર્વની છે માટે અત્યારે છે એમેય નહિ. પૂર્વનું છે માટે એમ નહિ. એમ કહે છે કે અનાદિનું છે. એ નવી નવી કરતો જ આવે છે, ભ્રમણા ઉભી કરતો જ આવે છે. આ છે તો આ છું, આ છે તો આ છું, આ છે તો આ છું, એવું જ એને જ્ઞાન થાય માટે એ છે તે હું છું. જુઓ! આ નિમિત્તવાળાના નિમિત્ત ઉડી જાય છે આમાં. આહા..! એટલે કે આનાથી થાય છે એ વાત ઉડી જાય છે. હોય છે ત્યારે તેને નિમિત્ત કહેવાય છે, હોય છે ત્યારે તેને નિમિત્ત કહેવાય છે. જ્ઞાન જ્ઞાનપણે, ઉપાદાનપણે પોતાથી પરિણમે છે તે સંબંધીનું જ્ઞાન પોતાનું પોતાપણે પરિણમે એ ઉપાદાન છે. સામી ચીજ છે પણ એ છે તો અહીં જ્ઞાન આમ પરિણમે છે એમ નથી. એ છે તો અહીં પરિણમે છે તો એને લઈને અહીં અસ્તિત્વ છે, પોતાને લઈને અસ્તિત્વ છે એમ એણે માન્યું નથી. સમજાણું કાંઈ ? આવી જ્ઞાનની કોર્ટ હશે આવી કાંઈ ? ભગવાને અનેકાન્તનો ફેસલો કોર્ટમાં આમ કર્યો છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

એમાં 'કુંદકુંદાચાર્ય'. એની કથનની પદ્ધતિ એકલી સત્યના દોરની (છે). આહા..હા..! એથી

શાસનના સ્થંભ તરીકે નાખ્યા છે ને ? **'મંગલમ ભગવાન વીરો, મંગલમ ગૌતમો ગણી, મંગલમ કુંદકુંદાર્યો'** કુંદકુંદ આદિ આચાર્યને મુખ્ય નાખ્યા, જુઓ! 'ગણધર' પછી નાખ્યા 'કુંદકુંદાચાર્ય'! આહા..હા..! ધર્મ ધુરંધર આચાર્યપદનો (આજે) દિવસ છે આ, જુઓને! બધા એવા પાક્યા. 'અમૃતચંદ્રાચાર્ય' મહા ધર્મના થાંભલા દિગંબર સંત મુનિઓ! એ અંતરના આત્મધ્યાનને અમૃતમાં અનુભવના વેદનમાં પડેલા એ કહે છે કે અમે તો પરને જાણવા કાળે પરથી તો નથી, હોં! એવું જ જ્ઞાન થાય ને ? તે એવું જ જ્ઞાન થાય. ત્યારે કેવું જ્ઞાન થાય ? જ્ઞાન કાંઈ બીજી જાતનું થાય ? જ્ઞાનનું યથાર્થપણું કોને કહીએ ? જેવું ત્યાં છે એવું અહીં જ્ઞાન થાય એટલે જ્ઞાન એને લઈને થયું ? જ્ઞાનનું યથાર્થપણું કેમ કહેવાય ? જેવું છે એવું જાણે એનું નામ યથાર્થપણું છે. પણ એ છે તો જાણે છે ? એ યથાર્થપણું છે ? સમજાણું કાંઈ ? આહા..હા..!

**'જ્ઞાનમાત્ર જીવવસ્તુ એમ સાધી શકે છે – અનુભવ કરી શકે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ...' 'एव' 'એવો જ છે.'** એવો જ છે. **'કેવો છે સ્યાદ્વાદી ?' 'समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां जानन्'** આ સિદ્ધ કરવું છે, જુઓ! અહીં નાસ્તિનો ભંગ છે ને ? **'समस्तवस्तुषु'** મારી વસ્તુ સિવાય **'परद्रव्यात्मना'** પરદ્રવ્ય સ્વરૂપ જેટલી **'જ્ઞાનમાં પ્રતિબિંબિત થયું છે સમસ્ત જ્ઞેયનું સ્વરૂપ,...'** જ્ઞાનમાં જાણવામાં આવ્યું બધું વસ્તુનું સ્વરૂપ **'તેમાં...' 'परद्रव्यात्मना'** એ પરવસ્તુનું સ્વરૂપ છે. એમ અનુભવે છે **'જ્ઞાનવસ્તુથી ભિન્નપણું,...'** એમ, એમ લીધું. નહિતર જ્ઞાનવસ્તુથી ભિન્નપણું અનુભવે છે. આમ પરદ્રવ્ય છે ને ? જ્ઞાનવસ્તુથી ભિન્નપણું અનુભવે છે. સમજાણું કાંઈ ?

**'परद्रव्यात्मना'** જ્ઞાનમાં બધું જણાવા છતાં તે પરદ્રવ્ય સ્વરૂપ છે, એ પણે હું નથી. સમજાણું કાંઈ ? ઓહો..! જ્ઞાનમાં જણાવામાં બધી વસ્તુ આવી એ **'સમસ્ત જ્ઞેયનું સ્વરૂપ, તેમાં અનુભવે છે જ્ઞાનવસ્તુથી ભિન્નપણું,...'** એમ, નાસ્તિપણું. પરવસ્તુનું જ્ઞાનમાં જાણવું આવ્યું પણ એ પરવસ્તુનું મારામાં નાસ્તિપણું છે. એમ જ્ઞાનમાં જ્ઞાની–સ્યાદ્વાદી અનેકાન્ત અનુભવે છે. આહા..! આ અનેકાન્ત છે. લ્યો! સમજાણું કાંઈ ? નાસ્તિપણું અનુભવે છે એટલે **'ભિન્નપણું, તેના કારણે નાસ્તિપણું અનુભવતો થકો.'** ભગવાનની વાણી પણ જ્ઞાનમાં આવી પણ કહે છે કે ના. વાણિથી નાસ્તિપણું જ્ઞાનનું અનુભવે છે. સમજાણું કાંઈ ? ત્યાં એ જ્ઞાની ગણધર આદિ પણ બેઠા છે અને જ્ઞાનમાં જે જણાય છે તો એ અસ્તિત્વ વાણીને લઈને અહીં જ્ઞાન થયું છે એમ નથી. અને જેવો વાણીમાં આશય આવે એવું અહીં જ્ઞાન થાય એ તો જ્ઞાનનો પરથી પૃથક્ રહીને પોતામાં પોતાને જાણવામાં સામર્થ્યવાળું જ્ઞાન એવું છે. સમજાણું કાંઈ ? કેટલા ભંગ! કેટલા ઉડાડી દે છે ને કેટલા સિદ્ધ કરે છે! સમજાણું ?

**'ભાવાર્થ આમ છે કે સમસ્ત જ્ઞેય જ્ઞાનમાં ઉદ્દીપિત થાય છે...'** બધા જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે. ઉદ્દીપિત થાય છે એટલે જણાય છે, હોં! જ્ઞાન આવી જતું નથી. **'પરંતુ જ્ઞેયરૂપ છે, જ્ઞાનરૂપ થયું નથી.'** પરવસ્તુ પરરૂપે જ્ઞાનમાં થઈ નથી. **'કેવો છે સ્યાદ્વાદી ?'** એક બોલ રહી ગયો છે ઇ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

## શ્રી કળશટીકા, કળશ–૨૫૩-૨૫૪, પ્રવચન નં. ૨૫૧, તા. ૧૬-૧૨-૧૯૬૫

[૧૦]

'સ્યાદ્વાદ અધિકાર' સાતમા શ્લોકનો છેલ્લો થોડો બોલ છે. **'કેવો છે સ્યાદ્વાદી ?'** એટલો છેલ્લો શબ્દ બાકી છે. એટલે શું ચાલે છે આ ? આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ સ્વદ્રવ્ય છે એમાં પરદ્રવ્યનું જ્ઞાન થતાં અજ્ઞાની એમ માને છે કે હું પરદ્રવ્યથી જ છું. જ્ઞાનની પર્યાયનો સ્વભાવ પરજ્ઞેયને જાણવાનો છે એમ જાણતા એને એમ છે કે આ બધું પરરૂપ જ હું છું. **'સ્યાદ્વાદી'** **'निर्मलशुद्धबोधमहिमा'** **'મિથ્યાદોષથી રહિત...'** એટલે પરને લઈને હું છું એમ નહિ. મારા જ્ઞાનમાં પરદ્રવ્ય જણાય છતાં પરદ્રવ્યને લઈને હું છું એમ નહિ. પોતાના અસ્તિત્વ ઉપર લક્ષ અને માન્યતા હોવાથી ધર્મી જીવ એના જ્ઞાનમાં પર જણાય ખરું, જણાતા છતાં તેનાથી હું છું એમ નહિ. સમજાણું ?

**'મિથ્યાદોષથી રહિત...'** શબ્દો છે તો જ્ઞાન છે, આ પુસ્તક છે તો જ્ઞાન થાય છે એમ પરદ્રવ્ય છે તો જ્ઞાન થાય છે એમ ધર્મી માનતો નથી. **'તથા રાગાદિ અશુદ્ધ પરિણતિથી રહિત...'** જેથી પરદ્રવ્યને લઈને મારું જ્ઞાન નથી એમ માનનાર સ્વદ્રવ્યને લઈને મારી અવસ્થા જ્ઞાન આદિ વસ્તુ છે એને પરદ્રવ્ય તરફની એકતાબુદ્ધિમાં રાગનો નાશ થઈ જાય છે. સમજાય છે ? અને **'बोध'** **'અનુભવજ્ઞાન તેનાથી છે...'** **'महिमा'** હું તો જ્ઞાનસ્વરૂપ મારાથી છું, ચૈતન્યમૂર્તિ છું એમ પોતાના બોધનો અનુભવ જ્ઞાનના અનુભવજ્ઞાનથી હું છું, એમ પોતાના પ્રતાપને જાહેર કરે છે. કહો, સમજાણું આમાં ? એટલો શબ્દ હતો.

સમ્યગ્દૃષ્ટિ પોતાના જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્માને પરનું જાણવું હોવા છતાં પરથી હું નથી. હું તો મારા સ્વરૂપના જ્ઞાનબોધથી છું એમ પોતાની સત્તાની દૃષ્ટિ રાખીને પોતાના અસ્તિત્વમાં મારાથી હું છું, પરથી નથી એમ પોતાના જ્ઞાનસ્વરૂપને રાગરહિત કરતો, પરના સંબંધ વિના કરતો, પોતાના જ્ઞાન સાથે એકત્વ કરતો જ્ઞાનનો અનુભવ કરે છે. એ એની **'महिमा'** નામ પ્રતાપ છે. સમજાણું કાંઈ ? આ તો એકલા અનેકાન્તના નિયમો છે ને! જરી ઝીણા છે. ઇ છ બોલ થયા. હવે સ્વક્ષેત્રથી અસ્તિનો સાતમો બોલ છે. આત્મા પોતાના ક્ષેત્રમાં છે, પરક્ષેત્રથી નથી.

( શાર્દૂલવિક્રીડિત )

**भिन्नक्षेत्रनिषण्णबोध्यनियतव्यापारनिष्ठः सदा**
**सीदत्येव बहिः पतन्तमभितः पश्यन्पुमांसं पशुः।**

स्वक्षेत्रास्तितया निरुद्धरभसः स्याद्वादवेदी पुन-
स्तिष्ठत्यात्मनिखातबोध्यनियतव्यापारशक्तिर्भवन्।।८-२५४।।

આમાં એમ કહેવું છે કે એમ દરેકમાં ભાવાર્થથી ઉપાડ્યું છે. **'ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને પર્યાયરૂપ માને છે,...'** અહીં ભાષા આવી છે. એટલે ? બસ, બે જ વાત. આ જ્ઞાન પર્યાયમાં પરક્ષેત્રને આકારે જ્ઞાન થાય છે. કહીએ છીએ ને હજી, હજી ક્યાં છોડી દઈએ છીએ ? જ્ઞાન પરનું ક્ષેત્ર જાણે છે, પરનું ક્ષેત્ર આ ઘર, મકાન, ઘટ-પટ એની પહોળાઈને, એના ક્ષેત્રને, એના અવગાહનને જ્ઞાન જાણે છે. જાણતા અજ્ઞાનીને એમ થાય છે કે આ જ્ઞાનનું હોવાપણું આ પર જેવડું મોટું-નાનું ક્ષેત્ર છે એવડો હું છું.

**શ્રોતા :–** પોતાના મકાનનું ક્ષેત્ર કોનું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ક્ષેત્ર કોનું હશે ? 'મગનભાઈ' ? મને તો આજ એક વિચાર બીજો આવ્યો હતો, પેલા નૈયાયિકો ઇન્દ્રિયને સન્નિકર્ષ કહે છે ને ? નહિ ? ઇન્દ્રિયને પ્રમાણ કહે છે. એટલે એ સન્નિકર્ષને મારું તો એવું કહેવું છે કે પ્રમાણ કહે છે. ઇ મગજમાં આવ્યું. એના અર્થમાં એણે નથી લખ્યું, એ તો સમુચ્ચય લખ્યું છે–નૈયાયિક શબ્દ. પણ એ ઇન્દ્રિયને સન્નિકર્ષ (કહે છે). આ ઇન્દ્રિયોને પ્રમાણ કહે છે. આ અર્થમાં નૈયાયિક મૂક્યો છે. સંસ્કૃતમાં 'અધ્યાત્મ તરંગિણી' અધ્યાત્મ શું કહેવાય ? 'પરમઅધ્યાત્મ તરંગિણી'. એટલે કે આ ઇન્દ્રિયો છે એ પ્રમાણ છે એમ ઇ માને છે. ઇ છે તો જ્ઞાન (છે). એટલે આ ઇન્દ્રિયનું ક્ષેત્ર પર છે. આત્માનું સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશમાં પોતે સ્વતંત્ર પોતાપણે અસંખ્ય પ્રદેશમાં અસ્તિત્વ આત્માનું છે. અને આ ઇન્દ્રિયો જે જડ છે એનું ક્ષેત્ર જ પર છે. છતાં એ ઇન્દ્રિયો છે તો મને જ્ઞાન થાય, એમ ઇન્દ્રિયો છે તો મને જ્ઞાન થાય એ પરક્ષેત્રથી હું છું એમ એ માને છે. સમજાણું કાંઈ ?

આ ઇન્દ્રિયો છે તો જ્ઞાન થાય છે કે નહિ અંદર ? ઇન્દ્રિય વિના થાય ? કહે છે કે ઇન્દ્રિયો તો જડ છે, ભાઈ! આ તો પરક્ષેત્રમાં છે, આ કાંઈ તારા ક્ષેત્રમાં નથી. તારા ક્ષેત્રમાં તો અસંખ્ય પ્રદેશમાં જ્ઞાનઘન છે એ તારું ક્ષેત્ર છે. તારા ક્ષેત્રમાં એટલે તારા અવગાહનમાં–તારી પહોળાઈમાં, તારા અવગાહનમાં–તારી પહોળાઈમાં, તારી પહોળાઈ ને તારું અવગાહન તો અસંખ્ય પ્રદેશમાં છે. આ પહોળાઈ ને આ અવગાહન તો પર છે. કે દિ' હશે આ ? ત્રિકાળ એમ છે.

વસ્તુ પોતાના અવગાહન નામ પહોળાઈમાં એને સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશમાં એનો જ્ઞાન આદિ ગુણ, આનંદ આદિ ગુણ એ બધું અસંખ્ય પ્રદેશમાં સ્વ-અવગાહનમાં છે. એમ ન માનતા એના જ્ઞાનમાં પરક્ષેત્રની હયાતી (છે) તેથી અહીં જ્ઞાન દેખાય છે ને ? આ ઇન્દ્રિયો ઘટ-પટ આદિની જે પહોળાઈ કે મકાનની પહોળાઈ કે આ બધું ક્ષેત્ર આદિ ઘટ-પટ (આદિ) એ જ પ્રકારનું જ્ઞાનમાં એવું જ ક્ષેત્ર જ્ઞાન જાણે. એવા પહોળા નાના-મોટા ક્ષેત્રને જ્ઞાન જાણે. તો એને એમ થઈ જાય છે કે નાના-મોટા ક્ષેત્રને બરાબર જ્ઞાન જાણે તો એ મારું ક્ષેત્ર પરમાં જ જાય છે, પરને લઈને

મારું ક્ષેત્ર છે. હું અહીં રહીને આવડું મોટું કેમ જાણું ? હું અહીં રહીને આ લીમડો જણાય છે લ્યો! જુઓ! આ કપાટ જણાય. કહે છે કે મારા જ્ઞાનનો પર્યાય એવા ક્ષેત્રાકારે થાય છે એનો અર્થ કે હું એવડો પહોળો થઈ જાઉં છું. સમજાય છે કાંઈ ? મિથ્યાદૃષ્ટિ એમ માને છે. વસ્તુને પર્યાય માને. પર્યાય એટલે એક ક્ષણની અવસ્થા પર આકારે પહોળી આદિ એટલી પહોળી થતી નથી, પહોળી તો પોતાના ક્ષેત્ર પ્રમાણે જ્ઞાનની પર્યાય થાય છે. સમજ્યા ને ? પહોળી કહે છે ? શું કહે છે ? પહોળી. એ પહોળાઈમાં મોટું આમ દેખાય. લીમડો દેખાય, પીપળા દેખાય, મકાન આવડા મોટા દેખાય. એટલે એ જ્ઞાનના પર્યાયમાં આવડું જ ક્ષેત્ર દેખાય છે. એનો અર્થ કે એ ક્ષેત્રાકાર હું થઈ જાઉં છું. સમજાણું કાંઈ ?

મકાનમાં ક્ષેત્રાકારવર્તી થઈ જાય ત્યારે ક્ષેત્ર છોડવું એને ગોઠતું નથી ને ? આ ક્ષેત્રથી કેમ નીકળવું ? ઇ ક્ષેત્રથી નીકળીશ તો હું જ નીકળી જાઉં છું જાણે! પણ તું તો તારા અસંખ્ય પ્રદેશના ક્ષેત્રમાં છો. 'ભીખાભાઈ'! એ મકાનમાં ફર્નીચર હોય ને સરખા હોય. ક્ષેત્ર આટલું આનું. કેટલું ? અસંખ્ય પ્રદેશમાં. દેખાય આવડું (મોટું). જાણે આ જ્ઞાનનું ક્ષેત્ર પરને લઈને હોય. પરનું ક્ષેત્ર જ્ઞાનમાં જાણવાની સામર્થ્યની શક્તિ છે એમ ન માનતા પરના ક્ષેત્રમાં જ મારી જ્ઞાનની દશા ચાલી ગઈ ને પરને લઈને હું છું એમ માનનાર પોતાના જ્ઞાનના ક્ષેત્રને પોતાના ક્ષેત્રમાં રહેલું, વ્યાપેલું માનતો નથી. સમજાણું કાંઈ ?

આ ઘટ-પટ ઘડાની પહોળાઈ, વસ્ત્રની પહોળાઈ, મકાનની પહોળાઈ, બારણાની પહોળાઈ, બારીની પહોળાઈ, આ સળિયાની પહોળાઈ, આ ઘડીયાળની પહોળાઈ. છે કે નહિ ? જુઓ! એ પહોળાઈમાં મારું ક્ષેત્ર ન્યાં ગરી ગયું એમ (માને છે). એ સંબંધીનું જ્ઞાન અહીં થાય. એટલા જ ક્ષેત્રમાં એવડા મોટા ક્ષેત્રનું કે નાના ક્ષેત્રનું જ્ઞાન અહીં થાય પણ એ નાના-મોટા ક્ષેત્રપણે આત્મા થઈ ગયો છે એમ નથી. અજ્ઞાનીને એમ થઈ જાય કે આહા..હા..! આવડું મોટું જણાય તો હું તો એ ક્ષેત્રમય થઈ ગયો, મારું જ્ઞાન જ ન્યાં ચાલ્યું ગયું, ન્યાં જ વિશ્રામ પામી ગયું. સમજાણું ?

આટલી આંખમાં જ્ઞાન છે, જ્ઞાન તો આખામાં છે. મોટો ડુંગરો જણાય. ડુંગરા ઉપર જાતો હોય તો કેટલું જણાય જોયું છે ? આહા..! જાત્રા-બાત્રા જાય ને ? એમાં ચાલીને જાવું હોય તો જરીક મહેનત પડતી હોય પણ કોઈ ડોળીમાં બેઠો હોય તો એને જોવાનું બહુ રહે. હેઠે આમ ક્યાંનું ક્યાં પચીસ, પચીસ ત્રીસ ગાઉનું આમ ક્યાંય ક્યાંય લાગે ઠેઠ. 'ગીરનાર'માં તો 'જેતપુર-બેતપુર' ક્યાંય નજીક લાગે. આ દેખાય. ઓ..હો..! આ જ્ઞાન જાણે ન્યાં ચાલ્યું ગયું. આવડું જ્ઞાન આવડાને જાણે, આવડું જ્ઞાન આવડાને જાણે તો એવડું જ્ઞાન થઈ ગયું. એકાકાર થઈ ગયું એમ માને છે પણ મારું જ્ઞાન મારા ક્ષેત્રમાં રહીને એને જાણતા એ રૂપે થતું નથી, એમ અજ્ઞાની માનતો નથી. કહો, સમજાણું આમાં ? કહો, 'મલૂકચંદભાઈ'! આ વળી ઇ યાદ આવ્યા. બાવીસ માળ અમારા કરેલા હતા. બાવીસ માળ ને બે માળ ને પાંચ માળ ને આ માળ પણ એ તો ક્ષેત્રની એની પહોળાઈ

છે. એની પહોળાઈનું જ્ઞાન અહીંની પહોળાઈમાં રહેલા જણાય છે, અહીંની પહોળાઈ ત્યાં ચાલી જાય છે (એમ નથી). સમજાણું કાંઈ ?

આ ઇન્દ્રિયો છે, ઇન્દ્રિયોને જ પ્રમાણ માન્યું. કારણ કે ઇન્દ્રિયો ન હોય તો જ્ઞાન કેમ થાય ? પણ હું ન હોઉં તો કેમ થાય ?–એમ નહિ. આ ઇન્દ્રિય હોય તો જ્ઞાન થાય, એમ માને છે ને ઘણા ? વિશેષ જ્ઞાન. જુઓને! 'જયધવલ'માં લખ્યું ને ? આ ઇન્દ્રિયથી જ્ઞાન થાય. ઇન્દ્રિયથી જ્ઞાન થાય, આ ઇન્દ્રિયોથી તારી વિશેષ દશા થઈ તો પછી સામાન્ય જે ગુણ છે ત્રિકાળ એણે વિશેષ શું કર્યું ? શું કીધું ? એ સામાન્ય એટલે કાયમ રહેનારો જ્ઞાન ગુણ, કાયમ રહેનારો જ્ઞાન ગુણ. એની વર્તમાન અવસ્થાની દશા થવી તે તેની વિશેષ અવસ્થા કહેવાય. એની વિશેષતા. સામાન્ય ત્રિકાળ એકરૂપ એની વર્તમાન દશા તે વિશેષ અવસ્થા. તે જ્ઞાનની વિશેષ અવસ્થા જો ઇન્દ્રિયોથી થાય તો તે ઇન્દ્રિયોથી વિશેષ થયું, ઇન્દ્રિયોથી વિશેષ થયું, તો સામાન્યનું વિશેષ ન રહ્યું. કહ્યું કે નહિ ? '...ભાઈ'! સામાન્ય એટલે કાયમ રહેનાર. સોનું છે સોનું... સોનું... સોનું... એ કાયમ રહેનાર અને એની વર્તમાન અવસ્થા કુંડળ, કડા રૂપે થઈ એ વિશેષ. હવે એ વિશેષ અવસ્થા કોઈ કહે કે સોનીએ કરી, હથોડે કરી એ વિશેષ અવસ્થા. જો એનાથી વિશેષ થઈ તો સામાન્ય વિશેષ વિનાનું રહ્યું ? સામાન્ય વિશેષપણે પરિણમ્યું છે એ સામાન્ય પોતે વિશેષપણે થયું છે. સમજાણું કાંઈ ?

નિમિત્તકર્તાનું આવ્યું હતું. ભગવાન વાણીના નિમિત્તકર્તા છે, નહિતર પ્રમાણ નહિ ઠરે. ઉપાદાન એકાન્ત કર્તા માનનાર(ને) નિમિત્ત કર્તાને ઉડાડવું છે, પ્રમાણ નહિ ઠરે. એથી ભગવાને કહ્યું એમ નહિ માને, ભગવાને જાણ્યું એમ માનીને નિયતને માને છે, ભગવાને જાણ્યું એમ નિયતને માને છે, ભગવાને કહ્યું એમ કહેવા જાય તો કહ્યું તો ભગવાને કહ્યું તો કર્તા થઈ જાય છે. એ..ઇ..! વિચિત્રતા (છે). ઉપાદાન કર્તા એકલા માનનારા, નિમિત્ત કર્તા નહિ માનનારા કેવળીનું કહેલું છે એમ નહિ માને. પણ આચાર્યોએ તો એમ કહ્યું છે કે કેવળીએ કહેલું કહું છું, કેવળીએ દીઠું કહું છું એમ ક્યાંય નથી કહ્યું.

હા, એ લખે છે. ઇ કો'કે પ્રશ્ન પૂછ્યો હતો. 'णिदिट्ठं'નો અર્થ દેખવું થાય ? કે કહેવું થાય ? એમાંથી મોટી ચર્ચા ઉપાડી. 'રયણસાર'નો કોઈ પ્રશ્ન છે. એ તો દેખ્યું એ કહેવાય ને કહેવું એ કહ્યું પણ કહેવાય. સાંભળને હવે. કહ્યું કહેવાય એ તો નિમિત્તથી વાત છે. નિમિત્ત કર્તા છે એનો ક્યાં અર્થ થઈ ગયો ? એ વાણીને રચે છે. ઉપાદાનપણે નહિ પણ નિમિત્તપણે વાણીને રચે. એલા વાણીને આત્મા રચે ? આ તે કાંઈ ગજબ કરે છે ને! સમજાણું ?

આ ઇન્દ્રિયોને રચે, આ ઇન્દ્રિયો હોય તો જ્ઞાન થાય, ઇન્દ્રિય એમાં નિમિત્ત કર્તા જ્ઞાનની છે, એના ક્ષેત્ર પ્રમાણે અહીં જ્ઞાન થાય એના જ્ઞાનમાં પણ પહોળાઈ પણ એટલા ક્ષેત્ર પ્રમાણે થઈ. જુઓ! આમ. પણ એ ક્ષેત્ર પર છે ને તારું ક્ષેત્ર તદ્દન જુદું છે. પોતાની પહોળાઈના ક્ષેત્રની અસ્તિમાં

પરની પહોળાઈની નાના-મોટાની જ્ઞાનની આકૃતિ પોતાના ક્ષેત્ર પ્રમાણે જાણતા એનું ક્ષેત્ર જાણે પરરૂપે થઈ ગયું એમ અજ્ઞાનીને ભ્રમ પડી જાય છે. બહિર્બુદ્ધિ છે ને ? એમ અહીં કહે છે. બહિરપણે પરક્ષેત્રને જાણતા પરક્ષેત્રરૂપ થઈ ગયું એમ થાય છે. સમજાણું ?

**'દ્રવ્યરૂપ માનતો નથી;...'** એટલે પોતાનું જુદું ક્ષેત્ર છે એમ માનતો નથી. **'તેથી જેટલો સમસ્ત વસ્તુનો છે આધારભૂત પ્રદેશપુંજ...'** જુઓ! એ માટે જેટલી બીજી વસ્તુઓ છે એનું આધારભૂત ક્ષેત્ર–પ્રદેશ. ઘડાનું ઘડા પ્રમાણે ક્ષેત્ર પહોળું છે કે નહિ ? વસ્ત્રનું વસ્ત્ર પ્રમાણે પહોળું છે કે નહિ ? નદીનું નદી પ્રમાણે, પર્વતનું પર્વત પ્રમાણે પહોળું ક્ષેત્ર છે કે નહિ ? લાડવાનું લાડવા પ્રમાણે, દાળનું દાળ પ્રમાણે. એના આધારભૂત એના પ્રદેશો–એનું ક્ષેત્ર છે. **'તેને જાણે છે જ્ઞાન,...'** એને જાણે છે જ્ઞાનની દશા. જેવું એનું ક્ષેત્ર પ્રદેશનું, પરનું છે એ પ્રમાણે જ્ઞાનની દશા જાણે છે.

**'જાણતું થકું તેની આકૃતિરૂપે પરિણમે છે જ્ઞાન,...'** આકૃતિને અહીં વજન છે ને ? અહીં ક્ષેત્રનું વજન છે. સમજાણું કાંઈ ? જેવી પરવસ્તુ છે એના ક્ષેત્ર પ્રમાણે જ જ્ઞાનનો પર્યાય એટલા પ્રમાણે પરિણમે છે, પણ પરિણમે છે એ પોતાના ક્ષેત્રમાં પરિણમે છે. એના ક્ષેત્રમાં જઈને ને એના ક્ષેત્રને લઈને, એના ક્ષેત્રમાં જઈને ને એના ક્ષેત્રને લઈને (પરિણમતું નથી). સમજાણું ? મોટો પત્થરનો સ્થંભ હોય, છ હાથનો થાંભલો પુરુષાકારે (હોય). જ્ઞાન એને જાણે. એટલે એને (એમ લાગે છે) કે આટલું મોટું ક્ષેત્ર આમાં જણાયું તો આ મારું જ્ઞાન આવડા આકારરૂપે થઈ ગયું. પુરુષના છ હાથના પથરા જેવડું મારું જ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ ? કેમકે ત્યાં એની બહિર્બુદ્ધિમાં જેટલું પહોળું દેખાય એટલું મારું જ્ઞાન પહોળું થઈને ત્યાં પરિણમી ગયું (એમ માને છે). સમજાણું આમાં ?

મકાન-બકાનમાં શું ? એ મકાન(માં) જ્યાં રહ્યો હોય ત્યાંથી નીકળવું ગોઠતું નથી, એકાકાર થઈ ગયો, ક્ષેત્રાકારવર્તી. જે મકાન પચાસ પચાસ વર્ષથી વાપર્યા હોય એ જ્ઞાનની પર્યાયમાં આમ ક્ષેત્રાકાર વૃત્તિ થઈ ગઈ હોય, લ્યો! થયું છે તો ક્ષેત્રાકાર પોતાનો જ્ઞાનનો પર્યાય. એ ક્ષેત્ર આકાર પરના ક્ષેત્રરૂપે નથી પણ એમાંથી નીકળવું એને ગોઠતું નથી. આહા..! એ ક્યાં તારું ક્ષેત્ર તો તદ્દન નિરાળું છે. કોઈ ક્ષેત્ર ઘરમાંય નથી ને ઘટમાંય નથી ને વસ્ત્રમાંય નથી, આ શરીરના ઇન્દ્રિયના આકારના ક્ષેત્રમાંય તું નથી. આહાહા...! સમજાણું કાંઈ ?

**'પરિણમે છે જ્ઞાન, એનું નામ પરક્ષેત્ર છે,...'** અહીં અત્યારે એનું નામ જ પરક્ષેત્ર ગણ્યું, ભાઈ! જ્ઞાનમાં પરનું જણાવું એનું નામ જ પરક્ષેત્ર. આહા..હા..! એને જ અહીં પર્યાયને માને એમ કીધું છે, જુઓ! સમજાણું કાંઈ ? એટલો જ હું છું, પરને જાણવાના ક્ષેત્ર જેટલું જ્ઞાન એવડો હું છું. **'તે ક્ષેત્રને જ્ઞાનનું ક્ષેત્ર માને છે.'** એ ક્ષેત્ર કોઈ જ્ઞાનની પર્યાયમાં જેવડું ક્ષેત્ર જણાય એટલું જ્ઞાનનું ક્ષેત્ર માને છે.

**'એકાન્તવાદી મિથ્યાદષ્ટિ જીવ, તે ક્ષેત્રથી સર્વથા ભિન્ન છે ચૈતન્યપ્રદેશમાત્ર જ્ઞાનનું ક્ષેત્ર,...'** પરના ક્ષેત્રના આકારે પરિણમેલું જ્ઞાન એટલું જ નથી. ભિન્ન અસંખ્ય પ્રદેશી ભગવાન ચૈતન્ય પ્રદેશમાત્ર

અસંખ્ય ચૈતન્યના પ્રદેશના ક્ષેત્રની પહોળાઈ માત્ર છે. **'તેને માનતો નથી.'** જુઓને! આ વેદાંત આદિ એમ જ માને છે ને ? જ્ઞાન આખા લોકાલોક વ્યાપક થઈ જાય. સમજાણું કાંઈ ? અદ્વૈત એકાકાર ક્ષેત્રમાં થઈ જાય તો આત્મા કહેવાય ને ? અખંડ આત્મા આટલા ક્ષેત્રમાં રહે એ નિત્ય કેમ રહી શકે ? આટલા ક્ષેત્રમાં વસ્તુ નિત્ય કેમ રહે ? એમ કહે છે. આખા ક્ષેત્રમાં વ્યાપી જાય તો નિત્ય રહી શકે–એમ નથી. ક્ષેત્ર એનું ભલે આટલું જ હોય પણ એનું નિત્યપણું અનંત ગુણોથી સ્વતંત્ર પરથી ભિન્ન છે એમ ભિન્ન એ માનતો નથી. સમજાણું કાંઈ ?

અનંતમાં અનંત ભળી જાય એમ કહે છે, લ્યો! એક ફેરી 'સંતબાળ'નો દાખલો આવ્યો હતો. એક માણસ રાખ્યો હતો. અહીંથી મોટો પ્રકાશ રાખ્યો હતો. એમાંથી પ્રકાશ બધે ફેલાઈ ગયો. આવ્યું હતું ? જોયું હતું ? એક ફેરી ચિત્ર કાઢ્યું હતું. જાણે જ્ઞાન પરમાં અનંતમાં વ્યાપી ગયું એનું નામ આત્મા કહેવાય. લોકો કેટલાક નથી કહેતા કે ભાઈ! અહીંથી દેહ છૂટ્યો અનંતમાં અનંત વ્યાપી ગયો. થઈ રહ્યું, જાઓ! ક્યાં વ્યાપે પણ ? પરક્ષેત્રમાં વ્યાપતો હશે ? સમજાણું કાંઈ ?

**'તેને માનતો નથી.'** પોતાનો ચૈતન્ય પદાર્થ ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ અહીં જ છે, આટલામાં જ છે. કેમ ?–કે ઇ આમ એકાગ્ર કરવા જાય છે તો એટલા ક્ષેત્રમાં એકાગ્ર કરે છે. એનું ક્ષેત્ર જો લાબું હોય તો આમ થાય તો એને એકાગ્ર થાય. શું કીધું ? જેટલામાં ઇ જેટલા ક્ષેત્રમાં પહોળાઈમાં છે, આમ અંદર એકાગ્ર થાય છે એમાં, તો જેટલામાં એકાગ્ર થાય એટલામાં જ એનું ક્ષેત્ર છે. આમ જો એ બધું ક્ષેત્ર લાબું હોય તો આમ એને બહુ આમ લાબું થાય તો એકાગ્ર થાય.

**શ્રોતા :–** સંસારમાં એકાગ્ર થાય છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સંસાર ? પણ સંસારમાં નથી ? રાગમાં એકાગ્ર થાય છે કે નહિ ? કેટલામાં થાય છે ? કેટલામાં ? કેટલામાં થાય છે ? આ એટલા ક્ષેત્રમાં થાય છે કે બધા ક્ષેત્રમાં થાય છે ? રાગમાં એકાગ્ર નથી થતો ? રાગમાં એકાગ્ર કેટલા ક્ષેત્રમાં થાય છે કહો ? સમજાણું આમાં ?

'ઇષ્ટોપદેશ'માં કહ્યું છે, એક દાખલો આપ્યો છે કે જો તું એમ કહેતો હો કે આત્મા બધે વ્યાપક છે. તો પછી એની એકાગ્રતા તો એટલામાં જ દેખાય છે. રાગાદિની એકાગ્રતા એટલામાં ને જ્ઞાનની એકાગ્રતા એટલી પહોળાઈમાં જ જ્ઞાનની એકાગ્રતા આમ દેખાય છે. તો એનું ક્ષેત્ર તો આટલું જ છે. એને ઠેકાણે આ પરક્ષેત્રમાં હું છું (એમ જે માને છે) એ તારી ભ્રમણા છે, તને સ્વક્ષેત્રની અસ્તિમાં અનંત ગુણનો પિંડ છે એની તને ખબર નથી. સમજાણું કાંઈ ? અનેકાન્ત છે ને ? નિમિત્ત કર્તા ન માને તો એને પાછું ભગવાને દીઠું છે એમ કહેવું છે, ભગવાને કહ્યું છે એમ એને નથી માનવું. દીઠું ને કહ્યુંમાં જુદું હશે ? પણ કહ્યું કહેવાય એ તો નિમિત્ત...

**શ્રોતા :–** કહ્યું આણે ને દીઠું ઓણે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કહ્યું, કહ્યું કહે તો ભગવાન કર્તા થઈ જાય અને નિમિત્તકર્તા એને માનવા નથી. કહે એમાં નિમિત્તકર્તા ભલે બોલો પણ કર્તા કે દિ' હતા ? નિમિત્ત છે. નિમિત્ત નથી ?

વસ્તુ નથી ? લોકાલોક નથી ? કે લોકાલોક છે એટલે જ્ઞાન થયું કેવળજ્ઞાનનું ? એટલે લોકાલોક છે માટે કેવળજ્ઞાન થયું ? લોકાલોક છે માટે કેવળજ્ઞાન થયું ? છતાં કેવળજ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે. એનો અર્થ શું ? એ કર્તા છે માટે અહીં કેવળજ્ઞાન થયું ? કેવળજ્ઞાન પોતામાં પ્રગટ થયું, પૂર્ણ સર્વજ્ઞ દશા (પ્રગટ થઈ ત્યાં) લોકાલોક નિમિત્ત કહેવાય છે. જ્ઞાન એને નિમિત્ત કહેવાય છે, જ્ઞાન એને નિમિત્ત કહેવાય છે. કોને ?–લોકાલોકને અને લોકાલોક આને નિમિત્ત કહેવાય છે. બસ! નિમિત્તનો અર્થ જ પૃથક્ ચીજ એક છે એટલી વાત છે. પણ કેવળજ્ઞાને લોકાલોકને ઉપજાવ્યો છે ? અને લોકાલોકે આનું કેવળજ્ઞાન ઉપજાવ્યું છે ? કર્તા જુદું અને નિમિત્ત જુદું. પછી એને નિમિત્તપણાનો આરોપ કરીને કર્તા કહો એ તો આરોપ (છે), વાસ્તવિક (સ્થિતિ) નથી. એ તો અસત્ છે. કરે કોને પણ ? પરિણમે તે કર્તા. સિદ્ધાંત શું છે ? આ છે ને ? 'જયસેનાચાર્યે' એવો શબ્દ મૂક્યો. પરિણમે તે કર્તા.

**શ્રોતા :–** કળશમાં પણ એમ જ આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ જ આવે ને બધે પણ. આપણે ચાર બોલ નહોતા આવ્યા ? ચાર બોલનું વ્યાખ્યાન આવ્યું છે ને આજે ? વ્યાખ્યાનના ચાર બોલ. આજે આવ્યું છે. કહો, સમજાણું આમાં ? પરિણમે તે કર્તા. એ ક્ષેત્ર અહીં પરિણમે છે ? આત્મા પોતાના ક્ષેત્રમાં પરિણમે છે, પરને જાણવારૂપે પરિણમે છે. પણ પરને જાણવારૂપે પરિણમતા પરના ક્ષેત્રના આકારે થઈને પરિણમે છે એ તો જ્ઞાન થયું. પણ પરના ક્ષેત્રના પહોળાઈપણે થઈને પરિણમે છે ? પરના ક્ષેત્રના પહોળાઈપણે થઈને પરિણમે છે ? પરના ક્ષેત્રનું જ્ઞાન સ્વક્ષેત્રની પહોળાઈમાં રહીને પરિણમે છે. સમજાણું કાંઈ ? ભારે વાતું, ભાઈ!

લોકાલોક કેવળજ્ઞાનમાં જણાય, લ્યો! આ હોય સાત હાથનો દેહ. એક સમયનો પર્યાય લોકાલોકને આમ એક સમયમાં જાણે છે. લોકાલોકને આકારે અહીં જ્ઞાન થયું ? લોકાલોકનો જેવો આકાર છે એવું જ્ઞાનની પર્યાય પરિણમે છે ખરી, પણ એના આકાર પ્રમાણે મોટી થઈ ગઈ છે ? આવડી મોટી થઈ ગઈ છે ? આહા..! સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા..! જુઓ! એક સમયનું કેવળજ્ઞાન, એક સમયમાં આવે પૂરું જ્ઞાન. એમાં લોકાલોક પણ જણાય જાય. એ તો જ્ઞાન જણાતા જણાય જાય. સમજાણું ? અને એ પર્યાય જણાતા ત્રણ કાળ, ત્રણ લોક એમાં ભેગા જણાય જાય છે. છતાં એક સમયમાં અનુભવનું વેદન છે એ કાંઈ ત્રણ કાળના દ્રવ્યનું અનુભવ–વેદન ન આવી જાય એમાં. ભોક્તાપણું વેદન ન આવી જાય એક સમયમાં. પરનો ભોક્તા તો નહિ પરના દ્રવ્યનો ભોક્તા નહિ, પરના ક્ષેત્રનો ભોક્તા નહિ, પરના કાળનો ભોક્તા નહિ, પરના ભાવનો ભોક્તા નહિ. પણ પોતાના આખા દ્રવ્યનો એક સમયમાં ભોક્તા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? પણ આ ભોક્તા એમ એને જણાય કે આહા..! લાડવો આવ્યો ને આ આવ્યું તો જ્ઞાન એ પ્રમાણે જાણવા પરિણમ્યું ને (તો એમ લાગે છે કે) મેં આને ભોગવ્યું,

આ ક્ષેત્રને ભોગવ્યું, આને ભોગવ્યું. એ ક્ષેત્ર તો પર છે, લાડવાનું ક્ષેત્ર પર છે. આવડો લાડવો ને આવડો લાડવો ને આવડો. સમજાણું કાંઈ ? પણ જ્યાં જ્ઞાનની પરથી ભિન્નતા ભાસતી નથી ને ત્યાં પરથી એકત્વતા ભાસતા પરના આકારે જ્ઞાન થતાં પરરૂપે હું (થઈ ગયો), પરના ક્ષેત્રમાં ગયું, મારું જ્ઞાન જંપલાણું. મારી જ્ઞાન અવસ્થા પરના ક્ષેત્રમાં જંપલાણી, ગઈ ઉડીને! એમ અજ્ઞાનીને પોતાનો સંકેલ પોતાનો પર્યાય પોતાના ક્ષેત્રમાં છે એમ માનતો નથી. ઝીણી વાત છે. અનેકાન્ત વસ્તુનું અનેકાન્ત. આ ઝીણી વાત છે, સમજ્યા ને ?

અનેકાન્તમાં એમ નથી કે પરક્ષેત્રને જાણે માટે પરક્ષેત્રમાં ગયું ને સ્વક્ષેત્રને જાણે માટે સ્વક્ષેત્રમાં રહ્યું, એમ બે હશે ? પરક્ષેત્રને જાણે માટે પરક્ષેત્રમાં ગયું, સ્વક્ષેત્રને જાણે માટે સ્વક્ષેત્રમાં રહ્યું તો અનેકાન્ત કહેવાય, એમ હશે ? સ્વ ને પરના ક્ષેત્રને જાણતું જ્ઞાન સ્વક્ષેત્રમાં રહ્યું છે, પરક્ષેત્રમાં ગયું નથી. ભારે! જાણે બેને અને રહ્યું એકમાં. છે ? પણ બીજું હોઈ શી રીતે ? સમજાણું કાંઈ ? આ કહે છે કે ના. મારા ક્ષેત્રમાં નહિ, હું તો પરક્ષેત્રમાં ગયો, આખો ચાલ્યો ગયો, તણાઈ ગયો. ક્ષેત્રાકાર જ્ઞાન થયું ને (તો) પરક્ષેત્રમાં તણાઈ ગયો. 'જુગરાજજી'! મોટી દુકાન ચાલતી હોય ને ધામધુમ (થતી હોય), પચાસ હજાર, લાખની પેદાશ હોય ને.... આહા..હા..! થડા ઉપર બેઠો હોય તો બધો આકાર જ ભાસે. જાણે આ થઈ ગયો, અહીં ગરી ગયો. તમારે તો ક્યાં માલ-બાલ હોય ? એને તો, એને માલ હોય ને લાખ, બે લાખનો માલ હોય, પાંચ લાખનો. એ.. ધમાલ! 'મુંબઈ'માં તો દિવસ પણ ઓલા કરવા પડે, લાઈટ કરવી પડે. આઘું ઊંડું ઊંડું હોય તો. ન્યાં અજવાળું ક્યાંથી પહોંચે ? આમથી આમ ને આમથી આમ આમ આમ કેટલાય જાય આમ. ઊંડુ ઊંડુ પચીસ હાથ આમ જાય ને પાછા પચીસ હાથ આમ જાય. હવે ન્યાં ક્યાં (પ્રકાશ જાય) ? એમ અંદરથી આમ એકાકાર થઈ જાય જાણે કે આહા..હા..! મારી દુકાન પહોળી મોટી! એ.. 'જેચંદભાઈ'! પણ તારી દુકાન તો અસંખ્ય પ્રદેશમાં છે. પહોળી-ફહોળી ક્યાંય નથી, સાંભળને! આહા..હા..! સમજાય છે ?

**'તેના પ્રતિ સમાધાન આમ છે કે જ્ઞાનવસ્તુ પરક્ષેત્રને જાણે છે...'** દેખો! **'પરંતુ પોતાના ક્ષેત્રરૂપ છે,...'** ગમે એટલું નાનું-મોટું ક્ષેત્ર જાણે એટલે નાના-મોટા ક્ષેત્ર પ્રમાણે આ જ્ઞાન થઈ ગયું છે, એમ નહિ. ક્ષેત્ર તો પોતાના અસંખ્ય પ્રદેશ છે એમાં જ રહેલું છે. લીમડાને જાણે તોય લીમડાના ક્ષેત્ર આકારે જ્ઞાન થયું નથી. ક્ષેત્ર આકાર એટલે પહોળું. એના જાણવારૂપે અહીં થયું છે એ જુદું છે. અને આટલી નાનીને આટલું જાણે. આટલી એક નાની ચીજ જણાય, ટીકડી. તો ટીકડીના પ્રકારે ક્ષેત્રે એનું જ્ઞાન પરિણમ્યું છે, પણ ટીકડીના ક્ષેત્ર જેટલું જ્ઞાન થઈ ગયું છે ? સમજાણું કાંઈ ? આહા..હા..!

એમ કહે છે, નાના-મોટા ક્ષેત્રો છે, એના સામા (પદાર્થના) ક્ષેત્રો, એના ક્ષેત્રને જાણતું જ્ઞાન, જ્ઞાનની આકૃતિપણે સ્વતઃ પોતાનો સ્વભાવ છે એટલે પરિણમે ખરું પણ એ કાંઈ નાના-મોટા ક્ષેત્રના આકારે જ્ઞાન થઈ જતું નથી. એના આકારે થઈ જતું નથી, એ તો પોતાની આકૃતિમાં રહીને પરિણમે છે. **'પરનું ક્ષેત્ર જ્ઞાનનું ક્ષેત્ર નથી.'** છે ને ? **'પોતાના ક્ષેત્રરૂપ છે, પરનું ક્ષેત્ર જ્ઞાનનું ક્ષેત્ર નથી.**

**તે જ કહે છે...**' લ્યો! આ તો ભાવાર્થ એટલે કહેવું છે એ, ઉપોદ્‌ઘાત કહ્યો.

'**पशुः सीदति एव**' '**पशुः**' નામ '**એકાન્તવાદી મિથ્યાદષ્ટિ જીવ...**' પશુ એટલે '**બધ્યતે કર્મ ઇતિ પશુ**' સમજાય છે ? '**બધ્યતે કર્મ ઇતિ પશુ**' પહેલાંમાં આવ્યું છે. પહેલાં અહીં 'પશુ' શબ્દ ઉપાડ્યો છે. '**એકાન્તવાદી...**' એટલે પર ઉપર લક્ષ કરનારો, સ્વના લક્ષના ક્ષેત્રને છોડનારો, સ્વનું ક્ષેત્ર અસ્તિત્વમાં ન રાખનારો. મહાન અસ્તિત્વ પોતાનું અસંખ્ય પ્રદેશી જેનો આધાર છે એને નહિ માનનારો પરક્ષેત્રના જે પરદ્રવ્યના એના પ્રદેશનો જે આધાર છે એને જાણતું '**सीदति**' '**ઓલાંની (-કરાની) માફક ગળે છે,...**' ઓલા.. ઓલા શું કહેવાય ? કરા. આ પાણીના કરા નથી (હોતા) ? બરફ.. બરફ. આ કરા પડે. કરા પડે છે ને ?

હમણાં જ પડ્યા હતા. પડ્યા ભેગા ઓગળી જાય, કરા ફટ ઓગળી જાય. ઓલાં એટલે બરફ લ્યો, કરા લ્યો. ફટ ફટ ઓગળવા માંડે. એક ફેરી નહોતા કરા થયા ? ભાઈ! 'કાળાવાડ'માં નહિ ? 'બેચરભાઈ' સાથે હતા. તમે લઈ ગયા હતા. નહિ ? કોથળામાં અધમણ. (સંવત) ૨૦૦૦ ની સાલ. રસ્તામાં વરસાદ આવ્યો. 'કાળાવાડ'માં ૨૦૦૦ ની સાલની વાત છે. 'કાળાસર', 'કાળાવાડ' નહિ. ત્યાં દરબારના ઓલામાં ઉતર્યા હતા. એટલા કરા. 'બેચરભાઈ' ને 'રામજીભાઈ' બધા હતા. પછી મોટર ગઈ એમાં લઈ ગયા હતા. અધમણ કોથળામાં લઈ ગયા હતા. મોટા પડ્યા હતા, મોટા. પણ એ તો ઓગળવા માંડે હડફ દઈને અંદરથી. એમ જાણે આત્મા પરક્ષેત્રને જાણતા જ્ઞાનનું સ્વક્ષેત્ર ઓગળવા માંડ્યું હોય. સમજાણું કાંઈ ? અને પોતાના ક્ષેત્રથી જાણે ખાલી થઈ જતું હોય. પરક્ષેત્રમાં વ્યાપેલું જ્ઞાન જાણે પરક્ષેત્રરૂપ થઈ જતું હોય. એમ કરીને પોતાના ક્ષેત્રનું જ્ઞાન ઓગળી જાય છે. '**सीदति**' દાખલો કેવો આપ્યો ? સમજાણું ?

'**જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે એમ સાધી શકતો નથી,...**' હું તો પરને, ક્ષેત્રને જાણતો છતાં મારા સ્વક્ષેત્રમાં જ મારું જ્ઞાન વસેલું છે. એમ પોતાના સ્વરૂપને પરથી ભિન્ન સાધી શકતો નથી. '**एव**' '**નિશ્ચયથી એમ જ છે.**' લ્યો! એવું જ છે, કહે છે. પોતાના સ્વરૂપને પરથી (ભિન્ન) સાધી શકતો નથી ને પરના ક્ષેત્રાકાર એકાકાર થઈ ગયેલું માને છે. '**કેવો છે એકાન્તવાદી ?**' '**भिन्नक्षेत्रनिषण्णबोध्यनियतव्यापारनिष्ठः**' '**પોતાના ચૈતન્યપ્રદેશથી અન્ય છે જે સમસ્ત દ્રવ્યોનો પ્રદેશપુંજ...**' લ્યો! આખા લોકના બધા. પોતાના ચૈતન્યપ્રદેશના અસંખ્ય પ્રદેશી અહીંયાં ભિન્ન છે ને ? એવા એનાથી અનેરા '**સમસ્ત દ્રવ્યોનો પ્રદેશપુંજ...**' બધા દ્રવ્યોના પ્રદેશપુંજ. અહીં ક્ષેત્ર લેવું છે ને ? પરમાણુનું ક્ષેત્ર, સ્કંધનું ક્ષેત્ર, સમજ્યા ? '**તેની આકૃતિરૂપ પરિણમ્યો છે...**' એવું જે પરનું ક્ષેત્ર એના આકારરૂપે (પરિણમેલું) એવું અહીં જ્ઞાન. '**बोध्यनियतव्यापार**' કેમ ? કે '**જ્ઞેય-જ્ઞાયકનો અવશ્ય સંબંધ,...**' દેખો! નિયતનો અર્થ કર્યો. બોધ્ય (અર્થાત્) જણાવા યોગ્ય અને જાણનાર, એનો નિયત–નિશ્ચય વ્યાપાર, નિશ્ચય સંબંધ છે એવો. જેવું ક્ષેત્ર હોય એ જણાવા યોગ્ય છે, જાણનાર જ્ઞાન છે. એવો બેનો નિયત સંબંધ છે. સમજાણું કાંઈ ?

બોધ્ય જણાવા યોગ્ય **'જ્ઞેય-જ્ઞાયકનો અવશ્ય સંબંધ છે.'** એની એટલી જ વ્યાખ્યા (કરી). જણાવા યોગ્ય વસ્તુ, જાણનાર પોતે. પરક્ષેત્રમાં જણાવા યોગ્ય વસ્તુ રહી. એ પોતે જાણનાર સ્વક્ષેત્રમાં એને બરાબર જાણે. એવો જ એનો બેનો સંબંધ છે, જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે. એ તો જ્ઞેય-જ્ઞાયક સંબંધ કાંઈ તૂટ્યો જાય ?

**'તેમાં નિષ્ઠ છે અર્થાત્ એતાવન્માત્રને (-એટલામાત્રને) જાણે છે...'** લ્યો! એ સંબંધ થયો એટલો જ આત્મા છે એમ માને છે, પણ એને જાણનાર મારું સ્વરૂપ તદ્દન મારા ક્ષેત્રમાં ભિન્ન છે એમ અજ્ઞાની જાણતો નથી. સમજાણું કાંઈ ? **'જ્ઞાનનું ક્ષેત્ર, એવો છે એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ.' 'સદા' 'અનાદિ કાળથી એવો જ છે.'** અનાદિકાળથી અજ્ઞાની એમ જ માને છે, એમ કહે છે. અનાદિકાળથી, નિગોદથી માંડીને પરક્ષેત્રમાં પોતાનું ક્ષેત્ર (માને છે). (પોતાનું સ્વક્ષેત્ર) માનતો નથી. અસંખ્ય પ્રદેશી પોતાના ક્ષેત્રની નજર હોય તો તેને પરક્ષેત્રમાં હું છું એ આવે નહિ. એ તો (એમ જ માને કે) સ્વક્ષેત્રમાં અનંત ગુણનો પિંડ મારા આ ક્ષેત્રમાં છે. સમજાય છે ? પરક્ષેત્રમાં નથી. સમજાણું કાંઈ ? 'ગીરનાર', 'શેત્રુંજય', 'સમ્મેદશિખર' બધા ક્ષેત્ર છે કે નહિ ? એ ક્ષેત્રમાં આમ એકાકાર થઈ જાય કે જાણે આ આખું જ્ઞાન ન્યાં ગયું.

**શ્રોતા :–** એ તો જૈનના ક્ષેત્ર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જૈનના ક્ષેત્ર છે કે પરના ક્ષેત્ર છે ? કહો! કોના ક્ષેત્ર હશે ? એ ક્ષેત્ર ક્ષેત્રના છે. જૈનના ક્ષેત્ર છે ? એમાં વાંધા ઉઠાવે.

કહે છે, જ્ઞાનમાં એ જણાતા એ રૂપે હું થઈ ગયો એમ માનનાર પર ક્ષેત્રથી પોતાનું ક્ષેત્ર જુદું સમજી શકતો નથી, અનુભવી શકતો નથી. સમજાણું કાંઈ ? **'અનાદિ કાળથી એવો જ છે.'** અનાદિ કાળથી એવો છે. **'વળી કેવો છે મિથ્યાદૃષ્ટિ જીવ ?' 'अभितः बहिः पतन्तम् पुमांसं पश्यन्' 'अभितः' 'મૂળથી માંડીને...'** સર્વથા, એમ. **'अभितः'** એટલે સર્વથા છે ને ? સર્વથા **'बहिः पतन्तम्'**, સર્વથા **'बहिः पतन्तम्' 'પરક્ષેત્રરૂપ પરિણમી છે એમ જીવવસ્તુને માને છે...'** હું તો પરક્ષેત્રરૂપે પરિણમી ગયો છું. ઓલામાં દાખલો આવ્યો છે ને ? ભેંસનો, પાડાનો, પાડાનો. પાડાનું ધ્યાન થતાં હું પાડો જ થઈ ગયો. બારણામાંથી નીકળતા આમ આમ કરવા માંડ્યો. એલા શું છે પણ તને ? કો'કને પાડાનું ધ્યાન કરવું છે. તને પ્રિય શું છે ? કે પાડો ભેંસ, ભેંસ. મોટી ભેંસ અધમણ દૂધ આપે. એનું ધ્યાન કરે છે. એમ કરતાં... કરતાં... કરતાં... હું ભેંસ થઈ ગયો. એલા બહાર આવને! બારણું નાનું એટલે જરીક આમ ભેંસનું શીંગડું હોય ને ? આમ કાઢીને બહાર આવ્યો. પણ ક્યાં તું થઈ ગયો છે ભેંસ ? એમ જે ક્ષેત્રનું જ્ઞાન કરે એ ક્ષેત્રમાંથી એને નીકળવું ગોઠતું નથી. સમજાણું કાંઈ ? એ ભેંસનો દાખલો 'સમયસાર'માં આવે છે.

**'પરક્ષેત્રરૂપ પરિણમી છે એમ જીવવસ્તુને માને છે - અનુભવે છે, એવો છે મિથ્યાદૃષ્ટિ જીવ.'** લ્યો! અહીં સુધી તો પરક્ષેત્રમાં પોતાપણું માને છે એ વાત કરી. સિદ્ધાંત તો સિદ્ધ કરવો છે, આત્મા

સ્વક્ષેત્રમાં છે તે આ બોલ છે. શ્લોક તો સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશમાં જ ભગવાન અહીંયાં છે એમ સિદ્ધ કરવું છે પણ એની સામે પહેલું પરક્ષેત્રમાં જીવ માને છે કે હું છું એમ એ વાત કરી. **'पुनः स्याद्वादवेदी तिष्ठति' 'એકાન્તવાદી જે પ્રમાણે કહે છે તે પ્રમાણે નથી...'** ઓલામાં **'तु'** આવતું હતું આમાં **'पुनः'** આવે છે.

**'સ્યાદ્વાદવેદી અનેકાન્તવાદી જે પ્રમાણે માને છે તેવી વસ્તુ છે.'** લ્યો! અનેકાન્તવાદી એટલે પરને જાણવા છતાં હું તો મારા ક્ષેત્રમાં છું, પરક્ષેત્રમાં નથી–એનું નામ અનેકાન્તવાદ. પણ પરક્ષેત્રમાં પણ છું અને મારા ક્ષેત્રમાં (પણ) છું એનું નામ અનેકાન્ત છે નહિ. નિયતે તો ભારે કર્યું છે, ભાઈ! નિયત, તમારું ક્રમબદ્ધ તો એવું કરી નાખ્યું. ક્રમબદ્ધ મૂકતા વખતે ખબર નહિ હોય. મૂક્યું છે, એમાં એ આવ્યું છે, હોં! ક્રમબદ્ધ કરીને નિયત સ્થાપવું છે અને ભગવાને દીઠું છે એમ સ્થાપવું છે પણ ભગવાને કહ્યું છે એમ માનતા નથી. આહા..હા..! અરે..! ભગવાન! થોડા-ઘણા માણસ જાવ અને ત્યાં જઈને સમજાવો, નહિતર આ બધી ગામોગામ તકરાર થાશે. એમાં આવ્યું છે, ભાઈ! થોડા સમાજ–નેતાઓ ત્યાં જાઓ અને ત્યાં જઈને (સમજાવો). અરે..! ભગવાન! આહા..! અરે..! પ્રભુ! શું થાય ?

ભાઈ! તારી સ્વતંત્રતા તને જેમ ભાસે નહિ અને પુણ્યમાં મીઠાશ લાગે છે ને માણસને! એવી મીઠાશ, એવી મીઠાશ. આહા..હા..! ભગવાન પણ પુણ્યને ભોગવે છે. પહેલાં લખ્યું આજે લખ્યું. એ તો ખુબ લખે છે. ભગવાન પણ પુણ્યને ભોગવે, પુણ્યફલા અરિહંતા. અરે..! પુણ્યના પરમાણુનું ક્ષેત્ર જુદું, એ સમવસરણનું ફળ જુદું. એને ભગવાન ભોગવતા હશે. આહા..! અજ્ઞાની પરને ભોગવી શકે છે ? પુણ્યના ફળ તરીકે મકાન, પૈસા, મોટરું એ બધું ભોગવી શકે કે નહિ ? આહા..હા..!

કહે છે, ધર્મી જીવ **'અર્થાત્ અનેકાન્તવાદી જે પ્રમાણે માને છે તેવી વસ્તુ છે. ભાવાર્થ આમ છે કે તે વસ્તુને સાધી શકે છે.'** ધર્મી જીવ પોતાના જ્ઞાનમાં પરક્ષેત્ર(નું) જાણવાનું પરનું જ્ઞાન થવા છતાં હું તો મારા સ્વક્ષેત્રમાં જ વ્યાપેલો છું, મારા અસંખ્ય પ્રદેશના ક્ષેત્રમાં રહેલો છું (એમ માને છે). મહાન ક્ષેત્ર દેખાય તો કાંઈ મહાન ક્ષેત્ર જેટલો થઈ ગયો, નાનું ક્ષેત્ર દેખાય તો નાના ક્ષેત્ર જેટલો થઈ ગયો અને મારા જેટલું બીજું ક્ષેત્ર દેખાય તો એ ક્ષેત્ર રૂપે થઈ ગયો એમ છે નહિ. સમજાણું ?

**'વસ્તુને સાધી શકે છે. કેવો છે સ્યાદ્વાદી ?' 'स्वक्षेत्रास्तितया निरुद्धरभसः' 'સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન...'** સ્વક્ષેત્ર એટલે અહીં પહેલું સિદ્ધ તો ચૈતન્ય પ્રદેશ છે એને સિદ્ધ કરવું છે પણ બધા પરદ્રવ્યો એના ક્ષેત્રો, એનો જે આધાર પ્રદેશો એનાથી ભગવાનઆત્માનું ક્ષેત્ર તદ્દન ભિન્ન છે. કહો, સમજાણું કાંઈ ? આ ભગવાનનું સમવસરણ ને ભગવાનનું આ ને ભગવાનની વાણી ને... એ તો નિમિત્તપણાનું જ્ઞાન કરવા માટે વાત છે, વાણી તો જડની છે, જડની વાણી ચૈતન્યની થતી હશે ? ચૈતન્યની વાણીને એમ કે નિમિત્તકર્તાપણે ન માનો તો પછી પ્રમાણ વાણીનું રહેશે નહિ. જડમાં

પ્રમાણ શું આવે ? જડમાં પ્રમાણ ક્યાં હતું ? પ્રમાણ તો જ્ઞાનમાં છે. આહા..હા..! ભારે આકરી વાત થઈ ગઈ. મોટો ધક્કો લાગી ગયો છે કે અરે..રે..! આ બધું... એ ધક્કો લાગી ગયો. આ શાસન નભે છે એના ઉપર મોટો ધક્કો લાગે છે, એમ કહે છે.

વ્યવહાર ચારિત્ર એ જ વસ્તુ છે. અત્યારે શુદ્ધ ઉપયોગ તો છે નહિ અને આ વ્યવહાર ચારિત્ર ને ત્યાજ્ય માને, વ્યવહાર ચારિત્ર બિચારા માંડ પાળે છે. અને સમકિતદૃષ્ટિનું પ્રકાશપણું તો એના સંયમ ને તપ ઉપર છે. જેટલા પ્રમાણમાં સંયમ, તપ (હોય તેટલા પ્રમાણમાં) સમકિતના કિરણો એને લઈને બહાર દેખાય. હવે એને ઉડાવે છે, કહે છે. કહો! એના કિરણો બહાર આવતા હશે. રાગની મંદતા ને બહારના ત્યાગને લઈને સમકિત બહાર આવી જતું હશે. સમજાણું ? એમ કે બાહ્ય ત્યાગ ઉપર સમકિતનું પ્રમાણ છે, એમ. બાહ્ય ત્યાગને ઉડાવે એટલે સમકિત પણ રહ્યું નહિ ને ત્યાગ પણ રહ્યો નહિ. એટલે એ લોકોને– નિયતવાદ માનનારને ત્યાગીનું બહુમાન કરવાનું રહેતું નથી. આહા..હા..! ભારે વાત. ખળભળાટ થઈ ગયો છે.

કહે છે, ધર્મી તો (એમ માને છે કે) પરદ્રવ્યથી મારી ચીજ ત્રિકાળ ભિન્ન છે. સમજાણું કાંઈ ? વાણી હો, ક્ષેત્ર હો, મકાન હો કે સમવસરણ હો કે 'સમ્મેદશિખર' હો. **'પરદ્રવ્યથી ભિન્ન નિજસ્વરૂપ ચૈતન્યપ્રદેશ,...'** પોતાના અસંખ્ય ચૈતન્ય પ્રદેશ સ્વરૂપ. ક્ષેત્ર છે ને ? **'તેની સત્તારૂપે...'** **'निरुद्धरभसः'** **'પરિણમ્યું છે જ્ઞાનનું સર્વસ્વ,...'** લ્યો! **'निरुद्धरभसः'** એમાં, પરથી ખસીને પોતામાં પરિણમે છે. **'જ્ઞાનનું સર્વસ્વ...'** બધું જ્ઞાનનું સર્વસ્વ અહીં જ છે, પરમાં કાંઈ નથી. પરના ક્ષેત્રને લઈને કંઈ છે જ નહિ. આહા..હા..!

ભગવાનઆત્મા આખા લોકાલોક(માં) વ્યાપી જાય, એમ કહે છે. શાસ્ત્રમાં નથી કહ્યું ? સર્વગત. લ્યો! સર્વગત કહ્યું છે કે નહિ 'પ્રવચનસાર'માં ? પણ સર્વગત કઈ અપેક્ષાએ કહ્યું સાંભળ તો ખરો! એ પરગત તો અહીં છે ને પરમાં અહીં છે ને આ ત્યાં છે. એ તો જ્ઞેય-જ્ઞાયકના નિમિત્તપણાની વ્યાખ્યા કરી છે. આ જ્ઞાનમાં એ બધી ચીજો જણાય જાય છે એ અપેક્ષાએ પર આમાં આવ્યા અને આ ત્યાં બધાને જાણે છે જ્ઞાન એટલે વ્યવહારની અપેક્ષાએ જાણે વ્યાપક થઈ ગયો એમ કહેવામાં આવે છે. વ્યાપક તો અહીં છે, અહીં એટલામાં વ્યાપક છે. સમજાણું કાંઈ ? આ મોટા વાંધા ક્ષેત્રના, વ્યવહાર-નિશ્ચયના ને એ નાખ્યું છે.

આટલી બધી (વાતો આવે) એટલે એક જણ (કહે), વિકલ્પ રહિત થઈ જાઓ, બાપા! વિકલ્પ રહિત થઈ જાઓ; પણ શી રીતે વિકલ્પ રહિત થાય ? જે વસ્તુનું અસ્તિત્વ કેટલા ક્ષેત્રમાં છે એ દ્રવ્ય છે, કેટલો કાળ છે, કેટલો ભાવ છે એવું જાણ્યા વિના વિકલ્પ રહિત થશે શી રીતે ? જેવું સત્ છે એ રીતે જ્ઞાન કરશે તો વિકલ્પ રહિત થશે પણ જે રીતે સત્ છે એ રીતે જ્ઞાન જાણતું નથી (અને કહે) વિકલ્પ રહિત થઈ જાઓ. શી રીતે વિકલ્પ રહિત થાશે ? સમજાણું કાંઈ ? જેવી રીતે અસંખ્ય પ્રદેશમાં જ પોતાનો સ્વભાવ ને ક્ષેત્ર એટલામાં જ છે એવું જ્ઞાન એના ખ્યાલમાં ન

આવે ને એમ ને એમ વ્યાપક છે ને આમ છે ને આમ છે માને તો એ જ્ઞાન તો સત્ય થયું નહિ. સત્ય જ્ઞાન વિના વિકલ્પ તૂટશે શી રીતે એને ? સમજાણું કાંઈ ? આહા..હા..!

પરક્ષેત્રમાં વ્યાપક માને. બધામાં આપણે એક જ છીએ, વિકલ્પ ઘટાડો. શી રીતે પણ ઘટશે ? માન્યતા જ ખોટી તારી થઈ, અસત્ય થઈ. અસત્ય માન્યતા છે એ જ વિકલ્પરૂપ એકાકાર થઈ ગયો છે. ચાલ્યું છે ને બધું હમણાં ? 'મુંબઈ'માં ભાષણો ચાલે છે. વિકલ્પ રહિત થઈ જાઓ, વિકલ્પ ઘટાડી નાખો. વિચાર પણ નહિ. પણ વિચાર નહિ, વિચાર નહિ તો મતિજ્ઞાન વિનાનો થઈ જાય આત્મા ? એમાં વિકલ્પ નહિ. પણ વિકલ્પ નહિ (એમ કહો છો) પણ પહેલાં વિચારમાં આ ચીજ આટલામાં છે, આટલું ક્ષેત્ર છે એમ નક્કી થયા વિના, અસ્તિત્વનું ક્ષેત્ર જ આટલું છે એટલું જ્ઞાન નક્કી થયા વિના એ જ્ઞાનમાં સત્યતા કેમ આવશે ? અને સત્યતા આવ્યા વિના વિકલ્પ તૂટશે શી રીતે ? અને આમ છે એ તો મિથ્યાત્વનો વિકલ્પ પડ્યો છે એકાકાર. શું કીધું ? સમજાણું આમાં ? 'જમુભાઈ'!

આત્મા આમ સર્વ વ્યાપક છે, સર્વ ક્ષેત્રમાં છે એમ જે જ્ઞાન કર્યું એ તો જ્ઞાન મિથ્યાત્વના વિકલ્પથી એકાકાર પરિણમી ગયું છે. હવે એને વિકલ્પ રહિત કરો. પણ શી રીતે વિકલ્પ રહિત થશે ? આહા..હા..! સમજાણું કાંઈ ? આ જૈનમાં પણ બરાબર ખબર નથી એટલે કેટલાક એમ માની લે. હા, ભાઈ! આ તો નિશ્ચય કહે છે ને. નિશ્ચયમાં પછી વળી આવું શું ? ફલાણું શું ? ભેદ શો ? સિદ્ધમાં વળી જુદું શું ? બધા સિદ્ધ એક થઈ ગયા. સિદ્ધ અનંતા છે એના ક્ષેત્ર દરેકના જુદા ? બધા સિદ્ધમાં એક એક જીવનું સિદ્ધનું ક્ષેત્ર જુદું ? આટલા સૌના (ક્ષેત્ર) જુદા ? પૂર્ણ થઈ ગયા ત્યાં પણ જુદા ? એક એક સિદ્ધનું સ્વતંત્ર અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર જુદું છે. બીજા સિદ્ધ સાથે કોઈ મળતા નથી. એના વાંધા તો કેટલા! સિદ્ધમાં એક થઈ જાય ને! અહીં મલિન છે ત્યાં સુધી ભલે જુદા હોય. પૂર્ણ થઈ ગયા પછી પાણીમાં પાણી ભળી ગયું, જાવ! અનંતમાં અનંત ભળી ગયું. એટલે પોતાનું ક્ષેત્ર જુદું માન્યું નહિ. સિદ્ધને પણ પોતાના અસંખ્ય પ્રદેશમાં એણે ન માન્યા. એ તો નિર્મળ થઈ ગયા એટલે બધા ક્ષેત્રમાં 'એકમાં અનેકમ ને અનેકમાં એકમ.' આવે છે કે નહિ ? 'કાન્તિભાઈ'! જ્યોતમાં જ્યોત મિલાઈ ગઈ. ઇ સ્વક્ષેત્રના હોવાપણામાં જ હું છું એનું એને સાચું જ્ઞાન નથી અને સાચું જ્ઞાન નથી એટલે સ્વ તરફ વળીને મિથ્યાજ્ઞાનનો વિકલ્પ છે એ આવા જ્ઞાન વિના ટળતો નથી. આહા..! સમજાણું ?

અહીં આચાર્ય બધી વાતને એમ કહે છે. આમ તો બધા એમ કહે છે, ભગવાન આવો છે, મોટો આમ છે, આ પરમાત્મા આવો, અનંત ગુણનો નિર્મળાનંદ મહા પરમાત્મા (છે, એમ) બધી વાતું કરે પણ કેટલા ક્ષેત્રમાં ? એ ક્ષેત્ર-બેત્રની વાત રહેવા દ્યો, એ ભાગ પડી જાય. આટલા જ ક્ષેત્રમાં એ ભાગ પડી ગયો. એવડું તત્ત્વ હોય નહિ.

અહીં કહે છે કે ધર્મી જીવ **'સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન નિજસ્વરૂપ ચૈતન્યપ્રદેશ, તેની સત્તારૂપે**

**પરિણમ્યું છે જ્ઞાનનું સર્વસ્વ જેનું, એવો છે સ્યાદ્વાદી.'** સમજાણું ? **'निरुद्धरभसः' 'रभसः'** એટલે શીઘ્ર.

**શ્રોતા :–** વેગ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વેગ. બહારથી રોક્યો છે વેગ જેણે. અંદરમાં પરિણમ્યો છે, અંદરમાં, એમ. અસંખ્ય પ્રદેશમાં રોકાઈ ગયો છે. વેગ બહારમાં ક્ષેત્ર–પર ક્ષેત્રમાં જાણે છું એ વેગ રોકાઈને સ્વક્ષેત્રમાં છું એમ પરિણમ્યો છે. સમજાણું કાંઈ ? વેદાંત ને બીજા ઘણા હતા, હવે જૈનમાંય એવા નીકળ્યા છે કેટલાક વાતું કરનારા, નિશ્ચયની આવો. કેટલા ક્ષેત્ર-બેત્રનું પુછવાનું નહિ. એની શ્રદ્ધા ? શ્રદ્ધા કેવી વળી ? આત્મા ને આત્માની શ્રદ્ધા બે ભેદ પડી ગયા.

અહીં તો કહે છે, કહે છે કે આ આત્માનું અસંખ્ય પ્રદેશ ક્ષેત્રમાં રહેલો બીજા બધાને જાણતા છતાં પોતે પોતાના અસંખ્ય પ્રદેશમાં જ છે, બહારમાં જતો નથી. નિર્મળ થાય તોય સ્વક્ષેત્રમાં છે અને મલિન થાય તોય સ્વક્ષેત્રમાં છે. સ્વક્ષેત્રને છોડીને બીજા ક્ષેત્રને કોઈ દિ' અડતો નથી. વ્યાપે તો શું પણ અડતોય નથી. સમજાણું કાંઈ ? આ ઇન્દ્રિયને, ઇન્દ્રિયના ક્ષેત્રને અડ્યો નથી આત્મા, કર્મના ક્ષેત્રને અડ્યો નથી. એમ પોતાના ક્ષેત્રમાં રહેલો પર તરફના વેગની ગતિને રોકતો સ્વની ગતિમાં પરિણમન કરે છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*** પૂર્ણ સ્વભાવ, આત્મસ્વભાવ કેવો છે ?---કે જેવો સર્વજ્ઞને વ્યક્ત થયો છે તેવો જ છે. એવા સત્ સ્વભાવનો દૃષ્ટિમાં લ્યે ત્યારે ધર્મની શરૂઆત થાય છે. સંસાર અવસ્થામાં પણ શક્તિરૂપે પરમાત્મા બિરાજમાન છે. તારે જે પરમ સત્‌ની દૃષ્ટિ કરવી છે તે તારા અંતરમાં બિરાજમાન છે. ભાઈ ! તારો સમ્યક્ દેખવું હોય તો ભગવાન સ્વરૂપ તું છો તેનો સ્વીકાર કર. મિથ્યાત્વ-રાગ-દ્વેષના કાળે પણ જેવું એનું વાસ્તવિકસ્વરૂપ છે તે રીતે જોઈએ તો શક્તિરૂપે પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે. જેમ લીંડીપીપરની વર્તમાન દશામાં તીખાશ થોડી છે ને રંગે કાળી છે છતાં શક્તિ અપેક્ષાએ તો પૂર્ણ તીખાશ ને લીલાશ ભરી પડી છે તેમ ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે પણ તેને અછતો કરીને એક સમયની રાગાદિ પર્યાયને છતી માની રહ્યો છે. બહારમાં અજ્ઞાનાદિ છે પણ અંદરમાં શક્તિરૂપે તો પરમાત્મપણે બિરાજી રહ્યો છે. આ થો દશા પલટવાની વાત છે, જે દશા દયા-દાન આદિમાં પડી છે તે દશાને અંતરમાં પલટવાની વાત છે. હું પંડિ છું, હું મનુષ્ય છું ઇત્યાદિ માન્યતાએ એને રોકી રાખ્યો છે, તે માન્યતા તેને અંદર જવા દેતી નથી. અરેરે ! એને–અજ્ઞાનીને પુણ્યના ફળની કિંમત છે પણ પોતાના પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપની કિંમત નથી. ૬૯૩. — દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર–પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

**શ્રી સમયસાર, ગાથા–૧૫૫-૧૫૬,**
**શ્લોક–૧૦૬-૧૦૭, પ્રવચન નં. ૧૬૫**
**તા. ૨૬-૧૧-૧૯૬૧**
**[૧૧]**

આ 'સમયસાર'. પુણ્ય-પાપ અધિકાર. ૧૫૫મી ગાથાનો ભાવાર્થ. **'આત્માનું અસાધારણ સ્વરૂપ જ્ઞાન જ છે.'** ભાવાર્થની પહેલી લીટી. આત્માનું અસાધારણ એટલે કે જ્ઞાનસ્વરૂપ જ આત્મા છે. બીજા ગુણો ભલે હોય પણ એ બધા જ્ઞાનમાં જણાય છે અને તેથી તે જ્ઞાન દ્વારા કથન કરવામાં પણ જાણે કે અહીંથી કથન કરવામાં આવે છે. સર્વજ્ઞને પણ જ્ઞાનમાં બધું જણાય છે. એથી જ્ઞાન જ એ આત્મા છે એમ અહીંયાં કહેવામાં આવે છે. જાણનાર... જાણનાર... જાણનાર... સ્વભાવ. જે દયા, દાન, વ્રત, તપના રાગરહિત, શુભાશુભના વિકલ્પરહિત એવો જે આત્મા છે એનું અસાધારણ સ્વરૂપ જ્ઞાન છે.

**'વળી આ પ્રકરણમાં જ્ઞાનને જ મુખ્ય કરીને વ્યાખ્યાન છે.'** જ્ઞાન તે આત્મા. **'તેથી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર–એ ત્રણેય સ્વરૂપે જ્ઞાન જ પરિણમે છે...'** એટલે શું ? જ્ઞાન ત્રિકાળી આત્માનો તદાત્મ્ય સ્વભાવભાવ એને અંતર્મુખ દૃષ્ટિ આપતાં એ જ્ઞાનસ્વભાવ જે શક્તિરૂપ છે એ જ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણમનરૂપ દશાને પામે. એને જ અહીંયાં ધર્મ અને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ ? ભગવાનઆત્મા એટલે કે ચૈતન્યસ્વરૂપ, એના અંતરમાં દૃષ્ટિ પડતા એ જ્ઞાનસ્વભાવનું શક્તિપણું છે એ જ પરિણમન નામ પર્યાયમાં-અવસ્થામાં સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન અને નિર્વિકારી વીતરાગ પરિણતિરૂપે આત્મા પરિણમે એને જ્ઞાનનું પરિણમન કહેવામાં આવ્યું છે, એને ધર્મ કહેવામાં આવે છે. એ ધર્મ તે મોક્ષનું કારણ છે. **'એમ કહીને જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે.'** જ્ઞાન જ પોતે સમ્યક્ શ્રદ્ધા, સમ્યક્ જ્ઞાન, વીતરાગી નિર્વિકારી નિર્દોષ નિર્વિકલ્પ શાંતિરૂપે જ્ઞાનગુણનું જ પરિણમવું (છે), એ પરિણમવું એ જ્ઞાનનું જ પરિણમવું એમ કહેવામાં આવે છે.

**'જ્ઞાન છે તે અભેદ વિવક્ષામાં આત્મા જ છે.'** જ્ઞાનગુણ અને ગુણીની એક્તા ગણીએ તો એ જ્ઞાન તે જ આત્મા છે, બીજી કોઈ ચીજ નથી. દયા, દાન, તપ, વ્રત, ભક્તિ, પૂજાનો રાગ એ કાંઈ આત્મા નથી, એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી, એ કાંઈ આત્માને કલ્યાણકર કોઈ ચીજ નથી. **'એમ કહેવામાં કાંઈ પણ વિરોધ નથી.'** જ્ઞાન અને આત્માને એક કહેવામાં અને એકરૂપ પરિણમનની અંદર એ જ્ઞાનનું જ પરિણમન થાય છે એ જ મોક્ષનું કારણ કહેવામાં, જ્ઞાનને મોક્ષનું કારણ કહો કે આત્માને કહો, એમાં કાંઈ વિરોધ નથી. **'માટે ટીકામાં કેટલેક સ્થળે આચાર્યદેવે જ્ઞાનસ્વરૂપ**

**આત્માને 'જ્ઞાન' શબ્દથી કહ્યો છે.'** આગળ પણ ૪૧૫મા પાને છે. ૧૫૫ ગાથા પૂરી થઈ. હવે જુઓ આ ગાથાનો, આ અધિકારનો મર્મ.

**'હવે, પરમાર્થ મોક્ષકારણથી અન્ય જે કર્મ...'** કર્મ એટલે કાર્ય. દયા, દાન, વ્રત, તપ, જપ, ભક્તિ, પૂજા, જાત્રા, નામસ્મરણ, ભગવાનનો જાપ એ બધો રાગ છે, એ બધું કર્મ છે, એ પુદ્ગલના ઉદયજન્ય વિભાવભાવ છે. એમાં ધર્મ કિંચિત્ નથી અને એના વડે નથી અને એમાં ધર્મ નથી. ધર્મ કોઈ બીજી ચીજ છે. **'કર્મ તેનો નિષેધ કરે છે :–'**

**'પરમાર્થ મોક્ષકારણથી અન્ય...'** એ કર્મ એટલે રાગની ક્રિયા. દયા, દાન, વ્રત, તપ, સંયમની એ બધી ક્રિયાઓનો રાગ, તેનો અહીંયાં નિષેધ કરવામાં આવે છે.

**मोत्तूण णिच्छयट्ठं ववहारेण विदुसा पवट्टंति।**
**परमट्ठमस्सिदाण दु जदीण कम्मक्खओ विहिओ।।१५६।।**

નીચે હરિગીત :

**વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે,**
**પણ કર્મક્ષયનું વિધાન તો પરમાર્થ-આશ્રિત સંતને. ૧૫૬.**

સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ દેવાધિદેવ એમણે જ્ઞાનમાં એવું જોયું કે કેટલાક વિદ્વાન નામ ધરનારા– પંડિત નામ ધરાવનારા એ વ્યવહારનો પક્ષ લઈને વ્યવહારથી કલ્યાણ થાય તેમ બતાવી રહ્યા છે. સમજાય છે કાંઈ ? એનો અર્થ લઈએ. કારણ કે પાઠમાં મોક્ષહેતુ (શબ્દ) પડ્યો છે. એટલે વિદ્વાન એ અર્થમાં નહિ આવે.

**અન્વયાર્થ :- 'નિશ્ચયનયના વિષયને...'** એટલે કે ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગના સૂક્ષ્મ કાળમાં પૂર્ણ સ્વરૂપ પરમાર્થે સચ્ચિદાનંદ જ્ઞાન ને આનંદ, જાણવું અને અતીન્દ્રિય આનંદ એવો જેનો આત્મા સાથે તદાત્મ્ય અનાદિઅનંત સ્વભાવ છે. એવા વિષયને, ધ્યેયને લક્ષમાં ન લઈને. તેના વિષયને લક્ષમાં, ધ્યેયમાં ન લઈને, તેના વિષયને છોડીને **'વિદ્વાનો...'** શાસ્ત્રના ભણેલાઓ શાસ્ત્રમાંથી એવું કાઢે કે વ્યવહાર વડે પ્રવર્તે છે. વ્યવહારની વાતું શાસ્ત્રમાંથી કાઢી અને એમ કહે કે જુઓ ! આ વ્યવહારથી પણ કલ્યાણ પ્રવર્તે છે. દયા, દાન, વ્રત, તપ, ખાવું, પીવું, લેવું એવું. વિદ્વાનો પંડિતો નામ ધરાવીને વ્યવહારની પ્રવૃત્તિ જે શાસ્ત્રમાં કહી છે એમાં પ્રવર્તી રહ્યા છે અને એનાથી કલ્યાણ થશે એમ માનીને ત્યાં જ ઊભા રહ્યા છે.

**'વ્યવહાર વડે પ્રવર્તે છે.'** સમજાણું કાંઈ ? એ વખતે પણ એ હશે. અનાદિકાળનો અજ્ઞાનીને વ્યવહારનો પક્ષ ઊભો છે. કંઈક દયા, દાન, વ્રત, તપ, કાંઈક કષાયની મંદતા ક્રિયા કરશું તો કલ્યાણ થશે, તો અંતર જવાનો આધાર મળશે એમ અનાદિના પંડિતો વિદ્વાનો નામ ધરાવી શાસ્ત્રના

ભણેલાઓ પણ શાસ્ત્રમાંથી વ્યવહારની ક્રિયા જે દયા, દાન, કષાય મંદની ભક્તિ, પૂજા, દાન, સામાયિક, પોષધ, પડિક્કમણા, પૂજા, જાત્રા એ પરિણામ રાગ છે, એને વિદ્વાનો મોક્ષનું કારણ વ્યવહારમાં માનીને પ્રવર્તી રહ્યા છે. સમજાણું કાંઈ ? બહુ ભણ્યા અને વ્યવહારનું લખાણ બહુ શાસ્ત્રમાં આવે. સમજાણું કાંઈ ?

હમણા એક જણાએ લખ્યું હતું ને, આમ કહ્યું છે, વ્યવહારને હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે. પણ ત્યાં તો કહે છે, ભાઈ ! સાંભળને પ્રભુ ! દયા, દાન આદિ વ્યવહારાદિ રાગ જે શુભ, ભક્તિ, પૂજા આદિનો રાગ આવે છે, હોય છે પણ તે ચીજ ધર્મનું કારણ નથી. એને નિમિત્ત ગણીને શાસ્ત્રમાં જૈન પરમેશ્વરે તેને હસ્તાવલંબ નામ નિમિત્તરૂપે સહાયક કહેવામાં આવ્યું છે. ત્રણ વાત લીધી છે. એક તો અનાદિ અજ્ઞાનીઓને વ્યવહારનો પક્ષ છે. દયા, દાન, કષાયની મંદતાના પરિણામ થશે તો કલ્યાણ થશે. એ એક બોલ. બીજો. માંહોમાંહે એકબીજા પ્રરૂપણા પણ એ જાતની કરી રહ્યા છે. વ્યવહાર હોય તો શુદ્ધિ થાય.. વ્યવહાર હોય તો શુદ્ધિ થાય. એમ અજ્ઞાની વ્યવહારને મોક્ષનું કારણ માંહોમાંહે મનાવી પ્રરૂપી રહ્યા છે. બે. અજ્ઞાનીને અનાદિનો રાગનો, વિકલ્પનો, દયા, દાનનો પક્ષ પણ છે. એનાથી કષાય મંદ કરતાં કરતાં બ્રહ્મચર્ય પાળો, સત્ય બોલો, વ્યવહાર કરો, આ કરો, આ કરો, એ કર્તાબુદ્ધિથી કરો અને એમાંથી કલ્યાણ થશે. એમ એક તો જીવને એનો અનાદિનો પક્ષ છે, કથનની પ્રરૂપણા પણ માંહોમાંહે અજ્ઞાનીઓ કરી રહ્યા છે અને જૈનશાસ્ત્રમાં પણ તે વ્યવહારને હસ્તાવલંબ તુલ્ય ગણીને એનું કથન શાસ્ત્રમાં ઘણું છે, ઘણું છે. પણ ત્રણેનું ફળ સંસાર છે. સમજાય છે કાંઈ ?

હવે એને હસ્તાવલંબ તુલ્ય કહ્યું એમાંથી કાઢીને કહે છે કે એનાથી કલ્યાણ થશે. એમાં અર્થ નથી. એમાં જે અર્થ કહ્યો છે. ૧૧મી ગાથા છે ને ? ૧૧-૧૧. 'જયચંદ્ર પંડિત' એનો અર્થ કરે છે. પાનું ૨૧ આમાં છે. ૧૧મી ગાથા. 'જયચંદ્ર પંડિત'. **'પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી છે.'** અહીં તો વળી ભેદરૂપ પક્ષ અનાદિકાળથી (છે). ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડ છે અને એમાં ગુણ રહેલા છે એવો જે ભેદ અને રાગ-વિકલ્પનો ભેદ, એનો પક્ષ તો અનાદિકાળથી જ અજ્ઞાનીને છે. એક બોલ.

**'એવો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.'** બીજો બોલ. માંહોમાંહે એક બીજા કહે વ્યવહાર જોઈએ, વ્યવહાર જોઈએ, વ્યવહાર સારો હોય તો કલ્યાણ થાય. એ પગ ઉપડવા માટે વ્યવહાર સાધન છે. એમ અજ્ઞાનીઓ, મિથ્યાદષ્ટિઓ, વસ્તુના અજાણ **'ઉપદેશ પણ બહુધા...'** મોટો વ્યવહારનો ઉપદેશ કરનારા **'સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.'** બે. **'વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો'** હસ્તાવલંબ નામ સહાયક નામ નિમિત્ત જાણી **'બહુ કર્યો છે.'** શાસ્ત્રમાં. **'પણ એનું ફળ સંસાર જ છે.'** ત્રણેનું ફળ સંસાર છે. વીતરાગે કહ્યો વ્યવહાર. નિમિત્ત તરીકે કહ્યો આ એનું ફળ સંસાર છે.

**શ્રોતા :–** વ્યવહારનું ફળ સંસાર છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભગવાને કહ્યો છે ને એમ કહે છે ને.

વિદ્વાનો આવા વ્યવહારના પક્ષને લઈને અને એની શ્રદ્ધા ને પ્રરૂપણા કરાવી રહ્યા છે કે એનાથી આત્માને કલ્યાણ થશે. તો કહે છે કે એ ત્રણેનું ફળ–એના પક્ષનું ફળ, માંહોમાંહો એ કથનનું ફળ અને એને જિનવાણીમાં મળતા વ્યવહારનો પક્ષ, શાસ્ત્રમાં એનું ઘણું લખાણ હોય, વ્યવહારનું કથન જ ઘણું હોય, એનો પક્ષ લઈને વાત કરે છે પણ એનું ફળ સંસાર પરિભ્રમણ છે. એમાં ક્યાંય આત્માને સમ્યગ્દર્શન પામવાનો વ્યવહારમાર્ગમાં રસ્તો નથી. ઓહો..! સમજાણું ? આ 'જયચંદ્ર પંડિત' (લખે છે). અહીં પાઠમાં છે ને ? **'ववहारोऽभूदत्थो'** એટલે બતાવવું પડે ને. મૂળ પાઠ છે કે વ્યવહાર તે અસત્યાર્થ છે. પછી દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, તપ, જપ, ભક્તિ, અપવાસ કરીને મરી જતો હોય, બ્રહ્મચર્ય પાળીને, શીયળ પાળીને, દયા પાળીને, બહારની અહિંસા પાળીને અંદરના શુભ પરિણામમાં, હોં ! અભૂતાર્થ...

**'भूदत्थो देसिदो दु सुद्धणओ'** ત્રિકાળ વિષય જે શુદ્ધનય છે એનો વિષય અભેદ અખંડાનંદ પ્રભુ, એનો વિષય તે શુદ્ધ છે, શુદ્ધનો ભૂતાર્થ છે. **'भूदत्थमस्सिदो खलु'** એવા ત્રિકાળ જ્ઞાયકભાવમાં અભેદ દૃષ્ટિ કરતાં, ભૂતાર્થનો આશ્રય મળતા તે સમ્યગ્દૃષ્ટિ જીવ થઈ શકે છે. વ્યવહારના લક્ષે, વ્યવહારના પક્ષે, વ્યવહારના આશ્રયે, વ્યવહારના અવલંબે ત્રણ કાળ, ત્રણ લોકમાં જીવ સમ્યગ્દૃષ્ટિ થઈ શકતો નથી. સમજાણું કાંઈ ? તો વળી ચારિત્ર અને વ્રત ને એ તો ક્યાંથી આવ્યા ? સમ્યગ્દર્શન વિના વ્યવહારના આશ્રયે અમને કલ્યાણ થશે, નવ તત્ત્વના ભેદનો વિકલ્પ ઊઠે, એનાથી પણ આત્માને સમ્યગ્દર્શન થશે એમ માનનારા, મનાવનારા પંડિતો, 'કુંદકુંદાચાર્ય' કહે છે, એ વખતે પણ હતા, અનાદિકાળથી ચાલ્યા આવે છે.

**'નિશ્ચયનયના વિષયને છોડીને વિદ્વાનો વ્યવહાર વડે પ્રવર્તે છે;...'** ૧૫૬ ગાથાનો અન્વયાર્થ. **'પરંતુ પરમાર્થને...'** ભગવાનઆત્મા આત્મસ્વભાવ, આત્મસ્વરૂપ, વીતરાગી જેમાં દયા, દાન, વ્યવહાર રત્નત્રયના વિકલ્પનો અભાવ છે. વ્યવહાર રત્નત્રયના.. વ્યવહાર રત્નત્રય તો ખરેખર પુદ્ગલ પરિણામ છે, ખરેખર પરદ્રવ્ય સ્વભાવ (છે). નીચે (અર્થ) કરશે. પરદ્રવ્યનો એ સ્વભાવ છે. કાંઈ સ્વદ્રવ્યનો સ્વભાવ નથી. અને તે વ્યવહારરત્નત્રયનું નામ પણ નિશ્ચય આત્માના અભેદ અનુભવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરે એને એવા વિકલ્પને વ્યવહારરત્નત્રયનું નામ આપવામાં આવે. પણ અજ્ઞાની પહેલેથી વ્યવહારરત્નત્રયથી લાભ થશે એમ માનનારાઓ વ્યવહારમાં પ્રવર્તી, વ્યવહારમાં ખુંચાવી, બીજાને વ્યવહાર કહી, વ્યવહારમાં લાભ થશે એમ બતાવી (પ્રરૂપણા કરે છે). ભેદમાં, રાગમાં, પુણ્યમાં, દયા, દાનમાં (કલ્યાણ માને છે).

**'પરંતુ પરમાર્થને (–આત્મસ્વરૂપને) આશ્રિત યતીશ્વરોને જ કર્મનો નાશ...'** એટલે કે જે પરમાર્થસ્વરૂપ ભગવાન અભેદ અખંડાનંદ છે એનો અંતર્મુખ થઈને આશ્રય લેનારાઓને સમ્યગ્દર્શન-

સમ્યગ્જ્ઞાન-સમ્યક્ ચારિત્ર થઈ કર્મનો નાશ તેને થાય છે, બીજાને કર્મની નિર્જરા ત્રણ કાળ ત્રણ લોકમાં થતી નથી. સમજાણું કાંઈ ? **'કર્મનો નાશ આગમમાં...'** પરમાર્થને આશ્રયે કહ્યો. ભગવાનના આગમમાં તો. ત્રિલોકનાથ પરમેશ્વર જૈન વીતરાગના શાસ્ત્રમાં, આગમ એટલે શાસ્ત્ર, એમાં તો એકલો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... ત્રિકાળ અખંડાનંદ અભેદ, ગુણ-ગુણીનો પણ જ્યાં ભેદ નથી એવા અભેદને આશ્રયે જ મિથ્યાત્વનો નાશ, અજ્ઞાનનો નાશ, રાગનો નાશ (થાય છે). સમકિત, સમ્યગ્જ્ઞાન અને ચારિત્રની ઉત્પત્તિ અને મોક્ષની ઉત્પત્તિ નિશ્ચયને આશ્રયે કહી. ત્રણ કાળ ત્રણ લોકમાં વીતરાગના આગમમાં વ્યવહારથી ક્યાંય લાભ થાય એ વાત આગમમાં હોઈ શકે નહિ અને જે કહે છે તે આગમ છે નહિ. કહો, સમજાય છે કાંઈ ? બહુ વાત પણ, ભાઈ !

કહ્યું કે નહિ ? **'(કેવળ વ્યવહારમાં પ્રવર્તનારા પંડિતોને કર્મક્ષય થતો નથી.)'** કેવળ કેમ કહ્યું ? કે નિશ્ચય વિના વ્યવહાર તો હોતો નથી. પણ નિશ્ચય વિનાનો એકલા રાગની મંદતાથી શુભ પરિણામથી, શુક્લલેશ્યાથી નવમી ગ્રૈવેયકે ગયો. શરીરના ખંડ ખંડ કરે તો ક્રોધ ન કરે એટલી તો જેની ક્ષમા, બીજા દેવલોકની ઇન્દ્રાણી ચળાવવા આવે તો ચળે નહિ એટલું તો જેનું બ્રહ્મચર્ય, સમજાય છે કાંઈ ? અને પ્રાણ જાય તો એને માટે આહાર કરીને એક પાણીનું બિંદુ ન લે એટલો જેને અહિંસાના દયાનો ભાવ પણ એ બધો રાગ છે. એ રાગની ક્રિયાથી પંડિતો વિદ્વાન લીધા છે ને ? વિદ્વાનો કાઢી કાઢીને શાસ્ત્રમાંથી દોહન કાઢે છે કે આ વ્યવહારથી મોક્ષ થાય... વ્યવહારથી મોક્ષ થાય... વ્યવહારથી મોક્ષ થાય... પહેલું પગલું વ્યવહાર છે, એનાથી આત્મા ઊંચો ઊઠે એમ અજ્ઞાની પંડિતો વ્યવહારમાં પ્રવૃત્તિ, વ્યવહારમાં પ્રવર્તાવે છે, શાસ્ત્રમાંથી એનો અર્થ વ્યવહારથી લાભ થાય એવો કરે છે. એને એકલો સંસાર ફળે છે, ચાર ગતિ ફળશે, જન્મ-મરણનો અંત એને આવશે નહિ. કહો, સમજાણું કાંઈ ?

**ટીકા :- 'પરમાર્થ મોક્ષહેતુથી જુદો,...'** પરમાર્થ નામ ખરેખર મોક્ષનું કારણ, એનાથી જુદો. મોક્ષના કારણથી જુદો એટલે કે બંધનું કારણ. **'વ્રત,...'** વ્રતના પાંચ ભેદ, અહિંસા, સત્ય, દત્, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ–એ બધા બંધના કારણના ભાવ છે. ભાવ, હોં ! ભાવ, દેહની ક્રિયા નહિ. એના પરિણામમાં પંચ મહાવ્રતના પરિણામ મિથ્યાદૃષ્ટિને અજ્ઞાનમાં વર્તે એ શુભ પરિણામ બંધનું જ કારણ છે. સમ્યગ્દૃષ્ટિને એ વિકલ્પ આવે તોપણ તે બંધનું જ કારણ છે, એ કોઈ દિ' નિર્જરા અને સંવરનું કિંચિત્ પણ કારણ નથી. સમજાણું કાંઈ ? એ વ્રતના પાંચ ભેદ. એ શું છે ? કે મોક્ષના કારણથી જુદો, એટલે કે બંધનનો હેતુ.

**'તપ...'** બાર પ્રકારના તપ–અનશન, ઉણોદરી, વૃત્તિ સંઘ, રસ પરિત્યાગ, કાયકલેશ ... વગેરે. પ્રાયશ્ચિત, વિનય વગેરે શુભરાગ, શીયળ-શીલ સ્વભાવ, કષાયની મંદતાનો સ્વભાવ–એમ નિયમ આકરા ધારણ કરવા, અભિગ્રહ (ધારે) કે બે બે મહિના પરિણામ શુભ રાખી સંથારો કરે, સંલેખના–એ **'શુભકર્મસ્વરૂપ...'** શુભકર્મસ્વરૂપ એટલે શુભભાવ સ્વરૂપ એટલે પુણ્યભાવસ્વરૂપ **'મોક્ષહેતુ કેટલાક**

**લોકો માને છે,...'** કેટલાક એટલે ઓલામાં વિદ્વાન કીધા છે એ. સમજાય છે કાંઈ ? ભારે જગતને...

વ્રત, તપ, દાન, દયા, શિયળ, માથે ઘણા બોલ આવ્યા હતા પહેલાં. નિયમ, શિલ, તપ વગેરે શુભ પરિણામ, શુભભાવ જે કર્મ દ્રવ્યનો સ્વભાવ (છે), એ જીવદ્રવ્યનો સ્વભાવ નથી. એને મોક્ષનો હેતુ, આત્માને શાંતિનું કારણ અથવા આત્માને પરમાનંદનો ઉપાય (કહે છે). કેટલાક લોકો વ્યવહારને મોક્ષનો હેતુ માને છે. **'તે આખોય નિષેધવામાં આવ્યો છે;...'** વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા જૈન પરમેશ્વર ત્રિલોકનાથે એ બધા વ્યવહારને નિષેધ્યો છે. એ વ્યહારથી કિંચિત્ પણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થતું નથી, મોક્ષમાર્ગ જરીએ થતો નથી. સમજાણું કાંઈ ? બહુ આકરી વાત ! અરે..! પણ આવું આકરું હાલવું, કાંઈક ટેકો (ખરો કે નહિ) ?

હમણા એક પંડિતનું લખાણ આવ્યું છે. પહેલી સીડી જોઈએ કે નહિ ? એનું સાધન શું ? સાધન વ્યવહારનું સાથે (હોય કે નહિ) ? સાંભળને હવે, વ્યવહાર સાધન વ્યવહારથી કહેવામાં આવે છે. અસત્યાર્થ, અભૂતાર્થ દૃષ્ટિથી કથન છે. વ્યવહાર-ફ્યવહાર કોઈ સાધન છે નહિ. ભગવાનઆત્મામાં સાધન નામનો-કરણ નામનો એક ગુણ ત્રિકાળ પડ્યો છે. એનો આશ્રય કરતાં આત્માનું સ્વભાવ સાધન થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્વિકલ્પ પરિણતિ થાય એ એક જ મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ ? બહુ આકરી વાત. જગતને એવું લાગે. 'ભીખાભાઈ' ! આ બધું આવે ત્યારે અમારે શું કરવું ? આ કરવું કે નહિ કરવું ? પછી એમ કહે. કરવા-ફરવાનો પ્રશ્ન ક્યાં છે એ તો રાગને કાળે રાગ આવે, હોય. પણ જ્ઞાનીને પણ એ સંસારનું કારણ છે. સમ્યગ્દૃષ્ટિને પણ શુભ વ્રત, તપના પરિણામ તે બંધનું જ કારણ છે. એ ઝેર પરિણામ છે. આત્માના અમૃતને લુંટનારા એ વ્રત ને તપ ને અહિંસા, સત્ય, દત્તના ભાવ આત્માની શાંતિને લૂંટનારા છે. 'ધર્મચંદજી' ! ભારે આકરી વાત, ભાઈ ! લોકોને સહન થાય એવી નથી, સાંભળી સહન થાય એવી નથી. આહા..હા..!

ભગવાન ત્રિલોકનાથ ચૈતન્ય પરમેશ્વર, ચૈતન્ય પરમેશ્વર એમણે કેવળજ્ઞાનથી જોઈને કહ્યું, અરે..! આત્મા ! અને તું ભણતર ભણીને પંડિત થયો અને પંડિતાઈમાંથી તેં કાઢ્યું કે આ બધા વ્રત, તપ, ભક્તિ, પૂજા, દયા, દાન એનાથી કર્મનો ક્ષય થશે એટલે મોક્ષ થશે અથવા ધર્મ થશે. તે મૂઢતાથી ભણ્યો છો તું. તારું ભણતર બધું મૂઢતાનું છે. સમજાય છે કાંઈ ? આહા..હા..! 'નેમિદાસભાઈ' ! આ તો નાગા, બાદશાહથી આઘા એમ નથી કહેતા ? બાદશાહથી આઘા એમ કહે છે કે નહિ ? નાગા, બાદશાહથી આઘા. કોઈને ગણે એવા નહિ. નગ્ન મુનિ દિગંબર 'કુંદકુંદાચાર્ય' મહારાજ જંગલમાં વસતા. એમણે પોકાર કરીને કહ્યું કે સર્વજ્ઞ ત્રિલોકનાથનો માર્ગ આ છે. અજ્ઞાનીઓએ કોઈ રીતે માર્ગને વેડફી નાખ્યો છે અને વ્યવહારની ક્રિયા કરતાં કરતાં વ્યવહારની દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, જાપ, પૂજા, જાત્રા કરતાં સમ્મેદશિખરની, શેત્રુંજયની અને ગિરનારની જાત્રા કરતાં કરતાં કર્મની નિર્જરા થશે, સમ્યગ્દર્શન થાશે એમ જે મનાવી રહ્યા (છે), તેને વીતરાગ કહે છે કે એ ભાવનો અમે નિષેધ કર્યો છે. તું જેનો આદર કરાવે છો એનો અમે નિષેધ કર્યો છે. એ સમ્યગ્દર્શનનું

કારણ નથી. આહા..હા..!

જુઓ ! વ્યવહાર શાસ્ત્રમાં આવે, ભગવાનના દર્શન સમકિતનું કારણ, દેવરિદ્ધિ સમકિતનું કારણ, નરકમાં વેદના સમકિતનું કારણ, જાતિસ્મરણ સમકિતનું કારણ–એ બધા નિમિત્તોના અભૂતાર્થ નયના કથન છે. આહા..હા..! એવું કાઢીને અને શાસ્ત્રના ભણતરથી જ્ઞાન થાય, શાસ્ત્ર પરદ્રવ્ય એને ભણવાથી જ્ઞાન થાય એમ શાસ્ત્રમાં આવે એ અભૂતાર્થનયનું કથન છે અને પંચ મહાવ્રતના પરિણામને ચારિત્ર વ્યવહારે કહ્યું એ અભૂતાર્થ નયનું કથન (છે), ચારિત્ર-ફારિત્ર એ છે નહિ. અઠ્યાવીશ મુળગુણ મુનિને થાય, શ્રાવકના બાર વ્રતના વિકલ્પ ઊઠે એ ચારિત્ર નથી. ચારિત્ર નથી તેને ચારિત્ર કહે તેને વ્યવહાર નયનો વિષય કહેવામાં આવે છે. એ બધો સર્વજ્ઞ પરમાત્માએ મોક્ષના હેતુ તરીકેનો નિષેધ કર્યો છે. સમજાણું કાંઈ ? અને લોકો ધ્રુજે છે. પણ આવું કહેશે તો આ કરશે નહિ. આ દેવ-દર્શન જાય છે બિચારા એ પણ નહિ કરે. પણ જાવાવાળો જાશે જ, સાંભળને હવે. એ ક્રિયા દેહની થવાની છે અને કાળે એને દેવદર્શનના શુભભાવ આવે તો થયા વિના રહેશે શેના ? એની દૃષ્ટિમાં મોટું શલ્ય છે. દૃષ્ટિમાં શલ્ય છે કે આ ક્રિયા મને કલ્યાણ ને સમ્યગ્દર્શનનું કારણ થશે. એવી એની માન્યતા જ મિથ્યાદૃષ્ટિની મૂંઢ દૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? બધાને એવું કઠણ થઈ ગયું છે ને કે કોઈ રીતે વિસામો મળે જગતને. અને ઓલા બિચારા ઓશિયાળા ભિખારી. એને એવી વાત કરે તો કહે, હા આ વાત બરાબર છે. અધ્યાત્મીઓ ક્રિયાકાંડને નિષેધીને ધર્મ કહેતા નથી. ત્રણ લોકના નાથ કહેતા નથી એમ કહે છે.

**'તે આખોય નિષેધવામાં આવ્યો છે.'** છે ? ટીકામાં બીજી લીટી. જે વિદ્વાનો, કેટલાક એટલે વિદ્વાનો, વ્રત, તપ, ભક્તિ, દાન, દયા, જાત્રા અને નિયમો આકરા લેવા એને લોકો મોક્ષનું કારણ (કહે છે), એ પરિણામને મોક્ષનું કારણ કહે છે. તે આખોય નિષેધવામાં આવ્યો છે. જૈનશાસનને વિષે વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ તેને છૂટવાના ઉપાય તરીકે નિષેધ્યો છે. છૂટવાનો ઉપાય એ નથી. **'કારણ કે તે (મોક્ષહેતુ) અન્ય દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ પુદ્ગલસ્વભાવી) હોવાથી...'** દેખો ! અહિંસાના, સત્યના, દત્તના, બ્રહ્મચર્યના, અપરિગ્રહના, ભક્તિના, પૂજાના, નામસ્મરણના પરિણામ જે થાય છે, કહે છે કે એ અન્ય દ્રવ્યના સ્વભાવવાળો છે. એ તો પુદ્ગલસ્વભાવી પરિણામ છે. આત્મસ્વભાવી એ પરિણામ નથી. આહા..હા..! 'શશીભાઈ' ! પુદ્ગલ સ્વભાવ. જૈનના વાડામાં જન્મ્યો હોય એણે કોઈ દિ' સાંભળ્યું ન હોય. આ દયા, દાનના પરિણામ કરવા, પડિક્કમણા સાંજ-સવાર, મિચ્છામિ દુક્કડમ, મિચ્છામિ દુક્કડમ હાંકે રાખે. કહે છે કે એ પરિણામ એ બધા વ્રતના, અહિંસા અને સત્યના એના અતિચાર ટાળવા એ બધો શુભરાગ, એ બધો પુદ્ગલના સ્વભાવી હોવાથી, એ તો જડ કર્મના ઉદયના સંગે ઉત્પન્ન થયેલો દ્રવ્યસ્વભાવ જડનો છે, એ પુદ્ગલ સ્વભાવ છે, એ ચૈતન્યસ્વભાવ નથી. 'દેવભાઈ'! આ બધા .. છે બધા માળી મજા બહુ આવે છે. કે ચાલો ભાઈ શેત્રુંજયની જાત્રા કરીએ, ગિરનારની જાત્રા કરીએ, બહુ કલ્યાણ થશે, ડગલે ને ડગલે સંવર અને

નિર્જરા. ધૂડમાં પણ થાય એવી નથી, સાંભળને હવે. ડગલે ડગલે તારો કાળ જાય એવો છે. જો એના પરિણામ અને એ ક્રિયાથી તું ધર્મ માન તો મિથ્યાદૃષ્ટિપણું ક્ષણે ક્ષણે પોષાય છે. ઓલો સમ્મેદશિખરનું માને. 'એકવાર વંદે જો કોઈ..' જાવ. 'નરક–પશુ ન હોય.' ધૂડમાં હવે. નરક–ઢોર ન હોય તો બીજે ભવે જાશે. કદાચિત્ એકાદ ભવ શુભ પરિણામથી સ્વર્ગ આદિ મળે. પણ એવી ક્રિયા કરતો હોય અને શુભ પરિણામ ને વૈરાગી-ત્યાગી દેખાતો હોય તો સ્વર્ગાદિ મળે પછી નીકળીને ઢોરમાં થઈને નરકમાં, નિગોદમાં જાશે. સમજાય છે કાંઈ ? આ વાત (આકરી લાગે), પેલી વાત માણસને મીઠી લાગે. કાંઈક સહારો-સહારો, વ્યવહાર-વ્યવહાર, વ્રત કરીએ, દયા પાળીએ, અપવાસ કરે, પર્યુષણમાં બિચારા મહિના-મહિનાના અપવાસ કરે, આઠ આઠ દિવસના અપવાસ કરે. એકલી લાંઘણું. અહીં કહે છે કે ભગવાને એને ધર્મ તરીકેનો નિષેધ કર્યો છે. એ ધર્મ-બર્મ છે નહિ. આહા..હા..!

પણ કારણ (શું) ? કારણ કહ્યું ને કે એ અન્યદ્રવ્યના સ્વભાવવાળો હોવાથી, આ કારણ. એ બધા પરિણામ થાય, તારી દશામાં ભાવ થાય એ તો જડના સંગે થયેલા જડનો સ્વભાવ ખરેખર છે. ભગવાનઆત્માનો એ સ્વભાવ નથી. આહા..હા..! સમજાય છે ? કર્તા-કર્મમાં તો આવ્યું છે ને કે એ બધા પરિણામ શુભ થાય એની આદિમાં, મધ્યમાં, અંતમાં આત્મા નહિ. એ વ્યવહાર શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રત, બાર વ્રતનો રાગ, પરિણામ, હોં ! એની આદિ, મધ્ય ને અંતમાં પુદ્ગલ કર્મ છે, એની આદિ, મધ્ય ને અંતમાં આત્મા છે નહિ. ઓ..હો..! સમજાણું ? બે-પાંચ–દસ હજાર, પચાસ હજાર માણસ ભેગું થાય ને વાત કરે. આ તો ધર્મનો લોપ થયો. ભાઈ ! આ ક્યાં કર્યું આવું ? ભગવાન કહે છે કે અમે તો આખો નિષેધ્યો છે. એ ક્રિયા મોક્ષની કતરણી છે. આહા..હા..! સમજાણું કાંઈ ? બંધની કરણી અને મોક્ષની કતરણી-કાતર છે.

એ '**વ્રત, તપ વગેરે...**' શુભભાવ. '**શુભકર્મ...**' શબ્દે શુભ પરિણામ. કર્મ એટલે જડ નહિ. શુભ પરિણામ, શુભભાવ, કષાયની મંદતારૂપ શુક્લલેશ્યા, શુક્લલેશ્યા એ પુદ્ગલદ્રવ્યસ્વભાવી શુક્લલેશ્યા છે, એ આત્માસ્વભાવ નથી. શુક્લલેશ્યા, હોં ! શુક્લધ્યાન નહિ. શુક્લલેશ્યા, ઉજળા શુભભાવ એવા કે લોકો તો એમ કહે કે આ તરણના તુંબડા છે. અરે..! સાંભળને હવે. શું ચૈતન્યવસ્તુ છે ચિદ્ઘન ! એના વસ્તુના અંતર પેટમાં આનંદને શાંતિ પડી છે. એને સ્પર્શ્યા વિના.. આ તો કર્મનો સ્પર્શ છે, આ તો ચંડાળનો સ્પર્શ છે. સમજાય છે કાંઈ ? એની શ્રદ્ધામાં પલટા ન મારે એના વ્રત ને તપ તું ક્યાંથી લાવ્યો પણ ? અમે વ્રત પાળીએ છીએ, તપ કરીએ છીએ, પડિમા પાળીએ છીએ, રણમાં પોક છે. એ પોકમાં ક્યાંય કોઈ અવાજ સાંભળે એવું નથી. સમજાણું કાંઈ ?

એ આખો '**વ્રત, તપ વગેરે...**' આવ્યું હતું ને ઓલામાં ? ઘણા બોલ આવ્યા હતા. વ્રત, નિયમ, શીલ, તપ વગેરે. ૧૫૪ ગાથામાં. વગેરે બધા પુદ્ગલ દ્રવ્યસ્વભાવી છે. એ ઉદયજન્ય ભાવ છે, એ સ્વભાવજન્ય ભાવ નથી. પુદ્ગલસ્વભાવમાં નાખી દેવામાં આવ્યા છે. હજી તો શ્રદ્ધાનું સ્વરૂપ શું એને અહીં બતાવે છે. સમ્યગ્દૃષ્ટિની શ્રદ્ધામાં એ રાગની ક્રિયા બંધનું કારણ છે, ઝેર છે. આત્માના

આશ્રય સિવાય પરનો આશ્રય લેવાય એટલી વિભાવપરિણતિ અધર્મ છે. સમજાણું કાંઈ ? જેને વ્યવહારધર્મ કહેવામાં આવે, નિશ્ચયદૃષ્ટિવાળાને, એ વ્યવહારધર્મ પરમાર્થે તો અધર્મ જ છે. આકરું પણ શું છે. કહે છે ને. આખો નિષેધવામાં આવ્યો. નિષેધવામાં તે અધર્મ નિષેધવામાં આવે કે ધર્મ નિષેધવામાં આવે ? બાપુ ! વસ્તુસ્થિતિ, એની શ્રદ્ધા, એનો આશ્રય જે સમ્યગ્દર્શન એ ચીજ સમજ્યા વિના, પામ્યા વિના ક્રિયા કરીને મરી જાય, સુકાઈ જાય. આ કર્યા ને તે કર્યા ને વ્રત પાળ્યા ને તપ પાળ્યા એ બધો કર્તૃત્વબુદ્ધિનો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ ?

**'કારણ કે તે (મોક્ષહેતુ) અન્ય દ્રવ્ય...'** જીવદ્રવ્યનો સ્વભાવ નહિ, એમ કહે છે. **'અન્ય દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ પુદ્‌ગલસ્વભાવી) હોવાથી તેના સ્વ-ભાવ વડે...'** તેના એટલે ? તે રાગની મંદતાના બહુ વિકલ્પ કુણા-કુણા કોમળ લાગે એવા શુભભાવ વડે એટલે તેના 'સ્વ' નામ શુભભાવના ભાવ વડે **'જ્ઞાનનું ભવન...'** એટલે આત્માને સમ્યગ્દર્શન થતું નથી. જ્ઞાનનું ભવન એટલે આત્માને સમ્યગ્દર્શન થતું નથી, એના વડે આત્માને સમ્યગ્જ્ઞાન થતું નથી; એના વડે જ્ઞાનનું ભવન એટલે આત્માની શાંતિની ચારિત્રદશા થતી નથી. સમજાય છે કાંઈ ? 'ચંદુભાઈ'! આ બહુ આકરી વાત છે. ચાલીસ વર્ષમાં ક્યાંય સાંભળી નહિ હોય. કોણ જાણે શું હશે આ ? 'સોનગઢ'માં શું કહે છે ?

ભગવાન ! આ તો ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા ફરમાવે છે. જૈન પરમેશ્વર ત્રિલોકનાથ મહાવિદેહક્ષેત્રમાં સીમંધર પ્રભુ બિરાજે છે. એવા જ અનંત તીર્થંકરો મહાવીર આદિ થઈ ગયા. બધાનું કથન એક ધારાવાહી ચાલે છે. સંતો કહો, જ્ઞાની કહો, કેવળી કહો–બધાની એક જ રીત અનાદિની ચાલે છે, એમાં કોઈના ઘરની કલ્પનાની વાત નથી.

કહે છે કે **'તેના સ્વ-ભાવ વડે...'** કોના ? અન્યદ્રવ્યના સ્વભાવવાળો હોવાને કારણે. તેના સ્વભાવ વડે એટલે પુણ્યના પરિણામ જે અન્યદ્રવ્યના સ્વભાવ છે, વ્યવહારરત્નત્રય જે નિશ્ચયવાળો હોય એને વ્યવહાર કહેવાય, ઓલાને-અજ્ઞાનીને તો વ્યવહાર કહેવાતો હોય... જ્યાં સમ્યક્ શુદ્ધ ચૈતન્યનો અનુભવ સ્વ આશ્રયદૃષ્ટિથી થયો નથી અને પર-આશ્રયથી લાભ મનાવી રહ્યો છે એ તો મિથ્યાદૃષ્ટિને વ્યવહાર પણ કહેવાતો નથી. સમજાય છે કાંઈ ? પણ કહે છે, સમ્યગ્દૃષ્ટિને પણ આવા વિકલ્પો હોય તોપણ તેનાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું થવું થતું નથી, તે વ્યવહારથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું ટકવું થતું નથી અને એ વ્યવહારથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું વધવું થતું નથી. સમજાણું કાંઈ ?

**'તેના સ્વ-ભાવ વડે જ્ઞાન..'** એટલે આત્મસ્વભાવનું, જ્ઞાન એટલે નિર્મળ ભગવાન વીતરાગી વિજ્ઞાનઘન એના સ્વભાવની પર્યાયનું, એવા વ્યવહાર વડે. એ વ્રત-તપના, દયા-દાનના, ભક્તિ-પૂજાના, શાસ્ત્ર–શ્રવણ, મનન, વિકલ્પના, અરે..! આત્માનું ચિંતવન ગુણ-ગુણીના ભેદવાળો એવા ચિંતવન દ્વારા, એ ચિંતવન પણ વિકલ્પ છે. એ પુદ્‌ગલના સ્વભાવવાળો હોવાથી **'તેના સ્વ-ભાવ વડે જ્ઞાનનું ભવન...'** જ્ઞાન કહો કે આત્મા કહો. આત્માના શુદ્ધ સ્વભાવનું થવું એટલે સમ્યગ્દર્શનનું પ્રગટવું, સમ્યગ્જ્ઞાનનું થવું કે સમ્યક્ ચારિત્રનું થવું નથી.

**'માત્ર પરમાર્થ મોક્ષ હેતુ જ...'** કાંઈક થોડો તો વ્યવહાર રાખો. કિંચિંત્કર કાંઈક-કાંઈક વ્યવહાર મદદ કરે થોડો એમ રાખો. રાખ્યો ને. પૂર્ણ બંધમાર્ગમાં નાખ્યો. પૂર્ણ બંધમાર્ગમાં રાખ્યો ને. ચૈતન્યસ્વભાવ અનાદિ અનંત આનંદકંદ જ્ઞાયકભાવ એકને આશ્રયે માત્ર માત્ર (એટલે) વ્યવહાર બિલકુલ નથી. **'પરમાર્થ મોક્ષનો હેતુ...'** પરમાર્થ મોક્ષનો હેતુ. પરમાર્થ એટલે ખરેખર મોક્ષનું કારણ ધર્મ, પરમાર્થ નામ ખરેખર પૂર્ણ આનંદનું કારણ એવો ઉપાય, મોક્ષનો ઉપાય જ **'એક દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ જીવસ્વભાવી) હોવાથી...'** એક દ્રવ્યના સ્વભાવવાળો હોવાથી ભગવાન વસ્તુ ચૈતન્ય છે. એના આશ્રયે જે સ્વભાવની દશા (પ્રગટે), વિકલ્પનો આશ્રય બિલકુલ નહિ. ભેદનો આશ્રય કે વ્યવહારને આશ્રયે સમ્યગ્દર્શન બિલકુલ ત્રણ કાળમાં થતું નથી.

**'માત્ર પરમાર્થ મોક્ષહેતુ જ...'** 'જ' માં અનેકાંત નહિ રહે. અનેકાંત કરો. નહિતર અનેકાંત આમેય થાય, નિશ્ચયથી થાય અને વ્યવહારથી ન થાય એનું નામ અનેકાંત છે. નિશ્ચયથી મોક્ષમાર્ગ થાય, વ્યવહારથી ન થાય એનું નામ અનેકાંત છે. આ તો કહે ના. કથંચિત્ નિશ્ચયથી, કથંચિત્ વ્યવહારથી (થાય, એ અનેકાંત છે). મૂંઢ છો ? એવું કોણે કહ્યું તને ? ક્યાંથી તું લાવ્યો ? શાસ્ત્રમાં કાઢી કાઢીને આવું ક્યાંથી કાઢ્યું તેં ? ભગવાન તો એમ કહેતા નથી. **'માત્ર પરમાર્થ મોક્ષહેતુ...'** મોક્ષનો હેતુ એટલે મોક્ષનું કારણ એટલે કે ધર્મમાર્ગ **'એક દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ જીવસ્વભાવી) હોવાથી...'** એક દ્રવ્ય એટલે જીવસ્વભાવી. ઓલામાં પુદ્ગલસ્વભાવી હતું. ભગવાનઆત્મા તદ્દન વીતરાગી નિર્વિકલ્પ સમાધિનો પિંડ, એને આશ્રયે વિકલ્પનો આશ્રય છૂટીને નિર્વિકલ્પ સ્વભાવને આશ્રયે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર **'તેના સ્વભાવ વડે...'** એટલે તેની પર્યાય વડે આત્માનું સમ્યગ્દર્શન થાય છે, સમ્યગ્જ્ઞાન થાય છે, સમ્યક્ ચારિત્ર થાય છે. કહો, સમજાય છે કાંઈ ? એક ગાથા સમજે બરાબર. આમાં તો પંડિતોને ઝાટકી નાખ્યા છે. પંડિતો ! આવું અમે કહ્યું છે ? શાસ્ત્રમાં વ્યવહારના લક્ષણ બહુ આવ્યા અને નિમિત્ત કીધું. વ્યવહારને સાધન કીધું અને હેતુ કહ્યો ત્યાં ચોંટ્યો તું ? સમજતો નથી તું. સમજાણું કાંઈ ?

આવે છે ને ? 'છ ઢાળા'માં આવે. નિશ્ચયનો હેતુ, વ્યવહાર ને કારણ ને એવું આવે છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા એ ચીજ કોણ હતી. એના વડે ત્રણ કાળમાં સમ્યગ્દર્શન-જ્ઞાન થાય એવું ત્રણ કાળ, ત્રણ લોકમાં અમે કોઈ અનુયોગમાં અમે કહ્યું નથી. વાણીના આગમ જે કહ્યા એ આગમમાં એ વાત કોઈ દિ' આવી નથી. તારા ઘરની કલ્પના ઊઠાવીને તું શાસ્ત્રના ઉંધા અર્થ કરે છો એ તારી શ્રદ્ધાનો દોષ છે, શાસ્ત્રના આશયનો દોષ નથી. સમજાણું કાંઈ ?

**'એક દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ જીવસ્વભાવી) હોવાથી તેના સ્વભાવ વડે...'** તેના સ્વભાવ વડે એટલે ? આ દ્રવ્યના સ્વભાવ વડે. એક જીવ સ્વરૂપ ચિદાનંદ ભગવાન પરમાનંદની મૂર્તિ, જેમાં સંસારના ઉદયભાવનો સ્પર્શ નથી. સંસારના ઉદયના ૨૧ બોલનો એ સ્વભાવને સ્પર્શ નથી, અડ્યો નથી. ત્રિકાળ સ્વભાવ એ ઉદયભાવના ૨૧ બોલના અભાવ-સ્વભાવરૂપ છે. એવા સ્વભાવના પર્યાયની

નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એના દ્વારા મોક્ષનો હેતુ કહ્યો છે, બીજો કોઈ મોક્ષનો હેતુ નથી. હજી લક્ષ બદલવાને કેવી ચીજ હોય એની ખબરું ન મળે અને બહારના કડાકૂટા કરી કરીને મરી જાય. 'ધર્મચંદજી' ! ધર્મચંદ છે. આહા..હા..!

આ મોક્ષના માર્ગની વ્યાખ્યા ચાલે છે, હોં ! શુભ પરિણામને કાળે શુભ હોય, બંધન હોય, ધર્મ માનીને રખડે એ તો અનાદિકાળનું છે. એ કાંઈ નવી ચીજ નથી. અપૂર્વ દૃષ્ટિનો વિષય કે જે પુણ્યના પરિણામથી ત્રણ કાળમાં થાય નહિ. એકલો સ્વભાવ અખંડ-અભેદ એને અવલંબે વ્યવહારનો નિષેધ કરતો.. એટલે ? આશ્રય નહિ કરતો. નિશ્ચયને આશ્રયે સમ્યગ્દર્શનની પ્રથમ ચોથા ગુણસ્થાનની પ્રાપ્તિ થાય છે. અને પછી પણ ચારિત્રની પાંચમા ગુણસ્થાનની પ્રાપ્તિ એ પણ ત્રિકાળ દ્રવ્ય સ્વભાવમાં ઉગ્ર પુરુષાર્થની અભેદતાથી પ્રગટ થાય છે. એ બાર પ્રકારના વ્યવહારના વિકલ્પ પાળે માટે પાંચમું ગુણસ્થાન આવે છે એમ ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી. સમજાય છે કાંઈ ? હજી સમ્યગ્દર્શન શું અને વિના પડિમા શું ને એના વિના વ્રત ને એના વિના તપ ને એના વિના મુનિપણા. 'હજારીમલજી' ! મુનિપણા લીધા. અઠ્યાવીશ મુળગુણ લપાળીએ એટલે અમે મુનિ છીએ. ઓલો કહે અમે બાર વ્રતધારી છીએ. વાત સાચી. બાર વ્રત એટલે આસ્રવધારી છો. આસ્રવધારી એટલે બંધધારી. બંધધારી એટલે પરદ્રવ્ય સ્વભાવધારી. પરદ્રવ્ય સ્વભાવધારી એટલે સ્વદ્રવ્યના સ્વભાવનો અનાદર કરનાર. સમજાય છે કાંઈ ? 'નેમિદાસભાઈ'! બહુ વાત.. જગત સામે આ તો મોટો હુમલો, હોં ! બળવો-બળવો કીધો હતો ને ?

ઓલા કહેતા હતા. ભાઈ 'દયાશંકરભાઈ' કહેતા હતા. 'દયાશંકરભાઈ' 'રાજકોટ'માં પ્રધાન હતા ને. અહીં અઢાર દિ' રહ્યા. ખુબ ચર્ચા ચાલી, ખુબ ચર્ચા ચાલી. કરતાં કરતાં સવાર, બપોર, રાત. આ વાત જગત સામે મોટો હુમલો છે, બળવો છે. બધાના પથરણા ખંખેરી નાખે છે. પંડિતોના પાણી ઉતરી જાય એવું છે. વિકલ્પ ને દયા–દાનથી કાંઈ કિંચિંત લાભ મનાવે એને ધર્મનું કારણ મનાવે. અરે..! રાગ તે કાંઈ નિર્વિકારી ધર્મનું કારણ હોઈ શકે ? નિર્વિકારી ધર્મની પરિણતિનું કારણ કારણપરમાત્મા છે. પોતાનો ત્રિકાળ સ્વભાવ તે કારણ છે એમ જે માનતો નથી એને પરદ્રવ્યના સ્વભાવ વડે કદિ નિર્જરા થતી નથી. અને સ્વભાવ વડે જ્ઞાન થાય. જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે તેને પોતાના જ્ઞાનનું ભવન એટલે આત્મા તે રૂપે પરિણમે છે. રાગરૂપે પરિણમવું છોડી, વ્યવહારરૂપે પરિણમવું છોડી, સ્વભાવરૂપે પરિણમનની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની નિર્વિકારી સમાધિનું પરિણમન એક જ જીવસ્વભાવી, એક જ મોક્ષનો હેતુ છે. બીજો કોઈ હેતુ છે નહિ. કહો, સમજાણું ?

હવે આમાં આ નિશ્ચયમોક્ષમાર્ગ એક જ મોક્ષનું કારણ છે. એમાં નથી આવતું ? ઓલા કહે કે 'ટોડરમલે' એમ કહ્યું છે. હેતુ એક દ્રવ્યના સ્વભાવવાળો અને ઓલો પરદ્રવ્યના સ્વભાવવાળો. છતાં શું માણસને... એવો પણ ભણ્યા-ગણ્યાના અભિમાન અને પોતાની વાત રાખવા માટે મચડી-મચડીને શાસ્ત્રોના અર્થ ઊંધા કરીને જગતને બિચારાને ખબર ન મળે. ઓલા માંડ કલાક-બે કલાક

નવરા થાય. એને ઊંધા પાટા ચડાવે. ઓલાને નવરાશ ન મળે. જય ભગવાન. ચાલો ધર્મ કરી આવ્યા. કેમ 'કાંતિભાઈ' ! એ ત્યાં 'રાજકોટ'માં સાંભળીને આવ્યા છે ને. કહો, સમજાણું આમાં ?

**'એક દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ જીવસ્વભાવી) હોવાથી...'** એટલે કે જીવસ્વભાવ શક્તિનું... સમજાણું ? શક્તિ એટલે આત્મામાં શક્તિ પડી છે. જ્ઞાનની, આનંદની, શ્રદ્ધાની, ચારિત્રની, વીર્યની એવી અનંત શક્તિઓ પડી છે. એ શક્તિ ગુણરૂપ છે, સત્ત્વરૂપ છે, હયાતીરૂપ છે અને એ હયાતીનું એકરૂપ તે આત્મા છે. એવા એકરૂપ આત્માના અંતરદૃષ્ટિનો એક દ્રવ્ય સ્વભાવી પરિણામ પ્રગટ્યા વિના કદાચિત્ ત્રણ કાળમાં બંધનો માર્ગ છૂટતો નથી અને મોક્ષનો માર્ગ પ્રગટ થતો નથી. કહો, સમજાણું કાંઈ ?

**'ભાવાર્થ :– મોક્ષ આત્માનો થાય છે...'** મોક્ષ એ આત્માની પર્યાયમાં આત્માનો મોક્ષ થાય છે. તો તેનું કારણ પણ આત્મસ્વભાવી હોવું જોઈએ. ન્યાયથી વાત કરે છે. **'તો તેનું કારણ આત્મસ્વભાવી હોવું જોઈએ.'** કાંઈ વિકાર ને વિકલ્પ પરસ્વભાવીથી મોક્ષ થાય ? **'જે અન્ય દ્રવ્યના સ્વભાવવાળું હોય તેનાથી આત્માનો મોક્ષ કેમ થાય ?'** એ પુણ્ય ને દયા, દાન બધા અન્યદ્રવ્યના સ્વભાવવાળા છે તો વિભાવ એની પર્યાયમાં પણ એ બધા અન્ય દ્રવ્યના સંગે ઉપાધિ ઉત્પન્ન થાય માટે તેને અન્યદ્રવ્યના સ્વભાવવાળો કહેવામાં આવ્યો છે.

**'અન્ય દ્રવ્યના સ્વભાવવાળું હોય તેનાથી આત્મા...'**ની શાંતિ કેમ થાય ? મોક્ષ એટલે શાંતિ. મોક્ષ એટલે પૂર્ણ શાંતિ અને પૂર્ણ શાંતિનું કારણ પણ આત્મસ્વભાવી અપૂર્ણ શાંતિ. એમાં રાગ કણ પણ મદદ કરે નહિ. સમજાણું કાંઈ ? આહા..હા..! પહેલી ચીજ આ છે એને માટે પ્રયત્ન નહિ, એને માટે દરકાર નહિ, એની ગણતરી નહિ, એનું બહુમાન નહિ અને બહારની ચીજ ઉપર આ ખાવું, આ પીવું, આ કર્યું, આ કર્યું. આ શુભરાગની ક્રિયા અને આ આચરણ એનાથી થશે. એમાંથી કલ્યાણ હળવે-હળવે થશે. આમાં મિથ્યાત્વનું જડ પડ્યું છે. અનાદિથી જન્મ ગુમાવી દીધો. ક્યાંય જન્મના સફળપણાનો એક અંશ પણ પ્રાપ્ત કર્યો નથી. આચાર્ય કહે છે એ પરદ્રવ્યસ્વભાવી છે. સમજાય છે ને ? આત્માનો મોક્ષ થાય એ તો આત્મસ્વભાવી છે.

**'શુભકર્મ પુદ્ગલસ્વભાવી છે...'** શુભકર્મ એટલે વિકારી પરિણામ. વ્રત, તપ, નિયમ, શીલ, સંયમ, દયા, દાન, અહિંસા બધો ભાવ તે પુદ્ગલસ્વભાવી છે. શુભકર્મ એટલે જડ નહિ, પુદ્ગલના પરમાણુ નહિ, એનો શુભપરિણામ તે શુભકર્મ છે. એ બધા વિભાવપરિણામ પુદ્ગલસ્વભાવી છે. સમજાય છે ? આમ આત્માનું ચિંતવન કરે. આત્મા આવો ને તેવો એ વિકલ્પ પણ પુદ્ગલસ્વભાવી છે. **'તેથી તેના ભવનથી...'** એટલે તેના થવાથી. એટલે કે શુભ પરિણામની ક્રિયાકાંડમાં શુભ પરિણામ થવાથી **'પરમાર્થ આત્માનું ભવન ન થઈ શકે;...'** ખરેખર ભગવાનઆત્મા, એની શાંતિ, નિર્વિકલ્પ શ્રદ્ધા, નિર્વિકલ્પ જ્ઞાન, નિર્વિકલ્પ સ્થિરતા એ રાગની ક્રિયાના પુણ્ય-પરિણામના આશ્રયે બિલકુલ કિંચિત ન થાય. **'માટે તે આત્માના મોક્ષનું કારણ થતું નથી.'** માટે તે આત્માની શાંતિનું કારણ

હોતું નથી.

**‘જ્ઞાન આત્મસ્વભાવી છે...’** જાણવું... જાણવું.. જાણવું... જાણવું... જેમાં રાગનો અભાવ, પુણ્યનો અભાવ, વ્યવહારનો અભાવ (છે) એવું આત્મસ્વભાવી જ્ઞાન, તેથી તેના થવાથી, તેના હોવાથી આત્માનું ભવન થાય છે, સ્વભાવની સ્થિરતા પ્રગટ થાય છે. સ્વભાવની શ્રદ્ધા, સ્વભાવનું જ્ઞાન અને સ્વભાવની શાંતિ પ્રગટ થાય છે. **‘માટે તે આત્માના મોક્ષનું કારણ થાય છે. આ રીતે જ્ઞાન જ વાસ્તવિક મોક્ષહેતુ છે.’** લ્યો ! આત્માનો સ્વભાવ શુદ્ધ બ્રહ્માનંદ કંદ, એના અંતરમાં એકાકાર આનંદમાં વ્યવહારના વિકલ્પનો આશ્રય છોડી, શ્રદ્ધા છોડી, અવલંબન છોડી સ્વભાવના આશ્રયે વાસ્તવિક મોક્ષહેતુ છે. બીજા કારણે મોક્ષ થતો નથી. એટલે કે ધર્મ થતો નથી, વળી કોઈ એમ કહે. એ પરિણામથી મોક્ષ ન થાય ભલે, વાસ્તવિક પૂર્ણ કેવળજ્ઞાન નથી એટલે, પણ કેટલોક ધર્મ થઈને આગળ તો વધીએ ને ? અને પછી મોક્ષનું કારણ (થશે). હવે આ ભવે તો અમારે મોક્ષ ક્યાં છે ? માટે અમારે આ દયા, દાન, વ્રત પાળતા-પાળતા આગળ વધીને પછી મોક્ષ થાશે. એમ થઈ શકે કે નહિ ? ત્રણ કાળમાં ન થાય, કહે છે. પુદ્ગલના અવલંબે-આશ્રયે સમ્યગ્દર્શન ન થાય. સમ્યગ્દર્શન પણ મુક્ત સ્વભાવ છે. ભગવાનઆત્મા અબંધપરિણામી વસ્તુ છે, અબંધ સ્વભાવી. પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત, તપ તો બંધ સ્વભાવી છે. બંધસ્વભાવી કહો, પુદ્ગલસ્વભાવી કહો, અન્યદ્રવ્ય સ્વભાવી કહો.

ભગવાનઆત્મા અબંધસ્વભાવી ત્રિકાળ, એને આશ્રયે અબંધ પરિણામ એટલે અબંધ પરિણામ એટલે મોક્ષના માર્ગના પરિણામ એને આશ્રયે થાય, વિકલ્પ ને વ્યવહારને આશ્રયે ત્રણ કાળ, ત્રણ લોકમાં સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ ? અબંધસ્વભાવ એટલે આત્માનો મોક્ષસ્વભાવ. મોક્ષસ્વભાવ ત્રિકાળ મુક્ત છે. એની પ્રતીતિ મોક્ષના માર્ગની, ત્રિકાળ મોક્ષસ્વભાવની, મોક્ષશક્તિની પ્રતીતિ તે મોક્ષના માર્ગની પર્યાય છે, મોક્ષના માર્ગરૂપ છે. એ અબંધપરિણામ છે. દયા, દાન, વ્રતાદિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વ્યવહારરત્નત્રય તે બંધમાર્ગ છે. પુદ્ગલને લઈને એ તો પુદ્ગલનો સંયોગ થાય એનાથી આ સંયોગો મળે એમાં સ્વભાવની શ્રદ્ધા અને જ્ઞાન એનાથી પ્રાપ્ત થતા નથી. સમજાણું કાંઈ ?

**‘હવે આ જ અર્થના કળશરૂપે બે શ્લોકો કહે છે–’**

**वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा।**
**एकद्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत्।।१०६।।**
**वृतं कर्मस्वभावेन ज्ञानस्य भवनं न हि।**
**द्रव्यान्तरस्वभावत्वान्मोक्षहेतुर्न कर्म तत्।।१०७।।**

એ ટીકા કરી અને પાઠ છે એનો બહુ ટૂંકામાં અહીં કળશ કહે છે. મંદિર ઉપર કળશ ચડાવે ને કળશ ? એમ આ ટીકાના મંદિર ઉપર કળશ ચડાવે છે, એનો સાર કરીને.

**'જ્ઞાન એકદ્રવ્યસ્વભાવી (–જીવસ્વભઆવી) હોવાથી...'** એટલે કે અંદર શ્રદ્ધા, જ્ઞાનને વીતરાગ પરિણતિ અંતર નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ જ્ઞાન અને નિર્વિકલ્પ ચારિત્ર એવું જે જ્ઞાન **'એકદ્રવ્યસ્વભાવી...'** એ આત્માના એકદ્રવ્ય સ્વભાવી પરિણતિ હોવાથી **'(-જીવસ્વભાવી) હોવાથી જ્ઞાનના સ્વભાવથી હંમેશાં...'** જ્ઞાનની નિર્મળ પર્યાય, વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન અને વીતરાગી લીનતા. **'જ્ઞાનના સ્વભાવથી હંમેશા...'** સમજાણું કાંઈ ? **'સદા'** છે ને **'સદા'** ? કોઈ કાળે (નહિ કહેવા) વળી સદા નાખ્યું પાછું. ભાઈ ! કોઈ કાળે કાંઈ ખરું ? દયા, દાન, વ્રતાદિના પરિણામ એનાથી કાંઈ પરિણામથી કોઈ કાળે આત્માના સ્વભાવને લાભ ખરો ?–ત્રણ કાળમાં નહિ. **'સદા'** શબ્દ એટલા માટે વાપર્યો છે.

**'वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा।'** **'સદા'** ત્રણે કાળ. જ્યારે જુઓ ત્યારે આત્માને જ્ઞાન એટલે શાંતિ, આત્માના સ્વભાવને આશ્રયે સમ્યગ્દર્શન, આત્માના સ્વભાવને આશ્રયે જ્ઞાન ને ચારિત્ર. એ એક દ્રવ્યસ્વભાવી એટલે જીવસ્વભાવી, આત્મસ્વભાવી હોવાથી એને કારણે. એમ કહ્યું છે. **'જ્ઞાનના સ્વભાવથી...'** સ્વભાવની શુદ્ધિના આશ્રયે. અંદર શુદ્ધ સ્વભાવ ત્રિકાળ એને આશ્રયે શુદ્ધિથી **'હંમેશા'** એટલે ત્રણે કાળે. ભરત ક્ષેત્ર હો, ઐરાવત ક્ષેત્ર હો, મહાવિદેહ ક્ષેત્ર હો, ચોથો આરો હો કે પાંચમો આરો હો કે ગમે તે આરો હો. સમજાણું કાંઈ ? જીવને સદા **'જ્ઞાનનું ભવન થાય છે;...'** કોઈ વખતે પણ એ વ્યવહારરત્નત્રયના વિકલ્પથી આત્માના સ્વભાવનું સમ્યગ્દર્શન-જ્ઞાનપણે થવું થાય એમ ત્રણ કાળમાં બનતું નથી. સમજાણું કાંઈ ? એટલું વધારે નાખ્યું. **'હંમેશા...'** એટલે સદા.

**'માટે જ્ઞાન જ મોક્ષનું કારણ છે.'** આત્માનો એ દયા, દાનના પરિણામ વિનાનો સ્વભાવ શુદ્ધ, ત્રિકાળ એની અંતર દૃષ્ટિ આપવાથી (મોક્ષનું કારણ પ્રગટે છે). પહેલાં શ્રદ્ધામાં લે. એ દયા, દાન, વ્રત, તપની ક્રિયાથી ત્રણ કાળમાં ધર્મ થતો નથી, એનાથી મિથ્યાત્વ ટળતું નથી, એનાથી સમકિત થતું નથી. એમ પહેલું નક્કી કરીને આત્માના સ્વભાવને આશ્રયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે, એ સિવાય કોઈ દિ' બીજા કારણે થાતું નથી. માટે આત્માનો સ્વભાવ જ કે આત્માનું, જ્ઞાન કહો કે આત્મા કહો, એક જ મોક્ષનું કારણ છે, બીજું કોઈ મોક્ષનું કારણ નથી. કહો, સમજાણું ?

**'કર્મ અન્યદ્રવ્યસ્વભાવી હોવાથી...'** કર્મ એટલે શુભપરિણામ. ઓહોહો..! વ્યવહારરત્નત્રય જે છઠ્ઠે ગુણસ્થાને સંતોને હોય. કહે છે કે હો ભલે પણ એ કર્મસ્વભાવી છે, એ અન્યદ્રવ્યસ્વભાવી છે, એ આત્મસ્વભાવી નથી, એ બંધનું કારણ છે. કાર્ય વિકારી પરિણામ વ્યવહારના શુભના અન્યદ્રવ્યસ્વભાવી, પુદ્‌ગલસ્વભાવી હોવાથી એને કારણે કર્મના નામ પુણ્ય પરિણામના સ્વભાવથી આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાનનું થવું થતું નથી. જ્ઞાનનું થવું એટલે આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું થવું થતું નથી.

**'માટે કર્મ મોક્ષનું કારણ નથી.'** લ્યો ! શુભપરિણામની ક્રિયા, અંદર હોં ! પરિણામ ઉદય ભાવના, જડના નહિ. શુભભાવ આમ કષાયની મંદતા શુક્લલેશ્યાના પરિણામ એ શુભભાવ છૂટવાનું

એટલે મિથ્યાત્વ છૂટવાનું, અવ્રત છૂટવાનું, કષાય છૂટવાનું એ કારણ થતું નથી. શુભભાવ મિથ્યાત્વ છુટવાનું કારણ થતું નથી, કારણ કે રાગ છે. મિથ્યાત્વ છુટવાનું કારણ સ્વભાવનો આશ્રય થાય છે. એ સિવાય બીજું કોઈ કારણ હોઈ શકે નહિ. આવી રીતે પ્રસિદ્ધ પ્રગટ વાત કરી છે. હવે એ વાત એને રુચિ નહિ અને બહારના વ્યવહાર... વ્યવહારા.. વ્યવહાર ઉથાપાય જાય છે. સાંભળને, એ વ્યવહારને ઉથાપીને નિશ્ચય કરીશ ત્યારે સમ્યગ્દર્શન થશે. તે વિના ત્રણ કાળ, ત્રણ લોકમાં થશે નહિ. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*** પ્રભુ ! તું રાગમાં વિમોહિત થઈને પર્યાયમાં અનેકપણારૂપ ભાવો પ્રગટ છે તે-રૂપ તને અનુભવી રહ્યો છે ને જેમાં અનંત અનંત શક્તિઓ અનંત સામર્થ્યવાળી છે એવા પ્રભુની સામે જોતો નથી. જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ તો એકરૂપ છે પણ તેને ભૂલીને, પ્રગટ પર્યાયમાં જે શુભાશુભ ભાવ છે તેને તું અનુભવી રહ્યો છે માટે રખડવું મટતું નથી. ૬૮૩.**

* * *

*** દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપ્ત હોવા છતાં શુદ્ધનયે એકલા ત્રિકાળી શુદ્ધને જ બતાવ્યો છે. ગુણ-પર્યાયની અનેકતા હોવા છતાં શુદ્ધનયથી એકપણાનો નિર્ણય કરાવ્યો છે. એકપણાનો નિર્ણય કર તો તને સમ્યગ્દર્શન થાય. શુદ્ધનયે જે એકપણાનો નિશ્ચય કરાવ્યો એ ચીજ શું છે ?—કે પૂર્ણજ્ઞાનઘન ચીજ છે. અનંતગુણનો પુંજ-ઘન એકરૂપ છે તે શુદ્ધનયનો વિષય છે ને તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. ૬૮૪.**

* * *

*** તું પરમાત્મસ્વરૂપ છો માટે જાણવા-દેખવાનું જ તારું સ્વરૂપ છે. સર્વજ્ઞસર્વદર્શી સ્વભાવવાળો છો, પણ તેને જ જોતાં રાગને જાણવામાં અટક્યો છો તેથી સર્વને જાણનાર એવા તને જાણતો નથી. રાગમાં રોકાયો છો—બંધમાં અટક્યો છો, માટે સર્વને સર્વપ્રકારે જાણનાર એવા પોતાને જાણતો નથી. સર્વને જાણતો નથી એમ નથી કહ્યું પરંતુ સર્વને જાણનાર એવા પોતાને જાણતો નથી તેમ કહ્યું છે. ૬૮૫.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

**શ્રી નિયમસાર, ગાથા–૧૬૬, શ્લોક–૨૮૨,**
**પ્રવચન નં. ૧૯૭, તા. ૩૦-૦૭-૧૯૮૦**
**[૧૨]**

'નિયમસાર' ૧૬૬ ગાથા.

**अप्पसरूवं पेच्छदि लोयालोयं ण केवली भगवं।**
**जइ कोइ भणइ एवं तस्स य किं दूसणं होइ।।१६६।।**

**પ્રભુ કેવળી દેખે નિજાત્માને, ન લોકાલોકને,**
**—જો કોઈ ભાખે એમ તો તેમાં કહો શો દોષ છે ? ૧૬૬.**

આહા..હા..! એક વાત એમ છે કે જ્યાં જ્યાં આત્મા પરમાણુની સમીપમાં છે એ પરમાણુને અડતો નથી. કર્મ, શરીર કે કોઈ પણ એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણેન્દ્રિયના શરીર. કહે છે કે આત્મા તો જ્ઞાન ને દર્શન (સ્વરૂપ છે), એ કોઈ ચીજને સ્પર્શતો નથી. આહા..હા..! ફક્ત એની ભૂલ એ કે આત્મા સિવાય કોઈ પણ એક પરમાણુથી માંડીને લોકાલોકના પરમાણુ, એને કંઈ પણ તે કોઈ દિ' અડ્યો નથી તો એનું કર્યું તો છે નહિ તેમ કરાવી શકતો નથી. કેમકે જડનું કાંઈ કરાવી શકે નહિ. ફક્ત થાય છે એને અનુમોદે છે એ એનું અજ્ઞાન છે. શું કહ્યું ? આહા..હા..!

આ આત્મા... અહીં કહે છે કે પોતાના સ્વરૂપમાં છે. એ પરને દેખતો જ નથી. દેખતો નથી પણ ઠીક અહીં તો એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય, જ્યાં જ્યાં આત્મા છે ત્યાં ત્યાં તે તે પરમાણુ મન, વચન ને કાયા, એના પરમાણુ એને કાળે, એને ક્ષેત્રે, એની પર્યાયે હો પણ આત્મા એને અડતો નથી. આહા..હા..! આત્મા તો અરૂપી ચીજ છે. અરૂપી આત્મા છે એ રૂપી એક રજકણથી માંડીને લોકાલોકના પરમાણુઓ, સ્કંધોને કોઈ દિ' અડતો નથી-સ્પર્શતો નથી. આહા..હા..! ફક્ત કરતો હોય તો એટલું કે એ એનું કરી શકે નહિ કાંઈ, તેમ કરાવી શકે નહિ, ફક્ત કરતાં હોય એને પોતાના અભિમાનથી અનુમોદન આપીને ચાર ગતિમાં રખડે છે. શું કહ્યું સમજાણું ? આહા..હા..!

આખી દુનિયાના પુદ્ગલો એકેન્દ્રિયના શરીરથી માંડીને પંચેન્દ્રિયના શરીર ને મોટા સ્કંધ, એને કોઈ દિ' ચૈતન્ય અરૂપી ભગવાન અડતો જ નથી. કેમકે પોતે સ્પર્શ વિનાની ચીજ છે એ સ્પર્શે ક્યાંથી ? આહા..હા..! એ જ્યાં રહ્યો ત્યાં પોતે પરમાણુ જડથી તો ભિન્ન જ છે. એની સાથે તો

કાંઈ છે નહિ. પણ તે જડને કરી શકતો તો નથી. એ અરૂપી જ્ઞાનઘન આ રૂપી, એને શું કરે ? એમ કરાવી શકતો નથી કે ભાઈ ! તું આનું–જડનું કર. એ માને ભલે કે હું કરાવું છું પણ કરાવી શકતો નથી. ફક્ત થાતું હોય એને અજ્ઞાન ભાવે અનુમોદન આપે કે આ તમે સારું કર્યું, આ તમે આ કર્યું, તમે આ કર્યું અને તમે આ કર્યું. આહા..હા..! મણમાં આઠ પાચશેરીની ભુલ. આઠ પાચશેરી સમજાયું ? મણમાં મણની ભૂલ (એટલે કે) પૂરેપૂરી ભૂલ. આહા..હા..!

અરૂપી પ્રભુ રૂપી જગતની કોઈ ચીજને કે અરૂપી ધર્માસ્તિકાય આદિ, એને કોઈ દિ' અડતો નથી, અડ્યો નથી. આહા..હા..! એનું કોઈ દિ' એક તણખલું તોડ્યું નથી, છોડ્યું નથી. અડ્યો નથી ત્યાં (છોડવાની વાત ક્યાં રહી). આહા..હા..! એટલે આખી દુનિયાના પુદ્ગલો, જ્યાં જ્યાં એ વસ્યો ત્યાં એ પુદ્ગલ, તેની તેની પર્યાયે પરિણમીને પુદ્ગલો ઉભા છે, તેને આત્મા અડ્યો નથી તો કર્તા તો છે નહિ, એમ કરાવી શકતો નથી. કેમકે એના અધિકારની વાત નથી. જડની પર્યાય જડથી પરિણમે છે એને એ કરાવી શકતો નથી. આહા..હા..! પણ કરાવી શકું છું અને કરે છે તેનું અનુમોદન કરી શકું છું, એ માન્યતા એની ભ્રમ છે. આહા..હા..! ભારે વાત. કેમકે પ્રભુ આત્મા તો અરૂપી છે અને તે પણ જ્ઞાન ને દર્શન ને આનંદ, એનો ધરનાર (છે). હવે જો એ ત્રિકાળીની દૃષ્ટિથી જોઈએ તો તો એની પર્યાયમાં પરપદાર્થનું અડવું તો નથી પણ એની પર્યાયમાં પરનું કરવું, કરાવવું, અનુમોદવાનો જે વિકલ્પ છે એ એની પર્યાયમાં અજ્ઞાનથી છે. વસ્તુના સ્વરૂપથી એ કાંઈ છે નહિ. આહા..હા..!

આત્મા સિવાય અનેરા પદાર્થને ગમે તે ક્ષેત્રમાં હો તે પરમાણુ પોતાની પર્યાયે, પોતાની પર્યાયે ત્યાં પરિણમી રહ્યો છે. એને એ આત્મા એમ માને કે આ મારાથી થાય છે. એ ભ્રમણા કરી શકે છે. આહા..હા..! તેમ ભ્રમણા કરાવે કે આ તમે કરો.. આ કરો.. એમ ભ્રમણા કરાવી શકે છે. એટલે ઓલો ભ્રમણા કરે તો કરાવી શકે એમ કહેવાય. બાકી પરને ભ્રમણા કરાવી શકતો પણ નથી. ભ્રમણા. પરમાણુનું તો કરી શકતો નથી પણ બીજાની ભ્રમણા એ કરી શકતો નથી. આહા..હા..!

એક વાત રહી ગઈ. એણે પોતે પોતાની જાતને જાણી નથી કે હું એક આત્મા જ્ઞાનસ્વરૂપ છું અને જાણનાર ને દેખનાર છું. એવી ચીજને પોતાની જાણી નથી એથી જેને જાણવા તરફનું વલણ છે તેમાં તે રોકાઈને માને છે કે હું આ કરું છું, આ કરાવું છું, આ કર્તાને અનુમોદુ છું. દુકાન સરખી ચાલતી હોય, નોકરો બરાબર કામ કરતાં હોય તો રાજી થાય કે બહુ સારું કામ કરે છે. આહા..હા..! આવી વાત ! એય..! 'શાંતિભાઈ' ! આવું છે.

આત્મા તો ચૈતન્યસ્વરૂપ અરૂપી છે. એ પોતાને છોડીને પર–રૂપી કે અરૂપી પદાર્થને ક્યારેય અડતો નથી. આહા..હા..! આ શું ભ્રમ ત્યારે ? આખો દિ' પોતાને ભૂલીને આ કર્યું... આ કરું.. આ કરું... આ કર્યું... વેપાર કર્યા, ધંધો કર્યો, પૈસા મળ્યા, આને પૈસા દીધા, લીધા... આહા..હા..! આખા લોકમાં જેટલા પરમાણુનું પરિણમન થાય છે એનું પરિણમન સ્વતંત્ર પુદ્ગલનું છે. જીવ ત્યાં

ઊભો રહીને એને જોનાર છે. એ જોનાર છે એમ ન માનતા હું એને કરી શકું છું એવી માન્યતાને લઈને પરિભ્રમણ કરી રહ્યો છે. આહા..હા..! સમજાય છે આમાં ? '...' ! બહુ આકરી વાત, પ્રભુ !

અહીં તો એવો વિચાર આવ્યો કે... અરૂપી આત્મા તો તદ્દન ભિન્ન છે ને. એ અંદરના કર્મના રૂપીને અડતો નથી, શરીરને અડતો નથી અને જ્યાં જાય ત્યાં, જે જે શરીર મળે તેને કોઈ દિ' અડતો નથી અને એને રાખી શકતો નથી, તેને સુધારી શકતો નથી, તેને બગાડી શકતો નથી. આહા..હા..! ફક્ત અભિમાનમાં પોતાનું જ્ઞાન ને દર્શન એવું જાણવા-દેખવું સ્વરૂપ છે તે પણ પરને જાણવું દેખવું, જગતની જડની–પરની અવસ્થા તે કાળે થતાં, તેને જાણવું-દેખવું એ પણ વ્યવહાર છે. આહા..હા..! કરવું તો મિથ્યાત્વ છે પણ એને જાણવું, પોતામાં એ નથી એને જાણવું (કહેવું) એનું નામ વ્યવહાર અને પોતામાં છે તેને જાણવું (કહેવું) એનું નામ નિશ્ચય, એનું નામ સત્ય અને પોતામાં નથી તેને જાણવું એનું નામ ઉપચાર. આહા..હા..!

એ અહીં કહે છે. **'આ શુદ્ધનિશ્ચયની વિવક્ષાથી પરદર્શનનું (પરને દેખવાનું) ખંડન છે.'** શું કહ્યું ? આત્મા દર્શનસ્વરૂપ છે. એ પરને જોતો જ નથી. આહા..હા..! નિશ્ચયનયથી પરને દેખતો નથી. આહા..હા..! અહીંયાં તો હજી પરનું કરવું, હું પરનું કરી દઉં, સવારમાં ઊઠે, દુકાને જાય, નોકરો પાસે કામ લેવું, દબાણ કરવું, પોતાની હોશિયારીની છાપ પાડવી જેથી એને દેખીને વગર કીધે કામ કરે. આહા..હા..! આ બધો ભ્રમ છે. આહા..હા..! ભગવાન અરૂપી ચૈતન્ય એ પરને ક્યાંય અડતો નથી, કરતો નથી, કરાવતો નથી, કરતાને અનુમોદતો નથી. ફક્ત વ્યવહાર કરીએ તો તે પરને જાણે, દેખે છે એટલી મર્યાદા છે. વ્યવહાર કરીએ તો એટલી મર્યાદા છે. એ પણ અહીં ના પાડી. આહા..હા..! એ પણ અહીંયાં નિશ્ચયથી ના પાડી કે પરને દેખવું, જાણવું પણ જૂઠું છે. આહા..હા..! આવી વાત છે.

ચૈતન્યતત્ત્વ અરૂપી જ્ઞાન-દર્શન-આનંદથી ભરેલો ભગવાન એ અરૂપીમાં અરૂપીપણે.. એ કીધું ને ? જુઓને. **'શુદ્ધનિશ્ચયનયની વિવક્ષાથી પરદર્શનનું ખંડન છે. જોકે વ્યવહારથી એક સમયમાં ત્રણ કાળ સંબંધી પુદ્ગલાદિ દ્રવ્યગુણપર્યાયોને જાણવામાં સમર્થ સકળ-વિમળ કેવળજ્ઞાનમયત્વાદિ વિવિધ મહિમાઓનો ધરનાર છે,...'** ત્રણ કાળ, ત્રણ લોક... એક સમયની સંયોગી ચીજને કરી શકવાને સમર્થ નથી, પણ ત્રણ કાળ, ત્રણ લોકને જાણવા-દેખવાને સમર્થ છે. આહા..હા..!

અહીં કહે છે કે **'તોપણ તે ભગવાન,..'** કેવળજ્ઞાન વડે પરને જાણવા-દેખવાને સમર્થ છે, વ્યવહારે. તોપણ **'કેવળદર્શનરૂપ તૃતીય લોચનવાળો હોવા છતાં,...'** આહા..હા..! કેવળદર્શન અંદર ખીલ્યું, જે એનો મૂળ સ્વભાવ છે એ સ્વભાવ જ્યાં પૂર્ણ પ્રગટ થયો એ સ્વને આશ્રયે (થયો), પરનો આશ્રય જરીએ નહિ. પરને તો અડતો પણ નથી ત્યાં આશ્રય-ફાશ્રય ક્યાં ? કે સંઘયણ મજબુત હતું માટે કેવળ થયું, આહા..હા..! ઉપદેશ મળ્યો માટે કેવળ થયું, સારો સંગ મળ્યો માટે કેવળ થયું એ વસ્તુ આમાં લાગુ પડતી નથી. વસ્તુ સ્વતંત્ર છે. પરની સાથે કાંઈ **'नास्ति सर्वोऽपि सम्बन्धः'** એ શ્લોક

આવી ગયો છે. ૨૦૦. **'नास्ति सर्वोऽपि सम्बन्धः'** સ્વ ને પરને કોઈ જાતનો સંબંધ નથી. આહા..હા..! ભ્રમણા કરીને માની રહ્યો છે કે મારે ને આને આટલો સંબંધ છે. મારે આની સાથે આટલો સંબંધ છે. આનો દીકરો પરણે ત્યારે મારે પણ અમુક દેવું પડે, મારો દીકરો પરણે તો આ દેવું પડે. આ બધી ભ્રમણા (છે). આહા..હા..! પીરસણું દેવું પડે, આ કરવું પડે. શું કરે છે ? પ્રભુ ! તું જ્ઞાન અને દર્શન છો ને. એ ચીજ હોય એને જાણે-દેખે એમ કહેવું એ વ્યવહાર, તો એ ચીજને કાંઈ કરે, કરાવે અને અનુમોદે, પ્રભુ ! એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા..! લોકોથી ઊંધું ભારે.

આત્મા અરૂપી તદ્દન ભિન્ન તત્ત્વ અંદર છે અને આ તદ્દન ભિન્ન શરીર, વાણી, મન, રજકણ, જેને કંઈ ખબર પણ નથી કે અમે જડ છીએ કે નહિ અને જેને ખબર છે તે એને અડતા પણ નથી. આહા..હા..! આ જડ ચીજ છે એને ખબર નથી કે અમે જડ છીએ. તેમ જોડે જાણનાર છે એને એની ખબર નથી કે આ જાણનાર છે. જડને ખબર ક્યાં છે ! આહા..હા..! જડને જડની ખબર નથી, જડને ચૈતન્યની ખબર નથી. હવે રહ્યો ચૈતન્ય. એ ચૈતન્યને ચૈતન્યની ખબર છે. પણ કહે છે કે વ્યવહારે એમ કહીએ કે પરને દેખે છે એનું પણ અહીં અમે ખંડન કરીએ છીએ. આહા..હા..! બહુ આકરી વાત છે. દુનિયાની સાથે મેળ ખાય એવું નથી. આહા..હા..!

એ કહે છે કે કેવળજ્ઞાનથી લોકાલોકને જાણે એવો મહિમાવંત છે. **'તોપણ તે ભગવાન, કેવળદર્શનરૂપ તૃતીય લોચનવાળો હોવા છતાં,...'** એને કેવળદર્શન હોવા છતાં. કેવળજ્ઞાનથી જાણે અને કેવળદર્શન અંદર હોવા છતાં **'પરમ નિરપેક્ષપણાને લીધે...'** આહા..હા..! પરને દેખવાની કોઈ અપેક્ષા જ નથી. એ તો દર્શન ને જ્ઞાનમાં જ છે. આહા..હા..! ભગવાન પોતે તો દર્શન ને જ્ઞાનસ્વરૂપમાં જ છે. પરને દેખવા અને જાણવા એ જાતો નથી. આહા..હા..! પરનું કરવું અને કરાવવું, અનુમોદવું એ તો એનામાં છે જ નહિ પણ પરને જોવા ને જાણવા જાતો નથી. આહા..હા..! કેમકે જાણનાર-જોનારની જે અવસ્થા છે એ તો અરૂપી છે અને આ ચીજ જે બધી છે એ તો રૂપી છે. અરૂપી-અરૂપી ધર્માસ્તિકાય છે એ જુદી વાત. એ પહેલું કહ્યું. કેવળજ્ઞાનમાં સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાય જાણે. પણ એની સાથે દર્શન છે એ પણ એને દેખે એમ નથી. એનું ખંડન કરીએ છીએ, નિશ્ચયનય. આહા..હા..! અડે નહિ, કરે નહિ, કરાવે નહિ, કર્તાને અનુમોદે નહિ. ફક્ત થાય છે તેમાં હું એને દેખું છું, થાય છે તેને હું દેખું છું. એ વ્યવહારનો પણ અહીં નિષેધ કર્યો છે. અરે..! ઝીણી વાત બહુ, ભાઈ ! આહા..હા..!

**શ્રોતા :–** તન્મય થતો નથી એ બરાબર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરને અડતો નથી પછી ક્યાં વાત રહી. આ તો અરૂપી, આ ચીજ રૂપી. ગમે તે સ્થાનમાં હો રૂપીને અડતો પણ નથી, અડ્યો નથી અને ત્રણ કાળ, ત્રણ લોકમાં અડશે પણ નહિ. આહા..હા..!

એવો જે ભગવાન અરૂપી છે, તેને કહે છે કે જ્ઞાનથી એમ કહીએ કે જ્ઞાનથી ત્રણ કાળ,

ત્રણ લોકને જાણે એમ કહીએ એવું ... આવ્યું ને ? **'કેવળજ્ઞાનમયત્વાદિ વિવિધ મહિમાઓનો ધરનાર છે,...'** એવા વિવિધ ગુણને ધરનાર આત્મા છે. **'તોપણ તે ભગવાન, કેવળદર્શનરૂપ તૃતીય લોચનવાળો હોવા છતાં,...'** આહા..હા..! આંખ તો છે. કેવળજ્ઞાન લોચન આંખ છે. કેવળદર્શન અંદર ત્રીજું લોચન છે. ત્રણ કાળ, ત્રણ લોકને દેખવાની શક્તિ છે. એવી શક્તિ હોવા છતાં... આહા..હા..! છે ? **'પર નિરપેક્ષપણાને લીધે...'** પરને જોવું એની અપેક્ષા છોડી દ્યો, નિરપેક્ષપણે લ્યો તો દર્શન દર્શનમાં જ રહેલું છે. આહા..હા..! દર્શન પરને દેખવામાં જાય છે એમ છે નહિ. દેખવામાં જાય છે એમ તો છે નહિ પણ દેખે છે, પરને દેખે છે (એમ નથી), એ તો પોતાની અવસ્થાને દેખે છે. એ અવસ્થાને દેખે છે એ પરને દેખે છે એમ કહેવું એ વ્યવહાર છે. આહા..હા..! આવું ઝીણું !

હવે અહીં તો દયા પાળો, ભક્તિ કરો, વ્રત કરો. પ્રતિમા, મંદિર બનાવો. હોય, એવો શુભભાવ હોય ત્યારે એ ક્રિયા સામે હોવાની હોય તો હોય, હોવાની હોય તો હોય, હોં ! એ શુભભાવ કર્યો માટે ત્યાં હોય એમ નહિ. અહીં તો કહે છે કે શુભભાવથી કરે એ તો છે નહિ... આહા..હા..! મંદિર અને શાસ્ત્ર શુભભાવથી કરે એ તો છે જ નહિ. કારણ કે એ પુદ્‌ગલ પર જડ છે. જડને વ્યવહારે કરે એમ તો નથી પણ કેવળજ્ઞાનની સાથે રહેલ કેવળદર્શન એને દેખે એ પણ વ્યવહાર છે, એ નિશ્ચય નથી. આહા..હા..! ક્યાં પોગવું ? માણસને હેઠેથી હજી .. આવ્યો નહિ. બેય છે ? 'ભોગીભાઈ' છે. બેય જણા હતા. બે ભાઈઓ ... કહો, સમજાણું કાંઈ ? આહા..હા..! ઓહોહો..!

અહીં સુધી લીધું કે **'કેવળજ્ઞાનમયત્વાદિ વિવિધ મહિમાઓનો ધરનાર છે,...'** છે ને ? ધારણ કરનાર. કોણ ? આત્મા. આહા..હા..! કેવળજ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત સત્તા, અનંતી પ્રભુતા એવા અનંત ગુણને ધરનાર આત્મા, એ દર્શનથી પરને દેખે એમ કહેવું એ પણ નિશ્ચયનયથી નથી, સત્ય દૃષ્ટિમાં એમ નથી, એ તો ઉપચારનું કથન છે. કેમકે જેમાં જાતો નથી અને જે ચીજ છે એ પોતામાં આવતી નથી એને જાણવું, દેખવું કહેવું એ વ્યવહાર છે. આહા..હા..! આવો ઉપદેશ ! ઝીણી વાત છે, બાપુ ! તારું તત્ત્વ જ જુદું છે. તત્ત્વ છે કે નહિ ? એ કહ્યુંને અહીંયાં ? પહેલું કહ્યું ને ?

**'જોકે વ્યવહારથી એક સમયમાં ત્રણ કાળ સંબંધી પુદ્‌ગલાદિ દ્રવ્ય-ગુણ-પર્યાયોને જાણવામાં સમર્થ...'** એ પણ વ્યવહાર. આહા..હા..! પરને જાણવામાં સમર્થ એ પણ વ્યવહાર જ્ઞાન. એવો **'સકળ-વિમળ કેવળજ્ઞાનમયત્વાદિ...'** કેવળજ્ઞાન આદિ અનંત ગુણને ધરનાર પ્રભુ. આહા..હા..! **'તોપણ તે ભગવાન,...'** એવી મહિમાને ધારણ કરનાર છે. જ્ઞાનમાં પરને જાણનાર કહ્યો. સમજાણું કાંઈ ? આહા..હા..! કહ્યું કે નહિ ? **'સકળ-વિમળ કેવળજ્ઞાનમયત્વાદિ વિવિધ મહિમાઓનો ધરનાર છે,..'** જાણવામાં સમર્થ. એમાં આવ્યું ને ? જાણવામાં સમર્થ. આહા..હા..! તોપણ... પોતાના જ્ઞાનગુણથી પરને અડતો પણ નથી પણ વ્યવહારનયથી પરને જાણે છે. વ્યવહારનયથી પરને જાણે છે. આહા..હા..! ઝીણું પડે આવું. માર્ગ આવો છે, બાપુ ! દેહ ચાલ્યો જશે અને આત્માની સત્તા તો રહેશે. એ

ક્યાં જશે ? કયે ઠેકાણે અવતરશે ? ક્યે ઠેકાણે ઉપજશે ? આહા..હા..!

અનંત-અનંતવાર અભિમાન કરી કરીને મેં આ કર્યું... મને આવડત હતી. દુકાનની આવડત હતી તે હું કરું છું, મારી આવડતથી આ દુકાન સરખી ચાલે છે. આહા..હા..! એક પરમાણુ પણ પલટાવવાની શક્તિ ભગવાનઆત્મામાં નથી. આહા..હા..! એય..! 'મનસુખ' ! ... તો બહુ કરતો ત્યાં દુકાનમાં. બહારથી આમ લાવે ને આમ કરે, આમ કરે. ત્રણ ત્રણ પટી વાત એને યાદ હતી. એક તો જે ભાવે માલ આવે, એમાં કેટલો ખપ્યો અને કેટલો ન ખપ્યો એ ખ્યાલમાં હતું અને તે માલનો ભાવ અત્યારે ક્યો છે એ એના ખ્યાલમાં હતું. આહા..હા..! આ તો તારા જન્મ પહેલાંની (સંવત) ૧૯૭૪ની સાલની વાત છે. અરે..! પોતે ભૂલ્યો, પોતાની જાત શું છે તે તરફ તો લક્ષ કર્યું નહિ. પોતાની જાત ચૈતન્ય જાત છે. એ વ્યવહારે પરને જાણવાવાળો કહ્યો ભલે. એમ કહ્યું ને ? આહા..હા..!

**'છતાં,...'** આહા..હા..! **'પરમ નિરપેક્ષપણાને લીધે નિઃશેષપણે (સર્વથા) અંતર્મુખ હોવાથી...'** દર્શન તો અંતર્મુખ છે. આહા..હા..! એ દર્શનગુણ અંતર્મુખ છે. એ **'કેવળ સ્વરૂપપ્રત્યક્ષમાત્ર વ્યાપારમાં લીન...'** કેવળ સ્વરૂપપ્રત્યક્ષમાત્ર, પોતાના સ્વરૂપપ્રત્યક્ષમાત્રમાં દર્શન લીન છે. **'લીન એવા નિરંજન...** એવા નિરંજન **'નિજ સહજદર્શન વડે...'** એવા નિજ સહજદર્શનવાળા **'સચ્ચિદાનંદમય આત્માને...'** આહા..હા..! બહુ ટૂંકી ભાષા પણ કેટલું ભર્યું છે ! કોઈનું કરે નહિ એ તો આવ્યું પણ કેવળજ્ઞાનમય આદિ અનંત સંપદાઓથી ભરેલ છે, એથી એને વ્યવહારે પરને જાણે એમ કહીએ. તેમ આ દર્શન છે એ આત્મા વ્યવહારે પરને દેખે એમ કહેવાય, નિશ્ચયથી તો દેખતો નથી. આહા..હા..! હજી તો પરનું કરવું છોડવું ગોઠે નહિ. આહા..હા..! પરનું કરવું, અમે આ કરીએ છીએ, તને આ અડતું નથી, અમને આ આવડે છે. આહા..હા..! અભિમાને મારી નાખ્યા. જીવને મારી નાખ્યો. મારી નાખ્યો એટલે સમજ્યા ? 'કળશટીકા'માં આવે છે. મારી નાખ્યો. મરણતુલ્ય કરી નાખ્યો. જેનું સ્વરૂપ જાણવું-દેખવું એને પરનું કરવું-કરાવવામાં મારી નાખ્યો. તું એ જાણવું-દેખવું નહિ અને તને આ કરવું સોંપીએ છીએ. એ જીવનું જ્ઞાતા-દૃષ્ટાપણાને મારી નાખ્યું. આહા..હા..! એ ભ્રાંતિ ત્રિલોકનાથ તીર્થંકરની વાણીથી મટશે એમ લખ્યું છે. સમજાય છે ? 'કળશટીકા'માં. આહા..હા..!

અગિયાર અંગ ભણી ગયો, નવ પૂર્વ ભણી ગયો, ક્રિયામાં પણ છ મહિનાના અપવાસ... આહા..હા..! બાળ બ્રહ્મચારી (રહ્યો), જિંદગીમાં વિષય (લીધો) નહિ પણ પ્રભુ પોતે અંદર કોણ છે ? આહા..હા..! એની સત્તાનું કાર્ય શું છે ? એ નિશ્ચયથી તો એની સત્તાનું કાર્ય અંતરમાં લિન રહેવું એ છે. સ્વરૂપ તે સ્વરૂપમાં લિન રહે તે એનું કાર્ય છે. આહા..હા..! એને પરને દેખવું કહેવું એ વ્યવહાર છે, પરને જાણવું કહેવું એ વ્યવહાર છે. એ તો પહેલું જાણવાનું કહ્યું. જાણનાર હોવા છતાં દર્શનને પરને દેખવાનું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? આમ સાધારણ વાત છે. પણ અંદર મોટી વાત છે, ભાઈ ! આહા..હા..! આખી દુનિયાના તત્ત્વથી તારું તત્ત્વ તદ્દન જુદું છે. કાંઈ

સંબંધ ન મળે. **'नास्ति सर्वोऽपि सम्बन्धः'** બીજા જીવ સાથે અને બીજા પરમાણુ સાથે કાંઈ સંબંધ નથી. એકલો પોતે ભગવાન છે. દ્રવ્ય ગુણ તો ધ્રુવ છે પણ પોતાની અવળીસવળી પર્યાયમાં સંસાર રહ્યો.

અહીં કહે છે કે કેવળજ્ઞાન દ્વારા જેની સાથે દર્શનને સંબંધ છે એવા કેવળજ્ઞાનમયને ધારણ કરનાર વ્યવહારથી પરને જાણે છે. તેમ આ વ્યવહારથી દર્શન પરને દેખે છે એની તો અહીં ના પાડી. આહા..હા..! છે ને ? **'સચ્ચિદાનંદમય આત્માને નિશ્ચયથી દેખે છે (પરંતુ લોકાલોકને નહિ)...'** આહા..હા..! પોતાને દેખે છે, પરને નહિ. આહા..હા..! **'એમ જે કોઈ પણ શુદ્ધ અંતઃતત્ત્વનો વેદનાર...'** એમ જે કોઈ શુદ્ધ અંતઃતત્ત્વમાં લીન વેદન કરનાર... આહા..હા..! **'(જાણનાર, અનુભવનાર) પરમ જિનયોગીશ્વર...'** પરમજિન વીતરાગી મુનિ સંત આદિ **'શુદ્ધનિશ્ચયનયની વિવક્ષાથી કહે છે,...'** કે પરને દેખે નહિ એમ કહે છે. **'શુદ્ધનિશ્ચનયની વિવક્ષાથી કહે છે તેને ખરેખર દૂષણ નથી.'** આહા..હા..! કેટલી વાતું લાંબી. સમજાણું કાંઈ ? આખી દુનિયામાં તારું તત્ત્વ તે તદ્દન ભિન્ન રહ્યું છે. કોઈ દિ' કોઈને અડ્યું નથી. કોઈ દિ' અડ્યું નથી, અડતું નથી અને અડશે નહિ. આહા..હા..! ફક્ત કેવળજ્ઞાન વડે વ્યવહારથી જાણવાયોગ્ય જાણે. તેમ દર્શનથી પણ દેખે એમ નથી. નિશ્ચયથી તો એ દેખે નહિ એમ કહેવું છે. આહા..હા..! પરને કોઈ દેખવાની અપેક્ષા નથી. એમ આવ્યું ને ? નિરપેક્ષ ન આવ્યું ? નિરપેક્ષ આવ્યું પહેલું. **'નિરપેક્ષપણાને લીધે નિઃશેષપણે (સર્વથા)...'** નિઃશેષ એટલે સર્વથા. સર્વથા નિરપેક્ષપણે, પરની કોઈ અપેક્ષા જ નથી. આહા..હા..! ઝીણું પડે. રાત્રે પ્રશ્ન કરજો. આહા..હા..! આવી વાત છે, પ્રભુ ! ઓ..હો..! એ તત્ત્વ અંદર કેવળજ્ઞાન આદિ અનંત ગુણનો ધરનાર હોવા છતાં અને તે કેવળજ્ઞાનાદિ પરને જાણનાર... છે ને ?

**'ત્રણ કાળ સંબંધી પુદ્ગલાદિ દ્રવ્ય-ગુણ-પર્યાયોને જાણવામાં સમર્થ...'** હોવા છતાં. આહા..હા..! કેટલી વાત કરે છે ! પોતાનું જ્ઞાન ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવા સ્વભાવમય હોવા છતાં. આહા..હા..! એની સાથે દર્શનરૂપ જે તૃતીય લોચન. દેખવું એ ત્રીજું લોચન, આહા..હા..! એ એનાથી પરને દેખે એ વાત વ્યવહારથી છે, નિશ્ચયથી છે નહિ. આહા..હા..! આકરું કામ બહુ. વસ્તુ છે ને ? તત્ત્વ છે ને ? તત્ત્વ છે તો એમાં સત્ત્વ છે કે નહિ ? તત્ત્વનું સત્ત્વ છે કે નહિ ? તત્ત્વ સત્ છે તો સત્નું સત્ત્વ છે કે નહિ ? એ સત્ત્વ પરને દેખે છે એમ છે નહિ. આહા..હા..! પોતાનું સત્ત્વ દર્શનજ્ઞાન છે. એ વ્યવહારથી કહેવામાં આવે છે કે કેવળજ્ઞાન પરને જાણે. પણ એની સાથે તૃતીય લોચન દર્શન પરને દેખે એમ નથી. આહા..હા..! એ તો પોતાના નિજ સ્વરૂપમાં... એમ કહ્યું ને ? આહા..હા..!

**'એમ જે કોઈ પણ શુદ્ધ અંતઃતત્ત્વનો વેદનાર...'** આહા..હા..! જેને આત્મા શુદ્ધ સ્વરૂપ પરમ આનંદને વેદનાર... આહા..હા..! **'અનુભવનાર પરમજિન યોગીશ્વર...'** પરમજિન યોગી મુનિ. ઉત્કૃષ્ટ વાત લીધી છે ને ! **'શુદ્ધનિશ્ચયનયની...'** શુદ્ધનિશ્ચયનયના કથનથી, વિવિક્ષા. શુદ્ધનયના કથન દ્વારા

**'તેને ખરેખર દૂષણ નથી.'** પરને દેખે એ શુદ્ધ નિશ્ચયનયથી દૂષણ નથી. આહા..હા..! આ પ્રશ્ન કર્યો હતો ને કોઈકે ? કે પરને જાણવું એ મિથ્યાત્વ છે ને ? 'શાંતિભાઈ' કહે, રાત્રે. જાણવું એ મિથ્યાત્વ નથી, જાણવું એ વ્યવહાર છે. મૂળ આ માર્ગ જ આખો ફેરવાય ગયો છે. આખો રખડવાનો માર્ગ.... આહા..હા..! પરમસત્ય કોઈ પણ સંયોગમાં ત્રણ કાળ, ત્રણ લોકના સંયોગોમાં આવ્યો છતાં એ સંયોગને અડ્યો નથી. આહા..હા..! સંયોગને સ્પર્શ્યો નથી.

નિશ્ચયથી કેવળજ્ઞાન પોતાને જાણે છે. વ્યવહારથી પરને જાણે તો દર્શનને પણ પરને જાણવું એમ કહેવું એ પરની કોઈ અપેક્ષા વિના પોતાને દેખે એમ લેવું. આહા..હા..! આમાં શું કરવું અને શું ... સામાયિક કરવી કે આ જાણપણું કરવું ? એ બધું ક્યાંય પડ્યું રહ્યું. આહા..હા..!

**'(હવે આ ૧૬૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે : )'** આ..હા..! જ્યાં જ્યાં પ્રભુ છે ત્યાં ત્યાં તારે પરદ્રવ્યની સાથે કાંઈ સંબંધ નથી. સર્વાર્થસિદ્ધમાં હોય, મુક્તિ શિલામાં હોય... આહા..હા..! સાતમી નરકમાં હોય કે નિગોદમાં હોય... આહા..હા..! પણ પ્રભુ આત્મા એ પરમાણુને બિલકુલ અડ્યો નથી, બિલકુલ સ્પર્શતો નથી. આહા..હા..! એ તો પોતાની સત્તા પોતામાં રાખીને પોતામાં રહ્યો છે, પરની સત્તાને અડ્યો પણ નથી. પોતાની સત્તા છે એ પરની સત્તાને અડતી જ નથી. આહા..હા..! આવું સાંભળવું મુશ્કેલ પડે.

**શ્રોતા :–** આવું જ સાંભળવું જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આહા..હા..! વાત સાચી. આ તો જુવાનિયાને દેખીને કહીએ. જુવાનિયાને આટલું સાંભળવું મુશ્કેલ. આહા..હા..!

પરમ સત્ય. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવનું નિશ્ચયનું પરમ કથન, પરમ સત્ય. શું કહે છે ? કે પરને દેખે પરમાં લિન થાય છે, એમ નથી. એ તો પોતામાં લિન છે. આહા..હા..! પોતામાં લિન છે તો નિશ્ચયથી પોતાને દેખે છે અને જાણે છે. આવ્યું ને ? એ અંદર આવ્યું ને ? શુદ્ધ અંતઃતત્ત્વને વેદનાર. આહા..હા..! પરને જાણનાર-દેખનાર નહિ. આહા..હા..! પોતાને વેદનાર, જાણનાર. આહા..હા..! ઝીણી વાત છે, પ્રભુ ! એ તારા ઘરની છે, નાથ ! આહા..હા..!

અનંત-અનંત ગુણનો ધણી રાંકો થઈને ફરે એ કોઈને લઈને નહિ, કર્મને લઈને નહિ. આહા..હા..! પોતાની ભૂલ (થઈ છે). 'અપને કો આપ ભૂલકે હેરાન હો ગયા.' પોતાની ચીજ બેહદ જ્ઞાન-દર્શન-આનંદ... આહા..હા..! જેનો ઊભરો એટલે પાણીમાં ઊભરો આવે છે ને ? ઉફાન. પણ એ ઊભરો પોલો છે. શું કહ્યું ? એ પાણીનો ઊભરો હોય છે ને ? એ તો પોલો હોય છે. આમ વધ્યું એટલે પાણીનો તોલ વધી ગયો એમ નથી. આ તો જ્ઞાન-દર્શન વધે એ પોલું નથી, મજબુત છે. આહા..હા..! પરને જાણવા-દેખવાથી વિશેષ વધ્યું તેમ તે વજની ભીંત થઈ ગયો. આહા..હા..!

એવો જે ભગવાનઆત્મા પરને દેખવાની નિરપેક્ષપણે ના પાડે છે અહીં તો. પરની અપેક્ષા પણ અહીં ન લેવી. આહા..હા..! અહીં પરની દયા પાળો તો ધર્મ થાય, પરની સેવા કરો તો ધર્મ

થાય... આહા..હા..! ભગવાનની કરો તો મુક્તિ થાય. હોય, વ્યવહાર હોય છે, વ્યવહાર નથી હોતો એમ નહિ, પણ એની મર્યાદા શુભભાવ–પુણ્ય જેટલી મર્યાદા છે, બંધન જેટલી મર્યાદા છે; એનાથી જરા પણ આત્માને સંવર-નિર્જરા કે શુદ્ધતાનો અંશ પ્રગટે એમ છે નહિ. રહસ્યપૂર્ણ ચીઠ્ઠીમાં તો આવ્યું ને, શુભભાવમાં શુદ્ધતાનો અંશ છે. ચીઠ્ઠીમાં છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પાછળ ચિઠ્ઠી છે. એક ચિઠ્ઠીમાં આવું છે. સમજાણું કાંઈ ? શું કહ્યું ?

**શ્રોતા :–** શુભમાં શુદ્ધનો અંશ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમાં શુદ્ધનો અંશ કહ્યો. એને પકડે. એ તો કઈ અપેક્ષાએ કહ્યો ? કે એક ગુણ વધતા બીજો ગુણ એને લઈને વધે એમ નથી. શું કહ્યું ? કે આત્મામાં અનંત ગુણ છે. એમાં એક જ્ઞાનનો ગુણ વધે તો સાથે ચારિત્રનો ગુણ પણ વધે એમ નથી. એ સિદ્ધ કરવા એ શુભભાવમાં જરી શુદ્ધતાનો અંશ છે. પણ ક્યારે કામ કરશે ? ગ્રંથિભેદ કરે ત્યારે. રાગની એકતા તોડીને આત્માનો અનુભવ આનંદનો સ્વાદ લે, આત્માના આનંદનો સ્વાદ લે ત્યારે જે શુદ્ધતાનો અંશ હતો એ કામ કરશે. આહા..હા..! ઘણા દૃષ્ટાંત આપે છે. જુઓ ! શુભમાં શુદ્ધનો અંશ છે. પણ કોને ? ગ્રંથિભેદ કરે એને. આમ તો અનાદિકાળનો ... અને અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો તોપણ શુભમાં શુદ્ધનો અંશ હતો તોપણ કાંઈ થયું નહિ. આહા..હા..! વાંચન પણ એટલું ન મળે. આખો દિ' પાપના પોટલા. વેપાર... વેપાર... વેપાર..., ધંધા... ધંધા. આહા..હા..!

૧૬૬ ગાથા બહુ સરસ લીધી. આહા..હા..! હવે શ્લોક. ૨૮૨ ને ?

**पश्यत्यात्मा सहजपरमात्मानमेकं विशुद्धं**
**स्वान्तःशुद्धयावसथमहिमाधारमत्यन्तधीरम्।**
**स्वात्मन्युच्चैरविचलतया सर्वदान्तर्निमग्नं**
**तस्मिन्नैव प्रकृतिमहति व्यावहारप्रपंचः।।२८२।।**

આહા..હા..! **'(નિશ્ચયથી)...'** નીચે છે. **'અહીં નિશ્ચય-વ્યવહાર સંબંધી એમ સમજવું કે–જેમાં સ્વની જ અપેક્ષા હોય તે નિશ્ચયકથન છે...'** નીચે. **'અને જેમાં પરની અપેક્ષા આવે તે વ્યવહારકથન છે; માટે કેવળી ભગવાન લોકાલોકને–પરને જાણે-દેખે છે એમ કહેવું તે વ્યવહારકથન છે અને કેવળી ભગવાન સ્વાત્માને જાણે-દેખે છે એમ કહેવું તે નિશ્ચયકથન છે. અહીં વ્યવહારકથનનો વાચ્યાર્થ એમ ન સમજવો કે જેમ છદ્મસ્થ જીવ લોકાલોકને જાણતો-દેખતો જ નથી તેમ કેવળી ભગવાન લોકાલોકને જાણતા-દેખતા જ નથી.'** વ્યવહારથી કહ્યું માટે જાણતા-દેખતા નથી એમ ન માનવું. આહા..હા..! કેવળી ભગવાન લોકાલોકને જાણે એમ વ્યવહારથી કહ્યું. છદ્મસ્થ બિલકુલ નથી જાણતા એમ નથી જાણતા, એમ ન કહેવું. ફકત પરની અપેક્ષા રાખીને વ્યવહાર કહ્યો. જાણે છે તો બધું. ત્રણ કાળ, ત્રણ લોક એક સમયમાં જાણે છે. આહા..હા..!

ખરેખર તો અનંત ગુણ જે આત્મામાં છે એમાં એક જ્ઞાનગુણની એક જ પર્યાય, એક જ પર્યાય જગતમાં છે, બસ. કેમકે એ પર્યાય દ્રવ્યને જાણે, ગુણને જાણે, અનંતી પર્યાયને જાણે, લોકાલોકને જાણે. એ જ્ઞાનની એક પર્યાયમાં આખો લોકાલોક આવી ગયો. આહા..હા..! સમજાણું કાંઈ ? એકવાર કહ્યું હતું. (સંવત) ૧૯૮૫ની સાલમાં. 'વઢવાણ'માં. 'વઢવાણ'માં 'નારણભાઈ'ની દીક્ષા હતી. ... જતીનો ડેલો નહિ ? બહાર ડેલામાં. તે દિની વાત. 'વીરજીભાઈ' સાથે હતા. કીધું જુઓ ભાઈ! ખરેખર તો એક આત્માની એક પર્યાય–એક જ્ઞાનની એક પર્યાય લોકાલોકને જાણે, પોતાના દ્રવ્યને જાણે, ગુણને જાણે, પોતાની અનંતી પર્યાયને જાણે, પોતાને જાણે. એક પર્યાયમાં એટલું સામર્થ્ય છે. આહા..હા..!

ભગવાન અંદર છે. પરિપૂર્ણ પરમાત્મ શક્તિ પડી છે. પરમેશ્વર છે. એની શક્તિની વાત શું કરવી. આહા..હા..! એના અનંત ગુણ, એની અનંતી પર્યાય, એમાં એક જ જ્ઞાનની પર્યાય... આહા..હા..! પોતાને જાણવામાં પરનું જાણવું આવી ગયું. એ પર્યાય પોતાને જાણે એમાં લોકાલોક આવી ગયો. એની પર્યાયનું સામર્થ્ય (છે). એ લોકાલોક છે તો લોકાલોકને જાણે છે એમ પણ નથી. એટલી અપેક્ષા નથી, નિરપેક્ષ છે. આહા..હા..! એક સમયની પર્યાય પરની અપેક્ષા વિના લોકાલોક અને પોતાના અનંતા ગુણ અને અનંતી પર્યાયને એક સમયની પર્યાય જાણે. 'શાંતિભાઈ' ! આ બધું કોઈ દિ' સાંભળ્યું નથી.

**શ્રોતા :–** પર્યાયમાં કેટલી શક્તિ છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાયમાં એટલી શક્તિ છે. હીરા-માણેકમાં સમય ગાળ્યો હોય એમાં આ ખબર ક્યાં પડે ? એવી એનામાં શક્તિ છે. આહા..હા..! એક પર્યાય, હોં ! એવી અનંતી પર્યાયો. દરેક પર્યાયમાં અનંતી તાકાત. આ જ્ઞાનપર્યાયમાં જરી ખ્યાલ આપી શકાય. જ્ઞાન દ્રવ્યને જાણે, ગુણને જાણે, લોકાલોકને જાણે. આહા..હા..! એવી એક સમયની પર્યાયનું અસ્તિત્વ એ પણ પર છે એને જાણે એ અપેક્ષા પણ નહિ. નિરપેક્ષપણે એક સમયની પર્યાય સ્વ-પરને જાણવારૂપ એકરૂપ છે, સ્વ-પરને જાણવારૂપ એકરૂપ છે, સ્વ-પરને જાણનાર બે રૂપ નથી. આહા..હા..! આવી વાત છે. સાંભળવી કઠણ પડે. વીતરાગ સર્વજ્ઞદેવ પરમાત્મા ત્રિલોકનાથની વાત બહુ ઝીણી, બાપુ ! એ સાધારણ લોકોએ જૈનપણું ઉપરથી મનાવી લીધું. જૈન કોઈ અલૌકિક વસ્તુ છે, એ કોઈ સંપ્રદાય પક્ષ નથી, એ તો વસ્તુનો સ્વભાવ છે, વસ્તુનો સ્વભાવ છે. આહા..હા..!

અહીં એ કહ્યું કે કેવળજ્ઞાનની પર્યાય વ્યવહારથી લોકાલોકને જાણે તો દર્શન પણ પરને દેખે એમ ન કહ્યું. નિશ્ચયથી દર્શન પણ પોતાને જ દેખે છે, પરને નહિ. આહા..હા..! નિશ્ચયથી અહીં આવ્યું ને. **'અહીં વ્યવહારકથનનો વાચ્યાર્થ એમ ન સમજવો કે જેમ છદ્મસ્થ જીવ લોકાલોકને જાણતો-દેખતો જ નથી તેમ કેવળી ભગવાન લોકાલોકને જાણતા-દેખતા જ નથી. છદ્મસ્થ જીવ સાથે સરખામણીની અપેક્ષાએ તો કેવળી ભગવાન લોકાલોકને જાણે-દેખે છે તે બરાબર સત્ય છે–યથાર્થ છે, કારણ કે તેઓ ત્રિકાળ સંબંધી સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયોને યથાસ્થિત બરાબર પરિપૂર્ણપણે ખરેખર**

**જાણે-દેખે છે, 'કેવળી ભગવાન લોકાલોકને જાણે-દેખે છે' એમ કહેતાં પરની અપેક્ષા આવે છે એટલું જ સૂચવવા, તથા કેવળી ભગવાન જેમ સ્વને તદ્‌રૂપ થઈને...'** સ્વને તદ્રૂપ થઈને, જ્ઞાન જ્ઞાનમાં લિન થઈને **'નિજસુખના સંવેદન સહિત..'** પોતાના અતીન્દ્રિય આનંદના વેદન સહિત **'જાણે-દેખે છે તેમ લોકાલોકને (પરને) તદ્‌રૂપ થઈને પરસુખદુઃખાદિના સંવેદન સહિત જાણતા-દેખતા નથી,...'** નારકીને દેખે તો નારકીનું દુઃખનું વેદન ભગવાનને થાય એમ છે નહિ. આહા..હા..! જાણવા-દેખવાનો સ્વભાવ તો પોતાનો પોતાથી છે. આહા..હા..! એ પરને લઈને નથી.

**'પર-સુખદુઃખાદિના સંવેદન સહિત જાણતા-દેખતા નથી, પરંતુ પરથી તદ્દન ભિન્ન રહીને, પરના સુખદુઃખાદિનું સંવેદન કર્યા વિના જાણે-દેખે છે એટલું જ સૂચવવા તેને વ્યવહાર કહેલ છે.'** બાકી નિશ્ચયથી તો પોતાને આનંદસહિત વેદે છે. જ્ઞાન-આનંદાદિ સર્વ. જેટલી તાકાત લોકાલોકની છે એટલી તાકાતનું જ્ઞાન પોતામાં છે એને વેદે છે. પરને વેદતા નથી પણ સ્વને વેદે છે એમ અહીં સમજવું જોઈએ. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

*** જેમ સિદ્ધલોકમાં સિદ્ધ પરમાત્મા બિરાજમાન છે તેમ આ દેહદેવાલયમાં નિજ પરમાત્મા બિરાજમાન છે અને તે જ ઉપાદેય છે. 'પરનું હું કરું'—એ આડે દેહદેવાલયમાં બિરાજમાન પરમાત્મા પોતે પોને ભાસતો નથી, દેખાતો નથી. વાસ્તવિક રીતે દેખે તો અશુચિમય દેહદેવાલયમાં બિરાજમાન દેહથી ભિન્ન મહા પવિત્ર પ્રભુ પોતે છે. દેહ તો વેદનાની મૂર્તિ છે, ભગવાન આત્મા દેહની પેઠે અશુચિ નથી. દેહ તો હાડકાં, માંસ,લોહી, વીર્યની કોથળી છે. ૬૮૮.**

* * *

*** શુભરાગ છે તે મારી ચીજ છે એવો અનાદિથી અભ્યાસ થઈ ગયો છે. આત્મા કરનારો ને શુભરાગ તેનું કર્મ એવી અજ્ઞાનથી કર્તા-કર્મની પ્રવૃત્તિ છે. પોતાના સ્વરૂપને જાણતા નથી એવા અજ્ઞાનીજીવો રાગ સાથે એક્તાબુદ્ધિ કરીને 'રાગ મારું કર્તવ્ય છે'– એવી અજ્ઞાનપણે કર્તાકર્મની પ્રવૃત્તિ કરી રહ્યાં છે. રાગ સાથે એકત્વપણું માન્યું છે પણ જ્ઞાયક પ્રભુ એકરૂપ થયો નથી. રાગની એક્તાબુદ્ધિ એ અજ્ઞાનનો અભ્યાસ છે ને રાગથી ભિન્ન પડીને જ્ઞાયકનો અભ્યાસ તે ધર્મનો અભ્યાસ છે—જ્ઞાનનો અભ્યાસ છે. ૬૮૯.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી નિયમસાર, ગાથા–૯૩, શ્લોક–૧૨૩, પ્રવચન નં. ૯૫, તા. ૩-૧૨-૧૯૭૯ [૧૩]

'નિયમસાર'. ગાથાર્થ છે ને ? 'સમયસાર'ની ગાથા.

**ગાથાર્થ :-** **'પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર, ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ—એ આઠ પ્રકારનો વિષકુંભ છે.'** શું કહે છે ? **'કરેલા દોષોનું નિરાકરણ કરવું...'** દોષ થયા હોય એનું નિરાકરણ (કરવું) એ શુભભાવ છે અને શુભભાવ તે ઝેરનો ઘડો છે. આકરી વાત છે. વ્યવહારકારણ કહ્યું ને ઇ ? કથનમાત્ર છે, કહેવામાત્ર છે. વસ્તુ રાગ છે. વ્યવહાર પ્રતિક્રમણ એ તો રાગ છે. કથનમાત્ર-વ્યવહાર કહેવામાં આવે છે. વાસ્તવિક કારણ, મોક્ષનું કારણ તો વાસ્તવિક ત્રિકાળ કારણપરમાત્મા વસ્તુ જે કારણદ્રવ્ય ત્રિકાળ એ કારણ (છે) અને એમાંથી થતી નિર્મળ પર્યાય એ મોક્ષનું કાર્ય (છે) અને આ વ્યવહાર એ તો કથનમાત્ર, જાણવાલાયક એવો ભાવ આવે, એટલે એ જાણવામાત્ર, કહેવામાત્ર છે. **'પ્રતિક્રમણ = કરેલા દોષોનું નિરાકરણ કરવું તે...'** એ શુભભાવ છે, એ ઝેર છે, ઝેરનો ઘડો છે. અર..ર..! આખી દુનિયા પાપમાં પડી એને આ પુણ્યને ઝેર કહેવું !

**શ્રોતા :–** એવું જ વસ્તુનું સ્વરૂપ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનાદિ અનાદિથી રખડતો ભૂલ્યો છે. રખડતો અનાદિથી ચોરાશીના અવતારમાં અનંતા અનંતા ભવ કર્યા પણ એણે વ્યવહારનો પક્ષ મૂક્યો નહિ. વ્યવહાર છે એ પણ કારણ છે. અહીં કથનમાત્ર કારણ કહ્યું, વાસ્તવિક કારણ નથી. આહા..હા..! વાસ્તવિક કારણ તો ત્રિકાળી આત્મા કારણપરમાત્મા એ વાસ્તવિક કારણ મોક્ષનું અને તેના કારણથી થયેલી મોક્ષના માર્ગની દશા, એ મોક્ષના માર્ગની નિર્મળ વીતરાગી દશા એ મોક્ષનું કારણ (છે), એ વાસ્તવિક કારણ છે. આહા..હા..!

દ્રવ્ય કારણ. શક્તિમાં તો એમ લીધું છે ને ? દ્રવ્ય જે વસ્તુ છે એની શક્તિ કારણ છે. જીવતરશક્તિ એ જીવદ્રવ્યનું કારણ છે. આ વ્યવહાર કાંઈ જીવદ્રવ્યનું કારણ નથી. આહા..હા..! શું કહ્યું ? ૪૭ શક્તિનું જ્યાં વર્ણન કર્યું, ત્યાં જીવતરશક્તિ જીવદ્રવ્યનું કારણ છે એમ કહ્યું અને એ શક્તિઓ અને દ્રવ્ય પરદ્રવ્યને માટે કારણ નથી એમ કહ્યું, પરદ્રવ્યને માટે કારણ નથી. અકારણકાર્યશક્તિ આવીને ? આહા..હા..! પરદ્રવ્યને માટે કારણ નથી, સ્વદ્રવ્યને માટે કારણ શક્તિઓ

છે. જીવતરશક્તિ, ચિતિ, દશિ એ બધી કારણ છે અને મોક્ષનું કારણ એ કારણપરમાત્માનો આશ્રય લઈને જે વીતરાગી પર્યાય પ્રગટ થાય એ પર્યાય મોક્ષનું કારણ છે. આવું લાંબુ લાંબુ યાદ રાખે. પાપના ધંધા આડે નવરાશ ન મળે. 'શાંતિભાઈ' ! આખો દિ' પાપનો ધંધો. આ કર્યું.. આ કર્યું... આ કર્યું... હવે એમાં આવી વાત, વીતરાગની વાત કાને સાંભળવી મુશ્કેલ પડે. એ સમજે કે દિ' અને એના ભવના અંત કે દિ' આવે ? આહા..હા..!

અહીં કહે છે, પ્રતિક્રમણ જે વ્યવહાર છે, એને અમે ઝેરનો ઘડો કહીએ છીએ, ઝેર છે. આહા..હા..! વ્યવહારને કથનમાત્ર કારણ કહીએ છીએ. વાસ્તવિક કારણ છે નહિ. પછી બીજું. **'પ્રતિસરણ = સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા.'** સમકિત આદિની પ્રેરણા કરવી એ પણ વિકલ્પ છે, એ પણ ઝેર છે. વિકલ્પ ઊઠે છે, સમકિતની પ્રેરણાની વૃત્તિ ઊઠે એ વિકલ્પ છે એ પણ ઝેર છે. આહા..હા..! **'પરિહાર = મિથ્યાત્વરાગાદિ દોષોનું નિવારણ.'** મિથ્યાશ્રદ્ધા આદિનો ત્યાગ એમાં પણ શુભભાવ છે. શુભભાવ છે એ પણ ઝેરનો ઘડો છે, વિષકુંભ છે. આકરું કામ, બાપા ! દુનિયાને મળવું મુશ્કેલ. આખી દુનિયા વ્યવહારમાં પડી છે. ગળામાં પડી, ગળાડૂબ ઝેરમાં બોળાઈ ગઈ છે. આહા..હા..! એને આવી વાતું (કહેવી). ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમેશ્વરનું આ ફરમાન છે. 'ગુલાબચંદ' લાગે છે.

**'ધારણા = પંચનમસ્કારાદિ,...'** પાંચ નમસ્કાર ધારણ કરવા એ શુભભાવ છે, ઝેર છે. આહા..હા..! જગતને આકરું પડે. હજી પાપ આડે નવરો થાય નહિ એમાં વળી શુભભાવ આવે. એક ઘડી આવે, એક કલાક પૂજા-ભક્તિ કરવા આવે, દેવ-દર્શન કરવા આવે એમાં એક શુભભાવ થોડો આવે, તો એ કહે છે કે એ ઝેર છે, એ ધર્મ નથી. એ શુભભાવથી ભિન્ન અંદર આત્માનો આનંદનો અનુભવ કરે એનું નામ ધર્મ છે. આહા..હા..! આવી વાત છે. દુનિયાને બેસવી કઠણ પડે. બહારની હૂંફમાં, બહારની પ્રવૃત્તિની હૂંફમાં એમાં વળી પાંચ-પચ્ચીસ લાખ પૈસા થયા હોય, પચ્ચીસ-પચાસ લાખ પૈસા થયા હોય, કરોડ-બે કરોડ થઈ ગયા એટલે આંખ્યુ ફરી જાય. આહા..હા..! આ કીધું ને પરમ દિ'. ૨૦ લાખની એક મોટર. ૨૦ લાખની એક મોટર. એટલે એને એમ જાણે... આહા..હા..! અમે શું જાણે બાદશાહ !

**શ્રોતા :–** એવી મોટરમાં બેસીને દીકરો પરણવા જાય તો કેટલું સુખ થાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળમાં (સુખ ના થાય).એકલું પાપ છે. એ ૨૦ લાખની મોટર 'મુંબઈ' સ્ટેશને મૂકવા આવી હતી. કેટલા પૈસાની છે ? કીધું કે ૨૦ લાખની. પરદેશમાંથી લાવ્યા છે. ૫૦ લાખની એક મોટર છે. એક મોટર ૫૦ લાખની. આ ધૂડું ભેગી કરીને મરી જવાના બિચારા. આહા..હા..! અહીં તો (કહે છે), એ તો બધું પાપ છે પણ શુભભાવ અહીં કરે... આહા..હા..! છે ?

**'પંચનમસ્કારાદિ મંત્ર,...'** જપે. **'પ્રતિમા...'**ને વંદન કરે. **'વગેરે બાહ્ય દ્રવ્યોના આલંબન વડે ચિત્તને સ્થિર કરવું તે.'** બધો શુભભાવ ઝેર છે. આકરી વાત, પ્રભુ ! શું થાય ? બિચારા સાધારણ માણસને

તો સાંભળવા મળ્યું નથી. આહા..હા..! **'નિવૃત્તિ = બાહ્ય વિષયકષાયાદિ ઇચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું...'** વિષયકષાયમાં જતાં ચિત્તને પાછું વાળવું એ પણ એક શુભભાવ છે, એ પણ રાગ અને ઝેર છે. શુભભાવ છે ને ? આહા..હા..! એ ધર્મ નથી. ધર્મ તો શુભ અને અશુભભાવ, એનાથી ભિન્ન પડીને ચૈતન્યનું દર્શન કરે, ચૈતન્યની દૃષ્ટિ જ્ઞાન નિર્મળ કરે એનું નામ ધર્મ છે. જૈનધર્મ વીતરાગ પરમેશ્વરનું જિનેશ્વરનું કથન આ છે. એને કેટલાય બિચારાએ તો સાંભળ્યું ન હોય. આ કઈ જાતનો ધર્મ હશે ? આહા..હા..!

**'નિંદા = આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું...'** આત્મસાક્ષીએ દોષનું પ્રગટ કરવું એ પણ શુભભાવ છે. એ વ્યવહાર કારણ નિમિત્ત-કથનમાત્ર વ્યવહાર છે, એ ધર્મ નથી, ઝેર છે. આહા..હા..! સાંભળ્યું જાય નહિ, કઠણ પડે જગતને, શું થાય ? હજી સંસારમાં ધંધા આડે નવરા ન મળે. આખો દિ' બાયડી, છોકરા અને આબરૂ, કીર્તિના હડફા, પૈસા ભર્યા હોય ને આ કર્યા, લીધા ને દીધા ને આ કર્યા... ઓહોહો..! ત્યાં તો જાણે અમે ક્યાં ચડી ગયા મોટા ! એમાં કરોડ, બે કરોડ, પાંચ કરોડ થાય એટલે થઈ રહ્યું. આ કીધું ને બે છોકરાઓ નથી ? આપણે 'પૂનમચંદ' અને 'ન્યાલચંદ'. છોકરાના આજના લગન છે ને ? પાંચ કરોડ રૂપિયા. ૨૦ લાખની મોટર લાવ્યો છે એમાં બેસીને લગન કરવા જશે. આજના લગન છે ને ? બે ભાઈ પાસે. એક પાસે પાંચ કરોડ, બીજા ભાઈ પાસે પાંચ કરોડ. એકને એક દીકરી જ છે, દીકરો નથી. દર્શન કરવા આવ્યા હતા. પણ બધા હૂંફ હૂંફ. પૈસાની આમ હૂંફ જાણે.. આહા..હા..! પૈસા એટલે શું ? ધૂડ. માટીની ધૂડ છે. એના હૂંફમાં (રહે).

અહીં તો કહે છે કે આત્મસાક્ષીએ પાપ લાગ્યા એની નિંદા કરવી એ પણ શુભભાવ છે. અને **'ગુરુસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે'** શુભભાવ છે અને **'દોષ થતાં પ્રાયશ્ચિત...'** લેવું એ પણ શુભભાવ છે. આહા..હા..! આ વ્યવહાર છે તે ઝેર છે. વીતરાગ પરમાત્મા વીતરાગદેવ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ મહાવિદેહમાં 'સીમંધરસ્વામી' ભગવાન બિરાજે છે ત્યાંથી આ વાત આવી છે. ત્રિલોકનાથ પરમાત્મા એમ કહેતા હતા એ વાત 'કુંદકુંદાચાર્યે' આવીને અહીં મૂકી છે. આહા..હા..! 'યશપાલજી' ! આવી વાત આકરી પડે. શું થાય ? બસ, ઉડી જાય વ્યવહાર, ત્યારે વ્યવહાર નહિ ? ખોટો ? વ્યવહાર ખોટો શું લાખવાર ખોટો. એવા વ્યવહાર અનંત વાર કર્યા છે. એ વ્યવહાર અત્યારે ક્યાં તારી પાસે છે ? એવો વ્યવહાર તો અનંત વાર કર્યો છે કે ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે અને નગ્ન મુનિ થઈને દિગંબર અનંત વાર થયો પણ સમ્યગ્દર્શન–આત્મજ્ઞાન નહિ. એ ક્રિયાકાંડ કરીને એમાં ધર્મ માન્યો. આહા..હા..! એ આઠ બોલ કીધા. **'એ આઠ પ્રકારનો વિષકુંભ છે.'** છે ને ?

હવે 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે.

``यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं
तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात्।
तत्किं प्रमाद्यति जनः प्रपतन्नधोऽधः
किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः।।''

**શ્લોકાર્થ :- '(અરે! ભાઈ,) જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે,...'** આહા..હા..! જ્યાં પ્રતિક્રમણના શુભભાવને ઝેર કહ્યું, **'ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય ?'** ત્યાં તારા વેપાર અને ધંધાના પરિણામ પાપ એકલા હોય એ અમૃત ક્યાંથી હોય ? એ તો એકલું મહાઝેર છે. આહા..હા..! પ્રતિક્રમણના પરિણામને ઝેર કહ્યા તો તારા વેપાર, ધંધા, બાયડી-છોકરાને રાજી રાખવા, પાંચ પચ્ચીસ લાખ પેદા કર્યા હોય ત્યાં, ઓહોહો..! જાણે શું કર્યું ને અમે શું આગળ વધી ગયા ! એમાં ખુશી થાય એ તો એકલું ઝેર છે, ઝેરના પ્યાલા પીવે છે. આહા..હા..! આવું કામ છે.

**'જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું...'** જ્યાં પ્રતિક્રમણ શુભવ્યવહાર જે છે એને ઝેર કહ્યું, **'ત્યાં અપ્રતિક્રમણ...'** સંસારના પાપના પરિણામ **'અમૃત ક્યાંથી હોય ?'** સંસારના રળવાના, વિષયના ભોગના, ધંધાના પૈસા મેળવવા, વ્યાજ ઊપજાવવા, આખો દિ' ધંધા કરવા, આ દીધા, આ લીધા, આ કર્યા, આ કર્યું. જાણે ગાંડા, જાણે જોઈ લ્યો પાગલ. 'શાંતિભાઈ' ! એમાં 'મુંબઈ' અને 'કલકત્તા'. એ બેય જોયું છે ને ? ત્રણે જોયું છે. 'દિલ્હી', 'મુંબઈ' અને 'કલકત્તા'. આહા..હા..! ગાંડા જાણે જોઈ લ્યો, પાગલ જેવા. આહા..હા..!

ઘણા વર્ષ પહેલાં 'પાલેજ'માં અમારી દુકાન હતી ને. તો માલ લેવા ગયેલા. કેવું ? 'કોલાબા'. 'કોલાબા' જોવા ગયેલા. એને પણ ઘણા વર્ષ થયા. લગભગ ૭૨ વર્ષ થયા. ૭૨ વર્ષ પહેલાંની વાત છે. એક મારવાડી આમ ... લીધા.. દીધા... લીધા... દીધા... એમ કરતો હતો. આ તો ૭૨ વર્ષ પહેલાંની વાત છે. દુકાનનો માલ લેવા ગયેલ. 'પાલેજ'માં દુકાન છે ને ? 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે. અત્યારે દુકાન ચાલે છે. મોટી દુકાન છે. ચાલીસ લાખ રૂપિયા છે, ચાર લાખની પેદાશ છે. તે દિ' માલ લેવા ગયેલ. જાણે પાગલ લાગે. કીધું, આ શું કરે છે ? મારવાડી. લીધા.. દીધા... લીધા... દીધા... કર્યા કરે. શું કહેવાય કીધું ? 'કોલાબા'. 'કોલાબા' ફોન આવે ને ? 'લંડન'થી ફોન આવે એટલે પછી માથા ફરી જાય. આહા..હા..! શું છે આ ? પ્રભુ ! જ્યાં ભગવાને પ્રતિક્રમણ કરવાના પરિણામને ઝેર કહ્યાં ત્યાં તારા આવા અપ્રતિક્રમણના પાપ છે એ તો ઝેર, ઝેર ને ઝેર છે. આહા..હા..! દુનિયા વખાણે પાગલ, પાગલ વખાણે પાગલને કે અહો..! આની પાસે તો પચાસ લાખ થયા, આની પાસે કરોડ થયા ને આની પાસે બે કરોડ થયા.

અહીં કહે છે, **'અમૃત ક્યાંથી હોય ? (અર્થાત્ ન જ હોય.) તો પછી માણસો નીચે નીચે પડતા થકા...'** અમે તો પુણ્યને ઝેર કહીને ઊંચે ચઢાવીએ છીએ. શુભને પુણ્ય કહી, ઝેર કહીને

ઊંચે અંતરમાં આત્મામાં જા એમ કહીએ છીએ, ધર્મ ત્યાં છે. અંદર આત્મામાં જા, ધર્મ ત્યાં છે. એમ અમે કહીએ (છીએ) ત્યાં તું આમ નીચે નીચે કેમ ઉતરી જાય છે ? શુભ છોડીને વળી ત્યાં અશુભ ક્યાં ચાલ્યો જાય છે ? આહા..હા..! આવું ક્યાં (છે) ?

**'પ્રમાદી કાં થાય છે ? નિષ્પ્રમાદી થયા થકા ઊંચે ઊંચે કાં ચડતા નથી ?'** આહા..હા..! અમે પ્રતિક્રમણ આદિના શુભભાવને ઝેર કીધા, એથી એને છોડીને તું સંસારના અશુભભાવમાં જા, એ તો નીચે નીચે અધોમાં ઉતર્યો. શુભભાવને છોડીને અંદર શુદ્ધ આત્મામાં જા. તો ત્યાં શાંતિ છે. જ્ઞાનાનંદ, સહજાનંદ પ્રભુ અંદર વીતરાગદેવે જોયો, જિનેશ્વરદેવ, જેણે આત્મા જોયો એ અંતર અમૃતનો સાગર છે, અમૃતનો દરિયો ભગવાન છે, એની સામું તને જોતા આવડ્યું નથી. એની સામું જોતા આવડ્યું નથી પણ સાંભળ્યું નથી તેં. સાંભળ્યું એટલું બધું બહારનું ઝેરનું સાંભળ્યું છે. આહા..હા..!

કહે છે કે એ વાત અમે ઊંચી કહીએ છીએ. પ્રતિક્રમણ આદિને ઝેર કીધા, એથી તેને છોડીને અશુભમાં ક્યાં જા છો ? એને છોડીને અંદરમાં જાને. શુદ્ધ આત્મામાં જાને. આહા..હા..! ચૈતન્ય ભગવાન અંદર બિરાજે છે. પરમાત્મસ્વરૂપ જ આત્મા છે. પરમાત્મસ્વરૂપ ન હોય તો પરમાત્મા થાય ક્યાંથી ? અરિહંત થયા એ ક્યાંથી થયા ? એ કાંઈ બહારથી આવે છે ? એ અંદરમાં સ્વરૂપ ભર્યું છે એમાંથી આવે છે. એટલે કહે છે, જ્યાં છે ત્યાં જા ને. રાગને અમે ઝેર કીધો માટે હેઠે ઊતરીને અશુભરાગમાં જા છો, એ કાંઈ ઠીક કહેવાય ? આહા..હા..! આકરી વાત છે.

**'વળી (આ ૯૨ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—'**

એ 'સમયસાર'નો શ્લોક હતો.

**आत्मध्यानादपरमखिलं घोरसंसारमूलं**
**ध्यानध्येयप्रमुखसुतपःकल्पनामात्ररम्यम्।**
**बुद्ध्वा धीमान् सहजपरमानन्दपीयूषपूरे**
**निर्मज्जन्तं सहजपरमात्मानमेकं प्रपेदे।।१२३।।**

આહા..હા..! આ તો શાંતિથી સાંભળે ત્યારે થાય. વીતરાગનો માર્ગ બહુ ઝીણો છે. લોકોએ તો બહારથી જરી એક કલાક પૂજા કરી, ભક્તિ કરી, દાન કર્યું, ક્યાંક પાંચ-પચ્ચીસ હજાર દાન આપ્યા, થઈ ગયો ધર્મ માનીને બેઠા. અરે..! તારા કરોડ આપને. ત્યાં ક્યાં ધર્મ હતો ? એ શુભભાવ હોય તો પુણ્ય થાય. એ પુણ્ય છે ઇ ઝેર છે. આહા..હા..! 'ભભૂતમલે' આઠ લાખ ખર્ચ્યા. 'બેંગલોર'. આઠ લાખનું મંદિર બનાવ્યું. એ શ્વેતાંબર છે. બનાવ્યું દિગંબર મંદિર. ચાર લાખ સ્થાનકવાસી મારવાડીએ આપ્યા. 'જુગરાજજી'. છે ને ? 'મહાવીર માર્કેટ' મહાવીર માર્કેટ છે ને ? હમણા ગુજરી ગયા. છોકરો આવ્યો. અહીં બધા આવતા. એ સ્થાનકવાસી હતા. એની પાસે એક કરોડ રૂપિયા છે, ઓલા પાસે બે કરોડ રૂપિયા છે. બે કરોડવાળાએ આઠ લાખ આપ્યા, એક કરોડવાળાએ ચાર લાખ આપ્યા.

અને બાર લાખનું મંદિર બનાવ્યું. હમણા ગયા હતા ત્યારે ત્રણ લાખ વધાર્યા. પંદર લાખનું બનાવ્યું. 'બેંગલોર.' આહા..હા..! ભાઈ ! આ બધા તારા પંદર લાખ કહે કે ગમે એ કહે, એ ધર્મ નથી. શુભભાવ છે, પુણ્ય છે. ચોખ્ખી વાત છે. એક રકમે આઠ લાખ આપ્યા. બે કરોડની મૂડી છે. સ્ટીલનો ધંધો છે. સ્ટીલ.. સ્ટીલ..

**શ્રોતા :–** કમાણા કેટલા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પછી કમાણા ચાલીસ લાખ. અમારામાં રોકાણા ને. અમે ત્યાં હતા ત્યારે મંદિરની મોટી ધામધૂમ કરી, એમાં રોકાણા. ત્યારે બે કરોડનું સ્ટીલ પડેલું, એમાં આઠ લાખ ખર્ચ્યા, ચાલીસ લાખ આવ્યા. સ્ટીલમાં ભાવ વધી ગયા તો ચાલીસ લાખ આવ્યા. એ તો પૂર્વના પુણ્યને લઈને આવે. એનું કાંઈ નથી.

**શ્રોતા :–** આપના પગલા થાય ત્યાં રૂપિયા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વાતું બધી વાતું. પૂર્વના પુણ્ય વિના કાંઈ આવે નહિ. પુણ્યથી આવે પણ આવે છે ઇ પાપ (છે). પરિગ્રહ એ પાપ (છે). કરોડ અને બે કરોડ રૂપિયા છે એ પોતે પાપ છે. કારણ કે પરિગ્રહને ભગવાને પાપ કહ્યું છે. અભ્યંતર પરિગ્રહ અને બાહ્ય પરિગ્રહને પાપ કહ્યું છે. આવે પુણ્યથી પણ પરિગ્રહ પોતે પાપ છે અને એનો કરનારો પાપી છે. એને લોકો પુણ્યશાળી કહે, ગાંડી દુનિયા. આહા..હા..! એ તો આવ્યા નહિ ? હમણા 'ભભૂતમલ' આવ્યા હતા ને. અહીં સવા લાખ આપ્યા ને. અહીં મકાન બનાવ્યું છે. સવા લાખ આપ્યા, હમણા સવા લાખ બીજા આપ્યા. એમ પૈસા આપે છે. ઉદાર માણસ. પણ શુભભાવ છે, કીધું, ભાઈ ! આમાંથી કાંઈ ધર્મ થઈ જાય અને કલ્યાણ થઈ જાય અને જન્મ-મરણ મટી જાય. તારા આઠ લાખ અને દસ લાખ ધૂડમાં, એ વાતમાં માલ કાંઈ નથી. આહા..હા..!

**શ્રોતા :–** પૈસા આપવા કે ન આપવા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ આપી કોણ શકે છે ? એને ભાવ થાય. ઝીણી વાત છે, ભાઈ ! પૈસા તો જડ છે, અજીવ, માટી, ધૂડ છે, એ તો પુદ્ગલ છે. એ પુદ્ગલ જવા-આવવા, એ તો એને કારણે જાય-આવે. આત્મા એમ માને કે હું આપું છું, એનું અભિમાન (કરે) એનો જડનો સ્વામી થાય છે. રાગની મંદતાનો ભાવ કરે, બસ. પૈસા જવા હોય તો જાય. આહા..હા..! વાતે વાતે ફેર પડે. દુનિયાની સાથે મેળ ક્યાંય ખાય એવો નથી. આહા..હા..! વાપરવામાં પણ પૈસા મારા છે એમ માને તો મિથ્યાત્વ છે. કારણ કે એ તો જડ છે, પૈસો માટી ધૂડ છે. આત્મા ચૈતન્ય અરૂપી અંદર ભિન્ન છે. એ તો ધૂડ છે (પણ) આ શરીર, માટી ધૂડ છે. આ ક્યાં આત્મા હતો, આ તો માટી છે. આ મારું છે એમ માને એ મિથ્યાત્વ છે. આહા..હા..! આકરું કામ છે.

અહીં કહે છે, **'આત્મધ્યાન સિવાયનું...'** છે ? આહા..હા..! આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ (છે). આહા..હા..! જેમ નાળિયેરમાં ગોળો જુદો છે એમ આ શરીર અને

રાગથી આત્મા અંદર તદ્દન જુદો છે. આહા..હા..! એવા આત્માનું ધ્યાન એ **'સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે,...'** આહા..હા..!

**શ્રોતા :–** આચાર્ય આકરા શબ્દો વાપરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છે એ છે. આચાર્યને જગતની ક્યાં પડી છે ? જગત માને ન માને એ એને ઘરે રહ્યું. અનાદિકાળથી જગત સ્વચ્છંદે ચાલે છે. એણે–જગતે સાચું માન્યું છે કે દિ' ? એક તો સંસારથી નવરો થાતો નથી, આખો દિ' ધંધો પાપ. નવરો થાય તો છ-સાત કલાક ઊંઘ ને છ-સાત કલાક બાયડી-છોકરાને રાજી કરવા, એક કલાક કદાચ સાંભળવા મળે તો આવું સાંભળે– પૂજા કરો, ભક્તિ કરો તો ધર્મ થશે. એ મિથ્યાત્વ છે, મિથ્યાત્વનું પોષણ છે. આહા..હા..! આકરું કામ બહુ, બાપુ !

અહીં કહે છે, **'આત્મધ્યાન સિવાયનું...'** છે ? આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રભુ (છે) એને ધ્યેય બનાવીને એનું ધ્યાન (થાય)... આહા..હા..! એ **'સિવાયનું બીજું બધું...'** શુભ અને અશુભભાવ બેય **'ઘોર સંસારનું મૂળ છે,...'** આહા..હા..! એમાં છે કે નહિ ?

**શ્રોતા :–** મુનિરાજ તો એમ જ કહે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ જેમ હોય એમ કહે ને ! કેવળી પરમાત્માએ કહ્યું એ મુનિ કહે છે. ત્રિલોકનાથ પરમાત્મા 'સીમંધર' ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. એમના મુખમાંથી નીકળ્યું છે, એ આ કહે છે. આહા..હા..!

અહીં એ કહે છે કે **'આત્મધ્યાન સિવાયનું બીજું...'** અર..ર...! આકરી વાત. આત્મા જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ, એ રાગના, દયા-દાનના વિકલ્પથી, રાગથી પણ અંદર ભિન્ન છે. એવા આત્માનું ધ્યાન, એ આત્માનું જ્ઞાન, એના સિવાય જેટલો શુભ અને અશુભભાવ કરે એ **'ઘોર સંસારનું મૂળ છે.'** આહા..હા..! શુભ-અશુભ બેયને ઘોર સંસારનું મૂળ કીધું. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ હોય કે અશુભ હોય, બેય ઘોર સંસાર છે. આહા..હા..! છે ? આજે આકરી વાત આવી. વાત તો આ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' દુનિયાથી મળે, ન મળે તેથી કાંઈ બીજું ફરી જાય એવું છે ? આહા..હા..!

**'આત્મધ્યાન સિવાય...'** આત્મા જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ અંદર જ્ઞાનસ્વરૂપ આત્મા, આનંદસ્વરૂપ આત્મા (છે) એનું ધ્યાન, એને ધ્યેય બનાવીને ધ્યાન. એ **'સિવાયનું...'** જેટલા શુભ-અશુભભાવ **'બધું ઘોર સંસારનું મૂળ છે,...'** ચાર ગતિ રખડવાની મળે એવું છે. આહા..હા..! આવી વાત છે. છે ? એમાં છે કે નહિ ? **'આત્મધ્યાન સિવાયનું બીજું...'** એક કોર આત્મધ્યાન અને એક કોર બીજું બધું. આહા..હા..! શાસ્ત્રશ્રવણ, શાસ્ત્રકથન, વાંચન એ બધો શુભભાવ (છે). એ શુભભાવ અને સંસારનો પાપભાવ, દુકાન અને ઘરનો ભાવ એકલું પાપ. એ બેય **'ઘોર સંસારનું મૂળ છે,...'** આહા..હા..!

ક્યાં જશે એ ? ચોરાશી લાખ યોનીમાં ક્યાં અવતરશે ? આહા..હા..! આત્મા તો અનાદિ-

અનંત છે, નિત્ય છે. શરીર છૂટી જશે. શરીર તો થોડો વખત રહેવાનું છે. ૫૦-૬૦ નીકળી ગયા એને કાંઈ ૫૦-૬૦ રહેવાના નથી. થોડો વખત છે એ છૂટીને જાશે ક્યાંક. ધર્મ છે નહિ, પુણ્યની ખબર નથી. પુણ્ય કોને કહેવું અને કેમ થાય એનો વખત લેતો નથી. એક કલાકનો વખત લે તો ભક્તિ કરે, એક કલાક પૂજા કરે એટલે થઈ રહ્યું, જાવ ધર્મ થઈ ગયો. એ કોઈકે પૂછ્યું હતું. આ ભાઈને. ... માણસ.. 'ન્યાલચંદ' (પાસે) ચાર કરોડ રૂપિયા છે, દીકરો નથી. ચાર કરોડ-પાંચ કરોડ રૂપિયા. કોઈએ કહ્યું... એવું સાંભળ્યું. કોઈ કહેતું હતું. કોઈએ કહ્યું કે કાંઈક કરો. કરીએ છીએને. ભક્તિ કરીએ છીએ, પૂજા કરીએ છીએ. સામે મૂર્તિનો ફોટો રાખીને એક કલાક ભક્તિ અને પૂજા કરે. લ્યો, એ કર્યું એ અમે કર્યું. આહા..હા..! ત્યાં કહ્યું હતું. કોઈકે પૂછ્યું હતું. કોઈકે પૂછ્યું અને પછી કહ્યું કે અમે ધર્મ કરીએ છીએ–ભક્તિ કરીએ છીએ, પૂજા કરીએ છીએ. આ ધર્મ, લ્યો. સવારમાં ફોટો રાખે. પ્રતિમા તો ક્યાં હતી ત્યાં એને. ફોટો રાખે અને પૂજા કરે, ભક્તિ કરે, એક કલાક ગાય. આ રેકોર્ડિંગ હવે ઉતાર્યા. રેકોર્ડિંગ લઈ જશે. પણ એમાં વસ્તુ શું છે એની સમજણ કરવી, એનો નિર્ણય કરવો, એને માટે વખત લેવો. આખો દિ' પાપ માટે વખત લે છે. આહા..હા..! ભારે કામ આકરું. પાછો કોઈ છોકરો નથી. એક જ દીકરી પરણાવી. ચાર કરોડ, પાંચ કરોડ રૂપિયા હશે. મોટા બાગ-બગીચા.. બાગ.. બાગ. ત્યાં હમણાં 'મુંબઈ' આવ્યા હતા. કોઈકે પૂછ્યું તો આવો જવાબ આપ્યો. ભગવાનનો ફોટો રાખે અને એની પૂજા કરે અને ગાય. ગાયન-બાયન ગાય. એક કલાક ગાળે. થઈ ગયો લ્યો ધર્મ. ક્યાં બાપા ! એ તો શુભભાવ છે, ઝેર છે, ઘોર સંસારનું મૂળ છે.

**'ધ્યાન–ધ્યેયાદિક સુતપ (અર્થાત્ ધ્યાન, ધ્યેય વગેરેના વિકલ્પવાળું શુભ તપ...)'** શુભ તપ. આ ધ્યાન કરું છું, ધ્યેય અને આ કરું છું, એવો જે વિકલ્પ એ શુભ તપ **'કલ્પનામાત્ર રમ્ય છે;...'** અર..ર..! અંદર ધ્યાનમાં પણ કલ્પનામાત્ર કલ્પનાઓ કરે કે આ આત્મા આ છે, તેમ છે, આત્મા ધ્યાન કરવાલાયક છે અને હું ધ્યાન કરું ને આમ કરું, એ કલ્પનામાત્ર એ શુભભાવ એ તપ કહેવાય. શુભ તપ ધ્યાનમાં (થાય) એ પણ **'કલ્પનામાત્ર રમ્ય છે;—'** આહા..હા..! ક્યાં જાવું આમાં ? બાવો થઈ જાય તો થાય. બાવો જ છે. કોણ, કે દિ' વસ્તુ તારી છે ક્યાં ? શરીર તારું નથી, આ તો માટી-ધૂડ છે. આ તો મહાણની રાખ થાશે. આ તો મહાણની રાખ છે. તારું તત્ત્વ અંદર આત્મા તદ્દન જુદી ચીજ છે. એને લેવા અને દેવા (નથી) આત્મા શરીરને અડતો પણ નથી. શરીર આત્માને અંદર અડતું પણ નથી. અરે..રે..! કોને ખબર પડે ? એમાં આવા ધ્યાન આદિના વિકલ્પો... કહે છે, ધ્યાનના વિકલ્પો પણ, એ સૂતપ પણ એક... આહા..હા..! **'કલ્પનામાત્ર રમ્ય છે;...'** કલ્પનામાત્ર સારું કહેવાય કે ધ્યાનમાં કલ્પના કરી કે આમ કર્યું, આવું ધ્યાન કર્યું, આવું ધ્યાન અને આવો આત્મા–એવી કલ્પનાઓ કરી હતી. આહા..હા..! ગજબ વાત છે.

ક્રિયાકાંડને તો કાઢી નાખ્યું પણ હવે ધ્યાનમાં પણ કલ્પનામાં કલ્પના માંડી કે આમ ધ્યાન...

આમ ધ્યાન.. આમ ધ્યાન... આ ધ્યાન... એવી કલ્પનામાં રોકાણો એ કલ્પનામાત્ર તપ છે. આહા..હા..! આચાર્ય કહે છે મેં મારા માટે આ બનાવ્યું છે. 'કુંદકુંદાચાર્ય' દિગંબર મુનિ કહે છે કે મારે માટે આ બનાવ્યું છે. તમારે સમજવું હોય તો સમજો, કહે છે. આહા..હા..! એને સમાજની પડી નથી કે સમાજ માનશે કે નહિ. સમાજ એને ઘરે રહ્યો. વસ્તુ આ છે. માનવું હોય એ માને. આહા..હા..!

**'ધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે,...'** એ એક કોર રાખ્યું. હવે આ ધ્યાનમાં આવ્યું. ધ્યાન ને ધ્યેય ને એવું સુતપ. ધ્યાન આ અને ધ્યેય આ, એવો જે વિકલ્પ. ધ્યાનની પર્યાય અને ધ્યેય એ દ્રવ્ય ને એવો જે વિકલ્પ એ સુતપ. આહા..હા..! એ **'(વિકલ્પવાળું શુભ તપ પણ) કલ્પનામાત્ર રમ્ય છે;—'** આહા..હા..! ગજબ વાત છે ને ! એને દુનિયાની ક્યાં પડી છે. આહા..હા..! આત્મામાં ધ્યાન સિવાય... હજી આત્મા કોણ એની પણ ખબર ન મળે. અંદર આત્મા શું ચીજ છે ? આત્મા તો પુણ્ય, પાપ, દયા, દાનના રાગરહિત ભિન્ન અંદર તત્ત્વ છે. એ તો શરીરથી તદ્દન જુદું તત્ત્વ છે. હવે એનું ધ્યાનાદિ... કહે છે, એના સિવાયનું બધું ઘોર સંસાર છે. અને ધ્યાનમાં પણ ધ્યાનની કલ્પનામાં રોકાણો કે આ ધ્યેય છે અને આ ધ્યાન છે અને ધ્યાન કરવા લાયક છે, ધ્યાનમાં ન જતાં ધ્યાનની કલ્પનામાં રોકાયેલો... આહા..હા..! એ **'કલ્પનામાત્ર રમ્ય છે;—'** કલ્પનામાત્ર ઠીક કહેવામાં આવે છે. આહા..હા..! ઠેઠ લઈ ગયા. આહા..હા..! આકરું કામ છે, બાપુ !

વીતરાગ જિનેશ્વરદેવનો માર્ગ, પ્રભુ ! બહુ ઝીણો. અત્યારે તો બધી ગડબડ ચાલી છે. બહારથી બધું મનાવીને જિંદગી ચાલી જાય છે. પ્રરૂપણા પણ એવી જ કરે. આ કરો, આ કરો, વ્રત કરો, તપ કરો, ભક્તિ કરો, પૂજા કરો, જાઓ, (થઈ ગયો) ધર્મ. આહા..હા..! અહીં તો ધ્યાન અને ધ્યેયમાં પણ રોકાણો કલ્પનામાં (તો) અંદર ધ્યાન જામ્યું નહિ, એમ કહે છે. આહા..હા..! આત્મા જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ, એમાં એકાગ્ર થઈ શક્યો નહિ અને એની કલ્પનામાં રોકાણો. આહા..હા..! એ સુતપ પણ કલ્પનામાત્ર રમ્ય છે. કલ્પનામાત્ર સારું કહેવામાં આવે છે. છે ?

**'આવું જાણીને...'** આવું જાણીને... આહા..હા..! **'ધીમાન (—બુદ્ધિમાન પુરુષ)...'** બુદ્ધિમાન એને કહીએ... આહા..હા..! જે આત્મામાં અંદર વળે તેને બુદ્ધિમાન કહીએ. આહા..હા..! બાકી બધી કુબુદ્ધિ છે. સંસારના ડહાપણ અને વેપારની કુશળતા અને વકીલાતના ધંધા, ડોક્ટરના મોટા મોટા ધંધા. મહિને પાંચ-પાંચ, દસ-દસ હજાર પેદા કરે. દુઃખી છે બિચારા. આહા..હા..! **'આવું જાણીને ધીમાન (—બુદ્ધિમાન પુરુષ) સહજ પરમાનંદરૂપી પીયૂષના પૂરમાં ડૂબતા...'** આહા..હા..! સ્વભાવિક પરમાનંદરૂપી પીયૂષનું અમૃત. સ્વભાવિક પરમાનંદરૂપી અમૃત આત્મા. અંદર સહજાત્મરૂપી અમૃત ભર્યું છે. આત્મામાં અતીન્દ્રિય અમૃત ભર્યું છે. આહા..હા..! અનંત શક્તિઓનો એ સાગર છે. એવો જે ભગવાનઆત્મા એ **'સહજ પરમાનંદરૂપી પૂયૂષ...'** નામ અમૃત **'એના પૂરમાં ડૂબતા...'** અંદર એકાગ્ર થયો. આહા..હા..! આનંદની ધારા વહે છે. આત્મા આનંદસ્વરૂપ છે-અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપમાં ડૂબતા, અંદર જતા... આહા..હા..! **'(—લીન થતા)...'** ડૂબતાનો અર્થ કર્યો.

**'સહજ પરમાનંદરૂપી પીયૂષ...'** અમૃત, એના **'પૂરમાં ડૂબતા (–લીન થતા) એવા સહજ પરમાત્માનો એકનો આશ્રય કરે છે.'** એવા સહજ પરમાત્માનો **'એકનો...'** ભાષા દેખો ! ધ્યાન અને ધ્યેયની કલ્પના પણ નહિ. શુભભાવ તો નહિ... આહા..હા..! અશુભભાવ તો નહિ પણ ધ્યાન અને ધ્યેયની કલ્પના પણ નહિ. આહા..હા..! સહજ પરમાત્માનો **'એકનો..'** એકનો **'આશ્રય કરે છે.'** વસ્તુ સહજાત્મસ્વરૂપ પરમાત્મા, નિજાનંદ પ્રભુ એનો એકનો આશ્રય કરે તેને ધર્મ થાય છે. આહા..હા..! એકનો આશ્રય કરે છે. ભેદ પર્યાયનો પણ નહિ, ગુણ-ગુણી ભેદનો નહિ. શુભરાગ, અશુભરાગની તો વાત જ શું કરવી ? આહા..હા..! ધ્યાન ધ્યેયની કલ્પના પણ નહિ. એક અમૃતથી ભરેલો ભગવાન આત્મા અંદર, એમાં ડૂબકી મારે એટલે એકાગ્ર થાય છે. આહા..હા..! એ એક જ આશ્રય કરવાને લાયક છે. વાત તો બહુ સારી આવી છે. ટોચ છે, ટોચ. આહા..હા..!

એક પરમાત્મા પોતે. પરમાત્મા બીજા નહિ. એમ કીધું ને ? પોતાને જાણીને **'ધીમાન (–બુદ્ધિમાન પુરુષ) સહજ પરમાનંદરૂપી પીયૂષના પૂરમાં ડૂબતા (–લીન થતાં) એવા સહજ પરમાત્માનો એકનો...'** પોતે એક આત્મા, હોં ! પરમાત્મા એટલે ભગવાન વીતરાગ સર્વજ્ઞ નહિ. વીતરાગ સર્વજ્ઞ ઉપર લક્ષ જતા રાગ થશે. આહા..હા..! એક સહજાત્મ પરમાનંદસ્વરૂપ આત્મા, એનામાં એકનો આશ્રય, એકનો આશ્રય, ગુણ-ગુણી ભેદ પણ નહી. ઓ..હો..હો..! ક્યાંથી ક્યાં કાઢી નાખ્યું. શુભાશુભભાવ ઘોર સંસાર, ધ્યાન-ધ્યેયની કલ્પનામાત્ર રમ્ય, સુતપ રમ્ય... આહા..હા..! એને છોડીને એકલો અંદર **'સહજ પરમાનંદરૂપી પીયૂષના પૂરમાં ડૂબતા એવા સહજ પરમાત્માનો એકનો આશ્રય કરે છે.'** તેને ધર્મ થઈને તેને મુક્તિનું કારણ થાય છે, તેને ધર્મ થાય છે. આહા..હા..! આવું આકરું છે. ક્યાં સુધી કાઢી નાખ્યું. શુભભાવ તો કાઢી નાખ્યો, ઝેર. ધ્યાન, ધ્યેય અને ધ્યાતા, એની કલ્પના રમ્ય એ નહી, એને છોડી દે. આહા..હા..! એકલો સહજ પરમાત્મ અમૃતથી ભરેલો, **'એકનો આશ્રય કરે...'** ગુણ-ગુણી ભેદનો પણ નહિ, પર્યાયનો પણ નહિ. એક ગુણીનો આશ્રય કરે, એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ધર્મ છે. આવો ધર્મ વીતરાગનો છે. આહા..હા..! છે કે નહિ ? અહીંનું શાસ્ત્ર છે આ ? આ 'સોનગઢ'નું નથી કાંઈ. ભગવાનનું કહેલું, મુનિરાજે બનાવેલું છે. આહા..હા..!

એક સ્વદ્રવ્ય, જેમાં એકલું અમૃત અને આનંદ ભર્યો છે. એક આવ્યું હતું. જેનું આનંદ એક લક્ષણ છે, એ આવ્યું હતું. આનંદ એક લક્ષણ છે. અતીન્દ્રિય આનંદ એક જેનું લક્ષણ છે એવા આત્માને અનુભવે, એનું નામ ધર્મ છે. વીતરાગમાર્ગમાં એને ધર્મ કહે છે. આહા..હા..! વાત બહુ આઘે ગઈ. અહીં તો હજી આ વ્યવહાર કરો તો થાય અને આ વ્યવહાર કરો તો થાય અને આ કરો તો થાય. વ્યવહાર કરવો જોઈએ, કરવો જોઈએ, ભક્તિ કરતાં થાય, પરમાત્માની પૂજા કરતાં થાય. આહા..હા..! સાધુને આહાર-પાણી દેતા થાય. એ બધા શુભભાવને તો અહીં ઘોર સંસારનું મૂળ કહ્યું. ધ્યાનમાં અંદર આવ્યો તો કલ્પનામાં ઊભો રહ્યો તો પણ કહે છે, એ નહિ. આહા..હા..!

એકલો પરમાનંદસ્વરૂપ આત્મા, એકનો આશ્રય કરે એને ધર્મ થાય. એ ૯૨ ગાથા (પૂરી) થઈ.

૯૩ ગાથા.

**झाणणिलीणो साहू परिचांग कुणइ सव्वदोसाणं।**
**तम्हा दु झाणमेव हि सव्वदिचारस्स पडिकमणं।।९३।।**

**રહી ધ્યાનમાં તલ્લીન, છોડે સાધુ દોષ સમસ્તને;**
**તે કારણે બસ ધ્યાન સૌ અતિચારનું પ્રતિક્રમણ છે. ૯૩.**

એ ધ્યાન બધા પાપને ટાળવાનું કારણ છે. પુણ્ય અને પાપ બેય. આહા..હા..! ધ્યાનમાં પણ પાછું કોનું ધ્યાન ?–આત્માનું. એ પાછો આત્મા આવો છે... આત્મા આવો છે એવી કલ્પના કરી ત્યાં ઊભો રાખે, એ ધ્યાન છે–એ પણ ધ્યાન નથી. આહા..હા..! અત્યારે એ ચાલ્યું છે. આત્માના ધ્યાનની વાતું. પણ એ ધ્યાન નથી. આ...હા..!

ઓ..હો..હો..! મુનિરાજ કહે છે, મેં તો મારે માટે આ બનાવ્યું છે, મારી ભાવના માટે. આહા..હા..! દુનિયા સાંભળે, સમજે અને લે તો લ્યો. બાકી મેં તો મારી ભાવના માટે બનાવ્યું છે. સત્ય તો આવું છે. સત્ય જેવું વીતરાગમાર્ગમાં એવું સત્ય આ છે. એ સિવાય વીતરાગમાર્ગને નામે, પુણ્યને નામે ધર્મ અને વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો, એ ધર્મ મનાવે એ જૈનમાર્ગ નથી, એ જૈનધર્મ નથી. 'મોક્ષપાહુડ'ની ૮૩ ગાથામાં એ આવી ગયું ને ? પૂજા આદિ જૈનધર્મ નથી. પૂજા, વ્રત, વયાવચ્ચ આદિ બધા શુભભાવ છે, એ કાંઈ જૈનધર્મ નથી. અષ્ટપાહુડમાં આવી ગયું.

ધ્યાન એકલો આત્મા એનાથી રહિત... આહા..હા..! એનું નામ અહીંયાં ધર્મધ્યાન કહેવામાં આવે છે. એ આ ગાથામાં વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** ભગવાન ! એક ક્ષણ પણ તને તારો વિચાર નથી ! તું એક ક્ષણમાત્ર પણ તારું સ્મરણ કરતો નથી ને ધંધાદિમાં કાળ ગુમાવી રહ્યો છે. મહા દુર્લભ એવો આ માનવ ભવ મળ્યો છે છતાં જો અત્યારે આર્ત ને રૌદ્રધ્યાનમાં લીન રહ્યો થકો તારા આત્માની દરકાર કરતો નથી તો ક્યા ભવે તારા આત્માને સંસાર સમુદ્રમાંથી ઉગારીશ ? અનંત ભવ ટાળવા માટેનો આ ભવ છે, ભવના અભાવ માટેનો આ ભવ છે—એમ જાણીને હે જીવ ! તુંતારા આત્માનું ચિંતવન કર. ૭૦૦.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

**શ્રી કળશટીકા, કળશ-૧૯૫, પ્રવચન નં. ૨૧૭**
**તા. ૨૮-૦૧-૧૯૭૮**
**[૧૪]**

'કળશટીકા' ૧૯૫ કળશ છે.

(શિખરિણી)

**अकर्ता जीवोऽयं स्थित इति विशुद्धः स्वरसतः**
**स्फुरच्चिज्ज्योतिर्भिश्छुरितभुवनाभोगभवनः ।**
**तथाप्यस्यासौ स्याद्यदिह किल बन्धः प्रकृतिभिः**
**स खल्वज्ञानस्य स्फुरति महिमा कोऽपि गहनः ।।३-१९५।।**

શું કહે છે ? '**अयं जीवः अकर्ता इति स्वरसतः स्थितः**' આ જીવ વિદ્યમાન ભગવાન, દ્રવ્ય સ્વભાવ, દ્રવ્ય.. દ્રવ્ય, શુદ્ધ દ્રવ્ય સ્વભાવ, જે કર્મ, નોકર્મ અને ભાવકર્મ-પુણ્ય-પાપના ભાવ એનાથી રહિત '**अयं जीवः**' '**વિદ્યમાન છે જે ચૈતન્યદ્રવ્ય...**' ધ્રુવ ટકતું તત્ત્વ ત્રિકાળી એવો જે દ્રવ્ય સ્વભાવ '**તે જ્ઞાનાવરણાદિનું અથવા રાગાદિ અશુદ્ધ પરિણામનું કર્તા નથી...**' વસ્તુમાં એવી કોઈ શક્તિ નથી, વસ્તુમાં કોઈ સ્વભાવ એવો નથી કે રાગને કરે અને રાગને ભોગવે, વસ્તુમાં એવું કોઈ સત્ત્વનું સત્ત્વપણું નથી.

સત્ એવો જે ભગવાનઆત્મા જેનું સત્ત્વપણું એટલે ગુણપણું-ભાવપણું એનો એવો કોઈ ભાવ નથી કે દયા, દાન, વ્રતના વિકલ્પનો કર્તા થાય અને ભોક્તા થાય, સ્વભાવમાં એવી કોઈ શક્તિ-ગુણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? '**स्वरसतः स्थितः**' એવું ચૈતન્યદ્રવ્ય અકર્તા-કર્તા નથી એવું સહજ '**स्वरसतः स्थितः**'. પોતાના સ્વભાવથી સ્વરસથી એ સ્થિત છે. પોતાના આનંદાદિ, જ્ઞાન સ્વભાવથી એવો સ્થિત છે કે જે રાગ, વ્યવહાર રત્નત્રયનો રાગ, તેનો કર્તા-ભોક્તા થાય એવો કોઈ સ્વભાવ નથી. ઝીણી વાત છે. આહા..હા..! પરનો કર્તા-ભોક્તા તો છે જ નહિ.

**શ્રોતા :-** આખી દુનિયા પરનું કામ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈ કરતું નથી. કોણ કરે છે ? 'સુમનભાઈ' કરે છે આ બધું ? 'રામજીભાઈ'એ વકીલાતમાં આ બધું કર્યું હતું ? સ્પષ્ટ કરાવે છે. ભાષા થઈ હતી, એ તો જડ

છે. 'સુમનભાઈ' શું કરે ? રાગ કરે. પરનું કરી શકે છે ?

અહીં તો રાગના કરવાપણાનો કોઈ ગુણ નથી, એમ સિદ્ધ કરવું છે. પર્યાયમાં રાગ ઊભો થાય છે એ અજ્ઞાનને લઈને છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ભગવાન વસ્તુ જે ધ્રુવ વિદ્યમાન ટકતું તત્ત્વ, જ્ઞાયકભાવ... બેનની ભાષામાં જાગતો જીવ, જ્ઞાયકભાવ ઊભો છે ને! એ કોઈ ચીજ રાગને કરે કે ભોગવે એ કોઈ સ્વભાવમાં, સ્વભાવવાનમાં છે નહિ, એવું છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? સંસારનો કોઈ પણ વિકલ્પ, અહીંયાં તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ (આવે) તેનો પણ કર્તા અને ભોક્તા દ્રવ્ય સ્વભાવ નથી. વસ્તુમાં કોઈ એવી શક્તિ નથી, કોઈ ગુણ નથી. આહા..હા..!

સત્ એવું જે સ્વરૂપ, તેનો ભાવ, સત્ એ ભાવવાન તેનો ભાવ. અનંત ભાવ છે, અનંત અનંત ભાવ છે પણ એ ભાવમાં કોઈ ભાવ, ગુણ–શક્તિ એવી નથી કે રાગને કરે. આહા..હા..! સમજાણું કાંઈ ? એવું **'સહજ...'** **'स्वरसतः स्थितः'** ઇ તો પોતાના સ્વભાવના રસથી એ સ્થિત છે. એ કોઈ રાગને કરે એવી વસ્તુમાં સ્થિતિ જ નથી. આહા..હા..! અશુભથી બચવા શુભ આવે છે એમ કહેવું એ તો સમ્યગ્દૃષ્ટિ માટે છે. જેને દ્રવ્યનો સ્વભાવ, રાગનો કર્તા નથી એવો સ્વભાવ અનુભવમાં આવ્યો હોય... આહા..હા..! સમજાણું કાંઈ ? એવી દૃષ્ટિ જેને અંતરમાં અંતર્મુખ (થઈને થઈ હોય), દ્રવ્ય જેવું સ્થિત છે એમ અનુભવમાં આવ્યું હોય એને અશુભથી બચવા રાગ આવે છે પણ તે રાગનો કર્તા નથી. આહા..હા..! કેમકે વસ્તુમાં અનંત અનંત અનંત બેસુમાર શક્તિ (ભરી છે), પણ બેસુમારમાં કોઈ એક શક્તિ એવી નથી કે જે વિકારને કરે. આહા..હા..! હવે અહીં તો (અજ્ઞાની) કહે કે અશુભથી બચવા વ્યવહાર કરે છે તો એ શુભ વ્યવહાર છે અને એ શુભથી શુદ્ધ થશે. ફેરફાર છે, પ્રભુ! વસ્તુની સ્થિતિ એમ નથી.

અહીંયાં એ કહ્યું ને ? **'स्वरसतः स्थितः'** એ સ્વના આનંદ અને જ્ઞાનાદિ સ્વભાવથી સ્થિત છે, ધ્રુવ છે. એમાં એવી કોઈ શક્તિ, સ્વભાવ, રાગ કરવાની શક્તિ છે જ નહિ. આહા..હા..! આ સંસારના ઉદયભાવને ઊભા કરવા એવી કોઈ શક્તિ આત્મામાં નથી. આહા..હા..! ભગવાનઆત્મા જ્ઞાયકભાવ (છે) એમાં તો અનંતી શક્તિઓ પડી છે. શક્તિ શબ્દે ગુણ, ગુણ શબ્દે ભાવ, ભાવ શબ્દે સત્નું સત્ત્વપણું, સત્નો માલ. આહા..હા..! એ અનંત ગુણના માલમાં એવી કોઈ શક્તિ નથી કે રાગને કરે. આહા..હા..! સમજાણું કાંઈ ? માર્ગ એવો છે, ભાઈ! આહા..હા..! વસ્તુસ્થિતિ એવી છે.

કોઈ પણ એક શક્તિ રાગને કરે એવી હોય તો શક્તિનો તો ક્યારેય નાશ થતો નથી તો રાગનો પણ કદી નાશ ન થાય. સમજાણું કાંઈ ? શક્તિ જે ગુણ છે, એવો કોઈ ગુણ રાગ કરવાનો હોય, પણ હોય ક્યાંથી ? વસ્તુ છે આત્મા, એમાં વસ્તુપણું, વસેલા, રહેલા વસ્તુમાં વસેલા, રહેલા ગુણો અમાપ છે, બેસુમાર છે. એમ હોવા છતાં કોઈ શક્તિની એવી શક્તિ નથી કે સંસારનો ભાવ (કરે), રાગ છે તે સંસાર છે. આહા..હા..! ચાહે તો શુભરાગ હો. એ તો કહ્યું ને ? જગપંથ છે. મુનિને પણ રાગ આવે છે તો એ જગપંથ છે. આહા..હા..! પણ એને કરે એવી કોઈ શક્તિ નથી.

જ્ઞાનીને નબળાઈથી ઉત્પન્ન થાય છે. અજ્ઞાનીને સ્વરૂપના અજ્ઞાનથી વિકારનું કર્તાપણું ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

જ્ઞાનીને નબળાઈથી (થાય છે), પર્યાયમાં યોગ્યતા એવી છે તો ઉત્પન્ન થાય છે. ગુણ-દ્રવ્યમાં તો એવી (શક્તિ) નથી. આહા..હા..! વિષયમાં સુખબુદ્ધિ, એ સુખબુદ્ધિનો વિકાર કોઈ જીવ કરે એવો કોઈ આત્મામાં ગુણ નથી. આહા..હા..! પૈસામાં સુખ છે, સ્ત્રીમાં સુખ છે, આબરુમાં સુખ છે એવો જે સુખ નામનો વિકાર... આહા..હા..! ભગવાન તો અતીન્દ્રિય આનંદના સુખથી સ્થિત છે ને! એવા સુખના વિકલ્પનો એ કર્તા કેવી રીતે હોય ? આહા..હા..! 'હસમુખભાઈ'! ઝીણી વાતું છે, બાપુ! ક્યાં લાદીનો ધંધો ને ક્યાં આ વેપાર ? આહા..હા..! અરે..! પોતાનો નિજ સ્વભાવ સ્વયં સ્વરૂપ, સ્વયં સ્વરૂપ જે કાયમી, અસલી, અસલી સ્વભાવ એમાં કોઈ અસલી સ્વભાવમાં કોઈ એવો અસલી ભાવ નથી... આહા..હા..! કે એ શુભરાગને ઉત્પન્ન કરે અથવા રચે એવો કોઈ ગુણ અસલી સ્વરૂપમાં નથી. આહા..હા..! સ્વભાવના અભાનમાં પર્યાયમાં અજ્ઞાનથી વિકાર થાય અને વિકારનો કર્તા થાય તો એ તો અનાદિનો સંસાર છે. આહા..હા..! આવું ઝીણું છે. આવ્યું છે તમારા ભણતરમાં ? ક્યાંય આવ્યું નથી. આહા..હા..! હેં ?

**શ્રોતા :–** એમાં તો ફસાવાનું આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પોતે ફસે છે ને! આહા..હા..!

જ્યાં જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી અનંત અનંત અવિનાભાવી ગુણથી ભરેલો ભગવાન છે આ, એ ભગવાનની દૃષ્ટિ થઈ, નિજ સ્વભાવની પ્રતીતિ અનુભવમાં થઈ એ રાગનો કર્તા થતો જ નથી. નબળાઈથી રાગ આવે છે પણ તેનો તે જ્ઞાતા-દૃષ્ટા રહે છે. આહા..હા..! ધર્મીને વ્યવહાર રત્નત્રયનો રાગ આવે છે પણ આવે છે તેનો એ કર્તા નથી, તેમ તેનો તે ભોક્તા, વેદનનો કર્તા છે તેમ પરમાર્થદૃષ્ટિએ નથી. અહીં દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય જે છે એ વાત ચાલે છે ને ? પર્યાયમાં કર્તા-ભોક્તા છે એ વાત જ્ઞાન જાણે. એ વાત તો ૪૭ નયમાં આવી છે. આહા..હા..!

'**स्वरसतः स्थितः**' એ તો સ્વરસથી જ સ્થિત છે. આહા..હા..! એનો અર્થ શું કર્યો ? '**સ્વભાવથી અનાદિનિધન એમ જ છે.**' રાગનો કર્તા નથી એવો સ્વભાવ અનાદિનો જ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ભાષા થોડી પણ ભાવ તો છે ઇ છે. આહા..હા..! આમાં વાદવિવાદ કરે કાંઈ પાર પડે એવું નથી. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધું છે. અશુભથી બચવા શુભ આવે તો એને તો વ્યવહાર કહો. ઇ તત્ત્વજ્ઞાન સહિત હોય તો અશુભથી બચવા વ્યવહાર આવે છે તેને વ્યવહાર કહે છે. પણ તત્ત્વજ્ઞાન, જ્યાં તત્ત્વ જ એવું છે કે રાગનો કર્તા નથી એવો સ્વભાવ છે, એવી દૃષ્ટિ જ જ્યાં નથી ત્યાં અશુભથી બચવા શુભ (આવે છે એમ ક્યાં છે) ? હજી મિથ્યાત્વથી બચ્યો નથી ત્યાં અશુભથી બચવાનું ક્યાં આવ્યું ? આહા..હા..! સમજાણું કાંઈ ?

એવો સહજ સ્વભાવ. '**स्वरसतः**' છે ને ? રસ એટલે સ્વભાવ. '**અનાદિનિધન...**' '**स्थितः**'નો

અર્થ એ કર્યો. અનાદિ-અનંત એમ જ છે. '**સ્થિતઃ**' આહા..હા..! અનાદિ-અનંત સ્વરસથી સ્થિત. પરનો કર્તા-ભોક્તા નથી એવા સ્વભાવથી ભર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ ? '**કેવું છે ?**' એ '**સ્થિતઃ**'કહ્યું હતું ને ? '**સ્વરસતઃ સ્થિતઃ**' '**કેવું છે ?**' '**વિશુદ્ધઃ**' છે. '**દ્રવ્યની અપેક્ષાએ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મથી ભિન્ન છે.**' આહા..હા..! એને વિશુદ્ધ કહીએ. શુભભાવને પણ વિશુદ્ધ કહે છે, શુદ્ધભાવને પણ વિશુદ્ધ કહે છે, ત્રિકાળીને પણ વિશુદ્ધ કહે છે. વિશુદ્ધ જે ઠેકાણે લાગુ પડે તે પ્રમાણે પાડવું. વિશુદ્ધ શબ્દ શુભભાવમાં પણ આવે છે, વિશુદ્ધ શબ્દ શુદ્ધભાવમાં પણ આવે છે અને વિશુદ્ધ શબ્દ ત્રિકાળીમાં પણ આવે છે. આહા..હા..! અહીંયાં ત્રિકાળીની વાત છે. વિશુદ્ધ. સમજાણું કાંઈ ? આહા..હા..!

એ ભગવાનઆત્મા ત્રિકાળ વિશુદ્ધ (છે). જડકર્મ, નોકર્મ–મન, વાણી, દેહ અને ભાવકર્મ–દયા, દાન, પુણ્ય-પાપના ભાવથી અનાદિ-અનંત ભિન્ન છે. એવું વિશુદ્ધ છે. આહા..હા..! વિશુદ્ધ છે. વિશેષે ખાસ શુદ્ધ છે એ. આહા..હા..! એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? '**भूदत्थमस्सिदो**' કીધું ને ? ભૂતાર્થનો આશ્રય લેવો એમ કહો, જ્ઞાયકભાવ કહો, બેનની ગુજરાતી સાદી ભાષામાં જાગતો કહો અને તે ધ્રુવ છે એને ઊભો કહો. આમાં એક શબ્દ આવ્યો છે ક્યાંક ? 'શ્રીમદ્'ના વચનમાં ક્યાંક છે. ઊભો છે. ઊર્ધ્વ તો બીજું છે. ઊભો છે એવો શબ્દ છે ક્યાંક. આ બે ચોપડી છે ને કાંઈક ? આ 'જ્ઞાનામૃત' અને 'સંતવાણી'. ક્યાંક એક શબ્દ આવ્યો હતો. અનાદિ ઊભો છે ને! અનાદિ છે. આહા..હા..!

**શ્રોતા :–** અનાદિનો ઊભો છે તો થાકતો નહિ હોય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઊભો છે ઇ ચાલતો નથી, એમ કહે છે. ચાલે તો થાકે અને ચાલે એ તો શુદ્ધ પરિણમનમાં ચાલે તો થાકે નહિ. વિશુદ્ધ શુભ-અશુભભાવમાં ચાલે તો થાકી જાય. થાક, દુઃખ.. દુઃખ. આહા..હા..!

અહીં એ કહ્યું. '**દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી ભિન્ન છે.**' એને અહીં વિશુદ્ધ કહેવામાં આવે છે, એને અહીંયાં સ્વરસમાં સ્થિત કહેવામાં આવે છે. સ્વરસથી એમાં સ્થિત છે. ત્રિકાળી પોતાનો સ્વભાવ જે શુદ્ધ છે એમાં એ સ્થિત છે તેને અહીંયાં વિશુદ્ધ કહેવામાં આવે છે. આહા..હા..! અહીંયાં તો હજી દેહની ક્રિયામાં પણ આત્માનું નિમિત્તપણું છે નહિ અને નિમિત્ત છે માટે દેહની ક્રિયા થાય એની હજી હા પાડવી લોકોને મુશ્કેલ પડે. એની મેળાએ દેહ ચાલે ? ભાષા એની મેળાએ બોલાય ? આહા..હા..! અહીં તો સ્વભાવની દૃષ્ટિવાળું જે દ્રવ્ય–વિશુદ્ધ, એ તો રાગનોય કર્તા નથી. એ તો રાગ અદ્ધરથી નબળાઈને લઈને થાય તેનો જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા..!

**શ્રોતા :–** એ તો જ્ઞાનીની વાત છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** તોય કીધું ને ? ત્યારે એને પ્રતીતમાં આવ્યું ને ? દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત ભગવાન આવો છે. અહીંયાં તો એવું કહે છે, અહીં તો બીજું સિદ્ધ કરવું છે કે એ એવો

અનાદિથી જ છે. એ રાગ કરે એવો કોઈ એનામાં ગુણ નથી, એમ સિદ્ધ કરવું છે. પણ એનું ભાન કોને થાય ? આહા..હા..! કે આ વસ્તુ અનાદિની અતીન્દ્રિય અનંત આનંદ અને ગુણનો પિંડ અનાદિ સ્થિત છે એવું સ્વસન્મુખ (થઈને) સ્વનો આશ્રય કરે એને એ વસ્તુ છે એમ પ્રતીતમાં આવે અને પ્રતીતમાં આવી એટલે એને રાગનું કર્તાપણું રહેતું નથી. વ્યવહાર રત્નત્રયનો કર્તા એ ધર્મી નથી. આહા..હા..! આવી વાત છે. બહુ ઝીણી.

વળી કેવો છે ઇ ? **'स्फुरच्चिज्ज्योतिर्भिच्छुरितभुवनाभोगभवनः'** **'પ્રકાશરૂપ એવા ચેતનાગુણ દ્વારા...'** આહા..હા..! એમાં ચેતનાગુણ છે. જે કારણે એ તો પ્રકાશ લોકાલોકને જાણે અને દેખે એવો સ્વભાવ છે. ધ્રુવમાં એવો સ્વભાવ છે. સમજાણું કાંઈ ? આહા..હા..! **'પ્રકાશરૂપ એવા ચેતનાગુણ દ્વારા પ્રતિબિંબિત છે...'** શું કહે છે ? શક્તિ તો છે પણ એનું પરિણમન જ્યારે થાય તો લોકાલોક જેમાં પ્રતિબિંબિત થાય એવી પરિણતિનો પર્યાયનો સ્વભાવ છે. આહા..હા..! લોકાલોકમાં કોઈ ચીજનો કર્તા તો છે નહિ પણ એની જે શક્તિમાં જે અકર્તાપણું છે એવું પરિણતિમાં ભાન થયું તો એ લોકાલોકને જાણનારો રહ્યો. લોકાલોક એમાં પ્રતિબિંબિત (થાય છે)–જાણે છે, બસ! આહા..હા..! લોકાલોકમાં તો બધું આવી ગયું ને ? અલોકને એક કોર રાખો. લોક શબ્દમાં શરીર, વાણી, મન, ધંધા-વેપાર.. એ બધા આત્મામાં પ્રતિબિંબિત (થાય છે) પોતાની પરિણતિમાં એ દૃષ્ટિનું ભાન થયું. લોકાલોક પ્રતિબિંબિત થાય છે–જાણવામાં આવે છે. આહા..હા..! પણ કોઈનો કર્તા (નથી). સ્ફુરિત પ્રગટ દશા થઈ તોપણ કોઈનો કર્તા-ભોક્તા નથી. આહા..હા..! આવું આકરું પડે માણસને. નિશ્ચય ને વ્યવહાર. આહા..હા..! બાપુ! એના પરિણામ, વ્યવહારના પરિણામ તો રાગરૂપ છે ને, પ્રભુ! આહા..હા..! અને એ રાગને કરવું એવો કોઈ દ્રવ્યમાં ગુણ–શક્તિ તો નથી. આહા..હા..!

તેથી તે વસ્તુની દૃષ્ટિ થતાં અંદર પરિણમન થતાં પણ લોકાલોકનું પ્રતિબિંબ (પડે), એમાં જણાય તેવો એનો સ્વભાવ છે. ત્રિકાળ સ્વભાવ તો લોકાલોકને જાણવાનો ધ્રુવ છે પણ પર્યાયમાં સ્ફુરિત પ્રગટ થતાં.. આહા..હા..! જે વસ્તુ છે, રાગ ને વિકારનો અકર્તા એનો ગુણ (છે) એવી જ્યાં એની પરિણતિ થઈ... આહા..હા..! ભલે મતિ ને શ્રુતજ્ઞાન હો છતાં એ લોકાલોકને જાણે એવી એની પરિણતિ છે. આહા..હા..! ભારે!

એક કોર ચક્રવર્તીના રાજ્યમાં રહે એમ દેખે, રહે એમ દેખે, ઇ ત્યાં છે નહિ, ઇ તો તેની જાણવાની પરિણતિમાં છે. આહા..હા..! એ તો તેના સંબંધીનું જ્ઞાન પોતાનું પોતાથી થયેલું છે તેના જાણવામાં એ છે. એનાથી જ્ઞાન થયું છે, એ નહિ. એ તો પર્યાયમાં પોતાનું સામર્થ્ય એવું હતું કે જેથી સ્વ-પરપ્રકાશક સામર્થ્ય સ્વતઃ પોતાથી થયું છે. એમાં આ જણાય છે એમ કહેવું એ વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ ? કેવળી લોકાલોકને જાણે એમ કહેવું એ પણ અસદ્‌ભુત વ્યવહાર છે. આહા..હા..! એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાથી થયેલું છે તેને પણ અહીંયાં વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! ત્રિકાળને – દ્રવ્યને નિશ્ચય કહીએ તો પરિણતિને વ્યવહાર કહેવામાં આવે

છે. આહા..હા..! એ શુદ્ધ પરિણતિને, હોં! આહા..હા..! એમાં લોકાલોક પ્રતિબિંબિત થાય છે, એમ કહે છે. છે ને ? આહા..હા..!

**'चिज्ज्योतिर्भिः'** **'ચેતનાગુણ દ્વારા...'** **'સ્ફૂરિત'** **'પ્રતિબિંબિત છે...'** **'भुवनाभोगभवनः'** **'भुवनाभोगभवनः'** ભુવન નામ લોક, એનો આભોગ નામ જાણવું, તેનું ભવન નામ થવું. **'भुवनाभोगभवनः'** આહા..હા..! એની પછી વ્યાખ્યા કરી છે. નહિતર તો શબ્દ આટલો છે. ભુવન નામ લોકાલોક એનો આભોગ નામ જાણવું, તેનું ભવન. આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..! આજે આવ્યા નથી, 'હિંમતભાઈ'!

**'અનંત દ્રવ્ય પોતાના અતીત-અનાગત-વર્તમાન સમસ્ત પર્યાયો સહિત જેમાં,...'** આહા..હા..! અનંત દ્રવ્ય જે છે, અનંત અનંત દ્રવ્ય હવે લીધા. અનંત ગુણ આમાં છે એમાં કોઈ ગુણ વ્યક્ત, અવ્યક્ત... હવે તો એની પર્યાયમાં અનંત દ્રવ્ય **'પોતાના અતીત-અનાગત...'** પોતાના દ્રવ્યની ગયા કાળની પર્યાય, વર્તમાન પર્યાય અને ભવિષ્યની પર્યાય. આહા..હા..! **'સમસ્ત પર્યાયો સહિત જેમાં, એવું છે.'** સમસ્ત પર્યાય પ્રતિબિંબિત થાય છે, એમ. જ્ઞાનની પર્યાયમાં સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાય અથવા એક એક દ્રવ્યની ભૂત-ભવિષ્ય ને વર્તમાન પર્યાય એવી અનંતી (પર્યાયો) જ્ઞાનની પર્યાયમાં જાણવામાં આવે છે. પ્રતિબિંબિત શબ્દ તો (એટલા માટે છે) કે ઓલું બિંબ છે તો આ પ્રતિબિંબ છે, એમ. બાકી એ ચીજ કંઈ અહીં આવતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? લીમડો દેખાય તો કાંઈ લીલો રંગ ન્યાં આવે છે અંદર ? લીલા રંગ સંબંધીનું પોતાનું જ્ઞાન એમાં એ પ્રતિબિંબ છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવો માર્ગ (છે). આ તો ધીરાના કામ છે. 'ઘર, ઘર' (અર્થ) કર્યો છે એમાંથી. સંસ્કૃત ટીકામાં છે ક્યાંક. લોક વિસ્તાર થવો. લોકનો વિસ્તાર જાણવો, એમ. સંસ્કૃતમાં એક 'ઘર' શબ્દ છે.

**'तथापि किल इह अस्य प्रकृतिभिः यत् असौ बन्धः स्यात्'** સ્વરૂપ તો આવું છે, કહે છે. અરે..રે..! આવી ચીજમાં આ બંધ થાય છે એ શું છે ? રાગનો સંબંધ થાય છે અને કર્મનો બંધ થાય છે એવું આ ચીજમાં શું થયું ? આ ચીજમાં તો રાગના કર્તાપણાનો પણ કોઈ ગુણ નથી ત્યાં આ રાગ અને કર્મના સંબંધનો બંધ, સંબંધનો બંધ, સંબંધરૂપી બંધ કેવી રીતે થયો ? આહા..હા..! સમજાણું કાંઈ ?

**'तथापि किल इह अस्य प्रकृतिभिः यत् असौ बन्धः स्यात्'** **'શુદ્ધ છે જીવદ્રવ્ય...'** **'तथापि'** છે ને ? 'તોપણ' છે ને ? તોપણ એટલે શુદ્ધ દ્રવ્ય અને ગુણ શુદ્ધ હોવા છતાં પણ, એમ. **'तथापि'** એમ હોવા છતાં. આહા..હા..! **'શુદ્ધ છે જીવદ્રવ્ય તોપણ નિશ્ચયથી...'** **'किल'** એટલે નિશ્ચય. આ **'સંસાર-અવસ્થામાં જીવને...'** આહા..હા..! **'જીવને જ્ઞાનાવરણાદિ કર્મરૂપ...'** **'यत् असौ बन्धः स्यात्'** **'જે કંઈ બંધ થાય છે...'** **'सः खलु अज्ञानस्य कः अपि महिमा स्फुरति'** આહા..હા..! ઓલામાંય **'स्फुरति'** હતું, **'स्फुरत'**. આ કોઈ અજ્ઞાનની મહિમા સ્ફુરે છે, કહે છે. આહા..હા..! વસ્તુમાં કોઈ

રાગાદિનું કર્તાપણું નથી. પ્રભુ આત્મા દ્રવ્ય સ્વભાવની સાથે રાગ અને કર્મનો સંબંધરૂપી બંધ નથી છતાં સંબંધરૂપી બંધ (થાય છે તે) અજ્ઞાનની કોઈ ગહન મહિમા છે. આહા..હા..! વસ્તુના સ્વરૂપનું અજ્ઞાન, એની કોઈ ગહન મહિમા છે. આહા..હા..! અજ્ઞાનને કારણે રાગ અને કર્મનો સંબંધ થાય છે. આહા..હા..! આવું ઝીણું બહુ પડે માણસને. વસ્તુસ્થિતિ જ આવી છે. ભગવાને કહ્યું એટલે કોઈ આમ જ કથન કર્યું છે એમ નથી, છે એવું વાણીમાં આવ્યું છે. આવી વસ્તુ છે. આહા..હા..!

અહીંયાં પણ પ્રકૃતિનો બંધ થાય છે એ **'सः खलु अज्ञानस्य कः अपि महिमा स्फुरति'** આહા..હા..! **'જે કાંઈ બંધ થાય છે તે નિશ્ચયથી...'** છે ? **'મિથ્યાત્વરૂપ વિભાવપરિણમનશક્તિનો કોઈ એવો જ...'** અજ્ઞાનનો અર્થ કર્યો, અજ્ઞાનનો અર્થ કર્યો. ઓલામાં પહેલાંમાં પણ એમ કહ્યું. પહેલાંમાં આવ્યું હતું ને ? ત્યાં પણ એમ કીધું. **'कर्ता अज्ञानात् एव'** ત્યાં પણ એમ કીધું, **'કર્મજનિત ભાવમાં આત્મબુદ્ધિ એવો છે જે મિથ્યાત્વ...'** ભાવ. ત્યાં પણ 'અજ્ઞાન' શબ્દ પડ્યો છે, ત્યાં પણ મિથ્યાત્વભાવ લીધો છે. ૧૯૪ (શ્લોક). ૧૯૫મા અજ્ઞાનનો અર્થ મિથ્યાત્વ લીધો. આહા..હા..! સત્ય વસ્તુ જેવી છે એવી દૃષ્ટિ નથી અને તેનાથી વિપરીત દૃષ્ટિ છે, મિથ્યાત્વભાવ, સત્ય સ્વરૂપથી વિપરીત દૃષ્ટિ અસત્ય છે એ અસત્ય મિથ્યાત્વની કોઈ ગહન મહિમા (છે). વસ્તુમાં કોઈ બંધનું કારણ નથી, શક્તિ નથી, ગુણ નથી છતાં બંધ થાય છે, રાગનો સંબંધ (થાય છે) એ કોઈ અજ્ઞાનની, મિથ્યાત્વની ગહન મહિમા છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

ભગવાન તો આનંદ ને જ્ઞાનસ્વરૂપી શુદ્ધ ચૈતન્યઘન (છે) તેમાં આ દુઃખનો સંબંધ ક્યાંથી આવ્યો ? કહે છે. આહા..હા..! દુઃખ કહો, રાગ કહો, ઉદયભાવ કહો. સમજાણું કાંઈ ? કર્મ પ્રકૃતિ તો નિમિત્તથી કથન છે. ખરેખર તો પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય હોવા છતાં દ્રવ્ય, ગુણમાં રાગનું કર્તાપણું નહિ હોવા છતાં કોઈ અજ્ઞાન–મિથ્યાત્વને કારણે સ્વરૂપ જેવું છે તેનાથી વિપરીત દૃષ્ટિથી ગહન મહિમા છે કે મિથ્યાત્વને કારણે સંસાર ઉત્પન્ન થાય છે.

રાગની ઉત્પત્તિનું કારણ મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? જ્ઞાનીને (રાગ) થાય છે તે મિથ્યાત્વ નથી. પછી એ તો પર્યાયમાં નબળાઈથી થયો તેનો તે જ્ઞાતા-દૃષ્ટા છે. અહીંયાં તો મિથ્યાત્વથી (રાગ) ઉત્પન્ન થયો તેનો તે કર્તા-ભોક્તા થાય છે. સમજાણું કાંઈ ? બેમાં આટલો ફેર છે. આહા..હા..! આવી વાત છે. સાધારણ દયા પાળો ને વ્રત પાળો ને અપવાસ કરો ને... આહા..હા..! ઇ કહે છે કે અપવાસ કરો ને વિકલ્પ કરો (ને) રાગ (કરો)–એ કોઈ અજ્ઞાનની ગહન મહિમા છે કે રાગનો કર્તા થાય છે. વસ્તુનું સ્વરૂપ આવું હોવા છતાં એમાં કોઈ વિકલ્પ–ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ (ઊઠે), વ્યવહાર રત્નત્રયનો રાગ, તેને રચવો એવો કોઈ ગુણ જ નથી. તો કેમ થાય છે ? આ પ્રકૃતિનો બંધ થાય છે ને ? એમ કહ્યું ને ? છે ને ?

**'प्रकृतिभिः'** એમ કહ્યું ને ? પછી જ્ઞાનાવરણીય કર્મ લીધું છે. પણ પ્રકૃતિનો વિરુદ્ધ ભાવ જે વિકાર છે એ જે પ્રકૃતિ છે તે સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? જ્ઞાનાવરણીય કર્મ તો

જડ છે એ તો તેને કારણે બંધાય છે. તેની પર્યાયમાં, પરમાણુમાં કર્મ થવાની પર્યાયથી થાય છે. આ પ્રકૃતિનો જે સ્વભાવ છે તેનાથી વિરુદ્ધ પ્રકૃતિ. આહા..હા..! વિરુદ્ધભાવ–પુણ્ય ને પાપ આદિ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ એ રાગની ઉત્પત્તિ થાય છે એ કોઈ મિથ્યાત્વની ગહન શક્તિ છે. આહા..હા..! જેમાં છે નહિ, દ્રવ્યમાં છે નહિ, ગુણમાં છે નહિ અને તેના ગુણનું પરિણમન થાય એમાં પણ નથી. આહા..હા..! આ કોઈ મિથ્યાત્વનો ભાવ, જૂઠી દૃષ્ટિ, પરમસત્ય પ્રભુ દ્રવ્ય-ગુણથી પૂર્ણ, પૂર્ણ ભરેલો એની દૃષ્ટિથી વિરુદ્ધ અસત્યદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ... આહા..હા..! એ અસત્યદૃષ્ટિની કોઈ ગહન મહિમા છે, એમ કહે છે. આહા..હા..!

એ '**મિથ્યાત્વરૂપ વિભાવપરિણમનશક્તિનો કોઈ એવો જ સ્વભાવ છે.**' પાછું એમાં એમ ન લેવું કે વિભાવ નામનો ગુણ છે માટે તેમ થાય છે. વિભાવગુણ છે એ છે. એ તો વિશેષ તરીકે વિભાવ (કહ્યું છે). વિકાર કરે માટે વિભાવશક્તિ (છે) એમ વાત નથી. આહા..હા..! અહીંયાં તો '**મિથ્યાત્વરૂપ વિભાવપરિણમનશક્તિ...**' એમ લીધું છે. જોયું ? રાગ મારો છે અને રાગનો કર્તા (છું) એવી અસત્યદૃષ્ટિ, વિભાવપરિણમનશક્તિનો કોઈ એવો જ સ્વભાવ છે. આહા..હા..!

'**કેવો છે ?**' '**ગહનઃ**' '**અસાધ્ય છે.**' આહા..હા..! અસાધ્ય છે, અસાધ્ય. ઝટ દઈને સાધ્ય થઈ શકે એમ નથી, એમ કહે છે. એ ભાવ જ અસાધ્ય છે. એમાં આત્મા અસાધ્ય થઈ જાય છે, આહા..હા..! મિથ્યાત્વને કારણે રાગનો સંબંધ જે ઉત્પન્ન કરે છે (એમાં) આત્મા અસાધ્ય થઈ જાય છે દૃષ્ટિમાં આત્મા સાધ્ય રહેતો નથી. આહા..હા..! અહીં તો અસાધ્યનો અર્થ કે એનો નાશ કરવો ગહન વાત છે, એમ કહે છે. અસાધ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

'**ભાવાર્થ આમ છે કે–જીવદ્રવ્ય સંસાર-અવસ્થામાં વિભાવરૂપ મિથ્યાત્વ...**' જોયું ? '**રાગ-દ્વેષ-મોહપરિણામરૂપ પરિણમ્યું છે,...**' આહા..હા..! અરેરે..! વસ્તુ અને વસ્તુના અનંત ગુણ, છતાં એવી વસ્તુમાં આ મોહ, રાગ, દ્વેષરૂપી પરિણમન ક્યાંથી થયું એ ગહન વાત છે, કહે છે. આહા..હા..! વસ્તુના સ્વભાવનું અજ્ઞાનપણું પર્યાયમાં, વસ્તુના સ્વભાવનું મિથ્યાત્વપણું માન્યતામાં ગહન વાત છે. આહા..હા..! જે દ્રવ્ય-ગુણમાં વિકાર કરવું એમ નથી અને વિકાર થયો તો એ અસત્યશ્રદ્ધાની ગહન મહિમા છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! '**પરિણામરૂપ પરિણમ્યું છે,...**' પર્યાયમાં પાછું પરિણમ્યું છે. વસ્તુ અને વસ્તુના ગુણ શુદ્ધ અને સ્ફુટ વિશુદ્ધ હોવા છતાં પર્યાયમાં મિથ્યાશ્રદ્ધાને કારણે, પર્યાય જેટલો હું છું, આ રાગ તે હું, એવી મિથ્યાશ્રદ્ધાને કારણે અસાધ્ય એવો વિકાર ઉત્પન્ન થાય છે. આહા..હા..! '**પરિણમ્યું છે,...**'

'**તેથી જેવું પરિણમ્યું છે...**' હવે એમ કહે છે. જેવું પરિણમન થયું '**તેવા ભાવોનું કર્તા થાય છે...**' જેવું પરિણમન થયું તેનો કર્તા થાય છે. મિથ્યાશ્રદ્ધાથી મોહ-રાગ-દ્વેષરૂપી પર્યાયમાં પરિણમન થયું તો જેવું પરિણમ્યું તેનો કર્તા થાય છે. આહા..હા..! અશુદ્ધપણે પરિણમ્યો તો અશુદ્ધપણાનો કર્તા અજ્ઞાની થાય છે. આહા..હા..! ઝીણી વાતું ભારે, ભાઈ! હજી સમ્યગ્દર્શન શું છે અને કેમ

ઉત્પન્ન થાય એની ખબરું ન મળે. આહા..હા..! એને બહાર ચારિત્ર ને એ બધું આવી જાય... ભાઈ! આકરું કામ છે, બાપુ! અને તે તો તારી દયાની વાત છે, ભાઈ! હેં ? આહા..હા..!

કહે છે, પ્રભુ! તું આવો છો ને! છતાં એની જેને શ્રદ્ધા વિપરીત છે એટલે કે આટલો આવા ગુણવાળું દ્રવ્ય છે એવી જેને શ્રદ્ધા નથી, જેને શ્રદ્ધા રાગની અને વર્તમાન પર્યાય ઉપર એ જેની રુચિ જામી ગઈ છે, એવા મિથ્યાત્વના ગહનભાવને લઈને એનું પરિણમન વિકારરૂપે થાય છે અને જે પરિણમે છે તે તેનો કર્તા થાય છે. ભાષા તો સાદી છે. ભાવ તો છે એમ છે. આહા..હા..! આ ભણતર કોઈ દિ' ભણ્યો નથી. હેં ? બહારના ભણતરમાં વખત ગાળ્યા બધા. આહા..હા..!

**'જેવું પરિણમ્યું છે તેવા ભાવોનું કર્તા થાય છે—અશુદ્ધ ભાવોનું કર્તા થાય છે.'** એમ. **'અશુદ્ધભાવો મટતાં જીવનો સ્વભાવ અકર્તા છે.'** આહા..હા..! એ તો રાગનો અકર્તા સ્વભાવ છે. આહા..હા..! રાગ થાય છે પણ અકર્તા સ્વભાવ છે. થાય છે તેનો જ્ઞાતા-દૃષ્ટા રહે છે. અકર્તાપણું સિદ્ધ કર્યું, કર્તાપણું સિદ્ધ કર્યું, વસ્તુ સિદ્ધ કરી. કર્તા, પરિણમનમાં અશુદ્ધ પરિણમન છે તો અશુદ્ધ કર્તા થયો. જ્યારે તે મટે છે ત્યારે કર્તાપણું મટી જાય છે. અકર્તાપણાનું પરિણમન થાય છે તેનું નામ ધર્મ છે અને કર્તાપણાની બુદ્ધિથી પરિણમે તેનું નામ અધર્મ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)

*** જ્ઞાન જ્ઞેયને જાણે કે આ શરીર છે ઇત્યાદિ, છતાં તે જ્ઞેયો આત્માને જ્ઞાન કરાવે છે તેમ નથી. જ્ઞાનમાં ઘડો જણાયો ત્યાં ખરેખર ઘડો નથી જણાયો પણ ઘડાસંબંધી પોતાના જ્ઞાનને જાણે છે, છતાં તે જ્ઞાનને ઘડાએ કર્યું નથી. જ્ઞાનની પર્યાયનો કર્તા જ્ઞાન એટલે કે આત્મા છે, પરદ્રવ્યોનું—જ્ઞેયોનું તે કાર્ય નથી. ભગવાનની દિવ્યધ્વનિ કાને પડી તેથી તે શબ્દોથી તેવું જ્ઞાન થયું એમ નથી. ખરેખર તો ભગવાનની વાણીમાં દિવ્યધ્વનિન ઉપસ્થિતિ હતી, નિમિત્ત હતું, નિમિત્ત નથી તેમ નથી, પણ નિમિત્ત છે તે પરમાં કાંઈ કરતું નથી. વાણી નિમિત્ત હોવા છતાં વાણીથી જ્ઞાન થયું છે તેમ નથી. ભગવાનના દર્શન થતાં આ ભગાવન છે એમ જ્ઞાન થવા છતાં ભગવાનને લઈને આ ભગવાન છે એમ જ્ઞાન થયં છે એમ નથી. ૬૯૯.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

**શ્રી પરમાત્મપ્રકાશ, અધિકાર-૨, ગાથા–૧૮-૧૯,**
**પ્રવચન નં. ૮૫, તા. ૨૫-૧૨-૧૯૬૫**
**[૧૫]**

૧૮મી ગાથા, 'પરમાત્મપ્રકાશ' બીજા ભાગની. **'આગે ચાર દોહોંસે છહ દ્રવ્યોંકે ક્રમસે હરએકકે લક્ષણ કહતે હૈં -'**

**मुत्तिविहूणउ णाणमउ परमाणंद-सहाउ।**
**णियमिं जोइय अप्पु मुणि णिच्चु णिरंजणु भाउ।।१८।।**

**'હે યોગી,...'** 'પ્રભાકરભટ્ટ' શિષ્યને 'યોગીન્દ્રદેવ' કહે છે કે **'નિશ્ચય કરકે તૂ આત્માકો ઐસા જાન. કૈસા હૈ આત્મા ? મૂર્તિસે રહિત હૈ,...'** આત્મામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ મૂર્ત નથી. **'જ્ઞાનમયી હૈ,...'** એ ભગવાનઆત્મા તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ છે અને **'પરમાનંદ સ્વભાવવાલા હૈ,...'** પરમાનંદ ને જ્ઞાન મુખ્ય બે લેવું છે ને, બે જ વસ્તુ આખી જ્ઞાન અને આનંદમૂર્તિ આત્મા છે. **'નિત્ય હૈ,...'** કાયમ રહેનાર છે. **'નિરંજન હૈ, ઐસા જીવપદાર્થ હૈ.'** લ્યો !

**ભાવાર્થ :– 'યહ આત્મા અમૂર્તિક શુદ્ધાત્માસે ભિન્ન જો સ્પર્શ-રસ-ગંધ-વર્ણવાલી મૂર્તિ ઉસસે રહિત હૈ,...'** આ આત્મા અમૂર્તિક શુદ્ધાત્મા એમ લેવું. આ આત્મા અમૂર્તિક શુદ્ધાત્મા એનાથી જુદા. સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળી મૂર્તિ ઉસસે આત્મા ભિન્ન–જુદો છે. શરીર, કર્મ આદિ રંગ, ગંધ, રસ, સ્પર્શવાળા પદાર્થ છે. આત્મા અમૂર્તિક એનાથી તદ્દન જુદો પદાર્થ છે. **'લોક-અલોકકા પ્રકાશ કરનેવાલે કેવલજ્ઞાનકર પૂર્ણ હૈ,...'** અરૂપી મૂર્તથી રહિત હોવા છતાં એનો સ્વભાવ લોક-અલોકકા પ્રકાશ કરનેવાલા. મૂર્ત ને અમૂર્ત બધા પદાર્થોને પ્રકાશ કરવાવાળો એનો સ્વભાવ છે. **'કેવલજ્ઞાનકર પૂર્ણ હૈ,...'** ભગવાનઆત્મા કેવલજ્ઞાનકર પૂર્ણ છે, અત્યારે હોં ! અત્યારે. સમજાણું કાંઈ ?

આ આત્મા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, જડ જે શરીર, વાણી, કર્મ એનાથી તદ્દન જુદો (છે). પોતે પરથી જુદો પણ પોતાના જ્ઞાનના સ્વભાવથી પરિપૂર્ણ છે. ભગવાનઆત્મા જ્ઞાન સ્વભાવ અને આનંદ સ્વભાવથી પરિપૂર્ણ ભરેલું તત્ત્વ છે. સમજાય છે કાંઈ ? એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ, જડ જે માટીના, શરીરના, વાણીના, કર્મના એ રંગ, ગંધ, રસ, સ્પર્શ, જડ એમાં આત્મામાં નથી. એ તો અરૂપી આત્મા છે.

**શ્રોતા :–** કે દિ' નથી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ત્રણે કાળે નથી. કે દિ' નથી શું અત્યારે પણ નથી, ત્રણે કાળે નથી. આ તો જુદા જડ, માટી, ધૂળ છે. કેમ હશે ? 'જયચંદભાઈ' ! સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા આ મૂર્ત જે વાણી, શરીર, કર્મ, જડ એનાથી તદ્દન જુદો અત્યારે છે. જુદો છે તો છે અરૂપી, છે અરૂપી તો એમાં કોઈ સ્વભાવ છે ? કે એનામાં જ્ઞાન ત્રણ કાળ, ત્રણ લોક ને લોકાલોકને જાણે એવું જ્ઞાન ભરેલું છે. એ તો લોકાલોકનો જાણનાર જ આત્મા છે. સમજાય છે કાંઈ ? લોકાલોકનો રચનાર નહિ, લોકાલોકને ફેરવનાર નહિ, લોકાલોકનો રક્ષક નહિ, લોકાલોકને ટાળનાર નહિ. શું કીધું ? ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી આત્મા છે. એ જ્ઞાન ભગવાનઆત્મા જેટલા પરપદાર્થ લોક અને અલોક, ત્રણ કાળ, ત્રણ લોકના પદાર્થ એનો આ આત્મા પ્રકાશક છે. કોઈ એની ચીજમાં એ ચીજ નથી તેમ એ ચીજનો જાણનાર છે પણ એ ચીજનો કાંઈ ફેરવનાર, રક્ષક, ભક્ષક, વ્યય કરનાર, પરવસ્તુનો ફેરવનાર એ આત્મા નથી. સમજાણું કાંઈ ?

જાણનાર છે. જગતને અને આત્માને જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે. વળી લ્યો ! આવ્યું ભાઈ ! ઓલું રાતે કહ્યું હતું. ક્યાંનું ક્યાં આવ્યું, કહો ! સમજાણું કાંઈ ? આત્મા જાણનાર છે અને એને ને બીજા અનંત પદાર્થ, આત્માઓ અનંતા, માટી, ધૂળ, શરીર આદિ, પૈસા, લક્ષ્મી, ધૂળ આદિ એ બધા જ્ઞાનમાં જ્ઞેય જણાવા લાયક છે. અને એ પદાર્થ જાણવામાં જણાય એવો એનો સ્વભાવ છે. આત્મા જાણનાર છે અને એ ચીજો જડ આદિ બધા જણાવા યોગ્ય છે. બસ, આટલો સંબંધ છે, બાકી કોઈ એને સંબંધ નથી. સમજાણું કાંઈ ? 'રતિભાઈ' ! હવે આ લોઢાના વેપારનો સંબંધ ખરો કે નહિ કરવાનો ? પૈસા રાખવાનો ખરો કે નહિ ? પૈસા બીજાને દેવાનો સ્વભાવ ખરો કે નહિ ? એઇ..!

ઇ જ કહે છે કે તું તારું સ્વરૂપ સર્વજ્ઞ જ્ઞાનસ્વરૂપ છે, ભાઈ ! અને જગતના બધા શરીર, વાણી, કર્મ, પૈસા, ધૂળ, મકાન આ બધા એ લોક અને અલોક બધા લઈ લીધા અહીં તો. એ બધા તારા જ્ઞાનમાં જ્ઞેય–જણાવા લાયક છે, તું એક જાણનાર છો. આ સિવાય પરપદાર્થ સાથે તારો કોઈ સંબંધ નથી. સમજાય છે કાંઈ ? ખબર નથી એને કોણ છું હું ? શું કરું છું હું ? શું થાય છે પરમાં ? શું સંબંધ છે મારે ને એને ? જુઓ ! રાતે તો અમથુ આવ્યું હતું ઉપરથી, હોં ! આમાં તો અહીં આવ્યું પાછું આ. સમજાણું કાંઈ ?

આત્મા લોકાલોકનો પ્રકાશ કરનાર, **'જોકિ કેવલજ્ઞાન સબ પદાર્થોંકો એક સમયમેં પ્રત્યક્ષ જાનતા હૈ,...'** આ પણ આત્મા એક સમયમાં બધાને જાણવાનો જ સ્વભાવ એનો છે. સમજાય છે કાંઈ ? આહા..હા..! ભગવાનઆત્મા એને અહીં આચાર્ય મહારાજ અથવા સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક પ્રત્યક્ષ જ્ઞાનમાં જણાણા. એવા ભગવાન તીર્થંકરદેવના શ્રીમુખે દિવ્યધ્વનિમાં એમ આવ્યું, ભાઈ ! તું કોણ છો ? તું કોણ છો ? કે તું તો લોકાલોકને જાણનાર, દેખનાર આનંદમૂર્તિ છો. સમજાય છે કાંઈ ? લોકાલોકમાં

શું બાકી રહી ગઈ ચીજ ? અનંતા પરમાણુ દાળ, ભાત, રોટલા, શાક, આ પૈસા, ધૂળ, શરીર, માટી, મકાન એ બધા પદાર્થ તારા જ્ઞાનમાં જણાય અને તું જાણ એવો જ એનો સંબંધ છે. એ પરપદાર્થને તું કર (એમ નથી). પરપદાર્થ કર્તા ને તારું કાંઈ કામ થાય એવો એમાં સંબંધ નથી. તેમ આત્મા કર્તા ને આ શરીરના આદિના કામ–કાર્ય થાય એવો પરપદાર્થ સાથે તારે કાંઈ સંબંધ છે નહિ. બરાબર હશે ? આ દવા-બવા કરી...

**શ્રોતા :–** એ પ્રત્યક્ષ જ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું પ્રત્યક્ષ છે ?

**શ્રોતા :–** દેહના કામ કરી શકાય છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ નહિ. કરી શકતો નથી, એમ પણ અહીં નથી. એ થાય છે જગતના ભાવો એને જાણનાર જ છે, ફક્ત એટલું. પહેલાં કરી શકતો હતો ને અત્યારે નથી કરી શકતો એમ શલ્ય નાખીને વાત નથી. સમજાણું કાંઈ ? પહેલાં ધમાલ કરી હતી એ કરતાં હતા એ વાત મૂઢ માને છે કહે છે. અહીં એમ કહે છે. શરીર ઠીક હતું ત્યારે કરતાં ને આમ હાલતા ને આમ 'મુંબઈ' જતાં ને વિલાયત જતાં ને... એ વાત ખોટી છે એમ ભગવાન કહે છે. 'પ્રવીણભાઈ' ! શું કીધું ? એ તો એમ કહે કે પહેલાં અમે આમ ગયા હતા વિલાયતમાં ને હોળીમાં ને 'અમેરીકા'માં ને મોટરોમાં ભું...ભું... કરીને. હરામ વાત છે એમ કહે છે. પરપદાર્થના દ્રવ્ય, ગુણને પર્યાયની સાથે તારો જાણવાનો સ્વભાવ-સંબંધ (છે) અને એ જણાય એટલી વાત છે. એ સિવાય અજ્ઞાની મૂઢ એમ માને કે મારા ને પરદ્રવ્યને કર્તા-કર્મ સંબંધ છે, હું કરનારો અને એના કાર્ય થાય અથવા એ કરનાર ને મારામાં કાંઈ કામ થાય એવો આત્માનો ને પરનો સ્વભાવ સંબંધ છે નહિ. એમ ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ તિર્થંકરદેવ કેવળજ્ઞાનમાંથી પોકારે છે. સમજાણું કાંઈ ?

આ એની હાટુ તો વાત ચાલે છે. સમજાણું કાંઈ ? આમ પાંચ-પચ્ચીસ લાખની મૂડીને જાુઓ.. આ સવારમાં જ કહેતા હતા કે પચાસ લાખ રૂપિયા છે તો અહીં નથી કાંઈ કરી શકતા. 'મણીભાઈ' એમ કહેતા હતા સવારમાં. સવારમાં આવી ને, હોં ! ધૂળમાં શું પચાસ લાખ કરતો હતો ને કરોડ કરતો હતો. એ તો આત્મા જાણનાર ને એ જ્ઞેય છે. જણાવા યોગ્યને જાણે. સમજાણું કાંઈ ? સવારમાં આવ્યા હતા ત્યારે કીધું હતું. લ્યો ! આ 'મણીભાઈ' પાસે પાચસ લાખ (છે). ચાર ભાઈઓ પાસે. પણ ધૂળ શરીર કાંઈ કરી શકતું નથી. ધૂળ પણ કોના પૈસા ? પચાસ લાખ કોનાા ને પાંચ કરોડ કોના ને પાય કોની ને શરીર કોનું ? આ તો માટી, જડ, પર પદાર્થ છે. એ આત્મા જાણનાર અને એ જણાય એટલો જ સંબંધ છે. એ સિવાય મારા માન્યા એ મૂઢ મિથ્યાદષ્ટિ માને છે. આહા..હા..! ભારે વાત, ભાઈ !

.... મળે છે ને જુઓને. 'મોહનભાઈ' ! શું હશે આ ? હાય..હાય..! અહીં તો એક વાત એવી કહે છે કે આત્મા લોકાલોકને જાણનાર સર્વ પદાર્થને એક સમયમાં પ્રત્યક્ષ જાણે એવું જ

એનું સ્વરૂપ જ છે. સમજાય છે ? .... પાછો ઓલો ક્રમ કરણ શબ્દ પડ્યો છે ને ... એટલે **'આગે-પીછે નહીં જાનતા,...'** આત્માનું જ્ઞાન જે આખા જગતના અનંતા પરમાણુઓ, અનંતા આત્માઓ, અસંખ્ય કાલાણુઓ, ધર્મ, અધર્મ ને આકાશ એ ત્રણ–પદાર્થ છે. એ વસ્તુને એક સમયે બધું છે તેમ જાણે, એ જણાય ને આ જાણે, બસ. એ સિવાય હું ભોક્તા અને એ ચીજો મને ભોગ્ય છે એ મૂઢ માને છે, એમ છે નહિ. શું કીધું ? આ દાળ, ભાત, રોટલી, સ્ત્રી, કુટુંબ, પૈસા મારે ભોગવવા લાયક છે અને હું ભોક્તા છું–મૂઢ છો. ભોગવવા લાયક પરપદાર્થ કેવો તારામાં. એ.. 'રતિભાઈ' ! શું હશે આ ? આ બધા તમને પૈસાવાળાને બહુ કહે કે બહુ... ઓહો..હો..! એમ કહે છે. આ કરોડપતિ એમ છે 'મોહનલાલ ઘીયા' માણસો એમ કહે છે. આ બધું આમ છે, ધૂળ છે ને એ વાતું કરે છે લોકો. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે કે જ્ઞાનનો પતિ તું છો. એ ચીજો જે છે અનંત જગતમાં એક શરીરના રજકણથી માંડીને, વાણીના રજકણથી માંડીને અનંત, એ બધાને આત્મા જાણનાર, એ જણાય. બસ, આ સિવાય બીજો સંબંધ માને (તો એ) મૂઢ મિથ્યાદૃષ્ટિ આત્માની હિંસા કરે છે. સમજાણું કાંઈ ? મૂર્ખાય નહિ મહા પાપ બાંધ્યા. સમજાય છે ? મૂઢતાએ પાપના મોટા ચીકણા લોચા બાંધ્યા. કોણ કરે ? કહે છે ને સમજણ કર, કર સમજણ તું, હું તો જ્ઞાન છું. જગત જાણવા યોગ્ય પદાર્થ છે. સમજાય છે ? કાલે આને કીધું હતું. કીધું હતું ને ભરત... ને કીધું હતું. જ્ઞાન છું એમ ધ્યાન રાખવું. સમજાણું કાંઈ ? સાંજે કીધું, સાંજે આવ્યા હતા ને. સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા જ્ઞાનની મૂર્તિ ! કેવી રીતે વાત કરે છે, જુઓને ! અહીં તો હજી આત્માની સાધારણ વાત કરે છે, હોં ! આત્મા કેવો એમ. એની અંદરમાં આ નાખ્યું. પરમાત્મા સ્વરૂપ છે ને આ ? આત્મા પરમસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એનું છે. ભગવાન જેની આંખો જ જ્ઞાન છે. બધી ચીજો અનંતી તે તેના જ્ઞાનમાં જાણવા લાયક છે, આ જાણનાર છે. બાકી એ સિવાય એનાથી અધિક બીજી રીતે અંદર ખતવણી કરે એ અસત્યબુદ્ધિ, પાપબુદ્ધિ ને મિથ્યાબુદ્ધિથી કરે છે. કહો, 'જમુભાઈ' ! શું કરવું ? આ ગામ ને ખેતર ને જમીન ને. ઓહો..હો..! દસ દસ ભાઈઓ હોય ને બાર-બાર ભાઈઓ... આવે છે ને ? કેટલા ભાઈઓ ને કેટલા કાકા ને કેટલા મામા ને ધૂળ ને... કહે કે ભગવાન ! એ બધ વાત તું કહે કે એ મારા. એ બધી વાત જૂઠી છે. તારે અને પરને જ્ઞાયક ને જ્ઞેય સંબંધ સિવાય કોઈ સંબંધ છે નહિ. આહા..હા..! 'જુગરાજજી' ! આહા..હા..!

વસ્તુનું સત્ જ એવું છે કે તું જ્ઞાનસ્વરૂપી ભગવાન આગળ-પાછળ નહિ જાણતા, એક ક્ષણમાં આખી દુનિયા લોકાલોક જે રીતે છે એને જાણવાનો સ્વભાવ છે. આઘું, પાછું નથી કે આનું આમ થાશે, આનું આમ થાશે ને આનું આમ થાશે ત્યારે જણાશે. એક સમયમાં આખી દુનિયા એમ ને એમ છે એમ જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે. ન્યાં આઘુ-પાછુ નથી, ન્યાં વ્યવસ્થિત કામ ચાલે છે અને આઘુ-પાછુ આત્મા કરી શકતો નથી. સમજાણું કાંઈ ? ભારે વાત, ભાઈ ! આ જે સ્થિતિ

એની દશા ચાલતી હોય એ અવસ્થાને ફેરવી નાખે, લાવ ફરેવી દઉં, આમ ચાલે છે માટે આમ કરી દઉં, આમ ચાલે તો આમ ફેરવી દઉં. એ અવસ્થા જે એની કાળે થયા કરે એને ફેરવી શકતો નથી. એને થાય એને જાણી શકે છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? ભારે વાત, ભાઈ ! એનું નામ જીવ, એનું નામ આત્મા. જે ભગવાન જ્ઞાનસૂર્ય ચૈતન્યસ્વરૂપ છે. એના લોકાલોક... અહીં તો આખું લઈ લીધું, જુઓને ! .... આહા..હા..!

**'સબ પદાર્થોંકો એક સમયમેં પ્રત્યક્ષ જાનતા હૈ, આગે-પીછે નહીં જાનતા,...'** આગે-પીછે કેવા વળી ? આગે-પીછે શું હોય ? **'વીતરાગભાવ પરમાનંદરૂપ અતીન્દ્રિય સુખસ્વરૂપ અમૃતકે રસકે સ્વાદસે સમરસી ભાવકો પરિણત હુઆ હૈ,...'** એવો જ એનો સ્વભાવ છે કહે છે. શું કહે છે ? હવે આનંદ લે છે. વીતરાગભાવ-રાગ વિના, વિકલ્પ વિના, પરમાનંદરૂપ આત્મા પરમ અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. અતીન્દ્રિય આનંદરસસ્વરૂપ ભગવાન જ્ઞાન સાથે, એકલું જ્ઞાન નથી એની સાથે અતીન્દ્રિય આનંદથી ભરેલો એક અતીન્દ્રિય સુખસ્વરૂપ, એક અતીન્દ્રિય સુખનો સાગર ભગવાન છે. આહા..હા..!

**'અમૃતકે રસકે સ્વાદસે...'** ભગવાન અતીન્દ્રિય અમૃતના, અમૃત અતીન્દ્રિય રસના સ્વાદથી સમરસી ભાવકો વીતરાગભાવે આનંદરૂપે પરિણમે એવું જ એનું સ્વરૂપ છે. **'પરિણત હુઆ હૈ, ઐસા હૈ યોગી;...'** દેખો ! **'શુદ્ધ નિશ્ચયસે અપની આત્માકો એસા સમઝ,...'** જુઓ ! આહા..હા..! સમજાણું કાંઈ ? નજર કરતો નથી. ઓલા એક માછલાનો દાખલો શાસ્ત્રમાં નથી આપ્યો ? એક માણસ હતો તે (કહે), મોક્ષમાર્ગ મને બતાવો, મોક્ષમાર્ગ બતાવો, આત્મા બતાવો, આત્મા. આત્મા ક્યાં છે ? આત્માનું જ્ઞાનજળ ક્યાં છે ?

એક માણસ મળ્યો એ કહે, ભાઈ ! મારી પાસે નહિ, જા માછલા પાસે જા દરિયામાં. એ બતાવશે. (ત્યાં જઈને માછલાને પૂછે છે), ભાઈ ! મારું જ્ઞાન ક્યાં છે ? મારું જ્ઞાન ક્યાં છે ? મારું જ્ઞાન ક્યાં છે ? માછલા પાસે જા. માછલા પાસે (જઈને કહે છે), મને જ્ઞાન બતાવો. તમે મોટા પુરુષ લાગો છે, મને કો'કે બતાવ્યું, પૂછ્યું તો કહ્યું, માછલા પાસે જા. માછલો કહે, એમ ! બહુ સારી વાત. તમે તો મોટા પુરુષ લાગો છો મારી પાસે આવ્યા એટલે. ઓલું માછલું કહે છે. મને એક પાણી થોડું લાવી દ્યોને, માછલું કહે છે. પાણી શું ? આ ભર્યું. નથી જોતો તું ? માછલીને કહે છે. (ત્યારે માછલી કહે છે), તું નથી જો તો કે આ જ્ઞાનથી ભરેલો તું ? સમજાણું કાંઈ ?

માછલી કહે કે તું મને શીખામણ દેવા આવ્યો કે આ પાણી રહ્યું. પણ તારામાં તું ગોતવા આવ્યો આ જ્ઞાનજળ, જ્ઞાન ક્યાં હશે ? જ્ઞાન મારું ક્યાં હશે ? જ્ઞાનથી ભરેલો તારો દરિયો પોતે જ છે. 'ભીખાભાઈ' ! 'પાણીમાં મીન પ્યાસી રે.. મને દેખતા આવતા હાંસી.' ભજન આવે છે ભજન. સમજાણું ? 'સુન સુન આવત હાંસી, પાણીમાં મીન પ્યાસી.' પાણીમાં મીન પ્યાસી. ભાન ન મળે. આમ મોઢું કરીને બેઠા આમ વાદળ સામું, ઊંચું મોઢું કરીને. પાણી એમાં છે ...

એમ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એની સામું જોતો નથી અને આમ બાહ્ય જોયા કરે છે.

ઇન્દ્રિયોને મનને ને જડને. ભરેલો દરિયો અંદરમાં પોતે છે. સમજાણું કાંઈ ? કેમ નથી જોતો ? આ પર સામું જોવે છે માટે નથી જોતો. પોતે કોણ ચીજ છે એની સન્મુખ કોઈ દિ' જોયું છે ? વિચાર કર્યો છે ? આમ ને આમ મૂઢપણે આ ઇન્દ્રિયો તરફનું લક્ષ ને આ કર્યું ને આ મુક્યું ને આ દીધું ને આ જાણ્યું ને આ જાણ્યું. પણ જાણનારો કોણ છે એણે એક સમય પણ અનંત કાળમાં જાણવાનો પ્રયત્ન કર્યો નથી. સમજાણું કાંઈ ?

હેયોપી...' અહીં તો... સમજાણું? `¬¸Ÿ¸£¬¸Ú¸¨¸œ¸¢£µ¸÷¸¬¨¸³Åœ¸÷¨¸¸÷¸Ã' અહીં તો પરિણતિ સ્વરૂપ છે. એ..ઇ..! એ તો પરિણત સ્વરૂપનું સ્વરૂપ જ એવું છે. પર્યાયપણે પરિણમે પરમ આનંદપણે (પરિણમે) એવો જ એનો સ્વભાવ છે. રાગરૂપે થવું કે વિકારરૂપે થવું કે પરનું કર્તા-ભોક્તા (થવું) એના સ્વરૂપમાં છે જ નહિ. આહા..હા..! એમાં ન્યાં નાખ્યું છે. પરની સાથે જે લોકાલોકને જાણે, ભેગા રાગાદિ જાણે અને વીતરાગપણે પરિણમે. વીતરાગની પર્યાયપણે, આનંદપણે પરિણમે એવો જ આત્માનો સ્વભાવ છે. સમજાણું કાંઈ ? લોકની સાથે જ્ઞેય સંબંધ છે અને રાગરૂપે થવું પણ એનો સ્વભાવ નથી, વિકારપણે થવું એનો સ્વભાવ નથી, એમ કહ્યું. લોકાલોકની સાથે જ્ઞાન-જ્ઞેય સંબંધ છે અને વિકારપણે થવું કે પુણ્ય-પાપપણે થવું એનો સ્વભાવ નથી. એનો સ્વભાવ પરને જાણવું અને વીતરાગ આનંદપણે થવું એવો ભગવાનઆત્માનો સ્વભાવ છે. કહો, સમજાણું આમાં ? ઓ..હો..હો..!

**શ્રોતા :–** કેમ કરવું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એની દૃષ્ટિ કર એમ કહે છે. આવો આત્મા છે એમ માન અંદરમાં. આ માન્યું છે કે હું આ શરીર છું ને રાગ છું ને ધૂળ છું ને પુણ્ય-પાપ છું ને અલ્પજ્ઞ એક સમયની પર્યાય જેટલો (છું), એ બધો મિથ્યા ભ્રમ અજ્ઞાન છે, એમ કહે છે. ભારે વાત, ભાઈ ! ન્યાંનું ન્યાં નાખી દીધું. સમજાણું ? 'જીવ સચેતણું દવ,' એ ચેતનમાં આનંદ નાખી દીધો. સમજાણું ? 'જીવ સચેતણું દવ,' એક શબ્દમાંથી વ્યાખ્યા કાઢી. ૧૭ છે ને ? ૧૮, ૧૮ **'मुत्ति-विहूणउ णाणमउ परमाणंद-सहाउ'** લ્યો ! એમાંથી કાઢ્યું આ.

ભગવાનઆત્મા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો જ્ઞાનમય ને પરમ આનંદ સ્વભાવ (છે). બસ ! એટલી વાત છે. ઓહો..હો..! એ ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદનો સ્વભાવ એને અંતર જાણી, જોઈને વીતરાગ પર્યાયપણે પરિણમવું, બસ ! એ તારો સ્વભાવ છે. ત્યારે એણે આત્માને માન્યો કહેવામાં આવે છે. હું આત્મા પરની સાથે જ્ઞેય જાણવાનો સંબંધ અને રાગાદિપણે નહિ થવાનો અને વીતરાગપણે થવાનો સંબંધ (છે). એ પણે આત્માને જાણે, માને ત્યારે એણે આત્માને માન્યો કહેવામાં આવે છે. આત્મા છે એમ આ રીતે માને ત્યારે માન્યો કહેવામાં આવે છે. એમ કહ્યું અહીં. છ દ્રવ્યમાં સિદ્ધ કરે છે આત્મા. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'णिच्चु णिरंजणु भाउ'** વાહ ! કહે છે કે આત્મા આને કહેવો. છ દ્રવ્યમાં આત્માનું આ લક્ષણ કીધું ને ? આ વર્ણવે છે ને ? ભગવાનઆત્મા એ આત્મા એને માન્યો, જાણ્યો કહેવાય

કે એ આત્મા જગતના જ્ઞેયને જાણવાવાળું તત્ત્વ છે અને તે વીતરાગની પર્યાયપણે, આનંદપણે પરિણમવાવાળો આત્મા છે. આવો આત્મા માને તેણે આત્મા માન્યો, આત્માનો આસ્તિક થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ... આત્માને માને છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ક્યાં માને છે એ ? કોણે માન્યો આત્માને ? આત્મા તો આવો છે એમ માને છે કે દિ' ? શું માને છે ? આત્મા એટલે પણ કોણ ? આત્મા માન્યો. આત્મા એટલે કોણ ? આત્મા એટલે જ્ઞાનસ્વરૂપ, આત્મા એટલે આનંદસ્વરૂપ. એ આનંદસ્વરૂપ ને જ્ઞાનસ્વરૂપ વીતરાગની આનંદપણાની પર્યાયે પરિણમે એવો આત્મા. એ પરનું કરે ને પરથી લે ને દે એવો આત્મા નહિ. એટલે આવો આત્મા ન માને ત્યાં સુધી એણે આત્મા માન્યો નથી. એ.. 'ભીખાભાઈ' ! નામ લે તો. લીંબુડીને નીલમણી માની લે તો ? નીલમણી છે, જુઓ ! આ નીલમણી છે, આ જો નીલમણી છે. નહિ ? આત્મા કહે અને એ આત્મા પરના કામ કરે એમ માને અથવા પરના કાર્યથી આત્માને લાભ થાય એમ માને. સમજાય છે ? એ આત્મા પૈસાવાળો છું એમ માને, એ પુણ્ય-પાપને રાગવાળો છું એમ માને, એણે આત્મા માન્યો નથી. અલ્પજ્ઞ પર્યાય જેટલો માને એણે આત્મા માન્યો નથી. આ દુઃખરૂપે પરિણમવાવાળો આત્મા એણે આત્મા માન્યો નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ ? છ કાયના જીવ છે ને ? એ જીવને જાણનારો જીવ. અનંતા જીવને આત્મા જાણનાર ને એ જણાવા યોગ્ય ! એ સિવાય કાંઈ સંબંધ નથી. એને રાખું કે ટાળું એવો સંબંધ પરની સાથે છે જ નહિ. પર અનંત પદાર્થ... એ તો એમાં આવી ગયું. જ્ઞાયકમાં તે અનંત જીવો જ્ઞેય તરીકે જાણવા લાયક છે. સમજાણું ? પણ એનું રક્ષણ કરું, ભક્ષણ કરું, તોડું-ફાડું એવો સંબંધ તારે ને પરજીવની સાથે છે નહિ. કહો, આ કુટુંબનું ને મા-બાપનું ને દેશનું રક્ષણ કરવું એવો જ્ઞાનને ને શરીરને સંબંધ છે જગતને ?–ના. ભારે વાત ભાઈ ! 'જમુભાઈ' ! આ તો દરબાર–આત્મ દરબારની વાત છે. આહા..હા..! ક્યાં ગયા દરબાર ? ગયા ? ઠીક ! સમજાણું ? આહા..હા..!

આત્મા માન્યો એને કહીએ કે જે પરમાં સુખ ન માને. પર ચીજો જ્ઞાનમાં જ્ઞેય છે એમાં પરમાં સુખ માનવું ક્યાં રહ્યું ? એ.. 'મલૂકચંદભાઈ' ! આ તો જરીક વિસ્તાર થાય છે. આત્મા જ્ઞાન અને એ જ્ઞેય એ એમ જાણે પણ આત્મા, પરમાં, સુખનો માનનાર એમાં સુખ છે એમ માને, એમ છે નહિ, એમ છે નહિ, વસ્તુમાં એમ છે નહિ. છે નહિ ને માને છે તો આત્માને માન્યો નથી એણે. શરીર, સ્ત્રી, કુટુંબ, પૈસા, લક્ષ્મી, આબરૂ એમાં સુખ છે, એમાં મજા છે એમ માનનારે આત્મા છે એવો માન્યો નથી. આહા..હા..! એ.. 'પ્રેમચંદભાઈ' ! સાંભળ્યું નહિ હોય કોઈ દિ' ન્યાં. ઓલામાં ક્યાં ન્યાં હતું. આહા..હા..! ... આહા..હા..!

આત્મા સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર ફરમાવે છે, આત્મા એણે માન્યો કહેવાય કે જે પર પદાર્થના કોઈ રજકણની દશામાં કે કોઈ જીવની પર્યાયમાં મારું સુખ છે ત્યાં એમ માને

તો એ આત્મા માનતો નથી. કારણ કે આત્માને અને પરપદાર્થને જ્ઞાયક અને જ્ઞેયનો સંબંધ છે. એ સુખ દેનારાને આ સુખ લેનારો એવો કોઈ સ્વભાવમાં એમાં પરમાં પણ નથી, એ જણાવા યોગ્ય ને જાણનાર એ સિવાય બીજું પરમાં પણ નથી ને આમાં પણ નથી. સમજાણું કાંઈ ? શું હશે ? બંગલા, બંગલામાં સુખ હશે કે નહિ થોડુંઘણું ?

આ સમજે છે, આ કીધું ને. પરમાં અમે સુખ માનીએ ને પરને કરીએ ને એ બધા આત્મા. એમ માને છે આ મૂઢ જીવ અનાદિથી. સમજાય છે ? તેથી તો **'मुत्ति-विहूणउ'** પહેલો શબ્દ મુક્યો છે. એનાથી રહિત પણ મૂર્તને અને આને જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે. આહા..હા..! વાહ રે વાહ...! શરીર, વાણી, મન, હાડકા, માંસ, ચામડા, પૈસા, ધૂળ, દાળ, ભાત, મોસંબી એ બધા મૂર્ત પદાર્થ (છે). એનાથી રહિત ભગવાન (છે). એ જ્ઞેય ને જ્ઞાન એટલો સંબંધ છે પણ એમાં સુખ છે ને એમાં સુખ માને એ આત્માનું સ્વરૂપ નથી અને એમાં આત્માનું સુખ નથી, છતાં એમાં માને છે.

**શ્રોતા** :– પ્રત્યક્ષ દેખાય છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ક્યાં દેખાય છે ? ધૂળ. શું પ્રત્યક્ષ દેખાય છે ? 'મણિભાઈ' ના પાડે છે, જુઓ ! શું દેખાય છે ? ધૂળમાં પણ નથી. આ બધા રૂપિયા એમ ને એમ પડ્યા છે તો શરીર આમ આમ થઈ ગયું, લ્યો !

**શ્રોતા** :– શરીર થયું ને આત્મા ક્યાં થયો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ તો થાય. એનું થાય એને ઘરે થયું. શરીર એમ થયું એમાં ક્યાં દુઃખ હતું. શરીરની જે અવસ્થા અનુકૂળ હતી એ પણ જ્ઞાનનું જ્ઞેય (છે) પ્રતિકૂળ પણ જ્ઞાનનું જ્ઞેય (છે). પ્રતિકૂળ એ દુઃખદાયક ને અનુકૂળ એ સુખદાયક એવું એનામાં નથી, આ આત્મામાં એમ નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! એ તો જ્ઞેય છે. અહીં કીધું ને ? એક જ્ઞેયમાં સમાડી દીધું. એક જ વાત સમાડી દીધી. આહા..હા..! કથન તે કથન ! 'પરમાત્મ પ્રકાશ' છે ને ! તારો પ્રકાશ તો જાણવું, એનો પ્રકાશ જ્ઞેય થવું, જણાવવું તારામાં. એ સિવાય ત્રીજું ખોસ્યું વચમાં (એ વિપરીતતા છે). 'જમુભાઈ' ! બરાબર હશે આ ? ... આહા..હા...!

કહે છે, ભગવાનઆત્મા ઓહો..હો..! એ તો આવું દ્રવ્ય છે, એ વસ્તુ આવી છે. છ દ્રવ્યમાં જીવદ્રવ્ય આવું એમ હજી તો બતાવે છે. ...એમ જ છે ને પણ. ભગવાનઆત્મા લોકાલોકને જાણવાનો સ્વભાવ અને પરમાનંદ વીતરાગની પરિણતિએ પરિણમવું, પરિણમવું, પરિણત હોના બસ ! એ દ્રવ્યનો સ્વભાવ, એ દ્રવ્યનો સ્વભાવ.

**શ્રોતા** :– શરીરની મદદથી થાય ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– શરીરની મદદથી નહિ, રાગની મદદથી નહિ. શરીરની તો ક્યાં (વાત કરવી). રાગ વિકલ્પ દયા, દાનનો ઊઠે એનાથી આત્માની વીતરાગી પરિણતિ થાય એવો એનો સ્વભાવ જ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

કેટલી ટૂંકીમાં વાત લીધી છે ! પરના નિમિત્તોથી કાંઈ અહીં જ્ઞાન-આનંદનું પરિણમન થાય એવું તો નથી. કારણ કે એ તો જ્ઞેય છે ને આ જ્ઞાન છે. પણ અંદર વ્યવહાર રત્નત્રયના, દયા, દાન, ભક્તિ, પૂજાના વિકલ્પો ઊઠે એનાથી આત્મા વીતરાગપણે પરિણમે એવો એનો સ્વભાવ નથી. પોતાથી પોતે જ્ઞાન ને વીતરાગની પરિણતિએ પરિણમે એવો એનો સ્વભાવ છે. કહો, સમજાણું આમાં ? ઓહો..હો..! અમૃત લુંટ્યા છે એકલા ! એક જ શબ્દમાં, એક જ ગાથાના એક જ ભાગમાં આખો અમૃતનો દરિયો ઉછળે છે !! ભગવાન તું તો અતીન્દ્રિય આનંદ ને જ્ઞાનની મૂર્તિ પ્રભુ છો ને ! અને તે પણ તારું પરિણમવું તો પૂર્ણ જ્ઞાનપણે, પૂર્ણ જ્ઞાનપણે અને પૂર્ણ વીતરાગી આનંદપણે ... લીધી છે. આહા..હા..! સમજાણું કાંઈ ? વાહ..!

**'પીછે નહીં જાનતા, વીતરાગભાવ પરમાનંદરૂપ એક...'** એક શબ્દ રહી ગયો હતો. **'અતીન્દ્રિય સુખસ્વરૂપ અમૃતકે રસકે સ્વાદસે સમરસી...'** એક સ્વરૂપ, એકરૂપે પરિણમવું એવો. **'પરિણત હુઆ હૈ, ઐસા હે યોગી; શુદ્ધ નિશ્ચયસે અપની આત્માકો એસા સમઝ,...'** એ શુદ્ધ નિશ્ચયનું વાસ્તવિક સ્વરૂપ તે આવું આત્માને જાણ. એ સિવાય બીજી રીતે જાણ તો તેં આત્માને માન્યો નથી. આહા..હા..! આ કોના હાટુ કહેવાય છે આ ? સમજનારને સમજવા માટે કહેવાય છે કે નહિ ? વાહ ! અરે..! એક જ ગાથાએ, એક જ આંખે બધો ફેસલો થઈ જાય છે, લ્યો ! આહા..હા..!

ભગવાનઆત્મા પરમાત્માના તેજના નૂરથી ભરેલો ભગવાન તું પોતે છો, ભાઈ ! પરમ સ્વરૂપ, પરમ સ્વરૂપ પ્રભુ. એ જ્ઞાન ને આનંદ. એવા પૂર્ણાનંદ ભગવાન... પરને જાણવું તે ત્રણ કાળમાં એટલું પણ એ સિવાય સાથે વીતરાગપણે આનંદપણે પરિણમવું, પરિણત હોવું એવો જ જીવદ્રવ્યનો સ્વભાવ છે એવું માનવું એણે જીવદ્રવ્યને માન્યું કહેવાય છે. બીજી રીતે માને એણે જીવદ્રવ્યને માન્યું છે નહિ. હું એક રળનાર ને હોશિયાર થયો માટે પૈસા મેળવ્યા. મૂઢ છો કહે છે, તેં આત્માને માન્યો નહિ. એ.. 'જમુભાઈ' ! ... માથા ફરી ગયેલા હોય છે ને ઘણા તો. જાણે કે બે, પાંચ, દસ લાખ પૈદા થાય ત્યાં તો આંખો ઓડે જાય. ધૂળમાં પણ .. આ તો અજ્ઞાનપણાના ઉધામા કરે છે મફતનો.

ભગવાનઆત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે ફરમાવ્યો કે ભગવાન જીવદ્રવ્ય તને કોને કહીએ ? તારું દ્રવ્યપણું-વસ્તુપણું કોને કહીએ ? આત્મા કોને કહીએ ? આત્મા જ્ઞાનસ્વભાવે પરને જાણે, આનંદ અને વીતરાગપણે પરિણમે, પૂર્ણપણે પરિણમે, હોં ! સમરસી વીતરાગપણે પરિણમવું તેને આત્મદ્રવ્ય કહેવામાં આવે છે. આહા..હા..! વાહ રે... વાહ ! વીતરાગની કથનની પદ્ધતિ. ઓહો..હો..! ચારે બાજુ કોઈ પણ રીતે વાત ઉપાડો, એક જ વસ્તુ પૂર્વાપર વિરોધરહિત સિદ્ધ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? 'દેવાનુપ્રિયા' ! 'દેવાનુપ્રિયા' સમજો છો ? દેવને વલ્લભ, મનુષ્યદેહ દેવને વલ્લભ છે.

**'ઐસા હે યોગી;...'** આ શિષ્યને કહે છે, હોં ! સમજાય છે ? **'શુદ્ધ નિશ્ચયસે અપની આત્માકો ઐસા સમઝ, શુદ્ધ દ્રવ્યાર્થિકનયસે બિના ટાંકીકા ઘડ્યા હુઆ સુઘટઘાટ...'** એ વસ્તુ તરીકે જુઓ

તો અણઘડેલો એમ ને એમ સુઘટઘાટ છે. અસંખ્યપ્રદેશી ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુ એવો ને એવો (છે). એ **'જ્ઞાયક એક સ્વભાવ નિત્ય હૈ.'** ન્યાં એક રહી ગયું. જ્ઞાયક એક સ્વભાવ નિત્ય છે, જ્ઞાયક એક સ્વભાવ નિત્ય છે. સમજાણું ? **'તથા મિથ્યાત્વ રાગાદિરૂપ અંજનસે રહિત નિરંજન હૈ.'** નાસ્તિ કરી. મિથ્યાત્વ અને રાગાદિ બેય. ભ્રમણા ને રાગાદિ વિકલ્પ પુણ્ય દયા, દાન આદિ એનાથી રહિત છે એવો ભગવાન અત્યારે દ્રવ્યસ્વરૂપે છે. આહા..હા..! અરે..! એણે આત્મા કેવો એ સાંભળ્યો નથી કોઈ દિ'. આત્મા આત્માની આસ્થા ને આસ્થા.. પણ સાંભળ્યો નથી એણે. આને કહેવો આત્મા, બાકી આત્મા નહિ. આહા..હા..!

**શ્રોતા :–** જૈન છીએ ઇ તો સાચું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળમાં જૈન એટલે શું થઈ ગયું ? જૈન વાડામાં જન્મ્યા (એટલે જૈન) થઈ ગયા ? કોથળીમાં (નાખ્યા) કરિયાતા ને માથે લખ્યું સાકર, કરિયાતા મીઠા થઈ જતાં હશે ? શું હશે ? 'મલૂકચંદભાઈ' ! એમ ઉપર લખ્યા જૈન ને અંદરમાં ઠેકાણા ન મળે ભાનના કાંઈ ! જૈન તો એને કહે છે કે આવો આત્મા માને તેને જૈન કહે છે. આ તો વસ્તુનું સ્વરૂપ (છે). જૈન કોઈ વાડો છે ?

આ સમજે તો ભાગ્યશાળી કહેવાય. એકલા (જૈનમાં) જન્મ્યા એમાં શું છે ? વ્યવહારથી કહેવાય. સાંભળવાનું સારું મળે એટલી અપેક્ષાએ કહેવાય. પણ આ સમજ્યા વિના... આહા..હા..! મિથ્યાત્વ એનાસ્તિથી વાત લીધી. સમજાય છે? [illegible]
એની સામે નાખ્યું અંજન વિનાનો. નિરંજન શબ્દ વાપર્યો છે ને ? મિથ્યાત્વ અને રાગાદિ અંજનસે રહિત નિરંજન છે. ભ્રમણા ને રાગ-દ્વેષ વિનાનું તત્ત્વ છે. એને આત્મા કહીએ. ભ્રમણા ને રાગ-દ્વેષ તો અચેતન પર્યાય જડની પર્યાય છે, વિકારી પર્યાય છે, એ કાંઈ આત્માનો સ્વભાવ નથી. **'એસી આત્માકો તૂ ભલી-ભાંતિ જાન,...'** આહા..હા..! હે આત્મા ! આવા આત્માને તું ભલી રીતે જાણ. એને ભગવાને આત્મા કીધો છે. એ રીતે તું જાણ તો આત્મા જાણ્યો, માન્યો કહેવાય. આહા..હા..!

અહીં તો જરીક આબરૂ જ્યાં થાય ત્યાં કહે, અમે સુખી છીએ, પાંચ, પચાસ લાખ થાય તો અમારે બાદશાહી છે, એમ છે બાદશાહી છે. મૂઢ તે પણ કેટલો થઈ ગયેલો. પાગલને કાંઈ પ્રમાણ હશે ? જેવો પૂરેપૂરો પરનો જાણનાર છે એને ઠેકાણે થોડીક ચીજમાં... આ મારી. કેટલો પાગલ ! એ..ઇ..! ભારે વાત, ભાઈ ! 'જીવરાજજી' ! આહા..હા..! ભગવાન આ તો ત્રણ લોકના નાથ તારા દ્રવ્યસ્વરૂપને બતાવે છે. ભાઈ ! તું આવો છો ને ! અને આવાને તું બીજી રીતે માન એ કાંઈ આત્મા માન્યો કહેવાય ભાઈ ? એમ કહે છે. સમજાણું કાંઈ ?

**'ઐસી આત્માકો તૂ ભલી-ભાંતિ જાન, જો સબ પદાર્થોંમેં ઉત્કૃષ્ટ હૈ.'** બધામાં તારું ઉત્કૃષ્ટપણું જગતમાં છે. કારણ કે એ બધા જ્ઞેય ને તું બધાનો જાણનાર (છે). સમજાણું કાંઈ ? **'ઇન ગુણોંસે મંડિત શુદ્ધ આત્મા હી ઉપાદેય હૈ,...'** લ્યો ! આવા ગુણોથી સહિત ભગવાનઆત્મા એ જ અંતર

ઉપાદેય નામ શ્રદ્ધામાં અંગીકાર કરવા લાયક છે. સમજાણું કાંઈ ? આવો ભગવાનઆત્મા કહ્યો એવો જ આત્મા જીવોએ શ્રદ્ધામાં આદરવા લાયક છે. બાકી બીજી કોઈ ચીજ આદરવા લાયક છે નહિ. કહો, સમજાણું ? **'और सब तजने योग्य हैं.'** જ્ઞેય તરીકે આદરવા લાયક નથી, જ્ઞેય તરીકે જાણવા લાયક છે. આદરવા લાયક નથી કે આ અમારું... આ અમારું... આ અમારું. પુણ્ય-પાપ અમારા, દયા-દાન અમારા, વિકલ્પ અમારા, ... પૈસા અમારા.

**શ્રોતા :–** ભગવાન તો અમારા ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભગવાન પણ આ આત્માના નહિ. ભગવાન ભગવાનના ઘરના–જ્ઞેયના. આ આત્મામાં–જ્ઞાનમાં જ્ઞેય તરીકે ભગવાન છે. આહા..હા..! સર્વજ્ઞ પરમાત્મા કહે છે, આત્માના દ્રવ્યના જ્ઞાયકમાં અમે પણ જ્ઞેય તરીકે તને છીએ. આહા..હા..! સમજાણું કાંઈ ? લ્યો, એક ગાથા થઈ. ૫૦ મિનિટ થઈ. કહો, સમજાણું આમાં ? એ ક્યાંનું ક્યાંથી નીકળી ગયું ! ક્યાંનું ક્યાં કહો. આહા..હા..!

રાતે કહ્યું હતું કે આત્મા ને પરને તો... ૨૦૦મા કહ્યું પછી યાદ આવ્યું. ૨૦૦ ગાથામાં છે ને ! શરૂ કર્યા પછી યાદ આવ્યું. જ્ઞાયક અને જ્ઞેય સિવાય કાંઈ છે નહિ. આ કડીની ખબર નહોતી, હોં ! એ તો અત્યારે નીકળી.. આ તો ઇ નીકળ્યું. આહા..હા..!

એમાં પરમાત્મા પડ્યો છે આખો. ભાઈ ! એ પોતે જ્ઞાન ને આનંદરૂપે પરિણમે ને પરિપૂર્ણ પરિણત હુઆ, પરિણમે તો જ એને જીવદ્રવ્ય કહેવાય, કહે છે. સમજાય છે ? એ રાગે પરિણમેલો એ કાંઈ જીવદ્રવ્યનું પૂરું સ્વરૂપ નથી. એ તો અપૂર્ણ છે, એ કાંઈ જીવની પૂર્ણતાની પ્રતીત નથી એમાં. આહા..હા..! સમજાણું કાંઈ ? `‡Š¸¿ ]¸¸µ¸ƒ ¬¸¨¨¸¿ ]¸¸µ¸ƒ'. આવો આત્મા જાણે એણે આખી દુનિયા ત્રણ કાળ, ત્રણ લોકને જાણી લીધા. 'છોટાભાઈ' ! આહા..હા..! લ્યો ! એકની વાત કરી.

પુદ્‌ગલ, ધર્મ, અધર્મ એની વાત કરે છે–ત્રણ દ્રવ્યની. આ આત્મદ્રવ્યની વાત કરી. પુદ્‌ગલ અને ધર્મ, અધર્મ. કાળની પછી કહેશે. સમજાણું કાંઈ ? આકાશની પછી કહેશે.

**पुग्गलु छव्विहु मुत्तु वढ इयर अमुत्तु वियाणि।**
**धम्माधम्मु वि गयठियहँ कारणु पभणहिँ णाणि।।१९।।**

ગુરુ શિષ્યને કહે છે કે **'हे वत्स, तू पुद्‌गलद्रव्य छह प्रकार तथा मूर्तिक है,...'** હે શિષ્ય, પુદ્‌ગલની છ પ્રકારની જાત છે એને પુદ્‌ગલ તરીકે જાણ. તારા તરીકે નહિ. જ્ઞેયમાં આવા પુદ્‌ગલ છ પ્રકારના છે તેને જ્ઞેયમાં પુદ્‌ગલ મૂર્ત તરીકે જાણ. સમજાય છે ? એ મૂર્તિક છે અને **'अन्य सब द्रव्य अमूर्त हैं,...'** પુદ્‌ગલમાં, રજકણમાં દરેકમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. એ સિવાયના પાંચ પદાર્થો અમૂર્ત છે. ભગવાનના જ્ઞાનમાં છ પદાર્થો કેવળજ્ઞાનમાં જણાણા. એમાં એક પુદ્‌ગલ જ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળો છે. એ સિવાય જીવ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ એ પાંચ અમૂર્ત

છે, આ મૂર્ત છે. **'ઐસા જાન,...'** એમ તું જાણ, તારો જાણવાનો સ્વભાવ છે તો જાણ, એમ કહે છે.

**'ધર્મ ઔર અધર્મ ઇન દોનોં દ્રવ્યોંકો ગતિ-સ્થિતિકા સહાયક-કારણ કેવલી શ્રુતકેવલી કહતે હૈં.'** કહો. ધર્માસ્તિ, અધર્માસ્તિ બે અરૂપી પદાર્થ જગતમાં ચૌદ રાજૂલોકમાં છે. એ ગતિ સ્થિતિમાં સહકારી કારણ (છે). પાઠમાં સહકારી શબ્દ લેશે. સહકારી કારણ. જડ ને ચૈતન્ય સ્વયં પોતે ગતિ અને સ્થિરતા સ્વરૂપે પરિણમતા હોય ત્યારે એને ધર્માસ્તિ ગતિમાં નિમિત્ત સહકારી (છે). સાથે, હોં ! આઘુ-પાછું નહિ. જીવ ને જડ આમ ગતિપણે ગતિમાં પરિણમે છે તે કાળે એક ધર્માસ્તિ સહકારી નિમિત્ત છે. સ્થિતિપણે પરિણમે ત્યારે અધર્માસ્તિ સહકારી સાથે નિમિત્ત છે, આઘાપાછા નહિ. સમજાણું કાંઈ ? એમ ભગવાન શ્રુતકેવળીઓ કહે છે. વીતરાગ સ્વસંવેદન જ્ઞાનીઓ સંતો એમ કહે છે.

**'પુદ્‌ગલ દ્રવ્યકે છહ ભેદ દૂસરી જગહ ભી 'પુઢવી જલં' ઇત્યાદિ ગાથાસે કહતે હૈં. ઉસકા અર્થ યહ હૈ કિ બાદરબાદર ૧, બાદર ૨, બાદરસૂક્ષ્મ ૩, સૂક્ષ્મબાદર ૪, સૂક્ષ્મ ૫, સૂક્ષ્મસૂક્ષ્મ ૬– યે છહ ભેદ પુદ્‌ગલકે હૈં. ઉનમેંસે પત્થર, કાઠ, તૃણ આદિ પૃથ્વી બાદરબાદર હૈં,...'** અહીં શું કહે છે ? એ ચીજો પુદ્‌ગલરૂપે છ પ્રકાર છે એને કારણે થયેલા છે. તારે તો તારા જ્ઞાનમાં જ્ઞેય છે. સમજાય છે ? એ પત્થર, લાકડા, તરણા, પૃથ્વી કાંઈ તેં બનાવ્યા નથી. આમ ભેગા કર્યા ને .. એ છ પ્રકારના પુદ્‌ગલનો જે પરિણમન એનો સ્વભાવ (છે) એ રીતે છ પ્રકારે થયા. એ તારા તો જ્ઞાનમાં જ્ઞેય છે. સમજ્યા ?

**શ્રોતા :–** .. પણ તોડે તો ખરા ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ લાડવો કરી શકે ને લાડવો તોડી શકે એમ તારામાં નથી. એ બન્યો છે ને તૂટે છે એવો એનો સ્વભાવ છે, એને તું જાણનારો છો. આહા..હા..! સમજાણું કાંઈ ? પથરા, લાકડા, તરણા, પૃથ્વી એ બાદરબાદર છે. એ બાદરબાદર એના પરમાણુના પરિણમનથી પુદ્‌ગલો મૂર્તરૂપે બાદરબાદર પરિણમ્યા છે. એને કોઈ પરિણમાવનાર બીજો નથી કે તેં એને પરિણમાવ્યા નથી. તારાથી તે પરિણમ્યા નથી, પરિણમ્યા છે એનાથી. એને તું જાણનાર છો.

**'ટુકડે હોકર નહીં જુડતે,...'** એ ટુકડાથી ભેગા થતાં નથી. એવો એનો જ્ઞેયનો–બાદરબાદર પુદ્‌ગલનો સ્વભાવ છે, એ એને કારણે છે. ટુકડા થાય ને ટુકડા થઈને ભેગા ન થાય એ એનો સ્વભાવ છે. ટુકડા થઈને ન ... ટુકડા થવું એનો સ્વભાવ છે, ભેગું ન થવું એનો સ્વભાવ છે. એ ટુકડા તું કરી શકતો નથી ને ભેગા તું કરી (શકતો નથી). ભેગા તો ન થાય પણ ભેગા ટુકડા તું કરી શકે એમ તારો સ્વભાવ નથી. લાકડાનો ટુકડો તું કરી શકે એવો તારો સ્વભાવ નથી. તેમ તારાથી ટુકડા થાય એવો એનો સ્વભાવ નથી.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ બધી વાતું વ્યવહારની. બાદરબાદરના ટુકડા થાય તે તેના પરિણમનનો

તે બાદરબાદરનો સ્વભાવ છે. ભેગા ન થવું, પાછો કટકો પડીને ચોંટી જાય પાછો ઇ ? એવો એનો સ્વભાવ છે એમ જ્ઞાન જ્ઞેયને જાણે. જ્ઞાન બાદરબાદર પુદ્‌ગલના જ્ઞેયને જાણે. એને બનાવે નહિ, ભેગા કરે નહિ, તોડે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'ટુકડે હોકર નહીં જુડતે,...'** બીજો જોડી શકતો નથી પણ એનો સ્વભાવ જ એવો છે એમ કહે છે. મોટા પથરાના, લાકડાના બે કટકા થઈ ગયા. સમજાય છે ? પછી કાંઈ જોડાતા નથી. **'જલ, ઘી, તૈલ આદિ બાદર હૈં, જો ટૂટકર મિલ જાતે હૈં,...'** આમ પાણી જુદું થાય વળી મળી જાય. એ એનો બાદરનો એવો સ્વભાવ છે. એ તારે તો જ્ઞેય તરીકે જાણવાનો સ્વભાવ છે. મેં પાણીને આમ કરીને મેળવી દીધું. મૂઢ છો, કહે છે. મેં છાશ નાખીને દૂધને મેળવી દીધું ને દહીં કર્યું. હરામ છે તેં કર્યું હોય તો. એ પ્રમાણે થવું એ એનો બાદરનો સ્વભાવ છે. સમજાય છે ? મિલ જાય ભેગા થઈને, છૂટા થઈને મળી જાય, ભેગા થઈને દહીંના.. આ શું કહેવાય ? સમજાણું ? ... પારો, પારો. એ એનો સ્વભાવ છે. તારે કારણે નહિ. આમ થાળીમાં રાખ્યું ને આમ પડ્યું હોય ને પછી આમ આમ કરે એટલે ભેગું થયું એટલે તેં આમ કર્યું માટે ન્યાં ભેગું થયું એમ નહિ. એનો એ સ્વભાવ તે પ્રકારે જ છૂટા થઈને એકઠા થવાનો છે. એને બાદર પુદ્‌ગલ કહેવામાં આવે છે. એ પુદ્‌ગલની જાતનો પર્યાયનો એવો એનો સ્વભાવ છે. એ તારે માટે તો જ્ઞેય છે–જાણવા લાયક (છે). તું જાણે કે આનું આમ કરી દઉં ને આમ કરી દઉં એ હરામ વાત ત્રણ કાળમાં હોય તો.

ઇ જ કહે છે, પુદ્‌ગલનો એવો સ્વભાવ છે. તે એને કારણે થાય. એ તારે માટે જ્ઞેય છે એને ઠેકાણે હું કરી દઉં (એમ માન) તો એનો સ્વભાવ એવો નથી. એ તો એને કારણે એવો સ્વભાવ છે. આહા..હા..! ભારે વાત, ભાઈ ! સમજાણું ? લ્યો ! એ બે કીધા. એ જાણવા લાયક છે એમ કીધા. એ જ્ઞેયનો સ્વભાવ છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

❋

*** ભગવાનની વાણીમાં–જિનવચનમાં આત્મા જ ઉપાદેય કહ્યો છે એટલે શું–કે જિનવચનમાં વીતરાગતાનું પ્રયોજન છે ને વીતરાગતા આત્માના લક્ષે જ પ્રગટે છે માટે આત્મા જ ઉપાદેય છે તેમ કહ્યું છે. જિનવચનમાં આત્મા ઉપાદેય કેમ કહ્યો ?—કે નિશ્ચય છે તે સ્વનો આશ્રય લે છે ને વ્યવહાર છે તે પરનો આશ્રય લે છે અને પરનો આશ્રય છે તે હેય છે, તો ઉપાદેય કોણ ?—કે સ્વનો આશ્રય તે ઉપાદેય. માટે જિનવચનમાં આત્મા ઉપાદેય કહ્યો છે. પર તરફનો લક્ષણવાળો વ્યવહાર ભાવ છે તે હેય છે અને બે નયમાં વિરોધ છે તેથી નિશ્ચય-શુદ્ધ આત્મા ઉપાદેય છે તેમ જિનવચનમાં કહ્યું છે. ૬૯૮.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી કળશટીકા, કળશ–૨૩૫-૨૩૬,
## પ્રવચન નં. ૨૩૨, તા. ૨૭-૧૧-૧૯૬૫
## [૧૬]

'કળશટીકા'. અહીં સુધી આવ્યા, જુઓ ! આ આત્મા જ્ઞાનાનંદ એનું શુદ્ધ સ્વરૂપ છે એવું ભાન થતાં એના સ્વરૂપમાં પરદ્રવ્યને ગ્રહવું કે પરને છોડવું એના સ્વરૂપમાં નથી અથવા એ આત્મા પોતાનો જે સ્વભાવ શુદ્ધ જ્ઞાનાનંદ છે એને કોઈ દિ' છોડતો નથી અને રાગાદિ ને શરીરાદિને કોઈ દિ' ગ્રહતો નથી, એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ ? એ ચૈતન્યનો પુંજ પ્રભુ વસ્તુ નિર્મળ પર્યાયસહિત રાગાદિથી પૃથક્ થયો અને પોતાના શુદ્ધ સ્વભાવથી અપૃથક્ અભેદ થયો એ આત્મા પરને ગ્રહતો નથી, સ્વને છોડતો નથી ને પોતાના સિવાય પરને છોડતો પણ નથી. ગ્રહતો નથી એટલે છોડતો નથી. સમજાણું કાંઈ ?

**'કેવું છે જ્ઞાન ?'** એટલે આત્મા શુદ્ધ પરિણમન થયેલું એની વાત છે, હોં! અત્યારે. **'પૃથક્ વસ્તુતામ્ વિભ્રત્' 'સકળ પરદ્રવ્યથી ભિન્ન સત્તારૂપ છે.'** ભગવાનઆત્મા જ્ઞાન, દર્શન, સ્વભાવથી ભરેલો પદાર્થ એ રાગ-દ્વેષ અને પરથી તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ ? કર્મ ને શરીરથી જુદો તેમ પુણ્ય-પાપના રાગથી પણ જુદો, એને આત્મા કહીએ ને! એ આત્મા પોતાની શુદ્ધ પરિણતિવાળો ભલે હો પણ એ તો પોતાની નિર્મળ પરિણતિની અવસ્થા છે. પણ વિકાર ને સંયોગવાળો એ આત્મા નથી, એને આત્મા કહેતા નથી. આવો આત્મા... આત્મા કરે પણ કહે છે એમાં ધર્મ શું આવ્યો ? એ આત્મા વસ્તુ છે એ શરીર, વાણી, મનથી પૃથક્ (છે) એમ અંતરમાં ભાન થવું અને પુણ્ય-પાપના રાગથી રહિત એમ સ્થિરતા થવી એનું નામ જ ધર્મ છે, ધર્મ કોઈ બીજી ચીજ નથી. સમજાણું કાંઈ ?

કહે છે, **'પૃથક્ વસ્તુતામ્ વિભ્રત્' 'સકળ પરદ્રવ્યથી ભિન્ન.....'** ભગવાનઆત્માની સત્તા છે. રજકણથી માંડીને રાગના અંશથી પણ એ ભગવાન ચૈતન્ય ભિન્ન છે. એવું એનું દ્રવ્ય ગુણ ને પર્યાયનું પરિણમન (થાય) એને આત્મા કહેવામાં આવે છે. સમજાણું ? એણે આત્મા જાણ્યો, એણે બધું જાણ્યું. આવો આત્મા જાણ્યો એણે જગતના વિકાર આદિ, શરીરાદિ શું છે એ પણ જાણ્યું અને જગતના બીજા પદાર્થો ભિન્ન છે એનું પણ જ્ઞાન થઈ ગયું.

મારા સ્વરૂપમાં આ છે ને પરવસ્તુ એમાં નથી એમ ભાન થતાં આખા પરિપૂર્ણ પ્રભુ ચૈતન્ય

પરમાત્માનો સ્વભાવ તે જ હું એમ નિર્મળ દશાની શ્રદ્ધા-જ્ઞાનની પરિણતિ દ્વારા પરિણમ્યો એટલે પરથી ભિન્ન ને પોતાથી અભિન્ન થઈ ગયો. આ એનું નામ આત્મકલ્યાણ ને મોક્ષમાર્ગ કહેવાય છે.

**'વળી કેવું છે ?' 'अन्येभ्यः व्यतिरिक्तम्' 'કર્મના ઉદયથી છે જેટલા ભાવ, તેમનાથી ભિન્ન છે.'** લ્યો! પહેલું પરદ્રવ્યથી જુદું કહ્યું, હવે, આત્મા – વસ્તુમાં કર્મના સંગથી પુણ્ય ને પાપ, દયા ને દાન વિકલ્પ ઉઠે આસ્રવ એનાથી પણ ભિન્ન છે. પોતે પણ ભિન્ન છે તો ભાસ કેમ દેખાતો નથી ? પણ માને પરમાં એમ શી રીતે દેખાય એને ? 'છોટાભાઈ'! શરીર હું, વાણી હું, આમાં કાંઈ થાય તો મને કાંઈક થાય. હવે, આવી એની ભ્રમની માન્યતા (હોય ત્યાં) આત્મા એનાથી ભિન્ન કેમ એને બેસે ? અને પુણ્ય ને પાપના ભાવ થતાં એમાં આકુળતા છે એ એને ભાસતી નથી. એ દુઃખરૂપ દશા છે, શુભાશભ રાગ એ દુઃખરૂપ (દશા છે), આનંદ સ્વરૂપ ભગવાન એનાથી વિરુદ્ધ ભાવ છે એમ ભાસે નહિ ત્યાં સુધી આત્મા ભાસે શી રીતે ? સમજાણું કાંઈ ? એથી અહીંયાં કીધું, પરદ્રવ્યથી ભિન્ન એને પરદ્રવ્યવાળો માનવો એને પરદ્રવ્યથી ભિન્ન જાણી શી રીતે શકે ઈ ? કર્મના ઉદયથી ભિન્ન એને આકુળતાવાળો માનવો એને આકુળતા વિનાનો આત્મા ભાસે કેમ ? બરાબર છે ?

ભિન્ન સત્તારૂપ છે. **'સકળ કર્મના ઉદયથી છે જેટલા ભાવ, તેમનાથી ભિન્ન છે.'** જુઓ! બે વાત લીધી. વસ્તુ ભગવાનઆત્મા કેમ ભાસતો નથી ? કે એના સિવાય કર્મ, શરીર આદિ જડ પદાર્થ, આમાં–આમાં કાંઈક ઠીક ન થાય ત્યાં મને ઠીક નથી એટલે એનો અર્થ જ ઇ શરીરને જ પોતાનું માને છે. હવે એને જ્યાં માને કે આ એક આખો પદાર્થ જડથી ભિન્ન છે એને કેમ ભાસે અંદર ? સમજાણું કાંઈ ? પરદ્રવ્યની સગવડતા-અગવડતામાં પોતાનું હીણાપણું-અધિકપણું જ્યાં કલ્પે એને પરદ્રવ્યથી ભિન્ન માને શી રીતે ? ન સમજાણું ? 'ભીખાભાઈ' શું કીધું ?

આત્મા સિવાય શરીર, કર્મ, વાણી, આ પૈસા, લક્ષ્મી એની અનુકૂળતાએ મને ઠીક ને પ્રતિકૂળતાએ–એની પ્રતિકૂળતાએ મને ઠીક નહિ. હવે, એમ માનનારને એનાથી ભિન્ન ભાસે શી રીતે ? પરને લઈને અનિષ્ટપણું કે ઇષ્ટપણું જીવમાં છે જ નહિ. કોઈ વસ્તુ ઇષ્ટ-અનિષ્ટ છે જ નહિ. જગતની ચીજ છે. શરીર, વાણી એ તો જાણવાલાયક છે. એમાં આ હોય તો ઠીક ને આમ ન હોય તો ઠીક નહિ એવું વસ્તુમાં તો છે નહિ. સમજાણું કાંઈ ? પછી શરીર નિરોગ હોય તો ઠીક, એનો અર્થ શું ? 'મોહનભાઈ'! શું કહેવો એનો અર્થ ? પણ સંબંધ શું છે કે નિરોગ હોય તો ઠીક ? એ તો જડ છે. અને સરોગ હોય તો ઠીક નહિ. એ તો જડ છે. જડમાં રોગની દશા (હોય) એમાં જીવને અઠીક એમ આવ્યું ક્યાંથી ?

**શ્રોતા :–** બેભાન અવસ્થા ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભાન ન મળે. હવે ભાન ન મળે ત્યારે આત્મા છે એમ ભાસે ક્યાંથી ? બેભાન જ્યાં પડ્યો છે આમ... આમ... આમ... આહા..હા..! આખો મોટો પોટલું શરીર, વાણી આદિ

સંયોગ કંઈક અનુકૂળતા એ ઠીક ને પ્રતિકૂળ (અઠીક) એમ જ્યાં આમ શોધવા જાય ત્યાં એનો અર્થ જ પરમાં પોતાનું હોવાપણું માને છે, ભિન્ન છું એ તો એને ખબર નથી. કહો, સમજાણું આમાં ?

અહીં **'સકળ કર્મના ઉદયથી છે જેટલા ભાવ, તેમનાથી ભિન્ન છે.'** બીજો બોલ લીધો ને ? પછી થયા અંદર વિકલ્પો શુભ ને અશુભભાવ. એ શુભ-અશુભભાવમાં શુભ તે ઠીક ને અશુભ તે ઠીક નહિ એમાં જે પડ્યો હોય એને આત્મા એનાથી રહિત કેમ ભાસે ? સમજાણું કાંઈ ? ભગવાનઆત્મા તો કર્મના, નિમિત્તના, સંગના વિકલ્પોથી પણ જુદો (છે). હવે એ વિકલ્પમાં જ્યાં અટક્યો કે આ... આ... આ... આ ઠીક, આ ઠીક નહિ ને આ ઠીક, આ ઠીક નહિ ને આ ઠીક. વિકલ્પમાં અટક્યો. એનાથી તો જુદો છે. હવે જ્યાં અટક્યો એનાથી જુદો એને કેમ ભાસે ? સમજાણું કાંઈ ? ઇ એને કરે તો થાય, સાંભળવાથી નહિ. ઇ સાંભળવાથી નહિ અને રાગથી પણ નહિ ને વિકલ્પથી પણ નહિ.

ઇ ન્યાં ગરતા થાતું નથી. ત્યાં જ્ઞાનની પર્યાય પરિણમે છે. કહો, સમજાણું આમાં ? આહા..હા..! એ પરલક્ષી જ્ઞાન એને પણ જ્યાં સુધી પોતાનું માને ત્યાં સુધી જુદો પડવાનો પ્રયત્ન કરે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? આ તો વળી બે બોલમાં સમાડ્યું. વળી ત્રીજો આવ્યો પાછો. સમજાણું આમાં ?

એના જ્ઞાનનું અસ્તિત્વ તો સ્વને જાણવાના પર્યાયપણે પરિણમે એ એનું અસ્તિત્વ છે. એને ઠેકાણે એનું હોવાપણું આ સંયોગથી કે આ વિકલ્પથી અને કાં એના પરલક્ષી ઉઘાડના ભાવથી કાંઈક મને આત્મા જણાણો એમ થયું એ વાતેય ખોટી છે. આહા..હા..! સમજાણું કાંઈ ? કારણ કે એ પરલક્ષી જ્ઞાનનો ઉઘાડ એ વાસ્તવિક આત્માની પર્યાય જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એની જો યથાર્થ (પર્યાય) હોય તો પછી ઘટે કેમ ? નાશ થાય કેમ ? પછી નિગોદમાં ચાલ્યો જાય છે, એનો અર્થ શું ? 'છોટાભાઈ'! આહા..! એનો કણ અંદર જાગે, સ્વરૂપ આ ચિદાનંદ પ્રભુ એની અંતરની દૃષ્ટિ, અંતરનું જ્ઞાન ને એની સ્વરૂપ આચરણની દશા (થાય) એ આત્મા. એ આત્મા થયો એ આત્મા રહેવાનો એમ ને એમ. સમજાય છે ? અહીં પડવા-ફડવાની વાત નથી.

એટલે કહે છે કે કર્મના ઉદયથી જેટલા ભાવ કરે ભલે પોતે પણ એ વિકલ્પો છે એ મૂળતત્ત્વ ચૈતન્યની ગુણ, દ્રવ્ય, પર્યાય છે જ નહિ એ. સમજાણું કાંઈ ? આહા..હા..! **'વળી કેવું છે ?' 'आत्मनियतं' 'પોતાના સ્વરૂપથી અમિટ ( -અટળ ) છે.'** દેખો! કેવો છે ભગવાન ? પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્રના પર્યાયથી પ્રગટેલો અમિટ છે–એ મટે એવો નથી. પેલું બધું તો મટી જાય એવું છે. સમજાણું આમાં ? ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપ (છું) એમ જ્યાં પરલક્ષને છોડી સ્વલક્ષે શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ થયા (તો) કહે છે કે જેમ દ્રવ્ય અમિટ છે (એમ) હવે એ પર્યાય અમિટ થઈ ગઈ. એ પર્યાય ભૂંસાય નહિ, મટે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'आत्मनियतं' 'नियतं'** કીધું જોયું ? **'પોતાના સ્વરૂપથી અમિટ ( -અટળ ) છે.'** શરીર, કર્મ,

રાગ એનાથી ભિન્ન જે ભગવાન, એમ ભિન્ન જાણ્યો ત્યારે પર્યાયમાં પરિણમન થયું કે નહિ ? પર્યાયમાં શ્રદ્ધા, જ્ઞાન આદિ પરિણમ્યા (કે) આ આત્મા, આ આત્મા. આમ શરીરાદિ છું, વાણી છું એમ જે પરિણમતો એ મિથ્યાત્વરૂપી પરિણમન હતું. આ આત્મા જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ (છે) એમ દૃષ્ટિ, જ્ઞાન થતાં એનું પરિણમન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું થયું. દ્રવ્ય અને પર્યાય અભેદ થઈ ગયા, અમિટ છે, એ પર્યાય હવે મટે નહિ. એ આત્મા થઈને જાગ્યો. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'કેવો છે જ્ઞાનનો મહિમા ?'** એ પ્રગટ્યું. જ્ઞાન સ્વરૂપ ભગવાનઆત્મા તો દ્રવ્ય-ગુણે તો અભિન્ન છે પણ એનું ભાન પરથી ભિન્ન જ્યાં કર્યું **'मध्याद्यन्तविभागमुक्तसहजस्फारप्रभाभासुरः' 'એ વર્તમાન પહેલો, આગામી એવા વિભાગથી અર્થાત્ ભેદથી રહિત...'** શુદ્ધ જ્ઞાનઘન ચૈતન્ય પ્રભુ! વસ્તુ... વસ્તુ... વસ્તુ... મહા સમજાય છે ? વજ્રને જેમ ભૂંસાયા ભૂંસે નહિ છતાં એ અનિત્ય વસ્તુ છે. આ ભગવાનઆત્મા... કહે છે કે શાશ્વત ચૈતન્ય જ્યાં અંતર દૃષ્ટિમાં પરથી પૃથક્ જાણ્યો એને આદિ શી ? મધ્ય શી ? ને અંત શી ? જે છે ઇ છે ઇ. સમજાણું કાંઈ ? આહા..હા..!

ચક્રવર્તીઓ ચક્ર સાધે છે ને ? પછી ન્યાં પર્વત ઉપર લખે છે. ક્યો પર્વત ? હેં ? એ પર્વત છે ને વૈચાકને ઓલી કોર ? છ ખંડ સાધે છે. નામ લખે છે. કેટલા ચક્રવર્તી થઈ ગયા તો નામ લખવાની જગ્યા રહી નહિ. વજ્રની મણિરત્ને લખેલા, હોં! મણિરત્નની એક હજાર દેવ સેવા કરે છે. એક મણિરત્ન એક થાય એની હજાર દેવ સેવા કરે. એ ચક્રવર્તી જ્યારે છ ખંડ સાધીને જે સોળ હજાર દેવ ને આમ લખે. હું આનો પુત્ર અને મેં છ ખંડ સાધ્યા છે. હું ચક્રવર્તી મહારાજા. મેં મારી ભૂજાએ છ ખંડમાં રહેલા દેવ, દેવીઓ, મનુષ્ય સર્વને સાધ્યા. એ બધા મારા સેવક છે, હું એનો સ્વામી છું. એ જ્યાં પાછળના ચક્રવર્તીઓ થાય ભૂંસાડે પેલાને. ક્યાં એટલા ક્યાં લખાણ .. ? ... આહા..હા..! આ ભૂંસાય નહિ એવી ચીજ છે. સમજાણું કાંઈ ? પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપ વજ્રમય ચૈતન્ય પ્રભુ! એની અંતરમાં રાગ ને વિકલ્પથી ભિન્ન, પોતાના સ્વભાવથી અભિન્નનું ભાન થયું, કહે છે કે આદિ-મધ્ય-અંતમાં જે છે તે છે એ તો. સમજાણું કાંઈ ?

(ભેદથી) **'રહિત સ્વભાવરૂપ અનંત જ્ઞાનશક્તિથી સાક્ષાત્ પ્રકાશમાન છે.'** અહીં છેલ્લી વાત પછી કરી ને ? કેવળજ્ઞાન આદિ **'સ્વભાવરૂપ...' 'स्फारप्रभा'** પ્રગટ થઈ ગઈ છે પ્રભા જેની, શક્તિ જેની. કેવળજ્ઞાનમય જ્યોત પ્રગટ થઈ ગઈ. અસંખ્ય પ્રદેશે અનંત સૂર્ય ઊગી ગયા. અનંત જ્ઞાનશક્તિ અનંત. પણ એ વસ્તુ અનંત મહાપદાર્થ જેના પદાર્થની (મહિમા) વાણીએ પૂરું ન પડે, વિકલ્પે પૂરું ન પડે એવી એ જાત છે. એનો મહિમા અંતર્મુખમાં આવતા કહે છે કે એ ક્રમે ક્રમે જ્યાં કેવળ પામ્યો (તો) સર્વથી રહિત થઈ ગયો. ખલાસ! અનંત જ્ઞાનશક્તિ **'स्फार'** છે ને ? **'स्फारप्रभा'**. **'स्फारप्रभा'** નું શું કર્યું છે ? **'स्फार'** નો અર્થ અનંત ? **'स्फार'** એટલે અનંત, એમ. બેહદ સ્વભાવ એવો કેવળજ્ઞાન આદિ પર્યાય પ્રગટ થયો.

**'भासुरः' 'સાક્ષાત્ પ્રકાશમાન છે.' 'વળી કેવો છે ?' 'शुद्धज्ञानघनः' 'ચેતનાનો સમૂહ છે.'**

એ ચેતનાનો સમૂહ ભગવાન પર્યાયે પરિણમીને એકલો ચેતના... ચેતના... ચેતના... ચેતનાનો સમૂહ રાગનો સંબંધ વિકાર ને ફિકાર કાંઈ રહ્યું નહિ. એવા ભાનથી જે પરમાત્મા પ્રગટ્યો એ એવો ને એવો અનંતકાળ રહેશે. એને ફરીને પાછું પડવાનું નથી. અહીંયાં ભિખારી કલ્પ્યો ને રાંકો કલ્પ્યો, રાંકો. એક જરીક બીડી સરખી પીવામાં આવે ત્યાં કોણ જાણે અંદર શું થઈ જાતું હશે ? બાયુંને એક છાણનો પોદળો સરખો મળ્યો હોય ને એક ભેંસ નીકળી હોય ને એક શું કહેવાય ? સુંડલો ભરાય એવો, આખો સુંડલો ભરાય એવો પોદળો (મળે તો) ઓહોહો..! (થઈ જાય). શું છે પણ આ બધું ? અને રાંધણું-બાંધણું સરખું થયું હોય ને આ કપડા-બપડા ને છોકરાને આમ મખમલના આમ ને આમ. શું છે પણ ? આ બધા ભેખ જડના. એની મહિમા અને આ ચૈતન્ય પ્રભુની મહિમા નહિ. એણે હવે અંદરથી વીતરાગપણાનો ભેખ ધાર્યો. મોક્ષ પણ પર્યાય પણ ભેખ છે, હોં! પર્યાય છે ને ? આહા..! ભગવાન જ્ઞાનરૂપી દ્રવ્ય-ગુણ એનું પરિણમન દઈને જ્ઞાનનો ભેખ સાદિ અનંત ભાસુરમાન પ્રગટ થયો. એવા આત્માને આત્મા તરીકે કહેવામાં આવે ને એને કેવળજ્ઞાન તરીકે પ્રકાશમાન થયેલો આત્મા પૂર્ણપણાને પ્રાપ્ત થયો. કહો, સમજાણું ?

> **उन्मुक्तमुन्मोच्यमशेषतस्तत्**
> **तथात्तमादेयमशेषतस्तत् ।**
> **यदात्मनः संहृतसर्वशक्तेः**
> **पूर्णस्य संधारणमात्मनीह ।।४४-२३६ ।।**

૪૪. બહુ ટૂંકું શ્લોકમાં ટૂંકું સાર, બહુ ટૂંકો છે ને ? એ છે પણ ટૂંકો, બહુ થોડો, થોડો એટલે થોડા કાળમાં પમાય એવો, એમ. સમજાણું કાંઈ ? થોડા અક્ષરમાં સમજાય એવો, થોડા ભાવે સમજાય એવો મોટો.

**'यत् आत्मनः इह आत्मनि सन्धारणम्' 'જે પોતાના જીવનું...'** જ્ઞાનાનંદ ભગવાન! સમજાણું ? **'પોતાના સ્વરૂપમાં 'सन्धारणम्' સ્થિર થવું છે...'** જુઓ! અનાદિથી જે વિકલ્પ ને દયા-દાન, પુણ્ય-પાપના અસ્થિરતામાં, રાગમાં સ્થિર હતો એને ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ ચિદાનંદ જ્યોતિમાં સ્થિર કર્યો. એ આત્માએ આત્માનું **'सन्धारणम्'** કર્યું. **'सन्धारणम्'** શું આવે છે બહારમાં ? **'सन्धारणम्'** લોકમાં વપરાય છે ને પ્રશ્ન એવો ? સમજાણું ? સ્થિર થવું. **'सन्धारणम्'** .. કે આખો શબ્દ છે ? સમ્ **'सन्धारणम्'** સમ્યક્ પ્રકારે, એમ. સમ્યક્ પ્રકારે. શું કહ્યું ?

ભગવાનઆત્મા...! આ છેલ્લા શ્લોકો છે ને ? એટલે એનું રૂપ પ્રગટપણે પૂર્ણ એની વિશેષ વ્યાખ્યા કરી છે. શક્તિરૂપ તો વસ્તુ પૂર્ણ જ છે. પણ એનું અંતર પરથી પૃથક્ થઈને ભાન થયું, ભાન એટલે એ પોતે પોતાને **'सन्धारणम्'** પોતે પોતાને આમ બરાબર સ્થિરપણે ધારી રાખ્યો. સમજાણું ? **'પોતાના જીવનું પોતાના સ્વરૂપમાં સ્થિર થવું છે...' 'तत्' 'તે જ માત્ર,...'** બસ! કહે છે એ બધું **'उन्मोच्यम् उन्मुक्तम्' 'જેટલું હેયપણે છોડવાનું હતું તે બધું છૂટ્યું,...'** છે ? ભગવાનઆત્મા શુદ્ધ

આનંદઘનના સ્વભાવમાં ઠરતાં પોતે પોતાના સ્વરૂપમાં – સ્વરૂપમાં, સ્વભાવમાં, ધ્રુવતામાં ઠરતાં કહે છે કે જે કંઈ છોડવા યોગ્ય (હતું) એ છૂટી ગયું. રાગાદિ, વિકલ્પ આદિ છોડવાયોગ્ય વસ્તુ છૂટી ગઈ. સમજાણું ?

**'उन्मोच्यम् उन्मुक्तम्'** એમ. **'उन्मोच्यम् उन्मुक्तम्'** એટલે છૂટવાયોગ્ય છૂટી ગયું, એમ કહે છે. બે શબ્દ છે ને ? છૂટવાયોગ્ય છૂટી ગયું, રહેવાયોગ્ય રહી ગયું. સમજાણું આમાં ? ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ! એનું અંતરમાં એકાકાર થતાં આત્માએ આત્માને **'सन्धारणम्'** સ્થિર કર્યો અંદરમાં, સ્વરૂપમાં, સ્વરૂપમાં સ્થિર કર્યો. આ ચારિત્રની વ્યાખ્યા સહિતની બધી વ્યાખ્યા છે ને અહીં ? મોટી વાતું. આ જગતની મીઠાશમાં ક્યાંય પડ્યો હવે, આને સૂઝ, સૂઝ પડે નહિ અંદર. છે એવડો ને એવડો અનાદિનો એમ ને એમ છે. સાતમી નરકે ગયો કે નિગોદમાં રહ્યો એ એવો ભગવાન પરિપૂર્ણ અનંત ગુણની ખાણ, ખાણ તે ખજાનો એવો ને એવો છે. એવા અંતર્મુખની દૃષ્ટિ ને જ્ઞાનમાં પોતે પોતાને ઠાર્યો, પોતે પોતાને ધાર્યો, પોતે પોતામાં સ્થિર થયો, બસ! થઈ રહ્યું, કહે છે. આ છૂટવાયોગ્ય છૂટી ગયું.

**'उन्मोच्यम्'** એટલે જે છૂટવા યોગ્ય હતું રાગાદિ, વિકલ્પ આદિ **'उन्मुक्तम्'** છૂટી ગયું. **'अशेषतः'** **'કાંઈ છોડવાને માટે બાકી રહ્યું નહિ;...'** સમજાણું કાંઈ ? પોતાના શુદ્ધ સ્વરૂપમાં ઠરતાં, પોતે પોતામાં પોતે ઠરતાં, છૂટવા યોગ્ય વિકલ્પો છૂટી ગયા, અલ્પજ્ઞપણું છૂટી ગયું. હવે, અશેષ કાંઈ પણ છોડવાને બાકી રહ્યું નથી. આહા..હા..! સમજાણું ?

**'तथा तत् आदेयम् अशेषतः आत्तम्'** લ્યો! **'तथा तत् आदेयम् अशेषतः आत्तम्'** સમજાણું ? આતમ. શું કીધું ? જુઓ! બે સામે સામે કર્યા. વસ્તુ ભગવાન પૂર્ણાનંદનો પ્રભુ! એની અંતરમાં દૃષ્ટિ જ્ઞાન કરીને ઠર્યો, કહે છે કે પોતે પોતામાં ઠર્યો, પોતે પોતામાં સ્થિર થયો. જે કાંઈ છૂટવાનું હતું એ છૂટી ગયું અને જે રહેવાનું હતું એ રહી ગયું. **'જે કાંઈ ગ્રહવાનું હતું તે સમસ્ત ગ્રહ્યું.'** શું ? પોતાનું પવિત્ર શુદ્ધ સ્વરૂપ જે જ્ઞાન ને દૃષ્ટિમાં ગ્રહ્યું, પૂર્ણ ગ્રહ્યું એ ગ્રહ્યું. ગ્રહવા યોગ્ય તે ગ્રહ્યું અને છોડવા યોગ્ય તે છૂટી ગયું. સમજાણું કાંઈ ? ભારે ટૂંકી વાતું.

આ પર વસ્તુ છોડવી ને ગ્રહવી કે દિ' હશે આત્મામાં ? એની તો અહીં વાત જ નથી. સમજાણું ? અંદરમાં વિકલ્પ આદિ ને અલ્પજ્ઞતા જે હતી (એ છૂટી ગઈ). પૂર્ણ પ્રભુનો અંતર આશ્રય કરીને દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા થઈ એટલે આત્મા આત્મામાં રહ્યો. છૂટવાનું જે છૂટી ગયું, ગ્રહવાનું તે પૂરું ગ્રહાય ગયું. પૂર્ણ ભગવાનઆત્મા હતો એ દૃષ્ટિ, જ્ઞાનમાં, સ્થિરતામાં ગ્રહવા યોગ્ય એ ગ્રહાય ગયો. સમજાણું કાંઈ ? બહુ ટૂંકી ભાષા અને ભાવની મોટી મહિમા.

**'તે જ પ્રકારે...'** તે જ પ્રકારે એટલે જેમ છૂટવાનું હતું એ છૂટ્યું એમ **'જે કાંઈ ગ્રહવાનું હતું તે સમસ્ત ગ્રહ્યું.'** હવે, કાંઈ ગ્રહવાનું બાકી રહ્યું નહિ ને છોડવાનું કાંઈ બાકી રહ્યું નહિ. એ આત્માનો અનુભવ સ્થિર થતાં હવે કહે છે જે કાંઈ આવ્યું એ આવ્યું ને ગ્યું એ ગ્યું, ખલાસ. સમજાણું

આમાં ? પરમાત્માના જ્યાં ભેટા થયા, એક સમયનો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ! એના દૃષ્ટિ, જ્ઞાન ને સ્થિરતામાં ભેટા થયા, એ થયા એ થયા કહે છે. ગ્રહવાનું હતું એ આખું ગ્રહાય ગયું ને છોડવાનું હતું એ બધું છૂટી ગયું, હવે ગ્રહણ-ત્યાગ કાંઈ રહ્યું નહિ. સમજાણું કાંઈ ? આહા..હા..! બહારની વાત નથી, હોં! ફક્ત વિકલ્પ આદિ, અલ્પજ્ઞપણું આદિ છૂટી ગયું ને પૂર્ણાનંદનું જે માપ છે એ ગ્રહવા યોગ્ય પૂર્ણ ગ્રહાય ગયું એમ કહે છે અહીં તો. બહારની સાથે કાંઈ સંબંધ નથી. બહારનો ગ્રહણ-ત્યાગ સ્વરૂપમાં છે જ નહિ. ઉપાદાન, ત્યાગ-ઉપાદાનશૂન્યત્વ શક્તિ. સમજાણું ? **'સમસ્ત ગ્રહ્યું.'**

**'ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ સર્વ કાર્યસિદ્ધિ.'** દેખો! જુઓ! જુઓ! આવ્યું ન્યાં પાછું. શું કીધું ? એ **'શુદ્ધ સ્વરૂપનો અનુભવ સર્વ કાર્યસિદ્ધિ.'** બરાબર ગોઠવ્યું છે ને! ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદનો પ્રભુ આ જ્યાં અનુભવમાં-અંતરમાં અનુભવમાં આવ્યો (ત્યાં) સર્વ કાર્યસિદ્ધિ (થઈ ગઈ). સમજાણું કાંઈ ? એ કૃત્યકૃત્ય થઈ ગયો એમ કહે છે અહીં તો. 'ભીખાભાઈ'! આ જુઓ!... નાખીને પાછું અહીં નાખ્યું. જુઓ! ઇ વસ્તુ જ છે હોં! એમ જ કીધું છે ત્યાં, કહેવાનો આ જ આશય છે ત્યાં. આમ પરમાનંદનો નાથ અનંત ગુણ ચૈતન્ય રત્નાકર એક એક ગુણની અનંત સામર્થ્ય શક્તિવાળું આખું તત્ત્વ, જ્યાં આમ સમ્યગ્દર્શનના અનુભવમાં બેઠું, બેઠું કે આ આત્મા નિર્વિકલ્પ આનંદ પ્રભુ છે. એવો શુદ્ધ સ્વરૂપનો અનુભવ (થયો). ખલાસ, સર્વ કાર્યસિદ્ધિ (થઈ ગઈ). એ સર્વ કાર્યસિદ્ધિ મુક્ત થઈ ગયો, મુક્ત, એમ કહે છે. સમજાણું કાંઈ ?

પૂર્ણ છે એ તો મુક્ત છે પર્યાયમાં, આ તો આ જ્યાં શુદ્ધ સ્વરૂપનો અનુભવ (થયો). વિકલ્પ આદિનું જ્ઞાન રહી ગયું, જ્ઞાનનું ગ્રહણ થઈ ગયું ને વિકલ્પ આદિનો ત્યાગનો ત્યાગ જ્ઞાનમાં રહી ગયો. સમજાણું આમાં ? આહા..! **'શુદ્ધ સ્વરૂપનો અનુભવ સર્વ કાર્યસિદ્ધિ.'** ભગવાનઆત્મા પરમાનંદનો નાથ શુદ્ધ સ્વરૂપ, એને અનુસરીને અંતરમાં અનુભવ દશા થઈ (તો) સર્વ કાર્યસિદ્ધિ (થઈ). સમજાણું કાંઈ ? હવે કાર્ય કાંઈ કરવાનું બાકી ન રહ્યું, એમ કહે છે. ભગવાન મળ્યા પછી શું કામ બાકી હોય એને ?

**શ્રોતા :–** ઘણાં બધા કામ કરવાના હોય ને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધા સિદ્ધ થઈ ગયા. આત્માના કરવાના, બહારના ક્યાં કરવાના ધૂળના (કરવાના) હતા ? મફતનો મૂઢ થઈને માને છે. આ કર્યા ને આ કર્યા ને આ કર્યા. હવે અમે વૃદ્ધ થઈ ગયા. ઘણા કામ કર્યા. બાપુ! શેના ધૂળના કર્યા ? મૂઢતાના કર્યા. એ મૂઢતાના કર્યા, બધા કાર્ય બાકી રહી ગયા. અહીં તો આ ભાનના કામ કર્યા (તો) બધા કાર્ય સિદ્ધ થઈ ગયા. સમજાણું કાંઈ ? જડને કોણ કરતો હતો ? આ કર્યા ને આ કર્યા ને મોટરુંમાં ગયા ને ફલાણામાં ગયા ને ધૂળમાં ગયા ને ક્યાંય ગયો નથી. ત્રણ કાળમાં ક્યાંય, પોતાની પર્યાય છોડીને ક્યાંય ગયો નથી. મૂઢતામાં હતો. એણે બધા કામ, કાંઈ કર્યા નથી એણે. કરવાના હતા તે કર્યા નથી ને નહિ

કરવાના માન્યા ને મૂઢતા કરી છે, એમ કહે છે ઇ. આ જે કરવાનું હતું કર્યું, થઈ ગયું, જાવ!

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ! એનો અનુભવ. વસ્તુનો, ગુણનો, ગુણનો, વસ્તુનો વસ્તુ મહાન પ્રભુનો અનુભવ (થયો ત્યાં) થઈ ગયું. બધું છૂટી ગયું, છૂટવાનું છૂટ્યું ને ગ્રહવાનું ગ્રહાય ગયું. એ સર્વ કાર્યસિદ્ધિ એમાં થઈ. સમજાણું કાંઈ ? એ કરવાનું આ છે. શું હશે આ બધા ? તમે તો ન્યાં બહુ કામ કરો છો. સંસ્થાઓ નભાવવી જોઈએ, એમ કહે છે. જુઓ! 'કલકત્તા'માંય કરતા, અહીં કરતા ને પાછા 'પોરબંદર'માં. ત્રણ ઠેકાણે કરે છે, લ્યો!

... પાછો ન્યાં એમ કહે છે, જુઓ! પાછું કર્મ પણ એ જાતનું ત્યાં હોય ને ખરી જાય. કર્મ પણ ન્યાં ખરી જાય. આમ રોગ થાય, આમ રોગની દવા કરે તો અશાતા પણ ખરી. એને લઈને અશાતા કરતી હશે. ભારે ગપ માર્યા છે ને! અશાતા વેદનીયનો ઉદય હોય ને જો રોગમાં દવા-બવા લાવે .... શું કટકા થઈ ગયા છે દેણાના ? દેણું અપાઈ ગયું. આ માંગતો હતો પાંચ હજાર, લઈ જા. એમ આયુષ્યના પરમાણુની સ્થિતિ પૂરી થઈ ગઈ એનું નામ તૂટ્યું કહેવાય બાકી આઘું-પાછું થાય (એમ છે નહિ). આહા..હા..! ભારે પણ. હજી ઔષધથી દેહની અવસ્થા પલટાવવી છે ને દેહની અવસ્થા પલટતા અશાતા વેદનીયના રજકણો ખેરવી નાખવાના છે. એવું મિથ્યાત્વરૂપે, વિભાવરૂપે પરિણમનનું કાર્ય એનું હતું એમ કહે છે અહીં તો. કેમ હશે ? 'દેવશીભાઈ'! તમે તો બહુ ઘણાં ઓરડા કરીને તોડો છો ને ભાંગો છો ને ઘણું કરો છો કે નહિ ? એમ કરતા હશો કે નહિ ? અહીં એક કોર મોટું ઊંચું કર્યું છે. લાંબા હોય તો વળી પાછું તૂટ્યું. કીધું, કાંઈક થયું વળી પાછું. અમારે તો આ દિશાએ જવાનું ને ન્યાં એટલે દેખાય દરરોજ. એ તો એના કાળે તૂટવાનું જ હતું, હોં! એમાં કોઈએ તોડ્યું-ફોડ્યું નથી. એના પરમાણુંનો કાળ કાર્યનો એવો જ ઊંચે થવાનો હતો અને પડવાને કાળે એ જ પર્યાયની એ જ દશા થવાની હતી. કોઈ 'દેવજીભાઈ'ને કારણે થાય, 'મગનભાઈ'ને કારણે થાય, હરામ વાત પરમાં હોય તો, કહે છે. 'દેવજીભાઈ'!

અહીં તો એટલું કહ્યું, જુઓ! શું કીધું ? **'संहृत'**ની વ્યાખ્યા શું કરી ? **'संहृतसर्वशक्तेः' 'વિભાવરૂપ પરિણમ્યા હતા...'** એ પોતે સ્વભાવરૂપ અનંત શક્તિરૂપે પરિણમી (ગયો). **'અનંત ગુણ જેના છે, એવો છે.'** અનંત અનંત ગુણનું વિપરીત પરિણમન એમાં જેટલું, કેટલુંક હતું, બધા ગુણનું તો ક્યાં છે. સમજાણું કાંઈ ? આત્મદ્રવ્યમાં અનંત ગુણ છે એ અનંત ગુણના કેટલાક (ગુણનું) વિકારરૂપ પરિણમન હતું. પરના અભિમાનના કાર્યનો ભાવ, વિભાવરૂપ ભાવ. વિકલ્પ પુણ્ય-પાપના ભાવરૂપ પરિણમન જે હતું એ વિભાવરૂપ પરિણમન હતું એ ગયું, એ સ્વભાવરૂપ થઈ ગયું, વિભાવરૂપ ગયું ને પર્યાયમાં સ્વભાવરૂપ થઈ ગયું. સમજાણું કાંઈ ? ભારે વાતું આ.

**'सर्वशक्तेः' 'અનંત ગુણ જેના,...'** એટલે શું કીધું ? જેટલા ગુણો છે એ બધા સ્વભાવરૂપે પરિણમી ગયા, એમ કહે છે અહીં તો. ભાઈ! વિભાવરૂપ તો અમુક પરિણમ્યા હતા. સમજાણું કાંઈ ? ભગવાન અનંત ગુણ સંપન્ન પ્રભુ! એમાં વિકારરૂપ તો અમુક ગુણ જ હતા, કાંઈ બધા ગુણ વિકારરૂપે

નહોતા. પણ જે વિકારરૂપે અભિમાનમાં અજ્ઞાનપણે રાગ-દ્વેષરૂપે વિભાવ, વિકાર હતો, એ ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ (છું) એમ દૃષ્ટિ ને અનુભવ કરતા જેટલા ગુણ છે એટલા બધા સ્વભાવરૂપે પરિણમી ગયા. સમજાણું કાંઈ ?

તે દિ' સમ્યગ્દર્શનને એમ કીધું ને ? 'સર્વગુણાંશ તે સમકિત' એમાં હેતુ છે ને ? દ્રવ્ય છે કે નહિ વસ્તુ ? દ્રવ્ય છે કે નહિ વસ્તુ ? તો દ્રવ્ય છે એનું પરિણમન થતાં, દ્રવ્ય છે એના અનંતા ગુણો જે છે એના સમ્યક્‌પણે પરિણમન થતાં અનંતા ગુણોનું પરિણમન સમ્યક્ થઈ ગયું છે. સમજાણું કાંઈ ? આખી ચીજ છે કે નહિ ? એમાં સંખ્યાએ અનંત ગુણ પડ્યા છે. એવા દ્રવ્યની પ્રતીત ને અનુભવ થતાં અનંતાગુણનો પિંડ પોતે જે છે એ બધા ગુણો સમ્યક્‌પણે, શુદ્ધપણે પરિણમ્યા. સમજાણું કાંઈ ? આહા..હા..! એવું જે દ્રવ્યનું, વસ્તુનું અનંત– ગુણ સ્વરૂપ હતું પ્રભુ આત્માનું (તેનો) અંતર અનુભવ થતાં, અંતરના જ્ઞાન ને આનંદમાં એની દૃષ્ટિમાં ઠરતાં અનંતાગુણો, કેટલાક વિભાવરૂપે હતા, ભલે સમુચ્ચય વાત લીધી છે, પણ એ ત્યાં ને ત્યાં એ જ ઠેકાણે અનંતાગુણો સ્વભાવરૂપે પરિણમી ગયા. સમજાણું કાંઈ ?

**'વળી કેવો છે ?' 'पूर्णस्य' 'જેવો હતો તેવો પ્રગટ થયો.'** એમ કહે છે. પૂર્ણ એટલે હતો ને પૂર્ણ ? પૂર્ણ હતો એવો દશામાં પૂર્ણ થયો, એ અંદર પૂર્ણ થઈ ગયો. આહા..હા..! શું કહે છે ? આમાં ક્યાંય મોં, માથું સૂઝે નહિ. લોકોને ભગવાનઆત્માનો અભ્યાસ જ ઘટી ગયો. જે 'હિન્દુસ્તાન'ની મૂળ વિદ્યા છે. આર્યવિદ્યા–અધ્યાત્મવિદ્યા. જે અધ્યાત્મવિદ્યા મૂળવિદ્યા, મૂળ કેળવણી. ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ! અનંત અનંત ગુણરાશિ એક આત્મા, એ પોતે ભૂલ્યો ને વિકારી કાર્યમાં પરિણમ્યો હતો, બસ! એટલી દશા હતી, બીજું કાંઈ નહોતું. એ સ્વભાવના અંતર ભેટા સ્વરૂપના થતાં વિભાવ પરિણમન હતું એ સ્વભાવરૂપે થઈ ગયું એટલે પરિણમનમાં સ્વભાવ આવી ગયો. સમજાણું કાંઈ ?

**'અનંત ગુણ જેના, એવો છે.' 'पूर्णस्य' 'જેવો હતો તેવો પ્રગટ થયો.'** જેવી વસ્તુ હતી, ભગવાન વસ્તુ દ્રવ્ય, દ્રવ્ય તત્ત્વ અનંત ગુણરત્નાકર, એ અનંત ગુણરત્નાકર આત્મા અનંત ગુણરત્નાકર જેવો હતો એવો પર્યાયમાં અનંત ગુણરૂપે પૂર્ણ પરિણમી ગયો. કહો, સમજાણું કાંઈ ? આહા..! એ સમ્યગ્દર્શનમાં એ પૂર્ણ એ જાતની પર્યાય પૂરી, પૂરી થઈ. ભલે પર્યાય ઓછી છે પણ અનંતા ગુણનું પરિણમન આખું થયું છે એ રીતે તો પૂર્ણ જ છે. પર્યાય અધૂરી, પૂરી થઈ રહેશે. સમજાણું કાંઈ ? **'જેવો હતો તેવો પ્રગટ થયો.'** વિકલ્પરૂપે નહોતો ઇ, પુણ્ય-પાપના વિભાવરૂપે નહોતો. એકલો સ્વભાવનો પિંડ હતો. એવો ભગવાનઆત્મા એનો અનુભવ કરતાં, એની સામું જોઈને ઠરતાં જેવો સ્વભાવ છે તેવી પર્યાયમાં પૂર્ણતા થઈ જાય એનું નામ ધર્મ ને એનું નામ મોક્ષનો માર્ગ કે એનું નામ મોક્ષ. લ્યો! સમજાણું કાંઈ ?

**'અનુભવ રત્ન ચિંતામણિ અનુભવ હૈ રસકૂંપ,**
**અનુભવ માર્ગ મોક્ષનો, એ અનુભવ મોક્ષ સ્વરૂપ'**

સમજાણું કાંઈ ? આહા..હા..! ૪૪ શ્લોક થયા. બધા નાના નાના છે, હોં! આ બધા બહુ નાના. પછી સ્યાદ્વાદ (અધિકારના) મોટા આવશે. આ તો થોડું, થોડું છે કે નહિ ?

व्यतिरिक्तं परद्रव्यादेवं ज्ञानमवस्थितम्।
कथमाहारकं तत्स्याद्येन देहोऽस्य सङ्क्यते।।४५-२३७।।*

છેલ્લી ગાથાયું છે ને આ ? ૪૦૬નુ ગયું. વિભાવ હોય છતાં ગ્રહી શકતો નથી. એમાં આમાં હતું, નીચે આવી ગયું. સમજાણું કાંઈ ?

**શ્લોકાર્થ :– 'एवं' 'આમ (પૂર્વોક્ત રીતે)' 'ज्ञानम् परद्रव्यात् व्यतिरिक्त अवस्थितम्'** ભગવાનઆત્મા જ્ઞાનાનંદ મૂર્તિ એ **'જ્ઞાન પરદ્રવ્યથી (પૃથક્) જુદું અવસ્થિત ( -નિશ્ચળ રહેલું ) છે;...'** ભિન્ન પડેલું જ્ઞાન પુણ્ય-પાપના વિકલ્પના વિભાવથી, શરીરથી, કર્મથી ભિન્ન પડેલું જ્ઞાન એકલું જ્ઞાન પોતે પરદ્રવ્યથી જુદું સિદ્ધ થયું. જ્ઞાન જ્ઞાનમાં સ્થિત થયું. સમજાણું ? જ્ઞાન એટલે આત્મા, હોં! ન્યાં જ્ઞાન એટલે આત્મા.

**'ज्ञानम् परद्रव्यात् व्यतिरिक्तं अवस्थितम्'** જ્ઞાન એટલે ભગવાનઆત્મા રાગ, શરીર, કર્મ આદિથી ભિન્ન પાડીને–ભેદજ્ઞાન કરીને, પરથી ભેદજ્ઞાન કરીને ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એ પુણ્ય-પાપના વિકલ્પો, શરીર કર્મ અસ્તિ એનાથી ભિન્ન છું. એમ અંદરમાં સ્વરૂપમાં પરથી ભિન્ન પાડીને જ્ઞાન, જ્ઞાનમાં અવસ્થિતપણાને પામ્યું, એનું નામ આત્મા ને એનું નામ ધર્મ ને મોક્ષ કહેવાય છે. આહા..હા..! ભારે વ્યાખ્યા, ભાઈ! સમજાણું કાંઈ ? **'પૂર્વોક્ત રીતે...'** એમ કીધું છે ને ? આમ. **'एवं'** લાગ્યું ને ? પેલાની સાથે લગાડ્યું. **'एवं' 'परद्रव्यादेवं'** એમ છે ને ? વચમાં બીજા શબ્દમાં.

એ પ્રકારે ભગવાનઆત્મા **'परद्रव्यात् व्यतिरिक्तं अवस्थितम्'** વસ્તુ, વસ્તુ ભગવાન શાશ્વત અનંત ચૈતન્યજ્યોત એવો આત્મા શરીર, વાણી, મનથી ભિન્ન પડી, જે એમાં નહોતું એમાંથી નીકળી અને પુણ્ય-પાપના ભાવ પણ વિકારી છે એનાથી છૂટો પડી પોતે વસ્તુ વસ્તુમાં ઠર્યો એને આત્માનો મુક્તિ અને આત્માનો ધર્મ કહેવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ ?

**'(–નિશ્ચળ રહેલું) છે;...' 'तत्' 'તે ( જ્ઞાન )...' 'आहारकं' 'આહારક ( અર્થાત્ કર્મ-નોકર્મરૂપ આહાર કરનારું )...' 'कथम् स्यात्'** ઓહો..! શું કહે છે ? ભગવાન! તું ચૈતન્યમૂર્તિ પ્રભુ! નિરાહારી, રાગ વિનાની ચીજ (છો). એવી ચીજને આહાર કરવો કે ન કરવો એ વસ્તુમાં છે ક્યાં ? આહાર તો જડ છે, માટી-ધૂળ છે. એઇ..! ડૉક્ટર! શું હશે આ ? મોસંબી ને આહાર ને દાળ-ભાત ને શાક ને રોટલા ને રોટલી ને.. કહે છે કે એ તો માટી, જડ, ધૂળ છે. ભગવાનઆત્માને આહાર કેવો ? આહા..હા..! ભારે વાત, ભાઈ! ત્યારે કહે, આહાર કરે છે ને ? આહાર કોણ કરે ? એ તો જડની અવસ્થા છે. અજ્ઞાનીને વિકલ્પ થતાં એમ માને છે કે હું આહાર કરું છું. આહાર તો રજકણોની, માટીની દશા છે. માટીના કોળીયા, ધૂળના કોળીયા દાળ-ભાત, રોટલી-શાક, મોસંબી પાણી, લાડવા-દાળ એ માટી છે ને એનું પરિણમવું પુદ્ગલ છે. પૂરાય અને ગળાય એવી દશા એના સ્વભાવથી

થાય. મૂઢ ત્યાં વિકલ્પ કરીને એમ માને છે કે હું આહાર કરું છું. આહાર તો માટી જડ છે ને ભગવાન તો આત્મા અરૂપી છે. એ અરૂપી રૂપીને ખાતો હશે ? ગરી ગયો છે અંદરમાં ? શું છે ? 'જેચંદભાઈ'! આહા..હા..!

**શ્રોતા** :– લાડવા ખાય..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– કોણ ખાય પણ ? લાડવો એટલે શું ? ને આત્મા એટલે શું એણે કોઈ દિ' વિચાર્યું છે ? આત્મા એટલે શું ને લાડવો એટલે શું ? ભગવાનઆત્મા અરૂપી જ્ઞાનઘન, જેમાં રંગ, ગંધ, રસ, સ્પર્શનો અભાવ. જેમાં રાગ ને વિકલ્પ વિકારી પર્યાયનો અભાવ. સિદ્ધને નથી. અમસ્તો પણ અજ્ઞાનીને આહાર નથી પણ અહીં તો કહેવું છે કે જ્ઞાન સ્વરૂપનું ભાન થયે એને આહારનો વિકલ્પ પણ એને નથી એમ કહેવું છે. આહા..હા..!

**શ્રોતા** :– આહાર તો ખાય છે પણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ખાય છે. હોળી કરે છે, ખાય છે શું ?

**શ્રોતા** :– ખુલાસો તો કરવો જોઈએ ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– કીધું ને આ. એ વખતે મૂઢ થઈને હું એક અરૂપી આનંદકંદ જ્ઞાનાનંદ છું એને ભૂલીને જડની ક્રિયા થાય તેને હું કરું છું એમ મૂઢ માને છે.

**શ્રોતા** :– આપની બધી દલીલ બરાબર છે પણ કાલે ખાવું કે ન ખાવું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– કોણ ખાય ને કોણ ન ખાય ? આહા..હા..! સમજાણું કાંઈ ? આ તો બાપુ! બીજી જાત છે.

ચૈતન્ય ભગવાનઆત્મા રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે. આત્મામાં રંગ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. એ તો અરૂપી પણ વસ્તુ છે કે નહિ ? અનંત અનંત ગુણનો પિંડ આત્મા છે. એ આત્માને આહાર કેવો ? એમ અહીં સિદ્ધ કરે છે. આહાર તો શું પણ આહારનો વિકલ્પ પણ એને નથી એમ અહીં તો કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા..! શુદ્ધને વળી આ વિકલ્પ કેવા ? ને આહાર કેવા એ અજ્ઞાનીએ અનાદિથી ચૈતન્યની જાત આનંદકંદ જ્ઞાનાનંદ સ્વરૂપ છે એને આ આહારની ક્રિયા મારાથી થાય ને હું કરું છું, એ મૂઢ ભ્રમમાં, મિથ્યાભ્રમમાં માની બેઠો છે. આહા..!

**શ્રોતા** :– આનંદ આવતો હશે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– શું ધૂળમાં આનંદ આવતો હશે ન્યાં ? ભેંસના ઘીમાં આવતો હશે આનંદ ? ભઈ કો'ક કહેતું હતું, વાત કરતું હતું, હોં! કો'ક કહેતું હતું. ગામમાં શેઠિયા માણસ. ભેંસુ આવે ને સારા કુરિયા જેવા ઘી આવે. એ મૂકીને અહીં નથી આવતા, એમ કહેતા હતા. હવે વળી અહીં પડ્યા છે. કો'ક કહેતું હતું, હોં! ગમે એમ. કો'ક કહેતું હોય એ અમે સાંભળ્યું આપણે ક્યાં જોવા ગયા છીએ તમારા ઘરે. ઘી તો હોય. અમસ્તા 'પોરબંદર'ના ઘી બહુ વખણાય. ધૂળમાં ઘી તો માટી, એ માટી છે, માટી ધૂળ અને તે ઘી અહીં મોઢામાં નાખો તે તરત જ એની લાળ થાય છે.

લાળ થયા પછી પેટમાં હેઠે ઉતરે છે. નહિ તો જોવું કોક દિ' મોઢામાં જોવું હોય તો. સમજાણું ? એ માવાના જાંબુ હોય પણ એ અહીં પડે ત્યારે કાંઈ આખો ગરે ? થૂંક અડે. લાળ થાય, કુતરાની એંઠ, હોં! આમ મોઢામાં જુએ તો ખબર પડે કે આ શું ઉતારું છે હેઠે. પણ મૂઢને ભ્રમણાના પ્રેમ છે ને! આ આવી સુંવાળી ચીજ હું ખાઉં છું એમ માને છે. અંદર ઉતરે ત્યારે તો કૂતરાની એંઠ છે. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે, પ્રભુ! તું તો ચૈતન્ય છો ને! તારે આહારના રજકણોની ક્રિયા એ તારે ક્યાંથી આવી ? એ તો ઠીક પણ આહારનો વિકલ્પ પણ તારે ક્યાં છે અંદર ? અનાહારક આનંદકંદમાં એ ક્યાંથી આવ્યો ? કહે છે. આહા..! સમજાણું કાંઈ ? **'आहारकं'** **'कर्म-नोकर्म...'** જોયું ને ? આઠ કર્મનું ને નોકર્મનું એ બેયનું કહે છે, હોં! જુઓ! ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એનું જ્યાં રાગથી, પરથી ભિન્નનું ભાન ભગવાનઆત્મા છે એવું ભાન (થયું ત્યાં) હવે કર્મનું ગ્રહવું એવો વિકલ્પ પણ ક્યાં ને કર્મ ગ્રહે એવો સ્વભાવ ક્યાં રહ્યો ? અને આહાર ગ્રહવાનો વિકલ્પ નહિ તો આહારનું ગ્રહવું તો એના સ્વરૂપમાં છે જ નહિ. આહા..!

અરે..! ધર્માત્માને તો ચૈતન્યના આનંદના અનુભવના ખોરાક હોય છે, એમ કહે છે. એને વળી આ આહારના ખોરાક (કેવા ?) એ ખાતો નથી એ જોવે છે કે આ ખાય છે. આહા..હા..! અમૃતભોજી ! એ પરને જાણે છે, એ પોતે ખાતો નથી. એ અજ્ઞાનીને ભ્રમણા છોડાવવા વાત કરી છે ને! (અજ્ઞાની) આહારની ક્રિયા હું કરું છું એમ માને છે, બાપુ! તું તો અરૂપી છો ને, ભાઈ! અખંડાનંદ પ્રભુ! એને અજ્ઞાનપણે રાગ હો, પણ વસ્તુમાં આહાર ખાવો અને છોડવો એ વસ્તુમાં ક્યાં છે ? એ તો જડની ક્રિયા છે. એવું જેને અંતરમાં ભાન થાય એને આહારનો વિકલ્પ હોવા છતાં એ અનાહારી છે એમ કહે છે. આહા..હા..! આ એનું નામ આત્માની દૃષ્ટિ, જ્ઞાન ને શાંતિ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)

*** હું બીજાને સખી-દુઃખી કરી શકું, મારી શકું, જિવાડી શકું ઇત્યાદિ પરવસ્તુ પ્રત્યેની એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વ તેને ભગવાને છોડાવ્યો છે. પોતાના આત્મા સિવાય જગતમાં જેટલી અન્ય વસ્તુ છે તેનાથી મને લાભ થશે કે હું તેનું કરી શકું કે તેઓ મારું કરી શકે– એવો એકત્વબુદ્ધિનો જે મિથ્યાત્વભાવ તે સંસારનું મહાબીજ છે, તેથી તેને જિનેશ્વરદેવે ત્યાગવા યોગ્ય કહ્યો છે. ૭૦૬.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી સમયસાર, શ્લોક–૧, પ્રવચન નં. ૨
## તા. ૨૯-૭-૧૯૬૬
## [૧૭]

ઇષ્ટદેવને નમસ્કાર કરે છે. એમાં આવ્યું કે **'नमः समयसाराय भावाय चित्स्वभावाय'** સમયસાર એટલે આત્મા વસ્તુ, એ દ્રવ્યકર્મ નામ કર્મના રજકણો, ભાવકર્મ નામ વિકારીભાવ–પરિણામ અને નોકર્મ–શરીર, વાણી વગેરે. જે સ્વરૂપમાં નથી. એવા પરમાત્મા થયા એને ઇષ્ટદેવ તરીકે મંગળિકમાં નમસ્કાર કરે છે અને એવું જ સ્વરૂપ અત્યારે આ આત્માનું પણ છે. સમજાણું કાંઈ ? દ્રવ્યકર્મ જડ, ભાવકર્મ, નોકર્મ રહિત અને **'भावाय'** શુદ્ધ સત્તાસ્વરૂપ આત્મા છે. શુદ્ધ સત્તાસ્વરૂપ આત્મા, પરમાત્માનો આત્મા પણ શુદ્ધ સત્તાસ્વરૂપ છે. આ આત્મા પણ શુદ્ધ સત્તાસ્વરૂપ છે. **'चित्स्वभावाय'** એનો સ્વભાવ સર્વસ્વ સર્વજ્ઞ પરમેશ્વરનો સર્વસ્વ જ્ઞાન, દર્શન સ્વભાવ છે. આ આત્માનો પણ સર્વસ્વ જાણન-દેખન સ્વભાવ ત્રિકાળ છે.

**'स्वानुभूत्या चकासते'** એ આત્મા પોતાની અંતરની અનુભવક્રિયાથી જ પ્રસિદ્ધ અને પ્રગટ થયા છે. પરમાત્મા જે થયા એ આત્મા ભાવ–એનો સ્વભાવભાવ, એની એકાગ્રતા દ્વારા **'स्वानुभूत्या'** અંતરમાં આત્માનો અનુભવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (પ્રગટ થયા) એમાં જ્ઞાનપ્રધાનથી અહીંયા વાત છે. **'स्वानुभूत्या'** જ્ઞાનની અનુભૂતિથી અંતરની એકાગ્રતા દ્વારા એ પ્રગટ થઈ શકે છે. એ રીતે અનંતા પરમાત્મા પ્રગટ થયા છે અને આ આત્મા પણ **'स्वानुभूत्या'**–અંતરની જ્ઞાન, શ્રદ્ધા, સ્થિરતાની ક્રિયા દ્વારા જ આત્મા પ્રસિદ્ધ–પ્રગટ થાય છે. સમજાણું કાંઈ ? એ ક્રિયા કીધી. **'स्वानुभूत्या'** પર્યાય કીધી. પર્યાયતત્ત્વ નવ તત્ત્વમાં તો આવવું જોઈએ ને? જીવ પોતે **'भावाय'** જ્ઞાન, દર્શન સ્વભાવ એ તો દ્રવ્યમાં ગયું, એ તો દ્રવ્યમાં સમાવેશ થયું. **'स्वानुभूत्या चकासते'** એ પર્યાય આવી. એ વીતરાગી નિર્દોષ જ્ઞાનની ક્રિયા એને અહીંયા સંવર, નિર્જરા શુદ્ધતાની પર્યાય દ્વારા આત્મા પ્રગટ થાય છે. એ શુદ્ધતાને સંવર અને નિર્જરા કહે છે. સમજાણું કાંઈ? અહીં તો જીવ, સંવર, નિર્જરા અને મોક્ષ–ચારમાં સમાડી દે છે.

કેટલાક એમ કહે છે કે જાણતું જ્ઞાનને ઉત્પન્ન થતું જ્ઞાન કેમ જાણે ? આત્માનું જ્ઞાન સર્વજ્ઞનું, જેમ સર્વજ્ઞ પર્યાય ઉત્પન્ન થઈ અથવા **'स्वानुभूत्या'** અંતરની ક્રિયા આત્માના જ્ઞાન અને દર્શન દ્વારા ઉત્પન્ન થાય, એ ઉત્પન્ન થયેલો ઉત્પન્નને કેમ જાણે ? સમજાણું કાંઈ ? કહ્યું કે જ્ઞાનસ્વરૂપ ભગવાન

પોતામાં એકાગ્ર થાય એ ઉત્પન્ન થતું પોતાને જાણે એવો જ એનો સ્વભાવ છે. એ તો કહ્યું, જુઓને ! **'આ વિશેષણથી, આત્માને તથા જ્ઞાનને સર્વથા પરોક્ષ જ માનનાર જૈમિનીય–ભટ્ટ–પ્રભાકર ભેદવાળા મીમાંસકોના મતનો વ્યવચ્છેદ થયો; તેમ જ જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય છે, પોતે પોતાને નથી જાણતું–એવું માનનાર નૈયાયિકોનો પણ પ્રતેષેધ થયો.'** 'પ્રવચનસાર'માં આગળ પણ આવે છે.

**શ્રોતા :–** એ તો નૈયાયિકની વાત છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નૈયાયિકની ક્યાં ? કોઈ પણ માને. એ તો વાત કરી છે. 'પ્રવચનસાર'માં આગળ આવી ગયું છે. માણસ કંઈ ખંભે, માથે ચડે ? અહીં ખંધે ખંધે કહેવાય ને ? શું કહેવાય આ ? છે ને ઇ ? એમ જ્ઞાન ઉત્પન્ન થતું જ્ઞાનને જાણે ? 'પ્રવચનસાર'માં આવ્યું છે. કહે છે, હા, ઉત્પન્ન થતું જાણે. સમયે સમયે નવું ઉત્પન્ન થાય અને એ ઉત્પન્ન થતાં તેને જ જાણતું ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ ? શેમાં છે ઇ ? શ્લોકમાં છે ?

**શ્રોતા :–** 'પંડિત હેમરાજજી'નું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, પણ છે ને અંદર ? પાઠમાં પણ છે ને ? ઉત્પન્ન થયું તે પોતાથી થાય છે ને ? 'હેમરાજજી'એ તો સ્પષ્ટીકરણ કર્યું. સમજાણું કાંઈ ? પોતે પોતાથી ઉત્પન્ન થાય છે, એમ છે. પણ ઉત્પન્ન થતાં જાણતું ઉત્પન્ન થાય છે. એ વિશેષ છે. એની દશા જ્ઞાન જ્ઞાનને ઉત્પન્ન કરે અને એ જ્ઞાન એને ન જાણે એમ નહિ. સમજાણું કાંઈ ? જ્ઞાનના પર્યાયમાં પણ પ્રમેયત્વગુણ વ્યાપ્યો છે. પ્રમેયત્વગુણ જે છે એ દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાય ત્રણેમાં વ્યાપ્યો છે. તો જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એમાં પ્રમેયત્વગુણ વ્યાપ્યો છે. એ પર્યાય જાણે અને પ્રમેય થાય એવો એ પર્યાયનો ધર્મ છે.

**શ્રોતા :–** ડબલ જાણે એવડો છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એવડો. છે ને અંદર ? આની કોર છે, ઓલી કોરના ભાગમાં. સમજાણું કાંઈ ? ભાઈ ! એની ચૈતન્યની લીલા,.. લોકોએ ઈશ્વરની લીલા (કલ્પી લીધી), એ નહિ. આ તો ચૈતન્ય ભગવાન પોતાની લીલા કરે છે. આમ સમયે સમયે પોતામાં જ્ઞાનની એકાગ્રતાથી જ્ઞાન ઉત્પન્ન થાય, ત્યારે (કોઈ) કહે કે એ ઉત્પન્ન થયેલું એને ન જાણે. બીજું એને જાણે. વળી બીજું ઉત્પન્ન થતાંને ત્રીજું જાણે. એ કાંઈ મેળ રહ્યો નહિ. એમ ન હોય.

ભગવાનઆત્મા દ્રવ્ય સ્વભાવ શક્તિવાન, શક્તિ સ્વભાવ ગુણવાન–ગુણસ્વરૂપ, એની જે પર્યાય અંતરમાં પ્રગટ થઈ તે તે પર્યાયને જ્ઞાન જાણતું (ઉત્પન્ન થાય છે). બીજા ગુણોની પર્યાય ભલે હોય એ પોતાને ન જાણે. સમજાય છે ? પણ પોતાનું અસ્તિત્વ તે સમયે જ્ઞાનમાં જણાય. બીજા ગુણની પર્યાયનું અસ્તિત્વ જ્ઞાનમાં જણાય. અને જ્ઞાનનું અસ્તિત્વ જ્ઞાનમાં જણાય. ઉત્પન્ન થતું અસ્તિત્વ જ્ઞાન જ્ઞાનને જાણે, પ્રમાણ કરે અને પ્રમેય થાય. આહાહા..! સમજાણું કાંઈ ? છે ક્યાંક, દાખલો આપ્યો છે. ઇ અહીં ખુલાસો કર્યો છે. કહો, સમજાણું આમાં ? ભગવાનઆત્મા...! જુઓ ! આવો

આત્મા છે એમ એને શ્રદ્ધામાં (આવવો જોઈએ).

**શ્રોતા :–** 'જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન' પહેલો અધિકાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ૩૬ ગાથા એમ ને ? '**કોઈ પર્યાય પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ....**' એ. 'યહાં પર કોઈ પ્રશ્ન કરે કિ આત્મા અપને કો જાનતા હૈ, યહ બાત અસંભવ હૈ. જૈસે કિ નટકલા મેં અત્યંત ચતુર નટ આપ અપને ખંધે પર નહીં ચલ સકતા.' આહા..!

**શ્રોતા :–** ગમે એવું શીખ્યો હોય તોપણ પોતે પોતાના ખંભે ન ચાલી શકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** થઈ શકે ? બેસીને જાય અને નાચી શકે, એમ એક તર્ક કર્યો. નહિ, એ અહીં લાગુ પડતું નથી. અહીં તો જ્ઞાન જ્ઞાનમાં પોતે પોતાને પ્રગટ કરતું (જાણી રહ્યું છે). વસ્તુ એવી છે. જ્ઞાન જ્ઞાનમાં પ્રમાણગુણ પોતે છે–પ્રમાણ થવું અને જ્ઞાનગુણમાં પાછો પ્રમેયગુણ છે ને ? દરેક ગુણમાં એ વ્યાપ્યો છે. એટલે જ્ઞાન પોતે પ્રગટ થતું પોતાને જાણતું પ્રગટ થાય છે. નહોતું ને થયું તોય થતા વખતે જાણતું પ્રગટ થાય છે. ભાઈ ! એવો સ્વભાવ છે. સમજાણું કાંઈ ? અલૌકિક વસ્તુ જ આવી છે. એ પોતે ચૈતન્ય પોતાનો પર્યાય પ્રગટ કરે અને એને ન જાણે તો એમાં પ્રમેયત્વ ક્યાં આવ્યું ? પ્રમેયત્વ વિભુ તરીકે સર્વ ગુણમાં વ્યાપ્યો છે. વિભુ નામનો એક ગુણ છે ને ? ભાઈ ! સર્વ ગુણમાં વ્યાપ્યો છે. ૪૭ શક્તિમાં બધું વર્ણન આવી ગયું છે. આમ વ્યાપ્યો છે. તો જ્ઞાન, દર્શન, આનંદ, સ્વાનુભૂતિ... ભગવાનઆત્મા ઇષ્ટ છે દૃષ્ટિમાં, પરમાત્મા ઇષ્ટ છે પર તરીકે આ આત્માને. વ્યવહાર તરીકે વર્ણવ્યું છે. એવા સર્વજ્ઞ પરમેશ્વર, એમની જે ક્રિયા, સર્વજ્ઞ થવાની સ્વાનુભૂત્યાની ક્રિયા, એ ક્રિયા ઉત્પન્ન થતાં ઉત્પન્ન થતાંને જાણતું ઉત્પન્ન થાય છે. જ્ઞાનમાં એવી તાકાત છે. સમજાણું કાંઈ ? એ પહેલે સમયે પ્રમાણ પ્રમેય ન કરે તો એ પ્રમાણ બીજે સમયે કરે એનો અર્થ શું ?

**શ્રોતા :–** બીજે સમયે તો બીજી દશા થઈ ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો બીજી દશા થઈ ગઈ. આ તો વસ્તુનું સ્વરૂપ આવું છે. સમજાય છે ?

**શ્રોતા :–** બીજા જાણે, એને ન ખબર પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને ન ખબર પડે તો આંધળું જ્ઞાન છે ? એ જ કહે છે. સમજાય છે ?

'**જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય છે, પોતે પોતાને નથી જાણતું–**' જૂઠી વાત છે. ભાઈ ! જ્ઞાનનો સ્વભાવ.. અહીં તો સ્વાનુભૂત્યા વખતની વાત કરી છે, હોં ! પૂર્ણ વખતની તો પછી કહેશે. ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ અનંત ગુણનું ધામ (છે). એ અનંત ગુણોમાં એક વિભુ નામનો ગુણ છે અને એમાં એક પ્રમેયત્વ નામનો ગુણ છે. આમ વ્યાપક બધા ગુણમાં છે. એટલે જ્યારે ભગવાનઆત્મા પોતાની અંતરની અનુભૂતિની ક્રિયા–શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટ કરે એ વખતે

તે જ્ઞાનને જ્ઞાન જાણે અને તે શ્રદ્ધા આદિ ગુણને પણ તે જ્ઞાન જાણે. ઉત્પન્ન થયેલાને તે જાણતું જ્ઞાન ઉત્પન્ન થાય એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ ? ઝીણી વાતું છે, બાપા ! એ તો ચૈતન્ય-બાદશાહની વાત છે, ભાઈ ! એ પોતે જ એવો છે, અત્યારે. સમજાણું કાંઈ ? લ્યો, ત્યાં સુધી આવ્યું હતું.

કેવળજ્ઞાનને સિદ્ધ કરે છે. આત્મામાં સર્વજ્ઞ સ્વભાવ છે એ ત્રિકાળ છે. એ સર્વજ્ઞ સ્વભાવ બધા ત્રણ કાળ–ત્રણ લોકના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને જાણવાની તાકાત રાખે છે. પણ સ્વાનુભૂત્યાથી અંતરની ક્રિયા દ્વારા જ્યારે કેવળજ્ઞાન પ્રગટ્યું, સાધક સ્વભાવ દ્વારા સાધ્ય દ્રવ્યને લક્ષમાં લેતું જે સિદ્ધ દશા પ્રગટી એ કેવી છે ? મોક્ષતત્ત્વ નાખ્યું. આત્મા આત્માનો સ્વભાવ એટલે ભાવ–સ્વભાવ, સંવર, નિર્જરા અને મોક્ષ અસ્તિરૂપે ચાર તત્ત્વને સિદ્ધ કર્યા. આચાર્યની શૈલી કોઈ અલૌકિક છે. આ તો આચાર્ય મુનિ સંત છે. મહા અંતરના ચારિત્રથી રમણતા કરતા, આનંદમાં રમતા મુનિ છે. એ રમતાં રમતાં આ વિકલ્પ આવ્યો છે અને આ શાસ્ત્રો રચાઈ ગયા છે. બાપુ ! આ કાંઈ કોઈ કલ્પનાની વાત છે કે આમ હશે ને આમ હશે, એમ નહિ. આમ છે.

**શ્રોતા :–** ભગવાનની મહિમા માટે બતાવ્યું છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મહિમા (નહિ), વસ્તુનું સ્વરૂપ જ એવું છે. સમજાણું કાંઈ ? આહાહા...! આવે છે ને પાછળના કળશમાં, નહિ ? ‘સમયસાર’માં પાછળના કળશમાં (આવે છે), અદ્‌ભુતાદ્‌ભુતમ્. આત્મા અદ્‌ભુત છે એક ઠેકાણે એમ (કહ્યું). વળી (કહ્યું) અદ્‌ભુતા અદ્‌ભુતમ્. પાછળના કળશમાં, ‘સમયસાર’ના પાછળના કળશમાં આવે છે. વસ્તુ જ માહાત્મ્યવાળી એવી ચીજ છે. અદ્‌ભુતાદ્‌ભુતમ્, આવે છે ને પાછળ ? જુઓ ! મિથ્યાદષ્ટિને પહેલું તો લાગે કે આવું તે સંભવતું હશે ? એમ થાય. એમ લખ્યું છે ને અંદર ? કળશ–૨૭૩. એમાં અદ્‌ભુતમ્. અને ૨૭૪મા અદ્‌ભુતા અદ્‌ભુતમ્. ૨૭૩-૨૭૪ (કળશ).

**कषायकलिरेकतः स्खलति शान्तिरस्त्येकतो**
**भवोपहतिरेकतः स्पृशति मुक्तिरप्येकतः।**
**जगत्त्रितयमेकतः स्फुरति चिच्चकास्त्येकतः**
**स्वभावमहिमात्मनो विजयतेऽद्भुतादद्भुतः।।२७४।।**

એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. પરમેશ્વર જ એવો છે–પોતે જ એવો છે. સમજાણું કાંઈ ? બીજાને તો એમ લાગે કે આવું હશે ? જુઓ ! એમાં છે ને ? (કળશ–૨૭૩, ભાવાર્થ). **‘અજ્ઞાનીઓના જ્ઞાનમાં આશ્ચર્ય ઉપજાવે છે કે આ તો અસંભવિત જેવી વાત છે ! જ્ઞાનીઓને જોકે વસ્તુ સ્વભાવમાં આશ્ચર્ય નથી તોપણ તેમને પૂર્વે કદી નહોતો થયો એવો અદ્‌ભુત પરમ આનંદ થાય છે,...’** લ્યો, ૨૭૩નો અર્થ કર્યો. અર્થ કરનારે બહુ સરસ અર્થ કર્યો છે. સમજાણું કાંઈ ?

હવે શું સિદ્ધ કરે છે ? એક શ્લોકમાં તો બહુ સિદ્ધ કર્યું. વસ્તુ, વસ્તુનો સ્વભાવ, એની ધાર્મિક ક્રિયા અને એના ફળરૂપે સર્વજ્ઞપદ. સમજાણું કાંઈ ? **'सर्वभावान्तरच्छिदे'** ('કળશ ટીકા'માં) એના બે અર્થ કર્યા. અહીં આપણે સર્વજ્ઞનો એક જ અર્થ છે. પોતે પોતાથી **'सर्वभावान्तरच्छिदे'**. સર્વ ભાવ અંતર. પોતાના આત્મા સિવાય અનેરા જે સર્વ ભાવો છે, **'પોતાથી અન્ય સર્વ જીવાજીવ,...'** અનંત જીવોને અને અનંત અજીવો. **'ચરાચર પદાર્થ...'** કોઈ ગતિમાન અને સ્થિર હોય એ બધા પદાર્થને **'સર્વ ક્ષેત્ર–કાળસંબંધી,...'** ભગવાનઆત્મા **'सर्वभावान्तरच्छिदे'**. પોતાનો આત્મા તો જાણવાની વાત કરી. પણ એ સિવાય અનેરા અન્ય અનંત આત્મા અને અનંત પરમાણુઓ–ચરાચર એ વાત કરી. પહેલાં તો ગતિ, સ્થિર અને ગતિ એમ લીધું. કેટલાક ગતિવાન છે અને કેટલાક સ્થિર (છે). એક. જીવ-અવજી બે. એવાને **'સર્વ ક્ષેત્ર–કાળસંબંધી...'** એવા પદાર્થને સર્વક્ષેત્ર અને સર્વકાળ સંબંધી. સર્વ વિશેષણોસહિત, સર્વ ગુણોસહિત. એમ બધી શક્તિઓ જેટલી અનંતાઅનંત એક એકમાં છે એ સહિત. એક જ સમયે. વિશેષણમાં ગુણ અને પર્યાય બેય અંદર આવી ગયા. એક જ સમયે... ભાઈ ! જ્ઞાન કોને કહે ? આહા..હા..! એક સમયે જ્ઞાન અક્રમે પહોંચી ન વળે, તો દિવ્યજ્ઞાન કોને કહેવું ?

પહોંચે જ ને. વસ્તુનો સ્વભાવ છે, ભાઈ ! એ વસ્તુસ્થિતિ છે. એ ભગવાનઆત્મા પોતાનો ઇષ્ટસ્વરૂપ પરમાનંદ. 'પ્રવચનસાર' શાસ્ત્રમાં એટલું લીધું છે. ઇષ્ટ આત્મા અનંતગુણનો ધણી. અનિષ્ટ કોણ ? કે વિકારભાવ. બસ. 'પ્રવચનસાર'ના પહેલાં અધિકારમાં ઇષ્ટ પ્રભુ આત્મા. અનંતગુણનો પિંડ. અનિષ્ટ વિકાર. ઇષ્ટ પ્રભુની અંદર એકાકારની સ્તુતિ અથવા ક્રિયા કરતાં અનિષ્ટપણું ટળી જાય. એકનું ઇષ્ટપણું પ્રગટ થઈ જાય. એ પ્રગટ થયેલા ઇષ્ટદેવને અહીંયાં મંગળિક કર્યું છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

કહે છે, **'એ બધા વિશેષણસહિત એક જ સમયે જાણનારો છે.'** ભગવાન **'सर्वभावान्तरच्छिदे'** આ આત્મા એના સિવાયના સર્વ ભાવાન્તર. અંતર એટલે અનેરા. આ સિવાય અનેરા બધા. એના દ્રવ્ય, ક્ષેત્ર, એનો કાળ-સમય અને એના ભાવ અને ત્રણ કાળ. બધાને એક જ સમયે જાણનારો છે. ભાઈ ! જ્ઞાનનું સ્વરૂપ એક સમયમાં ન જાણે તો એ જ્ઞાન પૂરું શેનું ? અને જેનો સ્વભાવ છે એને જાણવા બે સમય જોઈએ જ નહિ અને બે સમય ન જોઈએ અને એકમાં પૂરું ન જાણે તો એ સ્વભાવ જ ન કહેવાય. વસ્તુ એવી છે. એવી છે. ભગવાન ! એ તો બધું જાણે. એક સમયમાં એ શું ન જાણે ? ચાર બોલ છે ને ? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. ચાર છે. 'પ્રવચનસાર'માં ચાર બોલ છે ને. સમજાય છે ? સર્વને, સર્વદા, સર્વથી પૂર્ણ બધું એક સમયમાં ભગવાન જાણે.

**શ્રોતા :–** કેટલુંક જાણે અને કેટલુંક ન જાણે તો અનંકાંત..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જાણે અને બિલકુલ ન જાણવું ન જ હોય એમાં, એ ન જ હોય અજાણપણું તો એનું નામ અનેકાંત છે. પૂરાને જાણે અને અજાણપણું બિલકુલ નહિ. .. જુઓને! પાછળ ૧૫

ગાથામાં શબ્દ નથી લીધો. .. શાસ્ત્ર કાંઈ જાણતું નથી. ભગવાન કાંઈ જાણ્યા વિના રહેતો નથી. બે વાત ગુલાંટ ખાઈને કહી છે. સમજાણું ? ઓલા શાસ્ત્ર .. એ તો જડ. અર..ર..! .. શાસ્ત્ર બિલકુલ ન જાણે એમ કીધું છે.

**શ્રોતા** :– પુદ્‌ગલ શું જાણે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પુદ્‌ગલની પર્યાય શું જાણે ? આ તો શાસ્ત્ર પુદ્‌ગલની પર્યાય છે. વીતરાગની વાણી પુદ્‌ગલની પર્યાય છે. એ કિંચિત ન જાણે. કિંચિંત ન જાણે એનો અર્થ કે બિલકુલ એમાં અજાણપણાનો સ્વભાવ જડમાં છે. ત્યારે ભગવાનમાં બિલકુલ જાણવાનો સ્વભાવ આખો છે. એમાં કાંઈ ઓછુ નહિ અને ઓલામાં જરીએ કાંઈ જાણવું છે એવો ભાવ નહિ. સમજાણું કાંઈ ? અરે..! એવો આત્મા છે એને હજી શ્રદ્ધામાં તો લે. શ્રદ્ધા કરે તો પછી અનુભવ થઈ શકે. શ્રદ્ધાનું ફળ પછી અનુભવ છે અને અનુભવનું ફળ પછી સ્થિરતા કરીને કેવળજ્ઞાન છે. સમજાણું કાંઈ ? આ વસ્તુ એવી છે, ભાઈ !

કહે છે, **'એક જ સમયે જાણનારો છે. આ વિશેષણથી,...'** જુઓ ! સર્વ ક્ષેત્ર, કાળ. સર્વ ક્ષેત્ર એટલે આ બધું. અનંત ક્ષેત્ર. એનો એક તર્ક. અનંતને અનંત જાણે માટે અનંતને... એમ કરીને વળી તર્ક કર્યો છે ક્યાંક.

**શ્રોતા** :– અનંતને જાણ્યું તો પછી અંત આવી ગયો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– કાંઈ અંત આવ્યો નથી. શેનો અંત આવે ?

**શ્રોતા** :– એ તો શ્રુતજ્ઞાની માટે અનંત છે, ભગવાનને માટે તો સાંત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– આ હાથની મુઠ્ઠીમાં એક ડુંગળી આવી. ડુંગળીને શું કહે છે ? પ્યાજ. હવે એમાં કેટલા જીવ છે ? અનંતાઅનંત. અનંતાઅનંત જીવો. સિદ્ધ કરતાં અનંતાઅનંત. આમ ક્ષેત્રથી આમ આવી ગયા પણ સંખ્યા ક્યાં છે. સમજાય છે? અનંતાઅનંત જીવ. અને એક એક જીવમાં આકાશના પ્રદેશ (કરતાં) અનંતાઅનંત ગુણ. આમ એટલા ક્ષેત્રમાં આવ્યા અને જ્ઞાનમાં નથી આવ્યા ? જ્ઞાનમાં પણ આવી ગયા છે કે આ આટલા છે. અહીંયાં જ્ઞાનમાં આવે છે. સમજાણું કે નહિ ? આ બટાકુ લ્યો, ડુંગળી લ્યો, લસણ લ્યો. એક કળી આટલી લ્યો તો આમ. ક્ષેત્રમાં આમ આવી જાય. પણ એ તો ક્ષેત્રમાં આવ્યું, પણ એનો ભાવ? અનંત જીવ અને અનંત જીવના એક એકના અનંતા અનંતા ગુણો છે. આમ ક્ષેત્રમાં ખ્યાલ આવી ગયો અને આમાં આટલું છે પણ જ્ઞાન ખ્યાલ લઈ લે છે. એનામાં પ્રમેયપણું છે અને આમાં પ્રમાણપણું અને પ્રમેયપણું બેય છે. આત્મા પ્રમાણ અને પ્રમેય બેય છે. એ સિવાય બીજા દ્રવ્યમાં એકલું પ્રમેયપણું છે, પ્રમાણ નથી અચેતનને. સમજાણું કાંઈ ? અને એ પ્રમેય પ્રમેયપણે ન જણાય તો એ પ્રમેય નહિ અને પ્રમાણ પ્રમાણપણે જ્ઞાન ન જાણે તો એ પ્રમાણ નહિ. આહા..હા..! ભાઈ ! એ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. ભગવાન એક સમયમાં ત્રણ કાળની વિશેષ દશા સહિત, સામાન્ય અને વિશેષ, જે સમયે જ્યાં

જે પ્રકારે નિમિત્ત અને અવસ્થા–નૈમિત્તિકની જે ક્ષેત્રે, જે કાળે, જે યોગે થવાની તે ભગવાનના જ્ઞાનમાં એક સમયમાં પહેલેથી આવી ગઈ છે. પહેલેથી આવી ગઈ છે.

**શ્રોતા :–** પહેલેથી એટલે પહેલાં નહોતી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહોતી. કેવળજ્ઞાન પહેલાં નહોતી. કેવળજ્ઞાન પહેલાં નહોતી. કેવળજ્ઞાનના પહેલે સમયે બધું આવી ગયું. આખું ચોસલું. ત્રણ કાળ, ત્રણ લોકની વ્યવસ્થિત અવસ્થા દ્રવ્ય-ગુણ-પર્યાય અને જ્ઞાનમાં એક સમયની પર્યાયમાં પહેલાં સમયમાં જ આવી ગયું. પછી બીજે સમયે તો ગુલાંટ ખાય. પરિણમન એનો સ્વભાવ છે. પછી તો ત્યાં પર્યાય જે વર્તમાન હતી તે ભૂત થતી જાય છે અને ભવિષ્યની પણ આમ થતી જાય છે. એટલું અહીં પરિણમન પોતાને કારણે થાય છે. એટલી વાત છે. વસ્તુ તો આખી ચોસલું આમ આવી ગયું. ભાઈ ! એવું જ મોક્ષતત્ત્વ છે. સિદ્ધતત્ત્વ એવું છે. એ મોક્ષતત્ત્વ એવું સાત તત્ત્વની શ્રદ્ધાનમાં મોક્ષતત્ત્વ આવું છે.

સાત તત્ત્વની શ્રદ્ધા આવે છે ને ? તત્ત્વાર્થશ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્. એમાં મોક્ષતત્ત્વ આવું છે. એવા એવા મોક્ષતત્ત્વના અનંતા તત્ત્વને પેટમાં રાખનારું આત્મતત્ત્વ છે. અનંતાઅનંત મોક્ષપર્યાયને રાખનારું. ભૂતકાળની પર્યાય તો બહુ થોડી છે. કેવળજ્ઞાનની પર્યાય તો આનાથી અનંત... અનંત... અનંત... અનંતગુણી. ઓલો તો અંત આવ્યો, આનો તો અંત આવવાનો નથી. એટલી બધી અનંતગુણી પર્યાય જેના ધ્રુવપણામાં એવો ઇષ્ટ પ્રભુ આત્મા છે. સમજાણું કાંઈ ? સમ્યગ્દૃષ્ટિને આત્મા ઇષ્ટ છે, વ્યવહારે સર્વજ્ઞ પરમેશ્વર ઇષ્ટ છે. કહો, સમજાયું ?

કહે છે **'એક જ સમયે જાણનારો છે. આ વિશેષણથી, સર્વજ્ઞનો અભાવ માનનાર મીમાંસક આદિનું...'** મીમાંસક આદિની તો વાત કરી છે.

**શ્રોતા :–** જૈનમાં પણ મિમાંસક...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જૈનમાં પણ જેટલા સર્વજ્ઞને ન માને એનું નિરાકરણ કર્યું છે.

**શ્રોતા :–** નિરાકરણ કર્યું એટલે શું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિરાકરણ એટલે ખંડન થયું કે સર્વજ્ઞ છે એમ તું સમજતો.. સર્વજ્ઞની એક સમયની પર્યાય. ભાઈ ! અનંત કાળે થશે અને અંત નથી તે દ્રવ્યની પર્યાય. અંત કે દિ' ? કોઈ પરમાણુ કે જીવની પર્યાયનો અંત કે દિ' ? એમ ને એમ છે. એને બધું જ્ઞાન એક સમયમાં જાણી લીધું છે. જાણ્યું માટે ત્યાં અંત થઈ ગયો છે (એમ નથી).

**શ્રોતા :–** તો પરિણમન વગરની થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** તો પર્યાય એમ ને એમ છે.. છે... છે. દ્રવ્ય જેમ છે.. છે.. દ્રવ્ય વિનાની પર્યાય હોય ? અને પર્યાય ન હોય ને પછી દ્રવ્ય રહે ? એમ દ્રવ્ય છે... છે.. છે... અને પર્યાય છે.. છે... છે.. એમ છે કે એમાં વળી નથી કે દિ' થાય ? જે છે એમાં નથી થાય તેવું જ્ઞાન કેવળજ્ઞાન એક સમયમાં આવી ગયું છે. આહા..હા..! આવી બધી ઝીણી વાત છે, બાપુ ! એવો

આત્મા કબુલવો એ તો નિર્વિકલ્પ પ્રતીતે કબુલાત થાય. એને શંકા ન રહે, સંદેહ ન રહે અને નિઃશંક આત્મા જ્ઞાયકસ્વભાવ એક સમયમાં જગતના તળિયાનું તળ લે એવો એ આત્મા છે. સમજાણું કાંઈ ?

નહોતા કહેતા? અમે જ્યારે છોકરાઓ સાથે પહેલાં ઓલા કૂવામાં રમતા ને ? આમ પડે. આમ કોશિયો પડે. સીધો પછી. ઓલા છોકરાઓ બિચારા ઊભા હોય ત્યારે એનું ડહાપણ બતાવવું હોય ને તો નીચેથી ઓલી રેતી લઈ લાવે. રેતી સમજ્યા ને ? કૂવાની નીચે. કૂવાને શું કહે ? કૂવા. એમાં પાણી હોય ને પછી એમાં આમ પડે તો ઊંડું ન જવાય. એટલે આમ.. એને ઊભો કોશિયો કહેતા અમારે. છોકરાઓને કહેતા. એ વખતની વાત છે. કોશ જેમ પડે ને ? ખોદવાની કોશ હોય ને ? આમ પડે. અંદર જઈને નીચેથી રેતી લઈ આવે. એમ કે હેઠે કૂવાનું તળિયું લઈ આવ્યો. છોકરાઓને ખબર હશે કે નહિ ? 'ધીરુભાઈ' !

એ તો જૂના છે કે નહિ. એ ક્યાં નવા છે ? આ તો નાનપણની વાત છે. એ તો આ લોકોને ખબર ન મળે. ત્યાં 'પાલેજ'માં ક્યાં એવો કૂવો હતો અને કોણ પડે ત્યાં ? ત્યાં ૬૦-૬૦ હાથના ઊંડા કૂવા. બહુ ઊંડા કૂવા. ૬૦-૬૦ હાથના. અમારી દુકાનની જોડે હતો. એ ત્યાં નીચે કોણ પડે ? આ તો પહેલાંની વાત છે.

એમ આ તળિયા વિનાનો જ્ઞાનનો પર્યાય ત્રણ કાળ ત્રણલોકના તળિયાની જેમ રેતી લઈને કહે કે હું પહોંચી ગયો છું નીચે, એમ ભગવાનનું જ્ઞાન બધાને તળમાં પહોંચી ગયું છે. સમજાણું કાંઈ ? આહા..હા..! અરે..! એવી એની એક સમયની દશા. એવી અનંતી દશાનો ધરનાર એક ગુણ, એવા અનંત ગુણનો ધરનાર ભગવાનઆત્મા, આની પ્રતીતિ થાય અને પરમેશ્વર ન થાય એમ બને નહિ. સમજાણું કાંઈ ? પણ એ વાત એને ભરોસે અંતર નિર્વિકલ્પમાં આવવી જોઈએ. સમજાણું કાંઈ ?

ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' આ શ્લોકમાં તો ગજબ વાત મૂકી છે ! ગુપ્ત કોઈ વાત નીકળી ગઈ. નમઃ સમયસારાયઃ આમ હું તો અહીં અંદર લઉં છું, હોં ! ભગવાનને નમસ્કાર કરે છે. મારો આત્મા આવો એને હું નમું છું. રાગ અને વિકારમાં મારો આદર નથી. છે. છે, ભાવ છે દ્રવ્ય, સ્વભાવ છે જ્ઞાન-દર્શન. અનુભૂતિ ક્રિયાથી મારું સર્વજ્ઞપણું મને પ્રગટ થયું. સમજાણું કાંઈ ?

જીવ, એનો ભાવ-સ્વભાવ. સ્વભાવભાવ .. એવું લીધું છે ને આપણે ? પહેલી ગાથાનો આવે છે ને ? **'वंदित्तु सव्वसिद्धे धुवम'** **'धुवम'** નો અર્થ એવો આવે છે. **'धुवम'** એટલે **'स्वभावभावभूततया'**. સંસ્કૃતમાં એમ છે ને ? સંસ્કૃતમાં છે. સ્વ-ભાવભૂત સ્વભાવભાવરૂપ, સ્વભાવભાવરૂપ. પર્યાયને સ્વભાવભાવરૂપ લીધી છે. પંડિતજી ! સિદ્ધની પર્યાયને. **'वंदित्तु सव्वसिद्धे धुवम'** ધ્રુવ એટલે કે એ પર્યાય **'स्वभावभावभूततया'**–સ્વભાવભાવરૂપ છે. પર્યાય હોં ! ગુણ તો ત્રિકાળ છે. જેવો સ્વભાવભાવ છે એવી પર્યાય (થઈ ગઈ). 'અમૃતચંદ્રાચાર્યે' ટીકા કરી છે. પહેલી ગાથામાં આવશે. એમની ટીકાઓ

તો હદ..! આ ભરતક્ષેત્રમાં આવી ટીકા ક્યાંય છે નહિ. આ ટીકા... આહા..હા..! કેવળજ્ઞાનીના પેટ રેડ્યા છે.

પર્યાય ધ્રુવ ? ધ્રુવ પર્યાય એટલે શું ? સિદ્ધની પર્યાય ધ્રુવ એટલે શું ? ગુણ ધ્રુવ હોય. સાંભળ તો ખરો, ભાઈ ! ધ્રુવ સ્વરૂપ જે સ્વભાવભૂત છે ને ? એમાંથી પ્રગટેલી પર્યાયને અમે સ્વભાવભૂત, સ્વભાવભાવરૂપ કહીએ છીએ, સ્વભાવભાવરૂપ કહીએ છીએ. એ સ્વભાવભાવરૂપ જ પર્યાય કેવળજ્ઞાનની સ્વભાવભાવરૂપ છે. સમજાણું કાંઈ ? એમ અનંતી પર્યાય સ્વભાવભાવભૂત છે. સ્વભાવભાવરૂપ છે, સ્વભાવભાવરૂપ છે. **'स्वभावभावभूततया'**–સ્વભાવભાવરૂપ છે. આપણે પહેલો સાધારણ અર્થ કર્યો. સ્વભાવથી ઉત્પન્ન થાય એવો કર્યો હતો.. સ્વભાવથી ઉત્પન્ન થાય એવો ભાઈ અર્થ કર્યો હતો આમાં. મેં પછી પાઠની સાથે... સ્વભાવભાવભૂતક્રિયા શબ્દ છે. જુઓ ! આપણે કરી છે. સ્વભાવથી ઉત્પન્ન થઈ છે એમ કર્યું છે, ધ્રુવનો અર્થ કર્યો છે. પણ એમ નહિ. સ્વભાવભાવભૂતતયા–સ્વભાવભાવરૂપ છે. ઓહો..હો..! શું ગુણ કે દ્રવ્ય ? (–પર્યાય)

**શ્રોતા :–** પહેલો જ શબ્દ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પહેલો શબ્દ છે. સંસ્કૃતનો પહેલો છે–સ્વભાવભાવભૂત. સમજાણું કાંઈ ?

કહે છે, આ આત્માને જ્યાં કેવળજ્ઞાનાદિ અનંત પર્યાય પ્રગટ થઈ ગઈ એ સ્વભાવભાવરૂપ છે. સ્વભાવભાવરૂપ થઈ. જે એનો સ્વભાવ હતો તેવી જ પર્યાય–સ્વભાવભાવરૂપ છે. ભલે આનો કાળ એક સમય છે, આનો ત્રિકાળ છે, પણ એ થઈ ગઈ તો સ્વભાવભાવરૂપ. આહા..હા..! સમજાણું કાંઈ ? એવી સ્વભાવભાવરૂપ પર્યાયના શું માપ ? એક સમયમાં બધાના તળિયા લઈ લીધા. ત્રણ કાળ, ત્રણ લોક, અલોક. જેમ અહીં કાળનો અંત નથી તેમ ક્ષેત્રનો અંત નથી. એમ એક એક દ્રવ્યના અનંતાઅનંત ગુણનો અંત ક્યાં છે ? અહીં અંત નથી તો એથી અનંતગુણા તો ગુણ થઈ ગયા. બધાનું તળિયું લઈ લીધું છે. કેવળજ્ઞાને બધાના પેટ પોતાની પર્યાયને જાણતા જણાઈ ગયા છે, એ જાણતા એમ નહિ.

એવો ભગવાન **'सर्वभावान्तरच्छिदे'** પોતાના સિવાયના અનંતા.. ઓલા કહેને કે એ પોતાને પોતાને જાણે. પરને જાણે એ વ્યવહાર છે. એમ કહે છે ને કેટલાક ? પરને જાણે એ વ્યવહાર છે માટે અભૂતાર્થ છે. અરે..! ભગવાન ! શું તારે કહેવું છે ? અહીં તો **'सर्वभावान्तरच्छिदे'** તો એનું સ્વરૂપ છે એમ કીધું. પછી સર્વ ભાવ લીધા. પોતા સિવાયના અનેરા અનંતા. એને જાણવું એ તો એનું નિશ્ચય સ્વરૂપ છે. એને (પરને) જાણે છે એમ કહેવું વ્યવહાર છે, એને જાણે એમ. બાકી પોતાનું .. બધું સ્વરૂપ જાણે છે એ સ્વભાવભાવભૂત થઈને જાણે છે. પોતાનો પર્યાય પ્રમેય તરીકે અને પોતાનો પર્યાય પ્રમાણ તરીકે. સમજાણું કાંઈ ? આહા..હા..!

એવો ભગવાનઆત્મા, ભાઈ ! એ વાત એ વસ્તુની સ્થિતિ છે એવી. પરમેશ્વરે કાંઈ કરી નથી. પરમેશ્વરે તો આવું સ્વરૂપ છે એવું જાણ્યું અને પોતાનું હતું એવું પ્રગટ કર્યું. એને જણાવ્યું. ભાઈ !

આત્મા તો આવો છે ને, ભાઈ ! એ આત્માને આવો ન માન ત્યાં સુધી તારી પ્રતીત સાચી નથી. પ્રતીત સાચી નથી તો રમણતા જ્યાં કરવી છે એની તો પ્રતીત સાચી નથી, જેમાં રમણતા કરવી– ચારિત્ર, એ જેમાં રમણતા કરવી એની તો પ્રતીતિ સાચી નથી. હવે રમણતા આવશે ક્યાંથી ?

**શ્રોતા** :– કરવી ક્યાં પણ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– કરવી ક્યાં પણ ? આટલો મોટો ભગવાનઆત્મા. એના એક સમયમાં... આહા..હા..! **'सर्वभावान्तरच्छिदे'** ઓ...હો...હો..! 'અમૃતચંદ્રચાર્ય' ૯૦૦ વર્ષ પહેલાં ભરતક્ષેત્રમાં ચાલતા સિદ્ધ જેવા ! એ કાંઈ શરીર એનું નહોતું, રાગ એનો નહોતો. એ આત્મા હતા. એ આત્માનો આત્મા હતો. સમજાય છે કાંઈ ? એને વાણીના કહેનાર તરીકે ઓળખાવવા એ તો નિમિત્તની વાતું છે. સમજાણું કાંઈ ?

આત્મા એક સમયમાં અમારી અનુભૂતિની ક્રિયા દ્વારા અમે સર્વજ્ઞ થશું અને એવા સર્વજ્ઞ સ્વાનુભૂતિ ક્રિયાથી અનંતા થયા છે. તેને અમે નમસ્કાર કરીએ છીએ. સમજાણું કાંઈ ? અમારું વલણ, નમન ત્યાં છે. અમે બીજાને નમતા નથી, એમ કહે છે. ઓલા અન્યમતિમાં આવે છે ને ? તુલસીનું આવે છે. 'શ્રીકૃષ્ણે' 'તુલસી'ને દર્શન આપ્યા. મહારાજ ! માથુ નહિ નમે. ત્યારે ? ધનુષબાણ લ્યો. ધનુષબાણ અને 'રામચંદ્રજી'નું રૂપ લ્યો તો માથુ નમશે, બાકી નહિ નમું. એવી એક (વાત આવે છે).

એમ અહીંયાં કહે છે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાનો પર્યાયવાળો આત્મા, એમ જે માનીને ઠરે એમાં અમારું માથું નમશે, બીજે નમશે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? એ આવે છે. શ્લોકો આવે છે. શ્લોક આવડે છે ? ધનુષબાણ લ્યો હાથ. એય..! 'શશીભાઈ'! સાંભળ્યું છે કે નહિ તમે ? તમે તો વૈષ્ણવ છો, તમે તો બધું સાંભળ્યું હોય ને. અમે તો ઉપરથી-અદ્ધરથી સાંભળ્યું હોય. એવા રામ સિવાય અમે બીજાને નમીએ નહિ.

એમ અહીંયાં કહે છે, અમારો આત્મા અને બીજાના આત્મા જેણે સ્વાનુભૂતિની ક્રિયા દ્વારા, જેણે આ ક્રિયા દ્વારા આવી પર્યાય પ્રગટ કરી એ વ્યવહારે અમારા ઇષ્ટદેવ છે, નિશ્ચયથી અમારો આત્મા આવડો આત્મા છે તે ઇષ્ટદેવ છે. સમજાણું કાંઈ ?

એમ કરીને **'આ પ્રકારનાં વિશેષણો (ગુણો)થી, શુદ્ધ આત્માને જ ઇષ્ટદેવ સિદ્ધ કરી તેને નમસ્કાર કર્યો છે.'** લ્યો ! શુદ્ધ આત્માને ઇષ્ટદેવ સિદ્ધ કરીને. એક ટીકામાં જરી થોડો અર્થ બીજો છે. આ પરમ અધ્યાત્મ. **'सर्वभावान्तरच्छिदे'** એટલે કે પોતાના સ્વભાવથી અનેરા વિકારીભાવ હતા એને પૃથક્ કરી નાખ્યા. એટલો જરી ફેર... એવો અર્થ કર્યો. એ થઈ શકે. એમાં ઘણા પ્રકાર છે. ભગવાન આત્મા અનંત ગુણાદિ શુદ્ધ પોતાનો સ્વભાવ છે. એનાથી અનેરા ભાવ વિકલ્પો, વિકારાદિ છે એને છેદી નાખ્યા, નાશ થઈ ગયો. સ્વભાવની ઉત્પત્તિ થઈ, વિકારનો નાશ કર્યો અને ધ્રુવ તો ત્રિકાળ છે. એમ કરીને એવો પણ એક અર્થ છે.

**‘શુદ્ધ આત્માને જ ઇષ્ટદેવ સિદ્ધ કરી તેને નમસ્કાર કર્યો છે.’** ઓહો..હો..! મંગળિક પણ...! પરમેશ્વરને ઉતાર્યા છે. પ્રભુ ! આવો અમારી પાસે આવ્યા વિના નહિ ચાલે. આહા..હા..! ‘રામચંદ્રજી’નું આવે છે ને ? એમ આવે છે ને ? ‘રામચંદ્રજી’ બે વર્ષના હતા ત્યારે આકાશમાં ઉપર પૂનમનો ચંદ્ર જોયો. આમ તો મોક્ષગામી છે. મોક્ષ જાવું છે. એ ચંદ્રમાને ગુંજામાં નાખો. એટલે સિદ્ધ ઉપર છે એને નીચે ઉતારવા. થોડી વાર રોયા. ‘દશરથ’ દિવાનને કહે છે, દિવાન ! પુરુષોત્તમપુરુષ ‘રામચંદ્રજી’ .. કહે અન્નદાતા ! હું રાજનું કામ કરું અને છોકરાને પણ રમાડું, એમ બેય કામ કરું ? શા માટે રડે છે ? ઉત્તમપુરુષ છે. ઉત્તમપુરુષ છે એ, બળદેવ છે. એના પિતાને ખબર છે ને કે આ બળદેવ છે. બળદેવને સ્વર્ગ અને મુક્તિ સિવાય બીજી ગતિ ન હોય. આ તો મુક્તિગામી જીવ છે. છેલ્લું શરીર છે. શું કામ રોવે છે ? .. શું કરું ? તપાસ કરો. પછી આમ બેઠા હતા. પછી ‘રામચંદ્રજી’ના હાથમાં એક અરીસો આપ્યો. ચંદ્ર આવ્યો આમાં. નાખ્યો ગુંજામાં. ગુંજો સમજો છો ? ખીસ્સામાં નાખ્યો. ભગવાનને ઉતાર્યા અહીં. એ ‘રામચંદ્રજી’ના પરમાત્માની સાથે બાળકપણે પણ ચાળા હતા. ભગવાન ! નીચે ઉતરો. અમારી પાસે આવો. અમારા ખીસ્સામાં અહીં આવી જાવ. સમજાણું કાંઈ ? આવે છે ને ? સાંભળ્યું છે કે નહિ ? .. છે લોકોને. રોતા બંધ થઈ ગયા. કેમ રડતા બંધ થઈ ગયા ? કે ચંદ્રને ગુંજામાં નાખ્યો. એ તો ગાયનમાં પણ આવે છે નહિ ? ‘ગુંજામાં નાખો રે મારે ચંદ્રમાં ગુંજામાં...’ એવું ગાયન આવે છે. ‘માડી મને ચાંદલિયો વહાલો...’ એટલું તો બધું આવું છે. ... ચાંદને ગુંજામાં લાવો.

પરમાત્મા બિરાજે છે ત્યાં ચંદ્ર પ્રકાશમય અનંતા ભગવાન, એને મારા જ્ઞાનમાં લાવો. અહીં લાવો. સમજાય છે ? જુઓ ! સિદ્ધ ભગવાનને તો નમસ્કાર કરશે. **‘वंदित्तु सव्वसिद्धे’**માં. આ તો પોતે અહીં કહે છે, પરમાત્મા પ્રભુ ! અમારી સમીપમાં તમે બિરાજો છો. અમે આપને ઇષ્ટદેવ તરીકે માનીએ છીએ. બીજાને અમે માનતા નથી. અમારો ઇષ્ટ આત્મા છે એ હજી સાધકપણે છે. આપને પૂર્ણ દશા પ્રગટી છે એથી અમે સાધકજીવ સિદ્ધને નમસ્કાર કરીએ છીએ. ઇષ્ટદેવને નમસ્કાર કરીએ છીએ. લ્યો, એ એક ગાથાનું મંગળિક થયું.

આ ચાર અસ્તિપણે સિદ્ધ કર્યું. નાસ્તિની વાત લીધી જ નથી. એવો જેનો સ્વભાવ (છે). કેમ ? કે આવું જાણતા સંવર, નિર્જરાની પર્યાયથી આત્માને સાધતા આસ્રવ અને બંધ એમાં નથી એવું એમાં જ્ઞાન આવી જાય છે. બીજો સિદ્ધાંત કહીએ તો નિશ્ચયનું જ્ઞાન કરતાં વ્યવહારનું જ્ઞાન એમાં આવી જાય છે. વ્યવહારનું જ્ઞાન નવું કરવું પડતું નથી. અસ્તિપણે જ્યાં આત્મા આવો છે એને સ્વાનુભૂતિની ક્રિયા દ્વારા મોક્ષ થાય એ જીવ, જીવનો ભાવ, સંવર-નિર્જરા અને મોક્ષ આટલા ચાર તત્ત્વો લીધા. એનું ભાન થતાં એનામાં અજીવ અને પુણ્ય-પાપ ને આસ્રવ સાધકપણે પણ નથી એનું જ્ઞાન નિશ્ચયનું જ્ઞાન થતાં આવી જાય છે. વ્યવહારનું જ્ઞાન થતાં નિશ્ચયનું ન આવે. સ્વનું ભાન થતાં પરનું એમાં આવી જાય છે. એવો એનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. સમજાણું કાંઈ ?

આ શ્લોકમાં અસ્તિની જ વાત કરી છે. જીવ, જીવનો ભાવ, સ્વાનુભૂતિની ક્રિયા અને પૂર્ણ મોક્ષ. જીવ, ગુણ એટલે જીવમાં આવી ગયું. સંવર-નિર્જરા અને મોક્ષ. શુદ્ધ ત્રણ તત્ત્વ અને દ્રવ્ય... ચાર વાત લીધી. સમજાણું કાંઈ ? **'सर्वभावान्तरच्छिदे'** આવી ગયું એમાં. બીજા અનેરાનું અહીં અસ્તિમાં જ્ઞાન કરે છે. જ્ઞાનની પર્યાયમાં અનેરા બધા છે એનું જ્ઞાન કરે છે એમ આવ્યું, ભાઈ ! જુઓ ! **'सर्वभावान्तरच्छिदे'** છે ને ? આ ભગવાનઆત્મા...

એ પર્યાય લેવી છે એમ કહે છે. પર્યાય એવડી છે કે અનંતને જાણે. આને જાણતા એ અનંતને જાણે એવો જેનો સ્વભાવ છે. સમજાણું કાંઈ ? આ 'અમૃતચંદ્રાચાર્યે' આત્મખ્યાતિની ટીકા શરૂ કરતાં મંગળાચરણ આવું પહેલું કર્યું. કહો, સમજાણું આમાં ? હવે એનો ભાવાર્થ 'જયતંદ્ર પંડિત' લ્યે છે. કહો, આમાં સમજાય છે કે નહિ ? એય..! 'નટુભાઈ'!, 'છોટાભાઈ'! આ બધા નવા આવ્યા છે ને. માંડ માંડ કો'ક દિ' અહીં આવે. આ શું ? સામાયિક કરી, પોષા કર્યા.

**શ્રોતા :–** સહેલું કરીને સમજાવો છો એટલે સમજી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ તો સાદિ વાત છે, બાપા ! આમાં કાંઈ એવી ગૂંચવણવાળી નથી. સંસારમાં ગૂંચવણનો પાર ન મળે. એ ગૂંચવણ ગૂંચવણ સમજ્યા ? ગૂંચ. સૂતરમાં ગૂંચ પડી જાય ને ? સૂતરના તારમાં ગૂંચ પડી જાય તો ખોલવી કઠણ પડે. આ તો સીધો સરળ માર્ગ-પંથ છે. ઓલામાં નહોતું આવ્યું ? .. 'યોગસાર'. સિદ્ધના મહેલ સુધી પહોંચી જાય એવી આ સરસ છે. આવ્યું હતું કે નહિ ? સિદ્ધના પર્યાય સુધી પહોંચી જાય એવી આત્માની અનુભવનની ક્રિયા છે. તે સીધી સડસડાટ પૂર્ણાનંદની પ્રાપ્તિ કરી દે. સમજાણું કાંઈ ? આમાં આવ્યું હતું. આઘી-પાછી ગલી નથી. એમ શબ્દ આવ્યો હતો એમાં. બીજી ગલી બલી છે નહિ, સીધી ગલી છે. માણસ એમ કહે એ આ ગલીથી ચાલ્યા જાવ. જુઓ ! આ છેલ્લું મકાન આવશે ફલાણું. એમ ભગવાનઆત્મા પોતાનો પૂર્ણ અનંત સ્વભાવનુ જ્ઞાન કરતો, એકરૂપનું જ્ઞાન કરતો, એકરૂપની શ્રદ્ધા કરતો, એમાં ઠરતો. સીધી સડક કેવળજ્ઞાનને પ્રાપ્ત કરાવી દે. સમજાણું કાંઈ ? એને બીજી ગતિ નહિ, બીજો ભાવ નહિ, બીજે રખવાનું ત્રણ કાળમાં હોય નહિ.

**'અહીં મંગળ અર્થે શુદ્ધ આત્માને નમસ્કાર કર્યો છે.'** ભાવાર્થ છે ને ? **'કોઈ એમ પ્રશ્ન કરે કે કોઈ ઇષ્ટદેવનું નામ લઈ નમસ્કાર કેમ ન કર્યો ?'** નમો મહાવીરાણં, નમો ઋષભદેવાણં.

**'તેનું સમાધાન :– વાસ્તવિકપણે ઇષ્ટદેવનું સામાન્ય સ્વરૂપ...'** ઇષ્ટદેવનું પ્રિયકર કરનાર પરમાત્મા, એનું સ્વરૂપ **'સર્વકર્મરહિત, સર્વજ્ઞ, વીતરાગ, શુદ્ધ આત્મા જ છે...'** ત્રણ વિશેષણ આપ્યા. સર્વ કર્મ રહિત, સર્વજ્ઞ. જ્યારે સર્વ કર્મરહિત થયો તો અહીં સર્વજ્ઞ થયો. નાસ્તિથી વાત છે. સર્વ કર્મરહિત, સર્વજ્ઞ. અને સર્વજ્ઞ સાથે વીતરાગ. એ શુદ્ધ આત્મા જ છે. એ શુદ્ધઆત્મા જ આવો હોય છે. પરમેશ્વર જ આવા હોય છે, સિદ્ધ ભગવાન જ આવા હોય છે. એવું જ આત્માનું સ્વરૂપ અંદર છે. એમ લઈ લેવું.

**'તેથી આ અધ્યાત્મગ્રંથમાં સમયસાર કહેવાથી ઇષ્ટદેવ આવી ગયા.'** 'સમયસાર' કહેવાથી ઇષ્ટદેવ આવી ગયા. દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મરહિત એવો જે 'સમયસાર' એમાં જ એ આવી ગયું. **'તથા એક જ નામ લેવામાં અન્યમતવાદીઓ મતપક્ષનો વિવાદ કરે છે...'** એક જ નામ લેવું નહિ. ફલાણું લેવું. **'તે સર્વનું નિરાકરણ, સમયસારનાં વિશેષણો...'** 'સમયસાર'ના વિશેષણો કીધા. **'વર્ણવીને, કર્યું.'** 'સમયસાર' કેવો છે ? જડકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત છે. ભાવવાળો છે, દ્રવ્ય છે, સ્વભાવવાળો છે, સ્વાનુભૂતિની ક્રિયાથી પૂર્ણતાને પ્રાપ્ત કરે છે. એવું 'સમયસાર'નું સ્વરૂપ એના વિશેષણો વર્ણવીને કર્યું.

**'વળી અન્યવાદીઓ પોતાના ઇષ્ટદેવનું નામ લે છે તેમાં ઇષ્ટ શબ્દનો અર્થ ઘટતો નથી,...'** ભગવાન ભગવાન કરે પણ ભગવાનની પૂર્ણતા, એની પર્યાયની વીતરાગતા, એની સર્વજ્ઞતા અને સર્વ કર્મના લેપરહિત હતા એ લોકો કહે છે એમાં એ સિદ્ધ થતું નથી. **'બાધાઓ...'** એટલે વિરોધ **'આવે છે; અને સ્યાદ્વાદી જૈનોને...'** અપેક્ષાથી પરમેશ્વરને કહેનારા **'તો સર્વજ્ઞ વીતરાગ શુદ્ધ આત્મા જ ઇષ્ટ છે.'** સર્વજ્ઞ વીતરાગ. એક સમયનું જ્ઞાન પૂરું અને સ્થિરતા વીતરાગી પૂરી, એવો શુદ્ધ આત્મા જ જેને ઇષ્ટ નામ પ્રિય છે.

**'પછી ભલે તે...'** તે એમ લેવું. અહીં વજન છે. **'પછી ભલે તે...'** 'યોગસાર'માં આવ્યું હતું ને ? .. જેવા પરમાત્મા અમે વર્ણવ્યા એને ઈશ્વર કહો, શિવ કહો, બ્રહ્મા કહો.. **'તે...'** આવા કહ્યા તેને. લોકો કહે એને એમ નહિ. તેથી એમાં આવ્યું હતું–... અહીં તે શબ્દ વાપર્યો છે. આવા પરમેશ્વર કે જેનો આત્મા પૂર્ણ સર્વજ્ઞપણે પરિણમ્યો છે, વીતરાગદશા પૂરી થઈ ગઈ છે, પૂર્ણ આનંદાદિને પ્રાપ્ત છે અને કર્મનો લેપ બિલકુલ એક રજકણનો પણ જેને રહ્યો નથી. **'તે ઇષ્ટદેવને...'** એમ. આવા ઈષ્ટદેવને **'પરમાત્મા કહો,...'** આવા ઈષ્ટદેવને પરમાત્મા કહો. પરમસ્વરૂપી થયા ને એ ? **'પરમજ્યોતિ કહો,...'** પણ આને. તેને પરમજ્યોતિ કહો, **'પરમેશ્વર,...'** કહો. એ પરમેશ્વર છે. જૈન પરમેશ્વર નથી માનતા એમ નહિ. પણ આવાને પરમેશ્વર માને છે. સમજાણું ? કોઈ કર્તા-હર્તા એ વસ્તુના સ્વરૂપમાં છે નહિ એટલે બીજો કર્તા-હર્તા પરમેશ્વર નથી, પણ પરમેશ્વર નથી એમ નથી. સમજાણું કાંઈ ?

'કર્તા ઈશ્વર કો નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ,..' 'શ્રીમદ્દે' 'આત્મસિદ્ધિ'માં કહ્યું ને ? 'કર્તા ઈશ્વર કો નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ.' સમજાણું ? શુદ્ધ સ્વભાવ. પૂર્ણ જેની દશા પ્રગટ થઈ એ ઈશ્વર છે. શક્તિરૂપે તો બધા ભગવાન ઈશ્વર છે પણ પ્રગટરૂપે ઈશ્વર શુદ્ધ પરમાત્મદશા જેને પ્રગટી એને પરમેશ્વર કહો, **'પરબ્રહ્મ,...'** કહો. નવામાં છપાણું છે, જૂનામાં રહી ગયું. પરબ્રહ્મ, પરબ્રહ્મ–ઉત્કૃષ્ટ આનંદસ્વરૂપ. સમજાણું ? 'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે...' એવું સાંભળતા. દસ વર્ષની ઉંમરે. જોડે બ્રાહ્મણ રહેતા એ ન્હાય... મામા-મામા કહેતા. એ મામા થાય ને અમારે. બાના મોસાળના. 'અનુભવીને એટલું આનંદમાં રહેવું રે, ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે...' એમ બોલતા

વારંવાર. એ તો બિચારા સમજતા પણ નહિ હોય. પણ તે દિ'નું અમારા (મગજમાં) ગરી ગયું હતું. આ કાંઈક કહે છે.

**શ્રોતા :–** પરબ્રહ્મ ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, પરબ્રહ્મ. પરબ્રહ્મ એ પોતે, હોં ! પરબ્રહ્મ કોઈ કર્તા-બર્તા એમ નહિ.

**શ્રોતા :–** એ તો સર્વવ્યાપક પરબ્રહ્મ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને તો એ હતું નહિ. સમજાણું ? તે આ ઉપર જેવા કહ્યા તે પરબ્રહ્મ છે. તેથી તો તે શબ્દ વાપર્યો.

**'પછી ભલે તે ઈષ્ટદેવને...'** આ કહો તો કોઈ પણ શબ્દથી લાગુ પાડો. જીવ કહો પણ આને જીવ કહો. આવા સહિત. પૂર્ણ સ્વરૂપ સ્વભાવવાન, સ્વભાવવાળું, નિર્મળ પર્યાયથી પરિણમીને પ્રગટ કરે એવા જે પરમેશ્વર એને શિવ કહો. એને શિવ કહો. શિવને આ કહો એમ નહિ. ઓલા શિવ છે તેને આ કહો એમ નહિ, આને શિવ કહો. સમજાણું કાંઈ ? એને **'નિરંજન,...'** કહો. અંજન જરીએ નથી. પૂર્ણાનંદની પ્રાપ્તિ પરમાત્માને થઈ. એને અંજન નથી. **'નિષ્કલંક,...'** કહો. કલંક નથી એને. ત્યાં નિષ્કલંક પૂર્ણ દશા પ્રગટ થઈ છે. **'અક્ષય,...'** કહો. ક્ષય થવાનો નથી. એ તો એવી ને એવી દશા રહેવાની છે. **'અવ્યય,...'** કહો. કોઈ અંશે પણ નાશ થવાનો નથી. સંપૂર્ણ તો નાશ નથી પણ અવ્યય એટલે થોડો પણ નાશ થવાનો નથી.

**'શુદ્ધ,...'** એ પરમેશ્વર જે આવા કહ્યા,

**नमः समयसाराय स्वानुभूत्या चकासते।**
**चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।**

એવા સ્વરૂપને શુદ્ધ કહો, **'બુદ્ધ,...'** કહો. એને બુદ્ધ કહો. ઓલા બુદ્ધને બુદ્ધ કહો એમ નહિ. આને બુદ્ધ કહો. સમજાણું કાંઈ ? આ એની મેળે વાત બરાબર સમજાય એવું નથી. 'છોટાભાઈ' ! ખરું એમ લાગે છે કે નહિ ? ઘરે પુસ્તક તો પડ્યું હશે. હશે ને ? 'શાંતાબહેન' છે તો લઈ તો ગયા હોય ને. 'છોટાભાઈ' છે. આહા..હા..! આ 'સમયસાર' એટલે પરમેશ્વરનું વાચક. પરમેશ્વર વાચ્ય અને આ વાચક. એ કહેશે. સાક્ષાત્ પરમેશ્વરની દશા પ્રગટ થઈ છે અને આત્મા તેવો સ્વરૂપે ત્રિકાળ છે. એને બતાવનારું તે આ 'સમયસાર' વાચક છે.

કહે છે કે **'અવિનાશી,...'** કહો. આવા સ્વરૂપને અવિનાશી (કહો). નાશ થવાનો નથી. આગળ ધ્રુવ લે છે. **'અનુપમ,...'** કહો. ઉપમા શી કહેવાય ? એની એને ઉપમા હોય. એને બીજાની ઉપમા ન હોય. સિદ્ધને સિદ્ધની ઊપમા. આહા..હા..! એવો અનુપમ પરમેશ્વર (છે). એવો આત્મા પણ શક્તિએ, સ્વરૂપે લઈ લેવો. આ પર્યાયે પ્રગટે. **'અચ્છેદ્ય,...'** છે. છેદાય નહિ. કટકા ન થાય. અછેદ્ય એટલે કટકા ન થાય. **'અભેદ્ય,...'** એટલે ભૂકો ન થાય. ભૂક્કો સમજાય છે ? આમ ચૂર્ણ કરે છે ને ? અભેદ છે.

**'પરમપુરુષ,...'** છે. ભગવાન જ પરમપુરુષ છે. વળી પરમપરુષ અવતર્યા હતા અને જગતને બનાવતા હતા ને એ કોઈ પરમપુરુષ નથી. પુરુષોત્તમપુરુષ રામચંદ્રજીને કહે છે ને ? એનો આત્મા છે આવો અને પૂર્ણપણાને પામ્યા માટે પરમપુરુષ કહેવાય. **'નિરાબાધ,..'** જેને કોઈ બાધા નથી. આવા સ્વરૂપને કોઈ બાધા નહિ. **'સિદ્ધ, સત્યાત્મા,...'** કહો. સત્યાત્મા. સાચો આત્મા પર્યાયે પરિણમી ગયો. જેવું એનું સત્ સ્વરૂપ હતું એવું પર્યાયે પરિણમ્યું. સત્ય આત્મા એ છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** અસત્ય આત્મા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અસત્ય આત્મા અજ્ઞાન, રાગ-દ્વેષ અસત્ય આત્મા છે અને નિર્મળ પર્યાયનો આત્મા એક સમયની પર્યાય છે, એક સમયની પણ વ્યવહાર આખું દ્રવ્યસહિતનું આખો સત્ય આત્મા આવો છે.

**'ચિદાનંદ,...'** કહો. જ્ઞાનાનંદ. ચિદાનંદરૂપી આનંદના અમૃતનું પૂર છે. એમ કાલે નહોતું આવ્યું ? ચિદાનંદરૂપી આનંદામૃતનું પૂર ભગવાન છે. આહા..હા..! આનંદનું પૂર આવતું હોય ને સામું, એમ આ આખો આનંદનો પૂર પડ્યું છે અંદર. તારી નજર તો કર, નજર તો કર ત્યાં. આનંદના પૂર વહે છે ત્યાં. આહા..હા..! પાર વિનાનો આનંદ છે, અપાર આનંદ છે. એવો સ્વભાવ તારો છે. એનો પ્રગટેલો પરમાત્માને પર્યાયમાં પૂર્ણ થઈ જાય છે.

**'સર્વજ્ઞ,...'** કહો. લ્યો ! એને સર્વજ્ઞ કહો. આને સર્વજ્ઞ, હોં ! લોકો કલ્પે કે આમ જ્ઞાની એમ નહિ. **'વીતરાગ,...'** કહો, **'અર્હત્,..'** કહો. અર્હત્ શબ્દ છે, હોં ! પૂજવાયોગ્ય. પૂજવા યોગ્ય હોય તો આવો આત્મા (છે). જેને સ્વાનુભૂતિની ક્રિયાથી **'સર્વ ભાવાન્તરચ્છિદે'** થઈ ગયું. એને **'જિન,...'** કહો, **'આપ્ત,...'** કહો. હિત માટે માનવા લાયક. **'ભગવાન,...'** કહો. આને ભગવાન કહો, હોં ! આ નમઃ સમયસારને. **'ઇત્યાદિ હજારો નામોથી કહો;...'** લ્યો ! એક હજાર ને આઠ નામ તો બધા આવે છે. ... પુણ્યવંત કહો. એને પુણ્યવંત કહેવાય. પુણ્ય એટલે પવિત્રવંત, હોં ! ઓલું પુણ્ય નહિ. આહા..હા..! પોતાના પવિત્રતાના સુધારસને પૂર્ણ પીવે છે. સમજાય છે ? પ્યાલો છે. સિદ્ધ ભગવાન આનંદનો પ્યાલો છે. સમજાય છે ? પ્યાઉ–આ પાણી પીવાના (હોય ને) ? શું કહે છે ? પાણીના પરબ. તમે નથી સાંભળ્યું ? 'કાંઠે પંથ લયો...' એ ભાઈ બોલતા. 'જેઠાલાલ મોરારી' 'જેઠાલાલ' કેવા ? હા. એ બહુ બોલતા. મોરારભાઈ. 'કૂવા કાંઠે પંથ લયો છે આ તો...' પાણીના પીવાના કાંઠે પંથ મળ્યો છે. પાણી પી પીને ચાલ્યા જાવ.

અહીં કહે છે, એ ભગવાનને કોઈ પણ નામે કહો પણ એના ગુણો વાચક એના નામને લાગુ પડવું જોઈએ. હોય તેને લાગુ પડવું જોઈએ. એમાં ન હોય અને અદ્ધરથી વાતું કરે એને પરમેશ્વર કહેવાય નહિ. **'તે સર્વ નામો કથંચિત્ સત્યાર્થ છે.'** કથંચિત્ સર્વ સત્યાર્થ છે. અનેક અનંત નામો છે ખરા ને ? **'સર્વથા એકાંતવાદીઓને ભિન્ન નામોમાં વિરોધ છે, સ્યાદ્વાદીને કાંઈ વિરોધ નથી. માટે અર્થ યથાર્થ સમજવો જોઈએ.'** સહજાનંદી આત્મા એને પણ કહેવાય. ત્યાં ઓલા કહે

સ્વામિનારાયણના સહજાનંદી. અરે..! સાંભળને! એકે એવું ઠેરવ્યું કે 'સહજાનંદી શુદ્ધ સ્વરૂપી.' તો એક બાઈ શેઠાણી કહે, આપણે 'સહજાનંદ' ક્યાંથી આવ્યા ? 'સહજાનંદ' તો સ્વામીનારાયણના હોય.

**શ્રોતા** :– પોતે સ્વામીનારાયણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પોતે સહજ સ્વરૂપનો સ્વામી છે. એ સ્વામીનારાયણ આ આત્મા પોતાનું સ્વરૂપ એને કહેવાય છે. એને સહજાનંદ (કહે છે). ગમે તે એના ગુણ નિષ્પન્ન નામથી યાદ કરો તો ઇષ્ટદેવનું આ લાગુ પડે છે. એને મંગળિક તરીકે કહેવામાં આવ્યા છે. લ્યો !

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** જો તારે આત્મા જ પ્રાપ્ત કરવો હોય તો હે જીવ ! હવે વિરક્ત થા, હઠ ન કર, નકામા બીજા વિકલ્પોથી તને શું લાભ ? ભગવંત તું દુઃખથી મુક્ત થવા મિથ્યાત્વ રાગાદિ અકાર્યથી-નકામા કાર્યથી વિરક્ત થા, એ કોલાહલ છોડી દે. ભગવાન આત્મા આનંદ સ્વરૂપ છે, તેને પામવા માટે રાગાદિથી વિરક્ત થા, કેમ કે એ નકામા કાર્ય છે, એ તારૃં કર્ય નથી. તેથી જૂઠા વિકલ્પો કે જે ભગવાન આત્માને પામવામાં વિરોધ કરનારા છે એવા જૂઠા વિકલ્પોની જાળથી બસ થા ! કેમ કે એવા જૂઠા વિકલ્પોથી તને શું ? નકામા વિકલ્પો એટલે શું ?—કે એ તારું કાર્ય નથી, એ તો પુદ્‌ગલનું કાર્ય છે, પુદ્‌ગલથી થયેલાં એ ભાવો પુદ્‌ગલ છે, ભગવાનના એ ભાવો નથી, કેમ કે ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપે બિરાજમાન છે, એ રાગાદિ ભઆવો તેનું સ્વરૂપ નથી. પર્યાયમાં એ ભાવો છે પણ ત્યાં તને રાખવો નથી તેથી તારા નથી એમ કહીને તને સ્વરૂપમાં લઈ જવાનું પ્રયોજન છે, માટે તેને પુદ્‌ગલનાં કહ્યાં છે. ૭૧૨.**

* * *

*** અનાદિકાળથી તું તારી દુઃખની દશામાં રમી રહ્યો છે. આ આત્માની વર્તમાન દશામાં ભલે વિકાર હો પણ જેમ લીંડીપીપર રંગે કાળી ને કદે નાની હોવા છતાં સ્વભાવે પૂર્ણ તીખી ને પૂર્ણ લીલી છે, તેમ શરીર પ્રમાણે કદ ને પર્યાયમાં મલિનતા હોવા છતાં સ્વભાવે પરિપૂર્ણ છે, ભગવાન છે. પ્રભુ ! તારામાં પરમાત્મશક્તિ પૂરી પાડે છે, અંદર અતીન્દ્રિય આનંદનો ડુંગરો પડ્યો છે. પોતે સમયસારભૂત ભગવાન પરમાત્મા છે. અનંત જ્ઞાન અનંત આનંદસ્વરૂપ પૂર્ણ પરમાત્મા છે. ૭૧૩.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી સમયસાર, ગાથા-૩૬, પ્રવચન નં. ૫૮
## તા. ૦૪-૦૯-૧૯૬૧
## [૧૮]

'સમયસાર' અધિકાર ચાલે છે. એમાં જીવ-અજીવ અધિકાર. જીવ કોને કહેવો? અને એ જીવને જાણ્યે આત્માને શાંતિ મળે અથવા જેવો જીવસ્વભાવ છે એવું એનું અસ્તિત્વ એની દૃષ્ટિમાં, પ્રતીતમાં, ભાનમાં, જ્ઞાનમાં આવે તો તેને સ્વતંત્રતાની શાંતિની પ્રાપ્તિ થાય. કહો, સમજાણું કાંઈ ? 'સેઠી' !

જીવ-જીવ એટલે આત્મા. આ દેહમાં આત્મા કેવો અને કોણ અને કઈ રીતે છે ? કે જેને જાણવાથી આત્માને અનંત કાળમાં આકુળતાનું જે વેદન એને અનંત કાળથી ચાલ્યું આવે છે એને આત્મા જે રીતે છે એમ અંતરમાં પરથી ભેદજ્ઞાન કરીને આત્માનો અનુભવ કરે તો એને આકુળતા ટળીને અનાકુળતા પ્રગટ થાય. અનાકુળતા કહો કે સુખ પ્રગટ થાય. સુખી થવાનો રસ્તો એને હાથ આવે. કહો, બરાબર હશે આ? આ પૈસાવાળાને સુખ નહિ હોય ? કહે છે ને પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ રૂપિયા છે. એ બધી માણસો વાતું કરે. રૂપિયા કે દિ' એના હતા ? રૂપિયા તો જડ, માટી, ધૂડ છે. એ તો પુદ્ગલ માટી અજીવતત્ત્વ છે. એમાં કે દિ' એનાપણું હતું. એને એમ માને કે એ મારા તો એને મમત્વદૃષ્ટિ થાય અને આકુળતા થાય, દુઃખ થાય, પરાધીનતા થાય અને એને કારણે ચાર ગતિમાં અનાદિકાળથી રખડે છે. આ દેહ એનો નથી એ તો ઠીક પણ અહીં તો બીજી વાત કરશે હજી. ભગવાનઆત્મા એને કહેવો. આ માથે મથાળુ છે.

**'અનુભૂતિથી પરભાવનું ભેદજ્ઞાન કેવા પ્રકારે થયું ?'** આ આત્મા પરથી જુદો અસ્તિત્વ એનું હોવાપણું, વિદ્યમાનપણું. આત્માનું વિદ્યમાનપણું, મોજૂદગી (છે) એવી એની અંતર દૃષ્ટિમાં ભાન થયું એનાથી પરભાવનું ભેદજ્ઞાન કેવા પ્રકારે થયું ? **'એવી આશંકા કરીને,...'** શિષ્ય એમ પૂછ્યું, પ્રભુ! આ તે શું ચીજ છે કે જેને આ રીતે અનુભૂતિમાં પરથી ભેદજ્ઞાન થાય ?

**'પ્રથમ તો જે ભાવકભાવ-મોહકર્મના ઉદયરૂપ ભાવ, તેના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છે :-'** સ્તુતિમાં આવ્યું હતું એ બીજી રીતે હતું. ભાવકભાવ. એ તો બે દ્રવ્યની એકતા... એકતા... એકતાનો દોષ ટાળ્યો. અહીં તો અસ્તિત્વનું આખું એનું એકરૂપ સ્વરૂપ શું છે એ રીતે એને અજીવથી જુદાપણે આત્માની સંપદાની ૠદ્ધિ, એને અહીંયાં વર્ણવે છે.

**णत्थि मम को वि मोहो बुज्झदि उवओग एव अहमेक्को।**
**तं मोहणिम्ममत्तं समयस्स वियाणया बेंति।।३६।।**
**નથી મોહ તે મારો કંઈ, ઉપયોગ કેવળ એક હું,**
**—એ જ્ઞાનને, જ્ઞાયક સમયના મોહનિર્મમતા કહે. ૩૬.**

**અન્વયાર્થ :-** **'એમ જાણે કે 'મોહ મારો કાંઈ પણ સંબંધી નથી,..''** વિકારાદિની લાગણી અંદરમાં થાય, મારે ને એને કાંઈ સંબંધ નથી. **'એક ઉપયોગ છે તે જ હું છું...'** અંતર ચૈતન્ય જ્ઞાનાનંદ પ્રભુ, જાણવા અને દેખવાના ઉપયોગરૂપ તે જ હું આત્મા છું. **'એવું જે જાણવું તેને સિદ્ધાંતના અથવા સ્વ-પરના સ્વરૂપના જાણનારા...'** સંતો, મુનિઓ એને **'મોહથી નિર્મમત્વ કહે છે.'** આ શબ્દાર્થ કર્યો. નીચે જરી ફેર છે ને એટલે.

**'આ ગાથાનો અર્થ આમ પણ થાય છે :–'** નીચે. **''જરાય મોહ મારો નથી,...''** હું તો ચૈતન્ય પ્રભુ જ્ઞાનાનંદ છું. **'હું એક છું...'** હું એક છું. **'એવું ઉપયોગ જ (–આત્મા જ) જાણે...'** હું તો એક છું. મોહ ને મારે કાંઈ નાતો, સંબંધ વળગણા કાંઈ નથી. વિકારની લાગણી થાય એને અને મારે કાંઈ નાતો નથી. સમજાય છે કાંઈ ? શરીર, વાણી, મનની તો અહીંયા વાત છે જ નહિ. એ તો પરપદાર્થ છે. ભગવાનઆત્મા હું એક જ્ઞાન ઉપયોગસ્વરૂપ આત્મા છું અને આ તે મારી ચીજ રાગાદિ નથી. એમ આત્માને, એવા ઉપયોગને એટલે આત્માને આમ જે જાણે તેને **'સમયના જાણનારા...'** સિદ્ધાંતના જણનારા **'મોહ પ્રત્યે નિર્મમ (મમતા વિનાનો) કહે છે.'** એ શબ્દાર્થ કર્યો. ટીકામાં વિસ્તાર આવશે.

આ તો વાત એવી (છે). ચૈતન્યપ્રભુ દેહમાં બિરાજતું તત્ત્વ એ આનંદસ્વરૂપ અને અનાકુળ શાંતરસનું એનું સ્વરૂપ છે. આ ભગવાનઆત્માનું. એણે એને અનંત કાળથી એક ક્ષણ પણ પરથી ભિન્ન કરીને જાણ્યો નથી અને એ જાણ્યા વિના ત્રણ કાળમાં તેને સ્વતંત્ર સમકિત, સમ્યગ્જ્ઞાન કે આત્માના આનંદનો સ્વાદ એને આવે નહિ ત્યાં સુધી તે દુઃખી થઈને જ પરિભ્રમણ કરી રહ્યો છે. સમજાય છે કાંઈ ?

**'ટીકા :– નિશ્ચયથી,...'** નામ ખરેખર **'(આ મારા અનુભવમાં)...'** એટલે જ્ઞાનના ભાનમાં **'ફળ દેવાના સામર્થ્યથી પ્રગટ થઈને ભાવકરૂપ થતું...'** જે કર્મ જડ છે, માટી જોડે એક ચીજ છે. જેમ સોનું અને પત્થર જેમ ખાણમાં ભેગા દેખાય છે પણ સોનું તે સોનું છે અને માટી તે સોનું નથી. સોનુ અને માટી એકસાથે ભેગું દેખાય. એમ ભગવાનઆત્મા સોના સમાન ચૈતન્યપ્રભુ જ્ઞાનાનંદ મૂર્તિમાં જડકર્મ જે પત્થર, ધૂડ સમાન છે એના ફળ દેવાનું સામર્થ્ય એ કર્મનો પાક થયો, પાક. પૂર્વે જે વિકારી ભાવ કર્યા હતા એ નિમિત્ત પામી અને કર્મ કર્મપણે પરિણમેલું હતું. એ કર્મનો થયો પાક.

**'ફળ દેવાના સામર્થ્યથી પ્રગટ થઈને ભાવકરૂપ થતું જે પુદ્ગલદ્રવ્ય...'** એ તો જડ દ્રવ્ય છે.

માટી એક જોડે ચીજ છે. ભગવાનઆત્મા જ્ઞાનાનંદમૂર્તિ એની જોડે અંદરનું અનાદિનું માટી-ધૂડ આઠ કર્મરૂપી ઝીણી રજની અજીવ ચીજ છે. એ જ્યારે ભાવક એટલે કે કર્મના પાકમાંથી થયો વિકાર **'ભાવકરૂપ થતું જે પુદ્‌ગલદ્રવ્ય તેના વડે રચાયેલો જે મોહ...'** પર તરફમાં જરી સાવધાની ભાવ એ ઉપયોગમાં જણાય પણ એ ઉપયોગમાં એમ જાણે કે આ મારી ચીજ છે તો તે ભ્રમણા ને અજ્ઞાન છે. પણ ઉપયોગ એટલે જાણવા-દેખવાના ભાવમાં, જેમ અરીસામાં અરીસાની સ્વચ્છતાને લઈને અગ્નિની જ્વાળા બહાર (છે) તે તેમાં જાણે જણાતી હોય, તે ખરેખર અરીસાની અવસ્થા છે, તે જ્વાળાની અવસ્થા નથી. જ્વાળા જ્વાળામાં અગ્નિની અને અરીસામાં અગ્નિની જ્વાળા અંદરમાં નથી. અંદરમાં હોય તો અરીસાને હાથ દીધે ઊનું દેખાય (પણ) એમ તો છે નહિ. એ અરીસાની પોતાની સ્વચ્છતાની એ પર્યાય છે. એમ ભગવાનઆત્મા અંદર જ્ઞાન-અરીસો છે, ચૈતન્યબિંબ અરીસો છે. જ્ઞાનનો ભંડાર. એના જ્ઞાનના વેપારમાં એ કર્મનો પાક, કર્મનો પાક જે વિકાર, જે મોહ એ ઉપયોગમાં જણાય, ઉપયોગમાં જણાય.

**'જે પુદ્‌ગલદ્રવ્ય તેના વડે રચાયેલો જે મોહ તે મારો કાંઈ પણ લાગતોવળગતો નથી,...'** અજ્ઞાનમાં બેની એક્તાનું અસ્તિત્વ માનતા ભાવક જે દ્રવ્યકર્મ જડ, તેના પાકથી રચાયેલો વિકારી ભાવ મોહ જે ઉપયોગમાં એકરૂપે જણાય, એકરૂપે જણાય એને ચૈતન્યના અસ્તિત્વની પ્રતીત અને ભેદજ્ઞાન નથી. સમજાય છે કાંઈ ? 'નવનીતભાઈ' ! ભારે ઝીણું, ભાઈ !

અરે..! એની એને અનંત કાળથી ખબર નથી. ચૈતન્યપ્રભુ જ્ઞાનમૂર્તિ બિરાજમાન અરીસા સમાન છે એના ભાન વિના એ વિકાર પરિણામ થયા એ મારા અસ્તિત્વમાં છે. ઉપયોગમાં જણાય છે ને ? અરીસામાં જણાતા જાણે અરીસામાં અગ્નિ છે એમ જાણપણામાં જણાણું કે આ મોહ છે, એ જાણે મારા ઉપયોગમાં અંતર આવી ગયો છે એમ માનનારો ભાવક મોહને પોતાના અસ્તિત્વમાં ખતવે છે એને ભેદજ્ઞાન નથી અને આત્માના અસ્તિત્વની પ્રતીત નથી. સમજાય છે કાંઈ ?

ત્યારે **'તેના વડે રચાયેલો જે મોહ...'** ધર્મી પોતાના જ્ઞાનના ઉપયોગને અંતર અસ્તિત્વ સ્વીકારતો જાણવા-દેખવાના ઉપયોગને, વેપારને સ્વભાવ સન્મુખમાં અભેદપણે સ્વીકારતો એ **'મોહ તે મારો કાંઈ પણ લાગતોવળગતો નથી...'** સમજાય છે કાંઈ ? અહીં નથી કહેતા કે ભાઈ ! આ કાંઈ તમારે સગોવહાલો થાય છે કાંઈ આ ?–કહે ના. અમારે કાંઈ લાળે ને લાંતરે કાંઈ એની સાથે સંબંધ નથી. એમ ભગવાનઆત્મા પોતાના જ્ઞાન-દર્શનના વેપારના કાળમાં એમ પોતાના ઉપયોગને સ્વભાવના અસ્તિત્વ તરફમાં ઢાળતો એ મોહ જે પર તરફની લાગણીની વૃત્તિ થઈ, એને ને મારે કાંઈ પણ લાગતુંવળગતું, નાતો, સંબંધ નથી. 'બાબુભાઈ' ! ઓ..હો..હો..! આ રીતે જ્યારે એને આત્માના જ્ઞાનના વેપારમાં પોતાના અસ્તિત્વનું ભાન થાય તેને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન અને આત્મા, આત્માની હયાતી એના અંતરમાં બેઠી. સમજાય છે કાંઈ ?

ભગવાનઆત્મા વસ્તુ ચૈતન્યપ્રભુ ચૈતન્યપ્રકાશી સૂર્ય આત્મા છે. આ દેહ, માટી, ધૂડ અને

અંદરના એ કર્મ, માટી, જડ અને એ માટીના પાકમાં થતો મોહ, એ મોહની સાથે ચૈતન્યના ભાવમાં એકપણે અનાદિથી ખતવતો, માનતો, જાણતો, રમતો આવે છે એ દુઃખી થવાના પંથે પડ્યો છે. સમજાય છે કાંઈ ? ભારે વાત, ભાઈ ! 'નવનીતભાઈ' ! હવે આમાં ક્યાં આવું. પાંચ-પચ્ચીસ લાખ આપી દે અને ધર્મ થઈ જતો હોય, એવી ચીજ ન મળે આ. શરીરમાંથી કાંઈ કસ કાઢી નાખે અપવાસ-બપવાસ કરીને. કેમ 'ધર્મચંદજી' ? પણ શરીર જ તારું નથી ને. આ તો માટી-ધૂડ છે. તારી ઇચ્છા પ્રમાણે રહેતું નથી. નિરોગ હોય, રોગ આવે, ઊલટી થાય. હાય.. હાય... ઘડીકમાં ? હમણા ઘડીક પહેલાં કાંઈ નહોતું. શું થયું ? કોઈ જાણે અંદર આમ ખળભળાટ કાંઈક થાય છે, શું (થાય છે) ખબર પડતી નથી. શું ચીજ છે આ ? જડ છે, એ તો માટી છે. તારી ઇચ્છા પ્રમાણે રહે છે એ ? તારા ભાવ પ્રમાણે એનું અસ્તિત્વ રહે છે ? તો ખબર નથી પડતી કે એનું અસ્તિત્વ તારાથી ત્રિકાળ જુદું છે ?

એ તો જુદું છે (પણ) અહીં તો અંતર અસ્તિત્વની વાત ચાલે છે. અજીવ તો જુદું પણ આસ્રવતત્ત્વ તે પણ અજીવતત્ત્વ અને પરમાં જાય છે. સમજાય છે કાંઈ ? ભાવકર્મ-ભાવકર્મ, હોં ! આ. ભાવકનું ભાવકર્મ એમ અહીં તો કહે છે. જડકર્મનો ઉદય આવ્યો એનો એ પાક છે. જેમ ચોખાનો દાણો ગુણમાં હોય છે એ પાણીમાં પાકે ત્યારે ચોખામાં પાક આવ્યો છે. એ ફરીને ચોખો પાકો રંધાય છે ને ? પોચો થઈ જાય ને ? એ તો એમાં કસ ભર્યો છે. એ તો એનો પાક ચોખામાં છે. શું મોઢામાં આવી ગયો છે ? મોઢાના અસ્તિત્વમાં એનો પાક છે ? એ તો ચોખામાં છે. એમ જડનો પાક થયો તે જડમાં છે અને જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્યના અસ્તિત્વમાં એ પાકનો સંબંધ કાંઈ નથી. સમજાય છે કાંઈ ? જુઓ ! આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા ચાલે છે. ધર્મનું પહેલું પગથિયું. આહા..હા..! ભારે ધર્મ, ભાઈ ! આ.

કહે છે કે **'તેના વડે રચાયેલો...'** મારો નહિ. હું તો વસ્તુ છું ને. દ્રવ્ય છું, ચૈતન્ય છું. ઇ કહેશે. આ **'મોહ તે મારો કાંઈ પણ લાગતોવળગતો નથી,...'** આહા..હા..! અહીં તો લાળે ને લાકડે સગ પણ જ્યાં હોય ત્યાં હરખ પામે. આ મારી બાયડી, આ મારા છોકરા, આ મારા હજીરા. હજીરા એટલે ? આ મકાન. બંગલો એનો હજીરો બીજું શું ? બે લાખ, પાંચ લાખનો હોય. આ મારા... આ મારા. સગા સાળાનો સાળો અને એની આ ફલાણી થાય. એમ કરીને એ કાંઈક ભણ્યો ગણ્યો હોય તો એનો હરખ વેદે. એમ.એ.માં પાસ થયો. 'અમેરિકા'માં પાંચ વર્ષ રહી આવ્યો. આવીને બે હજારનો પગાર. તારે શું છે ? શું થાય તારે ? સાળાનો સાળો અને એનો દીકરો થાય છે. 'જેઠાલાલજી' !

'અમેરિકા'થી ... ઉતરે ને. ત્યાંથી ઓલો પાંચ વર્ષ ભણી આવ્યો ત્યાંથી અને ઓહો..હો..! આમ રોફ કરીને. અને એકદમ બે હજારનો મહિને પગાર, અઢી હજારનો પગાર. શું છે પણ તારે હવે ? સાંભળ તો ખરો. એ ચીજ એની પાસે, તારી ચીજ તારી પાસે. તારે ને એને કાંઈ લાગેવળગે નહિ.

અહીં તો કહે છે એના પ્રત્યેનો કર્મનો પાક થયો રાગનો. સાવધાની-સાવધાની અહીં છે ને ?

મોહ એટલે પર પ્રત્યેની (સાવધાની) એ સાવધાનીના ભાવને અને ચૈતન્યને કાંઈ લાગે-વળગે એવું નથી. સમજાય છે કાંઈ ? એ **'વડે રચાયેલો મોહ તે મારો કાંઈ પણ...'** પાછો એમ શબ્દ છે. **'કાંઈ પણ લાગતોવળગતો નથી,...'** અરે...! પણ તારી પર્યાયમાં થાય છે ને ? સાંભળ ને. પર્યાય જ મારી નથી. મારી પ્રજા, હું ચૈતન્ય શુદ્ધ આનંદકંદ છું. હું દ્રવ્ય સ્વભાવ મારો અનાદિઅનંત જ્ઞાન ને આનંદથી ભરેલો, મારી પ્રજા મેલી ન હોય. એ વિકારી પર તરફનો મોહભાવ એ મારી પ્રજા નહિ. એ તો જડની પ્રજા છે. કહો, સમજાય છે કાંઈ ? ભાવકર્મ, હોં ! મોહ. ભાવકનો ભાવ પાક થઈને જરી જણાણો. કહે છે કે એ પ્રજા જડની છે, મારી નહિ. બાયડી-છોકરાની પ્રજા તો ક્યાંય રહી ગઈ. 'ધરમચંદજી'!

અહીં તો કહે છે, જડ (એક) ચીજ. આત્મા ચૈતન્ય અરીસો છે. જ્ઞાનસ્વરૂપી પ્રજ્ઞાબ્રહ્મ આત્મા, પ્રજ્ઞાપુંજ આત્મા છે, પ્રજ્ઞાનો પુંજ. પ્રજ્ઞા એટલે જ્ઞાનનો પુંજ જ એ છે. એની એને ખબર નથી. એથી એના જ્ઞાનના વેપારમાં એ પર તરફનો મોહ દેખે એને એકપણું માને એ જડને ચૈતન્ય માને છે. સમજાણું કાંઈ ? તે મોહ મારો કાંઈ પણ... જરી પર્યાયમાં છે એટલો અનિત્ય તો કહે ? ના. કાંઈ પણ મારો નથી. કેમકે જ્ઞાનનો વેપાર સ્વ તરફ વળ્યો છે, દૃઢતા સ્વભાવની થઈ છે. તેથી તે મોહને પોતામાં એક સમય પણ મારામાં છે એમ એ સમ્યગ્દૃષ્ટિ માનતો નથી. જુઓ ! આ ધર્મ. આ સમ્યગ્દૃષ્ટિનો. કહો, 'લક્ષ્મીચંદજી' !

**'કારણ...'** હવે કારણ આપે છે. **'ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવભાવનું...'** ટંકોત્કીર્ણ. ટાંકણાથી જેમ અડબદનાથ અંદરમાંથી જેમ ખોદીને કાઢ્યો હોય. અહીં છે ને ? શેત્રુંજય નથી ? 'પાલિતાણા'. અદબદનાથ ભાઈ ! જોયું છે ? મોટા પત્થરનો. શ્વેતાંબર... છે. આખા હોલ પ્રમાણે એક પત્થર. ખોદીને ... એમ ચૈતન્યપ્રભુ અંતરમાં દેહના રજકણથી જુદો અને પુણ્ય-પાપના વિકલ્પના મેલથી જુદો એવો ને એવો અનાદિથી ટંકોત્કીર્ણ-અણઘડેલી વસ્તુ. **'એક જ્ઞાયકસ્વભાવભાવનું...'** અરે..! હું તો જ્ઞાયક, જાણક, દર્શન, એવા સ્વભાવભાવનું **'પરમાર્થે પરના ભાવ વડે ભાવવું અશક્ય છે.'** અરે..! હું તો જાણનાર-દેખનાર ભગવાનઆત્મા (છું). એનું **'પરમાર્થે પરના ભાવ વડે...'** એ વિકારી મોહભાવ થયો એ તો પર છે. એ **'પરના ભાવ વડે...'** મારું બનવું, ભાવ્યરૂપ થવું એ અશક્ય છે. નીચે છે. **'બનાવવું; ભાવ્યરૂપ કરવું.'** સમજાય છે કાંઈ ? ઝીણી વાત ભારે, ભાઈ ! આમ લોકોને હજી તો બહારમાં થોથા અથડાયા કરે એમાં બહારથી આવે તો આ દયા ને દાન ને વ્રત ને ભક્તિ, પૂજા.

અહીં તો કહે છે કે એ વ્રત અને દાન, ભક્તિનો મોહ થાય, એ મારે ને એને કાંઈ સબંધ નથી એમ કહે છે. 'જેઠાલાલજી' ! મારા જ્ઞાનસ્વભાવ વડે હું ચૈતન્યસ્વરૂપ છું ને. જ્ઞાયક છું ને. ધોળી ખડી છે એ વડે કાળાપણે ધોળીને થવું તે અશક્ય છે. સવારે પૂછતાં હતા ને ? સેટિકા.. સેટિકા. મૂળ તો શ્વેતિકા (છે). શ્વેતિકા છે ને ? ખડીપણું. ભીંતને ધોળું કરે. કરે કોને ? ખડી ખડીમાં અને ભીંત ભીતમાં. ભગવાનઆત્મા જાણક-દર્શક જે પર્યાય એની છે એ પર્યાય એની નિર્મળ

થાય છે. એમ ન માનતા પરને માને એ તો મિથ્યાદૃષ્ટિ છે.

અહીં કહે છે કે અરે..! હું તો એ જ જ્ઞાયકસ્વભાવભાવ, જ્ઞાયકસ્વભાવભાવ, જાણનાર સ્વભાવભાવ, એનું પરમાર્થે ખરેખરે પરના ભાવ વડે અર્થાત્ મોહ જડ કર્મનો પાક જે આવ્યો, પર તરફના મોહનો વિકલ્પ (આવ્યો), આ મોહ એટલે મિથ્યાત્વની વાત નથી. અસ્થિરતાનો ભાગ. પહેલી વાત સાધારણ કરી અને પછી બીજા ભાગ કાઢશે. એ પરના ભાવ વડે અર્થાત્ પરની પર્યાય વડે એ કર્મના પાકથી થતો મોહવિકાર, એની પર્યાય વડે જ્ઞાયકસ્વભાવભાવનું થવું અશક્ય છે. સમજાય છે કાંઈ ? શું કહે છે આ ? વાત હજી ઝીલવી જાય .. કોઈ દિ' પગે ચડ્યો નથી. મારગ જોયો નથી. મારગ જોયો નથી પણ કેવો હોય એને સાંભળવામાં આવ્યું નથી એને.

કહે છે, ભગવાનઆત્મા ધર્મીજીવ પોતાના આત્માના જ્ઞાયકસ્વભાવભાવનું મોહપણે થવું અશક્ય છે એમ માને છે. સમજાય છે કાંઈ ? આત્માનું અસ્તિત્વ અહીં કહેવું છે ને ? આત્માના અસ્તિત્વની વિદ્યમાનતા મોજૂદગીમાં એ તો જ્ઞાયકસ્વભાવભાવવાળી એની મોજૂદગી છે. જ્ઞાયકસ્વભાવભાવ એની હયાતી છે. એ જ્ઞાયકસ્વભાવભાવ વડે, એ અરીસા વડે કાળા કોલસાપણે પરિણમવું જેમ અશક્ય છે, એમ મારા જ્ઞાયકસ્વભાવભાવ વડે એ મોહપણે પરિણમવું એ મારી પર્યાયમાં અશક્ય છે. સમજાય છે કાંઈ ? ઓહો..હો..! જુઓ ! આ જીવ-અજીવ અધિકાર. જીવ કોને કહેવો અને અજીવ કોને કહેવો એનું ભાન ન મળે. કોને આત્મા ને કોને અજીવ કહેવો. એકમેક લોચા દેખાય ને બધા ભેગા. શરીર ને માટી ને આ ને આ.

અહીં તો કહે છે કે કર્મ અને અનાદિ આત્મા એક ખાણમાં પડેલા, એના પાક કાળે ધર્મી એમ જાણે છે કે હું, મારા જ્ઞાનમાં, મારું જ્ઞાન અથવા મારો સ્વભાવ એ મોહપણે થવું અશક્ય છે, અશક્ય છે. (આકાશમાં) ફૂલ ન થાય, (એ) જેમ અશક્ય છે, ગધેડાને શીંગડા થવા તે અશક્ય છે, એમ મારા જ્ઞાનસ્વભાવ વડે મોહપણે થવું તે અશક્ય છે. આહા..હા..! અંતર્મુખનો ઉપયોગ જ્ઞાયકનો સ્વભાવ વડે એમ થાય છે, એમ કહે છે. અહીં તો સમજાવવામાં શું (કહે) ? કે જ્ઞાયકભાવ ચૈતન્ય પ્રભુ જાણક-દર્શક, એવી ચીજનું અંતર્મુખ થઈને ભાન થયું એથી આ જ્ઞાયકભાવ વડે, જ્ઞાનભાવ વડે, પ્રકાશભાવ વડે ચૈતન્ય પ્રકાશના પરિણામ ઉપયોગદ્વાર વડે એ મોહ વડે મારે બેને એક થવું એ અશક્ય છે. 'નવનીતભાઈ' ! સમજાય છે કાંઈ ? એવી અંતરમાં ભેદજ્ઞાનની અનુભૂતિ થવી તેને આત્મા જાણ્યો અને એને સમ્યગ્દર્શન અને જ્ઞાન કહે છે. સમજાય છે કાંઈ ?

**'પરમાર્થે પરના ભાવ વડે...'** એ તો જેમ રજકણના ભાવ વડે આત્માને થવું અશક્ય છે એમ મોહભાવ વડે આત્માના સ્વભાવને મોહના ભાવનું, મોહનો ભાવ જે પર તરફની સાવધાનીનો ભાવ, એવો જે મોહભાવ એને મારા સ્વભાવભાવ વડે કરીને પરિણમવું તે ત્રણ કાળમાં અશક્ય છે. સમજાય છે કાંઈ ? આ હજી આત્મા કોને કહેવો અને કેમ જાણ્યો હોય તો આત્મા કહેવાય એની વાત ચાલે છે. સમજાય છે ? હજી હું કોણ છું ? ભગવાન જાણે હું કોણ છું આ દેહમાં. હું કોણ છું ?

ક્યાંથી થયો ? આવે છે ને 'શ્રીમદ્'માં ? નાની ઉંમરમાં સોળ વર્ષે બોલે છે. સોળ વર્ષે ! સોળ વર્ષની ઉંમરે. હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ? ખરું.. ખરું.

કહે છે કે અરે..! હું તો ચૈતન્ય છું ને. હું દ્રવ્ય ચેતન પણ મારો જ્ઞાયકસ્વભાવ ચૈતન્ય. એ ચૈનત્ય વડે કરીને એની પ્રવાહની પર્યાયમાં દ્રવ્ય આત્મા, ગુણ જ્ઞાયક ચૈતન્યભાવ, એ વડે પરિણમવાની પર્યાય મોહપણે થાય એ અશક્ય છે. એને જાણવાપણે મારા ચૈતન્યનું પરિણમવું થાય એ તો મારા અસ્તિત્વના સ્વભાવની તાકાત જ છે. પણ મોહપણે થવું એ મારામાં તાકાત નથી. સમજાય છે કાંઈ ? એ પણે તાકાત હોય તો કોઈ દિ' ટળે નહિ અને કોઈ દિ' મુક્તિ થાય નહિ. સિદ્ધપદ અને શાંતિપદ કોઈ દિ' મળે નહિ.

**'વળી અહીં સ્વયમેવ, વિશ્વને (સમસ્ત વસ્તુઓને) પ્રકાશવામાં ચતુર...'** ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવ વડે પોતે જ આત્મા જાણે છે, હવે એમ કહે છે. મોહ વડે થવું અશક્ય છે એમ કીધું. મોહના ભાવ વડે વિકાર વડે મારા આત્માનું પરિણમવું થવું અશક્ય છે એમ કહ્યું. હવે કહે છે, કે કેમ ? જાણે છે કોણ એ ? કે **'સ્વયમેવ વિશ્વને (સમસ્ત વસ્તુઓને) પ્રકાશવામાં ચતુર...'** સ્વયમેવ. એ મોહ આવ્યો માટે એને પ્રકાશે છે એમ પણ પરાધીનતા નથી. સમજાય છે કાંઈ ? આ મોહની અસ્તિત્વતા વિકારની ભાસી માટે એ છે માટે અહીં પ્રકાશવું થયું એમ નથી.

**'સ્વયમેવ, વિશ્વને (સમસ્ત વસ્તુઓને) પ્રકાશવામાં ચતુર...'** હું તો સર્વને જાણવામાં ચતુર છું. ચતુર નામ ડાહ્યો છું. બધાને જાણવામાં ડાહ્યો છું. રાગને, મોહને મારું કરવામાં હું ડાહ્યો નથી. સમજાય છે કાંઈ ? અને મોહને કરવા માટેની મારી ચતુરાઈ નથી. એ તો મુર્ખાઈ છે. 'પ્રાણભાઈ' ! ઝીણું બહું પણ, હોં ! ખ્યાલમાં તો આવી શકે એમ એને તો આવે છે કે આ જ્ઞાનસ્વરૂપ જાણક છે એ પર વડે કેમ પરિણમી શકે ? મોહ વડે કેમ થાય ? કેમ ? **'સ્વયમેવ, વિશ્વને (સમસ્ત વસ્તુઓને) પ્રકાશવામાં ચતુર અને વિકાસરૂપ એવી જેની નિરંતર...'** વિકાસ. ચૈતન્યનો જ વિકાસ. જ્ઞાયકભાવસ્વરૂપ પ્રભુ, એની અંતર દૃષ્ટિ થઈ એથી તે **'ચતુર અને વિકાસરૂપ એવી જેની નિરંતર...'** નિરંતર એટલે શાશ્વતી. નિરંતર શબ્દનો એ તો (અર્થ) કર્યો. **'નિરંતર શાશ્વતી પ્રતાપસંપદા છે...'** મારી તો શાશ્વત નિરંતર ચૈતન્ય સંપદા સ્વ-પરને પ્રકાશવામાં ચતુરવાળી મારી સંપદા છે. સ્વ-પરને એકપણે કરે એવી મારી સંપદા નથી. સમજાય છે કાંઈ ?

**'(સમસ્ત વસ્તુઓને) પ્રકાશવામાં...'** જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવામાં. ગમે તેટલી ચીજ હો એને એકરૂપ કર્યા વિના સમસ્તને જાણવામાં ચતુર અને વિકાસરૂપ. ક્ષણે ક્ષણે તેની સંપદા વિકાસરૂપ થતી **'એવી જેની નિરંતર શાશ્વતી પ્રતાપસંપદા છે એવા ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવ વડે,...'** જ્ઞાયકનો સદાય અંદર વિકાસ જ છે. વિકાસ સંકોચ છે કે અધૂરો છે એમ છે નહિ. નિરંતર પ્રતાપસંપદા છે. પ્રતાપસંપદા આવી લ્યો વળી. પાછળ આવે છે ને ? પ્રભુતા.

ભગવાનઆત્મા પોતાની પ્રતાપસંપદા વડે **'એવા ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવ વડે, ભગવાન**

**આત્મા જ જાણે છે...**' ભગવાનઆત્મા જ જાણે છે. ઓલામાં ઉપયોગ કહ્યો હતો પણ એ ઉપયોગ તે આત્મા. '**કે–પરમાર્થે હું એક છું.**' અનેક પ્રકારના મોહના ભાવો એ પણે થવું અશક્ય છે. પણ હું તો મારા જ્ઞાયકભાવની સંપદા વડે એકપણે થવાને માટે સમર્થ છું. એના પણે સમર્થ નથી અને આ પણે સમર્થ છું. એમ અસ્તિ નાસ્તિ કરી. સમજાય છે કાંઈ ? મોહપણે થવાને અશક્ય છું પણ મારી ચૈતન્યસંપદા ચતુર વિકાસથી ચૈતન્યશક્તિ સ્વભાવ વડે ભગવાનઆત્મા અંતરમાં જાણે છે કે પરમાર્થે હું એક છું. વિકારની અનેકતામાં એકપણે જાણનારો હું છું. વિકારની અનેકતાપણે થનારો હું તે નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? આ મૂળ વાત ઝીણી પડે ને એટલે લોકોએ પછી બહાર હલવી લીધું કે કરો ભાઈ વ્યવહાર અને કરો આ દયા, દાન, વ્રત, પૂજા ને ભક્તિ. એ કરતાં કરતાં અપવાસ કરો અને ધર્મ થાશે. એકડા વિનાના મીંડા છે બધા, રણમાં પોક છે. એની પોક કોઈ સાંભળે એવું નથી.

ભગવાનઆત્મા આવો દુર્લભ લાગે, દુર્લભ લાગે એથી અવળે રસ્તે ચડાવી દીધા અને બધાએ માની લીધું. શું ? 'નળીયાજી' ! બાહ્યથી આ જ્યાં દેખે કે આ નાગા થયા કે આ લુગડા છોડી, બાયડી-છોકરી છોડીને બેઠો. ભારે ત્યાગી ! ભાઈ ! સાંભળ તો ખરો. એ ધર્મનો ત્યાગી છે. ધર્મનો એણે ત્યાગ કર્યો છે. ધર્મ કોને કહેવો એની એને ખબર નથી. 'ધરમચંદજી' ! ધર્મનો ત્યાગી. એ 'નિયમસાર'માં આવે છે, હોં ! 'નિયમસાર'માં.

**શ્રોતા** :– અહીંયા એ જ સાંભળતા આવ્યા છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– સાંભળે છે પણ એ પાછા ઘુસી જાય છે. 'નળીયાજી' ! ક્યાં ગયા તમારે ? એ વયા ગયા 'ધન્નાલાલ'. ઓ..હો...!

**'એવી જેની નિરંતર શાશ્વતી પ્રતાપસંપદા...**'થી હું બિરાજમાન છું. '**ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવ વડે, ભગવાન આત્મા...**' એ શક્તિની પ્રગટતા દ્વારા પરમાર્થે હું એક છું એમ જાણે છે. એ ચૈતન્યપ્રકાશ સ્વભાવ ભગવાન, એનું ભાન થયે અનેકપણે મોહ ઉત્પન્ન થાય છતાં તેનું એકપણે પરમાર્થે આત્મા જ્ઞાન કરે એને આત્માનું અસ્તિત્વ ભાનમાં આવ્યું એમ કહેવામાં આવે. કહો, સમજાય છે કે નહિ 'રાજમલજી' ? ઝીણી વાત બહુ. એવી કોઈ દિ' કાંઈ પણ કાને પડે નહિ. હા ને હો ને હરિફાઈ બહારમાં. એમાંથી નવરો થાય નહિ. એમાં નવરો થઈને આવે તો લાકડા બીજા ઊંધા ગરી જાય એને. આ સાંભળવા પૂરતો પણ વખત મળે નહિ. હવે સાંભળ્યા વિના એને વિવેક પણ આવે નહિ.

કહે છે, અહો..! મારી સંપદા ચતુર એવી છે કે મારા ચૈતન્યશક્તિમાત્ર, ચૈતન્યશક્તિમાત્ર. મોહ ક્યાં છે મારામાં. એવા ભાવ '**વડે, ભગવાનઆત્મા જ જાણે છે...**' ભગવાનઆત્મા જાણે છે. સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું ત્યાં પોતે કહે છે કે ભગવાનઆત્મા જાણે છે. આ..હા..હા...! '**કે–પરમાર્થે હું એક છું તેથી, જોકે...**' વચ્ચે ન્યાય આપે છે થોડો. '**સમસ્ત દ્રવ્યોના પરસ્પર સાધારણ અવગાહનું (–એકક્ષેત્રાવગાહનું) નિવારણ કરવું અશક્ય હોવાથી...**' જુઓ ! ખૂબી. એ વિકારી ભાવ

છે ને ? એ પરસ્પર સાધારણ અવગાહ પામ્યા છે. એકપણું પામ્યું નથી. જેમ જ્યાં આત્મા રહ્યો છે ત્યાં શરીર છે. છે ભિન્ને ભિન્ન. એક ક્ષેત્રે છે. આ માટી અને આત્મા ચૈતન્યપ્રભુ બેય એક જગ્યાએ છે, છતાં બે એક નથી. એમ ભાવક મોહકર્મના પાકના કાળમાં જે ભાવ છે તે મારા આત્માના એકક્ષેત્ર અવગાહે એક ક્ષેત્રમાં છે પણ એક ભાવપણે નથી. ભાવપણે નથી, એકક્ષેત્રાવગાહે છે. એક ક્ષેત્રાવગાહે તો આ શરીર છે, રજકણ છે, માટી છે, બળખા છે, લોહી છે, માંસ છે.

એમ ધર્મી પોતાના આત્માને જ્ઞાયકસ્વભાવ વડે જોતો, જાણતો એના એકક્ષેત્રાવગાહમાં રહેલા મોહભાવને અવગાહનને નિવારણ કરવું અશક્ય વાત છે. ઓલું તો એ રૂપે પરિણમવું અશક્ય છે એટલે કે એક ઠેકાણે રહેવું એ અશક્ય નથી. એક ઠેકાણે રહેવું એ અશક્ય નથી. સમજાય છે કાંઈ ? મોહના પાકના વિકારપણે આત્માના સ્વભાવને થવું એ અશક્ય છે પણ એક જગ્યાએ રહેવું તે અશક્ય નથી. ભલે હો, એના ભાવે એ અને મારા ભાવે હું. 'નવનીતભાઈ' ! મોહભાવ પણ એક ક્ષેત્રે લીધો. એક ભાવ નહિ, એક ભાવ નહિ. જ્ઞાયકસ્વભાવનો ભાવ અને મોહનો ભાવ એક ક્ષેત્રે હો, એક જગ્યાએ હો. એક ભાવે નથી, એકરૂપે નથી, એક અસ્તિત્વમાં નથી. બેનું એક અસ્તિત્વ નથી. 'મીઠાલાલજી' ! સમજાય છે કાંઈ ? 'લાલજીભાઈ' ! એવું ઝીણું છે આ, લ્યો ! બહારથી સહુ સમજાવી દે પેલા, હોં ! ફટ દઈને. આ તો ઓલું બાહ્ય એવું લાગે, આપો પચાસ હજાર સિલિંગ. લોકો કહે, આમાં જેટલો ધર્મ થાશે એ બધો તમારે આવશે. 'મીઠાલાલજી' !

**શ્રોતા** :– આવતા જન્મમાં મળશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– આવતા જન્મમાં મળશે. કાંઈ સમજવાનું નહિ. સીધે સીધી વાત, હરખને વેદે.

અહીં તો કહે છે ભગવાન ! તારા અસ્તિત્વની અંદર તારી વિદ્યમાનતામાં, તારી મોજૂદગીમાં વિકારનું રહેવું એક જગ્યાએ ભલે હો પણ એક મોજૂદગીપણે–અસ્તિપણે નથી. આ ભેદજ્ઞાન બતાવે છે. એનાથી ભેદરૂપે તું છો. એનાથી એકરૂપે નથી. '...ચંદજી' ! એ.. વ્યવહાર. અહીં તો કહે છે કે વ્યવહાર એકક્ષેત્રાવગાહે છે પણ એક ભાવરૂપે, એક અસ્તિત્વરૂપે વિદ્યમાનપણે બેનું એકરૂપ કોઈ દિ' થતું નથી. સમજાય છે કાંઈ ? છે ને ? પુસ્તક ભાઈ 'લાલજીભાઈ' ? આ લીટી સૂઝે એવી નથી. ગજના આંકાની સૂઝે એવી નથી. એ અમારે 'પ્રાણભાઈ' કહે છે હર વખતે કે આ ચોખ્ખું થાય છે, પણ ચોખ્ખું પકડવું તો સૌને છે ને.

**'જોકે સમસ્ત દ્રવ્યોના પરસ્પર સાધારણ અવગાહનું (–એકક્ષેત્રાવગાહનું)...'** વ્યાપવાનું. એક ક્ષેત્રે વ્યાપવાનું **'નિવારણ કરવું અશક્ય હોવાથી...'** એક ક્ષેત્રે રહે એનું નિવારણ કોણ કરે ? છ દ્રવ્ય એક ક્ષેત્રે છે. આત્મા પણ છે, ત્યાં બીજા અનંત સૂક્ષ્મ આત્માઓ પણ છે. ધર્માસ્તિ છે, અધર્માસ્તિ છે, આકાશ છે, કાળ અસંખ્ય અણુઓ છે, પરમાણુ તો અનંત છે. કર્મના, શરીરના, વાણીની ધ્વનિ ઊઠે છે આ અવાજ. ધૂડની ઊઠે છે. આ કાંઈ આત્મા નથી. એ તો ધૂડનો, જડનો, રજકણનો અવાજ છે. એવા એક ક્ષેત્રે રજકણો, પરમાણુઓ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ,

પુદ્‌ગલ અને આ વિકારી ભાવ અને હું એને એક જગ્યાએ રહેવાનું ટાળવું મુશ્કેલ છે. એક જગ્યાએ ન રહે એ અશક્યતા છે. સમજાય છે ?

**શ્રોતા :–** પોતાની પર્યાયના ભાવ પણ આવી ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વિકાર છે ને ! અશુભ છે. આસ્રવ છે. ભલે શુભ હો પણ આસ્રવ છે. દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ વૃત્તિ ઊઠે છે પણ એ પણ એક જગ્યાએ અવગાહનરૂપ છે, એક ભાવરૂપે નથી. એ સ્વભાવ નથી, એ સ્વભાવ નથી. એ ચૈતન્યનું પરિણમવું એ વિકારરૂપ ન હોય. વિકારનું પરિણમવું એ ચૈતન્યરૂપ ન હોય, એમ કહે છે. સમજાય છે કાંઈ ? ઓ..હો..! બહુ ઝીણું, ભાઈ ! એને ઓલો વ્યવહાર એવો ગળે વળગે છે ને.

જેને ભગવાને વ્યવહાર કહ્યો, મહાવ્રત ને અણુવ્રત ને ફલાણું. એ બધો કહે છે કે એ હું છું ત્યાં ભલે હો. એ તો એક ક્ષેત્રે વ્યાપવું છે. પણ એક અસ્તિત્વમાં બે છે–વ્યવહારનો ભાવ અને મારા આત્માનો ભાવ એક હયાતીમાં છે, એમ નથી. એક હયાતી થવી જ અશક્ય છે. પણ એક ઠેકાણે રહેવું એ અશક્ય નથી. હો. સમજાય છે કાંઈ ? '**પરસ્પર...**' પરસ્પર, હોં ! આત્મા જ્ઞાયકસ્વભાવવાળો અને વિકાર મલિન ભાવવાળો, એ પરસ્પર જ્ઞાયકભાવ ત્યાં મલિનભાવ અને મલિનભાવ ત્યાં જ્ઞાયકભાવ એક ક્ષેત્રમાં વ્યાપવાપણે નિવારણ કરવું અશક્ય છે.

એને કારણે '**મારો આત્મા ને જડ,...**' મારો આત્મા અને જડ. જ્ઞાયકભાવ સ્વભાવરૂપ આત્મા અને મોહભાવરૂપ જડ, મોહભાવરૂપ જડ. '**શિખંડની જેમ,...**' શિખંડની જેમ. '**એક મેક થઈ રહ્યાં છે...**' હવે શિખંડનો દાખલો આપ્યો. ખટાશ અને મિઠાશ એક જગ્યાએ રહે છે. શીખંડની દહીંની ખટાશ અને સાકરની મીઠાશ એક જગ્યાએ રહે છતાં એક ભાવરૂપે નથી. બરાબર છે ? 'નવનીતભાઈ' ! શિખંડ. શિખંડ એક જગ્યાએ રહે. ભેગો લોચો ઉપાડે આમ. બેય રસ એક રસ નથી, બેયના જુદા જુદા રસ છે. ખાટો તે મીઠો નથી અને મીઠો તે ખાટો નથી. એમ આત્મા અને જડ, આત્મા તે મીઠો આનંદસ્વરૂપ છે અને એ વિકાર જડ તે ખટાશરૂપ છે. સમજાય છે કાંઈ ?

ભગવાનઆત્મા ચૈતન્યપ્રભુ એ વિકારના ભાવથી ભિન્ન એવી ચૈતન્યની મોજૂદગીમાંથી આનંદનો અનાકુળ સ્વાદ અને પર પ્રત્યેના મોહના વિકારનો ખાટો સ્વાદ શિખંડની પેઠે બે સ્વાદ તદ્દન ભિન્ન છે. સમજાય છે કાંઈ ? આ જીવ-અજીવની વ્યાખ્યા ચાલે છે. જીવ-અજીવ.. શું કહેવાય છે એ ? વિચાર, કાંઈક આવે છે શ્વેતાંબરમાં. જીવવિચાર. જીવવિચાર અને અજીવવિચાર 'હરિભાઈ' બહુ કહેતા. 'ભાયાણી'. જીવવિચાર શીખી ગયા, અજીવવિચાર શીખી ગયા. જીવવિચાર અને અજીવવિચાર. અરે..! જીવવિચાર કોને કહેવો ? ભાઈ ! તારો જીવ.. અહીં જીવ માથે મૂક્યું છે જુઓને. તે દિ' જીવ મૂક્યું હતું. આત્મા અને જીવ બેય એક જ છે. પણ કોઈ કહે કે વળી આત્મા બીજો નિર્લેપ જુદો હશે અને જીવ વળી મેલમાં આવી જતો હશે એ જીવ હશે. એમ નથી. એને ને એને જીવ કહીએ અને એને ને એને આત્મા કહીએ. ચૈતન્ય જ્ઞાનાનંદ ભાવપ્રાણથી જીવે માટે જીવ કહેવાય.

એને ને એને 'અતતી ગચ્છતી ઇતિ આત્મા.' પોતાના ભાવપ્રાણ જ્ઞાન, દર્શન અને આનંદ એ પણે પરિણમે અને રહે એને આત્મા કહેવામાં આવે છે. મોહપણે પરિણમે તેને આત્મા કહેવામાં આવતો નથી. કહો, સમજાય છે કાંઈ ? આહા..હા..!

આસ્રવ જીવ છે કે અજીવ ? હવે મોટો પંથ કાઢીને બેઠા છે, લ્યો ! તેરાપંથી, તેરાપંથી. એના 'તુલસી' છે ને મોટા આચાર્ય. 'આચાર્ય તુલસી'. ભાઈ ! ત્યાં 'મુંબઈ'માં આવ્યા હતા. એ પ્રશ્ન થયો. એ કહ્યું હતું ને ઓલા શેઠિયા છે ને ? 'દિપચંદજી શેઠિયા' સાંઈઠ લાખ. સરદાર શહેર. બહુ હોંશિયાર. તો એને પ્રશ્ન કર્યો. હજારો માણસ આવ્યું હતું. ત્યાં 'સરદારશહેર'માં તેરાપંથીના બારસો-તેરસો ઘર છે. આ ત્રણ-ચાર ઘરમાં એક જ ઘર દિગંબર. હજારો માણસોના પ્રશ્ન. ચાર દિવસ ત્રણસો પ્રશ્ન ચાલ્યા એની સાથે. ઘણા શાંત માણસ. બહુ શાંતિથી બોલે. ફેર પડે છે કે આસ્રવ જીવ છે કે અજીવ ? તો કહે. જીવ. એ લોકોની માન્યતા છે ને. જીવ. બીજો પ્રશ્ન કર્યો કે જીવ છે તો આસ્રવ જીવ સાથે અભેદ છે કે ભેદ ? શેઠિયાએ પ્રશ્ન કર્યો. કારણ કે કોઈ દિ' સાંભળ્યું ન હોય. હવે એ મોટા તુલસી આચાર્ય. ભેદ છે કે અભેદ ? જો આસ્રવ જીવ છે તો ભેદ છે કે અભેદ ? જો અભેદ કહે તો સિદ્ધમાં નથી અને ભેદ કહે તો એની માન્યતા નથી. સમજાણું કાંઈ ? અભેદ કહે તો સિદ્ધમાં પુણ્ય-પાપના મલિન પરિણામ રહેવા જોઈએ. ભેદ કહે તો કહે એ તો જીવ પરિણામ છે, એ તો જીવ પરિણામ છે, એ તો જીવ પરિણામ છે. જીવ પરિણામને આત્માથી ભિન્ન કેમ કહેવાય ? આત્માની પર્યાયને આત્માથી ભિન્ન કેમ કહેવાય ? પોતાનો દીકરો હોય એને કેમ કહે કે આ કો'કનો છે ? ઇ વાત છે. એણે માન્યો છે કે આ મારો દીકરો છે. એમ પુણ્ય અને પાપના વિકલ્પો એ ચૈતન્યની પ્રજા છે જ નહિ. એ જડની પ્રજા છે, આત્માથી ભિન્ન છે. એ તો પર્યાયદૃષ્ટિમાં એના અસ્તિત્વમાં થાય છે એટલી વાત. પણ ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિમાં એના અસ્તિત્વમાં એ ચીજ જ નથી. એના અસ્તિત્વમાં ચીજ હોય તો કોઈ દિ' આનંદની પ્રાપ્તિ થાય નહિ. સમજાય છે કાંઈ ?

**'મારો આત્મા ને જડ, શિખંડની જેમ, એકમેક થઈ રહ્યાં છે...'** ક્ષેત્રપણે, હોં ! જગ્યાએ એકમેક થઈ રહ્યા છે. **'તોપણ, શિખંડની માફક, સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે,...'** શિખંડની માફક શિખંડ ખાનારને બે સ્વાદ ભિન્ન દેખાય છે. એક મીઠો સ્વાદ, એક ખાટો સ્વાદ. એમ ધર્મીજીવને ભેદજ્ઞાન થયે, અનુભૂતિ થયે આત્માના જ્ઞાનસ્વભાવનો સ્વાદ અને મોહનો સ્વાદ બે ભિન્ન ભાસે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? દયા, દાન પર તરફનો મોહ જે થયો એ આકુળતાનો સ્વાદ છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઊઠે તે આકુળતાનો સ્વાદ છે. આહા..હા..! ચૈતન્યતત્ત્વના અસ્તિત્વમાં એ નહિ. એ પર્યાયમાં માન્યું છે એ પર્યાયબુદ્ધિ, મિથ્યાબુદ્ધિ છે. સમજાય છે કાંઈ ?

ભગવાનઆત્મા **'સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે,...'** ભગવાન જ્ઞાયકસ્વભાવ શાંતરસથી ભરેલો. એનું પરિણમવું, એનું શાંત રસે પરિણમવું હોય છે. અનાકુળપણે પરિણમવું અવસ્થાનું હોય છે. એને આત્મા કહેવામાં આવે છે. અને વિકારનું પરિણમવું તે આકુળતા છે. બેનો સ્વાદ ભેદ

છે. જેને લોકો ધર્મ કહે. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ વગેરે મોહભાવ છે, એ મોહભાવ છે. આહા..હા..! એ મોહ કેમ કહે ? છૂટે કેમ ? એને ગળે ઉતરે (નહીં). હા પાડતા બળખો કાઢવો મુશ્કેલ પડે છે એને. આ..હા...! અરે..! પ્રભુ ! પણ એક ચૈતન્યબિંબ સંપદા જ્ઞાયકસ્વભાવથી ભરી છે. એના અંશમાં વળી આ વિકારનો અંશ ક્યાંથી આવે ? એના અંશમાં એની જાતનો અંશ આવે. દ્રવ્ય જ્ઞાયકભાવ, સ્વભાવવાન, ગુણસ્વભાવ એનો જ્ઞાયકભાવ, પર્યાય જાણવા-દેખવા ને આનંદના પરિણમનરૂપ અસ્તિત્વ એ ત્રણ થઈને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? 'બાબુભાઈ' ! ઓ..હો..!

જુઓને 'અમૃતચંદ્રાચાર્યે' ટીકા કરી ને ! દિગંબર સંત મુનિ ભાવલિંગી જંગલમાં વસતા હતા. સિદ્ધ સાથે ભેટા કરીને વાતું કરે છે ! ચારિત્રવંત છે ને ! આહા..હા..! અંદરથી આનંદના શેરડા ઊછળે છે. ચારિત્ર-ચારિત્ર ત્રણ કષાય... અરે..! કોને ચારિત્ર કહેવું ? કોને સાધુપણું કહેવું ખબર ન મળે. પોતાને ત્યાગ ન થાય ને (એટલે એને એમ લાગે) આહા..હા..! બહુ ત્યાગ કર્યો. ધન્ય ધન્ય મહારાજ. અહીં કહે છે કે બાપુ ? તને હજી આત્માની ખબર નથી, તો સામાનો આત્મા સાધુપદવાળો કેવો હોય અને વિકારના એકત્વ માનનાર કેવા હોય એની તને પરીક્ષા કઈ રીતે થાય ?

અહીં તો આચાર્ય મહારાજ કહે છે કે એ સ્પષ્ટ અનુભવમાં જેમ શિખંડનો સ્વાદ પ્રત્યક્ષ ભિન્ન ભાસે છે, એમ ભગવાનઆત્મા પોતાનો નિજ સ્વભાવનો શાંતરસ અને મોહભાવ પર તરફનો, અસ્થિરતાનો, રાગ-દ્વેષાદિનો ભાવ એ પુણ્ય-પાપનો ભાવ એ શુભ લાગણી. આ વ્રતની લાગણી, દયાની લાગણી, ભક્તિની લાગણી, પુણ્યની લાગણી–એ બેનો સ્વાદ તો સ્પષ્ટ, બેનો સ્વાદ તો સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના જુદાઈને લઈને '**હું મોહ પ્રતિ નિર્મમ જ છું;...**' કેમ ? કે આ કારણે હું આમ છું. સમજાય છે કાંઈ ?

ભગવાનઆત્મા ચૈતન્યના સ્વભાવની ગાંગડી. એમાંથી તો રસ.. ગોળનો રવો હોય એમાંથી ઝરે ગોળ કે એમાંથી ઝરે કાળી જીરીનો રસ ? આ રવા નથી આવતા 'કોલ્હાપુર'ના ? 'કોલ્હાપુર'ને ? શું કહેવાય એ ? 'કોલ્હાપુર'નો ધોળો ગોળ મીઠો. તડકો લાગે તો એમાંથી ગોળનો રસ ઝરે કે એમાંથી કાળી જીરી ઝરતી હશે ? એમ ભગવાનઆત્મા આનંદપ્રભુ અનાકુળ રસસ્વરૂપ આત્મા અને આકુળરૂપ જે મોહ, આ બેના સ્વાદના ભેદને લઈને હું એ મોહ પ્રત્યે નિર્મમ જ છું. એ ખટાશ અને મીઠાશ બે એક જગ્યાએ રહ્યા છતાં મીઠાશના સ્વાદને લઈને ખટાશનો સ્વાદ જુદો છે. જેમ શિખંડનું ભાન થાય, એમ આત્માના જ્ઞાનનો સ્વાદ અને એ મોહ-રાગ-દ્વેષનો સ્વાદ તદ્દન ભિન્ન છે, માટે હું એ મોહ પ્રત્યે નિર્મમ જ છું. સમજાય છે કાંઈ ? આમ નિર્મમત્વ છું, નિર્મમત્વ છું (કહે) એમ નહિ. અમારે કાંઈ મમતા નથી. અરે..! બાપુ ! એમ નથી, ભાઈ ! અંદરના વિકારની લાગણીનું અસ્તિત્વ એમાં ચૈતન્યના અખંડ પૂર્ણ સ્વભાવના અસ્તિત્વમાં એકતા માને એને પૂર્ણ મોહ પ્રત્યે મમતા છે. સમજાય છે કાંઈ ?

કહે છે કે આવા સ્વાદના ભેદને કારણે એ મોહ એક જગ્યાએ દેખાય છતાં એક ભાવે નથી માટે તેના પ્રત્યે હું નિર્મોહ છું, નિર્મમત્વ જ છું. સમજાય છે કે નહિ આમાં ? ભારે ગાથા ઝીણી આવી આજ વળી. વળી આ પાછું ગુજરાતી આવ્યું એટલે હળવે હળવે ચાલે એમાં. હિન્દીમાં બહુ ટૂંકુ થાતું હતું. સમજાય છે કાંઈ ?

**'કારણ કે સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી સમય (આત્મપદાર્થ અથવા દરેક પદાર્થ) એવો ને એવો જ સ્થિત રહે છે.'** ભગવાનઆત્મા સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી પોતાના જ્ઞાનસ્વભાવ... જ્ઞાનસ્વભાવ... જ્ઞાનસ્વભાવ. મોહ અને દયા, દાનના વિકલ્પથી ભિન્ન એકપણામાં આત્મા પ્રાપ્ત થાય છે. એ આત્મા એકપણામાં પ્રાપ્ત થાય છે. એ અનેકપણાને પ્રાપ્ત થતો નથી. **'સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી...'** સમય નામ આત્મપદાર્થ. દરેક પદાર્થ લીધો પણ અહીં આત્મપદાર્થની અત્યારે વ્યાખ્યા ચાલે છે. **'એવો ને એવો જ સ્થિત રહે છે.'** વિકારની, મોહની ગંધ જેને અડતી નથી. ભગવાનઆત્મા પરથી ભિન્ન ભાનમાં આત્માના અસ્તિત્વમાં એને આત્મા કહીએ કે જે આત્મા મોહને છૂતો નથી. દયા, દાનના વિકલ્પના રાગને અડતો નથી. એના સ્વાદ અને ચૈતન્યના સ્વાદના બેના ભિન્ન ભાસમાં એ પરથી નિર્મમત્વ છે. વ્યવહારનો ભાગ આવ્યો એનાથી નિર્મમત્વ છે. બહુ ઝીણું, ભાઈ ! 'ધરમચંદભાઈ' ! સમજાય છે કાંઈ ? 'મુંબઈ'માં આવું નાખે તો બહુ ઝીણું પડે, હોં ! પછી દાખલા ને દલીલ એમ કરીને નાખે. પછી .. થઈ જાય ત્યાં. ત્યાં તો જાડુ આવે ને. આવી એકલી માંડે એકલી અહીં તો પીંજણ ચૈતન્યની છે.

ભગવાન ચૈતન્યજ્યોત પ્રભુ જ્ઞાયકસ્વભાવની શક્તિનું સત્ત્વ તે આત્મા, એના ભાનમાં એને આત્મા કહીએ કે જે આત્મા વિકારના ભાવને છૂએ નહિ, પ્રાપ્ત થાય નહિ અને પોતે પોતાના એકપણાના જ્ઞાયકભાવને પ્રાપ્ત થાય એને આત્મા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ ? **'એવો ને એવો જ સ્થિત રહે છે.'** એવો ને એવો એટલે નિશ્ચયની પર્યાયમાં અભેદ થયો થકો વ્યવહારની પર્યાયથી એકપણે પામતો નથી, સમજાણું કાંઈ ?

**'(દહીં ને ખાંડ મેળવવાથી શિખંડ થાય છે તેમાં દહીં ને ખાંડ એક જેવાં માલૂમ પડે છે તોપણ પ્રગટરૂપ ખાટા-મીઠા સ્વાદના ભેદથી જુદાં જુદાં જણાય છે;....'** બેય જુદે જુદા છે. બેય એક છે નહિ. **'તેવી રીતે દ્રવ્યોના લક્ષણભેદથી...'** એ દ્રવ્યનું લક્ષણભેદ થયું. એ આસ્રવ પરદ્રવ્ય થઈ ગયો. **'જડ-ચેતનના જુદા જુદા સ્વાદને લીધે જણાય છે કે મોહકર્મના ઉદયનો સ્વાદ રાગાદિક છે...'** મોહ કર્મનો સવાદ તો રાગ-દ્વેષ ને પુણ્ય-પાપ છે, એ મારો સ્વાદ નથી, મારી ચીજના અસ્તિત્વમાં એ નથી. **'તે ચૈતન્યના નિજસ્વભાવના સ્વાદથી જુદો જ છે. આ રીતે ભાવકભાવ જે મોહનો ઉદય તેનાથી ભેદજ્ઞાન થયું.'** આ રીતે, ભાવકભાવ જે મોહભાવ રાગ, દ્વેષ, દયા, દાન. એ મોહનો જે ઉદય એ મોહનો પાક છે. તેનાથી ભગવાનઆત્માનું ભેદજ્ઞાન થયું. આનું નામ આત્મા કહેવામાં આવે છે. વિશેખ કહેશું... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**શ્રી કળશટીકા, કળશ–૨૪૮, પ્રવચન નં. ૨૪૧**
**તા. ૬-૧૨-૧૯૬૫**
**[૧૯]**

આ 'કળશ-ટીકા', 'સ્યાદ્વાદ અધિકાર'. એમાં 'સ્યાદ્વાદ અધિકાર'માં બીજો કળશ છે. અહીંયાં સુધી આવ્યું, જુઓ! ૨૧૮ પાને નીચે આવ્યું. **'સર્વથા વસ્તુરૂપ માને છે...'** નીચેથી ચોથી લીટી. વસ્તુને સર્વથા વસ્તુરૂપ--દ્રવ્યરૂપ માને છે અથવા સર્વથા પર્યાય(રૂપ) માને છે **'તે જીવો એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ કહેવાય છે;...'** સમજાણું કાંઈ ? પદાર્થ છે એ પરના સંબંધ વિના દ્રવ્ય-પર્યાય સ્વરૂપ છે. પોતાનો સ્વભાવ દ્રવ્ય એટલે કાયમ ધ્રુવરૂપ રહેવું, પર્યાય એટલે એનું પરિણમન. એ વસ્તુનું દ્રવ્ય-પર્યાયરૂપ (સ્વરૂપ છે). એમાં સર્વથા દ્રવ્યરૂપ માને તો એકાંત મિથ્યાત્વ છે. સર્વથા એક અવસ્થારૂપે જ માને તોપણ એકાંત મિથ્યાત્વ છે.

**'કારણ કે વસ્તુમાત્ર માન્યા વિના...'** વસ્તુ વસ્તુ સ્વરૂપ છે. દ્રવ્ય તરીકે ત્રિકાળ ધ્રુવ (છે) એને માન્યા વિના **'પર્યાયમાત્ર માનતાં પર્યાયમાત્ર પણ સધાતી નથી;...'** સમજાણું આમાં ? 'ભીખાભાઈ'! વસ્તુમાત્રને માન્યા વિના પર્યાય એક અંશ માત્રની અવસ્થામાત્ર માનવાથી પર્યાયમાત્ર પણ સધાતી નથી. એ પર્યાય સિદ્ધ નહિ થાય. વસ્તુ આખી છે એને માન્યા વિના એકલો પર્યાય માનવા જાવ તો એ પર્યાય સિદ્ધ નહિ થાય. કોની પર્યાય ? કોનો અંશ ? વસ્તુને સિદ્ધ કર્યા વિના અંશ જે પર્યાય એ સાબિત નહિ થાય. સમજાણું કાંઈ ? એ પર્યાય કો'કને લઈને નહિ, એને પોતાને લઈને (છે). **'ત્યાં અનેક પ્રકારે સાધન-બાધન છે,...'** યુક્તિઓ સિદ્ધ કરવા માટે (પણ છે) અને વિરોધની યુક્તિઓ પણ છે. **'અવસર પ્રાપ્ત થયે કહીશું;...'** એટલી વાત સંકેલી લીધી.

**'અથવા પર્યાયરૂપ માન્યા વિના વસ્તુમાત્ર માનતાં...'** અવસ્થા ન માને ને એકલી વસ્તુ જ માને (ત્યાં) **'વસ્તુમાત્ર પણ સધાતી નથી;...'** અંશ વિના, અંશી ત્રિકાળ કોણ છે એ પણ સિદ્ધ થઈ શકે નહિ, સાબિત નહિ થઈ શકે. **'ત્યાં પણ અનેક યુક્તિઓ છે, અવસર પ્રાપ્ત થયે કહીશું.'** એટલું ત્યાં કહ્યું.

**'તે બાબતમાં કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ જ્ઞાનને પર્યાયરૂપ માને છે,...'** હવે અહીંથી વાત લેવી છે. 'જ્ઞાન' શબ્દે આત્મા જ્ઞાનસ્વરૂપ ધ્રુવ જ્ઞાન ત્રિકાળ. એ જ્ઞાનને પર્યાયરૂપ માને, અવસ્થારૂપ માને, **'વસ્તુરૂપ માનતો નથી;...'** વસ્તુ ધ્રુવ છે. ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ આત્મા સ્વજ્ઞાનરૂપ ત્રિકાળ છે એને

ન માને. **'એવું માનતો થકો જ્ઞાનને જ્ઞેયના સહારાનું માને છે.'** જ્ઞાનને જ્ઞેયનું અવલંબન નિમિત્ત છે એથી એના સહારાનું, એના અવલંબનનું જ એકલું જ્ઞાન છે એમ માને છે. જ્ઞાનની પર્યાય પરની અપેક્ષા રાખે છે કે જેવું પર છે એવું અહીં જાણવાની પર્યાય પરિણમે છે. એવું પરિણમવામાં પરની અપેક્ષા છે એટલું ન માનતા એ પરના સહારાનું જ જ્ઞાન માને છે. એ પર્યાય પરથી થઈ છે એમ માને છે.

'परेणजायते पर्यायः' એક શબ્દ આવ્યો હતો. ખબર છે ? કહો, સમજાણું ? જ્યારે અહીં બહુ સિદ્ધ કરવા માંડ્યું કે પર્યાય પર્યાયથી છે, પર્યાય પરથી નથી. સામે એવી પણ દલીલ આવી કે 'परेणजायते पर्यायः' પંડિતો તરફથી, હોં! પરથી થાય તે પર્યાય–એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ?

**'એવું માનતો થકો જ્ઞાનને જ્ઞેયના સહારાનું માને છે.'** ભગવાનઆત્માની વર્તમાન એક સમયની પર્યાય, જેને જ્ઞેયભેદે, જ્ઞેયના ભેદે, જ્ઞેયના પ્રકારે જ્ઞાનનું પરિણમવું પર્યાયમાં પોતામાં પોતાથી થાય છે. સમજાણું કાંઈ ? વસ્તુમાં એમ નથી, વસ્તુ તો એકરૂપ ધ્રુવ છે. જ્ઞેય એટલે જણાવા યોગ્ય વસ્તુના ભેદે, પ્રકારે, અનેકતાએ જ્ઞાનનો પર્યાય તે રૂપે, જ્ઞેયભેદે ભેદરૂપે પરિણમે એટલી એની મર્યાદા છે. અહીં તો કહે છે કે એ જ્ઞાનની પર્યાય પરને સહારે ને એવું જ જ્ઞાન અહીં થાય છે માટે એ પર્યાય જ એની છે. એમાં જ હું (પરમાં) ચાલ્યો ગયો છું, એ રૂપે જ હું છું. સમજાણું કાંઈ ? પોતાનો પર્યાય પરમાં અર્પી દીધો. પોતે તત્‌રૂપે ન રહ્યો. એ અહીં પ્રશ્ન છે ને ? અતત્ છે, પરથી અતત્ છે. એને ઠેકાણે હું પરથી જ તત્ છું. પરથી જ તત્ છું, મારો પર્યાય પરથી જ તત્ છે એમ (માને છે). કર્મ છે તો વિકારની પર્યાય થાય છે ને ? પરથી તત્ છે ને પર્યાય ? શું વિકાર પર્યાય કાંઈ પોતાના દ્રવ્યમાંથી આવે છે ? વિકારી પર્યાય વિકાર છે એ કાંઈ દ્રવ્યમાંથી આવે છે ? વિકાર કર્મના નિમિત્તમાં પરિણમે છે એથી તે રૂપે પર્યાય છે–એમ માનનારા પર્યાયને વાસ્તવિકપણે માનતા નથી. મારો પર્યાય ભિન્ન છે એને એ માનતા નથી. સમજાણું ?

**'તેના પ્રતિ સમાધાન આમ છે કે આ પ્રમાણે તો એકાન્તરૂપે જ્ઞાન સધાતું નથી,...'** એ જ્ઞાન સાધી શકાશે નહિ, જ્ઞાનનું હોવાપણું સિદ્ધ થઈ શકશે નહિ. **'તેથી જ્ઞાન પોતાના સહારાનું છે; એમ કહે છે :–'** એ રીતે જ્ઞાન પોતાના સહારાનું, પોતાના અવલંબનનું, પોતાના આશ્રયનું છે એ વાત સિદ્ધ કરે છે. અહીં સુધી તો બધી વાત અમુક લીધી. હવે શ્લોકનો શબ્દ શરૂ થાય છે. અહીં સુધી તો આખી ન્યાયની વાત સિદ્ધ કરી.

હવે (કહે છે), **'पशोः ज्ञानं सीदति'** અહીંથી વાત ઉપાડી, લ્યો! પછી **'बाह्यार्थेः'** પછી નાખશે. **'पशोः ज्ञानं सीदति'**. **'पशोः'** પશુ, સંસ્કૃતમાં પશુનો અર્થ કર્યો છે. **'पश्यते, बध्यते कर्मे इति पशुः'** અજ્ઞાની. **'पशुः पश्यते, बध्यते इति अज्ञानी'** અજ્ઞાની કર્મથી બંધાય છે કેમકે એનો પર્યાય, ભેદ વડે, અનેક ભેદો વડે જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમતા એ જ્ઞાનનો પર્યાય જાણે પરમાં ચાલ્યો ગયો

એમ માનનાર અજ્ઞાની નવા અજ્ઞાન આદિ કર્મથી બંધાય છે માટે તેને પશુ કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ ?

**'पशोः ज्ञानं सीदति'** ('पशोः') **'એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જેવું માને છે કે જ્ઞાન પરજ્ઞેયના સહારાનું છે,...'** પહેલેથી સિદ્ધ કરી ગયા હતા ઓલામાં. સમજાણું ? કે જ્ઞાન પછી **'પર્યાયરૂપ કહેતાં સ્વજ્ઞેય અથવા પરજ્ઞેયને જાણતું થકું...'** પહેલેથી આઠમી લીટી છે ને ? જ્ઞાન પર્યાયરૂપ કહેતા સ્વજ્ઞેયને જાણે અને પરજ્ઞેયને જાણે છે. સમજાણું કાંઈ ? જ્ઞેય આખી ચીજ સ્વવસ્તુ અને પરવસ્તુ. એનો વર્તમાન પોતાનો એક સમયનો પર્યાય એ સ્વજ્ઞેયને ને પરજ્ઞેયને જાણવારૂપે પર્યાય એક સમયની પરિણમે. સમજાણું કાંઈ ?

(આ) 'સ્યાદ્વાદ અધિકાર' છે, ઝીણો છે. એક સમયનો પર્યાય સ્વજ્ઞેય આખું એને જાણવારૂપે પરિણમે અને પરજ્ઞેય આખું એને જાણવારૂપે પરિણમે એક સમયનો પર્યાય, (એ- રીતે પરિણમે) છતાં એ પર્યાય દ્રવ્યરૂપ ન થાય તેમ પરદ્રવ્યરૂપે ન થાય. સ્વદ્રવ્યરૂપે પણ ન થાય અને પરદ્રવ્યરૂપે પણ ન થાય. સમજાય છે કાંઈ ? એ પહેલું કહી ગયા હતા. જુઓ! કહ્યું ને ? **'પર્યાયરૂપ કહેતાં સ્વજ્ઞેય અથવા પરજ્ઞેયને જાણતું થકું જ્ઞેયની આકૃતિ-પ્રતિબિંબરૂપ પરિણમે છે જે જ્ઞાન.'** એ પર્યાય છે. દ્રવ્યનો જ્ઞાન પર્યાય, જ્ઞાન ગુણ ત્રિકાળ, એનો એક સમયનો પર્યાય સ્વજ્ઞેય આખા રૂપને જાણવારૂપે પરિણમે, પરજ્ઞેય આખાને જાણવારૂપે પરિણમે ખરો. એનું જેવું સ્વરૂપ સ્વજ્ઞેયનું ને પરનું એમ જાણવાપણે પર્યાય પરિણમે ખરી. એ રીતે પર્યાયરૂપ કહેતાં સ્વજ્ઞેય, પરજ્ઞેયને જાણતા જ્ઞાન પરિણમે એટલું કહેવામાં આવે. **'તેથી જ્ઞાનને પર્યાયરૂપથી કહેતાં જ્ઞાન જ્ઞેયના સહારાનું છે;...'** એમ કહેવામાં આવે છે એમ પહેલાંમાં કહ્યું હતું. એ વાત તો સાચી છે.

અહીં પાછું કહે છે, અજ્ઞાની **'पशोः सीदति'** પશુ. જ્ઞાન પરજ્ઞેયના સહારાનું છે એટલું એણે રાખ્યું. સમજાણું કાંઈ ? નહિતર જ્ઞાનનો એક સમયનો પર્યાય સ્વજ્ઞેય ને પરજ્ઞેયને જાણવારૂપે પરિણમે એ અપેક્ષાએ, જ્ઞેયનું આલંબન છે એ અપેક્ષાએ પરના સહારાનું છે એમ કહેવામાં આવે છે. એ તો વ્યાજબી છે કહે છે. એ તો પર્યાયનું એમ કહેવું-જાણવું વ્યાજબી છે પણ એ પર્યાયમાં સ્વજ્ઞેય આખો પડ્યો રહ્યો. પર્યાયમાત્ર માને છે એમ લેવું છે ને અહીંયાં ? **'જ્ઞાનને પર્યાયરૂપ માને છે,...'** ત્રીજી લીટી. ૨૧૯ (પાને). જ્ઞાનને એકલું પર્યાયરૂપ માને છે. એ પર્યાય પણ કેવો ?–કે જ્ઞાન પરજ્ઞેયના સહારાનું છે એમ માને છે. સમજાણું કાંઈ ? સ્વજ્ઞેય પડ્યો રહ્યો. કારણ કે સ્વદ્રવ્યને તો માનતો નથી, પર્યાયને માને છે. હવે એ પર્યાયમાં પણ પરના સહારાથી પર્યાયને માને છે. એટલે એની પર્યાય પણ પરમાં ડૂબી ગઈ. સમજાણું કાંઈ ?

જ્ઞાન પરજ્ઞેયના સહારાનું છે એમ સાચી વાતમાં સ્વજ્ઞેય–પરજ્ઞેયનું જ્ઞાન હતું. સમજાણું કાંઈ ? જ્ઞાનનો એક સમયનો પર્યાય એ પર્યાય કહેવાથી એ સ્વજ્ઞેય આખું અને પરજ્ઞેય એને જાણવારૂપે પર્યાય પરિણમે એવી અપેક્ષાએ જ્ઞાનનો પર્યાય જ્ઞેય–પર સહારાના આલંબનવાળો છે એમ કહેવાય.

એ વાત એ રીતે તો વ્યાજબી છે કહે છે. પણ એ જ્ઞાનના પર્યાયને એકલા પરજ્ઞેયના સહારામાં માનવો અને પરજ્ઞેય છે તો જ્ઞાન પર્યાય થઈ છે એમ માનવું એ એકાંત મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? નવરા હોય ઇ આવી વાતું સમજે, નહિ ? એ કરતા પૂજા, ભક્તિ, વ્રત કરે એ કેવું ? સાવ સહેલું. પૂજા, ભક્તિ, દાન કરે એને રોટલા ઓછા કરવા ને ખાવું.... જાઓ! આહા..હા..!

અહીં તો કહે છે કે વસ્તુ આમ-આમ નજરમાં એને દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... એકરૂપ અને એક સમયનો પર્યાય એ વસ્તુનું સ્વરૂપ (છે). દ્રવ્ય છે એ તો નિર્વિકલ્પ અભેદ એકરૂપ વસ્તુ. પર્યાય જે છે એક સમયનો, એક સમયનો પર્યાય એ પર્યાય તરીકે કેમ કહ્યો ?–કે એ પર્યાય સ્વજ્ઞેય ને પરજ્ઞેયનું જે સ્વરૂપ છે એવો એ જ્ઞાનનો પર્યાય પરિણમે છે. પરિણમે છે એટલે એને જ્ઞેયના સહારાનો (કહેવામાં આવ્યો). જ્ઞાન પર્યાય છે એ અપેક્ષાએ જ્ઞેય થયું ને પર ? એ અપેક્ષાએ જ્ઞેયના સહારાનો પર્યાય કહેવાય. એ તો વસ્તુની સ્થિતિ છે; પણ એ ભગવાન જ્ઞાન વસ્તુ જે ત્રિકાળ છે એનો એક સમયનો પર્યાય જ માનવો, વસ્તુને ન માનવી અને એક સમયનો પર્યાય પણ પરજ્ઞેયના સહારાનો છે એટલું ફેરવ્યું. સમજાણું કાંઈ ? એ પર્યાય ફક્ત પરજ્ઞેય છે તો થાય છે. આમ નીચે દાખલો આપશે. ઘટ છે તો ઘટજ્ઞાન થાય છે, પટ છે તો પટજ્ઞાન થાય છે, (એવું) પ્રત્યક્ષ છે. પણ ઓલું જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ છે તો જ્ઞાનરૂપે પર્યાય પરિણમે છે ત્યારે ઓલું ઘટરૂપે જ્ઞાન થયું એને ઘટરૂપે જ્ઞાન કહેવાય, વ્યવહારે કહેવાય છે. સમજાણું કાંઈ ? 'સ્યાદ્વાદ અધિકાર'માં જૈનદર્શન સિવાય આવી વાત ક્યાંય હોતી નથી. એટલે આ વાત સિદ્ધ કરવા માગે છે. સમજાણું ?

**'જ્ઞાન પરજ્ઞેયના સહારાનું છે, ત્યાં એવું માનતાં...'** આ બાજુ આપણે ચાલે છે ત્યાં, **'જ્ઞાન અર્થાત્ શુદ્ધ જીવની સત્તા નષ્ટ થાય છે...'** **'સીદતિ'** છેદાય છે. શું કહે છે ? ભગવાનઆત્મા જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય. અહીં 'જ્ઞાન' શબ્દે જ્ઞાનપ્રધાન વાત છે. આત્મા ભલે લ્યો પણ જ્ઞાનપ્રધાન વાત છે. એ જ્ઞાન કાયમનું જે ધ્રુવ, દ્રવ્ય એટલે ધ્રુવ, એ ધ્રુવ વસ્તુ જ્ઞાન અને એક સમયનો પર્યાય. એ એક સમયનો પર્યાય પર્યાયમાત્રથી જો માનવો હોય તો એ પર્યાય એવી રીતે મનાય કે જ્ઞેય સ્વજ્ઞેય ને પરના સહારાનો પર્યાય માનવો એ તો અપેક્ષાએ પરના અવલંબનવાળી પર્યાય કહેવાણી, પણ એકલો જ પર્યાય માનવો અને દ્રવ્ય એટલે ધ્રુવ જ્ઞાન ન માનવું અને એ પર્યાયને એકલા પરજ્ઞેયના સહારાનું માનવું (એમાં જીવની સત્તા નષ્ટ થાય છે). સમજાણું કાંઈ ?

**'જ્ઞાન અર્થાત્ શુદ્ધ જીવની સત્તા નષ્ટ થાય છે અર્થાત્ અસ્તિત્વપણું વસ્તુરૂપતાને પામતું નથી.'** એક સમયનો પર્યાય પણ સિદ્ધ થતો નથી અને વસ્તુ પણ સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ ? કારણ કે પરને લઈને પર્યાય થયો. આત્મા એક વસ્તુ છે, ત્રિકાળ જ્ઞાન ધ્રુવ છે એનાથી પર્યાય થયો એમ તો સ્વજ્ઞેયનો પર્યાય થયો એ તો એણે જાણ્યું નહિ. સમજાણું કાંઈ ?

**'ભાવાર્થ આમ છે કે એકાન્તવાદીના કથનાનુસાર વસ્તુનો અભાવ સધાય છે, વસ્તુપણું સધાતું નથી;...'** જ્ઞાનરૂપ વસ્તુ એને એક સમયમાત્રનો પર્યાય સાધવા જતાં એ પર્યાય પણ સિદ્ધ થતી

નથી. કારણ કે એ પર્યાય કોની ? અને પર્યાય કેમ પરિણમી ?–કે પરના સહારાની પર્યાય. પર હતું તો થયું, ઘટ હતું તો જ્ઞાન થયું, પટ હતું તો જ્ઞાન થયું, આ શબ્દ છે તો ત્યાં જ્ઞાન થાય છે. સમજાય છે કે નહિ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ ના પાડે છે અહીં. એ અપેક્ષાએ એમ કહેવાય પણ એકલા પર સહારાનું જ્ઞાન (માનો તો) આખો જ્ઞેય (અર્થાત્) જ્ઞાન રહી ગયો, આખો જ્ઞાનરૂપી જ્ઞેય રહી ગયો. એનો પર્યાય આ પર્યાય એકલો માનવા જતા આખો જ્ઞેય ઊડી જાય છે અને એ પર્યાય પર સહારાનો જ માનવામાં આવે તો એ પર્યાય પણ સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ ? ગુજરાતી સમજાય છે ને ?

**'વસ્તુપણું સધાતું નથી;...'** જ્ઞાન ધ્રુવ જ સધાતું નથી ને એનો પર્યાય પણ અંશે જે સ્વતંત્ર છે (તે પણ સધાતી નથી). છે પર્યાય પરના અવલંબનની અપેક્ષાવાળો ને સ્વના અવલંબનની અપેક્ષાવાળો. સ્વ એટલે જ્ઞેય આખું અને પર. એના અવલંબને (છે) પણ એને ઠેકાણે એકલો પર્યાય સિદ્ધ કરવા જાય ત્યાં સ્વજ્ઞેય આવતું નથી અને પરજ્ઞેયના સહારાનો પર્યાય એકલો થઈ ગયો. એટલે પર્યાય કોની એમ સિદ્ધ કાંઈ થતું નથી. સમજાણું કાંઈ ?

**'કારણ કે મિથ્યાદૃષ્ટિ જીવ આવું માને છે - કેવું છે જ્ઞાન ?'** હવે આવ્યું. **'बाह्यार्थैः परिपीतमुज्झितनिजप्रव्यक्तिरिक्तीभवद्'** પશુ લઈને લીધું પહેલું. **'पशोः ज्ञानं सीदति'** એ બીજા બોલનો પહેલો શબ્દ લીધો. બીજી લીટી છે ને ? **'पशोः ज्ञानं सीदति'** બીજો શું કહેવાય ? (શ્લોકની) બીજી લીટી. **'पशोः ज्ञानं सीदति'** અજ્ઞાનીનું જ્ઞાન **'सीदति'** એટલે નાશ પામી જાય છે. એવો પહેલો અર્થ કર્યો. પર્યાયમાત્ર માનતા, તે પર્યાયને એકલા પરજ્ઞેયના સહારાનું માનતા તે વસ્તુ જ્ઞાનસ્વરૂપ તે **'सीदति'** નામ નાશ થઈ જાય છે.

અજ્ઞાનીનું જ્ઞાન તત્-અતત્‌ને કારણે તત્‌પણું રહ્યું નહિ. એને અતત્ છે એને જ કારણે આ બધું થયું એમ માનીને જ્ઞાનનો નાશ થઈ જાય છે. કહો, સમજાણું આમાં ? આ શબ્દ પડ્યા છે તો આંહીં જ્ઞાન થાય છે, લ્યો! જુઓ! જ્ઞાન તો એવું થાય છે કે નહિ ? એવું થવા છતાં, આના સહારાની અપેક્ષા ભલે હો પણ એ જ્ઞાનનો પર્યાય જ્ઞેય, જ્ઞેય આખું જે જ્ઞાન છે એનું પરિણમન પરિણમતા સ્વ ને પરની અપેક્ષા રાખીને એ પરિણમે છે. એને ઠેકાણે એકલી પરની અપેક્ષા રાખીને પર્યાય પરિણમે છે (એમ માનવા જતા) એ એકાંત મિથ્યાત્વમાં વસ્તુ કોઈ સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ ? આ તો બધી લોજીકની વાત છે.

આ રીતે **'એકાન્તવાદીના કથનાનુસાર વસ્તુનો અભાવ સધાય છે, વસ્તુપણું સધાતું નથી; કારણ કે મિથ્યાદૃષ્ટિ જીવ આવું માને છે - કેવું છે જ્ઞાન ?'** **'बाह्यार्थैः परिपीतम्'** **'જ્ઞેય વસ્તુઓ દ્વારા સર્વ પ્રકારે ગળી જવામાં આવ્યું છે.'** શું કીધું ? એક સમયનો પર્યાય બાહ્ય પદાર્થ જેવો છે એવો

અહીં પરિણમે છે એથી જાણે બાહ્ય અર્થથી જ આ થયેલું છે એમ માનીને એ જ્ઞાનનો પર્યાય બાહ્ય અર્થ પી ગયો. જ્ઞાનનો પર્યાય પરરૂપ થઈ ગયો. સમજાણું કાંઈ ? આ શબ્દ પડે છે તો જ્ઞાન થયું એટલે જ્ઞાનનો પર્યાય શબ્દરૂપ થઈ ગયો. એને લઈને જ્ઞાન થયું કહે છે ને ? સમજાણું કે નહિ ?

જેનામાં જ્ઞાન શક્તિ આખી ધ્રુવ છે એમાંથી પર્યાય થઈ. એમાં ભલે આ રીતે થાય પણ શક્તિ ધ્રુવ છે એમાંથી આવી છે કે નહિ એ ? કે એ પર્યાય આને લઈને આવી છે ? શબ્દને લઈને આવી છે ? ઘટને લઈને આવી છે ? પટને લઈને આવી છે ? સમજાણું કાંઈ ? 'જમુભાઈ'! એ વળી પછી. અહીં પર્યાય જે એક સમયનો છે એને જેવા નિમિત્તો સંબંધીનું જ્ઞાન થાય છે એથી એમ જ માને છે કે આ જ્ઞાનનો પર્યાય આને લઈને થયો. એટલે જ્ઞાનનો પર્યાય દ્રવ્ય પી ગયું. જ્ઞાનનો પર્યાય... આવ્યું ને ? **'बाह्यार्थैः' 'જ્ઞેય વસ્તુઓ દ્વારા...' 'परिपीतम्' 'સર્વ પ્રકારે...'** પરિ છે ને ? પરિ એટલે સર્વ પ્રકાર, પીતમ્ એટલે ગળી ગયું. બાહ્ય પદાર્થ એનો પર્યાય ગળી ગયો. એક સમયનો પર્યાય (ગળી ગયો).

મને તો આમ ભગવાનના દર્શન થયા માટે એને લઈને આ જ્ઞાનનો પર્યાય થયો, લ્યો! એવો થાય પર્યાય કે બીજો થાય ત્યાં ? ત્યાં એ જ્ઞાનના પર્યાયમાં શું આવે ?–કે હું ભગવાનને જાણું છું. એવો પર્યાય થાય કે નહિ ? એ પર્યાયમાં એનું કારણ થયું કે એને કારણે થયો કે નહિ ? પર્યાયમાત્ર માનનાર, ધ્રુવપણામાંથી દ્રવે છે ત્યારે ઓલું ભલે નિમિત્ત છે એવું અહીં જ્ઞાન થાય- એમ નથી માનતો, એકલો પર્યાયમાત્ર માનનાર આને લઈને જ્ઞાન થાય (એમ માને છે) એટલે એ પર્યાય પર પી ગયું. સમજાણું કાંઈ ? પર્યાયથી ખાલી થઈ ગયો એટલે વસ્તુને પણ માની નહિ અને એની પર્યાય પણ એને સિદ્ધ થાતી નથી. પહેલું કહ્યું હતું ને ? પર્યાય પણ એને સિદ્ધ થતી નથી. એમ કીધું ને ? **'વસ્તુમાત્ર માન્યા વિના પર્યાયમાત્ર માનતાં પર્યાયમાત્ર પણ સધાતી નથી;...'** એને પર્યાય પણ સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ ? કોની પર્યાય પરને જાણવારૂપે પરિણમી ? એ દ્રવ્ય તો માન્યું નહિ, વસ્તુ તો માની નહિ અને પર્યાય પર જેવું છે એવું અહીં ભેદજ્ઞાન થાય. ભેદ એટલે જેવો પ્રકાર એવું. એટલે પરના સહારાનું માનનાર, નથી એને વસ્તુની શ્રદ્ધા, નથી એને પર્યાય એની જે કહેવા માગે એની એ રીતે સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ ? ભારે આકરું કામ. આવે છે ને ઇ ? 'સ્વ-પરપ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચનભેદ ભ્રમ ભારી, જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી, સ્વરૂપા પરરૂપા ભાસી.'

એ (સંવત) ૧૯૮૬મા એ વાત થઈ હતી. '૮૬માં 'ભાવનગર' એક સાધુ આવ્યા હતા ને ? 'મુનિન્દ્રસાગર' હતા, ભ્રષ્ટ. ૮૬ની (સાલની) વાત છે, ૮૬ની (સાલ). ૩૬ વર્ષ થયા. ૧૪ ને ૨૨ = ૩૬. ત્યારે એમાં આ મુક્યું હતું તે દિ'. એને એમ કે મુહપત્તિ હતી ને ? વેશ આનો હતો ને ? એટલે એને એમ થઈ ગયું કે જુઓ! આ મૂર્તિને ઉથાપે છે. મેં તો એમ કહ્યું કે ભાઈ! જ્ઞેય છે એ જ્ઞેયને લઈને જ્ઞાન નથી, ભાઈ! આ થાંભલાનો દાખલો ન્યાં આપ્યો હતો. આ તો ૮૬ની

(સાલની) વાત છે, ચૈત્ર મહિનાની. સંવત ૧૯૮૬. 'મુનિન્દ્રસાગર' એક ભ્રષ્ટ (સાધુ) નહોતા ? ઘણા વર્ષ થઈ ગયા.

**શ્રોતા :–** એ લોકો ત્રણેય આવ્યા'તા ત્યારે -

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ત્રણ એ આવ્યા ત્યારે. એ બહાર વ્યાખ્યાન થયું હતું. ઓલા આપણે ગુજરી... શું કહેવાય ? દસાશ્રીમાળીનો વંડો, એમાં. એ દસાશ્રીમાળીની ભોજનશાળા. ત્યાં ચાલ્યું હતું અને એમાં 'ભગવાનભાઈ' હતા. 'ભગવાનજી વકીલ' કચ્છી. પછી આમાં કીધું કે ભાઈ! જ્ઞેય 'સ્વ-પરપ્રકાશક શક્તિ હમારી' એ જ્ઞાનના પર્યાયમાં સ્વ-પર જણાય એ તો શક્તિ આની છે, પરને લઈને એ પર્યાય થાય છે (એમ નથી). આ ભગવાન છે માટે પર્યાય થઈ, આ અરિહંત છે માટે પર્યાય થઈ, આ શબ્દો છે માટે પર્યાય થઈ–એ તો જ્ઞેયના બે પ્રકાર છે, સ્વજ્ઞેય અને પર; પણ પર્યાય તો પોતાને લઈને થઈ છે, પરને લઈને થતી નથી. (તો કહે), અરે..! એમ ન હોય. 'ભગવાનજીભાઈ' કચ્છી હતા. તમે સમજો નહિ કે કઈ અપેક્ષાએ વાત ચાલે છે. મૂર્તિની ખબર હતી, એ વખતે ખબર હતી, શ્રદ્ધા બધી હતી.

અહીં તો આત્માનો જ્ઞાન પર્યાય નિમિત્ત છે માટે અહીં થાય છે, એમ નથી. પાછા શેના મૂર્તિને સ્થાપ્યા ? વળી કહે છે ઇ તો. ઇ તો એને કારણે ત્યાં હોય છે પણ પર્યાય જે જ્ઞાનનો થાય એ તો પોતાથી થાય છે ત્યારે ઓલાનું અવલંબન નિમિત્તનું છે એમ કહેવામાં આવે છે. આ તો કહે છે કે એ જ્ઞાનનો પર્યાય એને લઈને જ થયો. બાહ્ય અર્થ જ્ઞાન પર્યાય પી ગયું. બાહ્ય પદાર્થ જ જ્ઞાનને પી ગયું, જ્ઞાન કાંઈ રહ્યું નહિ. (એમાં) એની પર્યાય પણ સિદ્ધ થઈ નહિ. સમજાણું કાંઈ ?

**'જ્ઞાન વસ્તુ નથી, જ્ઞેયથી છે;...'** છે ને ? **'જ્ઞાન વસ્તુ નથી...'** એ તો **'જ્ઞેયથી છે;...'** જ્ઞેયથી જ પર્યાય થઈ, એમ. એ પર્યાય જે થઈ એ જ્ઞેયથી જ પર્યાય થઈ. સ્વજ્ઞેય તો આખું માન્યું નથી. પર્યાયમાત્ર માનવું છે, દ્રવ્ય તો માનવું નથી. એટલે પર્યાય એક સમયનો જે છે એ જ્ઞેયથી જ છે એમ અજ્ઞાની માને છે. એથી એનો પર્યાય પણ સિદ્ધ થઈ શકતો નથી. દ્રવ્ય તો માનતો નથી, પર્યાય (પણ) સિદ્ધ થતો નથી. સમજાણું કાંઈ ? કારણ કે ભિન્ન ભિન્ન પર્યાય થાય અને ભિન્ન ભિન્ન નિમિત્તો હોય તો આ પર્યાય જેટલો માનનાર આ કોની પર્યાય ? એ તો એને રહ્યું નહિ, દ્રવ્ય તો કાંઈ રહ્યું નહિ અને એ પર્યાય પરના સહારાની માની એટલે જ્ઞેયથી માની. એટલે પર્યાય એની સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ ?

**'તે પણ તે જ ક્ષણે ઊપજે છે, તે જ ક્ષણે વિનશે છે.'** દેખો! એ જ્ઞાનનો પર્યાય પણ એ ક્ષણે ઉત્પન્ન થાય, એ જ ક્ષણે વિનાશ થાય છે. **'જેમ કે - ઘટજ્ઞાન ઘટના સદ્‌ભાવમાં છે;...'** જુઓ! ઘડો છે તો અહીં ઘડાનું જ્ઞાન છે અને ઘડો નહિ હોય તો ઘડાનું જ્ઞાન રહેશે નહિ. **'પ્રતીતિ એમ થાય છે કે જો ઘટ છે તો ઘટજ્ઞાન છે, જ્યારે ઘટ નહોતો ત્યારે ઘટજ્ઞાન નહોતું,...'** જ્ઞેયથી માને છે ને એકલું ? ઘટ છે તો ઘટજ્ઞાન છે, ઘટ નથી તો ઘટજ્ઞાન નથી. ત્યાં બીજું જ્ઞાન થઈ

ગયું, બીજું પટ આવ્યું તો પટજ્ઞાન થઈ ગયું.

**'જ્યારે ઘટ હશે નહિ ત્યારે ઘટજ્ઞાન હશે નહિ;...'** જ્યારે ઘટ નહિ હોય તો ઘટજ્ઞાન નહિ હોય. **'કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ જ્ઞાનવસ્તુને નહિ માનતાં, જ્ઞાનને પર્યાયમાત્ર માનતાં આવું માને છે.'** આવું માને છે એમ કહે છે. શું કીધું ? સામે ઘડો છે તો ઘટજ્ઞાન છે એમ અજ્ઞાની માને છે. પટ છે તો પટનું જ્ઞાન છે, ભગવાનની મૂર્તિ છે તો મૂર્તિ સંબંધીનું જ્ઞાન છે, મૂર્તિ નથી તો મૂર્તિ સંબંધીનું જ્ઞાન નથી, ઘડો સામે નથી તો ઘડા સંબંધીનું જ્ઞાન નથી. માટે, પર્યાય જ્ઞેયને કારણે થયેલી માને છે. સમજાણું કાંઈ ? પણ એમ છે નહિ. ભારે ઝીણું, ભાઈ!

**'કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ જ્ઞાનવસ્તુને નહિ માનતાં, જ્ઞાનને પર્યાયમાત્ર માનતાં આવું માને છે.'** માથે કહ્યું ઇ, સમજાય છે ? ઘટ છે તો ઘટનું જ્ઞાન, પટ છે તો પટનું જ્ઞાન. જુઓ! આ સ્ત્રી હોય તો સ્ત્રીનું જ્ઞાન, પુરુષ હોય તો પુરુષનું જ્ઞાન (થાય છે). ઘટ હોય ત્યારે પટનું જ્ઞાન થાય છે ? પર્યાય પટની થાય છે ? માટે ઘટને લઈને જ્ઞાન થયું ને પટને લઈને જ્ઞાન થયું એમ અજ્ઞાની માને છે. આહા..હા..!

**'વળી જ્ઞાનને કેવું માને છે ?'** એક તો આવું માને. હવે બીજી રીતે (કહે છે). **'उज्झितनिजप्रव्यक्तिरिक्तीभवत्' 'આ મૂળથી નષ્ટ થઈ ગયું છે જ્ઞેયના જાણપણામાત્રથી 'જ્ઞાન' એવું પ્રાપ્ત થયેલું, જ્ઞેયના જાણપણામાત્રથી 'જ્ઞાન' એવું પ્રાપ્ત થયેલું નામમાત્ર,...'** એ તો નામમાત્ર રહ્યું. **'જ્ઞેયના જાણપણામાત્રથી...'** જ્ઞેયને જાણવામાત્રથી, જ્ઞેયને જાણવામાત્રથી, ઘટને જાણવામાત્રથી. **'જ્ઞાન' એવું પ્રાપ્ત થયેલું નામમાત્ર,...' 'निजप्रव्यक्ति' 'તે કારણથી....' 'रिक्तीभवत्'. 'જ્ઞાન' એવા નામથી પણ વિનષ્ટ થઈ ગયું છે...'** ત્યાં જ્ઞાનેય રહ્યું નહિ. ઘટનું જ્ઞાન, પટનું જ્ઞાન, એનું જ જ્ઞાન એટલે જ્ઞાન જ્ઞાનની જે પોતાની પ્રગટ અવસ્થા છે એ રહી નહિ. એને લઈને ઇ, ઘટને લઈને જ્ઞાન, પટને લઈને જ્ઞાન ને વસ્તુને લઈને જ્ઞાન. સમજાણું ? નામમાત્ર પણ ન રહ્યું એમ કહે છે. જ્ઞાનથી **'रिक्ती'** થઈ ગયો. **'रिक्ती'** એટલે ? ખાલી, ખાલી. ખાલી થઈ ગયો. પરને લઈને જ્ઞાન હતું. ઘટ હતું તો ઘટનું જ્ઞાન, પટ હતું તો પટનું જ્ઞાન એમ માને છે. એટલે પોતાની જ્ઞાનની પર્યાયથી તો ખાલી થઈ ગયો. એને લઈને બધું જ્ઞાન ગરી ગયું. સમજાણું કાંઈ ? આમાં તો નિમિત્તવાળાને પણ ઊડાડતા લાગે છે. નિમિત્ત છે તો અહીં જ્ઞાન થાય છે તો એને લઈને થયું, એને લઈને થયું તો જ્ઞાન તો પોતાની પર્યાયથી ખાલી થઈ ગયું. જ્ઞાન એમાં જ ગરી ગયું. સમજાણું ? **'उज्झित, उज्झित'** એટલે ખાલી થઈ ગયું, ખલાસ થઈ ગયું, મૂળથી નાશ થયું. **'उज्झित'** છોડી દીધું. જ્ઞાને પોતાનો ભાવ છોડી દીધો ને જ્ઞેયરૂપે થઈ ગયું. એવું નામમાત્ર જ્ઞાન રહ્યું, વસ્તુ તો રહી નહિ.

**'એમ માને છે મિથ્યાદૃષ્ટિ એકાન્તવાદી જીવ. વળી જ્ઞાનને કેવું માને છે ?' 'परितः पररूपे एव विश्रान्तं'** લ્યો! હજી તો પરથી અતત્‌થી માને છે ને ? છે અતત્, પોતે પરથી અતત્ છે. છતાં પરથી તત્ માને છે. આ બોલ અહીંયાં એમ છે ને ? પરથી અતત્ છે, પરથી અતત્ છે,

પર્યાય પણ પરથી અતત્ છે. છતાં પરથી જ મારું જ્ઞાન છે, પરથી જ મારી શ્રદ્ધા છે, પરથી જ મારી આ શાંતિ છે એમ માનનારા પોતાની પર્યાયને પણ ખોઈ બેસે છે. ખાલી કરી નાખી. સમજાણું ?

**'મૂળથી માંડીને જ્ઞેયવસ્તુરૂપ નિમિત્તમાં એકાન્તથી વિશ્રાન્ત થઈ ગયું...'** એ જ્ઞાનનો પર્યાય નિમિત્તથી થયો, એનાથી થયો માટે ત્યાં વિશ્રાન્ત થઈ ગયું. એ પરમાં ગયું, મૈત્રી નિમિત્ત સાથે ગઈ. 'પ્રવચનસાર'માં પાછળ આવે છે ને ? માટે નિમિત્તની મૈત્રી છોડતો નથી, કહે છે. જ્ઞાનની પર્યાય પરને લઈને માની છે અને એને લઈને આ થઈ માટે પરની મૈત્રી છોડતો નથી. આવે છે ને ? ભાઈ! 'પ્રવચનસાર' છેલ્લા ભાગમાં. મૈત્રી, મૈત્રી. આને લઈને થયું, આને લઈને થયું. (એમ માને એ) એમાંથી કેમ ખસે ? એનાથી લઈને છે ને એનાથી કેમ ખસે ? સમજાણું ? ન્યાં છેલ્લો છેલ્લો. નયની પાછળ. નયનું પૂરું થઈ ગયા પછી પાછળ છે ને ? આ તો નિમિત્ત આવ્યું ને એ ઉપરથી યાદ આવ્યું. જ્ઞેય વસ્તુ નિમિત્ત, અહીં કહ્યું, જુઓ! **'જ્ઞપ્તિવ્યક્તિઓના નિમિત્તરૂપ હોવાથી જે જ્ઞેયભૂત છે...'** સમજાણું ? શું કીધું ? જ્ઞપ્તિવ્યક્તિ (અર્થાત્) જે જાણવાની પર્યાય છે ને એમાં નિમિત્તરૂપ છે જે જ્ઞેયભૂત **'એવી બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને મૈત્રી પ્રવર્તે છે,...'** દોસ્તી થઈ. કારણ કે એણે માન્યું કે આને લઈને થાય છે... આને લઈને થાય... આને લઈને થાય. હવે એ કેમ છોડે દોસ્તી ? પ્રેમ કેમ છોડે ? પ્રેમ–મૈત્રી કીધી ને ? **'આત્મપરિણતિ સદાય ઘૂમરી ખાતી હોવાથી આ આત્મા સમુદ્રની માફક પોતામાં જ ક્ષુબ્ધ થતો થકો ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞપ્તિવ્યક્તિઓ...'** પોતાની જાણવાની અવસ્થા. હોં! ક્રમે પ્રવર્તતી. એ પરિવર્તન પામે છે એવી જ્ઞપ્તિવ્યક્તિ – જે જાણવાની પ્રગટતા, અવસ્થા એમાં નિમિત્તરૂપ હોવાથી જે જ્ઞેયભૂત, નિમિત્તરૂપ હોવાથી જ્ઞેયભૂત વસ્તુ **'એવી બાહ્ય પદાર્થ વ્યક્તિઓ...'** જુઓ! અહીં પણ બાહ્યાર્થ છે. છે ને પહેલું ? **'बाह्यार्थैः परिपीतम्'**. એવી બાહ્ય પદાર્થ વ્યક્તિઓ. ઇ યાદ આવી ગયું, એ નિમિત્તથી યાદ આવ્યું.

(બાહ્યપદાર્થવ્યક્તિઓ) **'પ્રત્યે જેને મૈત્રી પ્રવર્તે છે...'** કારણ કે જ્ઞાનનો પર્યાય આનાથી થાય, આનાથી થાય માટે એનો પ્રેમ છોડતો નથી. આમાં ક્યાં મૂર્તિ, મંદિર ક્યાં રહ્યું ? રહે છે ક્યાં, સાંભળને! તારો પર્યાય થાય ત્યારે એનું નિમિત્ત છે એટલું જાણવા માટે છે. કાંઈ એનાથી પર્યાય થાય છે ? એ બધા નિમિત્ત છે. એ તો થાય, પણ એ ટાણે તે પર્યાય થવાનો છે તેમાં એ નિમિત્ત છે, એમ. ઇ છે માટે એવો પર્યાય થાય છે એમ ક્યાં છે ? સમજાણું કાંઈ ?

નિમિત્ત હોવાથી મૈત્રી (પ્રવર્તે છે). **'તેથી આત્મવિવેક શિથિલ થયો હોવાને લીધે...'** એટલે કે એ પરના નિમિત્તનો પ્રેમ છોડતો નથી અને આત્માનો વિવેક ઢીલો પડી ગયો, શિથિલ એટલે વિપરીત થઈ ગયો. મારો જ્ઞાન પર્યાય, મારી જ્ઞપ્તિની વ્યક્તિ ક્ષણે ક્ષણે મારાથી થાય છે એમાં ભલે નિમિત્ત સામે હોય પણ એને લઈને છે એમ ન માન્યું તો એને લઈને આ છે (એમ માન્યું). સાંભળવા પહેલાં મને કેમ એવું જ્ઞાન નહોતું ? ને અહીં સાંભળવા આવતા થયું. એટલે એને એમ જ થઈ ગયું કે આ શબ્દોને લઈને જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ ? **'અત્યંત બહિર્મુખ એવો તે ફરીને પૌદ્ગલિક**

**કર્મને રચનારા રાગ-દ્વેષ દ્વૈતરૂપે પરિણમે છે.'** બહિર્મુખ દૃષ્ટિ થઈ ગઈ. એ 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા છે.

આ 'અમૃતચંદ્રાચાર્ય'નો કળશ છે. **'જ્ઞેયવસ્તુરૂપ નિમિત્તમાં...'** પરરૂપે છે ને ? પરરૂપે **'એકાન્તથી...'** **'एव'** એટલે નિશ્ચયથી, એમ. **'એકાન્તથી...'** **'एव'** નિશ્ચય. જ્ઞાનની અવસ્થાનો પર્યાય પરરૂપથી એટલે એકાન્તથી, નિશ્ચયથી **'વિશ્રાન્ત થઈ ગયું.'** પરમાં વિશ્રાન્ત થઈ ગયું. જ્ઞાનની પર્યાયે વિશ્રાન્તી ત્યાં પામી કે આ છે તો થયું, આ છે તો થયું. એટલે જ્ઞાનનો પર્યાય જ ન્યાં ગયો. અહીં પોતામાં સ્વતંત્ર રહ્યો નહિ. આહા..! સમજાણું કાંઈ ?

**'पररूपे एव विश्रान्तं'** અતત્ છે એમાં જ જેનું વિશ્રાન્તીપણું થયું. મારો પર્યાય મારાથી છે એમ રહ્યું નહિ. એ પર્યાય મારો છે, મારા જ્ઞેયથી આ પરિણમ્યું છે. એને ઠેકાણે એના પર્યાયે એમાં વિશ્રામ લીધો, વિસામો લીધો, વિસામો. જેના નિમિત્તથી થયો મારો પર્યાય માટે એનાથી થયો માટે ન્યાં એણે વિસામો લીધો. અહીં આત્મદ્રવ્યમાં વિસામો લેવો એ રહી ગયો. સમજાણું કાંઈ ?

એ **'જ્ઞેયથી ઉત્પન્ન થયું, જ્ઞેયથી નષ્ટ થઈ ગયું.'** દેખો! એ તો જેવા નિમિત્તના પ્રકાર જ્ઞેયનો ભેદ આવ્યો એવું જ્ઞાન થયું. જેવો પ્રકાર એવું જ્ઞેય. જેવું જ્ઞેય એવું જ્ઞાન, જ્ઞેય એવું જ્ઞાન... જ્ઞેય એવું જ્ઞાન... જ્ઞેય એવું જ્ઞાન. એવી જ્ઞાનની પર્યાય જ્ઞેયમાં વિશ્રામ પામી. આ **'જ્ઞેયથી ઉત્પન્ન થયું, જ્ઞેયથી નષ્ટ થઈ ગયું.'** અજ્ઞાનીને તો જ્ઞેયથી જ્ઞાન ઉત્પન્ન થયું ને જ્ઞેયથી નાશ થયું. પણ આત્માના જ્ઞાન સ્વરૂપમાંથી ઉત્પન્ન થયું ને વ્યય થયો તોપણ પોતાના કારણે. પોતાના જ્ઞેયની બીજી જ્ઞાનની પર્યાય આવતા નષ્ટ થઈ ગઈ. એ એમ ન આવતા જ્ઞેયથી ઉત્પન્ન ને જ્ઞેયથી નષ્ટ (થઈ એમ માને છે). આહા..હા..! ઝીણું બહુ ભારે ભાઈ! સમજાણું કાંઈ ?

**'ભાવાર્થ આમ છે કે - જેવી રીતે ભીંતમાં ચિતરામણ જ્યારે ભીંત નહોતી ત્યારે નહોતું, જ્યારે ભીંત નહોતી ત્યારે નહોતું,...'** ભીંત નહોતી તો ચિત્ર નહોતું, ભીંત હોય ચિત્ર આમ આવ્યું. **'ભીંતમાં ચિતરામણ જ્યારે ભીંત નહોતી ત્યારે નહોતું, જ્યારે ભીંત છે ત્યારે છે ચિતરામણ, જ્યારે ભીંત હશે નહિ ત્યારે હશે નહિ; આથી પ્રતીતિ એવી ઊપજે છે કે ચિત્રના સર્વસ્વની કર્તા ભીંત છે;...'** ચિત્રનું સર્વસ્વ કર્તા ભીંત છે.

**'તેવી રીતે...'** આ તો દૃષ્ટાંત દીધો **'જ્યારે ઘટ છે ત્યારે ઘટજ્ઞાન છે,...'** એમ કહે છે. ઘડો છે તો અહીં જ્ઞાન થાય છે. ઘટ નથી તો ઘટજ્ઞાન અહીંયાં નથી. એટલે જ્ઞેય જ આ જ્ઞાનનો કર્તા થયો. સમજાણું કાંઈ ? ચિતરામણનો કર્તા જ ભીંત થઈ ગઈ. ચિતરામણ ચિતરામણથી રહ્યું નહિ. એમ જ્ઞાન જ્ઞેયથી થયું તે જ્ઞેય કર્તા જ્ઞાનનું થઈ ગયું. જ્ઞેય કર્તા– એ પર્યાય નિમિત્ત જે ભેદ છે એ કર્તા એનું આ જ્ઞાન થઈ ગયું, જ્ઞાનની જ્ઞાન પર્યાય રહી નહિ. સમજાણું કાંઈ ? બહુ ઝીણું પણ માણસને લાગે.

અહીં તો એમ કહે છે કે વસ્તુ સ્વરૂપ જે જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા છે એનું જે જ્ઞાન થાય છે પર્યાયમાં, ભલે તે સ્વજ્ઞેયપણે તે પર્યાય પરિણમી અને તે કાળે કોઈ વિકલ્પ આદિ છે તેને

જાણવારૂપે પરિણમ્યું, વિકલ્પ પર જ્ઞેય છે, એને પણે પરિણમ્યું પણ એ પોતે પર્યાય પોતાથી છે, કંઈ વિકલ્પને લઈને છે, એમ નથી.

જ્ઞાન વસ્તુ જે ત્રિકાળ છે એના પર્યાયપણે જ્ઞાન પરિણમ્યું. એ પર્યાયમાં સ્વજ્ઞેય અને વિકલ્પ પરજ્ઞેય એનો સહારો છે એથી એમ કહેવાય કે પરની અપેક્ષાવાળું જ્ઞાન પણ એથી પર્યાય કાંઈ પરને લઈને થઈ છે એમ નથી. આ કહે છે કે પેલો જે જ્ઞાન પર્યાયનો વિકલ્પ જેવો છે એવું જ કેમ જ્ઞાન થયું ? રાગ જેવો છે એવું જ જ્ઞાન કેમ થયું ? દ્વેષ આવ્યો એવું કેમ જ્ઞાન થયું ? માટે જ્ઞેયને કારણે જ્ઞાન થયું. સમજાણું કાંઈ ? આહા..!

વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઉઠે એ પણ પરજ્ઞેય છે અને જ્ઞાનની પર્યાયમાં એ જણાય બરાબર એવો જ જણાય, એમ જ જણાય. અજ્ઞાનીને એમ થાય છે કે એ પર્યાય જે જ્ઞાનમાં થઈ એ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ હતો એ જ્ઞેયને કારણે જ્ઞાન (થયું), એ વિકલ્પ એવો નહોતો તો બીજો વિકલ્પ હતો તો એવું જ્ઞાન (થયું), ત્રીજો વિકલ્પ (હતો તો) એવું જ્ઞાન (થયું). એટલે જ્ઞેયનું જ આ જ્ઞાન છે, જ્ઞાનનું જ્ઞાન છે નહિ (એમ માને છે). સમજાણું કાંઈ ? કહો, 'ભગવાનભાઈ'! બહુ ઝીણી વાતું. ન્યાં આવું કાંઈ સાંભળવા મળે નહિ તો એનો નિવેડો શી રીતે કરવો ? અહીં તો કહે છે કે દ્રવ્ય તો સ્વતંત્ર અકૃત્રિમ (છે) પણ તારો પર્યાય પણ સ્વતંત્ર... સ્વતંત્ર... સ્વતંત્ર... તે કાળનો પર્યાય સ્વતંત્ર (છે). સમજાણું કાંઈ ? આહા..!

આજે મોટું લખાણ આવ્યું છે. આ સર્વજ્ઞને નથી માનતા, નિયત પર્યાય માનતા નથી. અનિયત, તો સર્વજ્ઞને માનતા નથી. કારણ કે નિયત ને અનિયત પર્યાય થાય છે અને એ સર્વજ્ઞને એ જ પ્રમાણે દેખાય છે. કારણ કે સર્વજ્ઞનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. સર્વજ્ઞનું જ્ઞાન સમ્યક્ છે. પાછું બેય લીધું છે, હોં! શ્રુતજ્ઞાન પણ સમ્યક્ છે માટે બેયમાં સરખુ જણાય એમ કીધું છે. પેલામાં ફેર હતો, ફેર પાડ્યો. આરે.. આરે..! આ એમાં ને એમાં વિરોધ આવ્યો.

એમ કહે છે કે જેમ શ્રુતજ્ઞાની પણ, સર્વજ્ઞ જ્ઞાનમાં પણ નિયત-અનિયત પર્યાય છે એમ સર્વજ્ઞ જાણે નહિતર સર્વજ્ઞનું સમ્યગ્જ્ઞાન રહેતું નથી અને શ્રુતજ્ઞાની પણ જેવી નિયત-અનિયત પર્યાય થાય એ પ્રમાણે જાણે નહિતર સમ્યગ્જ્ઞાન રહેતું નથી. સમ્યગ્જ્ઞાન છે, જેમ હોય તેમ જાણે. તો અનિયતને નથી એમ કહેનાર સર્વજ્ઞને માનતા નથી. સમજાણું કાંઈ ? પણ સર્વજ્ઞ જાણે છે પર્યાયને, પર્યાયને ખરેખર તો જાણે છે. લ્યો! એ પોતાની પર્યાયને, હોં! એમાં જે પર્યાયો ત્રણ કાળની જે પર્યાય છે તેમાં એ નિમિત્ત છે, એકલું એમાં નિમિત્તપણું છે. અને તે જ પર્યાય જે જે સમયે થવાની તે જ પર્યાયનું ત્યાં નિમિત્ત(પણું છે). નિશ્ચયથી જે પર્યાય જ્યાં થવાની છે એ જ પર્યાય તે કાળે વર્તમાન તરીકે નિમિત્ત છે. એ ભૂતમાં ભળી ગઈ તો ભૂત તરીકે પસંદગી થઈ ગઈ. બહુ ઝીણું. સર્વજ્ઞના મોટા વાંધા ઉઠ્યા.

**શ્રોતા :–** અમે સર્વજ્ઞને માનીએ તેમ તમે સર્વજ્ઞને માનો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ કહ્યું ને કે તમે સર્વજ્ઞને ઊડાવો છો, એમ કહે છે. સર્વજ્ઞનું સ્વરૂપ સમ્યગ્જ્ઞાની છે ઇ એટલે નિયત-અનિયત પદાર્થનું શ્રદ્ધાન કે સર્વજ્ઞ ભગવાને કીધું કે નિયત માનનારા મિથ્યાદૃષ્ટિ છે. ત્યારે સર્વજ્ઞ ભગવાને જ નિયત-અનિયત પર્યાય કીધી અને તમે જ્યારે એ રીતે સર્વજ્ઞને ન માનો તો તમે સર્વજ્ઞને સમજતા નથી. 'વિમલચંદજી'! શું કહ્યું ? ભગવાને એમ કેમ કહ્યું કે એક નિયત માને તે એકાન્ત મિથ્યાદૃષ્ટિ છે. બાર અંગમાં તો એમ લખ્યું છે. દૃષ્ટિવાદમાં લખ્યું છે, આ ઠેકાણે લખ્યું છે, ફલાણે ઠેકાણે લખ્યું છે કે નિયત માનનારા એકાન્ત મિથ્યાદૃષ્ટિ છે. તો સર્વજ્ઞ એમ કહે અને વળી સર્વજ્ઞ કહે કે નિયત જ હોય અને અનિયત ન હોય એમ કેમ કહે સર્વજ્ઞ ? પણ એ તો સર્વજ્ઞે જ કીધું છે, ભાઈ! તને ખબર નથી. એકાન્ત નિયત માને એને મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. એમ તો એકાન્ત સ્વભાવ માને એ મિથ્યાદૃષ્ટિ કહ્યા છે, એકાન્ત પુરુષાર્થ માને એ મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. એકાન્ત નિયત એટલે તે સમયે (પાંચ) સમવાય-પુરુષાર્થ, સ્વભાવ, કાળ આદિ નથી (એમ માને). ભગવાને એમ પાંચે એક સમયમાં જોયું છે. ભગવાને શું જોયું છે ?

**શ્રોતા :–** ના પાડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એવો અર્થ થાય છે. ભગવાને જે સમયે નિયત છે એવી જીવની પર્યાય જોઈ, તે સમયે તે જીવનો પુરુષાર્થ ત્યાં વળેલો છે, સ્વભાવ પણ એવો છે, કાળ પણ એ જ છે, ભવિતવ્ય પણ એ જ છે અને સમ્યગ્દર્શન આદિ પર્યાય હોય તો તે સમયે કર્મનો પણ (ઉપશમ કે અભાવ હોય). એમ ભગવાને એક સમયમાં એના પાંચ (સમવાય) જોયા છે. એના પાંચ (સમવાય) જોયા છે એમાં અક્રમ જોયો છે. આહા..હા..! એમ જ્ઞાની પણ સમ્યગ્જ્ઞાનમાં એક સમયે પાંચ ભાળે છે. સર્વજ્ઞ જેમ જે રીતે દ્રવ્યનો પર્યાય પાંચ ભાળે છે એમ સમ્યગ્દર્શન પણ એક સમયમાં પાંચ પ્રકારના પર્યાય ભાળે છે–નિયત પણ છે, સ્વભાવ જીવનો છે, પુરુષાર્થ છે, કાળ જ એ છે ને ભાવ પણ એ છે, ભવિતવ્ય, એ વખતે કર્મનો પણ નિમિત્તપણાનો એટલો અભાવ છે. ભગવાને જેવું દીઠુ તેવું અહીં જોવે ત્યારે એને સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન કહેવાય. સમજાણું કાંઈ ?

ભગવાને આત્મા એવો જોયો કે એ વસ્તુ જ્ઞાનમૂર્તિ જોયો. પુણ્ય-પાપવાળો આત્મા જોયો ? એ તો આસ્રવતત્ત્વ જોયું. પુણ્ય-પાપ તો આસ્રવતત્ત્વ ભગવાને જોયું, કર્મ-શરીરને અજીવ તત્ત્વ જોયું, જ્ઞાનમૂર્તિને આત્મતત્ત્વ જોયું. બરાબર છે ? શું કહ્યું ? ભગવાનઆત્મા..! સાત તત્ત્વ છે ને! કે નવ તત્ત્વ, લ્યો! નવ પદાર્થ. ભગવાને શું જોયું જ્ઞાનમાં ? આ વસ્તુ જોઈ. જ્ઞાન સ્વરૂપ શુદ્ધદ્રવ્ય તે આત્મા. પુણ્ય-પાપના વિકલ્પ તે આસ્રવ, કર્મ-શરીર તે અજીવ એમ ભગવાને જોયું, ભગવાને એમ જોયું છે. એમ આ જ્યારે જોવે કે કર્મ તે અજીવ, પુણ્ય-પાપ તે આસ્રવ, હું જ્ઞાયક. એમ જ્યારે જોવે તો એ જોવામાં પાંચેય સમવાય આવી ગયા, ભાઈ! આહા..હા..! ભગવાને પણ એ વખતે એમ જોયું હતું કે આનો પર્યાય રાગરૂપે આસ્રવ છે, જ્ઞાનનો પર્યાય સમ્યક્રૂપે પરિણમ્યો છે, વસ્તુ શુદ્ધ છે, અજીવ તત્ત્વ જોડે સંબંધ છે. એમ જે ભગવાને જોયું, એણે જોયો છે કે આ સમ્યગ્દર્શનનો

પુરુષાર્થ આ છે, કાળ પણ આ છે, ભાવ પણ આ છે, કર્મનો અભાવ આ છે. એવું ભગવાને પણ એ જીવનું જોયું. સમ્યગ્દષ્ટિને પણ એ જ રીતે જ્ઞાન આવે અને થાય ત્યારે એને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. 'વિમલચંદજી'! સમજાયું કે નહિ ? વાત જરી (ઝીણી છે).

વાત ઇ છે કે સર્વજ્ઞે જોયું એમ કહેનારને આ જ્ઞાન જોનાર આવું છે, એમ અહીં કહે છે. સર્વજ્ઞ એટલે પૂરું જ્ઞાન અને અહીં અધૂરું જ્ઞાન એટલો ફેર છે. પણ સર્વજ્ઞે જોયું કે આ અજીવ તત્ત્વ, આ પુણ્ય-પાપ તત્ત્વ, આ આત્મતત્ત્વ. હવે એ ત્રણ ભિન્ન છે. હવે આણે જ્યારે ભિન્ન ભાળ્યા, ભિન્ન જોયા કે આ અજીવ તત્ત્વ, આ આસ્રવ તત્ત્વ, આ સ્વભાવ. ભિન્ન જોયા એટલે પુરુષાર્થ થઈ ગયો. પુરુષાર્થ આવ્યો, સ્વભાવ આવ્યો, તે કાળે થવાનો તે કાળ આવ્યો, ભવિતવ્ય તે સમ્યગ્દર્શન ભાવ થવાનો હતો તે ભાવ આવ્યો, તે વખતે કર્મના નિમિત્તનો પણ એ પ્રકારે અભાવ (આવ્યો). એ પાંચેય સમવાય એક સમયે ભગવાને જોયા એવા સમ્યગ્જ્ઞાનીએ એ સમયે એવા જ જોયા છે. 'સોમલચંદજી'! ન્યાય સમજાય છે ? આહા..! શું થાય પણ ? એવી વાત છે જરી. સમજાય છે કે નહિ ? 'જુગરાજજી'!

કોઈ કહે ને કે સર્વજ્ઞ માને એ આપણે માનીએ. પણ એ સર્વજ્ઞ માને છે આ રીતે જ્ઞાનમાં આવ્યું છે. સમજાય છે ? સર્વજ્ઞના જ્ઞાનમાં તારો આત્મા આ રીતે આવ્યો છે. જ્યારે મિથ્યાશ્રદ્ધારૂપે થાય છે ત્યારે તો એને સર્વજ્ઞએ જે આત્મા જોયો, જેવો આસ્રવ જોયો કર્મ, એવું તો તું માનતો નથી. સમજાણું કાંઈ ?

સર્વજ્ઞ ભગવાને જોયો કે આ આત્મા જ્ઞાન શુદ્ધ ચૈતન્ય છે, પુણ્ય-પાપના વિકલ્પ આસ્રવ તત્ત્વ, કર્મ-શરીર અજીવ તત્ત્વ. આમ જોયું. હવે તું જો એમ જ્યાં જોવા જા ત્યારે થઈ ગયું કર્મ ભિન્ન, આસ્રવ ભિન્ન, આ જ્ઞાન ભિન્ન. એટલે પુરુષાર્થ આવ્યો, સ્વભાવ આવ્યો, કર્મનો અભાવ આવ્યો, આસ્રવમાં અભાવ આવ્યો, કર્મનો અભાવ આવ્યો અને એ પ્રકારે સમ્યગ્જ્ઞાન થતાં જે મિથ્યાત્વ આદિ આવરણનું નિમિત્ત હતું એ વખતે પણ એટલો અભાવ આવ્યો. તો ભગવાને એવું ત્યાં જોયું એવું તને જોવામાં આવ્યું ત્યારે કહેવાય. સમજાણું કાંઈ ? શું થાય પણ ? વાત જ એવી છે કે જ્ઞાનનો સ્વભાવ જ એવો છે, કહે છે.

અહીં પેલો કહે છે કે એકલી પર્યાય પરને લઈને છે. આખી વસ્તુ રહી ગઈ, આખી વસ્તુ રહી ગઈ. જે જ્ઞાનનો પર્યાય, એકલો ત્રિકાળ દ્રવ્ય છે એનું પરિણમન તે જ્ઞાન છે. સમજાય છે ? ત્યારે પેલો કહે કે એ (જ્ઞાન) પર્યાય રાગ ને નિમિત્તથી થઈ, આનાથી થઈ. એટલે આખી વસ્તુ રહી ગઈ ને એ પર્યાય પણ સિદ્ધ ન થઈ, ભાઈ! ઓલી પર્યાય સિદ્ધ ન થઈ. વસ્તુ તો સિદ્ધ ન થઈ પણ જ્ઞાનનો પર્યાય સાબિત ન થયો. રાગ છે તેથી જ્ઞાન, નિમિત્ત છે માટે જ્ઞાન, આને લઈને (જ્ઞાન થયું). પેલો પર્યાય, હોં! એ પર્યાય તો પરદ્રવ્ય પી ગયું. આહા..હા..! જે અતત્પણે છે એને કહે છે કે એ પરપણે છે, એ પર્યાય પરપણે છે. આહા..હા..! સર્વજ્ઞની કથન પદ્ધતિ (અલૌકિક

છે). સમજાણું કાંઈ ?

જ્ઞાનનો પર્યાય–અવસ્થા એ દ્રવ્યની છે. દ્રવ્ય એટલે જ્ઞાન વસ્તુ કાયમ છે એની છે. એમ જ્યાં ભાન થયું ત્યાં વસ્તુ પણ દૃષ્ટિમાં રહી, પર્યાય પણ થયો, રાગાદિ પર છે એ સંબંધીનું ભલે જ્ઞાન થયું એથી એને સ્વજ્ઞેય, પરજ્ઞેયના સહારાનો પર્યાય અપેક્ષાએ કહેવામાં આવે. સમજાણું કાંઈ ? પણ આ એમ ન માનતા એ જ્ઞાન વસ્તુ જે આખી છે, જે જ્ઞાનની પર્યાયનું આખું જ્ઞેય થવું જોઈએ એવી પર્યાયની તાકાત છે. શું કીધું ? એ જ્ઞાનના પર્યાયની તાકાત છે કે સ્વજ્ઞેય પણ જાણે, પરજ્ઞેય (પણ જાણે) એવી એની તાકાત છે. એવી તાકાત એ પર્યાયને માત્ર માનતા છતાં એવી તાકાત માનતો નથી. ભાઈ! શું કહ્યું સમજાણું ? જ્ઞાનનો એક સમયનો પર્યાય એવડી તાકાતવાળો છે. અહીં તેથી પહેલું કહ્યું હતું, પહેલું કહ્યું હતું. માથે કહ્યું હતું, **'સ્વજ્ઞેય અથવા પરજ્ઞેયને જાણતું થકું જ્ઞેયની આકૃતિ-પ્રતિબિંબરૂપ પરિણમે છે જે જ્ઞાન.'** સમજાણું ? ઉપર વચમાં (છે). આ ભાવાર્થની ઉપર, વચમાં ભાવાર્થ છે એના ઉપર છે.

**'પર્યાયરૂપ કહેતાં, પર્યાયરૂપ કહેતાં સ્વજ્ઞેય અથવા પરજ્ઞેયને જાણતું થકું જ્ઞેયની આકૃતિ-પ્રતિબિંબરૂપ પરિણમે છે જે જ્ઞાન.'** ભગવાન જ્ઞાનનો પર્યાય, મહિમાવંત પ્રભુ આત્મા એનો એક સમયનો પર્યાય આ જ્ઞેય, સ્વજ્ઞેય, પરજ્ઞેય બેયને પરિણમાવતો જાણે. એવો પર્યાયનો સ્વતઃ ધર્મ છે. એ પર્યાયને એ રીતે ન માની અને એ પર્યાયને પરના સહારાની માનતા પર્યાય પોતે સિદ્ધ થઈ નહિ. વસ્તુ તો સિદ્ધ થઈ નહિ, પર્યાય સિદ્ધ ન થઈ. સમજાણું કાંઈ ? ઝીણું પડે પણ સાંભળવું, હોં! બહુ કંટાળો ન લાવવો. એ તો વાત આવતા આવતા આવી જાય બધી. સમજાણું નહિ કે આમાં ?

આ તો સ્યાદ્વાદ શૈલીની અમૃત શૈલી છે. આહા..હા..! વસ્તુ એવી છે કે ભાઈ! તું એમ જ માન કે પર્યાયમાત્ર વસ્તુ છે. વસ્તુ સ્વજ્ઞેય આખું દ્રવ્ય છે એમ નથી અને તે વર્તમાન પર્યાય પણ એકલા પરજ્ઞેયના સહારાની માત્ર છે તો એ પરજ્ઞેયથી થયેલ છે એમ માનતા તારો પર્યાય પણ રહેતો નથી. તારા લક્ષમાં દ્રવ્ય તો છૂટી ગયું પણ પર્યાય પણ સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ ? આ તો ભાઈ માર્ગ એવો છે, ધીરાનું કામ છે. સમજાણું ?

ઓહોહો..! આમ ટીકામાં કેટલું ભર્યું છે ને ગૂઢ ભાવ! એ સિદ્ધ કરવા જતા પણ એને સ્વજ્ઞેયની તાકાત એક સમયના પર્યાય જાણવાની છે તો કહે છે કે પર્યાય માની એકલી પણ દ્રવ્ય તો માન્યું નહિ. તો એ પર્યાય પણ જેટલી તાકાતવાળી છે એવી ન માની અને તે પર્યાય પણ ફક્ત માની પરદ્રવ્યના અવલંબનવાળી. કારણ કે અહીં તો અવલંબન રહ્યું નહિ, આ તો છે નહિ કાંઈ. સમજાણું ? એ **'उज्झितनिजप्रव्यक्ति'** પ્રગટ થયેલી પર્યાય ખાલી થઈ ગઈ, કહે છે. સમજાય છે ? **'रिक्ती'** થઈ ગઈ, ખાલી થઈ ગઈ. **'उज्झितनिजप्रव्यक्ति- रिक्तीभवत्'** એમ. સમજાણું કાંઈ ? અને પોતે ખાલી થઈને ગયો ક્યાં ? **'परितः पररूपे एव विश्रान्तं'** સમજાણું કાંઈ ? મૂળથી પર રૂપમાં, **'નિમિત્તમાં એકાન્તથી વિશ્રાંત થઈ ગયું - જ્ઞેયથી ઉત્પન્ન થયું, જ્ઞેયથી નષ્ટ થઈ ગયું.'** આહા..હા..! આ એનો

પછી આ દાખલો છે આ તો, ચિતરામણનો. સમજાણું કાંઈ ? સમજાણું કાંઈ તો આપણે .. મધ્યમાં છે ને ? વિશ્રામનું વાક્ય (છે). આહા..!

પ્રભુ! તારી બલિહારી છે, ભાઈ! એ ચીજની દૃષ્ટિ અને એ ચીજનો પર્યાય... દૃષ્ટિ પણ પર્યાય છે ને! કહે છે કે ભાઈ! તેં પર્યાય એકલી માની અને આખી વસ્તુ ન માની અને પર્યાયને પર સહારાની માની. ઘટ છે તો ઘટનું જ્ઞાન, પટ છે તો પટનું જ્ઞાન. કારણ કે જ્ઞાન પણ એવું થાય. એટલે તારું જ્ઞાન એને લઈને થયું. પણ અહીં તો જ્ઞાન શક્તિવાળું તત્ત્વ આખું છે એ પરિણમે છે ને પરિણમે એને પછી જેવું જ્ઞાન એવું ભલે હો. સમજાય છે ? પણ પરિણમનારું તો આ આખું દ્રવ્ય છે. દ્રવ્ય માન્યું નહિ, તારી પર્યાય ખાલી થઈ ગઈ. પરજ્ઞેયમાં સમાઈ ગઈ, પર્યાય રહી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'જ્યારે ઘટ હશે નહિ ત્યારે ઘટજ્ઞાન હશે નહિ; આથી એવી પ્રતીતિ ઊપજે છે કે જ્ઞાનના સર્વસ્વનું કર્તા જ્ઞેય છે.'** દેખો! આવ્યું. જ્ઞાનના સર્વસ્વનું કર્તા કોણ ? પેલું જ્ઞેય. એ.. દેવાનુપ્રિયા! ભીંત કર્તા ચિત્રનો, એમ થયું ને ? ભીંત હતી તો ચિત્ર છે, ભીંત નથી તો ચિત્ર નથી. એટલે ચિત્રનો કર્તા કોણ થયો ? ભીંત, ભીંત. ભીંત કર્તા, એનું એ કાર્ય થયું. એમ જ્ઞેય છે તો જ્ઞાન છે, જ્ઞેય છે તો જ્ઞાન છે, જ્ઞેય ઘટ છે તો જ્ઞાન છે, પટ છે તો પટજ્ઞાન છે. એટલે એ જ્ઞેય કર્તા જ્ઞાનનું થઈ ગયું. સમજાણું કાંઈ ? આહા..હા..! **'એવી પ્રતીતિ ઊપજે છે કે જ્ઞાનના સર્વસ્વનું કર્તા જ્ઞેય છે.'** દેખો! સર્વસ્વ યા..હોમ. તારી પર્યાય જ્ઞેયને લઈને તેં માની. એ જ્ઞેય જ તારું કર્તા થઈ ગયું ને જ્ઞેય પી ગયું તારી પર્યાયને. સમજાણું કાંઈ ? એને અહીંયાં મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. આ વિશેષ વાત કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

❊

*** આત્માને રાગની ભિન્નતામાં પોતાનો પુરુષાર્થ છે. રાગનો પુરુષાર્થ કે પુણ્યનો પુરુષાર્થ નથી પણ પોતાના વીર્યનો પુરુષાર્થ છે. કર્મ માર્ગ આપે તો ધર્મ થાય છે તેમ નથી. પોતાના પુરુષાર્થ દ્વારા જ્ઞાયકભાવ આવિર્ભૂત કરવામાં આવે છે. જ્ઞાયક તો જ્ઞાયક જ છે પણ તેની પ્રતીતિમાં ન હતો તે હવે પ્રતીતિમાં આવ્યો તેથી આવિર્ભૂત કરવામાં આવ્યો તેમ કહ્યું છે. જ્ઞાયકપણે પ્રભુ જણાતો ન હતો ને રાગપણે જણાતો હતો તે હવે પુરુષાર્થ દ્વારા જ્ઞાયકપણે જણાયો તેથી જ્ઞાયકભાવ આવિર્ભૂત થયો કે જે સહજ એક છે. પર્યાયમાં જ્ઞાયકભાવ આવતો નથી પણ પર્યાયમાં જ્ઞાયકભાવ જણાય છે. ૭૧૮.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## બહેનશ્રીનાં વચનામૃત, વચનામૃત–૭૮-૭૯, પ્રવચન નં. ૨૫, તા. ૩૦-૬-૧૯૭૮ [૨૦]

'વચનામૃત'નો ૭૮ બોલ. છે ? ઓલામાં આંકડા છે ? જૂનામાં પહેલાં નહોતા. **'સ્વરૂપની લીલા જાત્યંતર છે.'** શું કહે છે ? બહારની જે આ શરીર ને વાણી ને કર્મના સંયોગની જે વિચિત્રતા દેખાય છે એ બધી બહારની ઇન્દ્રજાળ છે. આ..હા..હા...! ભગવાનઆત્મા પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો સાગર પ્રભુ, એની જ્યાં દૃષ્ટિ થઈ, એનો સ્વીકાર થયો, એનું સમ્યગ્દર્શન (થયું) એ જેવી ચીજ મોટી માહાત્મ્ય(વાળી) છે તેવું તેને અંતરમાં ભાન થઈને પ્રતીત થઈ એવા જીવને, અહીં મુનિને મુખ્ય કહેશે, એવાને **'લીલા...'** – સ્વરૂપની **'લીલા...'** જાત્યાંતર છે. આ..હા..હા...! જગતના પુણ્ય-પાપની **'લીલા...'** ને સામગ્રીથી આ ચૈતન્યની **'લીલા...'** કોઈ અજબગજબ છે ! આ..હા..હા...! જેને આ ભગવાનઆત્મા ચૈતન્ય ભગવત્‌સ્વરૂપ છે ઇ, એવું જેને અંતરમાં ભાન થયું અને એ જ કરવા જેવું છે. આ..હા..હા...! એ જેને થયું એની **'લીલા...'** કોઈ અલૌકિક છે, કહે છે. આ..હા...! એક તો સાધારણ દાખલો તો એ આપ્યો હતો, રાત્રે આપ્યો હતો પણ એ સાધારણ વાત છે. આ વાત મુખ્ય મુનિની છે. આ..હા..હા...!

આત્મા રાગના વિકલ્પથી ભિન્ન છે અને પોતાના પૂર્ણ સ્વભાવથી તે એકત્વ અભિન્ન છે, એવું જ્યાં ભાન થયું, સમ્યગ્દર્શન ને સમ્યક્ જ્ઞાન (થયું) અને સ્વરૂપનું આચરણ પણ તેમાં થોડું આવ્યું. એની **'લીલા...'** કોઈ અલૌકિક છે. આ..હા..હા...! સમ્યક્ દૃષ્ટિ (કે જેને) આત્માનું ભાન છે એ કદાચિત્ લડાઈમાં ગયો.. આહા.હા...! તો એને એ જાતનો અશુભ રાગ આવ્યો, પણ ત્યાંથી છૂટીને જ્યાં અંદર ઘરે આવે છે ત્યાં નિર્વિકલ્પ ધ્યાનમાં આવી જાય છે. આ..હા..હા...! જુઓ એની **'લીલા...'** ! રાત્રે બીજો દાખલો આપ્યો હતો પણ અત્યારે આ લડાઈનો આપ્યો. 'દાસ' ! શું કહ્યું સમજાણું ? આ..હા..હા...!

જ્યાં આનંદનો સાગર, અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો સાગર પ્રભુ પોતે છે, એનું જ્યાં ભાન થયું અને રાગથી ભિન્ન જેની શક્તિની વ્યક્તિ પ્રગટ થઈ.. આ..હા..હા...! એની **'લીલા...'** કોઈ જાત્યાંતર છે. જગતની વિચિત્રતામાં ઘડીકમાં પુણ્યશાળી હોય ને બીજે ક્ષણે ગરીબ દેખાય, ઘડીકમાં ગરીબ હોય ને બીજે ક્ષણે મોટો રાજા દેખાય. એ જગતની કર્મની **'લીલા...'** જુદી જાત છે. આ..હા..હા...! આ આત્માની સંપદા જેને અંદર બેઠી, પ્રભુ ચૈતન્ય અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર

છે, એનું જેને અંતરમાં ભાન થયું અને કરવા જેવું કર્યું છે એ કરવાનું એ છે. આ..હા..હા...! એ જ્યાં ભાન થયું (તો) કહે છે કે એ કદાચિત્ લડાઈમાં ગયો હોય, રાજકુમાર હોય.. આ..હા..હા...! પણ ત્યાંથી ઘરે જ્યાં આવે છે ત્યાં ધ્યાનમાં બેસી જાય તો નિર્વિકલ્પ દશા થઈ જાય છે. બહારથી ઘરમાં આવ્યો અને બહારથી અંદરમાં આવ્યો. આ..હા..હા...! હવે કોઈ વખતે તે લડાઈમાં ઊભો હોય અને અંદરમાં જરી થયું હોય એમાં થોડી વાર લાગતી હોય, એમાં અંદરમાં ધ્યાનમાં ચડી જાય, નિર્વિકલ્પ થઈ જાય. એવી જેને અંતર સ્થિતિની સંપદા છે. આહા...હા...! જેના અંતરમાં અનંતો આનંદનો દરિયો ભર્યો છે, એવો સ્વયંભૂસ્વરૂપ ભગવાનઆત્મા, એની **'લીલા...'** કોઈ અલૌકિક છે. આ..હા..હા...!

એ કદાચિત્ ભોગમાં પડ્યો હોય, 'ભરતેશ વૈભવ'માં એ આવે છે ને ! 'ભરતેશ વૈભવ'માં. આ..હા...! આ તો એક વસ્તુની સ્થિતિ છે. આ..હા..હા...! ભોગના વિકલ્પમાં આવ્યો ને વિકલ્પ થયો ને થયું. આ..હા..હા...! પણ અંતરમાંથી જ્યાં નિવૃત્ત લ્યે છે, બીજે ક્ષણે જ્યાં નીચે ઊતરીને ધ્યાનમાં બેસે તો નિર્વિકલ્પતા થઈ જાય છે. આ..હા..હા...! એ એને લઈને નહિ, એ વસ્તુના માહાત્મ્યને લઈને છે. આ..હા..હા...! ચૈતન્ય ભગવાન અંદર સહજાનંદ પ્રભુ, એવી જેને અંતરમાં ચીજ ખીલી નીકળી. રાગ અને આત્માની એકતામાં તો તાળા માર્યા હતા, એ સંપદાને તાળા માર્યા હતા. આ..હા..હા...! ઝીણું બહુ, ભાઈ ! એ રાગને અને આત્માને જ્યાં ભિન્ન પાડ્યો... આ..હા..હા...! સ્વરૂપની એકત્વતા અને રાગની વિભક્તતા થઈ ત્યાં ખજાનો ખુલી ગયો. ખજાનામાં તાળા હતા એ ખુલી ગયા. આ..હા..હા...! એ જીવ કદાચિત્.. આ..હા..હા...! વિષયની વાસનામાં પણ આવી ગયો હોય છતાં બીજી ઘડીએ.. આ..હા..હા...! એની અંતરની વસ્તુ જ એવી છે... આ..હા..હા...! કે આનંદનો સાગર જ્યાં ઉછળ્યો (ત્યાં) એ બીજી ક્ષણે નિર્વિકલ્પ થઈ જાય. 'ભરતેશ વૈભવ'માં આવે છે. 'ભરતેશ વૈભવ' પુસ્તક, નથી ? 'ભરતેશ વૈભવ'નું પુસ્તક છે. એમાં એવું આવે છે. આ..હા..હા...! એ વસ્તુ ભોગને સ્થાપતા નથી. એની આત્માની અચિંત્ય શક્તિ જ્યાં પ્રગટી.. આ..હા..હા...! આ..હા..હા...! પૂર્ણાનંદનો નાથ જ્યાં અંદરમાં જાગ્યો અને જગાડ્યો.. આ..હા..હા...! 'જાગીને જોઉં તો જગત દીસે નહિ' આ..હા..હા...! એવા જે ચૈતન્ય ભગવાનમાં દૃષ્ટિ થઈ, આ સમ્યગ્દર્શનમાં પણ એની **'લીલા...'** તો જુઓ, કહે છે. આ..હા..હા...! અને સમ્યગ્દૃષ્ટિ વિનાના પ્રાણી વ્રત ને તપ ને ભક્તિ કરે એ બધું મિથ્યાત્વના બંધનમાં જાય. કારણ કે એને ધર્મ માને ને ઠીક માને. આ..હા..હા...!

ત્યારે સમકિતી(ને) આત્માના જ્ઞાનની અંતરની શક્તિની **'લીલા...'** અંદરમાં જાગી... આ..હા..હા...! એ જગતના કોઈ ચોરાશીના અવતારમાં કે દેવમાં પણ જેની જાત નથી એવી જેને જાતની અંતર દૃષ્ટિ થઈ, આનંદના સાગરને પર્યાયમાં ઉછાળીને અતીન્દ્રિય આનંદ આવ્યો. આ..હા..હા...! લડાઈ આદિની વાત કરી કે એવા ભાગમાં આવી જાય છતાં એની પાસે આખો આત્મા તાબે થઈ ગયો

છે. આ..હા..હા...! પૂર્ણાનંદના નાથને જેણે અંદરમાં સ્વીકાર્યો, એવી જે દૃષ્ટિ અનુભવની થઈ... આ..હા..હા...! 'હીરાભાઈ' ! આવી વાતું છે, બાપુ ! દિગંબર સંતો જાહેર કરે છે. બાપુ ! તારી સંપદાની તને ખબર પડે તો એ સંપદા એવી છે.. આ..હા..હા...! કે તારી લીલામાં.. આ..હા..હા...! અશુભ ધ્યાન આવી જાય, કોઈ આર્તધ્યાન, રૌદ્રધ્યાન (આવી જાય) પણ બીજે ક્ષણે ધ્યાનમાં બેસી જાય (તો) નિર્વિકલ્પ થઈ જાય. આ..હા..હા...!

**શ્રોતા :–** મંદિર જવાની જરૂર ન પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભગવાન બેઠો છે અંદર. અંદર ભગવાનમાં જોવા બેઠો ને. આ..હા..હા...!

પરમબ્રહ્મ સ્વરૂપ પરમબ્રહ્મ આનંદસ્વરૂપ પ્રભુ, એને જ્યાં નિહાળવા ગયો... આ..હા..હા...! ત્યાં વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ દશા થઈ જાય. બાપુ ! આ ચીજ શું છે ? ગજબ છે ! અહીં તો બેને મુનિનું નાખ્યું છે પણ પહેલાં ભાવમાં આમ આવ્યું હતું. આ..હા..હા...! બાપુ ! એ વસ્તુ, પ્રભુ ! એ ચૈતન્ય જે ભગવાન અંદર જેણે સર્વજ્ઞસ્વભાવી આત્મા છે એવું કહ્યું અને જેણે જાણીને જોયું.. આ..હા..હા...! એ સર્વજ્ઞ પ્રભુ આત્મા, એનો જ્યાં અંતર અનુભવ થયો, કોઈ જીવ તો નિગોદમાંથી સીધો નીકળી, એકાદ ભવ ભલે વચ્ચે કર્યો હોય, અને માણસ થયો હોય અને માણસ થઈને આઠ વર્ષની ઉંમર હોય, એમાં સમકિત પામે. આ..હા..હા...! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નથી કહ્યું ? સબ અવસર આ ગયા હૈ. આ..હા..હા...! એમાં આઠ વર્ષની ઉંમરે (આ) વાત સાંભળી, પ્રભુ ! તું મહાપ્રભુ છો અંદર. આ..હા...! માહાત્મ્ય તારું અલૌકિક ! વાણીમાં પૂરું ન પડે, પ્રભુ ! એવો તું છો. આ..હા..હા...! એવું એણે સાંભળ્યું અને અંતરમાં ગયો ને સમકિત પામે. સમકિત પામે અને તરત જ નવ કોટિએ ત્યાગ કરીને એને મુનિપણું થાય. આ..હા..હા...! અને એમાં સ્થિર થાય ત્યાં અંતર્મુહૂર્તે કેવળ થાય અને કેવળ થાય ને અંતર્મુહૂર્ત થાય ત્યાં દેહ છૂટીને સિદ્ધ થઈ જાય ! આ..હા..હા...! પ્રભુ ! તારી '**લીલા...**'નો પાર નથી, ભાઈ ! તને ખબર નથી. જગતની ઈશ્વરની '**લીલા...**'ઓ અને એ બધી વાતું ગપેગપ છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ?

'**સ્વરૂપની લીલા જાત્યંતર છે.**' જગતની જાતથી કોઈ જુદી જાત છે. આ..હા..હા...! એણે સાંભળ્યું નથી, કોઈ દિ' કર્યું નથી. આ..હા..હા...! '**મુનિરાજ ચૈતન્યના બાગમાં રમતાં રમતાં...**' આ..હા..હા...! જેમ બાગમાં ફૂલની સુગંધ લેવા જાય અને ત્યાં મશગુલ – લીન થઈ જાય, એમ આતમબાગ, અનંતા ગુણો જ્યાં ખીલ્યા છે... આ..હા..હા...! સમ્યગ્દર્શન, જ્ઞાન અને અહીં તો મુનિને ચારિત્ર થયું છે. અંતર નિમગ્ન (છે), ઘણી આનંદની દશા પ્રગટી છે. આહા...હા...! બાપુ ! મુનિપણું બહુ આકરી ચીજ છે, ભાઈ ! જૈન પરમેશ્વર કહે એ મુનિપણું, હોં ! આ..હા..હા...! જેને વસ્ત્રનો કટકોય ન હોય, પાત્ર ન હોય. આ..હા...! બાહ્યમાં નગ્નપણું હોય, અભ્યંતરમાં એકલા આનંદના નાથનો અનુભવ હોય. આ..હા..હા...! પ્રચુર અતીન્દ્રિય આનંદ !

એવા મુનિરાજ '**ચૈતન્યના બાગમાં...**' આ ચૈતન્યના બાગ જ્યાં ખીલેલા છે. આ..હા..હા...!

સમ્યગ્દર્શનપૂર્વક જ્યાં ચારિત્ર થયું છે એને તો અનંતા ગુણો ખીલી નીકળ્યા છે. ભલે કેવળજ્ઞાન જેટલા ખીલ્યા હોય નહિ પણ ખીલી નીકળ્યા છે. શ્રદ્ધા, જ્ઞાન, આનંદ, ચારિત્ર, શાંતિ, સ્વચ્છતા, ઈશ્વરતા જેની પર્યાયમાં અનંતા ગુણો ખીલી ગયા છે. આ..હા...! એ ખીલેલા બાગમાં રમતાં રાગની રમતું છોડીને ચૈતન્યના સ્વભાવની રમતુંમાં આવતાં... આ..હા..હા...! આવી વાતું. **'કર્મના ફળનો નાશ કરે છે.'** ઇ શું કહ્યું ? અતીન્દ્રિય આનંદના ફળને વેદે છે, અનુભવે છે એથી એના કર્મના ફળનો નાશ થઈ જાય છે. આ..હા...! કર્મ ઉદય આવીને ખરી જાય છે. આ..હા..હા...!

ભગવાનઆત્માના સ્વરૂપમાં જેની લીનતા જાગી છે.. આ..હા..હા...! જેના અનંતા ગુણો ખીલ્યા છે. બાગ કીધો હતો ને ? બાગમાં ફૂલ, ઝાડ હોય ને, ફૂલ, ઝાડ ! હજારો ફૂલ, ઝાડ ! ફૂલ.. ફૂલ.. ફૂલ આમ (દેખાય). આ..હા...! એમ આ ભગવાનના બાગમાં અનંતી શક્તિના જે ગુણો હતા એ પર્યાયમાં ખીલી ગયા, નીકળી ગયા. આ..હા..હા...! અહીં તો ચારિત્ર છે ને ! આ..હા..હા...! એ મુનિરાજ આત્મબાગમાં રમતાં રમતાં, **'લીલા...'** કરતાં કરતાં એટલે કંઈ દુઃખ નહિ, એમ કહે છે. આ..હા...! અનંત આનંદની ધારામાં રમતાં રમતાં **'કર્મના ફળનો નાશ કરે છે.'** આ..હા..હા...! એ વ્યવહારથી કહે છે, બાકી કર્મફળ તે વખતે ઉત્પન્ન થતું નથી એને નાશ કરે છે એમ કહેવામાં આવે છે. આ..હા..હા...!

**'બહારમાં આસક્તિ હતી...'** પહેલી આસક્તિ હતી ત્યારે જે રસ બહારમાં હતો તે **'તોડી સ્વરૂપમાં મંથર – સ્વરૂપમાં લીન થઈ ગયા...'** આ..હા..હા...! જ્યાં આનંદાદિ ગુણો ખીલ્યા છે એમાં મુનિરાજ લીન થયા. આ..હા..હા...! જેને મહાવ્રતાદિ વિકલ્પથી પણ જુદો પડી અને અતીન્દ્રિય આનંદમાં જ્યાં લીન છે. મંથર કીધું, મંથર એટલે લીન. બહારની આસક્તિ – રસ તોડી અને સ્વરૂપના રસમાં મંથર – લીન થયો છે. આ..હા..હા...! એટલે લીન થઈ ગયા છે. આ..હા..હા...!

એ **'સ્વરૂપ જ તેમનું આસન,...'** છે. આ..હા..હા...! ઉદાસીન છે એટલે ? રાગમાં જેનું આસન નથી, રાગમાં એ બેઠો નથી. આ..હા..હા...! પૂર્ણાનંદના નાથમાં જેનું આસન છે. પૂર્ણાનંદ પ્રભુ અંતર અતીન્દ્રિય આનંદનો સાગર, એમાં જેનું આસન છે, ત્યાં જે બેઠો છે, ત્યાં વિશ્રામ લીધો છે. આ..હા..હા...! મંથર ! **'સ્વરૂપ જ તેમનું આસન,...'** છે. શુદ્ધ આનંદઘન નાથ, એમાં જ જેની બેસણી (છે), એમાં જ જેની બેસણી છે. આ..હા..હા...! એમાં જેની બેઠક છે. કોઈ માણસ નથી કહેતા ? કે ભાઈ ! ઓ'લા માણસ બધા ભેગા થાય છે ને ત્યાં બે ઘડી બેસવા જાય છે. અહીં કહે છે કે એ નિવૃત્તિ લઈને અંદરમાં બેસવા જાય છે. આ..હા..હા...!

જ્યાં પ્રભુની અંતર અનંત સંપદા પડી છે. પ્રભુ ! તું પૂર્ણ સંપદાનો ધણી છો, નાથ ! તું નાનો નથી. આ..હા...! તું પામર નથી, તું સ્ત્રી નહિ, તું પુરુષ નહિ, તું મનુષ્ય નહિ, તું દેવ નહિ, તું પર્યાપ્ત નહિ, તું અપર્યાપ્ત નહિ, તું રાગ નહિ, તું દ્વેષ નહિ. આ..હા..હા...! પ્રભુ ! તારામાં પ્રભુતાનો પાર નથી ને, નાથ ! આ..હા..હા...! એવી પ્રભુતામાં જેની લીનતા થઈ છે એનું આસન

ત્યાં છે. આ..હા..હા...! ત્યાં નિરાંતે બેઠા છે, એમ કહે છે. આ..હા..હા...! ભાષા જરી સાદી છે, ભાવ જરી બહુ ઊંચા છે. સમજાણું કાંઈ ? આ..હા...!

અંતરના આનંદની રમતુંમાં ચડ્યો છે... આ..હા..હા...! એને આસન સ્વરૂપ છે. અરે...! જેની બેઠક સ્વરૂપમાં છે, રાગમાં નહિ. વ્યવહાર રત્નત્રય રાગના વિકલ્પમાં એની બેઠક નહિ. આ..હા..હા...! સમજાય એટલું સમજવું, બાપુ ! આ તો ટૂંકી ભાષા છે, ભાવ ઘણા અંદર છે. આ..હા...! એનું આસન... 'શ્રીમદ્'માં એક પત્ર આવે છે, ભાઈ ! 'શ્રીમદ્'માં એક પત્ર આવે છે. અમારું બેસવું, અમારું ખાવું-પીવું બધું આનંદ છે. એક પત્ર આવે છે. નહિતર એ તો ગૃહસ્થાશ્રમ(માં) છે. આખો મોટો પત્ર છે. આ..હા...! એમાં ઘણાં બોલ છે. આસન છે, આ છે, આ છે, આ છે. એમાં બધું આત્મામાં અમારું સ્થાન છે. આ..હા..હા...! ભલે રાગાદિ આવે છતાં એનો આદર નથી અને આદર તો ત્રિકાળી જ્ઞાયક સ્વભાવનો (છે), ત્યાં અમારું આસન લગાવ્યું છે. આ..હા..હા...! એ આસન અમારું, એ ખાવું એ અમારું, અનુભવ એનો, ભોગ એનો, કર્તા એનો, ભોક્તા એનો. આ..હા..હા...!

અહીં તો મુનિની દશા(ની વાત કરે છે), પણ સમ્યગ્દૃષ્ટિ છે, એનું આસન તો સ્વરૂપમાં પૂર્ણાનંદમાં આદર છે. આ..હા..હા...! એ સ્વરૂપ જ જેની નિંદ્રા છે. સુવે છે ઇ સ્વરૂપમાં, એમ કહે છે. આ..હા..હા...! મુનિરાજ કે સમકિતી.. આ..હા...! મુનિરાજની તો વિશેષ ચારિત્રદશા છે, અંતર દશા ક્ષણે ને પળે છઠ્ઠું–સાતમું આવે છે, વનમાં વિચરતા હોય છે. વાઘ ને સિંહની વચ્ચે બેઠા હોય છે. આ..હા..હા...! દિગંબર મુનિ સંત બહાર પડ્યા હોય.

**'એકાકી વિચરતો વળી સ્મશાનમાં,**
**એકાકી વિચરતો વળી સ્મશાનમાં,**
**વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો,**

અડોલ આસન ને...' શરીર તો અડોલ હોય (પણ) 'મનમાં નહિ ક્ષોભતા' અંતર આનંદની લહેરમાં પડ્યો છે. આ..હા..હા...! એને કોઈ સિંહ શરીર લેવા આવે, એને જોઈતું હોય અને મારું છે નહિ, મારે જોઈતું નથી. આ..હા..હા...!

**'પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો,**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?'**

આ..હા..હા...! જંગલમાં પડી એકલા વનમાં રહેતાં, વાઘ ને સિંહની ત્રાડમાં બેઠા શાંતિમાં. શરીર તો ચળે–ડગે નહિ પણ મન ડગે નહિ. એવી જેની સ્વરૂપની અંદરમાં.. આ..હા...! નિંદ્રા (છે) એ સ્વરૂપમાં સૂતા છે. આ..હા..હા...! સ્વરૂપમાં ઘોરે છે. જેમ ઓ'લો નિંદ્રામાં ઘોરે ને ? શું કહેવાય ? ઘોરે છે, અમારી ગુજરાતી ભાષા છે. આ નાક(માં નસકોરા બોલે ને) ? હં.. હં... શ્વાસ થાય ને ? એ સુવે ત્યાં શ્વાસ હં... (થાય), એ નિંદ્રામાં ઘોરે છે. એમ મુનિરાજ નિંદ્રામાં આત્માના સ્વરૂપમાં ઘોરે છે. આ..હા..હા...!

**'સ્વરૂપ જ આહાર છે;...'** આ ખોરાક – આહાર લ્યે છે એ એનો આહાર નથી. એ તો એનું જ્ઞેય – પરજ્ઞેય છે. આ..હા..હા...! એનો તો અતીન્દ્રિય આનંદનો ખોરાક છે. 'ઋષભદેવ' ભગવાને દીક્ષિત થઈને પ્રતિજ્ઞા (લઈને) પહેલાં છ મહિનાના અપવાસ કર્યા, ત્યાં સુધી તો આહારનો વિકલ્પ આવ્યો નહિ, પછી આહારનો વિકલ્પ આવ્યો. ભિક્ષા માટે જાય પણ મળે નહિ, ઓ'લા લોકોને કાંઈ વિધિ આવડે નહિ. એ વિકલ્પ તૂટીને આનંદના ખોરાકમાં જાય. એ છ મહિના બીજા ગયા. લોકોને એમ થયું કે આહાર ન મળ્યો માટે (દુઃખ હતું). (પરંતુ) એને તો આનંદનો ખોરાક હતો. ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ ! આ.હા..હા...! અતીન્દ્રિય આનંદના જેને કોળિયા ! આ..હા..હા...! એ અતીન્દ્રિય આનંદના ગ્રાસ ખાતા હતા. આ કોળિયા આહારના જડના એ તો પરવસ્તુ છે. એ કંઈ આત્મા લઈ શકતો નથી, ખાઈ શકતો નથી. આ..હા..હા...!

આત્મામાં અતીન્દ્રિય આનંદ છે, અંદર અતીન્દ્રિય આનંદ પડ્યો છે. આ..હા...! મુનિરાજને અતીન્દ્રિય આનંદનો ખોરાક છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? આ વાત જગતને આકરી પડે. કોઈ દિ' સાંભળી ન હોય. બહારના કડાકૂટામાં પડ્યા. સ્વરૂપ એનું જે અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ, એવો જે ભગવાનઆત્માનો સ્વરૂપનો સ્વભાવ, એનું જ્યાં સમ્યગ્દર્શન થયું અને એ ઉપરાંત જેની ચારિત્ર – રમણતા થઈ એને તો આનંદનો ખોરાક છે, કહે છે. આ..હા..હા...! અતીન્દ્રિય આનંદના ભોજનના કોળિયા – ગ્રાસ લ્યે છે. આહા.હા...! છે ?

**'તેઓ સ્વરૂપમાં જ લીલા,...'** આ..હા...! **'તેઓ સ્વરૂપમાં જ લીલા,...'** કરે છે. આ..હા..હા...! સમ્યગ્દષ્ટિ (હોય) એને પણ સ્વરૂપમાં **'લીલા...'** છે, છતાં એને હજી રાગનો ભાવ વિશેષ આવે. છતાં સમકિતીને તેનો આદર નથી. ભક્તિનો, પૂજાનો, દાનનો શુભરાગ આવે પણ એ રાગના ભાવનો આદર નથી. આ..હા..હા...! જેણે આત્મજ્ઞાનમાં જેને હેય જાણ્યા છે, ઇ છે ખરો, વ્યવહારનયનો વિષય આવે છે, હોય છે પણ એ હેય તરીકે જાણે છે. આ..હા..હા...! સમ્યગ્દષ્ટિ ધર્મની પહેલી સીઢી.. આ..હા...! પોતાના આનંદસ્વરૂપમાં લીન છે એ રાગ આવે એમાં એ લીનતા, એકત્વબુદ્ધિ નથી. આ..હા..હા...! એનું નામ સમ્યગ્દર્શન અને મુનિપણું છે, બાપુ ! આ લોકો માની બેસે કે અમે ધર્મી છીએ. પૂજા કરીએ ને ભક્તિ કરીએ ને જાત્રા કરીએ (એટલે) થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. ધર્મ તો નથી પણ પુણ્યાનુબંધી પુણ્ય પણ નથી. આ..હા..હા...! પંડિતજી ! આ..હા..હા...!

જ્યાં અંદર રાગના, દયા, દાનના વિકલ્પ પણ દુઃખરૂપ લાગે અને અંતરના આનંદનો સ્વાદ જેને અંતર આવે, એને અહીં સમકિતી કહે અને એને મુનિપણું (કહીએ). વિશેષ આનંદની દશા આવે એને મુનિપણું કહીએ. આ..હા..હા...! એ મુનિ **'સ્વરૂપમાં જ લીલા,...'** કરે છે. આ..હા...! એની રમતું આત્માના સ્વરૂપમાં છે. એ રાગની રમતથી છૂટી ગયા છે. આ..હા...! 'નિજપદ રમે સો રામ કહીએ' આ..હા...! ઓ'લું આવ્યું હતું. 'આનંદઘનજી'માં આવે છે. 'નિજપદ રમે સો રામ' રામ એને કહીએ. બાકી રાગના પુણ્ય પરિણામમાં રમે એ તો હરામ છે. આ..હા..હા...! આકરી

વાતું છે, બાપા ! વીતરાગ સર્વજ્ઞનો માર્ગ બહુ અપૂર્વ અને અપૂર્વ લાભદાયક છે. અપૂર્વ અને અપૂર્વ લાભદાયક છે. કોઈ દિ' અતીન્દ્રિય આનંદનો લાભ મળ્યો નહિ એવો લાભદાયક છે. આ..હા..હા...!

અહીંયાં કહે છે, '**તેઓ સ્વરૂપમાં જ લીલા, સ્વરૂપમાં જ વિચરણ કરે છે.**' સમકિતી જ્ઞાની અને મુનિઓ, એનો આદર ત્રિકાળી આનંદકંદના નાથમાં છે. ત્યાં જ '**લીલા...**' કરે ને વિચરે છે, રાગમાં વિચરતા નથી. આ..હા..હા...! ઇ આવે છે, નહિ ? ૪૧૩ ગાથા. પરમાં ન વિચર, આવે છે. આ..હા..હા...! 'સમયસાર'ની ૪૧૩ ગાથા. પ્રભુ ! તારું સ્વરૂપ અંદર આનંદ, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય ઈશ્વરતા, અતીન્દ્રિય શાંતિ ને અતીન્દ્રિય સ્વચ્છતા, નીરોગતાથી ભરેલું તત્ત્વ છે.

સ્વ-સ્થ – પોતામાં પોતે છે ત્યાં. એમાં એને કહે છે કે વિચરનાર ધર્મી એમાં વિચરે છે. આ..હા..હા...! એને રાગ આવે છતાં તેમાં એનો આદર નથી. એટલે એનું વિચરવું ત્યાં રાગમાં નથી. આ..હા..હા...! વ્યવહાર રત્નત્રયનો રાગ આવે, આત્મજ્ઞાન અને અનુભવ થયો છતાં, છતાં તેમાં એનો આદર નથી. અંદર આનંદનો આદર છે. આ..હા..હા...! આ વાત ક્યારે બેસે ? સાંભળવા મળે નહિ બિચારાને. આ..હા..હા...! વરાંકા કીધા છે, રાંકા, વરાંકા ! આ..હા..હા...!

ચૈતન્યના આનંદ આદિની લક્ષ્મી, પુણ્ય-પાપના વિકલ્પથી – રાગથી ભિન્ન પડી છે એનું જેને ભાન નથી, એ બધા ભિખારા રાંકા.. રાંકા.. રાંકા.. છે. ભલે એ અબજોપતિ હોય, મોટો દેવ હોય. આ..હા...! ચાલતું મડદું છે. ચૈતન્ય અંદર કોણ છે ? અંદર આનંદનો નાથ પ્રભુ નિર્વિકલ્પ ચીજ છે, જેમાં પુણ્ય ને પાપના રાગનો અવકાશ નથી, એવી ચીજનું જ્યાં ભાન થાય, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન (થાય) એ ઉપરાંત સ્વરૂપમાં રમણતા (થાય). આ..હા..હા...! એ તો સ્વરૂપમાં વિચરણ કરે છે.

'**સંપૂર્ણ શ્રામણ્ય પ્રગટાવી...**' સંતો એને કહીએ કે જે આનંદમાં વિચરે છે અને એ આનંદને સંપૂર્ણપણે શ્રામણ્ય પ્રગટાવી. આ..હા..હા...! વીતરાગતા અંદર સંપૂર્ણપણે પ્રગટાવી '**તેઓ લીલામાત્રમાં શ્રેણી માંડી...**' આ..હા..હા...! '**કેવળજ્ઞાન પ્રગટાવે છે.**' આ..હા..હા...! ભરત ચક્રવર્તી આત્મજ્ઞાની સમકિતી અનુભવ હતો. એ રાગનો કણ પણ આદરણીય નહોતા માનતા. એ છ ખંડના રાજની આસક્તિ છૂટી અને જ્યાં ધ્યાનમાં બેસે છે... આ..હા..હા...! ત્યાં વસ્ત્ર આદિ પરિગ્રહનો નવ કોટિએ ત્યાગ થઈ જાય છે, અંતર દશામાં રમે છે, કેવળજ્ઞાન થઈ જાય છે. આ..હા...! એના અરીસાભુવનમાં.. અરીસાભુવન સમજે ? ચારે કોર અરીસા હોય. ચારે બાજુ અત્યારે હોય છે ને. ચારે કોર મકાનમાં અરીસા હોય. અને એ તો ચક્રવર્તી (હતા), દેવના બનાવેલા અરીસાનું મકાન ને એમાં બેઠા એમાં અંતરથી નિવૃત્તિ થઈ ગઈ. સમકિતી તો હતા જ. આ..હા...! ત્યાં ને ત્યાં અંતર્મુહૂર્તમાં નવ કોટિએ વસ્ત્ર આદિ છૂટી ગયા, નગ્ન દશા થઈ અને અંદરમાં રમણતા કરતાં, અંતર્મુહૂર્તે કેવળજ્ઞાન થયું. આ..હા..હા...!

**શ્રોતા :–** દીક્ષા લેવા ન ગયા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ દીક્ષા લીધી ને, કીધું ને. પહેલાં અંતર્મુહૂર્તમાં વિકલ્પ ઊઠ્યો. આત્મ અનુભવ તો છે, આનંદનું ભાન તો છે. વિકલ્પ ઊઠ્યો કે આ છોડું. એ છૂટી ગયું, ધ્યાનમાં બેઠા. ત્યારે એકદમ પહેલું સાતમું ગુણસ્થાન આવ્યું. આ..હા..હા...! અને સ્થિર થયા, શ્રેણી માંડી કેવળજ્ઞાન થયું. આ..હા..હા...! એવું છે.

એવી જ એની તાકાત છે, એમ કહે છે. આ..હા..હા...! બાપુ ! તને એના સામર્થ્યની, એની શૂરવીરતાની (ખબર નથી). જેમાં એકલો વીરરસ ભર્યો છે, વીર્ય પણ વીરરસથી ભરેલું વીર્ય છે. આ..હા..હા...! એવું જેને સમ્યગ્દર્શન થયું, રાગથી અને નિમિત્તથી ભિન્ન પડી અને સ્વરૂપના સ્વીકારમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો એને અહીં સમકિતી કહે છે. એ સ્વાદમાં રમતાં ચારિત્ર થઈ જાય છે અને એ સ્વાદમાં વિશેષ એકાકાર થતાં, સ્થિર થતાં કેવળજ્ઞાન થઈ જાય છે. આ..હા..હા...! આકરી વાત છે, બાપુ ! દુનિયાથી જુદી છે અને દુનિયા કહે છે એ બધી ખબર છે ને. ઇ છે, બધી ખબરું (છે). જગત ક્યાં છે, (ક્યાં) ઊભું છે ? (ખબર છે). આ..હા...! વ્યવહારના બહારમાં દયા, દાન, વ્રત, ભક્તિ ને તપ એ તો બધો શુભરાગ છે. ત્યાં ઊભા ધર્મ માને છે તો મિથ્યાદૃષ્ટિ છે. એ રાગમાં ઊભા છે. ધર્મી છે તે સ્વભાવમાં ઊભા છે. આ..હા..હા...! આકરું કામ. '**લીલામાત્રમાં શ્રેણી માંડી કેવળજ્ઞાન પ્રગટાવે છે.**' ૭૮ (બોલ પૂરો) થયો.

૭૯. શું કહે છે હવે ? '**શુદ્ધસ્વરૂપ આત્મામાં જાણે વિકાર અંદર પેસી (પ્રવેશી) કેમ ગયા હોય...**' એમ અજ્ઞાનીને ભાસે છે. મિથ્યાદૃષ્ટિ જેને ધર્મની ખબર નથી, ભલે જૈન વાડામાં જન્મ્યા હોય, દેવ-ગુરુ-શાસ્ત્રને માનતા હોય પણ એ તો બધો વિકલ્પ ને રાગ છે. આ..હા...! '**શુદ્ધસ્વરૂપ આત્મામાં જાણે વિકાર અંદર પેસી (પ્રવેશી) કેમ ગયા હોય તેવું દેખાય છે,...**' શું કહેવા માગે છે ? કે રાગ જે થાય છે એ જાણે આત્મામાં અંદરમાં હોય એમ અજ્ઞાનીને ભાસે છે, પણ ખરેખર તો... આ..હા..હા...!

'**પણ ભેદજ્ઞાન પ્રગટ કરતાં...**' એ રાગ ભલે દયા, દાન, વ્રત, ભક્તિ, પ્રભુનું સ્મરણ (કરે) એ બધો રાગ છે, વિકલ્પ છે. આ..હા..હા...! એ વિકલ્પ જાણે આત્મામાં પેઠો (હોય), એકાકાર હોય એમ માનીને બેઠા છે એ અજ્ઞાની છે, એ મિથ્યાદૃષ્ટિ છે. ચાહે તો સાધુ દિગંબર મુનિ થયેલો હોય પણ રાગથી મને લાભ થશે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ છે. આ..હા...! (વિકાર) અંદર પેસી ગયો હોય એમ માને છે. એ રાગ મારો છે અને રાગથી મને લાભ થશે. આહા...હા...!

'**પણ ભેદજ્ઞાન પ્રગટ કરતાં...**' શું કહે છે ? એ રાગથી ભિન્ન પડીને સમ્યગ્દર્શન ને જ્ઞાન કરતાં '**તેઓ જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં પ્રતિબિંબરૂપ છે.**' જેમ અરીસામાં સામે અગ્નિ આદિ દેખાય એ પ્રતિબિંબ છે, અગ્નિ ત્યાં નથી. એમ જ્ઞાનમાં આત્માનું ભાન, સમ્યગ્દર્શન થતાં એને રાગનું જ્ઞાન થાય, એ રાગમાં મારું સ્વરૂપ છે એમ નહિ, પણ અરીસામાં જેમ એ ચીજ દેખાય એમ જ્ઞાનમાં

રાગ જણાય. સવારમાં આવ્યું હતું. સમજાણું કાંઈ ?

ધર્મી જીવને ચૈતન્યના આનંદના સ્વરૂપનો અનુભવ હોવાથી અને અતીન્દ્રિય જ્ઞાનનું જ્ઞાન હોવાથી તેની પર્યાયમાં જ્ઞાનની નિર્મળતા એવી હોય છે કે રાગ તેને જણાય, પ્રતિબિંબ રૂપે જણાય, રાગ મારો છે એમ નહિ. અરીસામાં જેમ અગ્નિ જણાય, એ અગ્નિ ત્યાં અરીસામાં નથી. એમ આત્મામાં એ રાગ જણાય, એ રાગ જણાતો નથી, રાગ સંબંધીનું પોતાનું જ્ઞાન છે એ જણાય છે. સવારમાં આવ્યું હતું. ઝીણું બહુ, ભાઈ ! આ તો આકરું કામ. આ..હા..હા...! દુનિયાને તો બિચારાને મળ્યું નથી, સાંભળવા મળ્યું નથી. વસ્તુ તો ક્યાં છે ? આ..હા..હા...! એવું જગત અંધારામાં પડ્યું છે. આ..હા...!

ચૈતન્યચંદ્ર અંદર જે ભગવાન શીતળ જિનસ્વરૂપે બિરાજે છે, જિનસ્વરૂપ જ એનું ત્રિકાળી સ્વરૂપ છે. 'ઘટ ઘટ અંતર જિન વસે' નહોતું કહ્યું ? 'ઘટ ઘટ અંતર જિન વસે' 'સમયસાર નાટક'નો શબ્દ છે. 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન, પણ મતમદિરા કે પાન સો મતવાલા સમજે ન !' પોતાના મતના દારૂ પીધેલા છે. આ..હા...! એ જિનસ્વરૂપી વીતરાગ હું છું, રાગ મારામાં નથી એ વાત અજ્ઞાનીને બેસતી નથી. આ..હા..હા...! પણ રાગ આવ્યો, જેમ અરીસામાં સ્વચ્છતામાં પ્રતિબિંબ જણાય છે, એમ જ્ઞાનમાં રાગ જણાય છે. એ પણ કહેવું એ વ્યવહાર છે. પણ અહીં તો દૃષ્ટાંત દેવો છે ને. આ..હા..હા...!

જ્ઞાનની પર્યાયમાં રાગ આવ્યો તેનું જ્ઞાન, પોતે જ્ઞાનની પર્યાયથી જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી તે જ્ઞાનનું ઝલક, રાગની ઝલક અહીં આવી એમ કહેવામાં આવે. બાકી તો રાગ સંબંધીનું જ્ઞાન પોતાથી પોતાને પ્રગટ્યું છે. આ..હા..હા...! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ પણ રાગ છે. પરદ્રવ્ય છે ને. આ..હા..હા...! આકરું કામ, જગતને કઠણ પડે. એ રાગ છે એ આત્માના સ્વભાવમાં પેઠો નથી. પણ જ્ઞાની – ધર્મી આત્માના સ્વભાવને જાણે છે, તેની જ્ઞાનની પર્યાયમાં એ રાગની ઝલક એટલે તેનું જ્ઞાન થાય છે. એમ અત્યારે તો કહેવું છે. ખરેખર તો તે સમયની પર્યાય પોતાને જાણે અને રાગને જાણે એવો જ વિકાસ અને પ્રગટ પર્યાય થાય છે. એમાં રાગ પેસતો નથી પણ રાગ સંબંધીનું જ્ઞાન પોતાનું પોતાથી થાય છે. આ..હા..હા...! પ્રભુ... પ્રભુ ! શું કરે ? ભાઈ ! આ..હા..હા...! જગત ક્યાં ઊભું છે અને માર્ગ ક્યાં છે ? (એની લોકોને) ખબર નથી. આ..હા..હા...! ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવ એ કહે છે એ સંતો કહે છે. એ આ વાણી છે. આ..હા..હા...!

રાગનો વિકલ્પ જે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના વિકલ્પ – રાગ એ કંઈ આત્મામાં પેઠા નથી. ત્યારે થાય છે ને ? ધર્મીને પણ થાય છે ને. અંદર પેઠા નથી તો પણ થાય છે ને. એ થાય છે ઇ અરીસામાં જેમ પરચીજ પ્રતિબિંબ તરીકે જણાય જાય છે એમ જ્ઞાનમાં રાગ પ્રતિબિંબ તરીકે જણાય જાય છે. આ..હા..હા...! એવું સમકિતીનું સ્વરૂપ છે. આહા..હા....! આવું છે. છે ?

**'ભેદજ્ઞાન પ્રગટ કરતાં તેઓ જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં...'** ચૈતન્ય-અરીસો ભગવાન સ્વ-પર

પ્રકાશક જાણનારો પ્રભુ, એમાં એ **'પ્રતિબિંબ-રૂપ છે.'** રાગ તો રાગમાં રહ્યો છે, પણ ધર્મીને રાગ સંબંધીનું જ્ઞાન પ્રતિબિંબ તરીકે થાય છે. આ..હા..હા...! અરીસામાં અગ્નિ દેખાય છે એ અગ્નિ નથી. આમ અગ્નિ હોય અને અરીસામાં દેખાય, (એ) અગ્નિ નથી, અરીસાની અવસ્થા છે. અગ્નિ ત્યાં હોય તો હાથ અડાડો તો ઊનું થવું જોઈએ. અહીં અગ્નિને હાથ (અડાડો તો) ઊનું થશે. ત્યાં દેખાય એ અગ્નિ નથી, અરીસાની અવસ્થા છે. એમ રાગ છે એ દુઃખ ને આકુળતા છે. એનું અહીં જ્ઞાન થતાં આકુળતા એમાં નથી. એ રાગનું જ્ઞાન થયું તે અનાકુળ આનંદનું ત્યાં જ્ઞાન છે. આ..હા..હા...! આવી વાત છે. બહુ કામ (આકરા), બાપા ! અત્યારે ઘણો ફેર પડી ગયો છે. વાતે વાતે ફેર છે એની એને ખબર નથી. વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર ત્રિલોકનાથના આ કથનો છે. સમજાય છે ? આ..હા..હા...!

એમ આ અરીસામાં પ્રતિબિંબરૂપ છે. આ..હા..હા...! શું કહ્યું ? કે ચૈતન્યસ્વરૂપ જે ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ રાગથી ભિન્ન (છે), એમાં રાગ જણાણો તો રાગ સ્વરૂપમાં નથી. પણ ત્યારે રાગ જણાણો ને ? (તો કહે છે), એ તો પ્રતિબિંબરૂપે એની ઝળકનું જ્ઞાન થયું. અજ્ઞાનીને પણ કંઈ આત્મામાં રાગ નથી. પણ એને રાગ અને આત્મા એક માનીને રાગથી લાભ માનનારા, આત્માને એક જ માનનારા, રાગ ને આત્મા એક માને (છે). આ..હા..હા...! એ ચાહે તો સાધુ હોય તોય મિથ્યાદૃષ્ટિ છે. આ..હા..હા...! અને ગૃહસ્થાશ્રમમાં... આવે છે ને, 'રત્નકરંડ શ્રાવકાચાર'માં ? મોહી અણગાર પણ મિથ્યાદૃષ્ટિ છે અને ગૃહસ્થાશ્રમમાં સમકિતી પણ જ્ઞાની છે. 'રત્નકરંડ શ્રાવકાચાર'નો શ્લોક છે. આ..હા..હા...!

આત્મામાં રાગથી લાભ થાય એમ માનનારા રાગ આત્મામાં પેસી ગયો છે એમ માને છે. આ..હા..હા...! પણ એમ છે જ નહિ. એના જ્ઞાનમાં એ જણાવાલાયક થાય છે, પણ એને (એનું) જ્ઞાન નથી. આ..હા..હા...! જેની જ્ઞાનની પર્યાય વર્તમાન છે.. એ સવારે ચાલ્યું હતું. એ પર્યાય ત્રિકાળીને જાણે છે. આ બાજુ જુઓ તો ત્રિકાળીને જાણે છે અને આ બાજુ જુઓ તો રાગાદિ થાય તેને જાણે છે. કારણ કે એ તો જાણનારો જાણનારો જાણવાનું કાર્ય કરે છે. એ જ્ઞાયક પ્રભુ છે. આ..હા..હા...! અંદર જોતાં જ્ઞાયક સ્વરૂપને પર્યાય જાણે, બહાર જોતાં રાગનું જ્ઞાન થાય તેને તે જાણે.

અહીં તો અરીસાનું પ્રતિબિંબ કીધું. જ્ઞાનનું પ્રતિબિંબ. પ્રતિબિંબ એટલે ઇ ચીજ અહીં આવતી નથી. જેવો ત્યાં રાગ છે તેવું જ અહીં જ્ઞાન, રાગની સત્તાની અપેક્ષા રાખ્યા વિના પોતાની તે વખતની પર્યાય, સ્વ-પરપ્રકાશકના સામર્થ્યવાળી હોવાથી પોતે પોતાની ઝલકમાં રાગને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. આ..હા..હા...! આકરું કામ બહુ, ભાઈ ! જવાબદારી બહુ, શરતું ઘણી. આ..હા..હા...! શું થાય ? ભાઈ ! અનંત કાળનો અથડાયેલો. આ..હા..હા...! **'જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં પ્રતિબિંબ-રૂપ છે.'**

**'જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર.'** આ..હા..હા...! શું કીધું ? સ્વરૂપ

જે ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે અને રાગરહિત વૈરાગ્ય સ્વરૂપ છે. આ..હા..હા...! પરથી ઉદાસસ્વરૂપ છે અને સ્વથી પૂર્ણ ભરેલો છે. આ..હા..હા...! એવા **'જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી...'** જ્ઞાનની પણ અચિંત્ય શક્તિ. અચિંત્ય છે, કોઈ કલ્પનાથી એનું માપ આવે એવો નથી, બાપુ ! ભાઈ ! આ..હા..હા...! જ્ઞાન એટલે આત્માના ચૈતન્ય સ્વરૂપનું ભાન અને ચૈતન્ય જ્ઞાન છે એનું જ્ઞાન અને આ બાજુ રાગનો અભાવ, એનું નામ વૈરાગ્ય. બેયની અચિંત્ય શક્તિ છે. જ્ઞાનની અચિંત્ય શક્તિ અને વૈરાગ્યની અચિંત્ય (શક્તિ). વૈરાગ્ય આ, હોં ! બાયડી, છોકરા છોડ્યા ને વૈરાગી છે, એ વૈરાગી નથી. આ..હા..હા...! આ..હા..હા...!

અહીંયાં તો અંતરના રાગથી ભિન્ન પડીને વૈરાગ્યપણે વર્તે છે એને વૈરાગ્ય કહીએ. ચાહે તો પુણ્યનો ભાવ હોય, દયા, દાન, વ્રતનો (ભાવ હોય) એનાથી ભિન્નપણે વિરક્ત વર્તે છે. રાગથી વિરક્ત, રાગથી રક્ત નહિ. આ..હા...! રાગથી વિરક્ત, સ્વરૂપથી લીન. એવી જ્ઞાન ને વૈરાગ્યની અચિંત્ય શક્તિ અંદર છે. આ..હા...! બહુ ફેર આ તો, વાતો વાતોનો ફેર લાગે. બિચારા અજાણ્યા માણસને તો એવું લાગે શું છે આવી વાત ? વીતરાગનો માર્ગ આવો હશે ? અહીં તો સાંભળીએ (કે) જાત્રા કરો, ભક્તિ કરો, મંદિર કરો, પૂજા કરો, વ્રત પાળો, અપવાસ કરો–આવું સાંભળીએ છીએ. આ..હા..હા...! એ કરવું... કરવું એ રાગ છે અને રાગનું કરવું ઇ આત્માનું મરવું છે. આકરી વાત, બાપા ! એ જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે, એ જ્ઞાનસ્વરૂપીનું જ્ઞાન અને જ્ઞાનસ્વરૂપ ને રાગના અભાવનો વૈરાગ્ય, બેયમાં અચિંત્ય શક્તિ છે. આ..હા..હા...!

'નિર્જરા અધિકાર'માં કહ્યું છે ને ? જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ સમકિતીને હોય છે. સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને, શ્રાવક પાંચમાનો તો હજી ક્યાંય રહી ગયો. આ..હા..હા...! એ ચોથે ગુણસ્થાને છે જ્યાં એને પણ આત્માનું જ્ઞાન અને રાગનો અભાવ વૈરાગ્ય–બે શક્તિ એને પ્રગટેલી હોય છે. છે ? 'નિર્જરા અધિકાર', 'સમયસાર' ! આ..હા..હા...! સ્વરૂપના જ્ઞાનની શક્તિ પણ અચિંત્ય છે અને રાગના અભાવ સ્વભાવરૂપ વૈરાગ્યની શક્તિ પણ અચિંત્ય છે. આ..હા..હા...! છે ?

**'જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર.'** આ..હા..હા...! જ્ઞાનનો પુરુષાર્થ અને રાગરહિત વૈરાગ્યનો પુરુષાર્થ–એવો પુરુષાર્થ કર. આ..હા..હા...! અને એવી પુરુષાર્થની ધારા પ્રગટ કર. સ્વભાવ તરફનું ઢળવું અને રાગ તરફનું વિરક્ત (થવું) એવી પુરુષાર્થની ધારા પ્રગટ કર. આ..હા..હા...! એને ધર્મધારા કહેવામાં આવે છે. જ્ઞાનધારા, કર્મધારા. રાગ સાથે હોય એ કર્મધારા, પણ એનું અહીં તો પ્રતિબિંબ પડે છે. જાણે છે એ એમાં આવ્યું. રાગ જોડે હોય, હજી વીતરાગ ન હોય (એટલે). એનું પ્રતિબિંબ પડે–જાણે. આ..હા..હા...! પૂર્વાપર વિરોધરહિત વીતરાગની વાણી છે, ક્યાંય વિરોધ આવે નહિ. આ..હા...!

બારમી ગાથામાં એમ કહ્યું, સમ્યગ્દર્શન આત્માનું થાય, પૂર્ણાનંદના નાથનો અનુભવ (થાય), આનંદનો સ્વાદ (આવ્યો) એને હજી રાગ બાકી છે એને એ જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો

પ્રયોજનવાન નથી. આ..હા..હા...! કેમકે રાગનું જ્ઞાન થાય છે, રાગ જ્ઞાનમાં પેસતો નથી. સ્વરૂપના જ્ઞાનમાં રાગ આવતો નથી, પણ રાગ સંબંધીનું જ્ઞાન જે છે એ થાય છે એ પોતાથી થાય છે. આ..હા..હા...! આવું છે. એક કલાકમાં કેટલી વાતું !

**શ્રોતા :–** એક જ વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આત્માનો આશ્રય કર, રાગનો આશ્રય છોડ. આ..હા..હા...! પરથી ખસ, સ્વમાં વસ, એટલું બસ, એ ટૂંકું ટચ. આહા..હા....! ચાહે તો ભગવાનની ભક્તિનો, સ્મરણનો રાગ (હોય), પણ રાગથી હટ – ખસ. કારણ કે આ વીતરાગમાર્ગ છે. રાગથી હટ, સ્વભાવમાં વસ. આ..હા..હા...! એ ટૂંકું ટચ, એટલું તારે બસ. અરે..રે...! કેમ બેસે ? સમજાણું કાંઈ ? આવું છે. એનો બધો આખો વિસ્તાર, સ્પષ્ટીકરણ આવે ને. એનું જુદા પ્રકારનું આવે ને. સમભાવની ટીકા આખી છે, એમ આવે છે ને ? વીતરાગભાવ જે અંદર પ્રગટે, વીતરાગસ્વરૂપ જ પ્રભુ ત્રિકાળ છે એમાંથી વીતરાગતા પ્રગટે.. આ..હા...! એ અચિંત્ય દશા છે. એને જ્ઞાનની તાકાત આવે છે અને રાગના અભાવની વૈરાગ્યની તાકાત પ્રગટ થાય. રાગની તાકાત પ્રગટ થાય છે એમ નહિ. આ..હા...! રાગના અભાવની વૈરાગ્યની તાકાત પ્રગટ થાય છે. સમ્યગ્દૃષ્ટિ જીવને ચોથે ગુણસ્થાને (આવી શક્તિ પ્રગટ થાય છે). આ..હા..હા...! જિનવર ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ કહે છે તે આ વાત છે. આ..હા...! ભગવાન મહાવિદેહમાં આ વાત કરી રહ્યા છે. પ્રભુ 'સીમંધર' ભગવાન બિરાજે છે. એ વાત 'કુંદકુંદાચાર્યદેવ' ત્યાં આઠ દિન રહીને, લઈને આવ્યા અને આ શાસ્ત્ર બનાવ્યા. એનો આ સાર છે. આ..હા...!

**'યથાર્થ દૃષ્ટિ (દ્રવ્ય ઉપર દૃષ્ટિ) કરી...'** દ્રવ્ય ત્રિકાળી છે એના ઉપર દૃષ્ટિ કરી **'ઉપર આવી જા.'** અંદર જે રાગમાં ગરી ગયો છે તો હવે ઉપર આવી જા. એ ધ્રુવને અધિક કરી નાખ. આ..હા...! વિશેષ છે, લ્યો ! (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*** પોતે આત્મા જેવો છે એવી દૃષ્ટિ કરીને એમાં રહેવું તે પ્રયોજનભૂત છે, બાકી બધું થોથાં છે. પ્રયોજન તો એક આત્માનું જ રાખવું, પરનું–પુણ્ય-પાપના ભાવનું પણ-નહિ. અહા ! આવી વાત છે ! ભગવાન આત્મા અંદર અનંત જ્ઞાન ને આનંદ આદિ શક્તિઓથી ભરેલી પરિપૂર્ણ વસ્તુ છે; સમીપમાં પ્રભુ હોવા છતાં, વર્તમાન પર્યાય ઉપર લક્ષ હોવાથી, એની તરફ નજર કરતો નથી. ચૈતન્ય ભગવાન આ જ ને આટલો છે, એના સ્વભાવમાં રાગ-દ્વેષ આદિ વિભાવનો પ્રવેશ નથી–એમ આત્માની 'અસ્તિ' સંભાળીને રાખવી–એ એક જ પ્રયોજન રાખવું. અશુભથી બચવા શુભરાગ આવે પણ એનું કાંઈ પ્રયોજન નથી.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

**શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા–૩૬-૩૭, પ્રવચન નં. ૨૨**
**તા. ૩૦-૦૬-૧૯૭૬**
**[૨૧]**

**'આગે શુદ્ધાત્માસે જુદે કર્મ ઔર શરીર ઇન દોનોંકર અનાદિકર બંધા હુઆ યહ આત્મા હૈ, તો ભી નિશ્ચયનયકર શરીરસ્વરૂપ નહીં હૈ, યહ કહતે હૈં–'**

**३६) कम्म-णिबद्धु वि जोइया देहि वसंतु बि जो जि।**
**होइ ण सयलु कया वि फुडु मुणि परमप्पउ सो जि।।३६।।**

**'હે યોગી !'** આત્માને ઉપાદેય કરીને જેણે સમ્યગ્દર્શન-જ્ઞાનમાં જાણ્યો છે એને અહીંયાં યોગી કહે છે. જેને સમ્યગ્દર્શન-જ્ઞાનમાં આત્મા ઉપાદેય છે એમ જેને પરિણમ્યું છે એને એ આત્મા ઉપાદેય છે અને રાગની રુચિવાળાને આત્મા હેય છે, આત્મા હેય છે. ગુલાંટ ખાય છે. આત્મા, શરીર અને કર્મથી રહિત છે એવું જેણે અંતરમાં જાણ્યું છે એને એ આત્મા ઉપાદેય થયો છે અને જેણે શરીર અને કર્મ સંબંધવાળો છે એવું જેણે માન્યું છે એને આત્મા હેય છે. સમજાણું કાંઈ ? આવું છે. આ તો ઉપાદેયને આમ કહે છે. આ હેય છે તો આ હેય છે. ઇ શૈલી છે આમાં. સમજાણું કાંઈ ?

**'જો યહ આત્મા યદ્યપિ કર્મોંસે બંધા હૈ, ઔર દેહમેં રહતા ભી હૈ, પરંતુ કભી દેહરૂપ નહીં હોતા,...'** કર્મરૂપ અને દેહરૂપે પ્રભુ થયો નથી. આહા..હા..! **'ઉસીકો તૂ પરમાત્મા નિશ્ચયસે જાન.'** એને તું રાગથી ભિન્ન પડી અને સ્વરૂપને આદરણીય કરીને જાણ. સમજાણું કાંઈ ? એવો પરમાત્મા ખરેખર પ્રગટ છે (એમ) જાણ. આહા..હા..!

**ભાવાર્થ :– 'પરમાત્માકી ભવનાસે વિપરીત રાગ, દ્વેષ, મોહ હૈં,...'** એનાથી થયેલ. સંસ્કૃત ટીકામાં અશુદ્ધનય છે. અહીંયાં વ્યવહારનય કીધી છે. ટીકામાં અશુદ્ધનય કીધી છે. **'कर्मभिरशुद्धनयेन बद्धोऽपि'** એમ છે. એ તો અશુદ્ધનયથી વ્યવહાર છે એમ સ્પષ્ટ કર્યું. ભગવાનઆત્મા અશુદ્ધનયે એટલે કે વિકારી પરિણામની રુચિવાળો એ કર્મથી બંધાયેલ અને શરીરમાં છે એમ વ્યવહારે કહેવાય. સમજાણું કાંઈ ? જેને આત્મ અશુદ્ધપણું જે છે, પુણ્ય અને પાપ અને મિથ્યાભ્રાંતિ આદિ, એવામાં જે છે એની રુચિવાળાને કર્મથી બંધાયેલો શરીરમાં છે એમ અશુદ્ધનયે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'ઔર દેહમેં તિષ્ઠ રહા હૈ, તો ભી નિશ્ચયનયસે શરીરરૂપ નહીં હૈ,...'** એ જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ શરીરરૂપ થયો નથી. **'ઉસસે જુદા હી હૈ,...'** આહા..હા..! શરીરથી ભગવાનઆત્મા જ્ઞાયકસ્વરૂપ ભિન્ન જ છે. **'કિસી કાલમેં ભી યહ જીવ જડ તો ન હુઆ,...'** આહા..હા..! છઠ્ઠી ગાથામાં ત્યાં સુધી કહ્યું છે ને કે શુભાશુભ ભાવરૂપે પણ થયો નથી. છઠ્ઠી. કારણ કે ચૈતન્ય જ્ઞાયક જ્ઞાનસ્વભાવસ્વરૂપ પ્રભુ, એ પુણ્ય-પાપના ભાવ અચેતનપણે તે કેમ થાય ? માન્યું છે એણે કે હું શુભ-અશુભભાવનો કર્તા છું અને એ મારું આચરણ છે. એવું માન્યું છે. માન્યું છતાં વસ્તુ સ્વરૂપ જે છે એ શુભાશુભભાવે રૂપે થયું નથી તો પછી શરીર અને કર્મના સંબંધરૂપે થાય એ છે નહિ. આહા..હા..! **'ઉસે હે પ્રભાકરભટ્ટ, પરમાત્મા જાન.'** આહા..હા..! એ જાણનો અર્થ, રાગ અને શરીર ને કર્મના લક્ષથી છૂટી અને જે પરમાત્મસ્વરૂપ શરીર ને કર્મરૂપ થયો નથી, એને સ્વસંવેદનજ્ઞાનથી જાણ. સમજાણું કાંઈ ? આવી વાત છે. આહા..હા..!

**'નિશ્ચયકર આત્મા હી પરમાત્મા હૈ,...'** ખરેખર ભગવાનઆત્મા એ જ વસ્તુસ્વરૂપે પરમસ્વરૂપ પરમસ્વરૂપ પરમાત્મા પોતે છે. **'ઉસે તૂ વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકર ચિંતવન કર.'** જોયું ! જાણનો અર્થ આ કર્યો. એ વસ્તુ છે એને જાણ એટલે ? **'વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકર...'** જાણ, અનુભવ કર. આહા..હા..! શરીર અને કર્મથી રહિત પ્રભુ છે. એ આત્માને એના સ્વ–પોતાનું વેદન, જ્ઞાનના વેદન દ્વારા એને જાણ. એ રાગના પુણ્ય-પાપના વિકલ્પથી તે જણાય એવો નથી. આહા..હા..!

**'યહ આત્મા સદૈવ વીતરાગનિર્વિકલ્પસમાધિમેં લીન સાધુઓંકો તો પ્રિય હૈ,...'** ઉપાદેયનો અર્થ પ્રિય કર્યો છે. શું કહ્યું ઇ ? આવો જે ભગવાનઆત્મા સમ્યગ્દષ્ટિને એટલે કે વીતરાગ નિર્વિકલ્પ શાંતિમાં લીન એવા સંતોને તો તે આત્મા એવી દશામાં ઉપાદેય છે. સમજાણું કાંઈ ? મુખ્યપણાની વાત લીધી છે. મુખ્યપણે લીધું છે ને. અહીં તો કહેવું છે કે કર્મ અને શરીર વિનાની ચીજ–વસ્તુ જે છે એને ઉપાદેય તરીકે કોણ જાણે ? કે જેને સ્વસંવેદનજ્ઞાનથી આત્મા જણાણો એને ઉપાદેય તરીકે છે. એનો આદર થયો છે એને ઉપાદેય છે. આહા..હા..! આવી વાતું હવે.

**'મૂંઢોંકો નહીં.'** એવું કહ્યું છે. નહિ ? પાઠમાં બીજું છે. **'अन्येषां हेय'** એમ છે. આહા..હા..! જે પુણ્ય અને પાપના પ્રેમમાં પડ્યા છે એને આવો આત્મા હેય છે. ભાઈ ! ટીકા એમ છે. એ તો આણે પછી સાધારણ ભાષા મૂંઢ કહીને કરી નાખી. આહા..હા..! શું કહ્યું ? આ આત્મા જે છે એક સમયમાં પ્રભુ પૂર્ણ જ્ઞાન આનંદના સ્વભાવથી ભરેલો વસ્તુ પોતે છે એના તરફના સ્વસંવેદનજ્ઞાનથી જે જાણે એને એ ઉપાદેય છે. ઉપાદેય થયો એને ઉપાદેય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! હીરાના પૈસા ભર્યા એનો હીરો છે એમ કહે છે. આહા..હા..! એય..! એમ જેણે ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ, એને જેણે સ્વસન્મુખ થઈને, સ્વસંવેદનજ્ઞાનથી, દૃષ્ટિથી જેણે જાણ્યો એને એ ત્યારે ઉપાદેય થયો. સમજાણું કાંઈ ? આહા..હા..! **'अन्येषां हेय'** આહા..હા..! જેને પુણ્ય પરિણામના ભાવમાં પ્રેમ છે, જેને કર્મના સંબંધની રુચિ છે, જેને શરીર પ્રત્યેનો મોહ

છે એ જીવને આત્મા હેય છે. લ્યો, આ વાત ક્યાંથી આવી ?

**શ્રોતા :–** આત્માની ખબર નથી એ ક્યાંથી હેય કરે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને નથી ખ્યાલ માટે હેય છે. એ જ કહ્યું કે એને ખ્યાલ નથી માટે હેય છે. એય..!

ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકમૂર્તિ પ્રભુ જેને અંતરમાં દૃષ્ટિ અને વેદનથી જાણવામાં આવ્યો એને એ આત્મા ઉપાદેય થયો. ઉપાદેય છે એટલે ઉપાદેય થયો. આહા..હા..! 'પરમાત્મપ્રકાશ' છે આ તો. અને જેને **'अन्येषां हेय'** એટલે વીતરાગી રુચિથી, વેદનથી જેણે આત્માને જાણ્યો નથી અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિ રાગના ભાવમાં પ્રેમ છે તેને આત્મા હેય છે. આહા..હા..! અસ્તિ–નાસ્તિ કરી. હેય છે કહ્યું. જ્ઞાનીને રાગ હેય છે એમ ન કહેતા જ્ઞાનીને આત્મા ઉપાદેય છે. આહા..હા..! ધર્મીને પૂર્ણાનંદનો નાથ પ્રભુ એ તરફનો આશ્રય લીધો છે, એનો આદર કર્યો છે, વીતરાગી પર્યાયમાં એને ઉપાદેય કર્યો છે, એણે એને આદર્યો છે, એને ઉપાદેય છે. આહા..હા..! પણ જેને એ વીતરાગી પર્યાય દ્વારા જેને ઉપાદેય થયો નથી એને તો રાગના, પુણ્યના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ.. આહા..હા..! એવા રાગના પ્રેમીલાને ભગવાન હેય છે. એટલે કે એને લક્ષમાં આવ્યો નથી, એને આદરણીય નથી. આહા..હા..!

**શ્રોતા :–** સમ્યક્–સન્મુખ મિથ્યાદૃષ્ટિને હજી શું હશે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને પણ ત્યાં સુધી હજી આદર નથી. સન્મુખ છે પણ હજી ત્યાં પરિણતિ નિર્મળ થાય ત્યારે એને આદર કર્યો કહેવાય છે. આવી વાત છે, ભાઈ ! વીતરાગ માર્ગ જગતથી જુદી જાત છે. આહા..હા..! ઓલા તો કહે દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો. અહીં કહે છે કે એ દયા પાળે, વ્રત, તપ કરવાના ભાવવાળાના પ્રેમને... એય..! 'પ્રેમચંદજી'! એને આત્મા હેય છે. આહા..હા..! એણે આત્મા જોયો નથી, એને આત્માની ખબર નથી. આહા..હા..! કહો, 'ચેતનજી'!

**શ્રોતા :–** આંગણામાં આવ્યો છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, એ જરીએ અહીં વાત નથી. અહીંયાં તો વીતરાગી પરિણતિ દ્વારા એને પકડ્યો છે અને આદર્યો છે એને એ ઉપાદેય કહેવામાં આવે છે. પરિણતિમાં ઉપાદેય થયો છે તેને ઉપાદેય કહ્યો છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા..! બહુ ટૂંકી વાત અને ઘણી મર્મની વાત. આહા..હા..!

જેને પરપદાર્થ પ્રત્યેના પ્રેમમાં ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રનો પ્રેમ હો, શાસ્ત્રનો પ્રેમ હો, એના પ્રેમમાં જે રોકાણો છે એને પ્રભુ હેય છે, કહે છે. આહા..હા..! એણે આત્મા આદર્યો નથી તેને છોડવાલાયક (માન્યો) છે. આહા..હા..! ગજબ વાત છે ને ! આ તો ઓલી ટીકામાં જોયું ને ભાઈ જરી ત્યારે કીધું, આ તો બીજું કહે છે. અર્થ સાધારણ કરે છે. આ ઉપાદેય છે ને મૂંઢોને.. વસ્તુ આમ છે. દરેકમાં છે, હોં ! ઉપમા પણ એમ છે, જુઓ ! **'वीतरागनिर्विकल्पसमाधिरतानां स एवोपादेयः,**

**તદ્વિપરીતાનાં હેય**' ઉપમા પણ એ આવ્યું છે. આહા..હા..! ટીકા એમ આવી છે. એનો અર્થ સાધારણ કર્યો છે. '**અપને સ્વરૂપકો નહીં જાનતે હૈં, ઉનકો આત્મરુચિ નહીં હો સકતી...**' એમ. એટલું કર્યું. શું કહ્યું ? આ કાંઈ પુનર્યુક્તિ લાગે એવું નથી.

પૂર્ણ સ્વરૂપ ભગવાનઆત્મા છે એની સન્મુખ થઈને વીતરાગી પરિણતિ સમ્યગ્દર્શન આદિ ભાવમાં એણે આદર્યો છે એને એ ઉપાદેય છે. આત્મા ઉપાદેય છે, ઉપાદેય છે એટલે કાંઈ શબ્દોમાં, ધારવામાં (નથી) એમ કહે છે. આત્મા ઉપાદેય છે અને રાગ હેય છે એટલે શું ? જ્ઞાનમાં ધારી રાખ્યું કે આ ઉપાદેય ? એમ નહિ. આહા..હા..! જુઓ ! વીતરાગ માર્ગ ! આહા..હા..! સંપ્રદાયમાં તો આવી વાતું સાંભળવા મળે એવું નથી. આહા..હા..! આખી વાત જ (ફરી ગઈ). અમારે 'હીરાજી મહારાજ' બિચારા હતા. કેટલો કષાય મંદ અને 'હીરા એટલા હીર' એવા કહેવાતા, હોં ! પણ પરની દયા પાળવી એ અહિંસા અને એ સિદ્ધાંતનો સાર છે, એમ કહેતા. એ તદ્દન સિદ્ધાંતથી વિરુદ્ધ. પરની દયા પાળી શકાય નહિ, પરની પર્યાય કરી શકાય નહિ અને પરની દયાનો ભાવ ઊઠે એ રાગ છે અને જેને રાગનો રસ છે, પ્રેમ છે તેને ભગવાન હેય છે. આહા..હા..! આવી વાત પણ ક્યાંથી લાવે, ભાઈ ! 'સુજાનમલજી' !

**શ્રોતા** :– ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એમાં લોકો ધર્મ માનતા હતા. આહા..હા..!

દરેકમાં એણે કહ્યું છે, હોં ! ઉપમા પણ એમ કહ્યું છે. '**एवोपादेयः, तद्विपरीतानां हेय**' આહા..હા..! જેને આત્મા શુદ્ધ ચૈતન્યપ્રભુ ઉપાદેય તરીકે પરિણતિમાં ઉપાદેય થયો છે... આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાનની દશામાં જેને ઉપાદેય થયો છે એને તે ઉપાદેય છે. આહા..હા..! એથી વિપરીતવાળાને જેને રાગ અને પુણ્ય-પાપમાં પ્રેમ છે અને પુણ્ય-પાપના ફળરૂપે મળેલી સંયોગી ચીજ એ દેવ-ગુરુ-શાસ્ત્ર પણ સંયોગી ચીજ છે. આહા..હા..! એની રુચિવાળાને આત્મા હેય છે. આહા..હા..! 'પ્રેમચંદભાઈ' ! આવી વાતું સાંભળવા મળે ક્યાં ? બાપા ! શું કરે ? સત્ય તો આ છે. આહા..હા..!

ભક્તિભાવ આવે પણ એ તો અશુભને ટાળવા પૂરતી વાત છે. આહા..હા..! ગજબ કર્યો છે ને ! ટીકાકારે પણ ટીકા કરી છે ને !! આહા..હા..! ભગવાન પરમાત્મસ્વરૂપ છે ને પ્રભુ ! નિશ્ચયથી જે પૂર્ણ આત્મા તે જ આત્મા છે. આહા..હા..! એને જેણે પર્યાયમાં, વીતરાગીદશા દ્વારા ઉપાદેય તરીકે પરિણમ્યો છે... આહા..હા..! એને એ આદરેલો છે એમ કહેવામાં આવે છે, એને આત્મા આદરણીય છે. આહા..હા..!

**શ્રોતા** :– એ તો નિશ્ચયની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– વસ્તુ એ છે ને, બીજી કઈ છે ? આહા..હા..!

અરે..! ભગવાન જો તો ખરો ! આહા..હા..! ત્રણ લોકના નાથની વાણી તો જુઓ ! સંતોની વાત. દિગંબર સંતોની વાણી... આહા..હા..! એક ઘા ને બે કટકા કરી નાખે. વીતરાગી પરિણતિ

દ્વારા જેને આત્માનો પ્રેમ છે એને એ આત્મા ઉપાદેય કહેવામાં આવ્યો છે. આહા..હા..! જેની દશામાં સ્વભાવથી વિરુદ્ધ ભાવ, સ્વભાવથી અન્ય ભાવ, વિરુદ્ધ એટલે રાગ અને અન્ય એટલે પર પદાર્થ... આહા..હા..! એનો જેને પ્રેમ છે તેને પ્રભુ હેય છે. આ અર્થ તો અત્યારે પહેલો થાય છે, હોં ! કોઈ દિ' થયો નથી. ઓલામાં-ટીકામાં જોયું તો આ તો અર્થ અહીં કર્યો છે. આપણને એમ કે આ ઉપાદેય છે ને આ હેય છે. રાગ હેય છે ને આ ઉપાદેય છે.

**શ્રોતા :–** ક્યાં હેય ઉપાદેય ને ક્યાં ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હવે આ હેય. રાગ હેય છે એ અત્યારે અહીં નથી. અહીં તો હેય છે તેને ઉપાદેય માને છે તેને આત્મા હેય છે. આહા..હા..!

**શ્રોતા :–** વિપરીતતા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વિપરીત છે. આહા..હા..!

આત્મા પોતે પરમેશ્વરસ્વરૂપ છે, અકષાયસ્વરૂપ છે, વીતરાગી મૂર્તિ પ્રભુ અનાદિ–અનંત છે. એનો જેણે સ્વસન્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ દ્વારા એને ઉપાદેય કર્યો એને ઉપાદેય છે. આહા..હા..! શું શૈલી ! શું શૈલી ! ગજબ છે !! અને એને રાગ હેય છે એમ ન કહેતા રાગ ને રાગના ફળ તરીકે બાહ્ય ચીજો, એના પ્રત્યે જેને પ્રેમ છે તેને આત્મા હેય છે. આહા..હા..! તારી ચીજ તો જો, નાથ ! આ..હા..હા...! એકમાં .... એટલે કોઈ વ્યવહારરત્નત્રયનો રાગ અને વ્યવહારરત્નત્રયના નિમિત્તો... આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રશસ્ત રાગના નિમિત્ત છે ને ? 'પંચાસ્તિકાય'માં આવે છે. ભાઈ ! પ્રશસ્ત રાગના એ નિમિત્તો છે.

**શ્રોતા :–** પ્રશસ્ત જ એટલા માટે કહ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** તેથી પ્રશસ્ત એને કહ્યા. રાગને પ્રશસ્ત કેમ કીધો ? કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર જેમાં નિમિત્ત છે. પ્રશસ્ત જેના નિમિત્ત છે. દેવ-ગુરુ-શાસ્ત્ર, કેવળી અને ત્રિલોકના નાથ આદિ પ્રશસ્ત રાગમાં નિમિત્ત છે માટે રાગને પ્રશસ્ત કહ્યો છે. આહા..હા..!

અહીં તો કહે છે કે એ પ્રશસ્ત રાગનો પ્રેમ છે જેને... આહા..હા..! અને રાગના નિમિત્તો છે તેનો જેને પ્રેમ છે... આહા..હા..! એને આત્મા હેય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? થોડું પણ સત્ય હોવું જોઈએ ને ? લાંબુ લાંબું મોટું કરે ને હોય નહિ સત્‌ના ઠેકાણા. આહા..હા..!

સારાંશ :– **'સદૈવ વીતરાગનિર્વિકલ્પસમાધિ મેં લીન...'** સ્વરૂપ તરફની શુદ્ધ પરણતિમાં જે લીન છે. આહા..હા..! તે સંતોને તે ઉપાદેય છે. તે નો અર્થ ઉપાદેય. મૂળ પાઠ ઉપાદેય છે. મૂળ પાઠ-ટીકા છે એ ઉપાદેય છે. પણ સાધારણ માણસને પ્રિય, મૂંઢ ને અપ્રિય એમ મૂંઢને પ્રિય નહિ એમ ટૂંકું કર્યું. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે એનો જેને સ્વસંવેદનથી પ્રેમ નથી એ રાગના પ્રેમમાં પડ્યા, નિમિત્તના પ્રેમમાં પડ્યા. આહા..હા..! ગજબ વાત છે. જુઓ ! આ વીતરાગની વાણી તો જુઓ ! દેવ-ગુરુ-શાસ્ત્ર કહે છે કે અમે પર છીએ, અમારા પ્રત્યેનો પ્રેમ, એની રુચિમાં રોકાય

જઈશ તો આત્મા હેય થશે તને. આ..હા..હા...! આ વીતરાગી વાણી છે. આહા..હા..!

આવો જે આત્મા. કેવો ? કે **'વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકર...'** અનુભવમાં આવે એવો. આહા..હા..! તે વીતરાગ, રાગ વિનાની.. આહા..હા..! ભાષા. અને લોકો ચોથે ગુણસ્થાને એમ કહે કે રાગસહિત છે. આ તો આત્મા જ રાગરહિત પરિણતિવાળાને જ ઉપાદેય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ચોથે ગુણસ્થાનથી (ઉપાદેય છે). આહા..હા..! એ ગુણસ્થાન જ વીતરાગી પરિણતિ છે, સમ્યગ્દર્શન, વીતરાગી દર્શન છે, વીતરાગી જ્ઞાન છે, વીતરાગી સ્થિરતા (છે). ભલે અનંતાનુબંધીનો (રાગ ગયો) એટલો હોય. આહા..હા..! એવા શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતામાં જે લીન છે એને એ ભગવાન ઉપાદેય છે. આહા..હા..! રાગથી ખસી ગયો છે અને વીતરાગસ્વરૂપી ભગવાનની વીતરાગ પરિણતિ જેણે પ્રગટ કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ ? કેમકે આત્મા વીતરાગસ્વરૂપ છે. એની સન્મુખ થતાં એને આશ્રયે તો વીતરાગી પરિણતિ જ પ્રગટ થાય અને વીતરાગી પરિણતિ એટલે અવસ્થા, એમાં ભગવાન પોતે ત્રિકાળી તે ઉપાદેય થયો છે. એનો આશ્રય થયો એમાં એ ઉપાદેય થયો. આહા..હા..!

જેના દર્શનમાં આત્મા સમીપ છે. આવે છે ને ? આહા..હા..! જેને સમ્યગ્દર્શનમાં આત્મા સમીપ છે એને સમ્યગ્દર્શન કહેવાય ! જેના જ્ઞાનમાં આત્મા સમીપ છે તેને જ્ઞાન કહેવાય ! જેમાં ચારિત્રમાં ભગવાનઆત્મા સમીપ છે તેને ચારિત્ર કહેવાય ! આહા..હા..! જેના દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ભગવાન સમીપ છે એને અહીં ઉપાદેય કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ ? 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ' આમ છે. અને સ્વદ્રવ્યના આશ્રયે પરિણતિમાં તે ઉપાદેય થયો. એ સિવાય પરદ્રવ્યના લક્ષે થતી પરિણતિ, રાગની ચાહે તો ભક્તિની હોય, શુભની હોય, જાત્રાની હોય, શાસ્ત્રને સાંભળવાની હોય... આહા..હા..! દેવ-ગુરુ ને શાસ્ત્ર પરદ્રવ્ય છે, એના પ્રત્યેનો પ્રેમ છે તે રાગ છે. આહા..હા..! અને રાગના પ્રેમીલાને પ્રભુ હેય છે. આ..હા..હા...!

**શ્રોતા :–** વિનય છે, વિનય તો ધર્મ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વિનય તો અપેક્ષાથી કહીએ. એ આવે છે ને આવે છે. એ તો નિર્માનતા છે એટલી ગણીને એમ કીધું છે. અહીં તો વાત આ છે. એક ને એક બે જેવી વાત છે. આમાં કોઈ વાદવિવાદને સ્થાન નથી.

જેના શ્રદ્ધા-જ્ઞાનમાં ભગવાન સમીપમાં વર્તે છે, જેણે શ્રદ્ધા-જ્ઞાનમાં આત્મા આદરણીય કર્યો છે. આહા..હા..! પર્યાય પણ નહિ, હોં ! પાછી. પર્યાયે દ્રવ્યને ઉપાદેય કર્યો છે. આહા..હા..! એમ આવ્યું ને ? ભાઈ ! આહા..હા..! જેણે વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયમાં આત્માનો આશ્રય લીધો છે અને આત્મા સમીપ છે એને આત્મા આદરણીય અને ઉપાદેય છે. આહા..હા..! ગજબ કામ છે ! એવું સત્ય છે. આહા..હા..! અને તેનાથી વિપરીત, સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્યનો પ્રેમ (હોય)... આહા..હા..! એ સોળમી ગાથામાં કહ્યું ને ? **'परदव्वादो दुग्गइ'** 'મોક્ષપાહુડ' સોળમી ગાથા. દેવ-ગુરુની વાણી, શાસ્ત્ર એનાથી દુર્ગતિ છે. ગજબ વાત છે, બાપા ! એટલે ? કે પરદ્રવ્ય ઉપર લક્ષ

જશે એટલે તને રાગ જ થશે, ભાઈ ! એ રાગ એ ચૈતન્યની ગતિ નહિ. આહા..હા..! અરે..રે..! આ વાત સાંભળવી કઠણ પડે જગતને અને એવું લાગે કે આ તો નિશ્ચય છે, એકાંત છે. પ્રભુ ! એમ આળ ન દે, નાથ ! વસ્તુ એ છે. આહા..હા..! ત્યાં તો એમ જ કીધું છે, **'परदव्वादो दुग्गइ'** દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ દુર્ગતિ છે. દુર્ગતિ એટલે ચૈતન્યની ગતિ નહિ. રાગ થાય છે. આહા..હા..!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ, નહિ, નહિ. આહા..હા..!

સ્વદ્રવ્યની પરિણતિના ભાવમાં ઉપાદેય સિવાય જેને રાગના કોઈ પણ કણનો અને રાગના નિમિત્તો દેવ-ગુરુ-શાસ્ત્ર, અશુભરાગના નિમિત્તો સ્ત્રી-કુટુંબ-પરિવાર, શુભરાગના નિમિત્તો પ્રશસ્ત દેવ-ગુરુ-શાસ્ત્ર, એ જેને ઉપાદેય છે એટલે પ્રેમ છે... આહા..હા..! એ ઉપાદેય છે એને આત્મા હેય છે. આહા..હા..! આ જાતનું સ્પષ્ટીકરણ આજ જ થાય છે, પહેલાં નથી થયું. કારણ કે ઓલી ટીકામાં નજર કરી ત્યારે (વાંચ્યું), અમૂઢને પ્રિય છે અને મૂઢને પ્રિય નથી, પણ એનું મૂળ આ છે. ઓલી ટીકામાં જોયું ને. દરેક ગાથામાં હશે, હોં ! ઇ. આહા..હા..! અને આગળ જતા બધે એ લેશે. નિર્વિકલ્પ સમાધિમાં રહેલાને આત્મા આદરણીય છે, ઉપાદેય છે. એ કાળે એને ઉપાદેય છે એમ કહે છે. આગળ કહેશે. જે વસ્તુ ભગવાનઆત્મા, એના સન્મુખની જે દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા થઈ તે કાળે તેને આત્મા ઉપાદેય છે. આહા..હા..! આમ આત્મા ઉપાદેય છે અને રાગ હેય છે એવી જે ધારણા કરી રાખી છે એને ઉપાદેય નથી, એમ કહે છે. આહા..હા..! કહો, 'પ્રેમચંદભાઈ'! આ ઠીક વાતમાં આવ્યા તમે. આહા..હા..! વીતરાગી માર્ગ છે, ભાઈ !

જેને પરપદાર્થનો પ્રેમ છે, અશુભરાગ, બાયડી, છોકરા એની તો શું વાત કરવી ? આહા..હા..! એના પ્રેમવાળાને આત્મા તો હેય છે. આહા..હા..! બહારના ભભકા-દેખાય આ શરીર ને આ ને આ... એમાં જેનું વીર્ય ઉલ્લસિત અને પ્રેમમાં વર્તે છે. એ છે ને ઓલી શ્રદ્ધા, ભાવના ? ભાવના, ઉલ્લાસ, ઉત્સાહ... પાંચ બોલ છે. આહા..હા..! કંઈ ગજબ શૈલી ! દિગંબર સંતોની શૈલી તો ચારે કોરથી જુઓ તો એકસરખી ઊભી થાય છે. વ્યવહારે જાણેલો પ્રયોજનવાન એમ કહીને આદરણીય નથી પણ જાણવા માટે છે એમ સિદ્ધ કર્યું. આહા..હા..! રાગ હોય છે, વ્યવહાર હોય છે, એ જાણવા માટે છે, આદરવા માટે નથી, હેય તરીકે જાણવા લાયક છે. એને હેય તરીકે ન જાણે અને ઉપાદેય તરીકે જાણે એને ભગવાનઆત્મા હેય થઈ જાય છે. આહા..હા..! આજ વળી આ આવ્યું. આવી સ્પષ્ટતા કોઈવાર આવી નથી. આત્મા હેય છે એવું કોઈ દિ' આવ્યું નથી, એય..! રાગ હેય છે ને વ્યવહાર હેય છે (એમ આવે). 'નવલચંદભાઈ' ! આહા..હા..!

**શ્રોતા :–** ...માં નાંખી દિધા રાગને હેય કહીને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ અહીં તો... આહા..હા..! અજ્ઞાનના પ્રેમમાં અજ્ઞાનીને આત્મા હેય છે. આહા..હા..! હેય છે એટલે કે એને જાણ્યો નથી એટલે હેય છે. આહા..હા..! નવમી ગ્રૈવેયકે

મુનિ થઈને ગયો, પંચ મહાવ્રત પાળ્યા ને ક્રિયા (કરી) પણ એ બધો રસ અને પ્રેમ ત્યાં હતો. એને આત્મા હેય છે.

હા. એ આવે છે. કીધું ને, એ ઉતાર્યું છે, ઓલામાં ઉતાર્યું છે. રૂપી પદાર્થ બધા લીધા હતા ને ? 'સમયસાર'. એમાં ઉતાર્યું છે. ઓલામાં ઉતાર્યા હતા, અન્યમાર્ગ અને જૈનમાર્ગ. અને આ બધું ઇ. પર્યાયમાં જેટલા બધા ભંગ-ભેદો (છે) એનો જેને ઉત્સાહ છે, પ્રશંસા છે એ બધો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! એમ અહીં પણ પરપદાર્થને, સ્વના સ્વભાવનો આશ્રય છોડી અને એકલા પરપદાર્થના પ્રેમમાં-રાગમાં ઉત્સાહ પ્રશંસા છે એ બધું હેય છે તેને એણે ઉપાદેય માન્યું છે અને તેથી ભગવાનઆત્મા તેને હેય થઈ ગયો. આહા..હા..! કહો, 'શાંતિભાઈ'! ત્યાં ક્યાંય 'મુંબઈ'માં મળે એવું નથી.

**શ્રોતા** :– પણ બીજું તો મળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ધૂડ મળે, ત્યાં ધૂડ મળે. ત્યાં શું છે ? ઓલો ત્યાં રળે છે એક ... શું કહેવાય ? 'હોંગકોંગ'. એક ત્યાં રળે ને એક અહીંયાં. બધું ધૂડમાં છે. રડે છે. આહા..હા..! નુકસાનને ધંધે છે. અહીં તો શુભરાગ, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો પ્રેમ, એની રુચિવાળાને આત્મા હેય-નુકસાન છે. એના નુકસાનના ધંધા છે. આહા..હા..! આવી વાત...

**શ્રોતા** :– કરવું શું ?

**પૂજ્યુ ગુરુદેવશ્રી** :– આ કરવું, કહે છે.

**શ્રોતા** :- આત્મા ઉપાદેય છે અને રાગ હેય છે, એમ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બસ, એ ઉપાદેય છે તે કરવું. હેય છે એને કરવું પડતું નથી. અને અજ્ઞાનીને હેય છે એટલે એને પણ કરવું પડતું નથી, હેય થઈ જાય છે. રાગના પ્રેમમાં હેય (થઈ જાય છે). આહા..હા..! આવી વાત ક્યાં છે, ભાઈ ! આહા..હા..! ઠીક, આ 'હિંમતભાઈ' ! આ તમારા બધા આવ્યા હતા. આજ વાત બીજી જાતની નીકળી. આ..હા..હા..! આત્મા ઉપાદેય છે અને રાગ હેય છે. આ તો રાગ જેને ઉપાદેય છે એને આત્મા હેય છે. આહા..હા..! ઇ પાઠમાં છે, હોં !

એટલે વીતરાગ નિર્વિકલ્પ સમાધિના જીવોને ઉપાદેય છે. પ્રિય એટલે ઉપાદેય છે. પરંતુ રાગના પ્રેમીઓને, અજ્ઞાનીઓને તે હેય છે. મૂંઢોને નહિ ઉપાદેય એનો અર્થ હેય છે. આહા..હા..! ૩૬ થઈ. તે દિ' ત્યાં લખ્યું છે ખરું, હોં ! આમાં આમ છે પણ ઉપાદેય–હેય શબ્દ છે. એમ લખી રાખ્યું હતું. બધે છે. આમાં પણ લખ્યું છે. ઉનકે આત્મા ઉપાદેય છે, ૩પમા, દેહાત્મબુદ્ધિ વિષયાસક્ત નહિ જાનતે. પણ લખ્યું છે અંદર. કીધું, છે ઉપાદેય–હેય. એની આવી વ્યાખ્યા કરી. ૩પમા લખ્યું છે ને ૩૬મા લખ્યું છે. ઉપાદેય–હેય. બેય ઉપાદેય થાય અને બેય હેય થાય એમ નથી. આહા..હા..! વ્યવહાર અને નિશ્ચય બેય ઉપાદેય છે એમ નથી. આહા..હા..! બેય માર્ગ છે એમ પણ નથી. આહા..હા..!

૩૭ (ગાથા). **'આગે નિશ્ચયનયકર આત્મા દેહ ઔર કર્મોંસે રહિત હૈ,...'** ઓલામાં સહિત હતું અને એમ બતાવ્યું હતું. છે ને ? **'અનાદિકા બંધા હુઆ...'** સહિત બતાવ્યું. હવે આમાં રહિત.

**'તો ભી મૂંઢોં (અજ્ઞાનીયોં) કો શરીર સ્વરૂપ માલૂમ હોતા હૈ,..'** આ ગાથા ફેર છે. ઓલામાં સહિત હતો એનું (સ્વરૂપ) બતાવ્યું. સહિત માનનારને. અને હવે અહીં રહિત છે એની વાત કરી. આહા..હા..! આત્મા, (શરીર) અને કર્મથી રહિત છે. **'તો ભી અજ્ઞાનીયોં કો શરીર સ્વરૂપ માલૂમ હોતા હૈ...'** **'सकल इति प्रतिभातीत्येवं'** શરીર જ હું છું, રાગ હું છું એમ એને ભાસે છે. કારણ કે ઓલો ભગવાન અંદર પડ્યો છે એની સામું જોતો નથી.

**'નશ્ચિયનયકર આત્મા દેહ ઔર કર્મોંસે રહિત હૈ, તો ભી મૂઢોં (અજ્ઞાનીઓં) કો શરીર સ્વરૂપ માલુમ હોતા હૈ, ઐસા કહતે હૈં :–'** એમાં પણ એ આવે છે.

**૩૭) जो परमत्थें णिक्कलु वि कम्म-विभिण्णउ जो जि।**
**मूढा सयलु भणंति फुडु मुणि परमप्पउ सो जि।।३७।।**

**'જો આત્મા નિશ્ચયનયકર...'** **'निष्कलोऽपि'** એટલે શરીરરહિત. કલ એટલે શરીર. શરીરરહિત છે. **'कर्मविभिन्नोऽपि'** **'ઔર કર્મોં સે ભી જુદા હૈ, તો ભી નિશ્ચય વ્યવહાર રત્નત્રયકી ભાવનાસે વિમુખ મૂઢ...'** મૂઢની વ્યાખ્યા કરી. **'भेदाभेदरत्नत्रयभावनारहिता'** **'શરીરસ્વરૂપ હી પ્રગટપનેસે માનતે હૈં,...'** શરીરની ક્રિયા અને શરીર એ હું. **'શરીરસ્વરૂપ હી પ્રગટપનેસે માનતે હૈં, સો હે પ્રભાકરભટ્ટ, ઉસીકો પરમાત્મા જાન, અર્થાત્ વીતરાગ સદાનંદ નિર્વિકલ્પસમાધિમેં રહકે અનુભવ કર.'** જાણની વ્યાખ્યા આ.

**'વીતરાગ સદાનંદ...'** આહા..હા..! સત્ આનંદ, નિર્વિકલ્પ સમાધિ, શાંતિ–રાગ વિનાની શાંતિ, રાગ વિનાનો આનંદ, સદાનંદ. આહા..હા..! સત્‌નો આનંદ. **'વીતરાગ સદાનંદ નિર્વિકલ્પસમાધિમેં રહકે અનુભવ કર.'** એનું નામ આત્માને જાણ એમ કહ્યું. આહા..હા..! વીતરાગી સમભાવની પરિણતિથી આત્માને જાણ. સમજાણું કાંઈ ? **'વહી પરમાત્મા શુદ્ધાત્માકે વૈરી મિથ્યાત્વ રાગાદિકોંકે દૂર હોનેકે સમય...'** ભાષા દેખો ! ભગવાનઆત્મા શુદ્ધાત્મા જે એના વેરી, વિરોધિ, મિથ્યાત્વ અને રાગદ્વેષ **'દૂર હોનેકે સમય...'** આહા..હા..! **'જ્ઞાની જીવોંકો ઉપાદેય હૈ,...'** તે સમયે ઉપાદેય છે. આહા..હા..! કયા સમયે ? કે **'મિથ્યાત્વ રાગાદિકોંકે દૂર હોનેકે સમય...'** આ દૂર (એટલે) એનો નાશ થયો એ સમયે. આહા..હા..! **'જ્ઞાની જીવોંકો...'** નિર્મળ શુદ્ધ પરિણતિમાં જ્ઞાનીને જીવ ઉપાદેય છે. આહા..હા..! ભાષા કઈ શૈલી છે ?

**'મિથ્યાત્વ રાગાદિકોંકે દૂર હોને કે સમય...'** ત્યારે એને આત્મા ઉપાદેય છે એમ કહ્યું. સમજાણું ? આત્મા ઉપાદેય છે અને રાગ હેય છે એવી ધારણા કરી એ નહિ, એમ કહે છે. આહા..હા..! પણ ભ્રમણા, મિથ્યાત્વ અને રાગનો અભાવ થઈને... આહા..હા..! વસ્તુ સ્વભાવ જ્ઞાનીને શુદ્ધ પરિણતિમાં ઉપાદેય થયો, તે કાળે ઉપાદેય થયો. મિથ્યાત્વ અને રાગ દૂર થવાને કાળે સ્વભાવની સમીપ થયો ત્યારે આત્મા ઉપાદેય થયો. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'તદભાવે હેય'** બસ, ત્યાં એ જ નાખ્યું છે. આહા..હા..! એટલે ? મિથ્યાત્વ અને રાગ-દ્વેષ દૂર થવાને કાળે આત્મા ઉપાદેય છે. એ સિવાય મિથ્યાત્વ અને રાગના કાળમાં ભગવાન એને હેય છે. અરે..રે..! આહા..હા..! આવી વાત સાંભળવી મુશ્કેલ પડે એવી છે. આહા..હા..! ભગવાન ! શું કહ્યું ? જેને ભ્રમણા અને રાગનો અભાવ થયો છે તે કાળમાં એને–ધર્મીને આત્મા ઉપાદેય છે. અને જ્યાં આગળ રાગ અને મિથ્યાત્વભાવ છે એને ભગવાનઆત્મા હેય છે. આહા..હા..! કહો, 'હિંમતભાઈ'! આ બધું સાંભળ્યું નહોતું. આ બધું પહેલુંવહેલું છે. આવ્યા બરાબર ઠીક. આહા..હા..! એટલે ? વિપરીત માન્યતા અને રાગના ભાવનો અભાવ થયે તે અભાવના કાળમાં ધર્મીને આત્મા આદરણીય છે. રાગાદિ ભાવ રહે અને પ્રેમ રહે અને આત્મા આદરણીય થાય એમ બને નહિ. આહા..હા..! વાડાવાળાને બિચારાને એવું આકરું પડે, હોં !

**શ્રોતા :–** .. જરા ફરીને સમજાવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ સાંભળે છે, પ્રેમથી સાંભળે છે. આ તો વસ્તુ છે ને, બાપા ! આહા..હા..! આ ક્યાં કોઈના ઘરની છે. એના અંતર ઘરની છે. આહા..હા..!

કહ્યું ને કે રાગ અને પુણ્યના ભાવનો પ્રેમ જેને દૂર થઈ ગયા છે એને એ કાળમાં આત્મા ઉપાદેય છે અને જેને... આહા..હા..! રાગની રુચિ છે એ મિથ્યાત્વ છે અને રાગ છે તે પ્રેમ છે, અંદર પર પ્રત્યે, એનો જેને રાગમાં વ્યવહારરત્નત્રયમાં પણ જેને પ્રેમ છે અને જેને રુચિ છે એને આત્મા હેય છે. આહા..હા..! જુઓ ! આ સંતોની વાણી ! આ દિગંબર સંતોના માર્ગ જુઓ ! આહા..હા..! આ જ માર્ગ દિગંબર સંત એ વાણી કહે. એ જ જૈનદર્શન છે, બાકી જૈનદર્શન નથી ક્યાંય. આહા..હા..! **'મિથ્યાત્વરાગાદિક દૂર નહીં હુએ ઉનકે ઉપાદેય નહીં,...'** એટલે કે તેને હેય છે એમ લેવું. અહીં સુધાર્યું છે, હોં !

**શ્રોતા :–** પરવસ્તુનું જ ગ્રહણ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરવસ્તુનું ગ્રહણ એનો અર્થ આત્મા હેય છે. રાગનું ગ્રહણ છે ત્યાં આત્મા હેય છે. આહા..હા..! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

❋

*** સર્વને જાણવું-દેખવું એવો જેનો સ્વભાવ છે એવા પોતાના આત્માને જ તે દેખતો નથી. કેમ કે બંધ-અવસ્થામાં પોતાના અપરાધથી રાગમાં રોકાઈ ગયો છે. સર્વને જાણનાર એવા પોતાને તું જાણતો નથી ને બીજાને જાણવામાં તું રોકાઈ ગયો તે તારો પોતાનો જ અપરાધ છે. ૭૧૭. — દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## બહેનશ્રીનાં વચનામૃત, વચનામૃત–૧૭૫-૧૭૬, પ્રવચન નં. ૬૪, તા. ૧૪-૦૮-૧૯૭૮ [૨૨]

'વચનામૃત' ૧૭૫ મો બોલ છે. પોણા બસ્સો.

**'સાધક જીવને પોતાના અનેક ગુણોની પર્યાયો નિર્મળ થાય છે,...'** શું કહે છે ? ચોથાથી બારમા ગુણસ્થાન સુધી સાધક કહે છે. તો ચોથા ગુણસ્થાનમાં પણ સાધક કહેવામાં આવે છે. આહા..! સાધક જીવને પોતાના અનંત ગુણ અને ધર્મ સ્વભાવ જે સ્વરૂપ પ્રભુ, તેની દૃષ્ટિ કરીને અનુભવ થયો હોય, તેને અહીંયા સમ્યગ્દૃષ્ટિ સાધક કહેવામાં આવે છે. આહા..હા..! નિમિત્ત ઉપરથી લક્ષ છોડીને અને સંકલ્પ-વિકલ્પ શુભાશુભભાવ જે છે તેનાથી પણ લક્ષ છોડીને, એક સમયની જે પર્યાય છે, તેનું પણ લક્ષ્ય છોડીને... આહા..હા..! એકલો જ્ઞાયકસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ ! 'અપ્પા સો પરમપ્પા' પરમાત્મસ્વરૂપી આત્મા (છે). 'ઘટ ઘટ અંતર જિન વસે.' અંતરમાં ભગવાન જિનસ્વરૂપી બિરાજમાન છે. આહા..હા..!

**શ્રોતા :–** શક્તિરૂપે કે વ્યક્તિરૂપે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સ્વભાવ કહો, શક્તિ કહો, સામર્થ્ય કહો, વ્યક્ત પ્રગટ કહો. વસ્તુની અપેક્ષાએ પ્રગટ છે. આહા..હા..! પર્યાયની અપેક્ષાએ તેને અવ્યક્ત કહ્યું છે પણ વસ્તુની અપેક્ષાએ પ્રભુ ચૈતન્ય-જ્યોત... આહા..હા..! અતીન્દ્રિય-અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય પ્રભુતા, અતીન્દ્રિય સ્વચ્છતા, અતીન્દ્રિય કર્તા, કર્મ, કરણાદિ શક્તિઓ, એ અતીન્દ્રિય સ્વરૂપનો પિંડ ભગવાન આત્મા છે. ઝીણી વાત છે, પ્રભુ ! એ વસ્તુની દૃષ્ટિ થાય, વર્તમાન પર્યાયમાં ત્રિકાળી ચીજની પ્રતીત અને જ્ઞાન થાય... આહા..હા..! પર્યાયમાં ત્રિકાળીનું જ્ઞાન થાય છે, પણ ત્રિકાળી ચીજ પર્યાયમાં આવતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? પંડિતજીને પુસ્તક આપ્યું ? પત્ર નથી આપ્યો, ૧૭૫.

અહીંયા પહેલાં **'સાધક જીવને...'** એમ શબ્દ છે. તો સાધક કોને કહે છે ? આહા..હા..! ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી સાધક કહેવામાં આવે છે. તો ચોથા ગુણસ્થાનથી પોતાની ચીજ જે પૂર્ણ આનંદનું ધામ પ્રભુ, પૂર્ણ શુદ્ધ સ્વભાવ અનંત... અનંત... અનંત... અનંત એવા ગુણનો એક પિંડ, તેની દૃષ્ટિ થતાં, નિર્વિકલ્પ દૃષ્ટિ થવાથી, તે તત્ત્વમાં, તત્ત્વ જે ચીજ છે તેની પ્રતીતિ તેમાં આવે છે. આહા..હા..! તે પ્રતીતિ આવે છે તેમાં ત્રિકાળી ચીજ આવી જતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

જ્ઞાનની એક સમયની જે પર્યાય છે, તેમાં પૂર્ણાનંદના નાથનું જ્ઞાન થાય છે પણ તે પર્યાયમાં પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ આવતો નથી. એવી સાધક દૃષ્ટિ, જ્યારે સમ્યગ્દર્શન થયું... આહા..હા..! ત્યારે પોતાના અનેક ગુણોની પર્યાયો નિર્મળ થાય છે. આહા..હા..! 'શ્રીમદ્ રાજચંદ્ર'એ એમ કહ્યું કે 'સર્વ ગુણાંશ તે સમકિત.' આપણે 'ટોડરમલ'ની 'રહસ્યપૂર્ણ ચીઠ્ઠી'માં એમ આવ્યું કે જેટલા જ્ઞાનાદિ ગુણની સંખ્યા અનંત અનંત છે, તેની દૃષ્ટિ અને અનુભવ થયો, અનંત ગુણ જેટલી સંખ્યામાં છે તે બધાનો એક અંશ વ્યક્ત પરિણમનમાં આવી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? પહેલાં એનું જ્ઞાન તો કરો કે શું ચીજ છે ? આહા..હા..! એમ કોઈ ક્રિયાકાંડથી આત્મા મળી જાય, એવી ચીજ નથી. આહા..હા..!

ભગવાનઆત્મા પરમાત્મસ્વરૂપી બિરાજમાન (છે). જિન-જિન કહે છે ને ? કહ્યું ને ? 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન.' એનો અર્થ શું ? આ 'સમયસાર નાટક'નો શબ્દ છે. પણ કળશ છે, તેનો એ ભાવ છે. આહા..હા..! વસ્તુ તરીકે આત્મા જિનસ્વરૂપ છે. અર્થાત્ અકષાયસ્વભાવસ્વરૂપ છે. અકષાયસ્વભાવસ્વરૂપ કહો કે જિનસ્વરૂપ કહો. આહા..હા..! તે પૂર્ણાનંદ પ્રભુ જિનસ્વરૂપી ચીજ છે, તેની દૃષ્ટિ કરવાથી, તેને દૃષ્ટિમાં લેવાથી પર્યાયમાં અનંત ગુણની બધી પર્યાય નિર્મળ થાય છે. આહા..હા..! કેમ ? કે દ્રવ્યદૃષ્ટિ થઈ તો દ્રવ્યમાં જેટલી શક્તિઓ છે, એની દૃષ્ટિ થઈ તો એટલી શક્તિનો અંશ, સમ્યગ્દર્શન સાથે અનંત ગુણનો અંશ વ્યક્ત પ્રગટ વેદનમાં આવે છે. આવી વાત છે, ભાઈ ! સમજાણું કાંઈ ? આ પુસ્તક મળી ગયું ? પંડિતજી ! આ પુસ્તક મળી ગયું ? મળી ગયું ને ત્યાં ? 'કાશી' માં મળ્યું ને ? હજી નથી પહોંચ્યું ? બધાને ભેટ આપ્યું છે. નથી મળ્યું ? ગુજરાતી મળ્યું. 'ચંદુભાઈ' ! હિન્દી પુસ્તક આપજો. એને હિન્દી આપજો. બધાને ભેટ આપ્યા છે. દઈ દ્યો. શું કહે છે ? બેનના વચનામૃત છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદના વેદનમાંથી આ વાણી આવી છે. બહુ સૂક્ષ્મ વાત છે, ભાઈ !

**'સાધક જીવને પોતાના...'** નિજ ગુણને. પોતાના જે અનંત ગુણ છે, તેની **'પર્યાયો નિર્મળ થાય છે,...'** આહા..હા..! ખીલે છે, વિકાસ થાય છે. જેમ સૂર્યના નિમિત્તથી કમળ અને ગુલાબના ફૂલનો વિકાસ થાય છે, એમ ભગવાનઆત્મા ત્રિકાળી શક્તિનો પિંડ જે ગુલાબ અને કમળની પેઠે છે, તેને જ્યારે અંદરમાં દૃષ્ટિ મળી તો બધા ગુણ ખીલી જાય છે. આહા..હા...! ઝીણી વાત છે, પ્રભુ ! અનંતકાળમાં કદી કર્યું નથી.

'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' આહા..હા..! 'પર આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું ? મુનિવ્રત ધાર. અઠ્ઠાવીસ મૂળગુણ પંચમહાવ્રત (પાળ્યા પણ) 'લેશ સુખ ન પાયો.' (કેમકે) પંચમહાવ્રતના પરિણામ તો દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? પણ સમ્યગ્દર્શન થતાં, ત્રિકાળી વસ્તુની જેટલી શક્તિઓ છે, ગુણ કહો, શક્તિ કહો, સ્વભાવ કહો, સત્નું સત્ત્વ કહો, સત્ વસ્તુનું સત્ત્વપણું-ભાવ કહો... આહા..હા..! અંતરમાં નિર્વિકલ્પ દૃષ્ટિ, સમ્યગ્દર્શન થતાં

પર્યાયમાં જેટલી સંખ્યામાં ગુણ છે તેની વ્યક્ત નિર્મળ પર્યાયો થાય છે. આહા..હા..! અને ખીલે છે. આહા..હા..!

**'જેમ...'** દૃષ્ટાંત આપે છે. **'નંદનવનમાં...'** મેરુ પર્વતમાં નંદનવન છે. આહા..હા..! **'અનેક વૃક્ષોના વિવિધ પ્રકારના...'** અનેક વૃક્ષોના અને વિવિધ પ્રકારના. આહા..હા..! **'પત્ર-પુષ્પ-ફળાદિ ખીલી ઊઠે,...'** નંદનવનમાં અનેક પ્રકારના વૃક્ષ અને અનેક પ્રકારના ફળ-ફૂલ. આહા..હા...! વિવિધ પ્રકારના પત્ર, પુષ્પ અને ફળ વગેરે ખીલી ઊઠે છે. **'તેમ સાધક આત્માને...'** આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને, સાધક જીવને. આહા..હા..! **'ચૈતન્યરૂપી નંદનવનમાં...'** જેમાં અનંત ગુણનું કલ્પવૃક્ષ પડ્યું છે. આહા..હા..! ભગવાનઆત્મામાં... આહા..હા..!

'છ ઢાળા'માં તો એમ કહ્યું છે કે ત્રસ (પર્યાય) મળે તો તે પણ ચિંતામણી સમાન છે, એમ કહે છે. 'છ ઢાળા'માં આવે છે ને ? પંડિતજી ! નિગોદમાંથી ત્રસપણું મળે તો (તે ચિંતામણી સમાન છે.) આહા..હા..! એ 'છ ઢાળા'માં આવે છે. આ તો પ્રભુ અંદર ચિંતામણી રત્ન (છે). આહા..હા..! મનુષ્યપણું મળ્યું, વીતરાગની વાણી સાંભળવા મળી અને સાંભળીને જે જ્ઞાન થયું, તેનું પણ લક્ષ છોડીને. વાણી સાંભળી અને જે જ્ઞાન થયું એ જ્ઞાન પોતાથી–ઉપાદાનથી થયું, પણ એ વાણી નિમિત્ત છે. છતાં પણ ઉપાદાનથી થયું તે નિમિત્તના લક્ષથી થયું છે. પોતામાં પોતાથી થયું છે. એ જ્ઞાનનું પણ લક્ષ છોડીને... આહા..હા..! ત્રિકાળી ભગવાનસ્વરૂપ ચિદાનંદ પ્રભુ ! નંદનવન જેવા જ અંદરમાં અનંત ઝાડ નામ અનંત ગુણ છે અને ગુણ દીઠ એના અનંતા ફળ છે. આનંદના, શાંતિના, સ્વચ્છતાના, ઈશ્વરતાના (ફળ છે). આહા..હા..! **'ચૈતન્યરૂપી નંદનવનમાં અનેક ગુણોની વિવિધ પ્રકારની પર્યાયો ખીલી ઊઠે છે.'** આહા..હા..! એનું નામ ધર્મ અને એનું નામ સાધક.

**શ્રોતા :–** આ કલા આપ અમને શિખવાડો ને !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ શું કહે છે ? કળા તો એણે કરવાની છે કે બતાવનારને કરવાની છે ?

ભગવાન ! તારી પ્રભુતા તો પૂર્ણ પડી છે ને, પ્રભુ ! આહા..હા...! તારી પ્રભુતામાં પામરતાનો અંશ નથી. તો એ પ્રભુતા નિમિત્તના આશ્રયે પ્રગટ થાય છે, એવી પામરતા એનામાં છે નહિ. અને ભગવાનઆત્મામાં એવો એક ગુણ પડ્યો છે, અકાર્યકારણ નામની શક્તિ–ગુણ તેમાં પડ્યો છે. આહા..હા...! ભગવાનઆત્મા અનંત ગુણમાં એક ગુણ એવો છે, અકાર્યકારણ નામનો ગુણ એમાં છે. આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ કારણ થાય અને નિર્મળ (પર્યાય) કાર્ય થાય, એમ વસ્તુમાં નથી.

અકાર્યકારણ નામનો ગુણ પ્રભુ ! અનંત ગુણમાં એનું રૂપ છે. આહા..હા..! તો જ્ઞાનની પર્યાય જે ખીલે છે, તે પરના લક્ષે ખીલે અને જ્ઞાન સાંભળ્યું, અગીયાર અંગનું જ્ઞાન થયું, તો તેનાથી આત્માનું જ્ઞાન થાય છે, એમ છે નહિ. આહા..હા..! એવી વાત છે. સમજાણું કાંઈ ? પર્યાયમાં

જે સ્વતંત્રતા અકાર્યકારણ,.. પ્રત્યેક ગુણમાં અકાર્યકારણ નામનો ગુણ પડ્યો છે ભગવાનમાં તો ભગવાન આત્માની જ્યાં દૃષ્ટિ થઈ, આશ્રય લીધો, આશ્રયનો અર્થ એટલો કે પર્યાય સ્વ તરફ ઝુકી તેટલો આશ્રય. આશ્રયનો અર્થ દ્રવ્યમાં પર્યાય ઘુસી જાય છે (એમ નથી) આહા..હા..!

જે પર્યાયમાં રાગ ને નિમિત્તનો ને વર્તમાન પર્યાયનો આશ્રય હતો... આહા..હા..! એ પર્યાયમાં દ્રવ્ય ત્રિકાળી ભગવાનનો આશ્રય થયો. **'भूदत्थमस्सिदो खलु'** (સમયસાર) અગિયારમી ગાથા. આહા..હા..! અર્થાત્ પર્યાયમાં જ્યારે ત્રિકાળી જ્ઞાયકભાવનું લક્ષ થયું તો આશ્રય લીધો એમ કહેવામાં આવે છે. આહા..હા..! એવી પર્યાયમાં અનંત ગુણનો આશ્રય-આધાર થયો, તો પર્યાય પણ અકાર્યકારણ નામની પર્યાય ઉત્પન્ન થઈ કે જે પર્યાયમાં વ્યવહાર કારણ અને નિશ્ચય કાર્ય, એમ વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

સમ્યગ્જ્ઞાનની પર્યાય જે સ્વદૃષ્ટિના લક્ષે થઈ એ પર્યાયમાં પર-જ્ઞાનનો ક્ષયોપશમ (થયો), પરને સાંભળ્યું, સમજ્યો તે કારણ અને જ્ઞાનની પર્યાય તે કાર્ય, પર્યાયમાં એમ નથી. તે પર્યાય અકાર્યકારણપણે પરિણમી છે. આહા..હા..!

**શ્રોતા :–** આપે સમજાવ્યું ત્યારે અમને સમજાયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો નિમિત્તનું કથન છે, પ્રભુ ! આહા..હા..! આ ચૈતન્યરત્ન ભગવાન... આહા..હા..! ચૈતન્ય રત્નાકર કહ્યું ને ? ચૈતન્ય રત્નાકર. સ્વયંભૂરમણ સમુદ્રના તળમાં વેળુ-રેતી નથી. સ્વયંભુરમણ સમુદ્ર જે છે અસંખ્ય યોજનનો, (તેના) તળમાં રેતી-વાળુ નથી. તળમાં એકલા રત્ન ભર્યા છે. સાંભળ્યું છે ? સ્વયંભૂરમણ સમુદ્ર. જેટલા દ્વીપ અને સમુદ્ર છે તેનાથી પણ એની લંબાઈ ત્રણ યોજન વિશેષ છે. શું કહ્યું ? આ બાજું જે સમુદ્ર અને દ્વીપ છે તેની જેટલી પહોળાઈ છે, તેનાથી પણ સ્વયંભુરમણ સમુદ્રની પહોળાઈ ત્રણ યોજન વધારે છે. એ આખા સ્વયંભૂરમણ સમુદ્રમાં નીચે એકલા રત્ન અને માણેક ભરેલા છે. આહા..હા..! એવો આ ભગવાન સ્વયંભૂ... 'પ્રવચનસાર'ની સોળમી ગાથામાં કહ્યું. આહા..હા..!

સ્વયંભૂ ભગવાન સ્વથી ઉત્પન્ન થાય છે. ભૂ-પર્યાય, હોં ! આહા..હા..! પોતામાં નિર્મળ વીતરાગી સમ્યગ્દર્શનની પર્યાય આદિ, સ્વયંભૂ પોતાથી ઉત્પન્ન થઈ છે. કેમકે તેની અંદર અનંત ચૈતન્યરત્ન તળિયે પડ્યા છે. જેમ સ્વયંભૂના તળિયે એકલા રત્ન છે, તેમ ભગવાનની પર્યાયની પાછળ તળિયે, આખા ધ્રુવમાં અનંત રત્ન ધ્રુવ પડ્યા છે. સમજાણું કાંઈ ? એવા રત્નની દૃષ્ટિ જ્યાં થઈ, તે દૃષ્ટિ નિર્વિકલ્પ હોય છે. વિકલ્પનું ગજુ નથી-વિકલ્પનું સામર્થ્ય નથી કે તેનાથી સ્વરૂપની દૃષ્ટિ થાય. આહા..હા..! 'ડાહ્યાભાઈ'! આહા..હા..! એ કહે છે, જુઓ !

**'આત્માને ચૈતન્યરૂપી નંદનવન...'** આહા..હા..! અનંતા ગુણરૂપી ઝાડ પડ્યું છે અને અનેક ગુણોની વિવિધ પ્રકારની પર્યાય ખીલી ઊઠે છે. આહા..હા..! સમ્યગ્દર્શન થતાં, સત્-દર્શન થતાં. સત્-દર્શનનો અર્થ – ત્રિકાળી ભગવાન નંદનવન સમાન અનંત ગુણનો પિંડ પ્રભુ, એવા સત્નું દર્શન

એટલે પ્રતીત અનુભવમાં થતાં... આહા..હા..! આખા નંદનવનમાં જેમ વૃક્ષ પત્ર-પુષ્પ-ફળથી ખીલી ઊઠે છે, તેમ પર્યાયમાં આખા અનંત ગુણ ખીલી ઊઠે છે. આહા..હા..! હજી તો સાધક સમ્યગ્દર્શનની વાત છે. અરે..! લોકો કંઈ કંઈ માનીને બેસે. સમજાણું કાંઈ ?

**'ગુણોની વિવિધ પ્રકારની પર્યાયો ખીલી ઊઠે છે.'** આહા..હા...! ૧૭૫ (બોલ પૂરો) થયો. બોલ ૧૭૬. અહીં આવ્યા ત્યારથી શરૂ થયું છે. સવા બે મહિના ઉપર થઈ ગયું. જેઠ સુદ ૧ આવ્યા ત્યારથી બપોરે શરૂ કર્યું છે. ૧૭૫ થયા. આમ તો ૪૧૩ બોલ છે. આવા ૪૧૩ (વચનામૃત છે). આહા..હા..!

૧૭૬. **'મુક્તદશા પરમાનંદનું મંદિર છે.'** આહા..હા..! સિદ્ધદશા એ પરમાનંદનું મંદિર છે. **'તે મંદિરમાં નિવાસ કરતા મુક્ત આત્માને...'** એ મંદિરમાં નિવાસ કરનારા... આહા..હા..! નિ-વાસ કરનાર. આહા..હા..! અનંત ગુણરૂપ ભગવાનઆત્મા, તેમાં પોતાની દૃષ્ટિ પ્રસારીને, તેમાં નિવાસ કરનારા. આહા..હા..! આવો માર્ગ છે. **'મુક્ત આત્માને અસંખ્ય પ્રદેશે અનંત આનંદ પરિણમે છે.'** આહા..હા..! અસંખ્ય પ્રદેશ. સર્વજ્ઞ સિવાય કોઈ મતમાં આવી વાત નથી. સમજાણું કાંઈ ? આત્મા આત્માની વાત કરી છે પણ સર્વજ્ઞ સિવાય અસંખ્ય પ્રદેશ અને અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણ હદ વિનાના-કોઈ ગુણના માપ નથી કે અનંતમાં આ અંત આવ્યો. આ તો સર્વજ્ઞસ્વરૂપી ભગવાને કહ્યું છે અને સર્વજ્ઞસ્વરૂપી ભગવાનમાં એમ છે. આહા..હા..!

**મુમુક્ષુ :–** ભગવાને કહ્યું છે માટે એમ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કહ્યું છે માટે છે એમ નથી, છે માટે કહ્યું છે. સાકર શબ્દમાં સાકર શબ્દ નથી પણ સાકર શબ્દ સાકરને બતાવે છે કે આ સાકર છે. સાકરમાં સાકર શબ્દનો અભાવ છે અને સાકર શબ્દમાં સાકર પદાર્થનો અભાવ છે. એમ વાણી પદાર્થને બતાવે તો વાણીમાં ચૈતન્ય પદાર્થનો અભાવ છે અને ભગવાન ચૈતન્ય પદાર્થમાં વાણીનો અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

ભાઈ ! આ તો વીતરાગ ત્રણ લોકનો નાથ... આહા..હા..! 'સીમંધર' પ્રભુ મહાવિદેહમાં સાક્ષાત્ બિરાજે છે. જ્યાં એકભવતારી ઇન્દ્ર સાંભળવા જાય છે. પ્રભુ ! તે વાણી કેવી હશે ? શકેન્દ્ર, સુધર્મનો ઇન્દ્ર. ૩૨ લાખ વિમાન, એક વિમાનમાં અસંખ્ય અસંખ્ય દેવ. કોઈ વિમાન નાનું છે પણ ઘણા અસંખ્ય દેવવાળા છે. ૩૨ લાખ વિમાન. આહા..હા..! જેમાં કરોડો ઇન્દ્રાણીઓ. એ ઇન્દ્ર જે છે... આહા..હા..! એ સમકિતી છે, જ્ઞાની છે. કોઈ ચીજ મારી છે એમ માનતા નથી. મારી ચીજ તો મારો આનંદનો નાથ મારી પાસે છે, તે હું છું. આહા..હા..! એવા સમકિતી જ્ઞાની જેને સિદ્ધાંતમાં એકાવતારી–એકભવતારી કહ્યા છે. પંડિતજી ! અને તેની પત્ની, એક મુખ્ય ઇન્દ્રાણી છે તે પણ એકભવતારી છે. કહેવું છે શું ? એવા ત્રણ જ્ઞાનના ધણી મતિ, શ્રુત, અવધિ અને સમકિતી (છે), એકભવતારી. એને ખ્યાલ છે કે મને એક જ ભવ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એવા ઇન્દ્રો

ભગવાનની સભામાં સાંભળવા આવે છે. આહા..હા..! ભાઈ ! એ વાત કેવી હશે ? દયા પાળો, વ્રત કરો એમ તો કુંભાર પણ કહે છે. આહા..હા..! પરની દયા તો ત્રણ કાળમાં પાળી શકતો નથી. પરની દયાનો ભાવ આવે છે તે સ્વની હિંસા છે. 'પુરુષાર્થસિદ્ધયુપાય'માં છે, પંડિતજી ! 'પુરુષાર્થસિદ્ધયુપાય'માં છે કે દયાનો ભાવ છે એ રાગ છે અને સ્વની હિંસા છે. આહા..હા..! બાપુ ! મારગડા વીતરાગના... આહા..હા..! સમજાણું કાંઈ ?

પરની દયા તો ત્રણ કાળમાં પાળી શકતો નથી. એક વાત. એક સ્વ દ્રવ્ય જે છે તે પોતાના ગુણ-પર્યાયને ચુંબે છે. 'સમયસાર'ની ત્રીજી ગાથા. પણ પરદ્રવ્યને અડતા પણ નથી, ત્રણ કાળમાં ક્યારેય અડ્યું નથી. આહા..હા..! ભગવાનઆત્મા પોતાના ગુણ, પર્યાયને ચુંબે છે–અડે છે, પરંતુ પોતાના ગુણ-પર્યાય સિવાય આ આત્મા કર્મને પણ સ્પર્શતો નથી. આત્માએ શરીરને ક્યારે પણ સ્પર્શ કર્યો નથી. વાત આવી છે, ભાઈ ! આહા..હા..! અને કર્મનો ઉદય છે તે જડની પર્યાય છે, તે ત્રણ કાળમાં આત્માને અડી નથી. આહા..હા..! આવો માર્ગ છે. ભગવાનની સભામાં ઇન્દ્રો સાંભળવા આવે છે. આહા..હા..! તે કથા, તે દિવ્યધ્વનિ કેવી હશે, ભાઈ ! આહા..હા..! સમજાણું કાંઈ ?

તે અહીંયા કહે છે. આહા..હા..! **'અનંત આનંદ પરિણમે છે.'** મોક્ષ. હવે અહીં જરી એમ લેવું છે. **'આ મોક્ષરૂપ પરમાનંદ મંદિરનો દરવાજો સામ્યભાવ છે.'** 'પ્રવચનસાર' ૭મી ગાથામાં, ચારિત્ર કહો, સામ્યભાવ કહો, ધર્મ કહો (એવા) મૂળ પાઠમાં ત્રણ બોલ છે. આહા..હા..! ધ્યાન રાખો, હોં ! પ્રભુ પરમાનંદરૂપી જે મોક્ષમંદિર છે, તેનું દ્વાર શું ?–કે દ્વાર ચારિત્ર, વીતરાગધર્મ, વીતરાગતા–સામ્યભાવ. સામ્યભાવ નામ ચારિત્રભાવ. ચારિત્રભાવ નામ ધર્મભાવ. ધર્મભાવ નામ વીતરાગી પર્યાયભાવ. આહા..હા..! ત્યાં 'પ્રવચનસાર'માં લીધું છે ને ? ભાઈ ! 'વીતરાગ ચારિત્ર તે ઉપાદેય છે.' વચ્ચે મહાવ્રતનો કણ આવે છે પણ તે ચારિત્ર નથી, તે હેય છે. આહા..હા..! 'પ્રવચનસાર'માં શરૂઆતની ગાથામાં આવે છે.

અહીંયા કહે છે કે મોક્ષરૂપી મંદિર, તેનું દ્વાર શું છે ? અંદર જવાનો દરવાજો શું છે ? તો કહે, 'વીતરાગભાવ.' આહા..હા..! સામ્યભાવ, સમતાભાવ, સ્વરૂપનો જે અનુભવ થયો, વીતરાગી દશા (થઈ) તે ધર્મભાવ, તે ચારિત્રભાવ, તે સામ્યભાવ (છે). આહા..હા..! 'પ્રવચનસાર' પહેલાં શરૂઆતમાં ત્રણ બોલ એકસાથે લીધા છે. 'चरितं खल्लु धम्मो' ચારિત્ર તે ધર્મ છે તે ગાથા છે. અને તે ધર્મને મૂળ પાઠમાં સામ્ય કહ્યો છે. તે શ્લોકમાં 'चरितं खल्लु धम्मो' એ સામ્ય. આહા..હા..! શું કહે છે ?

પૂર્ણ નંદનવન આત્માનો મોક્ષ, તેમાં પ્રવેશ કરવાનો ઉપાય શું ? દરવાજો શું ? આહા..હા..! સામ્યભાવ. 'કુંદકુંદાચાર્યે' એમ કહ્યું ને કે હું સામ્યભાવને અંગીકાર કરું છું. 'પ્રવચનસાર'ની પહેલી ગાથાઓમાં છે. હું સામ્યભાવને, વીતરાગભાવને (અંગીકાર કરું છું). આહા..હા..! શા માટે ? મોક્ષનું કારણ છે માટે. શરૂઆતની ગાથામાં આવો પાઠ છે, ટીકા છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

આત્માની દશા જે પૂર્ણાનંદરૂપ મુક્ત દશા, તેને પ્રાપ્ત કરવાનો દરવાજો શું ? તે મેળવવાનું દ્વાર સામ્યભાવ છે. પોતાના સ્વરૂપની સમ્યગ્દર્શનપૂર્વક જે વીતરાગતા ઉત્પન્ન થઈ, ચારિત્રની દશા– ચરવું, અનંત આનંદ ગુણનો પિંડ પ્રભુ ! તેની વસ્તુનું ભાન થયું પછી તેમાં ચરવું. અનંત ગુણમાં ચરવું, રમવું, અનંત ગુણનું ભોજન કરવું. આહા..હા..! 'આનંદામૃત ભોજી' ચારિત્ર એ આનંદ-અમૃતના ભોજી છે. તે ચારિત્ર છે, બાપા ! ચારિત્ર કોને કહીએ ! ભાઈ ! આહા..હા..! તે ચારિત્રને અહીંયા 'બેને' સામ્યભાવ કહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ ? સામ્યભાવ કહો, સ્વરૂપ આનંદના નાથમાં ચરવું, રમવું, જમવું. આહા..હા..! અને વીતરાગભાવ કહો, **'તે પરમાનંદ મંદિરનો...'** મોક્ષરૂપી પરમાનંદ મંદિર. આહા..હા..! અત્યારે હિન્દી દસ હજાર (પુસ્તક) આવી ગયા છે. હમણાં હિન્દી નવા છપાણા છે, દસ હજાર આવી ગયા છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'મોક્ષરૂપ પરમાનંદ મંદિરનો...'** પરમ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિરૂપી મોક્ષ. આત્માના સ્વભાવની પૂર્ણતાની પ્રાપ્તિ–લાભ તે મોક્ષ. આહા..હા..! તે મોક્ષરૂપી પરમાનંદ મંદિર. તે પરમાનંદરૂપી મંદિર છે. આહા..હા..! તેની અંદર પ્રવેશ કરવાનો દરવાજો શું છે ? અંદર જવાનું બારણું. શું કહે છે ? દરવાજો. સામ્યભાવ છે. આહા..હા..! રાગનો કણ પણ તેમાં પ્રવેશ કરી શકે એટલી તેની તાકાત નથી. મોક્ષના ઉપાયનો દરવાજો એક સામ્યભાવ છે. આહા..હા..! કેમ ?–કે પ્રભુ જિનસ્વરૂપી, સામ્યભાવસ્વરૂપ જ આત્મા છે. આત્મા છે તે જિનસ્વરૂપી છે. 'ઘટ-ઘટ અંતર જિન વસે' જિનસ્વરૂપી આત્મા છે, સામ્યસ્વરૂપી આત્મા ત્રિકાળ, વીતરાગસ્વરૂપી આત્મા ત્રિકાળ (છે). આ સામ્ય અને વીતરાગ સ્વરૂપનો આશ્રય લઈને, જો શક્તિમાંથી વ્યક્તતા વીતરાગતા થઈ... આહા..હા..! તે વીતરાગતા પરમાનંદરૂપી મોક્ષનું દ્વાર છે. કહો, 'ધન્નાલાલજી'!

**શ્રોતા :–** વાત બરાબર છે પણ તેનું નિમિત્ત શું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિમિત્ત તેને કહીએ કે જે પરમાં કંઈ કરે નહિ તેને નિમિત્ત કહે છે. તેનું તો હમણાં સ્પષ્ટીકરણ થઈ ગયું છે. એ ચર્ચા થઈ હતી. 'ફુલચંદજી પંડતિજી.' 'વર્ણીજી' પાસે ચર્ચા થઈ હતી. 'કૈલાસચંદજી' આદિ બધા (પંડિતો) બેઠા હતા. આત્માની પર્યાયમાં જે વિકૃત દશા થાય છે... 'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા.

**શ્રોતા :–** શિખરજીમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** 'શિખરજી'માં તમે હતા ? પણ અમારા પંડિતજીએ એક યથાર્થ વાત કહી, ભાઈ ! વિકૃત અવસ્થા જે પર્યાયમાં થાય છે, તે ષટ્કારક પોતાની પર્યાયના પરિણમનથી થાય છે, પરકારકથી નિરપેક્ષ. સંસ્કૃત ટીકા છે. કર્મના નિમિત્તથી નિરપેક્ષ. આહા..હા..! વિકૃત અવસ્થા પણ નિમિત્તની અપેક્ષાથી રહિત નિરપેક્ષ (થાય છે). આહા..હા..! એ વાતમાં પંડિતજીએ 'હા' કહી હતી. બીજાઓ 'વર્ણીજી' અને 'બંસીધરજી'એ તો એમ કહ્યું, એ તો અભેદની વાત છે, અભેદની વાત છે. પણ અભેદનો અર્થ શું ? 'ફૂલચંદજી પંડતિજી' બોલ્યા હતા કે સ્વામીજી એમ કહે છે

કે વિકાર નિશ્ચયથી પરની અપેક્ષા વગર થાય છે એટલું પંડિતજી બોલ્યા હતા. ૨૧ વર્ષ પહેલાંની વાત છે. (સંવત) ૨૦૧૩ની વાત. ૩૪ (વર્ષ) થયા. જ્યાં વિકૃત અવસ્થામાં પણ નિમત્તિથી નથી થતી, પરની અપેક્ષા નથી તો મોક્ષના માર્ગની પર્યાયની અપેક્ષા રાખે છે, એમ છે જ નહિ.

બીજી રીતે કહીએ તો મોક્ષની પર્યાય અથવા મોક્ષના માર્ગની પર્યાય, તે પણ એ સમયના ષટ્કારકથી પરિણમે છે. શું કહ્યું ? જન્મક્ષણ છે. 'પ્રવચનસાર' ૧૦૨ ગાથામાં છે. જ્ઞેય અધિકાર છે. તો જ્ઞેયની જે સમયની પર્યાય ઉત્પન્ન થવાની છે તે એનો જન્મક્ષણ છે, તે ઉત્પત્તિનો કાળ છે. એ ઉત્પત્તિનો કાળ, મોક્ષના માર્ગની, મોક્ષની પર્યાય ષટ્કારકથી પરિણામે છે. નિર્મળ પર્યાયનો કર્તા પર્યાય, નિર્મળ(પર્યાય) કર્મ, નિર્મળ(પર્યાય) કારણ, નિર્મળ(પર્યાય) સંપ્રદાન, નિર્મળ(પર્યાય) અપાદાન, નિર્મળ(પર્યાય) આધાર; તેને દ્રવ્ય-ગુણનો આધાર નથી. આહા..હા..!

**શ્રોતા :–** શું એ શાસ્ત્રમાં લખ્યું છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પંડિતજીની હાજરીમાં વાત થઈ હતી. 'પંચાસ્તિકાય' છે અહીં ? ૬૨-૬૨ (ગાથા). તે દિ' બતાવ્યું હતું, જુઓ !

**कम्मं पि संग कुव्वदि सेण सहावेण सम्ममप्पाणं।**
**जीवो वि य तारिसओ कम्मसहावेण भावेण।।६२।।**

**'તે પ્રકારે જીવ પણ (૧) ભાવપર્યાયરૂપથી પ્રવર્તમાન આત્મદ્રવ્યરૂપથી કર્તૃત્વને ધારણ કરે છે,..'** છે ? છ બોલ લીધા છે. **'એવા–સ્વયમેવ ષટ્કારકરૂપથી વર્તતા અન્ય કારકની અપેક્ષા નથી રાખતા.'** વિકાર, હોં ! આહા..હા..! અહીં તો પોકાર એ, કર્મથી થાય છે, કર્મથી થાય છે. અરે..! સાંભળ તો ખરો. આ વાત તો (સંવત) ૧૯૭૧ની સાલમાં અમે બહાર રાખી હતી. ૬૩ વર્ષ થયા.

પોતાની પર્યાયમાં વિકૃત અવસ્થા છે તે કોઈ કર્મથી થઈ છે અને કર્મ છે તો થઈ છે, તેનું અસ્તિત્વ છે તો અહીં અસ્તિત્વ થયું, જ્ઞેયનો સ્વભાવ એવો નથી. 'પંચાસ્તિકાય' તો ત્યારે જોયું પણ નહોતું. એ તો (સંવત) ૧૯૭૮મા (હાથમાં) આવ્યું. આ તો '૭૧ની વાત છે. સંવત ૧૯૭૧. ૬૩ વર્ષ થયા. પર્યાયમાં વિકાર થાય છે એ કર્મથી નથી, પરની અપેક્ષાથી નથી. ખળભળાટ થઈ ગયો. અમારા ગુરુ હતા, ભદ્રિક હતા એ સાંભળતા હતા. અમે કહેતા હતા એ સાંભળતા હતા. પણ એક ગૃહસ્થ શેઠ હતા, હમણા તો ઘણા પૈસાવાળા થઈ ગયા, પણ એ વખતે એની પાસે દસ લાખ રૂપિયા હતા, ૬૩ વર્ષ પહેલાં. એને એ વાત ખટકી ગઈ કે આ ક્યાંથી કાઢ્યું ? અમારા ગુરુ કહેતા નથી, કદી સાંભળ્યું પણ નથી, તો તમે આ ક્યાંથી કાઢ્યું કે વિકાર અવસ્થા પોતાથી થાય છે, પરથી નથી થતી ? ક્યાંથી કાઢ્યું શું (પણ) વસ્તુ એવી છે. સમજાણું કાંઈ ? વિકૃત અવસ્થામાં... અહીં જુઓ ! **'એવું સ્વયમેવ ષટ્કારકરૂપથી વર્તતું અન્ય કારકની અપેક્ષા નથી રાખતા.'** એ વખતે કહ્યું હતું. આહા..હા...! જ્યારે વિકૃત અવસ્થામાં પરની અપેક્ષા નથી.. આહા..હા...! તો મોક્ષમાર્ગની પર્યાયમાં પરની અપેક્ષા નથી.

અહીંયા જે કહેવું છે, સામ્યભાવથી મોક્ષ થાય છે. એ પણ એક અપેક્ષા વાક્ય છે. વીતરાગતા છે તે અંદર પૂર્ણ પ્રાપ્તિ કરવા માટે કારણ છે. ખરેખર તો મોક્ષની જે પર્યાય છે, તે પર્યાય ષટ્કારકરૂપે, પોતાથી પૂર્વની પર્યાયની અપેક્ષા રાખ્યા વગર, દ્રવ્ય-ગુણની અપેક્ષા રાખ્યા વગર (પરિણમે છે). આહા..હા...! પ્રભુ ! માર્ગ આવો છે, હોં ! આહા..હા...!

અહીંયા તો ફક્ત દ્વાર-ઉપાય બતાવવો છે કે વીતરાગ પર્યાય છે સમ્યગ્દર્શન સહિતની ચારિત્રની પર્યાય, ધર્મ પર્યાય, સામ્ય પર્યાય, વીતરાગ પર્યાય તે મુક્તિ મેળવવાનું દ્વાર છે. એ પણ એક અપેક્ષાથી કહ્યું છે. માત્ર રાગથી થાય છે, પરથી થાય છે એનો નિષેધ કરવા કહ્યું છે. નિમિત્ત-નિમિત્ત. નિશ્ચયથી તો ભગવાનઆત્માની મોક્ષ પર્યાય, પૂર્ણ કેવળજ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદની પર્યાય પોતાના ષટ્કારકથી પરિણતિ થઈને ઉત્પન્ન થાય છે. આહા..હા...! અને તે પર્યાયનો જન્મક્ષણ છે. જ્ઞેય અધિકારમાં એમ લીધું. જ્ઞેયમાં જીવ જે જ્ઞેય છે, એ જ્ઞેયની મોક્ષની પર્યાય જે ઉત્પન્ન થાય છે... આહા..હા...! તે ષટ્કારકના પરિણમનથી સ્વની પર્યાયથી ઉત્પન્ન થાય છે. પર્યાયથી પર્યાય ઉત્પન્ન, પર્યાય કર્મ, પર્યાય કર્તા, પર્યાય કરણ, પર્યાય સાધન; દ્રવ્ય-ગુણ પણ નહિ. આહા..હા...! ભાઈ ! વસ્તુનું આવું સ્વરૂપ છે, એવી અંદરમાં જ્યારે પ્રતીતિ આવે છે તો નિર્વિકલ્પ દર્શન થાય છે. આહા..હા...! 'રાજમલજી'! આવો માર્ગ છે, પ્રભુ ! શું થાય ? એકાંત લાગે અને એકદમ કહી દે, એનું એકાંત છે, એકાંત છે. જૈનમાં આ એક હથિયાર છે.

**શ્રોતા** :– વાત તો સાચી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એકાંત છે એ સમ્યક્ એકાંત છે. નિશ્ચયનયનો વિષય સમ્યક્ એકાંત છે. નય છે ને ? પ્રમાણનો તો નિશ્ચય-વ્યવહાર બે વિષય સાથે (છે). નિશ્ચયનય સમ્યક્ એકાંત છે. સમ્યક્ એકાંત, સ્વથી પરિણતિ થાય છે તે સમ્યક્ એકાંત છે.

**શ્રોતા** :– સ્વરૂપને કહેનાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એને ખબર નથી. આહા..હા...! ભાઈ ! આ તો સર્વજ્ઞ ત્રિલોકના નાથે કહેલી વાત છે, પ્રભુ ! આહા..હા...! એવી વિદ્વતા ન હોય અને એટલું પુણ્ય ન હોય, પણ વસ્તુ તો આવી છે. સમજાણું કાંઈ ?

અહીંયા કહે છે, '**મોક્ષરૂપ પરમાનંદ મંદિરનો દરવાજો સામ્યભાવ છે.**' તેનો અર્થ કે ચારિત્રથી મુક્તિ થાય છે, એ સિદ્ધ કરવું છે. સાક્ષાત્ મોક્ષનું કારણ ચારિત્ર છે. દર્શનજ્ઞાન–સમકિત, જ્ઞાન છે તે પરંપરા કારણ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? વીતરાગી પર્યાય-ચારિત્ર મોક્ષ પ્રાપ્ત કરવાનો દરવાજો છે. વ્યવહારથી અને પરથી નથી એટલું બતાવવા વીતરાગ ચારિત્ર કારણ બતાવ્યું. આહા..હા...! પરંતુ 'પ્રવચનસાર' ૧૦૨ ગાથામાં અને ૧૦૧ ગાથામાં (કહ્યું કે) જે મોક્ષની પર્યાય ઉત્પન્ન થાય છે, તેને ધ્રુવની અપેક્ષા નથી, તેને વ્યયની અપેક્ષા નથી. એવો પાઠ ૧૦૧મા છે. 'પ્રવચનસાર' ૧૦૧ ગાથા. ભગવાન ! આ તો ભગવાનના ઘરની વાત છે, પ્રભુ ! શું કહીએ ? આહા..હા..!

કેવળજ્ઞાનની જે પર્યાય ઉત્પન્ન થાય છે, તે પર્યાય ષટ્કારકથી પરિણમતી થાય છે. તેને ગુણનું પણ કારણ નથી. કર્મનો અભાવ તો તેનું કારણ નથી. કેમ ?–કે તેમાં ભાવ નામની એક શક્તિ છે. ભગવાન આત્મામાં ભાવ નામનો એક ગુણ-શક્તિ છે. તો એ ભાવની પર્યાય વર્તમાનમાં થાય છે તે પોતાની સ્વતંત્રતાથી થાય છે. અને તેમાં અભાવ નામનો એક ગુણ છે, તો કર્મનો અભાવ છે તો અભાવ થયો, એમ નથી. પોતામાં અભાવશક્તિ છે (તો) રાગનું અભાવરૂપે પરિણમન થવું તે અભાવગુણનું કાર્ય છે. આહા..હા...! આકરું કામ છે, ભાઈ ! લોકોને, વાણિયાને... એમાં લખ્યું છે, પત્ર આપ્યો પંડિતજીને ? આ પત્ર વાંચી લેજો. બહુ સારો છે. એની દૃષ્ટિએ લખ્યું છે. એ વાંચી લેજો.

તેમાં એમ લખ્યું છે કે જૈનધર્મમાં ઘણી શોધ કરી. બધા શાસ્ત્રો શોધ્યા છે. કોઈ શોધક જીવ છે, 'જાપાન'. ૬૩ વર્ષની ઉંમર છે. મેં તો એવું શોધ્યું છે કે જૈનધર્મ અનુભૂતિરૂપ ધર્મ છે. આહા..હા...! બીજી રીતે કહીએ, એટલી બધી તો એને કંઈ ખબર નથી. આત્મા નિર્વાણસ્વરૂપ છે એમ એણે લખ્યું છે. આપણે કહીએ છીએ કે મુક્તસ્વરૂપ છે. નિર્વાણસ્વરૂપ છે તો પર્યાયમાં નિર્વાણતા આવે છે. મુક્તસ્વરૂપ છે તો મુક્ત પર્યાય આવે છે. આહા..હા...! તે પણ એક અપેક્ષા છે. બાકી તો મુક્તની પર્યાય પણ સ્વતંત્ર નિજક્ષણમાં, તે જ્ઞેયનો સ્વભાવ છે અને તે સમયે તે જ પર્યાય ઉત્પન્ન થવાની લાયકાત છે. ૧૦૧, ૧૦૨ (ગાથા), 'પ્રવચનસાર'.

ઉત્પાદને ધ્રુવની અપેક્ષા નથી. આહા..હા...! ગજબ વાત છે તારી, નાથ ! ઉત્પાદને વ્યયની અપેક્ષા નથી, વ્યયને ધ્રુવની અપેક્ષા નથી, વ્યયને ઉત્પાદની અપેક્ષા નથી. ત્રણે સત્ છે ને ? સત્ છે ને ? સત્ અહેતુક હોય છે. છે તેને હેતુ શું ? આહા..હા...! થોડી સૂક્ષ્મ વાત આવી ગઈ છે, પણ સાંભળે તો ખરા. આહા..હા...!

**'મોક્ષરૂપ પરમાનંદ મંદિરનો...'** છે અહીંયા ? 'પ્રવચનસાર' **'चारित्तं खलु धम्मो'** સાતમી ગાથા છે. **'जो सो समो तत्ति णिद्दिट्ठो।'** વીતરાગ ચારિત્ર છે તે સામ્યભાવ છે. સામ્યભાવ છે તે ધર્મભાવ છે, ધર્મભાવ છે તે ચારિત્રભાવ છે. નીચે લખ્યું છે. સામ્ય છે, સામ્ય.. સમજ્યા ? સામ્ય–ધર્મ–ચારિત્ર તે એકાર્થવાચક છે. મૂળ પાઠમાં **'चारित्तं खलु धम्मो धम्मो जो सो समो तत्ति णिद्दिट्ठो।'** ચારિત્ર, ધર્મ અને સામ્ય એક પાઠમાં ત્રણ બોલ છે. સાતમી ગાથા. છે ? **'मोहक्खोहविहीणो'** મોહ અને ક્ષોભથી વિહિન–રહિત. **'परिणामो अप्पणो हु समो।'** એ સામ્ય. જેમાં મિથ્યાત્વના પરિણામનો અભાવ અને રાગદ્વેષના પરિણામનો અભાવ છે એવો વીતરાગભાવ, તે સામ્યભાવ મોક્ષમંદિરનો દરવાજો છે. સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, બાપા ! બહુ ઝીણી. આ તો થોડું વાંચે અને આપણે સમજી ગયા. અરે.. ભાઈ ! આ માર્ગ કોઈ અલૌકિક છે. આહા..હા...!

**શ્રોતા :–** આત્મા ઠીક, પણ ક્રિયા શું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ ક્રિયા. નિર્મળ વીતરાગી પર્યાય (એ ક્રિયા). ૪૭ શક્તિ છે, તેમાં

એક ભાવશક્તિ છે. પેલી ભાવશક્તિ ભિન્ન. એક બીજી ભાવશક્તિ છે. ષટ્કારકથી જે વિકૃત પરિણામ થાય છે, એથી રહિત એનો ભાવગુણ છે. તેનાથી રહિત પરિણમવું એનો ભાવગુણ છે. ૪૭ શક્તિમાં છે.

ફરીથી. 'સમયસાર' છે ? જુઓ ! શક્તિ છે ને ? '**કારકો અનુસાર જે ક્રિયા..**' પર્યાયમાં રાગ થવો, રાગનો કર્તા, કર્મ, ક્રિયા પર્યાયમાં (છે). એ કારકો અનુસાર ક્રિયા, એનાથી રહિત ભવનમાત્રમયી, હોવામાત્રમયી, થવામાત્રમયી ભાવશક્તિ. આત્મામાં ભાવ નામનો એક ગુણ એવો છે કે વિકૃત પરિણામથી અભાવરૂપ પરિણમવું તે ભાવનો ગુણ છે. આહા..હા..! શું કહ્યું ઇ ?

આત્મામાં જેમ જ્ઞાન, દર્શન, આનંદ ગુણ છે, એવો એક ભાવ નામનો ગુણ છે. એ ગુણનો ગુણ શું ? ગુણનો ગુણ શું ? કે વિકારરહિત પરિણમવું, એ ગુણનો ગુણ છે. સમજાણું કાંઈ ? બે વાત છે. પહેલી આ વાત છે. અને '**(કર્તા, કર્મ વગેરે) કારકો અનુસાર પરિણમિત થવારૂપ ક્રિયાશક્તિ.**' આ ક્રિયા. શું કહે છે ? કે જે ષટ્કારકો અંદર ગુણમાં છે, તે પર્યાયમાં ષટ્કારકનું પરિણમન શુદ્ધ થવું, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન (વગેરે) ક્રિયા નામની એક શક્તિ આત્મામાં છે, ગુણ છે. ક્રિયા નામનો એક ગુણ છે. એ ગુણનો ગુણ શું ? કે ષટ્કારકરૂપે પરિણમન સહિતપણું, શુદ્ધ ષટ્કારકરૂપે પરિણમન સહિતપણું, એ ક્રિયાનો ગુણ છે અને ભાવનો ગુણ એ કે વિકારપણે પરિણમન છે, એનાથી રહિતપણે થવું તે ભાવશક્તિનો ગુણ છે. અરે..રે..! શું થાય ? આવો પોકાર તો 'અમૃતચંદ્રાચાર્ય' (કરે છે). અરે..! એક વાતની પણ ખબર ન મળે ને પોતે માની બેસે કે મેં આ માન્યું છે. ભાઈ ! એ વીતરાગના મારગડા જુદા છે, ભાઈ ! આહા..હા..!

'બેન' એ આગળ કહેશે સાચા જ્ઞાન વિના સાચું ધ્યાન થતું જ નથી. પહેલાં સાચું જ્ઞાન થવું જોઈએ કે શું છે ? સમ્યગ્જ્ઞાન નહિ પણ ધારણાનું. યથાર્થ શું છે તેનું જ્ઞાન હોવું જોઈએ. જ્ઞાન થાય તો પછી અંદર ધ્યાન થઈ શકે. પણ જ્ઞાન જ વિપરીત હોય, જે વસ્તુનું સ્વરૂપ છે તેનાથી જ્ઞાન જ વિપરીત હોય તો તેને કદી સ્વરૂપમાં એકાગ્રતા, ધ્યાન થઈ શકે નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવું છે. આ વચનોમાં એટલું ભર્યું છે.

**શ્રોતા :–** ૧૭૮મા આવશે હમણા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો પછી આવશે. કહ્યું ને ? હમણાં કહ્યું હતું, તમે ખ્યાલ ન રાખ્યો. હમણાં બેનનું આવશે. મેં પહેલું કહ્યું હતું. આહા..હા..!

સામ્યભાવ. ગજબ વાત છે, પ્રભુ ! કેમકે પ્રભુ જિનસ્વરૂપ છે તો પર્યાયમાં જિનસ્વરૂપી વીતરાગ પર્યાય થાય છે, એ વીતરાગી પર્યાય મોક્ષદ્વાર–મોક્ષનું દ્વાર છે. આહા..હા...! વ્યવહાર રત્નત્રય–રાગાદિ છે એ મોક્ષનું દ્વાર નથી, એ તો બંધમાં પેસવાનું દ્વાર છે. સમજાય છે કાંઈ ? માર્ગ સૂક્ષ્મ છે, ભાઈ ! આહા..હા...! આ તો અલૌકિક વાતું છે. એ સામ્ય કોને કહે છે, એ હવે કહે છે.

'**જ્ઞાયકભાવે પરિણમીને...**' ભગવાન જાણનાર. જાણક.. જાણક.. જાણક.. જાણક.. જાણક.. જાણક.. જાણક એવો જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, જાણકભાવ. પારિણામિક ભાવ નહિ કહીને જ્ઞાયક કહ્યું.

કેમકે પારિણામિક ભાવ તો પરમાણુમાં પણ હોય છે પણ આ તો જ્ઞાયકરૂપી ત્રિકાળ પારિણામિક ભાવ. આહા..હા..! સમજાય છે કાંઈ ? ત્રિકાળી જ્ઞાયકભાવરૂપ પરિણમીને. એ જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ હોવાથી પર્યાયમાં જ્ઞાયકરૂપે પરિણમ્યો. વીતરાગભાવરૂપે પરિણમ્યો. વીતરાગભાવરૂપી જ્ઞાયકભાવના આશ્રયે વીતરાગભાવરૂપ પરિણમન પર્યાયમાં થયું. છે ?

**'પરિણમીને વિશેષ સ્થિરતા થવાથી...'** સ્વરૂપમાં વિશેષ સ્થિરતા થવાથી **'સામ્યભાવ પ્રગટે છે.'** સામ્યભાવ પ્રગટે છે અને સામ્યભાવ એ મોક્ષનું દ્વાર છે. આહા..હા...! વિશેષ વાત આવશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)

*** આત્મા પરદ્રવ્યને કરી કે ભોગવી શકતો નથી એમ જાણીને પરદ્રવ્યનું કર્તા-ભોક્તાપણું છોડીને સ્વસન્મુખ થવાનું છે.**

**વિકારનો કર્તા કર્મ નથી-તેમ કહીને કર્મ તરફની પરાધીન દૃષ્ટિ છોડવવી છે.**

**વિકારનો કર્તા જીવ નથી પણ કર્મ છે, કર્મ વ્યાપક થઈને વિકારને કરે છે-તેમ કહીને એક સમયના ઉપાધિ ભાવથી ભેદજ્ઞાન કરાવીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરાવવી છે.**

**વિકાર તે સમયની યોગ્યતાથી થવાનો હતો તે જ થયો છે—તેમ કહીને એક સમયના વિકારનું લક્ષ છોડાવીાી દાષ્ટિને દ્રવ્ય તરફ દોરી છે.**

**વિકાર પણ ક્રમબદ્ધમાં હતો તે થયો છે તેમાં તે ક્રમબદ્ધપર્યાયના સ્વકાળનું સત્ પરિણમન બતાવી વિકારનું અકર્તાપણું બતાવીને જ્ઞાતા તરફ દૃષ્ટિ કરાવવી છે.**

**નિર્મળ પરિણામ પણ ક્રમબદ્ધ છે—તેમ બતાવી શુદ્ધ પર્યાયના એક અંશ ઉપરથી પણ લક્ષ છોડાવી ત્રિકાળી ધ્રુવ ઉપર લક્ષ કરાવવું છે.**

**પર્યાયનો કર્તા પરદ્રવ્ય નથી-તેમ કહીને પરદ્રવ્યથી દૃષ્ટિને છોડાવી સ્વદ્રવ્યમાં વાળી છે.**

**પર્યાયનો કર્તા સ્વદ્રવ્ય પણ નથી પર્યાય પર્યાયના ષટ્કારકથી સ્વતંત્ર થાય છે.—એમ પર્યાયની સ્વતંત્રતા બતાવીને પર્યાય ઉપરનું લક્ષ છોડાવી દૃષ્ટિને દ્રવ્ય સન્મુખ કરાવવી છે.**

**વિકાર કે નિર્મળ પર્યાયનો કર્તા ધ્રુવ દ્રવ્ય નથી પણ પર્યાય જ પર્યાયનો કર્તા છે. બંધ-મોક્ષ પરિણામને ધ્રુવ દ્રવ્ય કરતું નથી—એમ બતાવીને પર્યાયની સન્મુખતા છોડાવી ધ્રુવની સન્મુખતા કરાવવી છે. ૭૨૯. — દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી કળશટીકા, કળશ–૨૨૨, પ્રવચન નં. ૨૧૭
## તા. ૧૨-૧૧-૧૯૬૫
## [૨૩]

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' 'કળશટીકા', પહેલેથી જુઓ! **'ભાવાર્થ એમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ...'** શું કહે છે ? જેને આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છે એવી જેને ખબર નથી એવા અજ્ઞાની એમ માને છે કે આ આત્માનો જે જ્ઞાનસ્વભાવ છે એ પરવસ્તુને જાણતા આત્મામાં વિકાર થઈ જાય છે. રાગ-દ્વેષ પરવસ્તુને દેખવાથી થાય છે એમ માને છે તે અજ્ઞાની વસ્તુના સ્વરૂપને જાણતો નથી. કેમકે આત્મા તો ચૈતન્ય જ્ઞાનમૂર્તિ આત્મા છે. ચૈતન્યના પ્રકાશસ્વરૂપ આત્મા (છે). એ જાણનાર, બધી વસ્તુ છે એને જાણે. જાણે, આ જાણે અને એ જણાય. એ તો આત્માનો સ્વભાવ છે અને એ જણાય એ એનો સ્વભાવ છે. એમાં એ ચીજ જાણતાં રાગ-દ્વેષ થાય એ કંઈ ચીજમાં નથી. નથી આમાં, નથી એમાં. સમજાણું કાંઈ ?

આત્મા સત્ ચિત જ્ઞાનસ્વરૂપ (છે). આત્મા એટલે જ્ઞાનનો સૂર્ય અને એમાં જણાવાયોગ્ય આ ચીજો. શરીર, વાણી, કર્મ આ બાહ્ય (ચીજો). એ તો આત્મા જ્ઞાનસ્વરૂપ એને જાણતા જાણવાનું કામ કરે એમાં રાગ-દ્વેષનું, પુણ્ય-પાપનું કારણ આત્મા નથી. તેમ જણાવાયોગ્ય પદાર્થ જાણતા એ કારણ થાય અને રાગ-દ્વેષ થાય એવું નથી. સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે. અનંતકાળથી ચૈતન્યસ્વરૂપ આત્મા જ્ઞાનજ્યોતિ પ્રજ્ઞાબ્રહ્મ આત્મા છે. એ જાણવાનું કામ કરે એ તો એનો સ્વભાવ છે, જાણવું એવું કાર્ય એ તો એનો સ્વભાવ છે અને બીજી ચીજો શરીર, કર્મ, આ સ્ત્રી, કુટુંબ આદિ જ્ઞાનમાં જણાય એ તો પરપદાર્થમાં એનો પ્રમેય ગુણ છે એથી એ જ્ઞાનમાં જણાય અને આ જ્ઞાન જાણે. એથી કહે છે કે આ રાગ-દ્વેષ થઈ આવે છે એ ક્યાંથી (થાય છે) ? અજ્ઞાની કહે છે કે એ ચીજ જણાય જાય છે ને માટે રાગ-દ્વેષ થાય છે–એ માન્યતા અજ્ઞાન છે. એને આત્માનું સ્વરૂપ શું છે એની ખબર નથી, રાગ-દ્વેષ કેમ ઉત્પન્ન થાય એની ખબર નથી, પર ચીજો એકલી જણાવાયોગ્ય છે એની પણ એને ખબર નથી. સમજાણું કાંઈ ? જરી ઝીણો અધિકાર 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' છે.

કહે છે કે **'એવી આશંકા કરશે કે જીવદ્રવ્ય જ્ઞાયક છે,...'** આત્મા તો જાણનાર છે, જાણનાર છે, જાણે છે. કોઈ પણ ચીજને જાણતા જાણનાર મુખ્ય ન હોય તો જાણે કોને ? જાણનાર જ્ઞાનમાં

જાણે છે કે આ છે, આ છે, આ શરીર છે, કર્મ છે, આ વસ્તુ છે. **'સમસ્ત જ્ઞેયને જાણે છે,...'** એ બધી ચીજ જણાવાયોગ્યને જાણે. **'તેથી પરદ્રવ્યને જાણતાં...'** આ જ્ઞાનમાં પરવસ્તુ જણાય એથી **'કાંઈક થોડો ઘણો રાગાદિ અશુદ્ધ પરિણતિનો વિકાર થતો હશે ?'** સમજાય છે ? સૂર્યનો પ્રકાશ છે એ કોલસાને પ્રકાશે, વિષ્ટાને પ્રકાશે, બધાને પ્રકાશે. એથી કંઈ એના પ્રકાશમાં કાંઈ વિષ્ટાની અને કાળપની મેલપ એમાં આવી જાય છે ? એમ ભગવાનઆત્મા જાણનાર પ્રજ્ઞા-જ્ઞાનબ્રહ્મ આત્મા છે, સર્વજ્ઞ સ્વભાવી છે, એ તો સર્વને જાણવું એવો એનો સ્વભાવ છે. કીધું ને ? **'સમસ્ત જ્ઞેયને જાણે...'** છતાં કહે છે કે જાણતા એને લઈને વિકાર થાય છે-એ અજ્ઞાનીની મિથ્યા ભ્રમ દશા છે. સમજાણું કાંઈ ?

**'થોડો ઘણો રાગાદિ અશુદ્ધ પરિણતિનો વિકાર થતો હશે ?'** થોડો ઘણો તો વિકાર થાય કે નહિ ? સમજાય છે ? **'ઉત્તર આમ છે કે પરદ્રવ્યને જાણતાં તો એક નિરંશમાત્ર પણ નથી,..'** ચૈતન્યપ્રભુ જ્ઞાનમાં જ્ઞાનભૂમિમાં જ્ઞાનસ્વભાવમાં આ ચીજ છે એમ જાણે. જાણતાં અંશમાત્ર પણ વિકાર થવાને ત્યાં અવકાશ છે જ નહિ. આહા..હા..! જરી ઝીણી વાત છે, હોં! 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' છે ને ? એટલે અસ્થિરતાના જે રાગ-દ્વેષ થાય છે એ પણ અહીંયાં નથી લેવા. અહીં તો ફક્ત મિથ્યાદૃષ્ટિપણે જે થાય છે, નથી જ્ઞાનસ્વરૂપ આત્માની ખબર, નથી જ્ઞેયસ્વરૂપ પરવસ્તુની ખબર. એને જાણતા મને વિકાર થઈ જાય છે એમ જે માને એ તો મિથ્યા અજ્ઞાનને કારણે માને છે. સમજાણું કાંઈ ? બહુ ઝીણું તત્ત્વ છે.

આ ચૈતન્ય વસ્તુ શું એણે કોઈ દિ' નજર જ કરી નથી. એણે તો આ વર્તમાન પ્રકાશનો અંશ જે બાહ્ય છે, એ બાહ્ય છે, એ વડે આમ જોવાનું બધું કર્યું, આ શરીર ને આ ને આ ને આ.. એથી એને એમ લાગે છે કે આ જાણનાર આ પર(ને) જાણે એટલે એમાં વિકાર થયા વિના રહે નહિ. આચાર્ય કહે છે કે ભાઈ! જાણવું તો તારો સ્વભાવ છે અને જણાવું એ પરનો સ્વભાવ છે. એમાં પરને જાણતાં થોડો ઘણો પણ પુણ્ય-પાપનો ભાવ થાય એ વસ્તુના સ્વરૂપમાં, આત્માના જાણવાના કાર્યમાં નથી અને જણાવાના જ્ઞેયમાં પણ એ નથી. સમજાણું કાંઈ ?

**'પોતાની વિભાવ પરિણતિ કરતાં વિકાર છે,...'** એ તો સ્વભાવ ભૂલી, હું જ્ઞાનસ્વરૂપ છું, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું એને ભૂલી અને વિકારની પર્યાય ઊભી કરે એ તો એની દશાની યોગ્યતાથી વિકારરૂપે પરિણમે છે. સમજાણું કાંઈ ? જાણવાના સ્વભાવમાં વિકારનું થવું નથી, જણાવાયોગ્ય ચીજ પણ વિકાર કરાવતી નથી. ફક્ત એની વર્તમાન દશામાં સ્વભાવ જાણનાર-દેખનાર ચૈતન્ય આત્મા છે એને ભૂલે છે એથી એ એની દશામાં રાગ-દ્વેષ ને મિથ્યાભાવ અજ્ઞાન ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ આમાં ? આહા..હા..!

**'પોતાની શુદ્ધ પરિણતિ હોતાં નિર્વિકાર છે.'** દેખો! પોતે સ્વભાવ ચૈતન્યમૂર્તિ છે, જાણનાર આનંદકંદ વસ્તુ આત્મા છે. સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાનીએ તો એમ જોયું કે તું તો જ્ઞાન

અને આનંદ છો. એમ નથી જોયું કે તું રાગવાળો ને પરવાળો છે, એમ જોયું છે ભગવાને ? આ આત્માને ભગવાન કેવળજ્ઞાનીએ એવો જોયો કે આ તો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છે અને પરવસ્તુ તે જ્ઞેયસ્વરૂપ (છે), એમ ભગવાને જોયું. એમ તું તને ન જોતાં, હું જાણનાર-દેખનાર અને આનંદ છું એમ ન જોતાં પરને જોતાં, તને તારી પર્યાયમાં વિકારની દશા ઉત્પન્ન થાય એ તો સ્વરૂપના અજ્ઞાનના અભાને ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ ?

જે તત્ત્વમાં નથી એવું ઊભું થાય એ તત્ત્વને કારણે નહિ, પરને કારણે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમાત્મા, એણે તો આ આત્મા (આવો જોયો છે). એનો આત્મા તો પૂર્ણ દશાવંત થઈ ગયો પણ એમણે આ આત્માને એવો જોયો કે એ તો જ્ઞાનની મૂર્તિ, આનંદનું સ્વરૂપ તે આત્મા છે અને તે એને જાણવા-દેખવા ને આનંદના સ્વભાવનું પરિણમન કરે એવો એનો સ્વભાવ છે, એ વિકારપણે પરિણમે એવો એનો સ્વભાવ નથી. ત્યારે એ જાણવા-દેખવાના સ્વભાવમાં બીજું જાણવું થાય માટે વિકાર થાય એમ રહ્યું નહિ. કારણ કે જાણવા-દેખવાનો સ્વભાવ છે. પણ જાણવા-દેખવા ઉપરાંત પરચીજને જ્ઞેય તરીકે જાણવા ઉપરાંત આ મને ઠીક પડે છે અને આ મને ઠીક પડતી નથી, એવી મિથ્યા ભ્રાંતિ કરીને રાગ-દ્વેષને ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ ? કેમ થયું ? 'શુકનચંદજી'! 'હાહ' કેમ ખાધો અંદર ? હાહ ખાય અંદર જાણે શું છે આ ? આ વાત શું છે ?

ભાઈ! આ તો દેહ છે, માટી છે, આ તો જડ છે, રજકણ છે, ધૂળ છે અને અંદર આત્મા જે કહીએ એ તો જ્ઞાનની મૂર્તિ, ચૈતન્યસૂર્ય છે અને કર્મને કરીએ અંદર તો કર્મ તો જડ છે, અંદર ઝીણી ધૂળ છે, આ જાડી (છે). એ બધાં જ્ઞાનમાં એટલે આત્માના સ્વભાવમાં જણાય એવો એનો જણાવાયોગ્ય (અને) આ જાણે એવો સ્વભાવ (છે). આ ઉપરાંત ત્રીજી ચીજ બેમાં નથી. આહા..! સમજાણું કાંઈ ? ભારે વાત, ભાઈ! આ તો મૂળગી પુંજીથી વાત ઉપાડી છે.

ભાઈ! સર્વજ્ઞ પ્રભુ તીર્થંકરદેવ એમ ફરમાવે છે કે તું આત્મા છો. તો આત્મા છો એ તો જ્ઞાન, દર્શન અને આનંદના સ્વભાવવાળું તત્ત્વ છે. તો જાણવા-દેખવાનું કામ કરે અને સાથે આનંદરૂપે થાય એ તો એનું સ્વરૂપ છે. આહા..! એ સ્વરૂપે એમ ન રહેતાં બીજી ચીજને દેખીને, એ (ચીજ) તો જણાવા યોગ્ય છે, સમજાય છે કાંઈ ? આ દાખલો નહોતો આપ્યો ? પૈસા લ્યો, આ નોટું આમ પડી હોય, લ્યો! પાંચ લાખ, દસ લાખ એના ઉપર આંકડો લખ્યો હોય. આ ફલાણા ભાઈના અને આ ઢીકણા ભાઈના. હવે જોવામાં, જાણવામાં આત્મા તો જાણે કે આ છે, આ છે, આ છે; પણ એમાં જ્યાં ચિઠ્ઠી લખીને એના શરીરનું નામ પડે (એટલે) આ પૈસા મારા (એમ થઈ જાય).

**શ્રોતા** :– બીજાના ન હોઈ એમ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પણ કોના બીજાના ? એ તો જ્ઞેય છે. સમજાણું કાંઈ ?

જ્ઞાનસ્વરૂપ આત્મા છે એ તો જાણે. જાણવા ઉપરાંત આ ચીજ, આ લક્ષ્મી મારી (એમ કરે

છે). એ તો જ્ઞેય છે, આ જ્ઞાન છે. એ જણાય છે અને આ જાણે છે. એ ઉપરાંત આ મારા એ ક્યાંથી આવ્યું ? કહે છે. એ તારી વર્તમાન માન્યતાની અસત્ય બુદ્ધિમાંથી ઉત્પન્ન થયું છે. બરાબર હશે આ ? શું કરવું ?

ચોપડા હોય, આમ પચીસ પડ્યા હોય, લ્યોને! એના નામ લખ્યા હોય.. બધા ચોપડા પડ્યા હોય એ જોવે. જોવું–જાણવું એ તો જ્ઞાનનો સ્વભાવ છે. આ ચોપડો મારો, ઇ ક્યાંથી આવ્યું ? જાણનાર જાણે. જાણવાનો સ્વભાવ છે. એ જણાય એવો એનો સ્વભાવ છે. આ મારુ એમાં નથી અને આમાં પણ નથી. છે ?

**શ્રોતા** :– નથી તો આવ્યું ક્યાંથી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એણે પર્યાયમાં ભ્રમણા ઉભી કરી એમાંથી આવ્યું. શું કરવું આમાં હવે ? આ ઘરમાં દસ છોકરા છે. એમાં પચાસ-સો છોકરા નિશાળમાં હારમાં લાઈનસર ઉભા હોય. હવે આત્મા જાણે, કહે છે. અહીં તો જાણે, એ જણાય, બસ! એ સિવાય બીજી વાત છે ? એમાં પાંચસો છોકરાની અંદર આ બે છોકરા મારા, ઇ ક્યાંથી આવ્યું કહે છે. હતું કે દિ' ?

**શ્રોતા** :– માસ્તર ભણાવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– માસ્તર પણ મૂઢ છે. એ તો જણાવાયોગ્ય ચીજ છે, આ જાણનાર છે. આ જાણનાર છે એમાં આ જણાણું એમાં આ મારું એમાં ક્યાં છે ? અને આમાં ક્યાં છે ? 'ન્યાલભાઈ'! આહા..હા..! એમ આ શરીર જે જડ છે, આ તો માટી છે, આત્મા ચૈતન્ય વસ્તુ છે, જ્ઞાનસ્વરૂપ છે, ભગવાન સર્વજ્ઞ પર્યાયમાં જેવા હતા એવો જ આ સર્વજ્ઞસ્વભાવી સર્વને જાણવાના સ્વભાવવાળું તત્ત્વ છે. એવો આત્મા શરીરને જાણે, જાણે એ બરાબર છે, એ ઉપરાંત–જાણવા ઉપરાંત આ મારું એ એમાં ક્યાં છે ? શરીરમાં છે ? શરીર તો જ્ઞેય છે. જ્ઞાનમાં છે આ મારું ? એ તો જાણવાનું કામ કરે. 'જેચંદભાઈ'!

**શ્રોતા** :– ઇલેક્ટ્રિક કરંટ લાગે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ઇલેકિટ્રક કરંટ લાગે છે કે ઇ જ કહે છે કે ભ્રમણાનો કરંટ લાગે છે. એ તો ભ્રમણા ઉભી કરે છે માળો મૂરખ થઈને, એમ કહે છે.

**શ્રોતા** :– ઇલેક્ટ્રિક કરંટ ભ્રમણા છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ઇલેક્ટ્રિક કરંટ ભ્રમણા છે. હા, એમ છે. આહા..હા..! આમ પક્ષઘાત થાય. શું છે ? સાંભળ તો ખરો. એ તો જડની અવસ્થા થઈ, આ તો અજીવતત્ત્વ છે. આ અજીવતત્ત્વ છે, જડ માટી, એની દશા થઈ. જ્ઞાન એને જાણે. જાણે, આ જણાય. બે સિવાય એમાં ત્રીજું ક્યાં છે ? જ્યાં એણે માન્યું (કે) એ મને થયું, બસ! આ એની મિથ્યાદષ્ટિનો ભાવ સત્યસ્વભાવને ચૂકી જાય છે. જ્ઞાતા-દૃષ્ટા મારો સ્વભાવ એને ચૂકીને આ મારું એવો મિથ્યાત્વભાવ ઊભો કરે છે. અહીં અત્યારે એ વાત છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

કાલે કીધું નહિ ? સો મકાન શેરીમાં એકસાથે હોય. એમાં લાલ રંગ, લીલો રંગ નખાવ્યો હોય. જ્યાં અંદર પેઠો, આ મારું મકાન. મકાનમાં છે મારું એવું ?

**શ્રોતા :–** નામ તો લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ક્યાં લખ્યું છે ? નામ પણ જ્ઞેય છે. એ તો પરમાણુની પર્યાય છે. નામ ક્યાં, આનું નામ છે ત્યાં ? એ તો પરમાણુની પર્યાય છે. 'સાકરચંદ હીરાચંદ'નું મકાન, લ્યો! રજકણની જડની પર્યાય છે. એમાં આ મારું એમ આવ્યું ક્યાંથી ? એમ કહે છે. એ..ઇ...! 'ભીખાલાલ મગનલાલ'. 'ભીખાલાલ મગનલાલ' એ તો શબ્દ છે, એ તો જડ છે. જડ છે કે આત્મા છે ત્યાં ? ત્યાં આત્મા છે ? અહીં આત્મા છે ઇ અહીં જાણવાનું કામ કરે કે આત્મા ત્યાં પેસી જાય છે ? ઇ અહીંયાં આવી જાય છે ? એણે કોઈ દિ' મિથ્યાશ્રદ્ધા શું છે અને સમ્યક્ સ્વભાવની પ્રતીત શું છે એની કોઈ દિ' દરકાર કરી નથી. સમજાણું કાંઈ ?

સામે એક જીવ મર્યો. આમ અવસ્થા (થઈ), શરીરનો વિયોગ થયો. શરીર અડ્યું ને. આ શરીર અડ્યું ને તો થયો. હવે એ તો એક જ્ઞાનમાં જાણવાયોગ્ય વાત થઈ, જ્ઞાને જાણ્યું. આત્મા ચૈતન્યસૂર્ય છે. પ્રકાશનો બિંબ (છે). જાણવું. આ (આંખ) તો કોડા છે, આ ક્યાં આત્મા છે ? અંદર જાણનાર તે આત્મા છે. જાણવું. જેની સત્તામાં જાણવું થાય છે તે આત્મા છે. આ સત્તામાં–આંખમાં (જાણવું) થાય છે ? હોવાવાળું ચૈતન્ય. જ્ઞાન હોવાવાળી સત્તા, એમાં આ છે એમ જણાય છે. હવે એમાં આ છે એમ જણાતાં આ દેહનો વિયોગ થયો, આત્માનો દેહનો (વિયોગ થયો) એમ જ્ઞાને જાણ્યું. એ ઉપરાંત, એ જ્ઞેય થઈને જણાણું એ ઉપરાંત મેં આને માર્યો એવું ક્યાંથી આવ્યું ? અહીં એમ કહે છે, લ્યો! ભાઈ! આહા..હા..! હેં ?

ગામના છોકરા ઘણા હતા અને સાત છોકરા મારા એમ ક્યાંથી લાવ્યો ? એમ અહીં કહે છે. કહો! સૌના જગતના આત્માઓ છે અને એ જગતના શરીરના રજકણો પણ જગતના અજીવતત્ત્વ છે. એમ જાણનાર જાણે એ બરાબર છે. એને જાણે, એને જાણે બધાને જાણે. જાણવા ઉપરાંત આ મારા છે એમ એમાં થાય છે ? એ ચીજ અહીં આવી જાય છે ? મારાપણે તન્મય થાય છે ? જ્ઞાન ત્યાં તન્મય એકરૂપ થાય છે ? છતાં મારા છે એમ માન્યું ક્યાંથી કહે છે. આ તો મહા સર્વજ્ઞ(નો સિદ્ધાંત છે).

કહે છે કે આત્મા જાણે-દેખે એમાં તો શાંતિનું કાર્ય અને જ્ઞાન, દર્શનનું કાર્ય થાય. એ ઉપરાંત જ્ઞેય છે એ જણાય, બસ! એટલું. એમાં બેની વચ્ચે તેં આ બંધતત્ત્વ, આસ્રવતત્ત્વ ક્યાંથી ઉભું કર્યું ? અને તે ઉભું કરીને આને કારણે થયું, આને કારણે થયું એમ કહે છે પાછો. આ જણાણું (તો) એને કારણે થયું. ન જણાત (તો ન થાત). આંખ્યું બંધ કરો. સમજાણું કાંઈ ?

'બીલો મંગળ'માં આવે છે ને ? અન્યમતિમાં. આંખને ફોડી નાખી. શું આંખનો વાંક છે ? એ ચીજ જણાય એમાં એ ચીજ જણાય એ તો જ્ઞેય છે, આત્મા જાણે છે. એમાં એ જણાઈ ગઈ

અહીં દોષ ક્યાં લાગી ગયો ? સમજાણું કાંઈ ? આહા..હા..! સ્ત્રીના શરીરના અવયવો, સ્ત્રી આદિ જડ જ્ઞેય શરીર માટી છે. એ જ્ઞાનમાં જણાય, બસ! એટલી હદ છે. તે જણાય, આ જાણે. એ ઉપરાંત આ ખરાબ છે, આ ઠીક છે.. આહા..હા..! આકાર સારો છે, આ સુંદર છે એવું ક્યાંથી આવ્યું ? એ અજ્ઞાનતત્ત્વે ઉભો કરેલો ભાવ છે. આહા..હા..! કહો, બરાબર છે કે નહિ આમાં ? 'ગુલાબચંદભાઈ'! આ તો નવરો કરી નાખ્યો. કોઈ નહિ એનું ? કીધું ને, તારું તો ચૈતન્યસ્વરૂપ છે ને! આમ જાણનાર-દેખનાર ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ સિદ્ધ સમાન છે. જેવા સિદ્ધ ભગવાન છે એવો તારો સ્વભાવ છે. જાણવું-દેખવું એવું સ્વરૂપ અને એની સાથે આનંદાદિ બધું છે. જાણનાર-દેખનાર, જાણવા-દેખવાના કાર્યમાં રોકાય તો આનંદ પણ ભેગો થાય. સમજાણું કાંઈ ?

જાણનાર-દેખનાર જાણવા-દેખવાના કાર્યમાં રહે તો આનંદ પણ ભેગો થાય. જ્ઞેય જ્ઞેયપણે જણાય તો એમાં આનંદ પણ પોતામાં ભેગો થાય. એ તો જાણવાના કાર્યની વાત છે. એમાં આ જણાતાં આ જ્ઞાન અટકી ગયું અને આ જ્ઞાન એને લઈને દોષવાળું થયું એવી દુઃખદશા મિથ્યાભ્રમથી ઉત્પન્ન કરેલી છે. સમજાણું કાંઈ ? આહા..હા..! ભારે વાત, ભાઈ! આટલી બધી વાત સમ્યગ્દર્શનમાં બેસી જતી હશે ? હેં ? સમ્યક્ આત્મા શુદ્ધ જ્ઞાયકમૂર્તિ છે એમ ભાન જ્યાં સમ્યક્‌માં થયું કોઈ ચીજ જાણવામાં આવે એ એને નુકસાન કરે છે એ વાત અંદરમાં રહેતી નથી. સમજાણું કાંઈ ?

આખી દુનિયા ગાંડી હોય તો, ઘરે ઘરે રાખ હોય એટલે કાંઈ ચૂલો કસ્તૂરીનો કહેવાય ? ઘરે ઘરે રાખ ચૂલમાં, કોઈ ચૂલામાં કસ્તૂરી છે ? ઘરે ઘરે છે માટે કસ્તૂરી થઈ ગઈ ? બધી રાખ જ છે. એમ આ જાણનાર, જાણનાર જે ભૂલ્યા એ બધા રાખવાળા છે, અજ્ઞાનવાળા છે. સમજાણું કાંઈ ? ભગવાનઆત્મા જાણનાર-દેખનાર જેનો સ્વ-ભાવ, ભાવ, સ્વભાવભાવ જાણવું-દેખવું જેનો સ્વભાવભાવ (છે), એટલાને એમ ન માનતા, એવા ભાવને એ રીતે ન માનતા એને એમ માનવું કે આ જાણનાર જાણે છે માટે મને રાગ-દ્વેષ થાય (છે). એ તો આત્માને પણ માન્યો નહિ અને પરને પણ માન્યા નહિ. સમજાણું કાંઈ ? સૂક્ષ્મ વાત છે, ભાઈ!

કહે છે કે '**પોતાની નિર્વિકાર પરિણતિ હોતાં નિર્વિકાર છે.**' જુઓ! એ પોતે પોતાનો જાણનાર-દેખનાર સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... એમ ભાન કરતાં તો એની નિર્મળ પર્યાય થાય છે. સમજાણું કાંઈ ? અને આ જાણતાં મને દુઃખ થાય છે. અરે..! દુઃખ થાય છે કે હું તને દેખું છું. વાહ..! એ ક્યાંથી આવ્યું ? તને દેખતાં મને સુખ થાય છે. શેનું ?–રાગનું. તને દેખતા મને દુઃખ થાય છે. શેનું ? દ્વેષનું. એ ક્યાંથી આવ્યું ? આહા..હા..! એ..ઇ..!

દિવાળીના દિ' હોય અને એ વખતે તો આમ જાણવાની વાત તો જાણનાર તો જાણે છે. એ કપડા ને લાડવા ને આ ને એમાં પાંચ-પચીસ લાખ સરવાળે થયા હોય, પચીસ હજાર, પચાસ હજાર, લાખ, બે લાખ પેદા થયા હોય, લ્યોને! આંકડા ગણવા છે ને! સાંભળ્યું કે ઓણ લાખ પેદા કર્યા. એ શબ્દ કાને પડ્યો, ચોપડામાં નજરે પડ્યા કે આ લાખ (કમાણા). એ તો જાણનાર

તો આત્મા છે, જ્ઞાનસ્વરૂપ છે. એ જણાય છે. એ ઉપરાંત આ લક્ષ્મી મને પેદા થઈ એવો ભાવ તેં ક્યાંથી ઉભો કર્યો ? એમ કહે છે. બેયમાં નથી અને ત્રીજો અંતરથી ઊભો કરેલો છે.

**શ્રોતા :–** પુણ્યનો ઉદય હોય ને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોને પુણ્યનો ઉદય ? એ તો વસ્તુ છે એને જાણે છે. એ તો પુણ્યના રજકણનું નિમિત્ત (કહેવાય છે બાકી તો) ખરેખર તો એ રજકણ એને જ કારણે આવે છે. પુણ્યનું તો નિમિત્ત કહેવામાં (આવે છે કેમકે) એની પાસે ત્યાં નજીકમાં કેમ દેખાણું ? એની પાસે પૂર્વના રજકણ હતા. એ રજકણ તે જ્ઞાનનું જ્ઞેય છે. એનું ફળ પણ જ્ઞાનનું જ્ઞેય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ભારે વાત, ભાઈ! એ વીતરાગ તત્ત્વ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા તત્ત્વો સમજવા એ બહુ પુરુષાર્થ માગે છે. સૂક્ષ્મ તત્ત્વ છે, સૂક્ષ્મ તત્ત્વ છે. એ કંઈ સ્થૂળ વાત નથી કે એમ ને એમ પકડીને બધા ચાલી નીકળે. આહા..હા..! આહા..હા..! સમજાણું ?

'દ્રવ્યસંગ્રહ'માં નથી આવ્યું ? અધ્યાત્મ, આગમ અને તર્ક–ત્રણથી આ છે. એમ આ જે કીધું કે આત્મદ્રવ્ય આને જાણે, જ્ઞાન પરને જાણે. સૂક્ષ્મ છે એમ કીધું. આમથી સૂક્ષ્મતા તો આ અંદરમાં થઈ ગઈ છે. અહીં તો જરી ઇ કહેવું છે. બીજાઓને એમ કહેવું કે દર્શન પરને સામાન્યપણે દેખે, જ્ઞાન એ વિશેષ બધાને ભેદ પાડીને દેખે, એ કરતાં એક વાત કે આ દર્શન આત્માને દેખે, પરને દેખે, એ પેલા કરતાં સૂક્ષ્મ છે. એના કરતાં આ સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ ? અધ્યાત્મ.

ચૈતન્યપ્રભુ, તારું હોવાપણું એટલે શું ? આત્માનું હોવાપણું એટલે શું ? કહો ? આત્મા છે એટલે શું ? આત્માનું હોવાપણું એટલે કે જાણવું-દેખવું આનંદનું હોવાપણું તે આત્માનું હોવાપણું. હવે આત્માના હોવાપણાંમાં તો જાણવું-દેખવું, આનંદ આદિ હોવાપણે છે અને જ્ઞેયમાં હોવાપણામાં શું ? આ જ્ઞાનમાં પ્રમેય થાય એવું એનામાં હોવાપણું છે. એવા હોવાપણાને જાણવા તરીકે ન જાણતા, જ્ઞેય તરીકે ન જાણતા, જાણનારને જાણવાની સત્તાના હોવાવાળા તરીકે ન જાણતા એની સત્તામાં અનેરી વિકૃતિ ભેગી ઉભી કરવી (કે) આ મને ઠીક, આ મને ઠીક નહિ. એવું જ્ઞેયમાં રજીસ્ટર છે ? છાપ મારી છે ? જ્ઞેયમાં તો જણાવાયોગ્યની છાપ છે. સ્વભાવમાં એવી છાપ છે ? એના સ્વભાવમાં તો જાણવા-દેખવાની છાપ છે. ટ્રેડમાર્ક તો એવો છે, ભગવાન કહે છે. એ ઉપરાંત આ છાપ તેં ક્યાંથી ઉભી કરી ? 'ધરમચંદજી'! બહુ સૂક્ષ્મ વાત છે, હોં! પરમ સૂક્ષ્મ (છે). હેં ? પરમસત્ય છે ? ઇંજેક્શન મારવા જાવ ત્યાં... ઇંજેક્શને આ કામ થયા. કહે છે કે ઇંજેક્શનની પર્યાય જ્ઞેય છે, પેલું થયું ઇ જ્ઞેય છે, ફક્ત જ્ઞાન જાણે છે. એમાં આણે અહીં કર્યું એવું ક્યાંથી આવ્યું ? સમજાણું કાંઈ ? આહા..હા..!

હાથ છે એ જ્ઞાનમાં જણાય છે. આ તો જડ માટી છે. એની સત્તામાં જણાય છે કે હાથ છે. એ હાથ આમ થયો એટલે મારી સત્તા વડે આમ થયો, એને મેં જાણ્યું આમ છે માટે આમ થયું, એવું ક્યાંથી આવ્યું ? એ જાણનાર જ્ઞાનની સત્તામાં બેઠેલો સદાય છે. જાણવાના હોવાવાળો

તે જાણવાના હોવાવાળી સત્તા તે આત્મા, એમાં રહેલો છે, ક્યાંય ગયો નથી. એ કર્મમાં પણ ગયો નથી, ખરેખર રાગ-દ્વેષના આસ્રવમાં પણ ગયો નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ ?

હા, ભગવાનઆત્મા જાણનાર-દેખનાર જાણે એમાં જે વિકાર ઉત્પન્ન કરે એ એની ભ્રમણા. એ ભ્રમણાપણે થવું એ એની પર્યાયની યોગ્યતા. એને છોડી દઈ હું શુદ્ધ જ્ઞાનમૂર્તિ ચૈતન્ય છું, હું જાણનાર-દેખનાર (છું) એમ સમ્યક્‌પણે પરિણમવું એ એનો સ્વભાવ (છે). એ તો એનો સ્વભાવ (છે). સમ્યગ્દર્શન-જ્ઞાનપણે થવું એ તો એનો સ્વભાવ, એ શુદ્ધ પરિણતિ (છે). એ શુદ્ધ પરિણતિ થતાં પેલી અશુદ્ધ (પરિણતિ) ટળી જાય છે. સમજાય છે કાંઈ ?

**'એમ કહે છે–'** **'एते अज्ञानिनः किं रागद्वेषमयीभवन्ति, सहजां उदासीनतां किं मुञ्चंति'** જુઓ! આ શબ્દ. ભાઈ! તત્ત્વ તો એવું છે. ધીરું, શાશ્વત જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા (છે). **'एते अज्ञानिनः'** અરે! **'વિદ્યમાન છે જે મિથ્યાદષ્ટિ જીવો...'** છે ? જે અજ્ઞાની જીવોની વિદ્યમાનતા છે, મિથ્યાદષ્ટિ જીવોના સમૂહની વિદ્યમાનતા છે. **'किं रागद्वेषमयीभवन्ति'** **'मयी'**માં જરી જોર છે. એ **'રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણતિમાં મગ્ન કેમ થાય છે ?'** અરે..! તું જાણનાર-દેખનાર ભગવાનઆત્મા એ પુણ્ય-પાપના ભાવ અને અજ્ઞાનમાં એકાકાર કેમ થઈ જાય છે ? શું છે તને આ ? સમજાણું કાંઈ ?

જાણનાર-દેખનારને જાણનાર-દેખનારમાં ન રાખતાં, જાણનાર-દેખનારને જાણનાર-દેખનારમાં તન્મયતા ન કરતાં જાણનાર-દેખનાર ભગવાન, એ આસ્રવ, પુણ્ય-પાપને મિથ્યાભાવમાં તન્મય–મગ્ન કેમ થઈ જાય છે ? સમજાણું કાંઈ ? ભારે ઝીણું. ધર્મીજીવ જ્ઞાન જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવમાં તન્મય છે, મગ્ન છે. એને રાગ-દ્વેષ થતાં નથી, થતાં જ નથી. થોડા થયા એ પણ જ્ઞેયમાં જાય છે. પોતાના જ્ઞાનમાં એકતામાં જતા નથી, આવતા નથી. આહા..હા..! 'ભીખાભાઈ'! આહા..હા..! અરે..! રાગ-દ્વેષમયી કેમ થાય છે ? એમ કહે છે. વસ્તુ તો જ્ઞાનસ્વરૂપ છે, દર્શનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ (છે). એને છોડી આ મને ઠીક-અઠીક એવી મિથ્યાશ્રદ્ધા જે ઇષ્ટ-અનિષ્ટ વસ્તુ નથી, એ મિથ્યાશ્રદ્ધામાં લીન થઈને ઠીક-અઠીકના રાગ-દ્વેષમાં કેમ લીન થઈ જાય છે ?

આમ જ્ઞાન.. જ્ઞાન ભગવાન, એ જ્ઞાનમાં સમ્યક્ શ્રદ્ધા દ્વારા લીન, સ્થિરતા દ્વારા લીન થાય એ તો એની ચીજનું કાર્ય અને સ્વરૂપ છે. આવી અંતરમાં જ્ઞાનસ્વરૂપ દૃષ્ટા ભગવાન-આત્મામાં લીનતા ન કરતાં જે એની વાસ્તવિક સ્થિતિ અને સ્વરૂપ છે, એને છોડીને પુણ્ય-પાપના (ભાવમાં), ઇષ્ટ-અનિષ્ટ પરપદાર્થને દેખી ઇષ્ટ-અનિષ્ટ વૃત્તિઓ અને મેં આ ઠીક કરી એવી મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષમાં કેમ મગ્ન થઈ જાય છે ? સમજાણું કાંઈ ? બહુ પણ વાત જરી (સૂક્ષ્મ છે). ઓહોહો..!

ભાઈ! તારા હોવાપણામાં, તારા હોવાપણાંમાં તો જ્ઞાન, દર્શન ને આનંદ છે. એવા હોવાપણામાં લીન થવું એ તો સ્વરૂપ છે. એવા હોવાપણાને છોડી અને આ જણાય છે એ ચીજને દેખી આ ઇષ્ટ-અનિષ્ટ છે અને આ ઠીક છે એવા મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષમાં મગ્ન કેમ થઈ જાય છે ?

સમ્યગ્દર્શન અને સ્થિરતારૂપી વીતરાગભાવમાં કેમ લીન થતો નથી ? એમ કહે છે, લ્યો! હું જ્ઞાતા-દૃષ્ટા છું એવી ભાનની પ્રતીતિ અને એની સાથે સ્થિરતા–અરાગની પરિણતિ, એમ થવું જોઈએ એને ઠેકાણે આ તું શું કરે છે ? એમ આચાર્ય (કહે છે). આહા..હા..! સમજાણું કાંઈ ? શું આમાં કરવું, શું ન કરવું ? કંઈ એને ખબર પડતી નથી.

કહે છે કે ભાઈ! તું જ્ઞાન.. જ્ઞાન ચૈતન્ય જાણનાર-દેખનાર (છો) એમાં તેં આ ઉભું કર્યું કે મને આ ઠીક-અઠીક (છે), જ્ઞેયને દેખીને ઠીક-અઠીક મિથ્યાશ્રદ્ધા ઊભી કરી અને ઇષ્ટ-અનિષ્ટમાં રાગ અને દ્વેષની વૃત્તિ ઊઠી એ તારા સ્વભાવમાં નથી, જ્ઞેયે કરાવ્યા નથી. મિથ્યા માન્યતા ઊભી કરીને એમાં લીન થઈ ગયો છો. એ તું કરી રહ્યો છો. તો હવે ધર્મ કરવો હોય તો કેમ થાય ? એ રાગ અને દ્વેષ પરની ઇષ્ટ-અનિષ્ટતા એ વસ્તુમાં નથી, એમાં નથી. આ મને ઠીક-અઠીક એવી મિથ્યાશ્રદ્ધા સ્વરૂપમાં નથી, એમાં નથી. એ મિથ્યાશ્રદ્ધા છોડ તેથી રાગ-દ્વેષ પણ છૂટી જશે. એ મિથ્યાશ્રદ્ધા છૂટતાં જ્ઞાનસ્વરૂપ છે એમ પ્રતીત થશે. પ્રતીત થતાં અરાગી પરિણતિમાં લીન થઈશ. આહા..હા..! આ ચોથા ગુણસ્થાનથી વાત ચાલે છે, હોં! આહા..! સમજાણું કાંઈ ?

'પ્રભુનો મારગ છે શૂરાનો, એ કાયરના નહીં કામ' વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા... પેલા તો કહે છે, 'હરિનો માર્ગ છે શૂરાનો' પણ હરિ ઇ નહિ, હરિ તો આ ભગવાનઆત્મા છે અને સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે કહેલો આત્મા. સમજાણું કાંઈ ? એ પ્રભુનો માર્ગ તો છે શૂરાનો, એ કાયરના નહિ કામ. અમને આ સમજાતું નથી. અમને આ, કાયર છો, પામર છો તું. પ્રભુતા મૂકીને પામરતાનો સ્વીકાર એ તે તને શોભે છે ?

આ જ્ઞાન ને દર્શન ને આનંદથી ભરેલો ભગવાન, એવા તત્ત્વનો સ્વીકાર છોડી અને પરમાં મારાપણું માનીને ઇષ્ટ-અનિષ્ટમાં, રાગ-દ્વેષમાં લીન (થાય છે), ભગવાન! એ તને શોભે છે કહે છે. ભાઈ! એ તો તારી રાંકાઈ છે, હોં! એ તેં તારી સાથે દુશ્મનાઈ ઊભી કરી. તારી સાથે દુશ્મનાઈ ઊભી કરી. આહા..! 'રાજમલજી'! અહીં શું કહ્યું ? જુઓને! **'एते अज्ञानिनः किं रागद्वेषमयीभवन्ति, सहजां उदासीनतां किं मुञ्चंति'** અંદર અવાજ ને ધ્વનિ તો જુઓ! અરે..! **'सहजां उदासीनतां किं मुञ्चंति'** દેખો! **'સહજ જ છે સકળ પરદ્રવ્યથી ભિન્નપણું...'** ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યપ્રભુ એ બધા પરદ્રવ્યથી જુદો છે. શરીર, કર્મ, ધૂળ, માટી, પૈસા બધાથી જુદો (છે). સહજ જ સ્વભાવ જ એનો એવો બધી પરવસ્તુથી જુદાપણું **'એવી પ્રતીતિને કેમ છોડે છે ?'** દેખો! **'सहजां उदासीनतां किं मुञ्चंति'**નો અર્થ કર્યો. શું કીધું ?

સહજપણે પરવસ્તુથી તદ્દન જુદો. આ શરીરની કોઈ પણ જડની અવસ્થાથી પણ ભગવાનઆત્મા તો જુદો છે. આહા..હા..! જેમ દાળ, ભાત ને રોટલા ગરવામાં (વાસણમાં) પડ્યા હતા એનાથી આ વસ્તુ જુદી છે. એનાથી અહીં ખડકીને આ શરીર ઊભું થયું. દાળ, ભાત, રોટલાનું આ શરીર થયું. એનાથી તો જુદો છે. એવું જાણવા-દેખવાનો સ્વભાવ, એની ઉદાસીનતા એટલે પરથી ભિન્નપણું કેમ

છોડે છે ? શું ભાષા કીધી, જોઈ ? **'सहजां उदासीनतां किं'** ઉદાસ એટલે પરદ્રવ્યથી ભિન્ન એવો અર્થ કર્યો. ત્યાં લાગ્યો છો કે આ મારા, આ મારા એમાં જે ઠર્યો છો, લીન થયો છો... માથે મગ્ન કીધું હતું ને ? આ મારા ને આ તારા, આ ઠીક અને આ ન ઠીક એવો મિથ્યાભાવમાં મગ્ન (થયો છો). અરે..! સહજ ઉદાસીનતાને કેમ છોડે છો ? તારામાં જાણવા-દેખવામાં રહેવું એવી પ્રતીતિને કેમ છોડે છે ? સમજાણું કાંઈ ? એ તું જેમાં છો, જે રીતે છો તેમાં તેની પ્રતીતિને કેમ છોડે છો ? એ જાણનાર-દેખનાર ભગવાનઆત્મા તો છે.

રોગ થાય, જ્ઞાને જાણ્યું. જાણતાં આ ઉદાસીનતા જ્ઞાન પરથી ભિન્નપણે કામ કરે છે એવો તારો સ્વભાવ (છે) એવી પ્રતીતિને કેમ છોડે છો ? આ દેહની દશા થતાં (તે) મને થઈ છે, જ્ઞાન મેં એનું કર્યું એ ઉપરાંત એમ માન્યું કે આ મને થઈ છે આવી મિથ્યા પ્રતીતિ તેં કેમ ઊભી કરી છે ? સમજાણું કાંઈ ?

**'सहजां' 'સહજ જ સકળ પરદ્રવ્યથી ભિન્નપણું...' 'उदासीनतां'** એટલે કે પરદ્રવ્યથી ભિન્નપણું એવી શ્રદ્ધા. ઉદાસ એટલે પરથી ભિન્ન રહેવું. પરથી ભિન્ન છે એવું પરથી ભિન્ન રહેવું એ સ્વભાવિક ઉદાસીનતા છે, એટલે એની પ્રતીત છે. સમજાણું કાંઈ ? **'सहजां उदासीनतां किं मुञ्चंति'** ભગવાન જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ પ્રભુ, એમાં રહેવું અને આ મારા આદિ ન થવું એવી શુદ્ધ પ્રતીતિને કેમ છોડી દે છો ? આ પ્રતીતિ કેમ ઊભી કરે છો ? આ ઠીક છે, આ અઠીક છે એવા મિથ્યાભાવની પ્રતીતિ કેમ ઊભી કરે છે ? સૂક્ષ્મ વાત છે. એમ કંઈ ભગવાન માન્યા એમ ન ચાલે. ભગવાનને માન્યા, દેવ-ગુરુ-શાસ્ત્ર '....' 'ભગવાનભાઈ'! જાઓ, ભગવાન સાચા. ... કરો, જાઓ સમકિત થઈ ગયું.

ભાઈ! સમ્યક્ એટલે જેવો આત્માનો જાણવા–દેખવાનો, આનંદાદિ સ્વભાવ (છે) એવા સ્વભાવનો સ્વીકાર, સ્વીકાર (થાય) ત્યારે તો એની દશામાં જાણવું, દેખવું અને આનંદનું પરિણમન થયું, દશા થઈ. ત્યારે આ આત્મા આવો આખો એમ પ્રતીતમાં આવે. આવી પ્રતીતિ છોડીને તું આ શું કરે છો ? પરવસ્તુ તે તારે જાણવાલાયક છે, એમાં મારાપણાની માન્યતા ઊભી કરી અને રાગ-દ્વેષમાં કેમ લીન થાય છે ? સ્વભાવિકપણે જ્ઞાનસ્વરૂપ આત્મા, એમાં ઉદાસીન–પરથી ઉદાસીન, પરથી ખસીને જેવો ભિન્નપણે છો એની પ્રતીતિ કેમ છોડી દે છો ? સમજાણું કાંઈ ? અત્યાર સુધી બધી ક્રિયા કરી, પણ આ ક્રિયા આકરી (છે). 'ભગવાનભાઈ'! એ શું કર્યું હતું તેં ? ભાઈ! તને ખબર નથી.

જ્યાં જ્યાં શરીરની અવસ્થા આયુષ્ય હોય તો બચે, આયુષ્ય ન હોય તો મરી જાય એ તો બધી અવસ્થાઓ પરમાં થતી હતી. એમાં તેં તો જાણવું જોઈએ એને ઠેકાણે આ ઉપરાંત મેં બચાવ્યો, મેં માર્યો આવી ભ્રમણા ઊભી તેં ક્યાંથી કરી ? અને પરથી ભિન્ન એ અવસ્થાઓ થાય એનાથી તારી ચીજ ભિન્ન છે, એવી પ્રતીતિને તું કેમ છોડી દે છે ?  અહીં તો એમ કહે છે. સમજાણું કાંઈ ? 'ભગવાનભાઈ'! આહા..! એવી રીતે લીધું છે ને..

કહે છે, આ શરીરની અવસ્થા, લ્યો. સમજાય છે ? પાઉ-કાયમં ઠાણેણં-માણેણં જાણેણં અપ્પાણં

વોસરામિ. આત્માને વોસરાવ્યો છે. એમ નહિ. એમ છે કે જેટલી શરીરની ક્રિયા થાય એ અજીવ વાણીની થાય એ અજીવ, મનની અંદર થાય તે અજીવ. એ જ્ઞાનમાં જ્ઞેય, એ જ્ઞેય છે એને ઠેકાણે મેં આમ કર્યું, મેં આમ કર્યું, હું પદ્માસન રહ્યો. કહે છે કે એ જડની પર્યાય તારા જ્ઞાનમાં જણાવાયોગ્ય થઈ. એના ઉપરાંત મેં કરી એવું લાવ્યો ક્યાંથી કહે છે. એ મિથ્યાશ્રદ્ધાના ભ્રમથી ઉત્પન્ન કરેલો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ ? આહા..હા..! કહો, 'સોભાગચંદજી'! શું કરવું હવે ? ઘંટી-બંટી લાવીને હવે લોટ દળવો કે નહિ ? શું કરવું આમાં ? સારો લોટ ન હોય તો પરિણામ સારા ન થાય. ક્યાં ગયો પણ ? ... મારા પરમાણુ સારા થઈ ગયા. શું છે કીધું આ ? આચાર્ય મોટા નામ ધરાવે. પાછા વિરોધ કરે. અરે..! ભગવાન! તારી તે પણ છળતા, છળતા. આહા..હા..!

ભાઈ! તું ચૈતન્યસ્વરૂપ છો ને! તારા હોવાપણામાં તો જ્ઞાન, દર્શન, ચૈતન્યનો પ્રકાશ, દેખવાનો પ્રકાશ ભર્યો છે. એ પ્રકાશમાં એવું ક્યાંય નથી ભર્યું કે આ ચીજને દેખતાં એ મને રાગ-દ્વેષ કરે અને એ દેખતા મારું છે એવું કંઈ વસ્તુના સ્વરૂપમાં ભર્યું નથી અને આ દેહાદિની જે ક્રિયા થઈ એનામાં એ નથી ભર્યું કે તને એ મારાપણું મનાવે એવું એનામાં છે નહિ. શરીરની આ અવસ્થા થાય છે, વાણી થાય છે એમાં જ્ઞેયમાં તને મારાપણું મનાવે એવું જ્ઞેયમાં છે નહિ.

નવ તત્ત્વની શ્રદ્ધા સાચી કરવી, પણ નવ તત્ત્વ શી રીતે કરવા ? અજીવતત્ત્વની જેટલા દ્રવ્ય-ગુણ-પર્યાય જે થાય તેને જ્ઞેયપણે રાખતાં, આત્મા જ્ઞાનપણે છે તેને જ્ઞાતાપણે રાખતાં તને નથી આવડતું અને આ જ્ઞેયપણાથી મારી ક્રિયા થઈ એમ તેં તારી ઉદાસીનતાની પ્રતીતિ કેમ છોડી દીધી ? એટલે ? પરથી ભિન્નપણાની પ્રતીતિ કેમ છોડી ? એમ કહે છે. સમજાણું કાંઈ ? આ તે ભારે પણ.. જરીક અહીંથી ... બૈરાં આવી ન શક્યા હોય અને પૂછે, શું કહેવું આ ? શું કહેતા હતા ? કાંઈક કહેતા હતા. કોઈ દિ' વાતને સાંભળી નથી.

'જડ ને ચૈતન્ય બન્ને પ્રગટ સ્વભાવ ભિન્ન.' 'જડ ને ચૈતન્ય બન્ને પ્રગટ સ્વભાવ ભિન્ન.' ભગવાનઆત્માનો વસ્તુનો સ્વભાવ જુદો છે, આનો સ્વભાવ જુદો છે. આનો જણાવાનો અને આનો જાણવાનો. એ ઉપરાંત તેં ત્રીજું ક્યાંથી નાખ્યું આ ? '**सहजां उदासीनतां किं मुञ्चंति**' પરદ્રવ્યને જાણતાં પરદ્રવ્ય મારા થયા, એવી પ્રતીતિ ક્યાંથી લાવ્યો ? અને આવી પ્રતીતિ કેમ છોડી ? કે હું તો એનો જાણનાર-દેખનાર છું એવી શ્રદ્ધા તેં કેમ છોડી છે ? સમજાણું કાંઈ ? આહા..! ભારે વાત, ભાઈ! શું હશે ? 'મણિભાઈ'! જય ભગવાન કહે ઇ સાચું, જાઓ! શું કહે છે એની ખબર નથી.

એ, આઠ વર્ષની બાલિકા આમ સમજી જાય. હું એક આત્મા જાણનાર-દેખનાર છું. જણાય ચીજ તે જણાવાયોગ્ય રહે છે. હું એક જાણનાર-દેખનારપણે સ્વભાવ છે તેમ રહું છું. એમ અંતરમાં સ્વભાવની પ્રતીત કરતાં સમ્યગ્દર્શનની પર્યાય પરિણમે છે. આહા..હા..! એને ધર્મરૂપે થાય છે. આપણે તો કહેતા કહેતા એને ખ્યાલમાં નથી આવતું કે આ વિપરીત થાય છે, વિપરીત મનાણું છે. અરે..!

**'एते अज्ञानिनः'** ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરે કહેલું સંતો જગતને કહે છે. એ પ્રતિનિધિત્વ સંતો કરે છે કે ભગવાન આમ કહે છે, હોં! કે તારો સ્વભાવ જાણવું-દેખવું છે એમાં તેં આ પરને મારા માન્યા. એ તો જ્ઞેય છે. ભાઈ! તેં આવું અજ્ઞાન ક્યાંથી ઊભું કર્યું ? આહા..હા..! સમજાણું ? એ આ રાગ-દ્વેષમાં કેમ લીન થઈ ગયો ? કે જે રાગ-દ્વેષની વૃત્તિઓ ઉત્પન્ન થાય એવો તારો સ્વભાવ નથી, એ ચીજમાં રાગ-દ્વેષ ઉત્પન્ન કરવાની તાકાત નથી. પરથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય એવી પરમાં તાકાત નથી અને પરથી પોતામાં વિકાર થાય એ પોતાનો સ્વભાવ નથી. સમજાણું ? એ વિકાર ઉત્પન્ન કેમ કર્યો ? કે હું એક જાણનાર-દેખનાર ચૈતન્યસ્વરૂપ આત્મા છું એમ ભૂલી અને આ જણાવાયોગ્ય ચીજમાં આ મને ઠીક-અઠીક પડે એવી માન્યતાથી રાગ-દ્વેષ ઊભા કર્યા. અરે..રે...! જાણનાર-દેખનારની પ્રતીતિ ઉદાસીનતા ભિન્નતા કેમ છોડે છે ? એમ કહે છે. સમજાણું કાંઈ ? ભારે વાતું, બાપા! આહા..હા..! એણે કોઈ દિ' વીતરાગમાર્ગ શું કહે છે એ સાંભળ્યું નથી. સાંભળ્યું નથી અને અમે વીતરાગના માર્ગમાં અવતર્યા છીએ (એમ માને). સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ અનંત તીર્થંકરોએ એમ ફરમાવ્યું એમ મહાવિદેહ ક્ષેત્રમાં પરમાત્મા અત્યારે બિરાજે છે. 'સીમંધર' તીર્થંકર આદિ વીસ તીર્થંકરો અને લાખો કેવળીઓ વાણીમાં એમ ફરમાવે છે એ સંતો પ્રતિનિધિ તરીકે કહે છે. સમજાણું કાંઈ ?

ભાઈ! તું તારા હોવાપણામાં રાગ-દ્વેષ તો છે નહિ, અમે જોયો નથી. પર જે ચીજો છે એ તને રાગ-દ્વેષ કરાવે એવું અમે જોયું નથી. ત્યારે તારા જોવામાં આવું ક્યાંથી આવી ગયું ? કે અરે..! આ જાણતાં આવો મેલો થયા વિના રહે નહિ હો! અરે..! રોગને જ્ઞાન જાણતાં દ્વેષ થયા વિના રહે ? કરંટ લાગે છે અંદરથી. અને આમ પાંચ-પચીસ લાખની મૂડી કાને સાંભળે, આમ પાંચ લાખનો હજીરો દેખે. હજીરો એટલે મકાન. આહા..હા..!

**શ્રોતા :–** મકાનને હજીરો કહેવાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ હજીરો જ છે ને, બીજું શું છે ? વોરા મરીને દાટે એને હજીરા કહેવાય છે. આ બધા હજીરા જ છે ને ? શું મકાન છે, એ તો ધૂળ છે. આમ દેખે ત્યાં, આ..હા..! ભાઈ! તને મરતાં છોડવું કઠણ પડશે, હોં! 'ન્યાલભાઈ'! બાયડી રોવે. નથી રોતી ? અરે..! બાપા! ભર્યા ઘરમાંથી નીકળવું કેમ ગોઠ્યું ? ઓલી રોવે. ઢોંગેઢોંગ બધાય. કોને કહેવા ભર્યા ઘર ? ભગવાનઆત્મા તો તદ્દન ભિન્ન છે. એ કંઈ લઈને આવ્યો હતો ? અને આવ્યું તો એને કારણે આવ્યું હતું. સમજાણું કાંઈ ?

આજે જ દાખલો નહોતો આપ્યો ? પેલા ભાઈએ કહ્યું હતું. 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો આપ્યો હતો. પેલો છોકરો છે ને ? પેલા ગાંડાનો. એક માણસ હતો, માણસ. 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો દાખલો આપ્યો હતો. એક ગાંડો માણસ હતો, નદીને કાંઠે ગયો. આ શું 'ઉતાવળી' કહેવાય ને ? અમારે 'કાળુભાર' મોટી નદી 'ઉમરાળા'માં છે ને ? મોટી લાંબી નદી. એમાં ઘણા મોટા પથરા હોય. એમાં

જઈને બેઠો. એમાં લગભગ નવ, સાડા નવ, દસ વાગ્યા. એમાં રાજા નીકળ્યો, એક રાજા. તે દિ' તો ક્યાં એવી મોટરું-ફોટરું હતી ? ... દરબાર નીકળે તો ઘોડાગાડી લઈને નીકળે. પણ એ તો 'ઉમરાળા' આવી જાય. પણ બહુ લાંબેથી નીકળ્યા હોય અને પાણી ઘણું દેખીને દસ વાગે ત્યાં પડાવ નાખ્યો. હાથી, ઘોડા. પડાવ નાખ્યો. અડધો, કલાક, બે કલાક (રહ્યા). ખાઈને (પછી) આપણે ચાલશું. તંબુ નાખ્યા હોય તો સૂવે. પેલો ગાંડો બેઠો હતો. ઓ..હો..! આ મારો રાજા આવ્યો, આ મારી રાણી આવી, આ મારા હાથી આવ્યા, આ મારા ઘોડા આવ્યા. ઇ આમ ખાય-પીને સૂતા ને જ્યાં બે વાગ્યા (તો) ચાલવા માંડ્યા. એલા! પૂછ્યા વિના કેમ જાઓ છો ? પેલો કહે ગાંડો છો, માળા! અમે તો અમારે કારણે આવ્યા અને અમારે કારણે જઈએ છીએ.

એમ આ ગાંડો ક્યાંક ઘરમાં આવ્યો ત્યાંથી આ બાયડી ને છોકરા ને શરીર એને કારણે બધા આવ્યા છે અને ઇ જ્યાં મુદ્દત પૂરી થાય અને ચાલવા માંડે તો કહે, એલા! ચાલો છો કેમ ? આત્મા તો ક્યાંકથી આવ્યો, તદ્દન જુદો છે. હેં ? આત્મા તો ક્યાંકથી આવ્યો, કર્મના રજકણ સાથે હતા. બસ! એટલું. પછી આ શરીર થયું, પછી આ મકાન. પછી આ જોવા મંડ્યો, બગીચા ને ફલાણું ને ઢીકણું. અને એ ટાણા જ્યાં આવ્યા તો એ સૂકાવા મંડ્યું, પેલું ચાલવા માંડ્યું, બાયડી મરી ગઈ, છોકરા મરી ગયા. એલા! પણ તમે કેમ જાઓ છો મને પૂછ્યા વિના ? પણ ક્યાં તને પૂછવા માટે આવ્યા હતા ? તને પૂછીને આવ્યા છીએ ? અમે તો અમારે કારણે આવ્યા હતા. અમારી મુદ્દત પૂરી થઈ એટલે અમે જઈએ છીએ.

આ તો 'કાળુભાર' જ પડી છે ઇ. ઇ આજે સંભાર્યો હતો, પેલો 'ગોંડલવાળો' છે ને ? રસ્તામાં સંભાર્યો હતો. 'ચીમનભાઈ'એ દાખલો આપ્યો છે. હા, દાખલો બરાબર છે. કેમ 'પોપટભાઈ' ? એણે છોકરાઓનો દાખલો આપ્યો હશે. એમ આત્મા તો ક્યાંકથી આવ્યો. હેં ? આહા..હા..! અહીં જ્યાં આવ્યો અને પેલા સંયોગો ભેગા થયા તો (કહે) મારા આવ્યા. મુદ્દત પૂરી થઈને ચાલવા માંડ્યા તો (કહે) મારા ક્યાં ગયા ? પણ હતા કે દિ' તારા ? મિથ્યાભ્રમણા ઊભી કરીને મારા માન્યા. અરે...! તારો ઉદાસીનભાવ કેમ છોડે છો ? અરે..! તું તારામાં જ્ઞાન, દર્શન, આનંદમાં (છો) એની પ્રતીતિ કેમ છોડે છો ? આ મારા અને મારા ગયા, આવા ભાવ તેં કેમ ઊભા કર્યા ? ભાઈ! એ તને શોભતા નથી. એમ અહીંયાં સમજાવીને આત્માના સ્વભાવની અનુભવ, પ્રતીતિ કર તો તને આનંદની પ્રાપ્તિ થશે. પરપણાનું માનવું તને છૂટી જશે. ત્યારે તેને ધર્મ થાશે. (વિશેષ કહેશે...)

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

❁

## શ્રી પુરુષાર્થસિદ્ધિ-ઉપાય, ગાથા–૨૨૩ થી ૨૨૬, પ્રવચન નં. ૮૯, તા. ૧૫-૦૮-૧૯૬૭ [૨૪]

૨૨૩ ગાથાનો અર્થ થઈ ગયો. એમાં શું કહે છે ? જેણે પોતાના શુદ્ધસ્વરૂપ આનંદ જ્ઞાયક સ્વરૂપનો અનુભવ કરીને... આ છેલ્લો સાર બતાવે છે ને ? મોક્ષમાર્ગનું ફળ. અત્યાર સુધી તો મોક્ષમાર્ગ વિષે કહ્યું. મોક્ષમાર્ગ જે પોતાનું શુદ્ધ ચૈતન્ય આનંદ છે એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પ્રગટ થયા છે એ જ મોક્ષમાર્ગ છે. તેનાથી મુક્તિ મળે છે એની વાત ચાલે છે. મુક્તિમાં પરમાત્મપદનું સ્વરૂપ કેવું છે એ કહે છે. સમજાણું કાંઈ ?

પહેલાં ૨૨૨ ગાથામાં મુખ્ય ઉપચાર મોક્ષમાર્ગ આવી ગયો ને ? નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગથી પરમપદની પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ ? એ પહેલાં ૨૨૨ ગાથામાં આવી ગયું. ખરેખર તો પોતાનું શુદ્ધસ્વરૂપના આશ્રયથી મુક્તિ થાય છે. પણ વચ્ચે પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે વ્યવહાર વિકલ્પ એવો આવે છે, તે કારણથી પરમપદ મળે છે એવું આરોપથી કથન કરવામાં આવ્યું છે. સમજાણું કાંઈ ? કોઈ તો એમ પણ કહે છે, ભાઈ! કે વ્યવહાર છે એ જેમ હેય છે તો પછી મોક્ષમાર્ગની પર્યાય પણ સમયે-સમયે હેય વૃદ્ધિવાળી થાય છે. શું કહ્યું ?

**શ્રોતા :–** છેલ્લે તો બધું હેય જ છે. ... કરવા માટે ક્યાં હેય છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ એમ કહે છે કે જેમ... આ મુખ્ય અને ઉપચાર બે માર્ગ કહ્યાને ? મુખ્ય તે નિશ્ચય છે અને ઉપચાર તે વ્યવહાર છે. વ્યવહાર તે હેય છે એમ કહો તો અમે તો એમ પણ કહીએ છીએ કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે સ્વભાવ આશ્રયે ઉત્પન્ન થયા તે સમય-સમયની શુદ્ધિ હેય થઈ જાય છે. નવી નવી પ્રગટ થાય છે અને છેલ્લી પર્યાય જે છે, મોક્ષની પર્યાયનો અંત જે છે, તેના પૂર્વ સમયમાં જે આત્માની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રયાત્મક પરિણતિ છે, મોક્ષની પર્યાય ઉત્પન્ન થયા પહેલાં, જે રત્નત્રયની પૂર્ણતા થાય છે એ જ મોક્ષનું કારણ છે.

**શ્રોતા :–** એ જ મોક્ષનું કારણ છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પણ છે. પણ પહેલાં જે છઠ્ઠા ગુણસ્થાનથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ થયું તે ખરેખર મોક્ષનું કારણ ન થયું. સમજાણું કાંઈ ? છેલ્લી પર્યાય મોક્ષના કાર્યનું કારણ થયું. શું કીધું સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** કારણ-કાર્ય તો એ જ રહેશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું આવ્યું ?–કે મોક્ષની પૂર્ણ પર્યાય જ્યારે થઈ, કેવળજ્ઞાન, કેવળદર્શન, પરમ આનંદ, એ દશારૂપી કાર્ય એનું કારણ તો પૂર્વ સમયમાં હોય છે. પૂર્વ સમયની પહેલી પર્યાય, ત્યાં એ કારણ હોય છે, તો એ કારણથી મોક્ષ પર્યાય થઈ. એ પહેલાં જે નિશ્ચયપર્યાય છે એ પણ હેય થતી જાય છે. એમ કહે છે.

**શ્રોતા :–** અભાવ થઈ ગયો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અભાવ થયો તો વ્યવહારનો પણ અભાવ થઈ ચાલ્યો જાય છે અને આ પણ અભાવ થઈ ચાલી જાય છે. તો એકને હેય કહો છો અને એકને ઉપાદેય કેમ કહો છો ? સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** થોડી વાર રહે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ચાલી જાય છે એ બીજી વાત છે. એનો અભાવ થઈને. અભાવ એટલે રાગનું લક્ષ છોડીને. અહીં પણ પોતાના આશ્રયથી જે નિશ્ચય મોક્ષમાર્ગ થયો એનો પણ સમયે-સમયે વ્યય થાય છે અને શુદ્ધિની વૃદ્ધિની પર્યાયનો ઉત્પાદ થાય છે. એ અપેક્ષાથી તો પૂર્વની પર્યાય કારણ અને પછીની પર્યાય કાર્ય. સમજાણું કાંઈ ? 'દેવીલાલજી'! સમજાણું કે નહિ ?

ફરીને, આ તો શાસ્ત્રના અર્થમાં કેટલી ગડબડ કરે છે. આ પાઠમાં પણ એમ જ છે ને ? કે મુખ્ય છે એ નિશ્ચય મોક્ષમાર્ગ છે અને ઉપચાર એ વ્યવહાર મોક્ષમાર્ગ છે. તો વ્યવહાર મોક્ષમાર્ગ ખરેખર છે જ નહિ અને તમે હેય કહો છો, તો પહેલી જે નિશ્ચયની પર્યાય થઈ એ પણ પછીની પર્યાયની અપેક્ષાએ તો એ પર્યાય પણ હેય થઈ ગઈ.

**શ્રોતા :–** એને કારણ કેમ કહો છો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને કારણ કેમ કહો છો ? આનું કારણ છોડી દ્યો અને એનું કારણ કહો છો તો એનું પણ કારણ કહો. જરીક સમજાણું ? ભાઈ! એ રાગ વ્યવહાર છે એ તો વિકલ્પ છે, એ કાંઈ કારણ નથી. એનો તો અભાવ થઈને સ્વભાવના આશ્રયે જેટલી શુદ્ધિ થાય છે, અભાવ થઈને સ્વભાવના આશ્રયે શુદ્ધિ થાય છે એ જ મોક્ષનો માર્ગ છે અને પ્રગટ કરવા લાયક તો શુદ્ધપર્યાય જ પ્રગટ કરવા લાયક છે. રાગ પ્રગટ કરવા લાયક છે જ નહિ. સમજાણું કાંઈ ? રાગ તો વચ્ચે આવી જાય છે. સમજાણું કાંઈ ? નિશ્ચયમાં વચ્ચે વ્યવહાર આવી જાય છે. 'મોક્ષ અધિકાર'માં આવે છે ને ? ભાઈ! 'જયચંદ પંડિત'. એકલો વ્યવહાર નહિ. નિશ્ચય હોય ત્યાં વ્યવહાર વચ્ચે આવે છે. 'જયચંદપંડિત' ના 'મોક્ષઅધિકાર'માં છે ને. ક્યારે ? નિશ્ચય હોય ત્યારે વ્યવહાર આવે છે. પણ એ બેમાં ફેર છે. નિશ્ચય આત્મા જે છે એ શુદ્ધ ચિદાનંદમૂર્તિ, એનો આશ્રય કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય ઉત્પન્ન થઈ એ તો પ્રગટ કરવાને યોગ્ય હતી. રાગ વચ્ચે આવે છે એ પ્રગટ કરવાને લાયક નથી પણ આવે છે. સમજાણું કાંઈ ?

હવે આગળ વધીને ભગવાનઆત્મા પોતાનો ઉગ્ર આશ્રય કરીને જે છેલ્લી શુદ્ધ પર્યાય પ્રગટ થઈ, જે મોક્ષની પર્યાય ઉત્પન્ન થયા પહેલાં, મોક્ષનું કાર્ય થયું, એના પહેલાંની જે ચૌદમા ગુણસ્થાનના અંત સમયની પર્યાય જે છે, ખરેખર તો એ જ કારણ છે. એ જ રત્નત્રય કારણ છે અને મોક્ષ કાર્ય છે. પણ એ પહેલાંની પર્યાયને કારણ કહ્યું પણ એ યથાર્થ કારણ છે, શુદ્ધ છે. શું થાય પણ ઝઘડા એવા ચાલે ને કે તમે જ્યારે વ્યવહારને હેય કહો, તો અમે તો કહીએ છીએ, નિશ્ચય પણ હેય છે. હેયની અપેક્ષાએ તો બંને હેય છે. હેય છે માટે એમાં લાભ નથી એમ નહિ. ભાઈ ! 'અમરચંદભાઈ'! એમ કહે કે વ્યવહાર હેય કહો તો એનાથી લાભ નથી એમ નથી, લાભ છે. લાભ છે જ નહિ. આ હેયમાં બીજી વાત છે, પેલા હેયમાં બીજી વાત છે. ભાઈ ! આહા..હા..! શું થાય ? જગતને...

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ, એનો આશ્રય કરીને જે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એ તો સંવર-નિર્જરારૂપ આનંદરૂપ છે. એ પર્યાય પછી બીજી પર્યાય જે થાય એનું એ કારણ ભલે હોય. વિશેષ શુદ્ધિ કાર્ય જે થાય એની પહેલી શુદ્ધ પર્યાય કારણ ભલે હોય, પણ એ કારણનો નાશ થઈને કાર્ય થાય છે, પણ એ કારણ હિતકર છે.

**શ્રોતા :–** માટે કારણ કહ્યું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** માટે ખરેખર કારણ છે. એટલે રાગ હિતકર નથી. શું થાય ? સમજાણું કાંઈ ? સમજાય છે ? થોડું સૂક્ષ્મ છે પણ અહીં તો... આહા..હા..! એય..! 'પોપટભાઈ'! બહુ ઝીણું મગજ કરવું પડશે.

**શ્રોતા :–** મુદ્દાની વાત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ કહે છે, મુદ્દાની...

ભગવાનઆત્મા આનંદ અને શાંતિના રસનો પિંડ પ્રભુ છે. એનો આશ્રય કરવો એ મુદ્દાની રકમ છે. પણ આશ્રય કરવામાં પણ પ્રથમ આશ્રય થોડો છે, પછી આશ્રય વિશેષ છે, પછી આશ્રય વિશેષ છે, એમ સમયે સમયે આશ્રય વધે છે તો શુદ્ધિ વધે છે. તો પહેલાંની જે શુદ્ધિ છે એનો વ્યય થઈને બીજી શુદ્ધિ વિશેષ થાય છે. તો પૂર્વની પર્યાય કારણ અને ઉત્તરની પર્યાય કાર્ય. એમ યથાર્થમાં તો આવે છે, પણ એ મોક્ષનું સીધું કારણ ન રહ્યું.

**શ્રોતા :–** પરંપરા રહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ જ્યારે તેને પરંપરા કહો છો તો અમે વ્યવહારને પણ પરંપરા કહીએ છીએ. 'અમરચંદભાઈ'!

**શ્રોતા :–** પહેલાં બેનો ફેર છે. એક નિશ્ચય પરંપરા છે અને એક વ્યવહાર પરંપરા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમાં ફેર છે, ભાઈ! એ વ્યવહાર પરંપરા આવી જાય છે, એ પ્રગટ કરવા લાયક નથી. ફેર છે. આ તો અંતર આશ્રય કરીને ઉગ્રપણે પ્રગટ કરવા લાયક છે; અને

જે શક્તિ છે, શક્તિમાં જે મોક્ષ સ્વભાવ છે એ શક્તિની વ્યક્તતા એ સ્વભાવની વ્યક્તતા થાય છે. એ શક્તિમાંથી રાગ પ્રગટ થાય એ શક્તિમાં નથી. આહા..હા..! મૂળ વાંધા આ. મૂળ સૂક્ષ્મ વાંધામાં એટલી તકરાર કે જ્યાં મૂળ ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ. ... જ્ઞાનમય એ આનંદથી. ૨૨૪ ગાથામાં. જ્ઞાન અને આનંદ બે જ કારણ છે અહીંયાં. જ્ઞાન અને આનંદ. જ્ઞાનની પરિપૂર્ણતા અને આનંદની પરિપૂર્ણતા. બસ, એનું નામ મોક્ષ. સમજાણું કાંઈ ? તો એનું કારણ જે શક્તિરૂપ સ્વભાવ ભગવાનઆત્માનો છે એ શક્તિની અંતરમાંથી વ્યક્ત પ્રવાહ આવે છે એ અંતરમાંથી વ્યક્ત આવે છે, ખરેખર એ જ મોક્ષનું કારણ છે. આગળની પૂર્વ પર્યાય ભલે મોક્ષનું કારણ હોય, પણ આ બધી પર્યાયો શક્તિમાંથી આવે છે. સમજાણું કાંઈ ? એ ભિન્ન ચીજ છે. ભાઈ!

**શ્રોતા :–** વ્યવહાર પર ચીજ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વ્યવહાર તો પર ચીજ છે, અંતરમાંથી નથી આવ્યો. એ તો નિમિત્તનું લક્ષ કરીને પરાધિનપણે પર્યાયમાં રાગ આવ્યો છે. એને કારણ કહેવું એ તો, ભાઈ! સિદ્ધાંત શું કહેવો છે એ સમજાણું કાંઈ ? કે બેના સ્વરૂપમાં, બેના ફળમાં, બેની દિશામાં ફેર છે. એથી ભગવાનઆત્મા પોતાનો શુદ્ધ ભગવાનસ્વરૂપ પરમાનંદમૂર્તિ પૂર્ણ ધ્રુવ સ્વરૂપ.

સ્વભાવ છે ને સ્વભાવ ? એકલો સ્વભાવ, એકલો સ્વભાવ. સ્વભાવની મહિમા શું ? સ્વભાવની અપરિપૂર્ણતા શું ? અને સ્વભાવમાં વિપરીતતા ક્યાં છે ? અને સ્વભાવની હદ શું ? એવો જે જ્ઞાન-દર્શન-આનંદ આદિ જે સ્વભાવ છે એમાંથી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ ? સ્વભાવના આશ્રયથી સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયા એ તો સ્વભાવની જાત છે. સ્વભાવની જાતને મોક્ષનું કારણ કહેવું એ યથાર્થ છે. સમજાણું કાંઈ ? એને છેલ્લી પર્યાયની અપેક્ષાએ ભલે એને પરંપરા કારણ કહો.

**શ્રોતા :–** સાક્ષાત અને પરંપરા બે લાગુ પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ત્યાં લાગું પડે કારણ કે એની જાતની છે માટે. સમજાણું કાંઈ ? આહા..હા..! અરે..! જગતને તો પોતાનો આશ્રય લેવો, એને તો એવું લાગે જાણે કાંઈ છે જ નહિ. ક્યાંક બહારથી મળી જાય, રાગની ક્રિયાથી અને પરના આશ્રયથી થાય એ વસ્તુ એવી છે જ નહિ. સમજાણું કાંઈ ? 'રતિભાઈ'!

ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્યભાગમાં પૂર્ણાનંદ પ્રભુ! એમાં જે નિર્મળ પર્યાયો છે એ અંદરમાં પડી છે. સમજાણું કાંઈ ? એ પ્રગટ થાય છે તો છે એમાંથી પ્રગટ થાય છે. એમાં રાગ અંદર નથી પડ્યો. પૂંજીમાં એ માલ નથી. પૂંજીમાં આ માલ છે. સિદ્ધની, અરિહંતની, આચાર્ય, સાધુની જે પાંચપદની વીતરાગી પર્યાય છે, એ બધી વીતરાગી પર્યાય અંદર પડી છે. દ્રવ્યમાં છે તો સત્ છે તો પ્રગટ થશે. અંદર સત્ ન હોય અને પ્રગટ થાય એમ છે નહિ. રાગ છે ત્યાં સત્ અંદર નથી. સમજાણું કાંઈ ? ભાઈ! વાંધા ભારે, ભાઈ! શાસ્ત્રે વાદ ભયં. ... અરે..! ભગવાન! આ તો અંતરના માર્ગ છે, પ્રભુ! એમાં વાદવિવાદ હોય નહિ. 'સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે

સો અંધા.' એ 'બનારસીદાસ'માં આવે છે. 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.'

ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ છે ને, ભાઈ! તને વિશ્વાસ નથી. તને વિશ્વાસ નથી. તું વિશ્વાસ લાવ તો અંદર બધી શક્તિ પડી છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે પર્યાય છે એ ક્યાંથી થાય છે ? અસત્ ઉત્પન્ન થાય છે ? પર્યાય અપેક્ષાએ અસત્ પણ વસ્તુમાં છે ત્યારે ઉત્પન્ન થાય કે નહિ ? 'ફૂલચંદજી'! સમજાય છે ? થોડી થોડી મહેનત કરે છે, પ્રયાસ કરે છે. વેપારી માણસ છે. માંડ માંડ ન્યાયનો વિષય ચાલ્યો. વેપારમાં આ યુક્તિની કાંઈ ખબર ન પડે. સમજાણું કાંઈ ? આહા..હા..!

કહે છે કે અરે..! ભગવાનઆત્મામાં બધું સમજવાની શક્તિ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જેટલી પર્યાય છે એ બહારથી નથી આવતી, એ તો બધી અંદરમાં પડી છે. માટે એને પ્રગટ કરવાની તાકાત છે. સમજાણું કાંઈ ? એ કાંઈ નવી વાત નથી. આહા..હા..! ભક્તિમાં ન આવ્યું કાંઈક ? 'નયી નયી બાત નહિ' એય..! ક્યાં ગયા ? અમે તમે સરખા છીએ નવી વાત નથી. એમ ભજનમાં આવ્યું હતું ને ? કાંઈક આવ્યું હતું એ શબ્દ યાદ રહી ગયો. આ તો ભક્તિમાં, નહિ ? અમે અને તમે એક છીએ, સિદ્ધ થવું એ કાંઈ નવી વાત નથી. એ ભક્તિમાં આવ્યું હતું. અહીં કાંઈ બધું યાદ રહે છે ? એક શબ્દ આવ્યો હતો. 'બહેન'નો આવ્યો હતો નહિ ?

**શ્રોતા :–** 'જો તું હૈ સો હું હમ હૈ ઉસમેં કોઈ નયી બાત નહીં.'

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું કીધું ? 'જો તું હૈ સો હું હમ હૈ ઉસમેં કોઈ નયી બાત નહિ.' એ કાંઈ નવી વાત નથી. ભગવાન! જેવા તમે છો એવા અમે છીએ, એ કાંઈ નવી વાત નથી. 'ધન્નાલાલજી'! એ ભક્તિમાં આવે છે. વાંચતા વાંચતા ભક્તિમાં પણ પાછા વિચાર ચાલતા હોય ને. આ તો આ કહે છે. અંદર હું છું. આખો અંદર ભર્યો પડ્યો છું.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિશ્ચય પર્યાય છે, એ તો સ્વભાવ શક્તિમાં છે એ .. વ્યવહાર વિકલ્પ છે, વ્યવહારની દશા પરાશ્રિત છે અને નિશ્ચયની દશા સ્વાશ્રિત છે. તો સ્વ-આશ્રિત છે એનું કારણ કે સ્વ-આશ્રિતમાં બધું પડ્યું છે, ભાઈ ! સમજાણું કાંઈ ? ભાઈ! બરાબર છે ? ભાઈ નથી આવ્યા ? તાવ આવે છે. સમજાણું કાંઈ ? એવી વાત છે, ભાઈ!

ભગવાનઆત્મા જે કાંઈ પંચપરમેષ્ઠીની પર્યાય કહે છે ને ? 'કુંદકુંદાચાર્ય' કહે છે કે એ પર્યાય કાંઈ નવી નથી. એ બધી આત્મામાં છે. એ પાંચે પદની વીતરાગી પર્યાય આત્મામાં છે. સમજાણું કાંઈ ? તો આ પણ સિદ્ધનો મોક્ષનો માર્ગ, મોક્ષમાર્ગ પણ આત્મામાં છે. આહા..હા..! સમજાણું કાંઈ ? રાગ આત્મામાં નથી. કારણ કે વ્યવહાર પરાશ્રય છે અને આ સ્વ-આશ્રય છે. બેમાં ફેર છે. સ્વ-આશ્રયમાં પણ જ્યાં સુધી સંપૂર્ણ ન હોય ત્યાં સુધી પહેલાંની પર્યાયનો વ્યય થાય છે, પાછલી– ઉત્તર પર્યાય કાર્ય થાય છે. કારણ-કાર્ય... કારણ-કાર્ય... પણ એ તો સ્વભાવના પ્રવાહમાંથી આવે છે અને કારણ-કાર્ય શરૂ થાય છે. સમજાણું કાંઈ ? અને આ પરાશ્રય રાગ. સ્વ-આશ્રય નિશ્ચય અને પરાશ્રય વ્યવહાર એનો અર્થ શું ? ન્યાયથી કરવો જોઈએ.

પરની દિશા તરફનો રાગ છે એ કાંઈ અંતરની દિશાનું કારણ થતો નથી. ભાઈ! અંતરના કારણમાં પડ્યું છે તો કારણ થાય છે. રાગમાં શું પડ્યું છે ? રાગ તો નવો નવો પર દિશાએ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ ? એને વ્યવહાર કહ્યો એ તો આરોપિત વ્યવહાર છે. 'ધન્નાલાલજી'! આહા..હા..! અસદ્ભૂત છે. વ્યવહારરત્નત્રય અસદ્ભૂત છે. આ તો પ્રગટ થાય છે એ સદ્ભૂત પર્યાય છે. સ્વ-આશ્રિત કહો તો નિશ્ચય છે અને ભેદ પડે એ અપેક્ષાએ સદ્ભૂત વ્યવહાર છે. સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા... આહા..હા..! પોતાના સ્વરૂપમાં પૂર્ણાનંદ પ્રભુ પૂર્ણ ઇદમ્ ધ્રુવ, એકલો સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... એની હદ નહિ, માપ નહિ, પ્રમાણ નહિ. એટલી વસ્તુ. એમાં બધી શક્તિઓ પડી છે. અંતર આશ્રય કરવાથી... સમજાય છે ? અકારણ-કાર્ય યાદ આવી ગયું, જુઓ! રાગ કારણ અને આ પર્યાય કાર્ય એવું નથી, એમાં ગુણ નથી. સમજાણું કાંઈ ? વ્યવહાર કારણ રાગ અને આત્માની પર્યાય કાર્ય એવો ગુણ નથી. ભાવગુણ તો છે. પોતાનો સ્વભાવ કારણ અને વીતરાગી પર્યાય કાર્ય એવો ગુણ છે. કર્તા-કર્મ એ ષટ્કારકમાં આવે છે ને ? એ તો પોતામાં છે. પણ રાગ કારણ અને આત્માની પર્યાય કાર્ય એમ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ ? થોડી ઝીણી વાત આવી ગઈ. માથે મુખ્ય ઉપચારમાં છે ને ? એનું ફળ અહીં બતાવે છે. ફળ બતાવે છે એમાં પેલો વ્યવહાર તો છે જ નહિ ખરેખર. આ છઠ્ઠા-સાતમાથી નિશ્ચય મોક્ષમાર્ગ જ્યારથી શરૂ થયો, ચોથેથી શરૂ થયો, તો પૂર્વની પર્યાયનો વ્યય થાય છે અને નવી નવી પર્યાય ઉત્પન્ન થાય છે. તો પૂર્વની પર્યાય કારણ અને ઉત્તરની પર્યાય કાર્ય. ઉત્તર સમજ્યા ? પછીની. પછીની પર્યાય કાર્ય અને પહેલાંની પર્યાય કારણ. એમાં રાગ કારણ અને કાર્ય કહેવું એ તો તદ્દન આરોપિત કથન છે. કારણ કે વસ્તુમાં એવો ભાવ છે જ નહિ. સમજાણું કાંઈ ?

આ તો વસ્તુ એવી છે. આ કોઈએ બનીબનાવેલી છે ? બનાવી છે ? કોઈ ભગવાને બનાવી છે ? ભગવાને તો જેવું હતું એવું કહ્યું, જાણ્યું અને અનુભવ્યું. ભગવાન કહે છે, આમ છે, ભાઈ! અમે કાંઈ કર્તા નથી, તમારે કાંઈ કરવાનું નથી. દ્રવ્ય અને ગુણનું તમારે કરવાનું છે ? એવું જ છે. બસ, અંદરમાં આશ્રય કરીને જે નિર્મળ પ્રગટ પર્યાય થાય. એની પર્યાય ભલે અપૂર્ણ હોય અને વ્યય થઈ જાય છે એ અપેક્ષાએ હેય પણ કહેવામાં આવે છે. પણ હેય છે એ બીજી વાત છે. એ તો અંતરમાંથી બીજી વિશેષ આવે છે તો વ્યય થાય છે. રાગના કારણથી અંદરમાં કોઈ કાર્ય ઉત્પન્ન થાય છે એમ નથી. હવે એવી પર્યાયનું ફળ શું છે ? જુઓ! સમજાણું કાંઈ ?

૨૨૩ ગાથા.

**नित्यमपि निरुपलेपः स्वरूपसमवस्थितो निरुपघातः ।**
**गगनमिव परमपुरुषः परमपदे स्फुरति विशदतमः ।।२२३।।**

સિદ્ધ ભગવાન નિત્ય છે, સંસાર અનિત્ય છે. કહો, સમજાણું કાંઈ ? ૨૨૩ મૂળ શ્લોક. ભગવાન પરમાત્મદશા નિત્ય રહે છે, છે પર્યાય. સિદ્ધની છે પર્યાય, પણ **'नित्यम'**. એવી ને એવી પર્યાય કાયમ રહે છે. પહેલાં મોક્ષમાર્ગની પર્યાય ફરતી હતી. અપૂર્ણથી પૂર્ણ (થવા માટે ફરતી હતી). આ એવી ને એવી પર્યાય (કાયમ રહે છે), ભાઈ! તેથી નિત્ય શબ્દ પહેલો વાપર્યો. વ્યવહાર તો છેલ્લે રહ્યો, પણ મોક્ષમાર્ગની પર્યાય ઓછી હતી એ વધારવાની હતી. અહીં વધારવાનું રહ્યું નહિ, સદશ રહી ગઈ.

સિદ્ધ ભગવાનમાં મોક્ષમાર્ગના કારણનું કાર્ય સદશ રહી ગયું. એવી ને એવી સાદિ-અનંત. સમજાણું કાંઈ ? સંસારમાં એવી દશા હતી નહિ એવી પર્યાય દશાની વાત છે. એવી પર્યાય સિદ્ધમાં ઉત્પન્ન થઈ, તેને નિત્ય કહ્યું. **'निरुपलेपः'** સંસાર લેપવાળો છે. ભગવાન! હજી ચૌદમાં ગુણસ્થાને ઉદયભાવ છે. સિદ્ધ **'निरुपलेपः'** છે, કોઈ લેપ નથી. **'स्वरूपसमवस्थितः'** સંસારમાં હજી પૂર્ણ સ્વરૂપ સમ-અવસ્થિત નથી. સમજાણું કાંઈ ? સિદ્ધ ભગવાન પૂર્ણસ્વરૂપ સમ-અવસ્થિત છે. આપણે હવે સીધા શબ્દાર્થ કરીએ છીએ. ભાઈ! સીધા શબ્દાર્થમાં. પેલું લાંબુ.. લાંબુ.. લાંબો લાંબો ભાવ છે. કહો, સમજાણું કાંઈ ?

**'स्वरूपसमवस्थितः'** દશા પૂર્ણ સમ-અવસ્થિત થઈ ગઈ. પરમાત્મદશા સમ-અવસ્થિત-એવી ને એવી (રહે છે). **'निरुपघातः'** નીચે તો ઘાત થતો હતો, પરનો ઘાત કરે, પરથી પોતામાં વ્યવહાર નિમિત્તથી ઘાત થઈ જાય, એવું ત્યાં રહેતું નથી. **'निरुपघातः'** કોઈનો ઘાત કરતા નથી, કોઈ એનો ઘાત કરતા નથી. એવા સિદ્ધ ભગવાન મોક્ષમાર્ગનું ફળ આવી ગયું. **'विशदतमः परमपुरुषः'** જીવને પુરુષ કહે છે, સિદ્ધને પરમપુરુષ કહે છે. સમજાણું કાંઈ ? સાધારણ જીવને પુરુષ કહે છે. અંદર અર્થમાં છે. આ તો ઉપરથી લઈએ છીએ. **'परमपुरुषः'** સિદ્ધ ભગવાન પરમપુરુષ છે. લ્યો. પુરુષ હશે એ ? પરમપુરુષ છે. પૂર્ણ દશા પ્રગટ થઈ. **'परमपदे स्फुरति'** પરમપદમાં રહેનારા છે, પરમ આનંદપદમાં રહેનારા છે. **'विशदतमः'** નિર્મળ છે. **'विशदतमः'** નિર્મળ.. નિર્મળ... નિર્મળ. એકલા સ્ફટિક જેવા સિદ્ધ ભગવાન છે. એ ૨૨૩ ગાથા થઈ. હવે ૨૨૪ ગાથા.

**कृतकृत्यः परमपदे परमात्मा सकलविषयविषयात्मा।**
**परमानन्दनिमग्नो ज्ञानमयो नन्दति सदैव।।२२४।।**

એ મોક્ષમાર્ગનું ફળ મોક્ષ આવ્યું. ભગવાન મોક્ષ કેવો છે ?-કૃત્યકૃત્ય. પૂર્ણ કાર્ય થઈ ગયું. બાકી રહ્યું નહિ. હજી તેરમા ગુણસ્થાને પણ હજી નિર્મળ શુદ્ધનું કાર્ય બાકી હતું. સમજાણું ? આ કૃત્યકૃત્ય થઈ ગયા. **'परमपदे'** પરમપદમાં ભગવાન સ્થિત થઈ ગયા. નીચે તો અપરમપદ અસિદ્ધ દશા હતી. ચૌદમાં ગુણસ્થાન સુધી તો અસિદ્ધ દશા હતી. આ સિદ્ધદશા. ભગવાન પરમપદમાં સિદ્ધ થઈ ગયા. **'सकलविषयविषयात्मा'** લોકાલોક જેમનો વિષય થઈ ગયો. વિષય તો કેવળજ્ઞાનમાં પણ

થઈ ગયો છે. આ તો વિશેષ કહે છે. ''**सकलविषयविषयात्मा**'' અને '**सकल विरतात्मा**' બે શબ્દ લીધા છે, ભાઈ! સકળથી વિરક્ત થઈ ગયા છે. પરમાત્મા સિદ્ધ ભગવાન સકળથી વિરક્ત થઈ ગયા છે. એ સકળનો વિષય કરે છે. સકળથી વિરક્ત થયા છે અને સકળને વિષય કરે છે. રાગાદિ બધાથી વિરક્ત થઈ ગયા છે, ઉદયભાવથી વિરક્ત થઈ ગયા છે અને સકળ વિષયને કરે છે. લોકાલોકને જાણે છે. સમજાણું કાંઈ ?

'**परमानन्दनिमग्नः**' પરમાત્મા પરમાનંદમાં નિમગ્ન છે. સમજાણું કાંઈ ? સિદ્ધ ત્યાં શું કરે છે ? પરમાનંદમાં નિમગ્ન છે. એ કરે છે. સંસારમાં શું કરે છે ? રાગ-દ્વેષમાં મગ્ન છે. સંસારમાં શું કરે છે ? રાગ-દ્વેષમાં મગ્ન છે. એ દુઃખને કરે છે. આ પરમાનંદમાં નિમગ્ન છે. પૂર્ણાનંદ મોક્ષમાર્ગથી જે ફળ થયું (એમાં મગ્ન છે). '**परमानन्दनिमग्नः ज्ञानमयः परमपदे सदैव नन्दति**' જેના જ્ઞાન અને આનંદ પરિપૂર્ણ થઈ ગયા છે એવા સદૈવ સાદિ-અનંત રહે છે. હવે ૨૨૫ ગાથા.

'**જૈન નીતિ અથવા નય-વિવક્ષા.**' આમાં જરી ગોટો છે. અહીં તો કાંઈ ગોટો જ નથી.

**एकेनाकर्षन्ती श्लथयन्ती वस्तुतत्त्वमितरेण।**
**अन्तेन जयति जैनी नीतिर्मन्थाननेत्रमिव गोपी।।२२५।।**

'**मन्थानेत्रं गोपी इव जैनी नीतिः वस्तुतत्त्वं एकेन आकर्षन्ती इतरेण श्लथयन्ती अन्तेन जयति।**' શું કહે છે ? જુઓ! '**વલોણામાં રવઈ ખેંચનાર ગોવાલણ...**' ગોવાલણ હોય છે ને ? ઇ ખેંચે છે ને ? શું કહેવાય એને ? રવૈયો. એ રવૈયામાં દોરી હોય છે. દોરી એક છે, એને છેડા બે છે. છેડા કહે છે ? શું કહે છે ? દોરી બે નથી, દોરી તો એક જ છે. એ તમારી ભાષા આવડે નહિ. અહીં તો બે છેડા (કહે છે). સમજાણું કાંઈ ? આમ ખેંચે ત્યારે આ ઢીલી મૂકે, આમ ખેંચે ત્યારે ઢીલી મૂકે. એમ દોરી તો એક જ છે. એમ **જ્ઞાન તો એક જ પ્રકારનું છે, પણ જ્ઞાનના બે નય છે. આ શ્રદ્ધાની અપેક્ષાએ અહીં વાત નથી. સમજાણું કાંઈ ? નિશ્ચયમાં કોઈ વખતે મુખ્ય કરે અને કોઈ વખતે વ્યવહાર મુખ્ય કરે, એમ એમાં લે છે. એમ છે જ નહિ. એ વાત અહીંયા છે નહિ. કેમ ?–કે શ્રદ્ધા છે એ નિર્વિકલ્પ છે. નિર્વિકલ્પ એક નિર્વિકલ્પ વસ્તુનો વિષય કરે છે. એમાં બે પ્રકાર નથી. સમજાણું કાંઈ ? વ્યવહાર શ્રદ્ધા કરે છે એ આવે છે. નિશ્ચયનયની પર્યાય નવ તત્ત્વની શ્રદ્ધા કરે એ બીજી વાત છે. એનો વિષય તો એક અભેદ જ છે. સમજાણું કાંઈ ? અને આ તો જ્ઞાનની વાત ચાલે છે. 'ધન્નાલાલજી'! એમાંથી કાઢે છે કે જો તમે એકદમ નિશ્ચય-નિશ્ચયને મુખ્ય કરો છો તો અહીં કહે છે કે કોઈવાર વ્યવહારને મુખ્ય કરે, કોઈવાર નિશ્ચયને મુખ્ય કરે. એવી વાત છે. શ્રદ્ધા, સમ્યગ્દર્શન અને મોક્ષમાર્ગની અપેક્ષાએ વાત નથી. મોક્ષમાર્ગ છે એ તો મુખ્યને નિશ્ચય કરીને ચાલે છે વ્યવહાર કદી મુખ્ય થતો નથી. વ્યવહાર જો મુખ્ય થઈ જાય તો દૃષ્ટિ મિથ્યાત્વ થઈ જાય છે.** સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા પોતાના પૂર્ણાનંદ સ્વરૂપનો નાથ, એનો આશ્રય મુખ્ય છે. નિશ્ચયને મુખ્ય નથી કહ્યો, મુખ્યને નિશ્ચય કહ્યો છે. નહિતર નિશ્ચય તો પોતાના દ્રવ્ય, પોતાના ગુણ, પોતાની પર્યાય ત્રણેને સ્વ-અપેક્ષાએ નિશ્ચય કહે છે. સમજાણું કાંઈ ? નહિતર તો સ્વમાં પણ અભેદની વાત છે. મૂળ તો સ્વ-આશ્રય નિશ્ચય છે ને, ભાઈ ? સ્વ-આશ્રય નિશ્ચય અને પરાશ્રય વ્યવહાર એમાં પણ સ્વ-અપેક્ષાએ તો અભેદ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? નાખ્યું છે ને ત્યાં ? અભેદનું નાખ્યું છે ને ? સ્વ-આશ્રય નિશ્ચય અને પર-આશ્રય (વ્યવહાર). ૨૭૨મા. મૂળ તો અભેદનું નાખ્યું છે. 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો (પ્રાપ્તિ કરે નિર્વાણની)'. સ્વનો આશ્રય ત્યાં દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે નથી લીધા. સ્વ-આશ્રય નિશ્ચય અભેદ લીધું છે. સમજાય છે કાંઈ ? 'બંધ અધિકાર' ની ૨૭૨ ગાથા. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે કે ભગવાનઆત્મા, જે સ્વ-આશ્રય. મુખ્ય જે ત્રિકાળ વસ્તુ છે, એની દૃષ્ટિ, એનું જ્ઞાન અને ચારિત્ર એ જ મુખ્ય નિશ્ચય છે. એ સાધકને વ્યવહારનો વિકલ્પ અને પર્યાય કદી મુખ્ય થતાં નથી. સમજાણું કાંઈ ? પર્યાય અને રાગ ગૌણ રહે છે. અભાવ નહિ, અભાવ નહિ. વર્તમાન પર્યાય છે એને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે. અભાવ કરીને વ્યવહાર નથી કીધો. અભાવ નથી. તો તો પર્યાયનો નાશ થઈ જાય. સમજાણું કાંઈ ?

સમ્યગ્દર્શનમાં પણ મુખ્ય-ગૌણ કરીને વાત કરી છે. ભાઈએ 'જયચંદ પંડિતે' ઘણો ખુલાસો કર્યો છે. મુખ્ય વાત છે. ગૌણ કરીને વાત કરી છે તો એકાંત ન લઈ જવું. ભૂતાર્થ દ્રવ્ય છે અને પર્યાય વસ્તુ છે જ નહિ (એમ ન લઈ જવું). સમજાણું કાંઈ ? એ તો મુખ્ય ગૌણ કરીને આત્મામાં જવા અને સ્વ આશ્રય લેવા માટે વાત કરી છે. એની મુખ્યતા ધર્મીને કદી છૂટતી નથી. સમજાણું કાંઈ ? અને વ્યવહારની મુખ્યતા સમ્યગ્દૃષ્ટિને કદી થતી નથી. પણ વ્યવહાર હોય છે ખરો. આહા..હા..! ન હોય તો તો વીતરાગ થઈ જાય અથવા મિથ્યાદૃષ્ટિ થઈ જાય. વ્યવહાર છે ખરો.

દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ ભાવ, પંચમહાવ્રતનો ભાવ વગેરે વિકલ્પ હોય. પર્યાયનો ભેદ એ સદ્‌ભૂત વ્યવહાર છે, પેલો અસદ્‌ભૂત વ્યવહાર છે. વ્યવહાર છે. બારમી ગાથામાં તો બે લીધું છે ને ? સદ્‌ભૂત પેલી પર્યાયની શુદ્ધિ વધે એ અને અશુદ્ધતા બે વ્યવહારનયનો વિષય છે. જાણેલો બન્ને પ્રયોજનવાન એમ કીધું છે. બારમી ગાથામાં બન્ને પ્રયોજનવાન એમ કીધું છે. શુદ્ધતાનો અંશ જે વધે છે એ પણ ખ્યાલમાં રાખવો અને અશુદ્ધતા ટળીને અશુદ્ધતા બાકી રહી એનો પણ ખ્યાલ રાખવો-એનું નામ ત્યાં વ્યવહાર જાણેલો પ્રયોજનવાન કહેવામાં આવ્યો છે. ભારે વાત, ભાઈ! ઝઘડા.. ઝઘડા. પ્રભુ! આહા..હા..! સીધો માર્ગ, સરળ માર્ગ, સત્ માર્ગ. ભગવાનઆત્મા, ત્યાં દૃષ્ટિ લગાવ અને ત્યાં જ્ઞાનને લગાવ અને ત્યાં સ્થિરતા લગાવ એટલી વાત છે. એ મુખ્યપણે કદી વ્યવહાર મુખ્ય થતો નથી. અહીં બીજી વાત છે.

અહીં તો જ્ઞાનપ્રધાનનું કથન છે. અર્થમાં એ લેશે. ભાઈએ બીજું થોડું લીધું. જુઓ! **'વલોણામાં**

**રવઈ ખેંચનાર ગોવાલણની જેમ જિનેન્દ્ર ભગવાનની જે નીતિ...**' જુઓ! નીતિ શબ્દ છે ને ? ભાઈ! **'નીતિ અર્થાત્ વિવક્ષા છે તે વસ્તુરૂપને એક નય-વિવક્ષાથી ખેંચતી,...'** નિશ્ચયથી વાત નિત્ય આત્મા છે... નિત્ય આત્મા છે... શુદ્ધ આત્મા છે. ત્યારે નિશ્ચયની મુખ્યતાથી કથન કરે છે. સમજાણું કાંઈ ? પર્યાયમાં અશુદ્ધતા છે. એ પર્યાય અનિત્ય છે, ક્ષણિક છે. તો વ્યવહારનયની વાત કરે છે. વ્યવહારનયથી મુખ્યતા થાય છે. જાણવામાં, જાણવામાં. સમજાણું કાંઈ ?

**'એક નય વિવક્ષાથી ખેંચતી, બીજી નય વિવક્ષાથી ઢીલી મૂકતી...'** નિશ્ચયને ઢીલો કરવો અને વ્યવહારને ખેંચવો એ અહીં વાત નથી. 'અમરચંદભાઈ'! અહીં તો નિત્ય જે વસ્તુ છે, દ્રવ્ય શુદ્ધ છે, પર્યાય અશુદ્ધ છે, દ્રવ્ય નિત્ય છે, પર્યાય અનિત્ય છે, દ્રવ્ય એક છે, પર્યાય અનેક છે. એમાંથી એક વાત કરતાં મુખ્યને ખેંચે છે અને બીજાને ઢીલી કરે છે, અને પર્યાયની વાત અનેક અવસ્થાની વાત કરે છે તો એને મુખ્ય કરે છે અને આને ઢીલી કરે છે. એય..! 'ધન્નાલાલજી'!

**શ્રોતા** :– જ્ઞાનમાં મુખ્ય-ગૌણ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– જ્ઞાનમાં જાણવામાં મુખ્ય-ગૌણ થાય છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા** :– જ્ઞાનમાં નિશ્ચયનયને ગૌણ કરવાનો શું અર્થ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– નિત્યને લક્ષમાં જાણવાની વાત અહીં છે. જ્યારે પર્યાયનું જ્ઞાન કરવું છે તો નિત્યને લક્ષમાં ન લેવું, નિત્યને ગૌણ રાખવું. એમ વાત છે. જાણપણાની વાત છે ને. શ્રદ્ધાની વાત અહીં નથી. વસ્તુની સિદ્ધિમાં જ્ઞાન કરવાનું પ્રયોજન આ છે. જાણપણું એટલું. સમ્યગ્જ્ઞાન એ શ્રદ્ધાનો આશ્રય અને જ્ઞાન છે. એ વાત અત્યારે નથી. દ્રવ્ય વસ્તુ નિત્ય છે. એકાંતે નિત્ય છે એમ નથી. અનિત્યને લક્ષમાં ગૌણ કરીને મુખ્યને નિત્યનો નિશ્ચય કરે છે અને અનિત્યનું મુખ્ય લક્ષ કરે છે ત્યારે લક્ષમાં નિત્યને ગૌણ કરી દે છે. જાણવામાં.

**શ્રોતા** :– આ જ્ઞાનપ્રધાનમાં છે. સમ્યગ્દર્શનના વિષયમાં ખેંચતાણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– નથી, એ વાત છે જ નહિ. એ વાત અહીં કહેવામાં આવતી જ નથી. એ તો પહેલાં કહી ગયા ને. પહેલાં ૧૪મી ગાથામાં કહી ગયા. આવી હતી ને ? જુઓ! એમાં છે ને ૧૪મી ગાથા. ક્યાં છે ? જુઓ!

**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

૧૪મી ગાથા. **'एवं अयं कर्मकृतैर्भावैः'** કર્મના નિમિત્તથી થયેલા પુણ્ય-પાપના વિકલ્પ જે છે, અને કર્મ છે અને કર્મની સામગ્રી છે. બે બાજુ લઈ લેવી. ઘાતિકર્મ છે એના સંબંધથી રાગાદિ થયા, અઘાતિ કર્મ છે એ સંબંધથી આ થયા. ત્રણે ચીજ. તેનાથી **'असमाहितो'** ભગવાનઆત્મા એનાથી રહિત છે, રહિત છે–રાગથી, આસ્રવથી, અજીવથી, કર્મથી, શરીરથી, બાહ્યની સામગ્રીથી.

**'असमाहितो युक्तः इव प्रतिभाति'** પણ સહિત હું છું એવો પ્રતિભાસ છે. **'बालिशानां'** અજ્ઞાનીને જે ભાસ છે એ **'स खलु भवबीजं'** એ ભવનું બીજ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** નથી એવો ભાસ ન થયો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, નથી એમાં 'છે'નો ભાસ થયો, છે નહીં. રાગાદિ **'असमाहितो'** રાગાદિ અને પરથી રહિત છે, સહિત ભાસે એ મિથ્યાદષ્ટિ છે. **'भवबीजं'** સમજાણું કાંઈ ? કારણ કે આસ્રવતત્ત્વ, અજીવતત્ત્વ અને જ્ઞાયકતત્ત્વ ત્રણે તો ભિન્ન છે. તો જ્ઞાયકતત્ત્વ, આસ્રવ અને અજીવતત્ત્વ સહિત છે જ નહિ. છે જ નહિ એને સહિત માનવું એ **'बालिशानां'** અજ્ઞાન ભવનું બીજ છે. ચાર ગતિમાં રખડવાનું બીજ છે. વ્યવહારરત્નત્રય રાગ છે. રાગસહિત આત્માને જાણવો, સમજાણું કાંઈ ? એ મિથ્યાદષ્ટિ છે. ભારે વાત, ભાઈ! વીતરાગ માર્ગ...

બુદ્ધિ શેઠના સાળા જેટલી છે એમ કહે છે. પેલા સાળાની વાત હતી ને. બે વર લઈ આવ્યો, એમ કહે છે. બે વરની વાત આવે છે. એ વાત નથી સાંભળી ? એક હતા સાળા-બનેવી. પછી એની બેન કહે પણ મારા ભાઈને તમે કાંઈ કામ સોંપતા નથી. ભાઈ! એ બરાબર સોંપવા લાયક નથી. પણ સોંપો તો ખરા. કે ભાઈ ત્યારે આપણી કન્યાનું સગપણ કરી આવો જાવ. એકના બે સગપણ કરી આવ્યો. વીસ વર્ષનો ગોતજે. તો દસ-દસ વર્ષના બે ગોતીને લઈ આવ્યો. સમજાણું કાંઈ ? આ વાતો મેં સંસારમાં સાંભળેલી. અહીં તો બધી ઘણી સાંભળેલી છે ને ? ૬૦ વર્ષ પહેલાં, ૬૫ વર્ષ પહેલાં વાત સાંભળી છે કે ભાઈ! આમ એક વાત સંસારમાં ચાલે છે. એ 'ગારિયાધાર' સાંભળેલી. 'ગારિયાધાર' છે ને અહીંયા ? ત્યાં. સાળાને કામ સોંપ્યું. એની બહેનને બહુ ભાવ થયો કે તમે મારા ભાઈને કાંઈ કામ સોંપતા નથી અને તમે એકકોર ઠોઠ નિશાળિયાની જેમ બેસાડી રાખ્યો છે. અરે..! એ તારા ભાઈને રહેવા દે ને સરખું એમ ને એમ. પણ કાંઈક સોંપો તો ખરા. કાંઈ કામ કરશે. એનું શરીર બહુ સારું છે. કહે જાવ ત્યારે આપણી ભાણીનું સગપણ કરી આવો ક્યાંક. સરખો મુરતિયો વીસ વર્ષનો યુવાન ગોતજો. આ ચૌદ વર્ષની છે. પછી ત્યાં જઈને દસ-દસ વર્ષનો બે ગોતી આવ્યો. આવી વાત તે દિ' સાંભળેલી.

**શ્રોતા :–** માંદો પડ્યો તો વૈદને બોલાવાનું કીધું, એ તો કફન જોડે લઈને આવ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, બે કામ કરી આવ્યો. એ મૂર્ખ. કહો, સમજાણું કાંઈ ? એમ નહિ, ભાઈ! અહીં તો જેવું સ્વરૂપ છે એ રીતે એને સમજવું જોઈએ. ખંડખંડ કરી નાખવું નહિ. પેલા વીસના ખંડ કરીને અહીં બે કરી નાખ્યા. સંસારમાં બધું ચાલે.

અહીં કહે છે, **'एकेन आकर्षन्ती इतरेण श्लथयन्ती'** ઢીલી કરે. **'वस्तुतत्त्वं एकेन'** જુઓ! અંતે એટલે એક ધર્મ. આત્માને દ્રવ્યાર્થિકનયથી સિદ્ધ કરવો હોય તો દ્રવ્ય છે, નિત્ય છે એમ સિદ્ધ કરે છે. અને પર્યાયથી સિદ્ધ કરવો હોય તો ઉત્પાદ-વ્યય, સમય-સમયની પર્યાયને સિદ્ધ કરે છે. તો ઉત્પાદ-વ્યયને સિદ્ધ કરવામાં પર્યાયની મુખ્યતા કરીને દ્રવ્યને ગૌણ કરે છે. એક સાથે બેનું

જ્ઞાન થતું નથી એ કારણે. અને દ્રવ્ય જ્યારે નિત્ય છે એમ જ્ઞાન કરાવે છે તો પર્યાયને ગૌણ કરી દે છે, શિથિલ કરી દે છે. એક બાજું ખેંચે તો બીજી બાજુ ઢીલું. એ ગોવાલણ માખણ કાઢે છે. સમજાણું કાંઈ ?

**'જિનેન્દ્ર ભગવાનની જે નીતિ અર્થાત્ વિવક્ષા છે તે વસ્તુરૂપને એક નય-વિવક્ષાથી ખેંચતી, બીજી નય-વિવક્ષાથી ઢીલી મૂકતી અંતે અર્થાત્ બન્ને વિવક્ષાઓથી જયવંત રહે.'** અથવા એક એક ધર્મથી જે નય વાત કહેવાવાળી છે એ જયવંત રહો. નિત્ય દ્રવ્યથી નિત્ય કહે છે એ પણ જયવંત રહો, પર્યાયથી અનિત્ય કહે છે એ પણ જયવંત રહો. એક-એક ધર્મને બતાવનાર નય છે એ જયવંત રહો. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** પર્યાયનું સ્થાન ફરી જાય ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાયનું સ્થાન નથી ફરતું. છે એમ ભાન થઈ જાય છે. છે એમ સ્થાન હોય છે. આશ્રય કરવાલાયક છે એ તો પ્રશ્ન છે જ નહિ. અહીં તો જ્ઞાનની વાત છે. દુનિયા એકાંત માને છે. વેદાંત એકાંત આત્માને કૂટસ્થ માને છે એ જૂઠ છે અને બૌદ્ધ એકાંત ક્ષણિક માને છે એ જૂઠું છે, તેથી અહીં વાત કરી છે. સ્વભાવ નિત્ય સિદ્ધ કરવામાં પર્યાયને ગૌણ કરવી, પર્યાયને સિદ્ધ કરવામાં જ્ઞાનીને એકસાથે લક્ષ નથી જતું. દ્રવ્યને ગૌણ કરીને પર્યાયને મુખ્ય કરવી. કોઈને છોડવા નહિ. સમજાણું કાંઈ ? એ લખે છે, જુઓ!

**'ભગવાનની વાણી સ્યાદ્વાદરૂપ અનેકાન્તાત્મક છે. વસ્તુનું સ્વરૂપ પ્રધાન તથા ગૌણનયની વિવક્ષાથી...'** જુઓ! પ્રધાન કહો કે મુખ્ય કહો. **'ગૌણનયની વિવક્ષાથી કરવામાં આવે છે.'** પણ આ રીતે, હોં! જાણવામાં. નિત્ય-અનિત્ય, એક-અનેક, શુદ્ધ-અશુદ્ધ, ભેદ-અભેદ એમ જ્ઞાન કરવું. **'જેમ કે જીવદ્રવ્ય નિત્ય પણ છે અને અનિત્ય પણ છે.'** જુઓ ! **'દ્રવ્યાર્થિકનયની વિવક્ષાથી નિત્ય છે અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્ય છે, એ જ નય-વિવક્ષા છે.'**

**'ગ્રંથ પૂર્ણ કરતાં આચાર્ય મહારાજ પોતાની લઘુતા બતાવે છે.'** ખરેખર તો એ કર્તા નથી એમ બતાવે છે. લઘુતા તો ... સમજાણું કાંઈ ? આ ગ્રંથના શબ્દો મેં નથી બનાવ્યા. આહા..હા..! એ પાછા એમ અર્થ કરે છે, લઘુતા બતાવે છે એનો શું અર્થ કરે છે ? કે અહંકાર ન કરવો, કરી શકે છે. એ માટે... એ આમાંથી લઘુતામાંથી કાઢે છે. પેલામાં લઘુતા લખ્યું છે ને ? 'કળશટીકા'માં 'રાજમલજી' એ લઘુતા નાખ્યું છે. લઘુતા એટલે પોતાનું નિર્માનપણું રાખવું, અભિમાન ન કરવું. એમ પરને મારી શકે છે, જીવાડી શકે છે, સુખી-દુઃખી કરી શકે છે એવો અહંકાર ન કરવો. અહીં કહે છે કે એ તારી વાત જ ખોટી છે. પરને મારી શકતો નથી, બચાવી શકતો નથી, સુખી-દુઃખી કરી શકતો નથી. હું સુખી કરું છું એ જ મિથ્યાત્વનો અહંકાર છે. સમજાણું કાંઈ ? અહીં કહે છે—

वर्णैः कृतानि चित्रैः पदानि तु पदैः कृतानि वाक्यानि।
वाक्यैः कृतं पवित्रं शास्त्रमिदं न पुनरस्माभिः।।२२६।।

આહા..હા..! જુઓ! શબ્દે આ પવિત્ર શાસ્ત્ર કર્યું છે, મેં નહિ. આહા..હા..!

**'સ્વામી અમૃતચન્દ્ર મહારાજ ગ્રંથ પૂર્ણ કરતાં પોતાની લઘુતા બતાવે છે અને કહે છે કે આ ગ્રંથ મેં બનાવ્યો નથી. તો પછી કોણે બનાવ્યો છે ? — તો કહે છે કે અનેક પ્રકારના સ્વર, વ્યંજન, વર્ણ અનાદિ કાળના છે,...'** સિદ્ધો વર્ણમ્ સમામનાય. એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો પહેલો બોલ છે. પહેલો બોલ છે ને ? એમ કહે છે, શબ્દો તો એ છે પણ જેમ મોતી તો એવા ને એવા છે. પણ કોઈ મોતી અહીં મૂકે, અહીં મૂકે. મૂકેનો અર્થ કે કોઈ ક્યાંક ગોઠવવામાં નિમિત્ત હોય, કોઈ ક્યાંક ગોઠવવામાં નિમિત્ત એમ. એમ કે આ પદો તો છે પણ આ પદમાં કોઈ આચાર્ય એકસાથે ગોઠવે, અમુક શૈલીમાં ગોઠવવામાં નિમિત્ત છું એમ. એ કાંઈ આત્મા ગોઠવી શકે છે એમ પણ નથી.

વર્ણની આમન્યા અનાદિથી છે. કેવી ભાષા બોલાય છે, એ ભાષા પર્યાયમાં થવું એ અનાદિથી છે. આત્મા નવું કરી શકતો નથી. આહા..હા..! પહેલાં કહ્યું હતું ને ? પહેલાં જ્યારે અમે નિશાળમાં ગયા હતા. (સંવત) ૧૯૫૨-૫૩ની સાલ હશે. સંવત્ ૧૯૫૨-૫૩. ત્યારે અમને ખબર છે. પહેલાં માસ્તરે અમને એમ શીખવ્યું. શીખો. શું ? સિદ્ધો વર્ણમ્ સમામનાય. મેં કીધું આ શું કરે છે ? આપણને એકડો પણ આવડતો ન હોય. એય..! તમારે હતું કે નહિ તે દિ' ? ખબર નહિ ? અહીં તો બરાબર ખબર છે. એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. ગ્રંથની પ્રમાણતા. જુઓ! સિદ્ધો વર્ણમ્ સમામનાય. **'વર્ણનો ઉચ્ચારનો સંપ્રદાય સ્વયંસિદ્ધ છે.'** અક્ષરની ધ્વનિનો પર્યાય ઊઠવો એ સ્વયંસિદ્ધ છે. આત્મા કર્તા-હર્તા નથી. આહા..હા..!

**શ્રોતા :–** શરૂઆતથી જ એવું હાથમાં આવ્યું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પહેલો શબ્દ આવ્યો. બરાબર મને યાદ છે. જ્યારે યાદ આવે ત્યારે પહેલો આવ્યો હતો. એ અંદર યાદ આવે છે. બરાબર ખ્યાલ છે. બહુ નાની ઉંમર લગભગ છ વર્ષની હશે. પણ બરાબર જ્યારે મેં યાદ કર્યું ત્યારે અ..હો..!

**શ્રોતા :–** માસ્તરને તો ખબર હશે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એણે શીખવ્યું હતું, ભાઈ! 'નથુ' માસ્તર હતા બિચારા. ગરીબ માણસ હતા. 'નથુ' માસ્તર. એને એક દીકરો 'મણિલાલ' હતો. વાંઢો. અમે આ લઈ જઈએ. સીધુ કે લોટ દઈએ, એ ખાય. એને કાંઈ પગાર-બગાર ન હોય. લોટ લઈ જાય અને કોઈ લગન હોય, મૃત્યુ હોય તો સીધું આપીએ. બસ, પહેલાં એટલા ઉપર જ નભાવ હતો, ભાઈ! 'ન્યાલભાઈ'! ગામડાના માસ્તરનો નભાવ એ ઉપર હતો. પૈસા-બૈસાનું કાંઈ ન હતું.

**શ્રોતા :–** ખાનગી માણસોની, ત્યારે સરકારી સ્કૂલ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના; આ તો ધૂળી નિશાળ. આ તો ધુળી નિશાળની વાત છે. તદ્દન ધૂળી નિશાળ. પહેલા ધૂળમાં લખાવે. ધૂળમાં લખાણ લખે. એકડો લખાવે. આમ ઘૂંટે તો આવડો જાડો થાય. આ બધી ખબર છે. હાથનો વળાંક ન વળે તો માસ્તર હાથ જાલી.. (આમ કરાવે). એ બધી ખબર છે, હોં! આવડો જાડો. જુઓ! આમ લખ્યું.

'વર્ણ ઉચ્ચારોનો સંપ્રદાય સ્વયંસિદ્ધ છે. વળી **અક્ષરોથી નીપજેલા સત્ય અર્થના પ્રકાશક પદોના સમૂહનું નામ શ્રુત છે,...'** મળ્યું ? અક્ષરોથી નીપજેલાં સત્ય અર્થના પ્રકાશક. ખરેખર તો એમ છે કે જ્યારે જે ભાષાપર્યાય થવાની હોય, શબ્દ પર્યાય.. પૂર્વની પર્યાય ભાષામાં ઉપાદાનતા એવી છે. શબ્દવર્ગણામાં પહેલી પર્યાયમાં એવી ઉપાદાનતા છે કે પછી એનું ઉત્તરીભવન... ઉત્તરીભવનમ એ ભાષાની પર્યાયમાં ઉપાદાન છે એ પલટીને શબ્દપર્યાય થઈ જાય છે. એ આત્મા કારણ-ફારણ નથી. સમજાણું કાંઈ ? ભાષાવર્ગણમાં, આ જે ભાષાવર્ગણા અંદર છે, એ ભાષાવર્ગણામાં શબ્દ થવાની પર્યાય પહેલાં એમાં ઉપાદાનતા એવી છે. એ ઉપાદાન પર્યાય પલટીને ભાષા થઈ જાય. આત્માથી નહિ.

**શ્રોતા :–** પણ આત્મા સંગમાં ન હોય તો કેમ ન થાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ આત્મા સંગમાં છે જ નહિ.

**શ્રોતા :–** પરપદાર્થ સંગમાં ક્યાંથી આવ્યો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભાષાને સ્પર્શ કર્યો છે ? આત્મા ભાષાને સ્પર્શે છે ? એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતો જ નથી.

**શ્રોતા :–** સ્પર્શતો નથી પણ સાથે તો રહે છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સાથે રહે છે એનો અર્થ શું ? સાથે તો છએ દ્રવ્ય છે. એક આકાશના પ્રદેશમાં છએ દ્રવ્યો છે. એક આકાશ પ્રદેશ છે ને અહીં ? જીવના અનંત પ્રદેશ છે, પરમાણુના અનંત પ્રદેશ છે, ધર્માસ્તિકાયનો એક છે, અધર્માસ્તિકાયનો એક છે, કાળનો એક છે. સમજાણું ? છે તો શું થયું ? કોઈને સ્પર્શતો નથી. 'સમયસાર'ની ત્રીજી ગાથામાં આવ્યું ને ? **'एयत्तणिच्छयगदो'** કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને ક્યારે પણ સ્પર્શતા નથી. પ્રત્યેક પદાર્થ પોતાના ગુણ-ધર્મને સ્પર્શે છે. પરસ્પર પોતાના ગુણ-ધર્મને સ્પર્શે છે. પણ પરસ્પર એક દ્રવ્યને ક્યારેય સ્પર્શતા નથી. આહા..હા..! જુઓ! સમજાણું કાંઈ ? **'સત્ય અર્થના પ્રકાશક પદોના સમૂહનું નામ શ્રુત છે,...'** બાકી મોતીનો દાખલો આપ્યો છે. એમાં પણ આ ન્યાય છે, મોતી છે પણ મારા નિમિત્તમાં જે કાંઈ મોતી આમ ગોઠવાવાના છે ને ભાઈ! એ રીતે આ નિમિત્ત આવ્યું. કોઈના બીજી રીતે ગોઠવાવાના હોય. એ હેતુ જરી ફેર પાડે છે. કહો, સમજાણું કાંઈ ?

કહે છે, મેં તો કાંઈ કર્યું નથી અર્થાત્ આત્મામાં સ્વ-પરપ્રકાશક શક્તિ છે. પોતાને જાણે,

રાગને જાણે, થતી ક્રિયાને જાણે. શબ્દમાં સ્વ-પર સ્વરૂપ કહેવાની તાકાત છે. સમજાણું કાંઈ ? મોટી ગડબડી. અમે બોલીએ છીએ, અમે શબ્દ બનાવ્યા. અરે..! મિથ્યાત્વ છે, ભાઈ!

**શ્રોતા :–** મોક્ષમાર્ગ પ્રકાશકમાં સ્પષ્ટ લખ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સમજાય છે કાંઈ ? પણ અહીં તો આ શબ્દ ચોખ્ખા છે ને ? હું બોલ્યો, હું બોલું છું, હું બરાબર ધારાવાહી ઉપદેશ દઈ શકું છું. ભગવાન! એ તારી ચીજ નહિ. 'જુગરાજજી'!

**શ્રોતા :–** એ તો વર્ણની સમામનાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો એની આમન્યા છે, ભાઈ! ભગવાન! એક પરમાણુ, એવા અનંત પરમાણુ મળીને સ્કંધ બને છે અને સ્કંધમાંથી શબ્દપર્યાય ઉત્પન્ન થાય છે. એ કાંઈ આત્મામાં છે ? આત્મા એનો કર્તા છે ? આહા..હા..! ક્ષણે ક્ષણે હું બોલું એમ બોલાય. ભાઈ! એમ નથી, પ્રભુ! એ ભાષાની પર્યાય ભાઈ! એને કારણે થાય છે, આત્માને કારણે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? લઘુતા નહિ પણ યથાર્થતા બતાવે છે. મેં કાંઈ નથી કર્યું.

**'કહે છે કે આ ગ્રંથ મેં બનાવ્યો નથી.'** ભાષા વર્ગણા. ૨૩ પ્રકારની વર્ગણા છે ને ? પરમાણુના સમૂહ ૨૩ પ્રકારના છે. એમાં જે ભાષાવર્ગણા છે એમાં જ શબ્દો બનવાની પૂર્વપર્યાયમાં ઉપાદાનતા છે. મન વર્ગણામાં નહિ, શ્વાસ વર્ગણામાં નહિ, આહારક વર્ગણામાં નહિ. આત્મામાં તો ક્યાંથી હોય ? સમજાણું કાંઈ ? આ હોઠ છે ને હોઠ ? એ પણ એની પૂર્વપર્યાયથી ભાષા ઉત્પન્ન થાય છે એમ નથી. આ જે છે તેની પૂર્વપર્યાયથી એની ઉત્તર પર્યાય થાય છે. ભાષાની પર્યાય આ કારણે ઉત્પન્ન થાય છે એમ ત્રણકાળમાં નથી. આહા..હા..! આત્માથી ભાષા થાય છે ? કેટલા અભિમાન ?

હું ઉપદેશક છું, હું આવો ઉપદેશ કરું છું. ભગવાન! ઉપદેશની ભાષા તો જડની છે ને, પ્રભુ! તું ક્યાં એનો ધણી થઈ ગયો ? જડનો ધણી થયો. ભાઈ! એ રીતે વસ્તુ નથી. આહા..હા..! 'રામચંદ્રજી'! સમજાણું કાંઈ ? ભાષા આત્મા કરી શકતો નથી એમ કહે છે. આ શરીરથી આમ થાય છે એ (આત્માથી) નહિ. એ શરીરથી આમ થાય છે એ એની પૂર્વપર્યાય ઉપાદાનથી થાય છે, આત્માથી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? કહે છે કે મેં તો 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' બનાવ્યું નથી. આહા..હા..! અરે..! 'પોપટભાઈ'! અહીં તો થોડું કામ કરે તો કહે મેં બનાવ્યું, મેં બનાવ્યું, હું ત્યાં હાજર હતો એટલે કામ થયું.

**શ્રોતા :–** દેખરેખ તો રાખે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દેખરેખ એની પર્યાયમાં રહી, ત્યાં બહારમાં દેખરેખ ક્યાં રહે છે ? બહારની પર્યાય તો જે થવાની છે એ તો પૂર્વપર્યાયના ઉપાદાનથી (થાય છે). નિશ્ચયથી તો એ પર્યાય પર્યાયને કારણે થાય છે. મોક્ષમાં પણ જે કહ્યું કે પૂર્વની પર્યાયથી મોક્ષ છે એ પણ એક વ્યવહારની વાત છે અને મોક્ષની પર્યાયથી તો નહિ પણ દ્રવ્યને કારણે થઈ એ પણ અપેક્ષિત ભાવ છે. વર્તમાન મોક્ષની પર્યાય પોતાથી થઈ છે. એય..! અરે...! વીતરાગનો માર્ગ તો જુઓ!

કહે છે કે એ ભાષાવર્ગણામાં અમારું કામ બિલકુલ નથી. 'પ્રવચનસાર'માં લીધું છે ને, હે જનો! શબ્દવર્ગણા ભાષાપણે પરિણમે છે ને ? મેં બનાવ્યું નથી. એમાં ઘણું વિશેષ સ્પષ્ટ કર્યું છે. 'પ્રવચનસાર'માં છે ને. ખરેખર પુદ્‌ગલો સ્વયં શબ્દરૂપે પરિણમે છે. આત્મા તેને પરિણમાવી શકતો નથી. આહા..હા..! આત્મા આ હોઠ હલાવી શકે છે, હાથ હલાવી શકે છે એવું ત્રણકાળમાં નથી. તત્ત્વની ખબર નથી કે શું તત્ત્વ છે ? તેમ ખરેખર સર્વ પદાર્થ તો સ્વયં જ્ઞેયપણે પરિણમે છે. પોતાની પર્યાયપણે. શબ્દો તેમને જ્ઞેય બનાવી સમજાવી શકતા નથી. આ શબ્દની પર્યાયથી તેમાં જ્ઞાન થતું નથી. શબ્દને સાંભળનારને (શબ્દથી) જ્ઞાન નથી થતું એમ કહે છે. એના જ્ઞાનની પર્યાયથી જ્ઞાન થાય છે. આહા..હા..! શબ્દથી નહિ. શબ્દને આત્મા કરી શકતો નથી. શબ્દ જ્ઞેયની પર્યાયને કરી શકતો નથી. આહા..હા..!

**'આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય (સમજાવવાયોગ) છે, વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે અને અમૃતચંદ્રસૂરિ તે વ્યાખ્યાતા (વ્યાખ્યા કરનાર, સમજાવનાર) છે, એમ મોહથી જનો ન નાચો.'** મેં કરી નથી, ભગવાન! એ વાણી મારી નથી. એ તો અનાદિ શબ્દની પરિણતિ છે એનાથી બને છે, મારું કાંઈ કાર્ય નથી. **'સ્યાદ્‌વાદવિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે (જનો) અવ્યાકુળપણે નાચો (–પરમાનંદપરિણામે પરિણમો).'** અવ્યાકુળપણે પરિણમો. હું જ્ઞાતાદૃષ્ટા છું. સમજાણું કાંઈ ? હું તો રાગનો પણ કર્તા નથી અને વાણીનો પણ કર્તા નથી. ભગવાન! એવો નિર્ણય કરીને જ્ઞાનરૂપ પરિણમી જાવ. પરના પરિણમનનું અભિમાન ન કરો. મિથ્યાત્વ છોડી દે. નહિતર તને ઘણું નુકસાન થશે. ભાષા તો ભાષાની રીતે પરિણમે છે પણ મેં પરિણમાવ્યું, મેં કર્યું, મેં આમ કર્યું. એમ બોલે છે ને કેટલાક ? મેં એને આમ સમજાવ્યું, આમ સમજાવ્યું. પણ તું સમજાવવાવાળો કોણ ? આટલું બધું અભિમાન! મેં આમ સમજાવ્યું એટલે બરાબર છે. મેં આમ કર્યું. મેં.. મેં.. જ્યાં ત્યાં ભાષાના અભિમાન છે. સમજાણું કાંઈ ? કહે છે કે મેં બનાવ્યું નથી.

**'સ્વર, વ્યંજન, વર્ણ અનાદિ કાળના છે, તે વર્ણોથી પદ અનાદિનાં છે તથા પદોથી વાક્યો બને છે અને તે વાક્યોએ આ પવિત્ર શાસ્ત્ર બનાવ્યું છે, અમે કાંઈ પણ બનાવ્યું નથી.'** આહા..હા..! સમજાણું કાંઈ ? એવું વસ્તુનું સ્વરૂપ છે, પ્રભુ! એક એક પરમાણુની પર્યાય પોતાથી થાય છે તો અનંત પરમાણુની ભાષાવર્ગણાની પર્યાય આત્મા કઈ રીતે કરી શકે ? ઈશ્વરકર્તા કહેનારા એમ કહે કે ઈશ્વર પરને કરે છે, જૈન એમ કહે કે અમે વાણીના કર્તા છીએ–બન્ને મિથ્યાદૃષ્ટિ સરખા છે, બન્ને એક વર્ગમાં બેસનારા છે. માટે એમ કહે છે કે આ શાસ્ત્ર મેં નથી બનાવ્યું, વાણીથી બન્યું છે એમ સમજો; સમજવાથી તમને લાભ થશે અમને કાંઈ નથી.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

**શ્રી કળશટીકા, કળશ–૨૬૪, પ્રવચન નં. ૫૧૯**
**તા. ૨૨-૦૯-૧૯૭૭**
**[૨૫]**

'કળશટીકા' સાધ્ય-સાધક અધિકાર. કળશટીકાકારે ત્યાંથી સાધ્ય-સાધક અધિકાર શરૂ કર્યો છે. (આમ તો) સાધ્ય-સાધક અધિકાર બે કળશ પછી ૨૬૬થી શરૂ થશે. ૨૬૪ કળશ. ૨૬૪ અને ૨૬૫ એ અધિકાર અનેકાંતનો છે. જે આ શક્તિઓનું વર્ણન કર્યું ને ? એવું અનેકાંતનું વર્ણન છે. એ અનેકાંત માહ્યલા બે શ્લોક છે. પણ ટીકાકારે એને સાધ્ય-સાધકમાં નાખ્યા (છે). બાકી અનેકાંત અહીં ૨૬૫મા કળશે પૂરો થાય છે. ૨૬૬થી ઉપાય-ઉપેય, સાધ્ય-સાધકથી ૨૬૬થી શરૂ થાય છે. અહીં એમણે એ કર્યું છે.

**इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरोऽपि**
**यो ज्ञानमात्रमयतां न जहाति भावः।**
**एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं**
**तद्द्रव्यपर्ययमयं चिदिहास्ति वस्तु।।१-२६४।।**

છેલ્લી શક્તિ આવીને ? સ્વસ્વામીસંબંધ શક્તિ. ઇત્યાદિ એમ કરીને. છે તો અનંત શક્તિ પણ વર્ણન ૪૭ શક્તિનું કર્યું. અનંત શક્તિનું વર્ણન કરે તો પાર ન આવે. એટલે ૪૭ શક્તિનું કર્યું. બીજા ગ્રંથોમાં છે. એમ કરીને લગભગ ૫૪ શક્તિ છે. પણ બે, ચાર શક્તિ એની એ હશે.

અહીંયાં કહે છે કે સ્વસ્વામીસંબંધ શક્તિ છેલ્લી છે. એનો અર્થ એ કે આત્મા શુદ્ધ વિજ્ઞાનઘન વીતરાગસ્વરૂપ છે. એની દૃષ્ટિ કરવાથી, એનો અનુભવ કરવાથી જે પર્યાયમાં શુદ્ધતા, આનંદનો ભાવ આવે છે એ પર્યાયસહિત, ગુણસહિત આખા સમુદાયને આત્મા કહે છે. શું કીધું ? સ્વસ્વામીસંબંધ કહ્યું ને ? તો જે દ્રવ્ય આત્મા છે અને એમાં અનંત ગુણ-શક્તિ છે. એમાં છેલ્લી શક્તિને સ્વસ્વામીસંબંધ શક્તિ કહી. એની સાથે સ્વસ્વામીસંબંધ શક્તિ સાથે છે. અર્થાત્ આત્મા ચિદાનંદ ભગવાનમાં અનંત શક્તિ છે, એ અક્રમ છે અને પરિણમન છે ક્રમ છે. એ ક્રમ પરિણમન અહીં નિર્મળ લેવું છે, મલિન નહિ. કેમકે મલિન પરિણામ જ્ઞાતાનો પરજ્ઞેય તરીકે સંબંધ છે અને નિર્મળ પર્યાય, નિર્મળ ગુણ અને નિર્મળ દ્રવ્યનો સ્વ તરીકે સ્વસ્વામી સંબંધ છે. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા... આજે ઓલા દરબારનો કાગળ આવ્યો છે. 'હરિસંગ' દરબાર આવે છે ને ? અહીં આવે છે. બેસે અહીં. હમણા ગયા. અહીં બેસે છે. એનો કાગળ આવ્યો છે કે મને ત્યાં 'ધંધુકે' બોલાવ્યો હતો. 'ધંધુકા' 'રામવિજય'ના કોઈ શિષ્ય છે, શ્વેતાંબર. ત્યાં બોલાવ્યો હતો. પછી એણે મને પૂછ્યું કે તમે શું 'સોનગઢ' જઈને લઈ આવ્યા ? 'સોનગઢ' તમે શું શીખ્યા ? એમ ઓલા શિષ્યે પૂછ્યું. ભાઈ ! કાગળ છે. ત્યાં પડ્યો છે ને, અંદર ? ત્યારે એણે કહ્યું કે ભાઈ ! ત્યાં તો એમ કહે છે... એ ગરાસિયા છે. ગરાસિયા દરબાર. અહીંયાં બેસે છે. ગરાસિયાનું ગામ છે. આપણે તો પચ્ચીસ હજારનું ગરાહ સમજતા. પણ લોકોએ ત્યાં એટલું કહ્યું કે દરાબર ! તમને પચાસ હજારની ઊપજ હતી એ 'સોનગઢ' જવા લાગ્યા ત્યાંથી બે લાખની ઊપજ થઈ. એક તો એ લખ્યું છે.

બીજું, તમે ત્યાં ગયા તો શું શીખ્યા ? તો દરાબર કહ્યું... સાદા માણસ છે. ત્યાં પાછળ બેસે છે. ત્યાં તો એમ કહે છે કે આત્મા ભગવાનસ્વરૂપ છે, વીતરાગસ્વરૂપ છે. એની પ્રાપ્તિ કોઈ રાગથી થતી નથી. કોઈ પણ રાગ છે એ ઘાતક છે. તો રાગથી નહિ પણ વીતરાગભાવથી આત્માનું ભાન થાય છે. એમ ત્યાં 'સોનગઢ'માં કહે છે. એમ કેટલીક વાત એણે કરી. ત્યારે લોકોએ બહુ ખુશી બતાવી. ભાઈ ! એવું છે અંદર. બધા શ્વેતાંબર શેઠિયાઓ હતા, સાધુ હતા એ બધાએ ખુશી બતાવી. એને અભિનંદ આપ્યા. અભિનંદ એટલે અમે તમને અભિનંદીએ છીએ કે ઓહો..! તમે આ રીતે દરબાર ગરાસિયા થઈને ત્યાં જાવ છો. આ રીતે તમે શિખ્યા. આવો માર્ગ તો ત્યાં છે.

આત્મા વીતરાગસ્વરૂપ છે, અનંત શક્તિઓ વીતરાગસ્વરૂપી છે. આહા..હા..! એ સ્વસ્વામીસંબંધ શક્તિ પણ વીતરાગી શક્તિ છે. તો એ વીતરાગી શક્તિને ધરનાર દ્રવ્ય, એ શક્તિ ગુણ અને એની પ્રતીત, અનુભવ કરવાથી પર્યાયમાં જે શુદ્ધતા, આનંદ, જ્ઞાન-દર્શન થાય એ પર્યાય. એ પર્યાય ક્રમવર્તી, ગુણ અક્રમવર્તી, એનો સમુદાય તે આત્મા. અહીં પ્રમાણનો વિષય બતાવવો છે, અહીં નિશ્ચયનયનો વિષય એકલો બતાવ્યો નથી. સમજાણું કાંઈ ? નિશ્ચયનયનો વિષય તો એકલો દ્રવ્યસ્વરૂપ અભેદ છે. પણ અભેદમાંથી અભેદનું ભાન થયું તો પરિણતિમાં જે નિર્દોષ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એ પરિણતિસહિત આત્માને અહીં પ્રમાણનું જ્ઞાન કહ્યું છે. સમજાણું કાંઈ ? એ શુદ્ધ પરિણતિ થઈ એ, ગુણ અને દ્રવ્ય–ત્રણે સ્વ છે અને એ સ્વનો સ્વામી આત્મા છે, એ પર્યાય સ્વામી છે. ત્રણેની. આહા..હા..! સ્વસ્વામીસંબંધ પોતાના દ્રવ્ય-ગુણ અને પર્યાય સાથે સ્વ અને સ્વામીનો સંબંધ છે. આહા..હા..!

અકારણકાર્ય શક્તિમાં પણ... આત્મામાં અકાર્યકારણ નામનો ગુણ છે. જેમ સ્વસ્વામીસંબંધ કહ્યો એમ અકારણમાં મહાસિદ્ધાંત છે કે જે અકાર્યકારણ નામનો ગુણ છે એ ગુણી જે આત્મા એના આશ્રયે છે. જ્યારે એ દ્રવ્યનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ પ્રગટ થયા તો એ પર્યાયમાં રાગ વ્યવહારરત્નત્રયનું એ પર્યાય કારણ નથી અને એ પર્યાય વ્યવહારરત્નત્રયનું કાર્ય નથી.

આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ ? અકાર્યકારણ શક્તિ પહેલાં આવી ગઈ છે. આ સ્વસ્વામીસંબંધમાં અકાર્યકારણશક્તિનું રૂપ છે અને અકાર્યકારણશક્તિમાં પણ સ્વસ્વામીસંબંધનું રૂપ છે. આહા..હા..! કહે છે કે પોતાનો દ્રવ્યસ્વભાવ જ્ઞાયક, એમાં અનંતી શક્તિ પડી છે. એનું સમ્યગ્જ્ઞાન, ભાન થાય છે, એ તરફ વળતા વર્તમાન જ્ઞાનની પર્યાય નિર્મળ સમ્યક્ પ્રગટ થાય છે એ પર્યાય સ્વ છે અને એ પર્યાય રાગનું કાર્ય નથી.

વ્યવહારરત્નત્રય રાગ છે એની એ નિર્મળ પર્યાય સ્વદ્રવ્યના આશ્રયે થઈ તો એ નિર્મળપર્યાય જે મોક્ષનો માર્ગ એ વ્યવહારરત્નત્રયનું કારણ નથી અને વ્યવહારરત્નત્રયનું કાર્ય નથી. આહા..હા..! આવી વાત સ્પષ્ટ છે. પણ લોકોને... એ લોકો પણ ખુશી થઈ ગયા. શ્વેતાંબર લોકો. 'ધંધુકા-ધંધુકા' હેં ! ભારે વાત, ભાઈ ! તમે દરબાર થઈને.. તમને તો આ લાભ મળ્યો પણ તમને તો પચાસ હજારની પેદાશ હતી અને 'સોનગઢ' ગયા પછી બે લાખની થઈ. એમ કહે છે. આપણને અત્યાર સુધી પચ્ચીસ હજારની ખબર હતી. ગરાસ છે, પચ્ચીસ હજારનો ગરાસ છે. પણ આવું નાખ્યું છે અંદર. કાગળ આવ્યો છે. અરે..! ભગવાન ! આ આત્માની લક્ષ્મી પ્રાપ્ત એ જ ધન છે. બહારની ધૂડ હોય, બે લાખ હોય કે કરોડ હોય... આહા..હા..! એ ક્યાં એની હતી ? અહીંયા તો રાગ પણ આત્માનો નથી.

**શ્રોતા :–** અધુરી પર્યાય પણ આત્માની નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અધુરી પર્યાય એ તો સ્વમાં અહીંયા લેવી છે. અપૂર્ણ પર્યાય એ પણ સ્વમાં લેવી છે. દૃષ્ટિના વિષયમાં નહિ. પણ અહીં સ્વસ્વામીસંબંધમાં જેટલી નિર્મળપર્યાય પ્રગટી એ પોતામાં-સ્વમાં છે એમ લેવું છે. આહા..હા..! દૃષ્ટિના વિષયમાં એ પર્યાય નિર્મળ હોય અપૂર્ણ કે પૂરી, એ દ્રવ્યના વિષયમાં, સમકિતના વિષયમાં ન આવે. પણ અહીં તો પ્રમાણનો વિષય બનાવવો છે. ઝીણી વાત છે, ભાઈ !

વર્તમાનમાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વદ્રવ્યના અવલંબને પ્રગટ થયા, એ પર્યાય સ્વ, ગુણ સ્વ, દ્રવ્ય સ્વ. એનો સ્વામી. સ્વનો સ્વામી. સમજાણું કાંઈ ? તો રાગ–વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઊઠે છે પણ એ સ્વ નથી. અને ધર્મી એનો સ્વામી નથી, આત્મા એનો સ્વામી નથી. આહા..હા..! વિકલ્પ રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? સ્વસ્વામીસંબંધમાં અકાર્યકારણપણું એમાં છે. જેના કારણે વ્યવહાર વિકલ્પ જે રાગ છે એનું નિર્મળપર્યાય કાર્ય છે એમ પણ નથી. અને મલિન પર્યાય છે એની નિર્મળ પર્યાય કારણ છે એમ પણ નથી. આવી વાતું છે. આહા..હા..! વીતરાગ માર્ગ છે, ભાઈ ! આહા..હા..! એવી ચીજ સર્વજ્ઞ સિવાય, વીતરાગ સિવાય ક્યાંય નથી. એ આગળ કહેશે. સર્વજ્ઞ પરમાત્માએ કહેલો છે. એ આગળ કહેશે. **'जिननीतिमलंघयन्तः'** ૨૬૫ છે ને ? ૨૬૫. એમાં કહે છે.

**'जिननीतिम' 'કેવળીનો કહેલો જે માર્ગ.' 'जिननीतिम'** છે. ચોથી પંક્તિ છે. ૨૬૫ની ચોથી

પંક્તિ. '**जिननीति**' ૨૬૫ની ચોથી લીટી. નીચે. '**जिननीति**' '**जिननीति**' નીચે-નીચે. એનાથી નીચે. ચોથી લીટી. '**जिननीति**' એ નહિ, એ નહિ. નીચે એનો અર્થ. ચોથી લીટીનો અર્થ. '**जिननीति**' સમ્યગ્દૃષ્ટિ જિનનીતિને ઉલ્લંઘતા નથી. સમજાણું કાંઈ ? એનો અર્થ ? કે જિનનીતિ એટલે જિનેશ્વરે કહેલાં વીતરાગી માર્ગને ઓળંગતા નથી. એ રાગથી આત્માનો ધર્મ માનતા નથી. અને વીતરાગી પર્યાયમાં રાગ આવે છે એના જ્ઞાતા તરીકે રહે છે. એ જ્ઞાતાની પર્યાય સ્વ અને સ્વામી છે. પણ રાગનો સ્વ અને સ્વામી આત્મામાં છે જ હિ. આહા..હા..! માણસને ભારે ઝીણું પડે. શું થાય ? બાપુ ! મારગડા અંદર...

તદ્દન શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એમાં વર્તમાનમાં જ્ઞાનની પર્યાયને સૂક્ષ્મ, અંતરમાં સૂક્ષ્મ ઉપયોગ કરતાં એનો દ્રવ્યસ્વભાવ ખ્યાલમાં આવે છે. આહા..હા..! દ્રવ્યસ્વભાવ અસંખ્યપ્રદેશે પર્યાય છે. અસંખ્યપ્રદેશે પર્યાય છે ને ? એ વાત એકવાર કહી હતી. આ ઉપર ઉપર આત્માની પર્યાય છે, આ જડની તો નહિ પણ અસંખ્ય પ્રદેશ જીવના છે. તો ઉપર ઉપરની પર્યાય એમ નહિ. અંદર અહીંયાં અસંખ્યપ્રદેશ છે અંદર એ અસંખ્યપ્રદેશમાં પણ ઉપર પર્યાય છે. અસંખ્યપ્રદેશમાં છેલ્લા એક ક્ષેત્રના અંશમાં પર્યાય છે. એ પર્યાય ધ્રુવમાં નથી. અહીંયાં જીવના અસંખ્યપ્રદેશ છે, તો ઉપર ઉપર એટલે આ આત્માના પ્રદેશ બાહ્ય છે એની ઉપર પર્યાય છે એમ નથી. આખા અસંખ્યપ્રદેશમાં, અંદરમાં આખા અસંખ્ય પ્રદેશમાં એ બધામાં ઉપર પર્યાય છે અને અંદરમાં ધ્રુવમાં નથી. આહા..હા..! આવી વાતું છે. સમજાણું કાંઈ ? શું કહેવું છે ?

ફરીને કહીએ. પહેલાં કહ્યું હતું, થોડા દિવસ પહેલાં. એ ભાઈ નહિ હોય. આ શરીર નહિ. જેમ એક લોટો હોય ને ? પાણીનો લોટો. એમાં પાણી છે. પાણીનો આકાર લોટાના આકારે થાય પણ લોટાના આકારને કારણે પાણીનો આકાર નથી. લોટાનો આકાર ભિન્ન અને પાણીનો આકાર ભિન્ન છે. ઠીક ! હવે પાણીના આકારની જે પર્યાય છે એ આકૃતિ બહારથી છે એટલી નહિ. અંદર પાણીના દળમાં જે ઉપર ઉપર પર્યાય છે એ એની આકૃતિ છે. બહુ ઝીણું, બાપુ !

અંદરમાં ધ્રુવ.. એ અસંખ્યપ્રદેશે જે પર્યાય છે... જુઓ ! અહીંયાં પ્રદેશ છે ને ? આ નહિ. આ આંગળી નહિ. અંદર અસંખ્ય પ્રદેશ છે. તો અસંખ્યપ્રદેશમાં પ્રદેશદીઠ પર્યાય ઉપર છે. આ અસંખ્યપ્રદેશમાં ઉપરની પર્યાય છે એમ નહિ. એ અસંખ્યપ્રદેશમાં દરેક પ્રદેશમાં ઉપર પર્યાય છે. આહા..હા..! એ તો ઠીક. આ તો અસંખ્ય પ્રદેશમાં બધે સ્થાને ઉપર છે. ઝીણી વાત પડે, ભાઈ ! આ તો માર્ગ એવો છે. કદિ વિચાર કર્યો નથી. સમજાણું કાંઈ ? જુઓ ! આ છે ને ? જુઓ ! આ ઉપર ઉપરની પર્યાય છે. તો એ પર્યાય ઉપરની છે એમ નથી. ત્યાં અંદર દળ છે ને ? એની ઉપર પર્યાય છે. અંદર દળ છે ને ? એમાં ઉપર પર્યાય છે. આ તો અનંત પરમાણુ છે. બધામાં ઉપર ઉપરની પર્યાય છે. બાહ્ય, અંદર, આ, આ બધામાં ઉપર છે. એ ઉપર ઉપરની પર્યાયનું ધ્યાન ધ્રુવમાં જવું જોઈએ. આહા..હા..! 'ચંદુભાઈ' ! પહેલાં એકવાર કહ્યું હતું. પહેલાં આવી ગયું છે.

આહા..હા..! રાત્રે ચર્ચામાં આવ્યું હતું.

આ છે ને ? ઉપરની પર્યાય એટલી પર્યાય છે એમ નથી. અંદરમાં દળ જે છે એમાં પણ ઉપર ઉપર પર્યાય છે. એ ઉપર ઉપરની સર્વ પ્રદેશપર્યાય અંદર ધ્રુવમાં નથી. એ બધી પર્યાયને ધ્રુવ તરફ વાળવી. આહા..હા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ ! જ્ઞાનની પર્યાય અસંખ્ય પ્રદેશમાં ઉપર છે. એ પર્યાયને અંદરમાં ધ્રુવ (તરફ વાળવી). દરેક પર્યાયના સ્થાનમાં અંદર ધ્રુવ છે. દરેક પર્યાયના સ્થાનમાં ધ્રુવ અંદર છે. તો દરેક પર્યાયને અંદર ધ્રુવ તરફ વાળવી. 'શાંતિભાઈ' ! આ ઉપર ઉપર પર્યાય છે એમ નહિ. એમાં દળ છે ને ? એ બધામાં ઉપર પર્યાય છે. આ ઉપર છે એમ નહિ. અંદર જે અનંત રજકણ છે એ દરેક રજકણ ઉપર પર્યાય છે. આહા..હા..! પર્યાયદૃષ્ટિ છોડવી અને દ્રવ્યદૃષ્ટિ કરવી એનો આ અધિકાર છે.

દરેક પ્રદેશમાં... ખરેખર તો પ્રદેશનું ક્ષેત્ર પણ ભિન્ન છે, પર્યાયનું ક્ષેત્ર પણ ભિન્ન છે. અરે..! આવી વાતું ! અસંખ્ય પ્રદેશનું જે દળ આખું છે, એ રજકણથી ભિન્ન, રાગથી ભિન્ન અને આખા આત્મામાં અસંખ્ય પ્રદેશ ઉપર જે પર્યાય નિર્મળ છે એ પર્યાય અસંખ્ય પ્રદેશમાં અંદરમાં પણ પર્યાય અસંખ્ય પ્રદેશમાં ભિન્ન છે. અંદર અસંખ્ય પ્રદેશ છે. અહીંયાં પણ અસંખ્ય પ્રદેશ છે. અસંખ્ય, આનાથી ભિન્ન. દરેક પ્રદેશમાં પર્યાય ભિન્ન ઉપર છે. અંદર ધ્રુવમાં નથી. અરે..! એ પર્યાયનો સ્વામી. અંદરમાં વળતા સ્વ નિર્મળ પર્યાય થાય. ઓલી અનાદિકાળની ઉપરની પર્યાય મલિન છે. અને જેટલો ઉઘાડ છે એટલી નિર્મળ પણ છે. પણ હવે જ્યારે એ મલિન પર્યાય ઉપર છે એને છોડી દેવી. જ્ઞાનની જે પર્યાય જે અસંખ્ય પ્રદેશમાં ઉપરમાં ઉઘાડ છે એ પર્યાયને ધ્રુવમાં વાળવી. આવી વાતું.

**શ્રોતા :–** ... સમુદ્રની લહેર ઉપર ઉપર છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઉપર ઉપર નહિ, એ નહિ. અંદરમાં બધામાં છે. ફક્ત ઉપર નહિ, દરિયામાં અંદર પણ છે. સમુદ્રમાં જે તરંગો ઊઠે છે એ ઉપરનો બહારનો ભાગ છે, પણ એ પર્યાય તો અંદર સમુદ્ર દળમાં પણ છે. આખો ધ્રુવ જેમ પડ્યો છે એમ ધ્રુવની ઉપર અસંખ્ય પ્રદેશમાં પર્યાય પડી છે. સમજાણું કાંઈ ? આ તો વિષય (સૂક્ષ્મ છે). એકવાર રાત્રે ચર્ચા થઈ હતી. રાત્રે થઈ હતી.

અહીં તો બીજું કહેવું હતું. એ જે પર્યાય છે એના ઉપર જ્યાં સુધી દૃષ્ટિ છે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે. પર્યાયમૂઢા પરસમયા. સમજાણું કાંઈ ? આહા..હા..! એમાં પણ આવે છે 'ચેતનરૂપ અનુપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો.' પર્યાયબુદ્ધિ નહિ. 'સવાર્થ કે સાચે, પરમાર્થકે સાચે .. સાચે સાચે વેણ કહે, સાચે સાચે જિનમતિ એક.' પર્યાયબુદ્ધિ નાહિ એમ આવે છે. 'ઋદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા.' પર્યાયની બુદ્ધિ નહિ. સમકિતીની પર્યાયબુદ્ધિ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? ઝીણી વાત, ભાઈ ! અત્યારે ચાલતા વિષયને લોકોએ બહુ સ્થુળ કરી નાખ્યો. આ તો

અંદરમાં ભગવાન.. આહા..હા..!

આ પરમાણુ તો ભિન્ન છે. અંદર જે પ્રદેશ છે, અસંખ્યપ્રદેશનું દળ છે એ ઉપરની પર્યાય એટલી પણ એ અસંખ્યપ્રદેશ છે એમાં પર્યાય ઉપર છે. અભ્યાસ નહિ. અહીંયાં તો એ કહેવું છે કે પર્યાય ઉપર ઉપર છે અને પર્યાય ધ્રુવમાં પ્રવેશ કરતી નથી. એ કળશમાં આવે છે ને ? ભાઈ ! પહેલાં કળશ આવે છે. ઉપર ઉપર પર્યાય છે એ દ્રવ્યમાં પ્રવેશતી નથી. સમજાણું કાંઈ ? પહેલાં કળશમાં આવે છે. શરૂઆતમાં. નિર્મળ પર્યાય હો, મલિન પર્યાયની તો અહીં વાત છે નહિ, એ નિર્મળ પર્યાય જે છે એ પણ દ્રવ્યસ્વભાવની ઉપર તરે છે. દ્રવ્યસ્વભાવ જે ધ્રુવ છે એમાં પર્યાયનો પ્રવેશ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? કેટલામો કળશ છે ?

**શ્રોતા :–** અબદ્ધસ્પૃષ્ટ, ૧૧મો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :– 'કેવો છે બદ્ધસ્પૃષ્ટ આદિ વિભાવભાવ ? 'સ્ફુટં' પ્રગટપણે ઊપજ્યા થકા વિદ્યમાન જ છે તોપણ ઉપર ઉપર જ રહે છે.'** ઓહો..! છે ? આહા..હા..! ઉપર ઉપર રહે છે. એ તો છે પણ બીજામાં અંદર પ્રવેશ કરતાં નથી એ શબ્દ છે. બીજામાં. ઉપર ઉપર રહે છે એ આત્મજ્ઞાન છે ને ? એ ક્યાંક વિશેષ છે.

**શ્રોતા :–** 'સમયસાર' શાસ્ત્રમાં ૧૧મા શ્લોકમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એમાં હશે. એ ૧૧મો કળશ. વચ્ચે છે. **'પ્રતિષ્ઠા પામતા નથી, કારણ કે દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે, એકરૂપ છે અને આ ભાવો અનિત્ય છે, અનેકરૂપ છે; પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતી નથી,...'** ૧૧મો કળશ છે. વિશેષ સ્પષ્ટ આમાં કહ્યું છે. છે ? **'પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતી નથી, ઉપર ઉપર રહે છે.'** આહા..હા..! 'સમયસાર'માં તો આખો... 'ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા' છે. શું કહે છે ?

અહીં તો સ્વસ્વામીસંબંધનો અર્થ કરવો છે. જે દ્રવ્ય છે એમાં અનંતી શક્તિ છે, એમાં સ્વસ્વામીસંબંધ નામની શક્તિ છે. પણ એ શક્તિનું જે શુદ્ધ પરિણમન છે એ પરિણમન ઉપર ઉપર રહે છે, ધ્રુવમાં પ્રવેશ કરતું નથી. છતાં ઉપરની પર્યાય પણ સ્વ છે અને આત્મા એનો સ્વામી છે. એનો સ્વસ્વામીસંબંધ છે. આહા..હા..! અને રાગની સાથે સ્વસ્વામીસંબંધ નથી. એ તો જ્ઞાન-જ્ઞેય સંબંધ છે. એમ સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ-ગુરુ-શાસ્ત્ર... આહા..હા..! એનો આત્મા સાથે તદાત્મ્ય સંબંધ નથી પણ જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે. એ જાણવા લાયક છે અને આત્મા જાણનાર છે. બસ, એટલું. આહા..હા..! સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પરજ્ઞેય તરીકે જાણવાલાયક છે. મારા માનવા લાયક એ ચીજ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રને પણ મારા માનવા એમ પણ અંદર નથી. એની સાથે તો જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે. આહા..હા..! શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, ધંધા, વેપાર, પૈસા, ધૂડ.. આહા..હા..! એની સાથે કાંઈ સંબંધ નથી. પ્રભુ ! એ તો જુદી-ભિન્ન ચીજ છે. આહા..હા..! સંબંધ હોય તો તે સ્વસ્વામીસંબંધ નહિ પણ જ્ઞેયજ્ઞાયકસંબંધ છે, જાણવાલાયક છે. આહા..હા..!

'શ્રીમદ્' એક દાખલો આપ્યો છે કે એક ગલી હોય, ગલી. એમાં પચાસ ઘર છે. એ ગલીમાં એનું પચ્ચીસમું ઘર હોય. દેખવામાં તો પચાસેય ઘર જ્ઞેય તરીકે જાણે છે. એમાં આ ઘર મારું એ ક્યાંથી આવ્યું ? પચાસ ઘર ગલીમાં હતા એ આત્મા જાણે છે કે આ છે. આ છે એટલું. એમાં આ મારું એ ક્યાંથી આવ્યું ?

**શ્રોતા :–** નવું ઊભું કર્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભ્રમણાએ ઊભું કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ ?

પચાસ છોકરા હોય. નિશાળમાં સાથે ભણતા હોય ને. એમાં એનો એક છોકરો હોય. પણ ખરેખર તો પચાસ છોકરા છે એમ જ્ઞાનમાં જાણે છે કે આ છે.. છે.. છે... એમાં 'આ મારો' એમ ક્યાંથી આવ્યું ? આહા..હા..! સમજાણું કાંઈ ? આ 'હસમુખ' ત્યાં ઊભો હોય તો કહે, આ મારો. પણ ક્યાંથી આવ્યો મારો ? તારો ક્યાંથી થઈ ગયો ? એક સાથે પચાસ છોકરા ઊભા હોય તો જાણે. આ છે... છે... છે... છે... એમાં છોકરામાં એવો સ્વભાવ છે ? કે જ્ઞાનમાં એવો સ્વભાવ છે કે આ મારા છે ? એનો એવો સ્વભાવ છે કે આ મારા છે એમ માને ? અને જ્ઞાનનો એવો સ્વભાવ છે કે આ છોકરો મારો છે એમ માને ? આહા..હા..!

એ તો ઠીક પણ દયા, દાન, વ્રત, ભક્તિ, ભગવાનના સ્મરણનો રાગ–એ રાગ પણ આ મારો એવું સ્વરૂપમાં છે નહિ. જેમ પરજ્ઞેય છે એમ રાગ પણ પરજ્ઞેય તરીકે જાણવાલાયક છે. આત્મા જાણનાર અને એ જ્ઞેય, એમાં 'રાગ મારો' એ આવ્યું ક્યાંથી ? સમજાણું કાંઈ ? એય..! 'શાંતિભાઈ' ! ભ્રમણા ઊભી કરી. આહા..હા..! પચાસ દીકરીઓ ચાલતી હોય એમાં એના છોકરાની વહુ હોય. હવે એમાં એણે પાંચ હજારની સાડી આપી હોય. આમ બધાયને જોવે છે. એમાં આ મારા છોકરાની વહુ એ આવ્યું ક્યાંથી ? સમજાય છે કાંઈ ? એ તો જ્ઞેય તરીકે પચાસ દીકરીઓ ચાલે છે તો છે એમ જાણે. એમાં આ મારી એમ આવ્યું ક્યાંથી ? આહા..હા..! એય..! 'પોપટભાઈ' ! એમાં પણ પાછી દૃષ્ટિફેર. એણે પાંચ હજારની સાડી આપી હોય. છેડો હોય ને છેડો ? સાડીને છેડે સોનાના ઓલા હોય ને ? શું કહે છે ? પાલવ. એ પાલવ ઉપર રાખે. બીજાને દેખાડવા. પાંચ હજારની હોય, દસ હજારની હોય. મોટા ગૃહસ્થો પાસે હોય ને ? પણ બીજા છોકરા એના ઉપર નજર કરે એ બીજી દૃષ્ટિ છે. અને એનો સાસરો એમ માને કે મારા છોકરાની વહુએ પાંચ હજારની સાડી પહેરી છે એ બહાર આવે છે, એમ માને. આહા..હા..! મેં પાંચ હજારની સાડી બનાવી આપી એ બહાર આવે છે. જુઓ ! છોકરાઓ જોવે છે. ઓલા બીજી દૃષ્ટિએ જોતા હોય. આ જગતની ભ્રમણા.. આહા..હા..! સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે કે આ ગુરુ એમ માને કે આ શિષ્ય મારા, એ આવ્યું ક્યાંથી ? એમ કહે છે. આહા..હા..! જીવ તરીકે પર છે એ જ્ઞેય તરીકે જાણે છે. આહા..હા..! એમાં આ શિષ્ય મારો અને હું એનો ગુરુ એ આવ્યું ક્યાંથી ? કહે છે આ. આવી વાતું છે, બાપુ ! આહા..હા..!

અહીં કહે છે કે સ્વસ્વામીસંબંધમાં રાગ નથી આવતો, શરીર, વાણી, મન, લક્ષ્મી, મકાન નથી આવતું. ફક્ત મોક્ષમાર્ગની નિર્મળ પર્યાય જે શુદ્ધ ચૈતન્યનને અવલંબે પ્રગટેલી દશા સ્વમાં આવે છે, એનો સ્વામી આત્મા, બસ. એ પર્યાય રાગનું કારણ નહિ, નિર્મળ પર્યાયે વ્યવહાર રાગ ઉત્પન્ન કર્યો એમ નહિ (અને) વ્યવહારરત્નત્રયે નિર્મળ પર્યાય ઉત્પન્ન કરી એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

સ્વસ્વામીસંબંધમાં તો ઘણું (ભર્યું છે). સંબંધ લીધું છે ને ? સ્વ-સ્વામી-સંબંધ. તો પરની સાથે પરજ્ઞેયસંબંધ, પરજ્ઞેયસંબંધ. બસ. સ્વજ્ઞેય તો આ બાજુ રહ્યું. પોતાના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય તો સ્વમાં રહ્યા તો સ્વ-સ્વામી-સંબંધ અને રાગથી માંડીને બધી ચીજ જ્ઞેય-જ્ઞાયકસંબંધ, એમાં આ મારું એ સંબંધ આવ્યો ક્યાંથી ? સમજાણું કાંઈ ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ મારો એમ આવ્યું ક્યાંથી ? ધર્મીને એવો ભાવ, એવો વિકલ્પ આવે છે પણ એ એને જ્ઞેય તરીકે જ્ઞાનમાં જાણે છે. આહા..હા..! ગજબ વાત છે ! ષોડશકારણ ભાવના ભાય... શું છે પંડિતજી ? દર્શનવિશુદ્ધિ. દર્શનવિશુદ્ધિ ભાવના ભાય, સોલહ તીર્થંકર પદ પાય. પ્રભુ ! સાંભળ તો ખરો.

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ તારા જ્ઞાનનું સ્વ નહિ, એનો તું સ્વામી નહિ. આહા..હા..! અહીં તો જ્યાં હોય ત્યાં મેં... મેં... મેં... મેં... હું... હું... હું... એનો રક્ષક, એનો ભક્ષક. આહા..હા..! ઓલા કહે છે કે આહાર નિશ્ચયથી કરી શકાય નહીં. પણ વ્યવહારથી તો આત્મા આહાર કરે ને ? અરે..! ભગવાન ! એ પ્રશ્ન હમણા સાધુમાંથી આવ્યો હતો. આહારનો. નહિ ? એમ કે આ સાધુ અત્યારના એમ બોલે કે ભાઈ ! આહાર નિશ્ચયથી આત્મા ન કરી શકે પણ વ્યવહારથી કરી શકે કે નહિ ? અરે..! ભગવાન !

અહીંયાં તો નિર્દોષ આહાર લેવાનો જે વિકલ્પ-રાગ આવ્યો એને પણ પોતાનો માનવો એ વિપરીત છે. એ રાગને પણ જ્ઞાનના જ્ઞેય તરીકે જાણવામાં આવે છે. જ્ઞાનમાં આ સ્વ છે એમ જાણે તો મિથ્યાદૃષ્ટિ છે. આવી વાત છે. આહા..હા..! ઝીણું પીંખી પીંખીને કરે. એવો માર્ગ છે, પ્રભુ ! સમજાણું કાંઈ ? કહો, 'હસમુખ' ! આ દીકરા મારા, બાયડી મારી, પૈસા મારા, દુકાન મારી... મારી નાખ્યા.

પ્રભુ તો એમ કહે છે.... સ્વસ્વામીસંબંધની વાત ચાલે છે. છેલ્લી શક્તિ પછી આ લીધું છે. આહા..હા..! તારી શકિતમાં તો એવી શક્તિ પડી છે કે એમાં વર્તમાન નિર્મળ પર્યાય એ સ્વ, ગુણ સ્વ, દ્રવ્ય સ્વ–એનો સ્વામી. બસ, ત્યાં મર્યાદા અટકી ગઈ. હવે ત્યાં રાગાદિ આવ્યા એ સ્વ અને સ્વામીસંબંધ રાગ સાથે ભગવાન કહે છે કે સ્વસ્વામીસંબંધ શક્તિને કારણે પરની સાથે અમારો સંબંધ છે એમ છે નહિ. આહા..હા..! ભારે ભાઈ માર્ગ ! આહા..હા..! આ શેઠિયાને પાંચ-પચાસ કરોડ, બે-પાંચ-દસ કરોડ હોય પછી બેઠા હોય બે જણા. 'શાહુજી' શેઠને મેં કહ્યું હતું. ત્યાં 'ફતેપુર'માં. 'શાહુજી' આવ્યા હતા ને ? ચાલીસ કરોડ રૂપિયા. 'ફતેપુર' આવ્યા હતા. જયંતિ ઉપર આવેલા. આમ નરમ માણસ છે પણ હજી... પછી બેઠા હતા. આમ પાટે હાથ મૂકીને નીચે બેઠા. કોઈ નહોતું.

મેં કહ્યું શેઠ ! 'શાહુજી' ! આ જિંદગી ચાલી જાય છે, ભાઈ ! તમે પૈસાવાળા એટલે જ્યાં હોય ત્યાં મોઢા આગળ મૂકે, સભામાં પ્રમુખ કરો, સભામાં પ્રમુખ ઠરાવો, શેઠ સાહેબને પ્રમુખ ઠરાવો. એ સભામાં જઈને અગ્રેસર થવામાં આ કાળ ચાલ્યા જાય છે. પોતાના હિતનો કાળ ચાલ્યો જાય છે. અમારે ક્યાં એની પાસેથી પૈસા-બૈસા લેવા હતા. ચાલીસ કરોડ હોય કે ધૂડ હોય. કહ્યું, આ વખત ચાલ્યો જાય છે, ભાઈ ! મોટા માણસ હોય એટલે જ્યાં ત્યાં મોઢા આગળ બેસાડે. આ અમારા શેઠ 'ભગવાનદાસ' છે એને જ્યાં હોય ત્યાં મોટા ઠરાવે. એને શેઠ કહે. 'ફતેપુર' છે ને ? એ ત્યારે એકલા આવ્યા હતા. બપોરે એકલા આવ્યા હતા. એય..! 'શાહુજી' ! આ પરવસ્તુમાં પૈસાના મહાત્મ્યથી તમને સભામાં મોટા પ્રમુખ ઠરાવે તો જ્યાં ત્યાં સભા ભરાય ત્યાં તમારો કાળ ચાલ્યો જાય છે, પ્રભુ ! તમારા હિતની વાત તો રહી જાય છે અને આ અહિતના માર્ગમાં મોઢા આગળ કરે. આહા..હા..! મોઢા આગળને શું કહે છે ? આગળ પડતા. આગળ પડતા કરે. મોઢા આગળ એટલે મોઢા આગળ. ઠીક. આહા..હા..!

પ્રભુ ! મોઢા આગળ તો તારી પર્યાય, ગુણ અને દ્રવ્ય એ મોઢા આગળ છે. આહા..હા..! એમાં રાગને મુખ્ય કરવો એ તારી ચીજ નથી. તારા ગુણમાં નથી, તારી નિર્મળ પર્યાયમાં એ નથી. નિર્મળ પર્યાય પોતાની છે, રાગ પોતાનો નથી. આહા..હા..! હવે અત્યારે તો એ મોટો ઝઘડો કે વ્યવહાર કરીએ, વ્રત કરીએ, અપવાસ કરીએ, ત્યાગ કરીએ, આ કરીએ એમ કરતાં કરતાં સમકિત થશે, નિશ્ચય થશે. આહા..હા..! એ ઉપાય-ઉપેયમાં પણ એમ આવે છે. ગાથા છે. ઉપાય-ઉપેયની શરૂઆત કરે છે ને ત્યાં વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રની પરાકાષ્ઠા આવે છે ને ? એ તો ત્યાં હતું એ જણાવે છે. પહેલું એકદમ નિશ્ચયસ્વરૂપ સાતમા ગુણસ્થાનની ભૂમિકા નથી ત્યારે એને સમ્યગ્દર્શનસહિત શુભરાગ હોય છે એ શુભરાગનો પાક થતા... થતા... થતા... અભાવ કરતાં કરતાં વીતરાગતા થાય છે. ઉપાય-ઉપેયમાં શરૂઆતમાં એ લીધું છે. 'જિનેશ્વરદાસજી' ! આ ઉપાય-ઉપેય. એ ગાથા પછી આવશે. સંસ્કૃતમાં એમ પાઠ છે કે વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રની પરંપરાના પાકથી નિશ્ચય થાય છે. એનો અર્થ કે જેને પોતાના નિશ્ચય આત્મજ્ઞાન-દર્શન-ચારિત્ર તો થયા છે, અંદર છે, ઉપાય-ઉપેયની શરૂઆતમાં છે, પણ ત્યાં આગળ રાગ-ભાગ છે એનો નાશ કરતાં... કરતાં... કરતા... વીતરાગભાવ થશે. તો વ્યવહારના પાકથી વીતરાગભાવ થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! હવે અહીં ના પાડે છે કે વ્યવહાર તારી ચીજ નથી અને એનાથી તને લાભ ક્યાંથી થાય ? સમજાણું કાંઈ ? આહા..હા..! શાસ્ત્રના અર્થો કરવાની રીત પોતાની સ્વચ્છંદ દૃષ્ટિથી કરે. એમ ન ચાલે ભાઈ ! આ તો વીતરાગ ત્રણલોકનો નાથ માથે છે. આહા..હા..! ગણધરોએ શાસ્ત્રો રચ્યા, સંતોએ આદર્યા અને કેવળીઓએ કહ્યા. અહીંયાં કહે છે, સંસ્કૃત છે. આવી ગયું ને ?

**'ખંડાન્વય સહિત અર્થ :– इह तत् चिद् वस्तु द्रव्यपर्ययमयं'** જોયું ! બેય. એકલું દ્રવ્ય અહીં ન લેવું. અહીં પ્રમાણનો વિષય લેવો. સમજાણું કાંઈ ? કેમ ?–કે અનંત શક્તિસંપન્ન દ્રવ્ય જે વસ્તુ

છે, એનું ભાન થયું તો એ અનંત શક્તિસંપન્ન છે એમ આવ્યું. તો ભાનની પર્યાય પણ સાથે લેવી છે. સમજાણું કાંઈ ? **'द्रव्यपर्ययमयं अस्ति'** આ આત્મા દ્રવ્ય પર્યાયમય છે. એકલું દ્રવ્ય અહીં ન લેવું. આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય દ્રવ્ય, પણ દ્રવ્યની સાથે જે સમ્યગ્જ્ઞાન થયું એ દ્રવ્ય અને પર્યાય બેયને જાણે છે. સમાજણું કાંઈ ? નિર્મળપર્યાય, હોં ! મલિનતાની વાત નથી. એ એનો અર્થ કર્યો. **'( इह ) વિદ્યમાન ( तत् ) પૂર્વોક્ત ( चिद् वस्तु ) જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય...'** **'चिद्'** એટલે જ્ઞાન. જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય. અહીં જ્ઞાનની મુખ્યતાથી કહ્યું છે ને ? એ ઉપરથી તો અનેકાંત શરૂ કર્યું. કે તમે જ્ઞાન-જ્ઞાન કરો છો તો એકાંત થઈ જાય છે. એમાં બધા ગુણોની પર્યાય આવતી નથી. (તો કહે છે) એમાં આવી જાય છે. એ માટે તો આ શક્તિનું વર્ણન કર્યું. સમજાણું કાંઈ ?

**'જીવદ્રવ્ય...'** દ્રવ્યપર્યાયમય. આહા..હા..! **'द्रव्यपर्ययमयं अस्ति'** જુઓ ! અહીં દ્રવ્ય-ગુણ-પર્યાયમય જીવદ્રવ્ય લીધું. નિર્મળ અક્રમ જે ગુણ છે એની ક્રમવર્તી નિર્મળ પર્યાયસહિત દ્રવ્ય-ગુણ-પર્યાયનો આત્મા લીધો છે. આહા..હા..! પાઠ પાછો એમ છે-**'द्रव्यपर्ययमयं'**. આત્મા દ્રવ્ય, એમાં અનંત શક્તિ અને એનું પરિણમનમાં ભાન થયું એ નિર્મળ સમ્યગ્દર્શન જ્ઞાનની પર્યાય એ જીવદ્રવ્યમય. આહા..હા..! એ દ્રવ્ય-પર્યાયમય. એ દ્રવ્ય પોતાની નિર્મળ પર્યાયસહિત. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

સવારમાં પહેલાં એ કહ્યું કે ગુણી આત્મા શુદ્ધ છે એવો ભેદ પણ કાઢી નાખવો. કારણ કે એનું ત્રિકાળ શુદ્ધ સ્વરૂપ જ છે. આત્મા શુદ્ધ એવો પણ ભેદ કાઢી નાખવો. એ દૃષ્ટિનો વિષય બતાવવો છે. સમજાણું કાંઈ ? અહીંયાં તો દૃષ્ટિની સાથે જે જ્ઞાન થયું એ જ્ઞાનમાં દ્રવ્યપર્યાયમય જીવદ્રવ્યને જાણે છે. એકલી પર્યાય છે.. અહીંયાં તો અનેકાંત છે. પર્યાય નથી જ એમ કહે તો એકાંત થઈ જાય. આહા..હા..! અહીંયા અનેકાંત સિદ્ધ કરવું છે. દ્રવ્ય પણ છે અને પર્યાયમય દ્રવ્ય છે. આહા..હા..!

**'જીવદ્રવ્ય દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ છે.'** એક બાજુ એમ કહે કે પર્યાય દ્રવ્યમાં પ્રવેશતી નથી. હમણા કહ્યું ને ? ઉપર ઉપર રહે છે. છતાં પ્રમાણજ્ઞાનના વિષયમાં જીવદ્રવ્ય પર્યાયમય છે. આહા..હા..! આવી વાતું હવે. અનેકાંત છે. આહા..હા..! ભગવાનઆત્મા પવિત્ર પ્રભુ, એની અનંત શક્તિઓ જે આ ૪૭ કીધી એ બધી પવિત્ર છે અને એની પરિણતિ પણ પવિત્ર છે. એવું જીવદ્રવ્ય પર્યાયમય જીવદ્રવ્ય (છે). આહા..હા..! એ સમ્યક્ પ્રમાણજ્ઞાનનો વિષય છે એને અહીં દ્રવ્યપર્યાયમય કહેવામાં આવ્યો છે. દૃષ્ટિના વિષયની વાત અત્યારે નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! ઘડીકમાં કંઈક, ઘડીકમાં કંઈક કહે. આ તો પ્રમાણનો વિષય છે ને ? અને લોકો એકાંત જે કહે છે કે પર્યાય નથી જ અને વેદાંત કહે છે કે પર્યાય નથી. બુદ્ધ કહે છે કે પર્યાય છે, દ્રવ્ય નથી. એ એકાંતનો નિષેધ કરવા માટે જીવદ્રવ્ય પર્યાયમય છે એમ કહ્યું. સમજાણું કાંઈ ? આહા..હા..! આવું સમજવું... સમજવું... સમજવું... એકલું. આહા..હા..! એ સમજવું એ કરવું નથી ? આહા..હા..! પણ એ સમજવાની ક્રિયા તો એને ભાસતી નથી. રાગ અને બાહ્ય ક્રિયા કરે તો કાંઈક કરું છું એમ ભાસે. આહા..!

**શ્રોતા :–** વ્રત, તપ કરે તો ભાસે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** તો ભાસે કે આ વ્રત કર્યાં, શરીર સુકાણું, આહાર ન લીધો, શરીરથી બ્રહ્મચર્ય પાળે છે. એ બધું બહારનું સૂઝે. આહા..હા..!

'પરમાર્થ વચનિકા'માં કહ્યું છે કે આગમની વ્યવહાર પદ્ધતિનો ભાવ જગતને સહેલો છે એ એને ભાસે છે પણ અધ્યાત્મનો વ્યવહાર એને ભાસતો નથી. અધ્યાત્મનો વ્યવહાર અંદર નિર્મળપર્યાય અધ્યાત્મનો વ્યવહાર છે. સમજાણું કાંઈ ? 'પરમાર્થ વચનિકા'માં 'મોક્ષમાર્ગપ્રકાશક'માં છે. 'પરમાર્થ વચનિકા' છે એમાં છે. આહા..હા..! આગમની વ્યવહાર શૈલી જે છે એ લોકોને સહેલી પડે છે. દયા, વ્રત, ભક્તિ, પૂજા, દાન. પણ અધ્યાત્મના વ્યવહારની પણ એને ખબર નથી. અધ્યાત્મનો નિશ્ચય દ્રવ્ય છે. પણ દ્રવ્યના આશ્રયે મોક્ષમાર્ગની જે વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય છે એ વ્યવહાર છે, અધ્યાત્મનો વ્યવહાર એ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એને 'પ્રવચનસાર'માં આત્મવ્યવહાર કહ્યો છે અને રાગાદિનો વ્યવહાર મનુષ્યવ્યવહાર કહ્યો છે. મનુષ્યનો વ્યવહાર, સંસારીનો વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

જ્ઞેય અધિકારની ૯૪ ગાથા. પહેલી જ્ઞેય અધિકાર છે ને ? જ્ઞાન અધિકાર ૯૨ ગાથાએ પૂરો કર્યો, પછી ૯૩-૯૪. આહા..હા..! ભગવાનઆત્મા... આ તો દ્રવ્યપર્યાયમય આવ્યું ને એની વાત ચાલે છે. વસ્તુ જે ત્રિકાળી પ્રભુ છે, એના આશ્રયે, અવલંબને નિર્મળ પર્યાય થઈ તે નિર્મળ પર્યાય જ અધ્યાત્મનો વ્યવહાર અને આત્મવ્યવહાર છે, રાગ એ આત્મવ્યવહાર નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? જ્ઞેય અધિકારમાં. આત્મજ્ઞેયના અધિકારમાં... આહા..હા..! રાગ એ આત્માનો વ્યવહાર પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આત્મવ્યવહાર તો એને કહીએ કે રાગ છે એને જાણનારી નિર્મળ પર્યાય છે એ આત્મવ્યવહાર છે અને રાગ છે એ મનુષ્યવ્યવહાર, સંસારીનો વ્યવહાર, રખડવાનો વ્યવહાર છે. આહા..હા..! આવું છે. આહા..હા..!

**'ज्ञानमात्र जीवद्रव्य द्रव्यपर्ययमयं अस्ति'** છે. આત્મદ્રવ્ય, **'દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ છે.'** એકલા દ્રવ્યમય અસ્તિ છે અને એકલી પર્યાયમય અસ્તિ છે એમ નથી. છતાં દ્રવ્ય-ગુણ અને પર્યાય જીવદ્રવ્યની અસ્તિ છે તો એ ત્રણે સમ્યગ્દર્શનનો વિષય છે એમ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ પાડવો એ પણ વિકલ્પ છે, નિર્વિકલ્પ અભેદ દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! એ 'નિયમસાર'ના આવશ્યક અધિકારમાં આવે છે. સમજાણું કાંઈ ? દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ કરીને વિકલ્પ ઊઠાવવો એ આવશ્યક નથી, એ પરાધિન છે. અહીંયાં તો દ્રવ્ય-ગુણ-પર્યાય જે નિર્મળ પ્રગટી, એને પ્રમાણનો વિષય બનાવીને દ્રવ્ય અને પર્યાય બેય એની ચીજ છે એ એમ અનેકાંત સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ છે. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્યનું દ્રવ્યપણું કહ્યું. કેવું છે જીવદ્રવ્ય ?'** જુઓ ! **'કેવું છે જીવદ્રવ્ય ? एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं'** આહા..હા..! જીવદ્રવ્ય કેવું છે ? કે **'પૂર્વોક્ત**

**પ્રકારે क्रम'** છે ને ? **'क्रम'** એટલે પર્યાયનો કાળકૃત ભાગ. **'પહેલો વિનશે તો આગળનો ઊપજે...'** પહેલી પર્યાય જાય પછીની પર્યાય ઉત્પન્ન થાય. એ ક્રમસર કાળકૃત ભેદ. પર્યાયમાં કાળકૃત ભેદ પડે છે. એક સમયની પર્યાય બીજે સમયે નથી. તો કાળકૃત ભેદમાં પર્યાય ક્રમમાં આવે છે. આહા..હા..! આવું એક એકનું.

**'અને अक्रम'** દ્રવ્યના **'વિશેષણરૂપ...'** દ્રવ્ય વિશેષ એનો વિશેષણ ગુણ. જ્ઞાન-દર્શન-આનંદ એક સાથે અક્રમ. એ દ્રવ્યવિશેષનું વિશેષણ-એ ગુણ અને દ્રવ્યની ક્રમવર્તી કાળકૃતભેદ એ પર્યાય. ઝીણી વાત, બાપુ ! બહુ, ભાઈ ! આહા..હા..! સંતોએ કામ કર્યા છે ને ! માર્ગ સહેલો કરી દીધો છે. ઘણી સાદી ભાષાએ એને પકડી શકાય એવી શૈલી લીધી છે. સમજાય છે ? **'क्रमाक्रमविवर्तिविवर्तचित्रं' 'પૂર્વોક્ત પ્રકારે...'** **'क्रम'** નામ કાળકૃત ભેદ. **'પહેલો વિનશે તો આગળનો ઊપજે અને अक्रम વિશેષણરૂપ છે...'** એટલે ગુણ. **'પરન્તુ ન ઊપજે, ન વિનશે,–એ રૂપે છે...'** એ ધ્રુવ. ગુણ છે એ ન ઊપજે, ન વિણસે. પર્યાય છે એ ઊપજે-વિનશે. સમજાણું કાંઈ ? અહીંયાં નિર્મળપર્યાયની વાત છે, હોં ! નિર્મળપર્યાય પણ ઊપજે-વિનશે, વિનશે-ઊપજે, વિનશે-ઊપજે, વિનશે-ઊપજે, વ્યય-ઉત્પાદ, વ્યય-ઉત્પાદ. ગુણ એ ન ઊપજે, ન વિનશે. એ ક્રમ છે. એવું છે.

**'પરન્તુ ન ઊપજે, ન વિનશે,-એ રૂપે છે અંશરૂપ ભેદપદ્ધતિ તેનાથી...'** પરિણતિની અંશરૂપ ભેદપદ્ધતિ. ક્રમની પર્યાયની. ભેદ છે ને ભેદ ? **'અંશરૂપ ભેદપદ્ધતિ તેનાથી પ્રવર્તી રહ્યો છે...'** પરિણતિમાં પ્રવર્તી રહ્યો છે. પર્યાયમાં અંશ ભેદથી પ્રવર્તી રહ્યો છે. આહા..હા..! અંશી તરીકે તો દ્રવ્ય વસ્તુ અને પર્યાય અંશ તરીકે પરિણમન કરી રહ્યો છે. સમજાણું કાંઈ ? આવો ઉપદેશ હવે આમાં ક્યાં...

**શ્રોતા :–** અલ્પકાળમાં કલ્યાણ થાય એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એવું છે. વાત તો ઇ છે. આહા..હા..! આકરી લાગે, ન સાંભળી હોય એટલે એકદમ સમજતા મુશ્કેલી પડે પણ આ કર્યે છૂટકો છે. એ વિના જનમ-મરણ નહિ મટે, પ્રભુ ! સમજાણું કાંઈ ? આહા..હા..!

**'विवर्त'** આહા..હા..! છે ? **'चित्रं'** એટલે વિચિત્ર પ્રકાર. પરમ અચંબો. અચંબો એટલે કે દ્રવ્ય ધ્રુવ રહે એમાં પરિણતિ અચંબો છે. આ ધ્રુવ અને આ પરિણમે, એમ. ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન પરિણતિ એ અચંબો છે. અથવા **'चित्रं'** વિચિત્રતા છે. પર્યાય ગુણની વિચિત્ર પરિણતિ છે. **'ભાવાર્થ આમ છે કે...'** પછી ભાવાર્થ લેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)